Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Yadav, K V., 2009, *રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યાઓ અને ભાવિ*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/115

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# "રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યાઓ અને ભાવિ"

## "PROBLEMS AND PROSPECTS OF RURAL ARTISANS OF RAJKOT DISTRICT"

➢➢⮝⮜⮜

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના અર્થશાસ્ત્ર વિષયમાં
પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરેલ

**મહાનિબંધ**

➢➢⮝⮜⮜

*➢ સંશોધનકર્તા ⮜*

**પ્રા. કે. વી. યાદવ**

*શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ,*
*રાજકોટ*

➢➢⮝⮜⮜

*➢ માર્ગદર્શક ⮜*

**ડૉ. એમ. વી. જોષી**

**પ્રોફેસર અને અધ્યક્ષ,**
*અર્થશાસ્ત્ર ભવન,*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*
*રાજકોટ*

➢➢⮝⮜⮜

અર્થશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

વર્ષ – ૨૦૦૯

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે, શ્રી પ્રા. કે. વી. યાદવે ***"રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યાઓ અને ભાવિ"*** પીએચ.ડી.ની પદવી માટેનો સંશોધન નિબંધ મારા માર્ગદર્શન હેઠળ સ્વતંત્ર રીતે તૈયાર કર્યો છે. તેઓએ આ વિષય પર સંશોધન કરી, પોતાનું મૌલિક નિરૂપણ કર્યું છે. સંશોધન અભ્યાસના નિચોડરૂપે આ સંશોધન નિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની પદવી માટે તેમણે રજૂ કર્યો છે. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે આ સંશોધન નિબંધ તેમણે અન્ય કોઈ પદવી માટે રજૂ કરેલ નથી.

***ડો. એમ. વી. જોષી***

*ડૉ. એમ. વી. જોષી*
*પ્રોફેસર અને અધ્યક્ષ,*
*અર્થશાસ્ત્ર ભવન,*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,*
*રાજકોટ*

સ્થળ : રાજકોટ
તારીખ :

# આભાર દર્શન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચાલતાં પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં અર્થશાસ્ત્ર વિષયના અનુસંધાનમાં સૌરાષ્ટ્રનાં રાજકોટ જિલ્લાને કેન્દ્રમાં રાખીને ***"રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યાઓ અને ભાવિ"*** વિષય પર સંશોધન નિબંધ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

આ સંશોધન તૈયાર કરવા મારી દષ્ટિ, સૂઝ, રસ–રૂચી અને ઉત્સાહને કેળવી અભ્યાસને પુરતું પ્રોત્સાહન આપનાર તથા શરૂઆતથી અંત સુધી માર્ગદર્શન આપનાર માર્ગદર્શક પરમ વંદનિય ગુરુજી શ્રી ડૉ. મહેશભાઈ વી. જોષી સાહેબનો ઋણી છું.

આ ઉપરાંત મને પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર ડૉ. મીનાક્ષીબહેન પટેલનો આભાર માનું છું. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર ભવનના ડૉ. ભાસ્કરભાઈ પંડયા સાહેબ, ડૉ. મારવાણિયા સાહેબ, ડૉ. રાકેશભાઈ જોષી સાહેબ કે જેઓની મદદથી આ અભ્યાસ માટે પૂરતી માહિતી ઉપલબ્ધ કરવામાં મદદ કરી તે બદલ તેઓશ્રીનો આભાર માનું છું. સાથો–સાથ અર્થશાસ્ત્ર ભવનના દરેક કર્મચારીઓનો આભાર માનું છું.

અભ્યાસને અનુરૂપ પુસ્તકો મને ઝડપથી અને ખુબ સરળતાથી ઉપલબ્ધ કરાવી આપનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લાયબ્રેરીયનનો આભારી છું. અભ્યાસને અનુરૂપ આ કાર્યમાં માર્ગદર્શન, હૂંફ અને સારું કાર્ય કરવાની હંમેશા પ્રેરણા આપનાર મારા મિત્રો પ્રા. એચ. કે. દૂધરેજિયા સાહેબ, અને પ્રા. ડૉ. એન. જે. નથવાણી સાહેબનો આ તબકકે આભાર માનું છું.

સંશોધનના આ કઠિન કાર્યમાં ઘરના પરિવારજનોનો ખુબ સહકાર મળેલ છે. આ સમયગાળા દરમિયાન મને શરૂઆતથી અંત સુધી ઉત્સાહ તેમજ પ્રોત્સાહન પુરૂં પાડનાર મારા સ્વર્ગસ્થ માતુશ્રી, મારા પિતા, નાના ભાઈ તથા જીવન સંગિની જશવંતીનો તેમજ લાડલા પુત્ર આશુતોષ અને મારા મિત્રોનો પણ આભારી છું.

આશા રાખુ કે આ અભ્યાસ, વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ તેમજ સંશોધનને સહાય રૂપ નિવડશે, અંતમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા મને આ સંશોધન કાર્ય કરવાની ઉમદા તક અને પ્રેરણા મળી તે બદલ આ બધાનો હું આભારી છું.

આભાર સહ,

– કે. વી. યાદવ

# અનુક્રમણિકા



| પ્રકરણ | વિગત | પાના નંબર |
|---|---|---|
| **પ્રકરણ - ૧ :**<br>**વિષય પ્રવેશ** | | 1 - 114 |
| 1.1 | પ્રસ્તાવના | 3 |
| 1.2 | ગ્રામીણ વિકાસની જરૂરિયાત | 4 |
| 1.3 | ગ્રામીણ વિકાસનો અભિગમ | 6 |
| 1.4 | ગ્રામીણ વિકાસનું મહત્વ | 16 |
| 1.5 | ગ્રામીણ વિકાસની વ્યૂહરચના | 17 |
| 1.6 | ગ્રામીણ વિકાસ માટેના અભિગમો | 17 |
| 1.7 | આયોજનના સમયગાળા દરમિયાન ગ્રામીણ વિકાસ | 21 |
| 1.8 | ગ્રામીણ ક્ષેત્રના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ | 27 |
| 1.9 | ગ્રામીણ કારીગરોના પ્રશ્નો / સમસ્યાઓ | 29 |
| 1.10 | ગ્રામીણ વિકાસના વિવિધ કાર્યક્રમો / યોજનાઓ | 30 |
| 1.11 | ગ્રામ્ય વિસ્તારમાં કારીગર વર્ગના લોકોની સ્થિતિ | 33 |
| 1.12 | અર્થતંત્રમાં ગ્રામીણ કારીગરોનું સ્થાન | 34 |
| 1.13 | વર્તમાન પરિસ્થિતિનું વિવેચન | 35 |
| 1.14 | ગ્રામીણ કારીગર વર્ગોના ઉત્થાનની યોજના | 36 |
| 1.15 | દરેકને સ્વરોજગારના અભિગમને સાર્થક કરતી રાજ્ય સરકારની સ્વરોજગાર વિષયક યોજનાઓ | 42 |
| 1.16 | આર્થિક નીતિની ગ્રામીણ અર્થકારણ પરની અસરો | 54 |
| 1.17 | ગ્રામીણ સમાજ પર શહેરીકરણની અસર | 68 |

| | | |
|---|---|---|
| 1.18 | આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થકારણ | 76 |
| 1.19 | માનવમૂડીનો વિકાસ અને ગ્રામીણ કારીગરો | 82 |
| 1.20 | આધુનિકરણની પ્રક્રિયા અને આર્થિક પરિવર્તન | 84 |
| 1.21 | ભારતમાં ગ્રામીણ વિકાસની અગત્યતા અને નીતિ | 87 |
| 1.22 | ભારતમાં ગ્રામીણ  અર્થકારણનું મહત્ત્વ | 88 |
| 1.23 | વિષય સંબંધી સંદર્ભ સાહિત્યની સમીક્ષા | 93 |
| 1.24 | વિષયની પસંદગી અને પ્રસ્તુત અભ્યાસનું ઔચિત્ય | 100 |
| 1.25 | અભ્યાસનું ઔચિત્ય અને મહત્ત્વ | 104 |
| 1.26 | અભ્યાસના હેતુઓ | 106 |
| 1.27 | સંશોધન અભ્યાસમાં સમાવિષ્ટ થતા મુદ્દાઓ | 107 |
| 1.28 | સંશોધન અભ્યાસની પરિકલ્પનાઓ | 108 |
| 1.29 | સંશોધન ક્ષેત્રનો પરિચય | 108 |
| 1.30 | સંશોધન પદ્ધતિ | 109 |
| 1.31 | સંશોધન અભ્યાસની માહિતી વિશ્લેષણની રીત | 112 |
| 1.32 | સંશોધન માટે પસંદ કરેલ ગ્રામીણ કારીગરોની પસંદગીના માપદંડો | 113 |
| 1.33 | પ્રકરણ આયોજન | 133 |
| **પ્રકરણ – ૨ :**<br>**રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરો** | | 155-157 |
| | પ્રસ્તાવના | 118 |
| 2.1 | બ્રિટીશરોની નવી આર્થિક નીતિની ગ્રામીણ કારીગરો પર અસર | 118 |
| 2.2 | સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગ્રામીણ કારીગરોની જાગૃતિ અને વિકાસ | 120 |
| 2.3 | ગુજરાત રાજયનો ટુંકો પરિચય | 122 |
| 2.4 | સૌરાષ્ટ્રની વસ્તી | 127 |

| | | |
|---|---|---|
| 2.5 | રાજકોટ જિલ્લાની રૂપરેખા | 130 |
| 2.6 | રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરો | 132 |
| 2.7 | રાજકોટ જિલ્લાની વસ્તી | 137 |
| 2.8 | વસ્તીની ગીચતા | 138 |
| 2.9 | અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની તાલુકાવાર વસ્તી | 140 |
| 2.10 | ગ્રામ્ય અને શહેરી જાતિ મુજબ વસ્તીનું વિશ્લેષણ | 143 |
| 2.11 | રાજકોટ જિલ્લામાં થયેલ વસ્તી વધારો | 145 |
| 2.12 | પસંદગીના તાલુકામાં અક્ષર જ્ઞાન ધરાવનારની સંખ્યા | 146 |
| 2.13 | ગ્રામીણ કારીગરોનું પ્રમાણ | 148 |
| 2.14 | ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનાની સંખ્યા | 152 |
| **પ્રકરણ – ૩ :**<br>**ધંધાની પરિસ્થિતિ અને આર્થિક સ્થિતિ** | | 158-201 |
| | પ્રસ્તાવના | 159 |
| 3.1 | અભ્યાસના તાલુકાઓની માહિતી | 160 |
| 3.2 | અભ્યાસનાં ગામોની પસંદગી | 161 |
| 3.3 | ગામોમાંથી પસંદ કરેલા કારીગરો | 162 |
| 3.4 | વય જૂથ પ્રમાણે કારીગરોનું વિશ્લેષણ | 165 |
| 3.5 | ગ્રામીણ કારીગરોની જ્ઞાતિ | 167 |
| 3.6 | કુટુંબના સભ્યોની સંખ્યા / કુટુંબનું કદ | 170 |
| 3.7 | કુટુંબોનું વયજૂથ મુજબનું વિશ્લેષણ | 172 |
| 3.8 | કુટુંબોમાં સ્ત્રી–પુરુષોનું પ્રમાણ | 173 |
| 3.9 | કારીગરોમાં શિક્ષણનું પ્રમાણ | 174 |
| 3.10 | પસંદ કરેલ ગ્રામીણ કારીગરોનો વ્યવસાય | 183 |
| 3.11 | કમાનાર સભ્યોનું પ્રમાણ | 184 |

| | | |
|---|---|---|
| 3.12 | કુટુંબમાં કમાનાર સ્ત્રીઓની સંખ્યા | 185 |
| 3.13 | મકાન ધરાવતા કુટુંબોનું પ્રમાણ | 186 |
| 3.14 | મકાન બાંધકામનું સ્વરૂપ | 188 |
| 3.15 | મકાનમાં પાયાની સુવિધાઓ | 189 |
| 3.16 | રસોડાની સ્વતંત્ર સુવિધા | 189 |
| 3.17 | શૌચાલય અને સ્નાનગૃહની સ્વતંત્ર સુવિધા | 190 |
| 3.18 | પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા | 191 |
| 3.19 | પસંદગીના ગામોની વસતિ વિષયક વિશ્લેષણ | 192 |
| 3.20 | પસંદગીના ગામોની શૈક્ષણિક સંસ્થાઓ અંગેની સ્થિતિ | 194 |
| 3.21 | પસંદગીના ગામોમાં અન્ય સંસ્થાઓ અંગેની વિગત | 195 |
| 3.22 | પસંદગીના ગામોમાં અન્ય સુવિધાઓ | 198 |
| 3.23 | સારાંશ | 200 |
| **પ્રકરણ – ૪ :**<br>**આધુનિકરણ અને ગ્રામીણ કારીગરોની પ્રવૃત્તિઓ** | | 202-244 |
| 4.1 | પ્રસ્તાવના | 203 |
| 4.2 | ગ્રામીણ કારીગરોના પરંપરાગત વ્યવસાયો | 204 |
| 4.3 | ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિને લગતી વિગતો | 205 |
| 4.4 | ધંધાને લગતાં સ્થળ વિશેની વિગત | 205 |
| 4.5 | આર્થિક મોભો અથવા સ્થાન | 207 |
| 4.6 | ઉદ્યોગનું નામ અને આર્થિક પ્રવૃત્તિ | 208 |
| 4.7 | કારીગર અને ધંધાકીય ક્ષેત્રોની પ્રવૃત્તિ | 214 |
| 4.8 | ઉત્પાદન પદ્ધતિ | 214 |
| 4.9 | ઉર્જાશક્તિના સ્ત્રોતોનો ઉપયોગ | 216 |
| 4.10 | ઉત્પાદિત માલની માંગનું સ્વરૂપ અને વેચાણની પ્રક્રિયા | 219 |

| | | |
|---|---|---|
| 4.11 | અવેજીનો વિસ્તાર | 224 |
| 4.12 | અવેજી વસ્તુઓની શકયતા | 224 |
| 4.13 | બીજા ઉદ્યોગો સાથેનો સંબંધ | 227 |
| 4.14 | વસ્તુની બજારમાં માંગ | 230 |
| 4.15 | વ્યવસાયલક્ષી હરીફાઈનું તત્ત્વ | 231 |
| 4.16 | કામના સ્થળનું વિશ્લેષણ | 233 |
| 4.17 | ધંધામાં આધુનિકરણ | 238 |
| 4.18 | સારાંશ | 243 |
| **પ્રકરણ – ૫ :** **આવકનું ધોરણ અને જીવન નિર્વાહનું સ્તર** | | 245-315 |
| 5.1 | કારીગરોના સામાજિક આર્થિક તફાવતો | 247 |
| 5.2 | જીવનધોરણ અને રાષ્ટ્રીય નિર્દેશકો | 249 |
| 5.3 | ગ્રામીણ કારીગરોની તાલીમ સંબંધી પરિસ્થિતિ | 251 |
| 5.4 | કારીગર વર્ગની રોજગારીની સ્થિતિ | 253 |
| 5.5 | ગ્રામીણ કારીગરોની આવકનું ધોરણ | 256 |
| 5.6 | કારીગરોની વ્યવસાયિક ગતિશીલતા | 263 |
| 5.7 | ગ્રામીણ કારીગરોના ખર્ચના વલણો | 268 |
| 5.8 | દેવાદાર કારીગરોની વિગત | 276 |
| 5.9 | ધિરાણ પ્રાપ્તિના ઉદ્દેશો | 282 |
| 5.10 | દેવાદાર કુટુંબદીઠ દેવાનું પ્રમાણ | 286 |
| 5.11 | ધિરાણ પ્રાપ્તિ માટેની જામીનગીરીની વિગતો | 292 |
| 5.12 | વ્યાજ અને મુદત પરત કરવાની પદ્ધતિ | 294 |
| **પ્રકરણ – ૬ :** **તારણો અને સૂચનો** | | 316-351 |
| 6.1 | પ્રસ્તાવના | 317 |
| 6.2 | પ્રસ્તુત પ્રકરણનો સારાંશ | 318 |

| | | |
|---|---|---|
| 6.3 | **સામાન્ય તારણો** | 337 |
| 6.4 | **મુખ્ય પ્રશ્નો** | 338 |
| 6.5 | પરિકલ્પનાની ચકાસણી | 340 |
| 6.6 | હેતુઓની સિદ્ધિ | 341 |
| 6.7 | ગ્રામીણ કારીગરોનું ભાવિ | 342 |
| 6.8 | સૂચનો | 345 |
| 6.9 | વધુ આગળ અભ્યાસ માટેની સંભાવનાઓ | 349 |
| 6.10 | સમાપન | 350 |
| **અનુસૂચિ** | | 352-358 |
| **સંદર્ભ સૂચિ** | | 359-372 |

# સારણી સૂચિ


| કોઠા ક્રમ | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧.૧ | ગ્રામીણ વિકાસ માટે આયોજિત ખર્ચની ફાળવણી | ૨૨ |
| ૧.૨ | ગ્રામીણ વિકાસ માટે થયેલ સ્વતંત્ર ખર્ચ | ૨૬ |
| ૧.૩ | યોજનાનું સંકલન અને જોગવાઈ | ૫૨ |
| ૧.૪ | ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ | ૭૦ |
| ૧.૫ | દેશની કુલવસ્તીમાં કારીગર વર્ગનું પ્રમાણ (ટકાવારીમાં) | ૭૧ |
| ૧.૬ | વિશ્વના દેશોની માથાદીઠ આવક | ૯૦ |
| ૧.૭ | રાજ્યવાર ગરીબી રેખા નીચે જીવતી વસ્તીની સંખ્યા અને તેનું ટકાવારી પ્રમાણ | ૯૧ |
| ૨.૧ | ગુજરાત રાજ્યની વસ્તીનું પ્રમાણ | ૧૨૨ |
| ૨.૨ | ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતાં સ્ત્રી–પુરુષનું પ્રમાણ | ૧૨૪ |
| ૨.૩ | ગુજરાતમાં ગ્રામીણ સ્ત્રી પુરુષનું વ્યવસાયકક્ષા મુજબનું વિશ્લેષણ | ૧૨૫ |
| ૨.૪ | ગરીબી રેખા હેઠળ જીવતી વસ્તીનું પ્રમાણ | ૧૨૬ |
| ૨.૫ | સૌરાષ્ટ્રમાં વસ્તી સંબંધ માહિતી | ૧૨૭ |
| ૨.૬ | કામ કરનારાઓમાં ગ્રામીણ સ્ત્રી–પુરુષોનું પ્રમાણ | ૧૨૯ |
| ૨.૭ | વ્યવસાયી કક્ષા મુજબ વિશ્લેષણ | ૧૨૯ |
| ૨.૮ | રાજકોટ જિલ્લાનું વસ્તી સંબંધી વિશ્લેષણ | ૧૩૮ |
| ૨.૯ | રાજકોટ જિલ્લાની વસ્તી ગીચતાનું પ્રમાણ | ૧૩૯ |
| ૨.૧૦ | અનુસૂચિત જાતિ અને અનુસૂચિતજન જાતિની તાલુકાવાર વસ્તીનું પ્રમાણ | ૧૪૧ |
| ૨.૧૧ | ગ્રામ્ય અને શહેરી અને જાતિ મુજબ વસ્તીનું પ્રમાણ | ૧૪૪ |
| ૨.૧૨ | રાજકોટ જિલ્લામાં થયેલ વસ્તી વધારાનું પ્રમાણ | ૧૪૫ |
| ૨.૧૩ | પસંદગીના તાલુકામાં અક્ષર જ્ઞાન ધરાવનારની સંખ્યા | ૧૪૭ |

| કોઠા ક્રમ | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૨.૧૪ | કુલ ગ્રામીણ વસ્તીમાં કારીગરોનું પ્રમાણ | ૧૪૮ |
| ૨.૧૫ | મુખ્ય પ્રવૃત્તિના જૂથ બિન ખેતી વિષયક ધંધાકીય એકમોનું વિશ્લેષણ | ૧૫૦ |
| ૨.૧૬ | ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનાની સંખ્યા | ૧૫૩ |
| ૨.૧૭ | જિલ્લામાં નોંધાયેલ નાના પાયાના એકમો | ૧૫૫ |
| ૨.૧૮ | ઉદ્યોગ જૂથ પ્રમાણે ચાલુ કારખાનામાં રોજગારી | ૧૫૬ |
| ૩.૧ | અભ્યાસમાં આવરી લેવાયેલ તાલુકા | ૧૬૦ |
| ૩.૨ | પસંદગીના ગામોનું વિશ્લેષણ | ૧૬૧ |
| ૩.૩ | પસંદ કરેલ કારીગરોની સંખ્યા | ૧૬૩ |
| ૩.૪ | કારીગરોની વયજૂથ પ્રમણે વહેંચણી | ૧૬૬ |
| ૩.૫ | ગ્રામીણ કારીગરોનું જ્ઞાતિ અનુસાર વિશ્લેષણ | ૧૬૮ |
| ૩.૬ | કારીગર વર્ગના કુટુંબોનું કદ | ૧૭૧ |
| ૩.૭ | કુટુંબોના સભ્યોનું વય જૂથ મુજબ વિશ્લેષણ | ૧૭૨ |
| ૩.૮ | કુટુંબોના સભ્યોનું સ્ત્રી–પુરુષના પ્રમાણનું વિશ્લેષણ | ૧૭૩ |
| ૩.૯ | કારીગર વર્ગના શિક્ષણના સ્તરનું વિશ્લેષણ | ૧૭૫ |
| ૩.૧૦ | કારીગર વર્ગમાં શિક્ષણનું પ્રમાણ | ૧૭૭ |
| ૩.૧૧ | ગ્રામીણ કારીગરોની પત્નીનું શિક્ષણ | ૧૭૯ |
| ૩.૧૨ | ગ્રામીણ કારીગરોના સંતાનોનું શિક્ષણનું પ્રમાણ | ૧૮૦ |
| ૩.૧૩ | કારીગરોના સંતાનોનું પ્રમાણ | ૧૮૧ |
| ૩.૧૪ | કારીગરોના સંતાનો હાલમાં શું કરે છે તે અંગેનું વિશ્લેષણ | ૧૮૨ |
| ૩.૧૫ | ધંધાને લગતું કાર્ય કરતાં કારીગરોના સંતાનોનું પ્રમાણ | ૧૮૨ |
| ૩.૧૬ | ગ્રામીણ કારીગરોનું વ્યવસાય મુજબ વિશ્લેષણ | ૧૮૩ |
| ૩.૧૭ | કુટુંબમાં કામ કરનારાઓનું પ્રમાણ | ૧૮૫ |

| કોઠા ક્રમ | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૩.૧૮ | કુટુંબમાં કમાવનાર સ્ત્રીઓનું પ્રમાણ | ૧૮૬ |
| ૩.૧૯ | મકાન ધરાવતા કુટુંબોના પ્રમાણનું વિશ્લેષણ | ૧૮૭ |
| ૩.૨૦ | મકાન બાંધકામના સ્વરૂપનું વિશ્લેષણ | ૧૮૮ |
| ૩.૨૧ | રસોડાની સ્વતંત્ર સુવિધાવાળા કુટુંબોનું વિશ્લેષણ | ૧૮૯ |
| ૩.૨૨ | શૌચાલય–સ્નાનગૃહની સ્વતંત્ર સુવિધાવાળા કુટુંબો | ૧૯૧ |
| ૩.૨૩ | પીવાના પાણીની સ્વતંત્ર સુવિધાવાળા કુટુંબો | ૧૯૨ |
| ૩.૨૪ | પસંદગી કરેલ ગામોની વસ્તી વિષયક વિશ્લેષણ | ૧૯૩ |
| ૩.૨૫ | પસંદગીના ગામોમાં શૈક્ષણિક સંસ્થાઓનું વિશ્લેષણ | ૧૯૫ |
| ૩.૨૬ | પસંદગીના ગામોમાં આરોગ્ય વિષયક સુવિધા | ૧૯૬ |
| ૩.૨૭ | પસંદગીના ગામોમાં અન્ય સરકારી સંસ્થાનું વિશ્લેષણ | ૧૯૬ |
| ૩.૨૮ | સહકારી સંસ્થાઓની સુવિધા | ૧૯૭ |
| ૩.૨૯ | સ્વૈચ્છિક સંસ્થાઓની સુવિધા | ૧૯૮ |
| ૪.૧ | ધંધાને લગતું સ્થળ અંગેનું વિશ્લેષણ | ૨૦૬ |
| ૪.૨ | આર્થિક મોભા અંગેનું વિશ્લેષણ | ૨૦૭ |
| ૪.૩ | આર્થિક પ્રવૃત્તિના નમૂનાનું વિશ્લેષણ | ૨૧૩ |
| ૪.૪ | ઉત્પાદન પ્રવૃત્તિમાં ઉત્પાદન પદ્ધતિનું વિશ્લેષણ | ૨૧૫ |
| ૪.૫ | ઉત્પાદન કાર્યમાં શક્તિ–ઊર્જાના સ્ત્રોતોનો ઉપયોગ | ૨૧૭ |
| ૪.૬ | ઉત્પાદિત માલનું સ્થાનિક વેચાણ સબંધી વિશ્લેષણ | ૨૨૧ |
| ૪.૭ | ઉત્પાદીત માલનું શહેરી માંગ છે તે અંગેનું વિશ્લેષણ | ૨૨૨ |
| ૪.૮ | ઉત્પાદીત માલનું બહારના રાજ્યોમાં માંગ અંગેનું વિશ્લેષણ | ૨૨૩ |
| ૪.૯ | અવેજી વસ્તુઓ સંબંધી વિશ્લેષણ | ૨૨૫ |
| ૪.૧૦ | ઉત્પાદન પદ્ધતિ અંગેનું વિશ્લેષણ | ૨૨૫ |
| ૪.૧૧ | વસ્તુના વેચાણ સબંધી વિશ્લેષણ | ૨૨૬ |

| કોઠા ક્રમ | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૪.૧૨ | બીજા ઉદ્યોગો સાથેનો સબંધ અંગેનું વર્ગીકરણ | ૨૨૮ |
| ૪.૧૩ | બીજા ઉદ્યોગ સાથે કેવા પ્રકારનો સબંધ છે ? | ૨૨૯ |
| ૪.૧૪ | વસ્તુની બજારમાં માંગ કેવી છે ? તે અંગેનું વિશ્લેષણ | ૨૩૦ |
| ૪.૧૫ | કારીગર વર્ગના ધંધા વ્યવસાય અને હરીફાઈની સ્થિતિનું વિશ્લેષણ | ૨૩૧ |
| ૪.૧૬ | માલિકીનું મકાન અંગેનું વિશ્લેષણ | ૨૩૪ |
| ૪.૧૭ | ભાડાના મકાન અંગેનું વિશ્લેષણ | ૨૩૫ |
| ૪.૧૮ | મકાનની કિંમત અંગેનું વિશ્લેષણ | ૨૩૬ |
| ૪.૧૯ | માસિક ભાડા અંગેનું વિશ્લેષણ | ૨૩૭ |
| ૪.૨૦ | ધંધામાં આધુનિકરણ અંગેનું વિશ્લેષણ | ૨૩૯ |
| ૪.૨૧ | ચાલુ વસ્તુમાં આધુનિક ફેરફાર અંગેનું વિશ્લેષણ | ૨૪૦ |
| ૪.૨૨ | નવી વસ્તુના ઉત્પાદન અંગેનું વિશ્લેષણ | ૨૪૧ |
| ૪.૨૩ | વસ્તુમાં વિવિધતા લાવવા અંગેનું વિશ્લેષણ | ૨૪૧ |
| ૪.૨૪ | શ્રમિકો અંગેનું વિશ્લેષણ | ૨૪૨ |
| ૫.૧ | કારીગર વર્ગની રોજગારી લક્ષી વિશ્લેષણ | ૨૫૪ |
| ૫.૨ | કારીગર વર્ગની આવક જૂથ અનુસાર વાર્ષિક આવક (રૂપિયા) | ૨૫૯ |
| ૫.૩ | માસિક આવકનું વિશ્લેષણ | ૨૬૧ |
| ૫.૪ | માથાદીઠ આવકની તુલના | ૨૬૨ |
| ૫.૫ | સરેરાશ વાર્ષિક આવક | ૨૬૩ |
| ૫.૬ | પરંપરાગત વ્યવસાયમાં સ્થગિતતાના કારણો | ૨૬૬ |
| ૫.૭ | કારીગરોની સરેરાશ વાર્ષિક ખર્ચ અંગેનું વિશ્લેષણ | ૨૬૯ |
| ૫.૮ | કારીગરોના કુટુંબનું વાર્ષિક નિભાવ ખર્ચ | ૨૭૧ |
| ૫.૯ | કૌટુંબિક વાર્ષિક આવક ખર્ચની વિગત (રૂા. માં) | ૨૭૪ |

| કોઠા ક્રમ | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૫.૧૦ | દેવાદાર કારીગરોની વિગત | ૨૭૮ |
| ૫.૧૧ | ધિરાણ પ્રાપ્તિના સ્ત્રોતોનું વિશ્લેષણ | ૨૭૯ |
| ૫.૧૨ | ધિરાણ પ્રાપ્તિના ઉદ્દેશો | ૨૮૨ |
| ૫.૧૩ | દેવાનું પ્રમાણ અંગેનું વિશ્લેષણ | ૨૮૭ |
| ૫.૧૪ | જાહેર સ્ત્રોતમાંથી વધુ રકમનું ધિરાણ મેળવતા કારીગરો | ૨૮૮ |
| ૫.૧૫ | નાના અને મધ્યમ દેવાદાર કારીગરોની વિગતો | ૨૮૯ |
| ૫.૧૬ | નાની રકમમાં દેવાદાર કારીગરોનું પ્રમાણ | ૨૯૧ |
| ૫.૧૭ | જામીનગીરી સામે દેવુ મેળવતા કારીગરોનું પ્રમાણ | ૨૯૩ |
| ૫.૧૮ | લોનની ચૂકવણી અંગેનું વિશ્લેષણ | ૨૯૫ |
| ૫.૧૯ | વસ્તુના વેચાણ વ્યવસ્થા અંગેનું વિશ્લેષણ | ૨૯૬ |
| ૫.૨૦ | ધંધાને લગતી કોઈ દિશા છે ? તે અંગેનું વિશ્લેષણ | ૨૯૭ |
| ૫.૨૧ | ધંધાની પસંદગી પરંપરાગત અને સ્થાનિક રાખવા અંગેનું વિશ્લેષણ | ૨૯૮ |
| ૫.૨૨ | બીજા કોઈ સ્થળે સ્થળાંતર કરવા અંગેનું વિશ્લેષણ | ૨૯૯ |
| ૫.૨૩ | સ્થાનિક ધંધામાં ફેરફાર લાવવા અંગેનું વિશ્લેષણ | ૩૦૦ |
| ૫.૨૪ | બીજા ધંધામાં જવાની ઈચ્છા અંગેનું વિશ્લેષણ | ૩૦૧ |
| ૫.૨૫ | સ્થળાંતર કરી બીજા સ્થળે જવા અંગેનું વિશ્લેષણ | ૩૦૨ |
| ૫.૨૬ | બીજો ધંધો શરૂ કરવા અંગેનું વિશ્લેષણ | ૩૦૩ |
| ૫.૨૭ | બીજો ધંધો કરવો છે તો કેવા પ્રકારનો તે અંગેનું વિશ્લેષણ | ૩૦૪ |
| ૫.૨૮ | ધંધાના ઉત્પાદનમાં ફેરફાર માટે કેવા પ્રકારની મુશ્કેલીઓ છે ? તે અંગેનુ વિશ્લેષણ | ૩૦૫ |
| ૫.૨૯ | ધંધામાં ઉત્પાદનનું મુકામ કયા રાખવું તે અંગેનું વિશ્લેષણ | ૩૦૬ |
| ૫.૩૦ | યોગ્ય પુરતી આવક મળે તે અંગેનુ વિશ્લેષણ | ૩૦૭ |

| કોઠા ક્રમ | શીર્ષક | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૫.૩૧ | દર વર્ષ વેચાણ કિંમત અંગેનું વિશ્લેષણ | ૩૦૮ |
| ૫.૩૨ | દર વર્ષે વેચાણમાંથી મળતી આવકનું વિશ્લેષણ | ૩૦૯ |
| ૫.૩૩ | કુલ મૂડી રોકાણની કિંમત અંગેનું વિશ્લેષણ | ૩૧૦ |
| ૫.૩૪ | કઈ જાતનું મૂડીરોકાણ કરવામાં આવ્યું તે અંગેનું વિશ્લેષણ | ૩૧૧ |
| ૫.૩૫ | વેતન ચૂકવણી અંગેનું વિશ્લેષણ | ૩૧૨ |
| ૫.૩૬ | આવી વ્યવસ્થાથી ફાયદો થાય તે અંગેનું વિશ્લેષણ | ૩૧૩ |
| ૫.૩૭ | બજાર વ્યવસ્થાથી ફાયદો થયો તે અંગેનું વિશ્લેષણ | ૩૧૩ |
| ૫.૩૮ | કાચો માલ, મટીરીયલ, અભ્યાસ, ટ્રેનીંગનો ઉપયોગ અંગેનું વિશ્લેષણ | ૩૧૪ |
| ૫.૩૯ | ચાલુ ધંધામાં આધુનિકરણ લાવવાની ઈચ્છા છે તે અંગેનું વિશ્લેષણ | ૩૧૫ |

# પ્રકરણ-૧
# વિષય પ્રવેશ

૧.૧ પ્રસ્તાવના
૧.૨ ગ્રામીણ વિકાસની જરૂરિયાત
૧.૩ ગ્રામીણ વિકાસનો અભિગમ
૧.૪ ગ્રામીણ વિકાસનું મહત્ત્વ
૧.૫ ગ્રામીણ વિકાસની વ્યૂહરચના
૧.૬ ગ્રામીણ વિકાસ માટેના અભિગમો
૧.૭ આયોજનના સમયગાળા દરમિયાન ગ્રામીણ વિકાસ
૧.૮ ગ્રામીણ ક્ષેત્રના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ
૧.૯ ગ્રામીણ કારીગરોના પ્રશ્નો / સમસ્યાઓ
૧.૧૦ ગ્રામીણ વિકાસના વિવિધ કાર્યક્રમો / યોજનાઓ
૧.૧૧ ગ્રામ્ય વિસ્તારમાં કારીગરોની સ્થિતિ
૧.૧૨ અર્થતંત્રમાં ગ્રામીણ કારીગરોનું સ્થાન
૧.૧૩ વર્તમાન પરિસ્થિતિનું વિવેચન
૧.૧૪ ગ્રામીણ કારીગર વર્ગોના ઉત્થાનની યોજના
૧.૧૫ દરેકને સ્વરોજગારના અભિગમને સાર્થક કરતી રાજય સરકારની સ્વરોજગાર વિષયક યોજનાઓ
૧.૧૬ આર્થિક નીતિની ગ્રામીણ અર્થકારણ પરની અસરો
૧.૧૭ ગ્રામીણ સમાજ પર શહેરીકરણની અસર
૧.૧૮ આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થકારણ
૧.૧૯ માનવમૂડીનો વિકાસ અને ગ્રામીણ કારીગરો
૧.૨૦ આધુનિકરણની પ્રક્રિયા અને આર્થિક પરિવર્તન
૧.૨૧ ભારતમાં ગ્રામીણ વિકાસની અગત્યતા અને નીતિ

૧.૨૨ ભારતમાં ગ્રામીણ અર્થકારણનું મહત્ત્વ
૧.૨૩ વિષય સંબંધી સંદર્ભ સાહિત્યની સમીક્ષા
૧.૨૪ વિષયની પસંદગી અને પ્રસ્તુત અભ્યાસનું ઔચિત્ય
૧.૨૫ અભ્યાસનું ઔચિત્ય અને મહત્ત્વ
૧.૨૬ અભ્યાસના હેતુઓ
૧.૨૭ સંશોધન અભ્યાસમાં સમાવિષ્ટ થતા મુદ્દાઓ
૧.૨૮ સંશોધન અભ્યાસની પરિકલ્પનાઓ
૧.૨૯ સંશોધન ક્ષેત્રનો પરિચય
૧.૩૦ સંશોધન પદ્ધતિ
૧.૩૧ સંશોધન અભ્યાસની માહિતી વિશ્લેષણની રીત
૧.૩૨ સંશોધન માટે પસંદ કરેલ ગ્રામીણ કારીગરોની પસંદગીના માપદંડો
૧.૩૩ પ્રકરણ આયોજન

# પ્રકરણ-૧
# વિષય પ્રવેશ

## ૧.૧ પ્રસ્તાવના :

કોઈપણ દેશના આર્થિક વિકાસ માટે માનવમૂડી અને મશીનનો બહુમૂલ્ય હિસ્સો હોય છે, તેમાય આર્થિક વિકાસની પ્રક્રિયામાં માનવ શ્રમનો ઘણો જ મોટો હિસ્સો હોય છે તેમ કહી શકાય કે ભારત જેવા વિકાસ સાધતા દેશમાં જયાં મૂડીના પ્રમાણમાં અછત હોય અને માનવ શ્રમની વિપુલતા હોય ત્યાં આર્થિક વિકાસનું મુખ્ય પરિબળ માનવશ્રમ છે. આ માનવ શ્રમ વડે અર્થકારણના જુદાં જુદાં ક્ષેત્રોનો વિકાસ થાય છે અને એ રીતે અલ્પવિકસિત અર્થકારણનું વિકસિત અર્થકારણમાં રૂપાંતર થાય છે. જેમ જેમ આર્થિક વિકાસની પ્રક્રિયા આગળ વધે છે તેમ–તેમ તે વિકાસની પ્રક્રિયાના પરિબળ સમાન શ્રમિકોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં સુધારો થવો જોઈએ, એ રીતે આર્થિક વિકાસના લાભો શ્રમિકોને પણ મળવા જોઈએ.

ભારતમાં આયોજનના સમય દરમિયાન અર્થકારણના જુદાં જુદાં ક્ષેત્રનો વિકાસ થયો છે પરંતુ આ વિકાસના લાભો દેશના મોટાભાગના શ્રમિકો સુધી પહોંચી શકયા નથી. ભારતના મોટાભાગનાં શ્રમિકો અસંગઠિત છે. તેઓ છૂટાછવાયા અને વિસ્તારિત હોવાને કારણે એક બીજા સાથે સંપર્ક ધરાવતા નથી. સંપર્કના અભાવો તથા તેઓની નિરક્ષરતા અને અજ્ઞાનતાના કારણે તેઓ સંગઠન સાધી શકતા નથી. પરિણામે તેઓ પોતાના પ્રશ્નોની યોગ્ય સ્તરે યોગ્ય રીતે રજૂઆત કરી શકતા નથી. એટલું જ નહીં પણ સરકાર દ્વારા તેઓના માટે જે કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે, તેમની જાણકારીના અભાવે તેમજ બિનજાગૃતિના અભાવે તેઓ આ કાર્યક્રમોના લાભો મેળવી શકતા નથી. આથી તેઓની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં ખાસ કોઈ સુધારો થયેલો જણાતો નથી. ભારતના ગ્રામ્ય વિસ્તારના કારીગરો ગંભીર આર્થિક અને સામાજિક સમસ્યાઓ ધરાવે છે. તેઓને અન્ય સંગઠિત ક્ષેત્રોના કારીગરો જેવા વેતન અને રોજગારી તથા અન્ય લાભો પ્રાપ્ત કરી

શકતા નથી. આ સંદર્ભમાં ગ્રામીણ કારીગરોના કયા કયા પ્રશ્નો છે ? તે પ્રશ્નો ઉકેલવા માટે સરકારે શું કર્યું છે? સરકારી પ્રયત્નોથી આ કારીગરોના આર્થિક અને સામાજિક જીવન પર કોઈ અસર થઈ છે કે કેમ ? અને આ પ્રશ્નો ઉકેલવા માટે હવે શું કરવું જોઈએ ? આ બધી બાબતો અંગે અભ્યાસ કરવો ઘણો જ મહત્ત્વનો બની જાય તે સ્વાભાવિક છે. કૃષિ શ્રમિકોને બાદ કરતાં ગ્રામીણ કારીગરોની સમસ્યાઓ અંગે જોઈએ તે પ્રમાણે અભ્યાસો થયા નથી આથી ગ્રામીણ કારીગરોના પ્રશ્નો તપાસવા અને તે પ્રશ્નોના ઉકેલ અંગેના વૈકલ્પિક અભિગમો સૂચવવા તે ઘણુ જ અગત્યનું બની જાય છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં "રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યા અને ભાવિ" આ અંગેનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

## ૧.૨ ગ્રામીણ વિકાસની જરૂરિયાત :

### ✰ *ગ્રામીણ વિકાસ એટલે શું ?*

ગ્રામીણ ક્ષેત્રમાં કૃષિક્ષેત્ર સિવાયના અનેક પૂરક વ્યવસાયોનો સમાવેશ થાય છે. સ્વાભાવિક રીતે જ ગ્રામીણ વિકાસ એટલે માત્ર કૃષિ વિકાસ નહીં પરંતુ અન્ય પૂરક ક્ષેત્રો સાથેનો વિકાસ ગ્રામ્યક્ષેત્રમાં જે પ્રકારની આર્થિક સમસ્યાઓ દષ્ટિગોચર થાય છે તેમાં બેરોજગારી, ગરીબી, આર્થિક અસમાનતા, આર્થિક નિર્બળતા અને વૈકલ્પિક વ્યવસાયોનો અભાવ વગેરે ઘણી સમસ્યાઓ જોવા મળે છે. આમ મુખ્યત્વે ગરીબીનિવારણ નીતિ દ્વારા ગ્રામ્ય વિકાસનું ધ્યેય હાંસલ કરી શકાય. ગ્રામીણ વિકાસ સંબંધી વિવિધ પ્રકારના વિચારો વ્યકત થયા છે તેને લક્ષમાં લેતા સ્પષ્ટ જણાય છે કે ગ્રામીણ વિકાસ આર્થિક વિકાસ પરસ્પર સંલગ્ન છે. આર્થિક વિકાસની નીતિમાં ગ્રામીણ વિકાસની વ્યૂહરચનાને યોગ્ય સ્થાન અપાય તે એટલું જ જરૂરી ગણવામાં આવે છે. દિલીપ શાહ વિશ્વબેન્કના અભ્યાસને ટાંકી ગ્રામીણ વિકાસનો અર્થ બતાવતા જણાવે છે કે "ગ્રામીણ ગરીબીમાં પણ સૌથી વધુ ગરીબોને ફાયદો કરે છે તે ગ્રામીણ વિકાસ ગણાય." આ મત અનુસાર સરકારી કાર્યક્રમોનો સૌથી વધુ લાભ સૌથી વધુ ગરીબ લોકોને મળે તે વિકાસનું હાર્દ છે. ઉમાલે ગ્રામીણ વિકાસ અંગે સમજૂતી આપતા લખે છે તે મુજબ (૧) સામાન્ય જનતાના

જીવનધોરણમાં સુધારો કરવો (૨) સામાન્ય વ્યકિતને વિકાસમાં ભાગ લેતા કરવા અને (૩) વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રાખવી.

આ ત્રણ બાબતોને ગ્રામીણ વિકાસના પાયામાં સ્થાન આપવું તેમજ ઉપર મુજબની ત્રણ બાબતોને માપદંડ તરીકે સ્વીકારવી જોઈએ. વધુમાં દિલીપ શાહ, જહોન હેટીસનું મંતવ્ય રજૂ કરતાં જણાવે છે કે "ગ્રામ્ય વિકાસ ગરીબી નિવારણ અને આર્થિક અસમાનતા ઘટાડવા માટેના ધ્યેયને કેન્દ્રમાં રાખીને કૃષિ વિકાસ ઉપરાંત બીજા વિકાસ ક્ષેત્રને પણ આવરી લે તેવી પ્રક્રિયા એટલે ગ્રામીણ વિકાસની પ્રક્રિયા છે." આમ કૃષિ વિકાસથી આગળ જવાનું આ અભિપ્રાયમાંથી ફલિત થાય છે કે "રૂરલ ડેવલપમેન્ટ" નામના ગ્રંથમાં વસંત દેસાઈ નોંધે છે કે "ગ્રામીણ લોકોના જીવન ધોરણમાં સુધારો થવા માટેનો પ્રામાણિક પ્રયાસ એટલે ગ્રામીણ વિકાસ." શ્રી વસંત દેસાઈ દ્વારા પ્રસિદ્ધ થયેલા પોતાના પુસ્તકોના જુદા જુદા ભાગોમાં ગ્રામીણ વિકાસ સંબંધી અનેકવિધ પાસાઓની વિશેષ છણાવટ કરવામાં આવી છે. કદાચ ગ્રામીણ વિકાસ સંબંધી વિસ્તૃત માહિતી અને અર્થસભર વિચારો રજૂ કરવામાં તેનો ફાળો ઘણો "અમૂલ્ય" ગણાય તેમ છે તેમના મત મુજબ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ગ્રામજનોનું જીવન કેવી રીતે ઉન્નત બને તે માટે આ નીતિ અને વ્યૂહરચના તેમજ તે સબળ કાર્યક્રમોના ઘડતર અને અમલીકરણમાં ખાસ ધ્યાન આપવું જોઈએ જેથી કરીને આ ગ્રામજનોનું જીવનધોરણ સતત સુધરતું જાય અને ઊંચા સ્તર પર પહોંચવા પામે. આ વિચારસરણીમાં પણ માત્ર કૃષિક્ષેત્રના લોકો જ નહીં પરતું સમગ્ર ગ્રામ સમાજના દરેક વર્ગના લોકોના જીવનધોરણ તે ઉન્નત બનાવવાની કે લોકોના આર્થિક ઉત્થાનની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. આ દષ્ટિએ ગ્રામીણ વિકાસની વ્યૂહરચનામાં કૃષિ વિકાસ ઉપરાંત ગ્રામ્ય સમાજના સર્વ પ્રકારના આર્થિકક્ષેત્રોના સમતોલ અને સર્વાંગી વિકાસને સ્થાન આપવામાં આવ્યું છે. આ બાબતમાં કરતાર સિંઘનો મત પણ રજૂ કરવો જરૂરી ગણાશે. પોતાના ગ્રંથ "રૂરલ ડેવલપમેન્ટ"માં જણાવે છે કે "અર્થશાસ્ત્રના નૂતન દષ્ટિકોણ પ્રમાણે ગ્રામીણ વિકાસ એટલે ગરીબી, અસમાનતા અને બેકારીનું નિવારણ કરવું" આ મત મુજબ ગ્રામ્ય વિસ્તારની ગરીબી અને અસમાનતા ઘટાડવાની આર્થિકનીતિ ગ્રામીણ વિકાસની નીતિમાં પાયાનું સ્થાન ધરાવે છે. "રૂરલ

ઈકોનોમિ ઑફ ઈન્ડિયા" નામના પોતાના ગ્રંથમાં શ્રી જ. મૂર્તિ અને નારાયણ ગ્રામીણ વિકાસ અંગે પોતાનું મંતવ્ય જણાવતા લખે છે કે "અર્થશાસ્ત્રીઓના મત મુજબ ગ્રામીણ વિકાસ એટલે ગ્રામીણ પ્રજાની માથાદીઠ આવકમાં થતો સુધારો, અને ગાંધીજીના મંતવ્ય પ્રમાણે ગ્રામીણ વિકાસ એટલે આત્મનિર્ભરતા." આમ ગ્રામ સમાજ આત્મનિર્ભર બને અને માથાદીઠ આવકમાં વૃદ્ધિ થાય તે બાબતને ગ્રામીણ વિકાસ તરીકે ઓળખવામાં આવે છે. ગ્રામીણ વિકાસ સંબંધી વિવિધ વિદ્વાનોના મંતવ્યો જાણ્યા પછી એમ કહી શકાય કે "ગ્રામીણ વિકાસ એટલે ગ્રામ પ્રજાને, ગરીબ લોકોનું આર્થિક ઉત્થાન, સમાનતાની સ્થાપના તથા આત્મનિર્ભરતાની સ્થિતિનું નિર્માણ." આ દષ્ટિબિંદુ મુજબ માત્ર ખેતી ક્ષેત્ર જ નહીં પરંતુ તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા સ્થપાય તે પ્રકારનો વિકાસ એટલે ગ્રામીણ વિકાસ. આમ ગ્રામીણ વિકાસના અર્થ સંબંધે વિવિધ વિદ્વાનોના મંતવ્ય જાણ્યા બાદ ગ્રામીણ વિકાસ શા માટે કરવો જોઈએ અથવા તો ગ્રામીણ વિકાસની જરૂરિયાત શા માટે ? તે અંગે સ્પષ્ટ તારણ રજૂ કરી શકાય.

## ૧.૩ ગ્રામીણ વિકાસનો અભિગમ :

વિકાસ એટલે લાભ સ્ત્રોતોના માળખામાં રહીને વૃદ્ધિની પ્રક્રિયાની સમસ્યાઓને હલ કરવા માટે જે ધ્યેય કે લક્ષ્ય નક્કી કરવામાં આવે અને ત્યાર બાદ તે પ્રશ્નને ધ્યાનમાં રાખીને વિકાસ કરવામાં આવે છે. ગ્રામીણ એટલે ગામડાનું કે ખેતીવાડીનું કે ખેતીવાડીને લગતું એવો અર્થ થાય છે. આમ ગ્રામીણક્ષેત્રે કૃષિક્ષેત્ર અને તેના પૂરક વ્યવસાયનો સમાવેશ થાય છે. આમ ગ્રામીણ વિકાસ એટલે કૃષિવિકાસ અને પૂરક ક્ષેત્રો સાથે વિકાસ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી, પ્રચ્છન્ન અને મોસમી બેકારી લોકો વચ્ચે આવકની અસમાનતા ખેતમજૂરો, નાના ખેડૂત અને કારીગરો વગેરેની નબળી આર્થિક સ્થિતિ અને અન્ય વૈકલ્પિક વ્યવસાયોનો અભાવ વગેરે જેવી અનેક સમસ્યાઓ જોવા મળે છે. આમ મુખ્યત્વે બેકારી, ગરીબી, નીચું જીવન ધોરણ, નીચી આવક જેવી સમસ્યાઓ રહેલ છે.

ભારતમાં ગ્રામીણ ક્ષેત્ર પર દષ્ટિ કેન્દ્રિત કરીએ તો ખ્યાલ આવે છે કે તેમાં મોસમી અને પ્રચ્છન્ન બેકારી, ગરીબીરેખા નીચેના લોકોનું વધુ પ્રમાણ, નીચુ જીવનધોરણ, સવર્ણ

અને પછાત લોકો વચ્ચે આર્થિક અસમાનતા ખેડૂતો, ખેતમજૂરો અને કારીગરોની નબળી આર્થિક સ્થિતિ અન્ય વૈકલ્પિક ક્ષેત્રના વિકાસનો અભાવ, બજાર, બેન્ક, વિમાબેન્ક, સંદેશા વ્યવહાર, વાહનવ્યવહાર, પાકા રસ્તાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધાઓનો અભાવ, સિંચાઈની અલ્પ સુવિધાઓ વગેરે જેવી અનેક સમસ્યાઓ ગ્રામીણ ક્ષેત્રે જોવા મળે છે. વિશ્વબેન્કે કરેલ વિધાનનો ઉલ્લેખ કરતાં દિલીપ શાહ જણાવે છે કે ગ્રામીણ વિકાસમાં પણ સૌથી વધુ ગરીબને ફાયદો કરે છે. તે ગ્રામીણ વિકાસ ગણાય તેઓશ્રીના મતે સરકારશ્રીના કાર્યક્રમોનો સૌથી વધારે લાભ સૌથી વધુ ગરીબ લોકોને માટે છે. તે ગ્રામીણ વિકાસનું હાર્દ છે. ઉમા લેલે ગ્રામીણ વિકાસની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં જણાવે છે કે ગ્રામીણ વિકાસના મુખ્ય ત્રણ ધ્યેયો આ પ્રમાણે રહેલા છે તે મુજબ :

(૧) સામાન્ય જનતાના જીવનધોરણમાં સુધારો

(૨) સામાન્ય વ્યકિતને વિકાસમાં ભાગ લેતા કરવા

(૩) વિકાસની પ્રક્રિયા સતત ચાલું રાખવી.

ગ્રામીણ વિકાસમાં આ ત્રણ બાબતોને મહત્ત્વ આપી માપદંડ તરીકે સ્વીકારવી જોઈએ. ઉમા લેલેની આ વ્યાખ્યા દિલીપ શાહ પોતાના પુસ્તકમાં રજૂ કરે છે. વધુમાં ગ્રામીણ વિકાસ અને જટ્રોન હૅરીસનું વિધાન ટાંકતા દિલીપ શાહ જણાવે છે કે ગ્રામીણ વિકાસ ગરીબી નિવારણ અને અસમાનતામાં ઘટાડો કરવાના ધ્યેયને કેન્દ્રમાં રાખીને કૃષિ વિકાસ ઉપરાંત બીજા વિકાસ ક્ષેત્રને પણ આવરી લેવાય તેવી પ્રક્રિયા એટલે ગ્રામીણ વિકાસની પ્રક્રિયા. પોતાના પ્રસિદ્ધ થયેલા પુસ્તકોના જુદા જુદા ભાગોમાં ગ્રામીણ વિકાસ સંબંધીત અનેકવિધ પાસાઓની સમજૂતી તથા છણાવટ શ્રી વસંત દેસાઈ કરે છે. તેમના પુસ્તક 'રૂરલ ડેવલપમેન્ટ'માં ગ્રામીણ વિકાસની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે – ગ્રામીણ લોકોના જીવન ધોરણમાં સુધારો થવા માટેનો પ્રયાસ એટલે ગ્રામીણ વિકાસ. શ્રી દેસાઈના મતે ગ્રામીણ ક્ષેત્રના લોકોનું જીવનધોરણ કેવી રીતે ઊંચુ આવે તે પ્રમાણે વ્યૂહરચના, નીતિ અને કાર્યક્રમોનું ઘડતર તથા અમલીકરણ કરવા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેની અસરોના પરિણામે ગ્રામીણ લોકોના જીવન ધોરણમાં સતત સુધારો થતો જાય અને

વધુને વધુ વિકાસ સાધતા જાય. આ બાબતોને વધારે સમર્થન આપતા શ્રી કરતાબ સિંધે પોતાના 'રૂલર ડેવલપમેન્ટ'માં જણાવેલ છે કે અર્થશાસ્ત્રના નૂતન દષ્ટિકોણ પ્રમાણે ગ્રામીણ વિકાસ એટલે ગરીબી, અસમાનતા અને બેકારીનું નિવારણ કરવું. તેઓના મત મુજબ ગ્રામીણ ગરીબોની આવક અને સંપત્તિની અસમાનતા, મોસમી અને પ્રચ્છન્ન બેકારી વગેરે પ્રશ્નો હલ કરવાની નીતિ ગ્રામીણ વિકાસમાં પાયાનું અને મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ડૉ. દિલીપ આર. મર્થક ગ્રામીણ વિકાસ અંગે વિસ્તૃત અર્થઘટન કરતાં પોતાના લેખમાં જણાવે છે. ગ્રામ વિકાસ પ્રક્રિયામાં આર્થિક, સામાજિક, યંત્ર વૈજ્ઞાનિક અને કુદરતી પાસાઓનું એ રીતે આયોજન પૂર્વક મેનેજમેન્ટ ગોઠવવામાં આવે છે. બદલાતા પરિવેશમાં ગ્રામીણ વિકાસને વેગ મળે તેથી લોકોની અનેક પ્રકારની સમસ્યાઓનું નિવારણ આવે, આર્થિક સ્વાવલંબન મેળવે અને લોકોની સુખાકારીમાં વધારો થાય આવી પરિસ્થિતિના નિર્માણને ગ્રામીણ વિકાસ કહી શકાય.

ડૉ. મર્થક ગ્રામીણ વિકાસમાં જણાવે છે કે આર્થિક ઉદારીકરણની નીતિ અને બહુરાષ્ટ્રીય કંપનીઓના આક્રમણ થવાથી વિકાસનો વ્યૂહ તથા દષ્ટિકોણ બદલાયો છે. આમ ગ્રામીણ વિકાસના વિશાળ વ્યૂહમાં મેનેજમેન્ટનો વ્યૂહ અને લોક જાગૃતિને અગ્રીમતા આપવાની રહેશે. ત્યારે જ ગ્રામીણ વિકાસની પ્રક્રિયા ઝડપી બનશે. તેઓ વધુમાં ગ્રામીણ વિકાસના અર્થને સ્પષ્ટ કરતાં જણાવે છે કે લોકોની જરૂરિયાતોને લક્ષમાં રાખીને કાર્યક્રમનું એ રીતનું વ્યવસ્થાપન ગોઠવવામાં આવે કે જેના દ્વારા કૃષિ, પશુપાલન, નાના ઉદ્યોગો, આરોગ્ય, શિક્ષણ વગેરેમાં પરિવર્તન આવે જેના દ્વારા વિકાસની ભૂખ અને આર્થિક સ્વાવલંબન મેળવી સામાજિક જાગૃતિ દ્વારા માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ દૂર થશે, આવી પ્રક્રિયાને ગ્રામીણ વિકાસ કહી શકાય. આ પ્રસ્તુત વ્યાખ્યામાંથી ફલિત થાય છે કે સમગ્ર ગ્રામ્ય ક્ષેત્રને વિકાસની પ્રક્રિયામાં જોતરવાની વાત કરવામાં આવી છે.

ગ્રામીણ વિકાસ એટલે ગ્રામીણ સમાજમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિ અને નૈતિક ક્ષેત્રમાં હેતુ પૂર્વકના અને ઈચ્છિત દિશાના પરિવર્તનો. આ દષ્ટિએ જોતા ગ્રામીણ વિકાસ એક પ્રકારનું પરિવર્તન છે તેમ કહી શકાય. આ પરિવર્તન આયોજન અને

પ્રયોજિત સ્વરૂપનું છે. તેનો અર્થ એવો નથી કે ગ્રામીણ ક્ષેત્રના લોકો પરંપરાગત જીવનશૈલીનો ત્યાગ કરે તેને જ ગ્રામીણ વિકાસ કહેવાય. મુખ્ય તાત્પર્ય એ છે કે વધુ સારું અને સુખી જીવન જીવવા માટે સારા–નરસાનો વિચાર કરીને વિકસિત જીવન પદ્ધતિનો વિકાસ થવો જોઈએ. મૂર્તિ અને નારાયણ નામના વિદ્વાનો 'રૂરલ ઈકોનોમિક ઑફ ઈન્ડિયા' નામના પોતાના પુસ્તકમાં જણાવે છે કે અર્થશાસ્ત્રીઓના મત મુજબ ગ્રામીણ વિકાસ એટલે ગ્રામીણ પ્રજાની માથાદીઠ આવકમાં સુધારો અને ગાંધીજીના મત મુજબ ગ્રામીણ વિકાસ એટલે આત્મનિર્ભર. તેમના મત મુજબ ગ્રામ્યક્ષેત્રના લોકો આત્મનિર્ભર બને અને પોતાની આવકમાં વધારો કરી શકે માથાદીઠ આવક વધે તેને ગ્રામીણ વિકાસ તરીકે ઓળખી શકાય.

રોબર્ટ ચેમ્બર ગ્રામીણ વિકાસ બાબતે અર્થ બતાવતા જણાવે છે કે ગ્રામીણ વિકાસ એટલે વસ્તીના એ વિશેષ વર્ગનો વિકાસ કરવાની રણનીતિ છે જેમાં ગરીબ ગ્રામીણ પુરુષ, મહિલાઓ અને બાળકો સામેલ છે એની ઈચ્છા અને જરૂરિયાતોને પુરી કરવા પ્રયાસ છે. જેથી તેનું જીવનધોરણ ઊંચુ આવી શકે, આવા ગ્રામ્ય ખેડૂતો, કારીગરો, જમીન વિહોણા ખેડૂતો પણ સામેલ થઈ જાય છે. જે પોતાના જીવન નિર્વાહ માટે ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા હોય છે. રોબર્ટ ચેમ્બરના આ વિધાનને ડૉ. ડી.સી. પંતે "ભારતનો ગ્રામીણ વિકાસ" નામના પોતાના પુસ્તકમાં એસ. એન. શાહના વિધાનને ટાંકતા જણાવે છે કે ગ્રામીણ વિકાસ એક પદ્ધતિ છે, જેની અંદર સામૂહિક પ્રયાસો દ્વારા શહેરી વિસ્તારની બહાર રહેવાવાળા લોકોના કલ્યાણ અને વિચારોમાં સુધારો લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. ડૉ. પંત વિશ્વબેન્કના રિપોર્ટનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે, ગ્રામીણ વિકાસનો મૂળ અર્થ ગામડાની વસ્તીના નીચી આવકવાળા લોકોના જીવનધોરણમાં સુધારો કરવાનો છે. પૂજય મહાત્મા ગાંધીજીએ આપેલી વ્યાખ્યાને ડૉ. પંતે ભારતમાં ગ્રામીણ વિકાસમાં આ પ્રમાણે દર્શાવેલ છે તે મુજબ ગ્રામીણ વિકાસ એટલે ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબ અને અસહાય લોકોને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્તરથી ઊંચે લઈ જઈ, ગામડાને સ્વનિર્ભર લોકશાહી તંત્ર બનાવવાનો છે. આ વિધાન પરથી એવું પ્રતિપાદીત થાય છે કે ગામડાઓની આર્થિક સ્થિતિને સારી બનાવવાની સાથે સાથે એવી રૂઢિવાદીતા, પક્ષપાત

અને સંકુચિત વિચારધારાને સમાપ્ત કરી એને સ્વનિર્ભર બનાવવાનો છે. આમ ગ્રામીણ વિકાસના ખ્યાલ કે અર્થને સ્પષ્ટ કરવામાં તજજ્ઞ અને મહાન વિદ્વાનોએ જુદા જુદા મંતવ્યો દર્શાવ્યા છે. તેના પરથી કહી શકાય કે ગ્રામીણ વિકાસ એટલે ગ્રામપ્રજાના ગરીબ લોકોનો વિકાસ, ઉત્થાન, પ્રગતિ થાય અને સમાનતા તથા આત્મનિર્ભરતાની સ્થિતિનું નિર્માણ.

બીજી રીતે કહીએ તો ગ્રામીણ વિકાસનો અર્થ ગ્રામીણ વિસ્તારોમાં રહેતા ગરીબ લોકોના જીવનધોરણમાં સુધારો કરી અને આર્થિક વિકાસના પ્રવાહમાં અગ્રેસર કરવાનો છે. જેના માટે એની મૂળભૂત જરૂરિયાતોને પુરી કરવાની સાથે સાથે તેને મોટા પ્રમાણમાં સામાજિક ઉપયોગપૂર્ણ સગવડતાઓ આપવી પડશે. આમ ગ્રામીણ વિકાસનો અર્થ કે વ્યાખ્યા સંબંધી વિવિધ વિદ્વાનોના મંતવ્યો જણાવ્યા બાદ વ્યાખ્યામાંથી ફલિત થતા લક્ષણો કે તારણોને રજૂ કરવામાં આવેલ છે.

## ✰ *ગ્રામીણ અર્થતંત્રના લક્ષણો :*

જુદા જુદા વિદ્વાનોની વ્યાખ્યા કે અર્થના અભ્યાસ બાદ ગ્રામીણ વિકાસના નીચે પ્રમાણેના લક્ષણો જોવા મળે છે.

### (૧) કૃષિનું પ્રાધાન્ય :

સામાન્ય રીતે ગ્રામીણ ક્ષેત્રમાં કૃષિક્ષેત્રનું પ્રાધાન્ય જોવા મળે છે. અને બિનકૃષિક્ષેત્રનું પ્રમાણ ઘણું અલ્પ વિકસેલુ હોય છે. કૃષિક્ષેત્રનું અલ્પ યાંત્રિકરણ, વ્યાપારીકરણ કે આધુનિકરણ થયેલું હોય છે. શહેરીલોકો જેટલી જરૂરિયાતો ગ્રામીણ લોકોની હોતી નથી. આમ ગ્રામીણક્ષેત્રનું અર્થતંત્ર શહેરીક્ષેત્રના અર્થતંત્ર કરતાં સીધું સાદું અને સરળ હોય છે.

### (૨) બિનકૃષિ ક્ષેત્રનો અલ્પ વિકાસ :

ખેતીક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રોમાં બિનકૃષિક્ષેત્રનો અલ્પ પ્રમાણમાં વિકાસ કે નહીવત પ્રમાણમાં વિકાસ થયેલો જોવા મળે છે. ટુંકમાં બિનકૃષિક્ષેત્રનું બિલકુલ અસ્તિત્વ હોતુ નથી. ગ્રામીણ વિસ્તારોમાં આધુનિક ઉદ્યોગોના વિકાસની આડ પેદાશો જે પ્રદુષણમાં

પરિણમે છે તેનો અભાવ છે ગામડાઓમાં પ્રાકૃતિક સમતુલા સારા પ્રમાણમાં જોવા મળે છે એ ગ્રામીણ ક્ષેત્રનું આગવુ અંગ છે.

**(૩) માન્યતાઓ અને રિવાજો :**

ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામ્ય જીવન પર સ્વાભાવિકતા, પ્રકૃતિજન્ય સરળતા, પ્રવૃત્તિની સાદાઈ વગેરેને કારણે સામાજિક રીતરિવાજો, માન્યતાઓ, રૂઢિઓ, સામાજિક મૂલ્યો, સામાજિક બંધનો વગેરેનો પ્રભાવ ખૂબ વધારે જોવા મળે છે.

**(૪) અલ્પ શિક્ષણ :**

ગ્રામીણ ક્ષેત્રે કેળવણી કે શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે. શિક્ષણનો પ્રચાર કે પ્રસાર ગ્રામીણ ક્ષેત્રમાં અલ્પ થયેલો હોવાથી આધુનિકરણની પ્રક્રિયા ખૂબ ધીમી ગતિએ આગળ વધે છે. બીજી રીતે કહીએ તો પરિવર્તનની ગતિ ખૂબ જ ધીમી કે નહિવત્ પ્રમાણમાં જોવા મળે છે.

**(૫) વિશાળ જમીન :**

ગ્રામીણ વિસ્તારમાં વિશાળ પ્રમાણમાં જમીન જોવા મળે છે. એટલે કે વસ્તીના પ્રમાણમાં જમીનની ધનતા વધારે હોય છે. પરિણામે ગ્રામીણ લોકો વાહનવ્યવહાર અને જાહેર સુખાકારી જેવી સુગમતાઓ અનુભવે છે.

**(૬) વિવિધ સગવડો :**

ગ્રામીણ વિસ્તારમાં બેન્ક, વિમાબેન્ક, બજાર, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, પાણી, વીજળી, સિંચાઈ વગેરે જેવી સગવડો અને સુવિધાઓ ખૂબ ઓછા પ્રમાણ હોય છે. ભારતીય ગ્રામ્ય વિસ્તારમાં વિશાળ વસ્તીનું અને ગ્રામ્ય વિસ્તારનું વિશાળ પ્રમાણ હોવાને પરિણામે આવી પરિસ્થિતિનું સર્જન થયેલ છે. જેમ જેમ ગ્રામીણ વિકાસનો દર વધતો જાય છે. તેમ તેમ સગવડો અને સુવિધાઓમાં વધારો થતો જાય.

### (૭) ગ્રામીણ વિકાસની જરૂરિયાતો :

ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ ગ્રામીણ અર્થતંત્રમાં છે. અને વિકાસની ચાવીઓ તથા અર્થતંત્રની ક્ષમતાનો સ્ત્રોત ગ્રામીણ અર્થતંત્રમાં છે. ભારતની ૧૦૨.૭૦ કરોડની વસ્તીમાંથી ૭૨.૨૨ ટકા વસ્તી ગામડામાં રહે છે. ગ્રામીણ પ્રજાનું પ્રભુત્વ દેશની માનવ મૂડીમાં જોવા મળે છે. ભારતમાં આઝાદી બાદ આયોજનના સમયમાં જયારે ગ્રામીણ વિકાસની પ્રક્રિયા સક્રિય અને શરૂ થઈ, ત્યારે ભારતીય ગ્રામ્ય જીવનમાં અનેક કક્ષાએ સાનુકૂળ અસરો થવા લાગી. સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ ગ્રામીણ વિકાસના કાર્યક્રમોની રચનાત્મક ભૂમિકાને પરિણામે આપણા દેશમાં ગ્રામીણ વિકાસનું મહત્ત્વ વધી જાય છે. ગામડાઓમાં બેન્ક, વિમાબેન્ક, બજાર વગેરે સેવાઓનો વિકાસ થવાથી દેશના આર્થિક વિકાસમાં ગ્રામીણ લોકોની ભાગીદારી વધી જાય છે. ભારતીય અર્થતંત્રમાં ગ્રામીણ વિકાસનું મહત્ત્વ, અગત્યતા કે જરૂરિયાત નીચેની દષ્ટિએ આંકી શકાય તેમ છે.

### (૮) મૂડી સર્જન :

ગ્રામીણ વિકાસ થતા ગ્રામ્યક્ષેત્રે ખેત ઉત્પાદન તેમજ બિનકૃષિ ક્ષેત્રે ઉત્પાદન વધશે. પરિણામે રોજગારી, આવક અને ઉત્પાદનમાં ગ્રામીણક્ષેત્રે વધારો થતા મૂડી સર્જનના દરમાં વધારો થાય છે. ટૂંકમાં ગ્રામીણ વિકાસ મૂડી સર્જનના દરમાં વધારો લાવી શકે છે. બચત કરવાની શકિત, ઈચ્છા અને વૃત્તિમાં વધારો થતાં મૂડીરોકાણ અને મૂડીસર્જનના દરમાં વધારો હાંસલ કરી શકાય છે.

### (૯) નિકાસમાં વધારો :

નવા નવા આર્થિક સુધારાઓના અને વૈશ્વિકરણ તથા ઉદારીકરણના લાભો લેવા માટે નિકાસોમાં નોંધપાત્ર વધારો કરવો પડશે. પ્રાચીન સમયમાં ગ્રામીણ પેદાશોની દુનિયાભરમાં બોલબાલા હતી આવી પરિસ્થિતિનું સર્જન આજે ફરી વખત કરી શકાય તેમ છે. પરંતુ તે ગ્રામીણ વિકાસથી શકય થઈ શકે તેમ છે ગ્રામીણ કારીગરો, ખેતમજૂરો અને ખેડૂતોને ગ્રામીણ વિકાસની સુવિધાઓ અને સગવડો મળતા ઉત્પાદનમાં અને

રોજગારીમાં વધારો થાય છે આથી કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થતા નિકાસ વધે છે.

**(૧૦) ગ્રામ સ્વરાજ્ય :**

ગાંધીજીએ ગ્રામીણ વ્યવસ્થા અને ગ્રામ સ્વરાજની કલ્પના કરી હતી તે ગ્રામીણ વિકાસ દ્વારા આજે શકય બનેલ છે. કારણ કે ગ્રામીણ વિકાસ થતા કૃષિ ઉત્પાદન વધતા અને રોજગારી મળતા તથા સેવાઓનું સર્જન થતા સમગ્ર ગ્રામીણ સમાજનો વિકાસ શકય બને છે. આદર્શ સ્વાવલંબી અને સ્વાયત ગ્રામીણ વ્યવસ્થા દ્વારા સાચા અર્થમાં ગ્રામ સ્વરાજ્યનું સ્વપ્ન સિદ્ધ થઈ શકે છે.

**(૧૧) ગ્રામીણ આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા :**

દેશમાં વિકાસની ગતિ ઝડપી બનાવવી હોય તો રાષ્ટ્રનું આંતરમાળખું વિકસિત હોવુ જોઈએ જો આંતર માળખાનો સંપૂર્ણ વિકાસ થયો ન હોય તો દેશ સમૃદ્ધિ અને વિકાસમાં સફળતા પ્રાપ્ત કરી શકે નહીં શિક્ષણ રસ્તાઓ અને વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, તબીબી સુવિધાઓ, આરોગ્ય સુવિધાઓ, વનિકરણ અને સંરક્ષણ સુવિધાઓ, પાણી સંગ્રહ અને સિંચાઈની સુવિધાઓ, ગ્રામીણ બેન્કો વગેરેને આંતર માળખાકીય સુવિધાઓ તરીકે ઓળખવામાં આવે છે. ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપવાથી દેશમાં ગ્રામીણ ક્ષેત્રમાં આંતરમાળખાનો વિકાસ શકય બને છે. આ આંતરમાળખું વિકસિત હોય તો દેશમાં રોજગારીની તકો ઊભી થાય છે, બેકારોમાં ઘટાડો થાય છે, દેશમાં આર્થિક સમાનતા પ્રાપ્ત થાય છે, પ્રાદેશિક અસમાનતા પણ ઘટે છે. ખેતીક્ષેત્ર અને ઉદ્યોગક્ષેત્રના વિકાસનો આધાર આ આંતરમાળખા પર રહેલો છે. તેથી તેનો વિકાસ શકય બને છે. ટૂંકમાં સમગ્ર ક્ષેત્રનો વિકાસ થાય છે અંતે ગ્રામીણ વિકાસની આંતર, માળખાની સુવિધાઓ વધતા ખેતી, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રમાં ઉત્પાદન અને વિકાસ ઝડપી બનતા દેશની આર્થિક આવક વધે છે. રોજગારી વધે છે. ગરીબી અને બેકારી ઘટે છે તે દષ્ટિએ તેનું મહત્ત્વ રહેલું છે.

### (૧૨) આરોગ્ય :

આઝાદીના ૫૩ વર્ષો પછી પણ ગામડાના લોકોની આરોગ્ય જેવી ન્યૂનતમ જરૂરિયાતો આપણે આપી શકયા નથી આ બાબત ગાંધીજીના ગ્રામીણ વિકાસના અમલથી લોકોની ન્યૂનતમ જરૂરિયાતો સંતોષાતી રહે તે બાબત આ અભ્યાસમાંથી સ્પષ્ટ રીતે ઉપસી આવે છે ગ્રામીણ ક્ષેત્રમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઓરડાનું બાંધકામ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સહાય આપવાથી સ્વાસ્થ્યની સુવિધાઓમાં વધારો થશે. આથી લોકોની પ્રાથમિક જરૂરિયાતો મળી રહેતા તેનું જીવનધોરણ ઊંચુ આવશે તે દષ્ટિએ ગ્રામીણ વિકાસનું મહત્ત્વ રહેલું છે.

### (૧૩) સામાજિક માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ :

ભારતીય સમાજનું ગ્રામીણ સામાજિક માળખું તપાસતા ખ્યાલ આવે છે કે સમાજમાં વહેમો, અંધશ્રદ્ધા, રૂઢિઓ, પ્રગતિ વિરોધી રિવાજો, અસ્પૃશ્યતા વગેરેથી ભારતીય સમાજ જકડાયેલો છે. જ્ઞાતિપ્રથા, સંયુકત કુટુંબ પ્રથા, ધાર્મિક માન્યતાઓ, અલ્પ શિક્ષણ, પુરુષાર્થને બદલે પ્રારબ્ધને વિશેષ મહત્ત્વ, ભૌતિકવાદને આધ્યાત્મવાદનો પ્રભાવ વગેરેના પરિણામે ગ્રામીણ વિકાસ રૂંધાયો છે. ગ્રામીણ વિકાસ દ્વારા સામાજિક માળખાને અનુકૂળ બનાવવામાં આવે તો સામાજિક માન્યતાઓ અને અંધશ્રદ્ધામાં ઘટાડો થશે. લોકો નવું સ્વીકારશે, પરીશ્રમ, પહેલવૃત્તિ, સાહસવૃત્તિ વગેરેમાં વધારો થાય તે મહત્ત્વનું છે.

## ✰ *ગ્રામીણ વિકાસના ઉદ્દેશો :*

(૧) ગ્રામીણક્ષેત્રમાં ખેતી અને ઉદ્યોગ બંનેની ઉત્પાદકતા વધારવાની સાથે–સાથે તેનો ઉદ્દેશ કુલ ઉત્પાદનમાં વધારો કરવાનો રહેલો છે.

(૨) ગ્રામીણ વિકાસનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર ગ્રામીણ લોકો માટે રોજગારીની તકોનું સર્જન કરવાનો છે.

(૩) દેશના આર્થિક વિકાસમાં ગ્રામ્ય લોકોની ભાગીદારી વધારવી.

(૪) સ્વાર્થવિહીન નેતૃત્વને પ્રોત્સાહન પૂરું પાડવું.

(૫) ગામડાઓને સ્વાયત તથા આત્મનિર્ભર બનાવવા.

(૬) ગામડાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓ સગવડો વધારવી.

(૭) જમીન, પાણી, જંગલો, ખનીજ સંપત્તિ, હવા જેવી કુદરતી સાધન સંપત્તિનું રક્ષણ કરવું અને તેની સાથે સાથે માનવ અને પ્રકૃતિની વચ્ચે સમતુલા જળવાય રહે તેની તકેદારી રાખવી.

(૮) પર્યાવરણ વિકાસ, સામાજિક, સાંસ્કૃતિક, વિકાસ સંદેશાવ્યવહારનો વિકાસ, વાહન વ્યવહારનો વિકાસ, સ્થળાંતરને રોકવું, જીવનધોરણ ઊંચુ લાવવુ વગેરે ગ્રામીણ વિકાસના ઉદ્દેશો રહેલા છે.

## ✰ *ગ્રામીણ વિકાસનું મોડલ :*

ગ્રામ વિકાસ એ દેશના વિકાસના પાયાની શરત છે આ વાસ્તવિકતા હોવા છતાં આઝાદીના ૫૩ વર્ષ બાદ પણ ગ્રામ વિકાસને વેગ આપી શકયા નથી હવે આપણે ૨૧મી સદીમાં પ્રવેશ કરી ચૂકયા છીએ ત્યારે વસ્તીનો મોટોભાગ વિકાસથી વંચિત રહ્યો છે તે કમનસીબ બાબત છે. પરંતુ નવા મિલેનિયમ વર્ષમાં ગ્રામ વિકાસના નવીન મોડેલનો અભ્યાસ કરી આપણા દેશને કયો મોડેલ અનુકૂળ છે અને પરિણામ આવી શકે તેમ છે તે મોડલને અમલમાં મૂકવો જોઈએ અને જરૂરી નાણાંકીય ફાળવણી કરવી જોઈએ. આ સંદર્ભમાં નવા પ્રવાહો સાથે ગ્રામ વિકાસને હું આ રીતે મૂલવું છું જે આ પ્રમાણે છે.

(૧) ગ્રામ વિકાસએ સતત ચાલતી પ્રક્રિયા છે તે દ્વારા આર્થિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક બાબતોનો ગુણાત્મક વિકાસ કરી ગ્રામીણ વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધાઓમાં વધારો કરવામાં આવે અને આવતી પ્રક્રિયા સતત પરિવર્તન પામતી રહે છે આવા વિકાસને ગ્રામીણ વિકાસ કહી શકાય.

(૨) ગ્રામીણ વિકાસ એટલે ગ્રામ્ય લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવું. પાયાની જરૂરિયાતોને મજબુત કરી કાર્યરત કરવી. કૃષિ પશુપાલન અને ખાદી ગ્રામ ઉદ્યોગોની પ્રવૃત્તિને વેગ આપવો અને આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો કરવો. આ રીતે સમસ્યાના નિરાકરણ દ્વારા સતત પરિવર્તન લાવતા રહેવું.

## ૧.૪ ગ્રામીણ વિકાસનું મહત્ત્વ :

ભારતીય અર્થતંત્રમાં ગ્રામીણક્ષેત્ર અનેક રીતે મહત્ત્વ ધરાવે છે. આ દષ્ટિએ ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ કરવો અનિવાર્ય બની રહે છે. ભારતની સમગ્ર સભ્યતા ગામડામાં રહે છે, એટલે જ વિકાસની પૂર્વશરત ગ્રામીણ વિકાસ હોવો જોઈએ. આમ હોવા છતાં ગ્રામીણ વિકાસ પ્રત્યે જેટલું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેટલું ધ્યાન આપી શકાયું નથી, હવે આર્થિક સુધારણાની નીતિ તાજેતરમાં ૧૯૯૧ પછી સ્વીકારવામાં આવી છે. વૈશ્વિકરણની પ્રક્રિયામાં આધુનિકરણના પરિણામોના લાભો મેળવવાનું અભિપ્રેત છે. આ નીતિ અંતર્ગત ગ્રામીણ ક્ષેત્ર આ દષ્ટિએ સક્ષમ બન્યુ છે કે નહીં તે બાબત પરથી આ પ્રક્રિયામાં તે ક્ષેત્ર સહભાગી બની શકે તેમ છે કે નહીં તે સ્પષ્ટ કરી શકાય. આ અંગે પ્રવર્તમાન ગ્રામ સમાજની અર્થ વ્યવસ્થાની ક્ષમતા સંબંધી મર્થકના વિચારો જાણવા જરૂરી છે તેના મત મુજબ "આજે ગામડાના લોકો અનેક યાતનાઓથી પીડાઈ રહ્યા છે. જેમ કે ગરીબી, બેકારી, નબળુ આરોગ્ય, વરસાદ આધારિત ખેતી, પીવાના ચોખ્ખા પાણીની મુશ્કેલી વગેરે આ બધી સમસ્યાઓનો હલ ગ્રામીણ વિકાસ દ્વારા લાવી શકાય." જો ગ્રામ્ય સમાજ અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યું હોય તો વૈશ્વિકરણની નીતિમાં તે સહભાગી બનવા સક્ષમ કઈ રીતે હોઈ શકે ? સ્વભાવિક રીતે જ તે ક્ષેત્રના વિકાસ પર યોગ્ય ધ્યાન આપવું જોઈએ તેમ આ બાબત પરથી ફલિત થાય છે. આ તબકકે ગ્રામીણ વિકાસ પ્રત્યે અલક્ષ્ય સેવવું યોગ્ય નથી.

આઝાદીના છ દાયકાઓ પછી ઔદ્યોગિક ક્ષેત્રે અસરકારક પ્રગતિ થઈ છે. ઉદ્યોગોના ઘણા ક્ષેત્રો વૈશ્વિકરણની પ્રક્રિયામાં સરળતાપૂર્વક અનુકૂલન સાધી શકે તેમ છે. તેથી તેની સક્ષમ કક્ષાને કારણે તે ક્ષેત્ર આ પ્રક્રિયામાં સહભાગી બની શકે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. પરંતુ આ સમયગાળા દરમિયાન ગામડામાં રહેલી પ્રજાના જીવન ધોરણમાં કોઈ નોંધપાત્ર સુધારો કે આધુનિકરણની દિશામાં પ્રગતિ થઈ શકી નથી. આપણી વિકાસયાત્રાનો મુખ્ય ઉદ્દેશ તો ગરીબીને નાબૂદ કરવાનો છે. આ ગરીબીનું મૂળ ગ્રામ્ય વિસ્તારોના સમાજમાં જોવા મળે છે. તેમજ તેનું પ્રમાણ પણ ઘણું વ્યાપક જોવા મળે છે. આથી ગ્રામીણ વિકાસ પર લક્ષ આપવાનું ખાસ જરૂરી છે. જેથી આ સમસ્યા હલ થઈ

શકે અને ગ્રામીણક્ષેત્રે સક્ષમ બની શકે. ગ્રામીણ વિકાસ આપણા વર્તમાન અર્થનીતિની આધાર શીલા બને તે બાબત ઘણી આવશ્યક છે. કેમ કે "વ્યાપક અર્થમાં ગામડાનો વિકાસ જ ઔદ્યોગિક કે ખેતી વિષયક, શહેરી કે ગ્રામીણ સઘળા આર્થિક વિકાસ માટે ચાવી રૂપ છે."

## ૧.૫ ગ્રામીણ વિકાસની વ્યૂહરચના :

ગ્રામીણ વિકાસનું મહત્ત્વ આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન સ્વીકારવા પર આજે લગભગ સર્વ સંમતિ જોવા મળે છે. આ અંગે હવે ભાગ્યે જ વિવાદ રહેવા પામ્યો છે. આ દષ્ટિએ ગ્રામીણ વિકાસ એ આર્થિક વિકાસમાં યોગદાન આપે તે જરૂરી છે પરંતુ તે માટે આ ક્ષેત્ર સક્ષમ હોય તે આવશ્યક ગણી શકાય. આ ક્ષેત્રમાં વિકાસનું મહત્ત્વ સ્વીકાર્ય પછી મૂળભૂત પ્રશ્ન એ છે કે આવી વ્યૂહરચના માટે કયા પ્રકારનો અભિગમ કે નીતિ અપનાવવી યોગ્ય ગણાય. ભારતની અર્થનીતિ માટે બે વૈકલ્પિક અભિગમોનો અવકાશ જણાય છે કે જેમાં એક વિચારસરણી મુખ્યત્વે ગાંધીવાદી અભિગમ તરીકે વિશેષ પ્રચલિત છે, જયારે બીજી વિચારસરણી મુજબ સરકારી અભિગમ આવી વ્યૂહરચના માટે કાર્યરત રહેલ જોવા મળે છે. આ બંને અભિગમોમાં જે તાત્ત્વિક વિચારો કે તત્ત્વદર્શન રહેલ છે તેનો સંક્ષેપમાં નીચે મુજબ ઉલ્લેખ કરી શકાય.

## ૧.૬ ગ્રામીણ વિકાસ માટેના અભિગમો :

### *(૧) ગાંધીવાદી અભિગમ :*

પૂજય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના મત અનુસાર ભારત ગામડામાં વસે છે તેથી ગામડાઓનો આર્થિક વિકાસ કરવાથી રાષ્ટ્રનો વિકાસ થઈ શકે તેવો દઢ મત તેઓશ્રીએ વ્યકત કરેલો છે. જે બાબત સર્વવિદિત છે. આ મંતવ્ય મુજબ "જયાં સુધી ગામડાઓ વિકાસ અને સત્તાના સ્ત્રોતો નહીં બને ત્યાં સુધી ભારતની પ્રગતિ માત્ર સીમાવર્તી કે દેખાવ માટેની બની રહેશે." ગાંધીવિચારના પ્રખર હિમાયતી તથા સંનિષ્ટ ગાંધીવાદી વિચારક, સહકારી કાર્યકર શ્રી દેવેન્દ્ર દેસાઈ આ સંદર્ભમાં ગાંધીજીના ગામડા અંગેના

વિચારોને ગાંધીજીના શબ્દોમાં વ્યકત કરતાં જણાવે છે કે "મારુ સ્વપ્ન સાચું પડે અને સાત લાખ ગામડામાંનું એક એક ગામડું એવું સુંદર જીવનવાળું પ્રજાતંત્ર બની જાય જેમાં કોઈ નિરક્ષર ન હોય જેમાં કોઈ કામના અભાવે બેકાર ન રહે જેમાં દરેક વ્યકિત કંઈક ઉપયોગી વ્યવસાયમાં રોકાયેલ હોય. જેમાં દરેક વ્યકિતને પૌષ્ટિક આહાર, સારી દવા, ઉજાસવાળુ રહેઠાણ અને શરીર ઢાંકવા પૂરતા વસ્ત્રો મળી રહે અને જેમાં સૌ ગ્રામીણ વસ્તીઓ શહેરની અને ગામડાની સ્વચ્છતાના નિયમો જાણતા અને પાળતા હોય." આમ ગાંધીજીએ કલ્પેલી અર્થવ્યવસ્થામાં ગામડું કેન્દ્ર સ્થાને હતું. વિકાસની વ્યૂહરચના સંબંધી પૂજય ગાંધીજીએ કેટલાંક આર્થિક વિચારો રજૂ કરેલા છે. જેના વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા યંત્રની મર્યાદા, સાધન શુદ્ધિ, ગૌસેવા, દારૂબંધી, કેળવણી, જાતમહેનત, સ્વદેશી ભાવના, સાદું જીવન, ઉચ્ચ વિચારો, આર્થિક સમાનતા, પૂર્ણ રોજગારી, સ્વાલબંન, ઉદ્યોગવાદ, ખાદી ગ્રામઉદ્યોગ વગેરે પાસાઓનો સમાવેશ કરેલ છે. ગાંધીજીના આર્થિક વિચારોને ભારતમાં વિકાસલક્ષી વ્યૂહરચનામાં યોગ્ય સ્થાન મળે તેવી એક સર્વ સામાન્ય આમઆદમીની અંતરની ભાવના રહેલી છે. ગાંધીજીના આ સઘળા આર્થિક વિચારોમાંથી સાદુ જીવન, આર્થિક સ્વાલંબન સમાનતા અને વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા વગેરે બાબતો ગ્રામીણ વિકાસની વ્યૂહરચનાના આધારસ્તંભો ગણવામાં આવ્યા છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ પૂજય ગાંધીજીના આર્થિક વિચારોને ખૂબ જ આવકાર મળેલ છે અને આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકો રિચાર્ડ બીગ્રેગ અને શુભાકર જેવા અર્થનીતિઓ વગેરેએ આવા વિચારોનો ખૂબજ સારો પ્રતિભાવ આપેલો છે. ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાનશ્રી ચરણસિંઘ ચૌધરીએ પોતાના પુસ્તક "ઈન્ડિયન ઈકોનોમિક પોલીસી" એ ગાંધીયન બ્લ્યુ પ્રિન્ટમાં પણ આર્થિક વિકેન્દ્રિકરણની નીતિની પ્રખર હિમાયત કરેલી છે. વિવિધ અનુમોદનોનો ઉલ્લેખ કરતાં શ્રી શૈલેષ પટેલ ગાંધીજીના શબ્દોમાં જણાવે છે કે "શહેરો તો શરીર ઉપરના ગૂમડા જેવા છે. જે ગામડાને પીડે છે. તથા ચૂસે છે, અને ગ્રામવાસીઓને તેમની તરફ ખેંચી ગામડાઓનું સત્ય ખતમ કરે છે. શહેરના લોકો ગામડા ઉપર જ જાહોજલાલી ભોગવે છે." આ રીતે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા એ ગાંધીજીની અર્થનીતિનો પાયો છે ગ્રામ ઉદ્યોગ પર આધારિત ગામડું સ્વાવલંબન પ્રાપ્ત કરી શકે તેવી

નીતિ છે. આ દષ્ટિએ પૂજય ગાંધીજીના અભિગમમાં આર્થિક વિકાસ બને તો જ દેશમાં સાચી દિશામાં વિકાસની પ્રક્રિયા હાંસલ થશે તેવો મત આ અભિગમ અંતગર્ત રહેલો છે.

## *(૨) આઝાદી બાદ સરકારનો અભિગમ :*

આઝાદી પછી આયોજન દરમિયાન ગ્રામીણ વિકાસ સંબંધો અપનાવેલ અભિગમમાં કાર્યક્રમો દ્વારા ગરીબ પછાત લોકોના આર્થિક ઉત્થાન કરવા પ્રત્યે લક્ષ આપવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. ૧૯૭૫માં કટોકટી નાખ્યા બાદ વડાપ્રધાન શ્રીમતી ગાંધીએ ૨૦ મુદ્દાનો કાર્યક્રમ જાહેર કરી ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપવા ધ્યાન કેન્દ્રિત કર્યું. ૧૯૮૨માં આ કાર્યક્રમમાં થોડા ફેરફાર કરવામાં આવ્યા. ત્યાર બાદ સ્વ. રાજીવગાંધીએ ૧૯૮૬માં આ કાર્યક્રમના કેટલાંક મુદ્દાઓમાં ફેરફાર જાહેર કર્યા. આ ફેરફારમાં મુખ્યત્વે પછાત વર્ગના લોકોને ન્યાય મળે તે હેતુથી કેટલાંક મુદ્દાઓને સમાવિષ્ટ કરવામાં આવ્યા. ૧૯૫૧ બાદ આયોજનકાળ દરમિયાન ગ્રામીણ વિકાસ અંતર્ગત આશરે ૪૫ જેટલી વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે. ગ્રામીણ વિકાસમાં આયોજન અને કાર્યક્રમો મદદરૂપ બની રહ્યા છે. આ વ્યૂહરચનામાં સીધા કાર્યક્રમો પર ધ્યાન અપાયું હોવા છતાં ધનવાન વધુ ધનવાન અને ગરીબ વધુ ગરીબ બને તેવા સંજોગોનું આ વ્યૂહરચના અંતર્ગત નિર્માણ થયું છે. આ વ્યૂહરચનામાં માત્ર કાર્યક્રમોની છેતરામણી જાહેરાત તથા ભ્રષ્ટાચાર યુકત વહીવટ દ્વારા આવા કાર્યક્રમોનો ગ્રામ્યક્ષેત્રે અમલ થવાને લીધે કોઈ નક્કર પરિણામ લાવવાનું શકય બન્યું નહિ. કેમ કે આ યોજનામાં મુખ્ય લક્ષ ઝડપી ઔદ્યોગિકરણ રહ્યું છે. આ અભિગમ મુજબ આયોજનાના લાંબાગાળે ગ્રામ્ય સમાજમાં લોકોનું આર્થિક ઉત્થાન થવા પામે. વાસ્તવમાં એવું બનવા અંગે કોઈ સંકેત ન જણાતા છેક ૧૯૮૨ પછી આ વ્યૂહરચના સીધા કાર્યક્રમોવાળી બનાવવા પ્રત્યે ધ્યાન અપાયું.

ગાંધીજીએ પોતાના અભિગમમાં મુખ્યત્વે ગ્રામ સમાજમાં સમાનતા વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા ગ્રામ્ય સ્વાવલંબન વગેરે બાબતોને લક્ષમાં રાખેલ. જયારે આજની નીતિમાં આ બાબતોને નેપથ્યમાં રાખી દેવામાં આવેલ છે. ગાંધીજીના મત મુજબ આપણી

વ્યવસ્થામાં માનવ કેન્દ્રમાં હોવો જોઈએ એટલે જ તેઓ શોષણયુકત સમાજરચના, સ્વાવલંબન તથા વિકેન્દ્રિત અર્થવ્યસ્થાનું સર્જન કરવા ઈચ્છતા હતા." પરંતુ આ સંભવ બની ન શકયું. આપણી આર્થિક વિષમતાનું ચિત્ર જોતા કહી શકાય કે લગભગ ૫૦ ટકા વસ્તીની આવક ૫ ટકા સુવિધા સંપન્ન વસ્તી સમાન છે. કુલ રાષ્ટ્રીય સંપત્તિની ૫૦ ટકા માલિકી માત્ર ૧૦ ટકા અમીર વર્ગ પાસે રહેલી જણાય છે. જયારે સૌથી ગરીબ એવા ૧૦ ટકા લોકો પાસે માત્ર ૭.૧ ટકા રાષ્ટ્રીય સંપત્તિનો હિસ્સો રહેલો છે. આ પરથી કહી શકાય કે ગરીબી વર્ગ વધુ ગરીબ બન્યો છે અને ધનીક વર્ગ વધુ ધનીક બન્યો છે. આજે વૈશ્વિકરણની વિચારધારા સ્વીકારવા પર ઝડપથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. જયારે બીજી બાજુ ગરીબોની સમસ્યા ગંભીર બનતી જોવા મળે છે અને ગ્રામ્ય સમાજમાં આધુનિકરણ ઝડપી વિકાસના પ્રયાસો દ્વારા એ સમાજને સક્ષમ બનાવવા સિવાય આ નીતિ અમલી બનાવવાથી ગ્રામસમાજ પર કેવા પરિણામો આવવા સંભવ છે, તે ઘણી ચિંતાનો વિષય છે. પૂજય ગાંધીજીના ગ્રામ્ય વિકાસ અંગેના ખ્યાલમાં અભિપ્રેત મુખ્ય બાબતો આર્થિક સમાનતા, સ્વાલંબન અને વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા અંતર્ગત ગ્રામ્ય ઉદ્યોગો પર મુખ્ય ભાર વગેરે પ્રત્યે ઉપેક્ષા સેવાઈ રહી હોઈ આ સમાજની સ્થિતિ વધુ દયાજનક બનવાની સંભાવના નકારી ન શકાય. આમ ૧૯૯૧ પછી વૈશ્વિકરણ તરફ જવા માટેની નીતિના અનેકવિધ માઠા પરિણામો ગ્રામ્ય સમાજ પર પડવાના અણસાર મળે છે. ગ્રામીણ અર્થવ્યવસ્થાને પૂર્ણ સમયની નીતિ તરીકે પ્રાધાન્ય અપાય અને જો આધુનિકરણનો પણ સંપૂર્ણ અમલ તરફ લક્ષ અપાય તો બન્નેના સમાધાનકારી પ્રયત્નો દ્વારા ગ્રામીણ સમાજનું નવ નિર્માણ થશે જે વૈશ્વિકરણમાંથી ઊભી થનાર સંભવિત માઠી અસરોથી ગ્રામીણ સમાજને સુરક્ષિત રાખવામાં ઉપયોગી ફાળો આપી શકે. પૂજય મહાત્મા ગાંધીજીના મત અનુસાર "સાચું ભારત ગામડાઓમાં વસે છે. જો ગામડાઓની કાયાપલટ થઈ જાય તો સમગ્ર રાષ્ટ્રનો વિકાસ સંભવી શકે. "ગાંધીજીની આ ભાવના કે આર્થિક વિચારસરણીનો આયોજનના પંચાવન વર્ષ બાદ મૂર્તિમંત કરી શકયા નથી. ગામડાઓના વિકાસ પ્રત્યે ઉપરછલ્લું ધ્યાન આપીને અને સર્વાંગી ગ્રામીણ વિકાસની નીતિની ઉપેક્ષા કરીને થનાર

આર્થિક વિકાસ એક પક્ષિય બનવા પામે તે સ્વાભાવિક ઘટના ગણાય. આજે આટલા વર્ષોને અંતે આ નીતિ નિર્માણ થઈ છે.

## ૧.૭ આયોજનના સમયગાળા દરમિયાન ગ્રામીણ વિકાસ :

૧૯૫૧માં આયોજિત આર્થિક વિકાસના પ્રયાસો હાથ ધર્યા બાદ નવમી યોજના પૂર્ણ થઈ ચૂકી છે. ત્યારે દશમી યોજનાનો તબકકો ચાલુ છે. કેમ કે આ અંગે સવિસ્તર ચર્ચાઓ થઈ રહી છે. આમ ૫૫ વર્ષના આયોજિત આર્થિક વિકાસનો પથ કપાયો છે. આ આયોજન કાળ દરમિયાન ૧૯૫૧ થી ૧૯૯૭ સુધીમાં જાહેરક્ષેત્રે રૂા. ૯૪૨૬૧૧ કરોડનો ખર્ચ કરી ૪૫ વર્ષના ગાળામાં કદાચ ઔદ્યોગિકરણની દિશામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરવાનો મુખ્ય લાભ એકતરફી શહેરી વિસ્તારને મળવા પામ્યો છે. જયારે બીજી બાજુ ગ્રામીણ સમાજની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે આ લાભ પૂરતા પ્રમાણમાં પહોંચવાનો અણસાર પ્રાપ્ત થતો નથી. પ્રગતિ સંબંધી વિવિધ આંકડાકીય વિગતોનો આધાર લઈ ગ્રામીણ સમાજ પ્રત્યે અપાયેલ ઓછા લક્ષ બાબતનો સ્પષ્ટ નિર્દેશ મર્થકના વિધાનમાંથી પ્રાપ્ત થાય છે. તેના મંતવ્ય અનુસાર "આઝાદીના ૫૫ વર્ષો બાદ અને આયોજનના ૫૦ વર્ષો પછી પણ આજે દેશના ૧ લાખથી વધારે ગામડાઓમાં પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી. ૧ લાખ ગામડામાં પ્રાથમિક શાળાઓના ઓરડા અથવા શિક્ષકો નથી. ૪૦ ટકા ગામડોમાં જવા માટે પાકા રસ્તા નથી. ૯૦ ટકા ઘરમાં શૌચાલય ન હોય, વીજળી વિના ગામડાઓ ટળવતા હોય, કથળેલું આરોગ્ય હોય, નિમ્ન આર્થિક જીવન ખેત–મજૂરી કે નાના એવા વ્યવસાયો જેની આવક રૂા. ૨૦૦૦ પણ ન હોય આવા અનેક નાના–મોટા દૂષણો આપણી સામે છે. કેન્દ્ર સરકારની નવ પંચવર્ષીય યોજનાઓ અને રાજ્ય સરકારની યોજનાઓ અમલીકરણમાં હોવા છતાં આજે આપણાં ગામડાઓની સ્થિતિ દયાજનક છે. જે આપણા વહીવટની કમનસીબી કહેવાય છે." આગળ વસ્તી ગણતરી પર આધારિત વિગતોને ધ્યાનમાં લઈ આયોજન કાળ દરમિયાન ગ્રામીણ સમાજમાં જીવન નિર્વાહ કરતી વસ્તી માટે નાણાંકીય ખર્ચની ફાળવણી કરવામાં સરકારની આ ક્ષેત્ર પ્રત્યેની દષ્ટિનો ખ્યાલ આવી શકે છે. મોટા વિશાળ ક્ષેત્રના વિકાસ કાર્યો માટે

ફાળવવામાં આવતા મર્યાદિત ઘણા ઓછા પ્રમાણમાં નાણાંકીય સાધનો આ ક્ષેત્ર પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ સેવવાનો અહેસાસ કરાવે છે. વિવિધ યોજનાઓમાં કરેલ નાણાંકીય સાધનોની ફાળવણી સંબંધી યોજનાની મૂળ રૂપરેખા વાળા ગ્રંથોનો આશ્રય લઈ બે વિદ્વાનોના સંકલિત આંકડાઓ કોઠા નં. ૧.૪માં રજૂ કરવામાં આવેલ છે. આ આંકડાઓ પર દષ્ટિપાત કરવાથી ગ્રામીણ વિકાસ પ્રત્યે આયોજન નીતિમાં સાધન ફાળવણી બાબતમાં કેવું વલણ અપનાવાયું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

**કોઠા નં. ૧.૧**

**ગ્રામીણ વિકાસ માટે આયોજિત ખર્ચની ફાળવણી**

| વાર્ષિક યોજના | વર્ષ | કુલ ખર્ચ (કરોડ રૂા. માં) | કૃષિ અને આનુષંગિક પ્રવૃત્તિ કોમ્યુનીય ડેવલપમેન્ટ અને ગ્રામીણ વિકાસ (કરોડ રૂા.) | કુલ ખર્ચમાં ટકાવારી હિસ્સો (કરોડ રૂા.) |
|---|---|---|---|---|
| પહેલી | ૧૯૫૧-૫૬ | ૧૯૬૦ | ૨૯૦ | ૧૪.૮% |
| બીજી | ૧૯૫૬-૬૧ | ૪૬૭૨ | ૫૪૯ | ૧૧.૮% |
| ત્રીજી | ૧૯૬૧-૬૬ | ૮૫૭૭ | ૧૦૮૯ | ૧૨.૭% |
| ત્રણ વાર્ષિક | ૧૯૬૬-૬૯ | ૬૬૨૫ | ૧૧૦૭ | ૧૬.૭% |
| ચોથી | ૧૯૬૯-૭૪ | ૧૫૭૭૯ | ૨૩૨૦ | ૧૪.૭% |
| પાંચમી | ૧૯૧૭-૧૮ | ૪૦૦૯૭ | ૫૨૨૯ | ૧૩.૦% |
| વાર્ષિક | ૧૯૭૮-૮૦ | ૧૨૬૦૧ | ૧૧૨૫ | ૧૪.૪% |
| છઠ્ઠી | ૧૯૮૦-૮૫ | ૧૧૦૮૨૧ | ૧૪૩૪૯ | ૧૪.૭% |
| સાતમી | ૧૯૦૫-૯૦ | ૧૮૦૦૦૦ | ૨૨૪૫૩ | ૧૨.૫% |
| વાર્ષિક | ૧૯૯૦-૯૨ | ૧૨૭૩૭૯ | - | - |
| આઠમી | ૧૯૯૨-૯૭ | ૪૩૪૧૦૭ | ૫૬૮૯૩ | ૧૩.૧% |
| નવમી | ૧૯૯૭-૨૦૦૨ | ૪૫૨૧૦૨ | ૫૮૨૯૪ | ૧૩.૨% |
| દશમી | ૨૦૦૨-૨૦૦૭ | ૩૯૫૨૧૨ | ૪૮૭૮૯ | ૧૨.૮% |

**પ્રાપ્તિ સ્થાન :**

(૧) દિલીપ આર. શાહ ભારતીય ગ્રામ્ય અર્થતંત્ર વિકાસના પરિપ્રેક્ષ્યમાં યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ વર્ષ ૧૯૮૮ પાના. ૨૨૯. (૨) જીતેન્દ્ર સંઘવી આઠમી પંચવર્ષીય

યોજના પરિચય પુસ્તિકા પરિચય ટ્રસ્ટ, મુંબઈ. પાના નં. ૪. (૩) બી.ડી. પરમાર અને માડવીયા આઠમી પંચવર્ષીય યોજના સી. જમનાદાસ કંપની અમદાવાદ, પાના નં. ૬.

ઉપરોક્ત કોઠા નં. ૧.૧માં દર્શાવેલ વિગતોનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે યોજનાકાળ દરમિયાન કુલ ખર્ચ, ગ્રામીણ વિકાસ સંબંધી ખર્ચ તથા કુલ ખર્ચના સંદર્ભમાં આ ક્ષેત્ર પાછળ થયેલ ખર્ચના ટકાવારી પ્રમાણ અંગે વિગતવાર આંકડાઓ ઓળખવામાં આવેલા છે. પ્રથમ દષ્ટિએ જ જયારે નિરપેક્ષ રીતે જોઈએ તો યોજના કાળ દરમિયાન દરેક યોજનામાં અગાઉની યોજનાની તુલનાઓ ગ્રામીણ વિકાસ કાર્યક્રમો સંબંધી ખર્ચ ઝડપથી વધવા પામેલ છે. જેમ કે, પ્રથમ યોજનામાં આવક ખર્ચ રૂા. ૨૯૦ કરોડનું થયું હતું જે સતત વધતુ રહ્યું છે. દશમી યોજનાની ફાળવણીમાં આ રકમ અનેક ગણી વધીને ૪૮૭૭૯ કરોડ સુધી પહોંચવા પામી છે. આમ આ ક્ષેત્ર પર કરવામાં આવેલ ખર્ચમાં ધરખમ વૃદ્ધિ થવા જાય છે. આ દષ્ટિએ આ યોજનાઓમાં આ ક્ષેત્રે સાધનોમાંથી સારી એવી રકમ ઉપયોગ માટે મેળવતું ક્ષેત્ર છે તેમ પ્રથમ દષ્ટિએ જણાય છે. વાસ્તવમાં યોજના કાર્ય ખર્ચનું પ્રમાણ વધે ત્યારે એક રીતે ક્ષેત્રવાર નિરપેક્ષ ખર્ચ વધે તે સ્વાભાવિક છે પરંતુ માત્ર નિરપેક્ષ વૃદ્ધિ આ ક્ષેત્રને અપાયેલ મહત્ત્વનું દ્યોતક ન ગણી શકાય, અન્ય ક્ષેત્રોની તુલનાએ આ ક્ષેત્રને માટે હિસ્સો કેટલો રહ્યો છે. તે બાબત એટલે કે આ ક્ષેત્ર માટે થયેલ સાપેક્ષ ખર્ચની સ્થિતિ વાસ્તવિક સ્થિતિનો સાચો સંકેત આપી શકે છે. આ દષ્ટિએ આંકડાઓ જોતા કંઈક જુદું જ ચિત્ર હોવાનો અણસાર પ્રાપ્ત થાય છે. ત્રણ વાર્ષિક યોજનાના વર્ષો ૧૯૬૬ થી ૧૯૬૯ ના ગાળા માટેના ખર્ચને બાદ કરતાં તમામ યોજનાઓમાં ગ્રામીણ ક્ષેત્રના વિકાસ સંબંધી કરવામાં આવેલ ખર્ચનું પ્રમાણ નિરપેક્ષ રીતે ઊંચુ હોવા છતાં ટકાવારીની દષ્ટિએ માત્ર ૧૨ થી ૧૪ની વચ્ચે જ રહેવા પામ્યું છે. જે કુલ રાષ્ટ્રીય પેદાશ, રાષ્ટ્રીય આવક, વસ્તીનું પ્રમાણ, રોજગારીના ક્ષેત્રની દષ્ટિએ ગ્રામીણ પ્રાથમિક ક્ષેત્ર એક પ્રધાન ક્ષેત્ર તરીકે યોગદાન આપતું હોય તે ક્ષેત્રના વિકાસને પૂરતું મહત્ત્વ આપવાની, એ ક્ષેત્રની ઉપેક્ષા કરવાથી કદાચ ટાંચા સાધનો ઉદ્યોગીકરણ માટે ફાળવણી વગેરે બાબતને સમર્થન આપવામાં આવે તો પણ આ જાતિ ઘણી ભૂલભરેલ છે

કેમ કે સમતુલા સ્થાપિત કરવામાં આ નીતિ નિષ્ફળ સાબિત થાય છે જેના પરિણામે જયારે લાંબા સમયબાદ ખુલ્લા બજાર કે ઉદારીકરણ વૈશ્વિકરણના માર્ગે જવાના પ્રયાસો આરંભાય ત્યારે આ ઉપેક્ષિત ક્ષેત્ર આ નીતિ સાથે તાલ મિલાવી શકવા અસમર્થ રહેવાની પરિસ્થિતિનું સર્જન કરે છે. ટકાવારી ખર્ચ ઓછું થવા પામે તો તે અપૂરતા સાધનો દ્વારા ગ્રામીણ વિકાસ માટે અતિ મર્યાદિત અવકાશ સર્જાય તે બાબત સ્વયંસ્પષ્ટ બને છે. આઝાદીના સમય બાદ પંચાવન વર્ષોના આયોજિત પ્રયાસો છતાં ગ્રામીણ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારની ગંભીર સમસ્યાઓ દષ્ટિગોચર થાય છે, તે પરથી આજના સમાજની કપટી સ્થિતિનો સ્પષ્ટ નિર્દેશ થઈ શકે છે.

ગ્રામીણ વિકાસ પ્રત્યે અનેકવિધ કાર્યક્રમો ઘડતરની નીતિ દ્વારા ઠાવકું વર્તન કરવા માટેનો દાવો રજૂ કરી શકાય તેવી છેતરામણી નીતિ આપણા આયોજનકાળ દરમિયાન અપનાવવામાં આવી હોય તેવો સંકેત ઉપરના આંકડાઓમાંથી મળવા પામે છે. સ્વાભાવિક રીતે જ જયારે ગ્રામીણ વિકાસની વ્યૂહરચના અંતર્ગત આ ક્ષેત્રના ઝડપી વિકાસ માટે કયા કયા કાર્યક્રમો ઘડવામાં આવેલા છે. તથા તેનું અમલીકરણ કરવામાં આવેલ છે તે બાબત પ્રત્યે નજર કરતાં આવા કાર્યક્રમોની સૂચિ ઘણી લાંબી જોવા મળે છે. સરકાર ગ્રામીણ વિકાસની જરૂરિયાત અંગે સંપૂર્ણ સજાગ છે તથા આ ક્ષેત્ર પ્રત્યે ઓરમાયું વર્તન રાખવાનો ઈરાદો ઘરાવતી નથી તેમ ઠસાવવા માટેની આવી સૂચિ મોટી રાખવામાં આવી છે. આવી સૂચિમાં સુધારા–વધારા દ્વારા આ ક્ષેત્રની મૂલવણી કરી જ્યાં અવકાશ જણાય ત્યાં સુધારા કરવા અંગે દાવો કરી શકાય તેવો દેખાવ પણ થતો જોવા મળે છે. આ રીતે જોઈએ તો ગ્રામીણ વિકાસ માટેના કુલ નિરપેક્ષ ખર્ચ વધ્યો હોવા અંગેની સતત જાહેરાતો દ્વારા આ ક્ષેત્રના વિકાસ માટે આ યોજનાકાળ દરમિયાન જરા પણ કચાશ રાખવામાં આવી નથી તેમ પ્રતિપાદિત કરી શકાય તેમ છે. આ આંકડાઓ જયારે વાસ્તવિક રીતે સાપેક્ષ સ્વરૂપમાં જોવામાં આવે તો આ પ્રકારના દાવાની પોકળતા છતી થતી જોઈ શકાય છે. એટલું જ નહીં આ પ્રકારની છેતરામણી નીતિથી ગ્રામ સમાજને આકર્ષિત કરવાનો નકામો પ્રયાસ થવાના સંકેત પ્રાપ્ત થાય છે. ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી જે સૌરાષ્ટ્ર–કચ્છની મૂલાકાત વેળાએ ગામડા માટે ખર્ચના એક રૂપિયામાંથી

વાસ્તવિક સ્તરે માત્ર ૧૫ પૈસાનો ખર્ચ થતો હોવાની વાત સ્વીકારી બાકીના ૮૫ પૈસા કઈ જગ્યાએ પગ કરી જાય છે તે બાબત પ્રત્યે શંકા અને દુઃખ વ્યકત કરેલું. જો આ ખર્ચ નિરપેક્ષ રીતે વધતું હોય અને તેનાથી વાસ્તવમાં ગ્રામ્ય સમાજના વિવિધ કાર્યક્રમો અંતગર્ત ૧૫ ટકા જ ખર્ચ થતું હોય તો આ કાર્યક્રમોની સફળતા ધ્યેયો કરતાં કેટલી નીચી પ્રાપ્ત થઈ હોય તે અંગે હિસાબ માંડવાની જરૂરત રહેતી નથી. આ કાર્યક્રમોની અસરકારકતા વાસ્તવમાં લગભગ નહિવત્ થઈ જતી હોય તે બાબત સ્વયં સ્પષ્ટ છે. આ દષ્ટિથી માત્ર છેતરામણી નીતિ જ નહીં તેના અમલીકરણની બાબતમાં પણ જે વાસ્તવમાં સ્થિતિ જોઈ શકાય છે તે આ ક્ષેત્રની ઘોર અવગણના કરવામાં આવી હોય અને તેના પ્રત્યે તદ્દન ઓરમાયું વર્તન કરવામાં આવ્યું હોય તેનો સ્વતંત્ર સ્પષ્ટ એકરાર થવા અંગેના સ્પષ્ટ સંકેતો જોવા મળેલ છે.

ગ્રામીણ વિકાસ માટે સ્વતંત્ર ખર્ચ પાંચમી યોજના પછી થતા ગ્રામીણ ક્ષેત્રના ખર્ચમાં કૃષિ ક્ષેત્ર પરનું ખર્ચ મહત્ત્વનું ગણાતું હતું. અન્ય ગ્રામીણ કાર્યક્રમોની સ્વતંત્ર ફાળવણીની આકૃતિ સ્પષ્ટ થતી નહતી. પાંચમી યોજનાઓ દરમિયાન ગ્રામીણ વિકાસ એટલે કૃષિવિકાસ એવું અર્થઘટન કરવામાં આવતું હતુ પાંચમી યોજના પછી ગ્રામીણ વિકાસ એ કૃષિ વિકાસ કરતાં કંઈક વિશેષ છે, તેવો અભિગમ સ્વીકારવામાં આવ્યો. જેમાં સંકલિત ગ્રામીણ વિકાસ યોજનાતળે સ્વતંત્રપણે ગ્રામ્ય વિકાસના સ્વરૂપને જોવાનું શરૂ થયું. છઠ્ઠી યોજનાથી આ સ્વતંત્ર અભિગમ તળે ખર્ચનું પ્રમાણ જોવું પણ જરૂરી છે આ અંગેની વિગત કોઠા નં. ૧.૨માં દર્શાવવામાં આવ્યો છે.

*કોઠા નં. ૧.૨*

*ગ્રામીણ વિકાસ માટે થયેલ સ્વતંત્ર ખર્ચ*

| યોજના | જાહેર ક્ષેત્રનું કુલ મૂડીરોકાણ (કરોડ રૂ.) | ગ્રામીણ વિકાસ માટે ફાળવણી (કરોડ રૂ.) | ટકાવારી પ્રમાણે |
|---|---|---|---|
| છઠ્ઠી યોજના ૧૯૮૦–૮૫ | 97500 | 5663.73 | 5.5% |
| સાતમી યોજના ૧૯૮૫–૯૦ | 180000 | 8014.23 | 5.4% |
| આઠમી યોજના ૧૯૯૨–૯૭ | 434100 | 34425.36 | 7.93% |

**પ્રાપ્તિ સ્થાન :** ભારત સરકાર ડાયરેકટર ઓફ પબ્લિકેશન દિલ્હી છઠ્ઠી, સાતમી, નવમી અને દશમી યોજના વોલ્યુમ–૧.

ઉપરોકત કોઠા નં. ૧.૨માં દર્શાવેલ વિગત પરથી જોઈ શકાય છે કે ગ્રામીણ વિકાસ અંગે સ્વતંત્ર ફાળવણી એ ઘણી મોટી પ્રક્રિયા ગણી શકાય. આ પ્રકારની નીતિ ખરેખર પ્રથમ યોજનાથી જ સ્વીકારવાની જરૂરત હતી. એ દષ્ટિએ આ અભિગમ શરૂઆત થી જ સ્વીકાર્ય હોય તો કદાચ ગ્રામીણ વિકાસના સઘળા કાર્યક્રમોના સંકલન દ્વારા આ સમાજના લોકોના ઉત્થાન માટે મોટો અવકાશ સર્જવા પામ્યો હોત. આ ઘટના ગ્રામીણ સમાજ પ્રત્યે વાસ્તવમાં છઠ્ઠી યોજનાથી વર્તન બદલાવતી છાપ ઊભી થતી હોવાનો અણસાર આપે છે પાંચમી યોજના સુધી આવો અભિગમ ન સ્વીકારવાની નીતિ આ ક્ષેત્રના સર્વાંગીય વિકાસની ઉપેક્ષા, દુર્લક્ષ તેમજ ઓરમાયું વર્તન જોવા મળે છે જો આવો અભિગમ પૂજય ગાંધીજીના વિચારો પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રથમ યોજનાથી જ સ્વીકારવામાં આવ્યો હોય તો આજે વૈશ્વિકરણની નીતિ માટે ગ્રામીણ સમાજમાં પણ થોડું વધુ અનુકૂળ વાતાવરણ સર્જવા પામ્યુ હોત. આમ પાંચમી યોજના સુધી ઉપરછલ્લા પ્રયાસો કરી તે એક છલ ભર્યુ વર્તન ગ્રામીણ સમાજ પ્રત્યે કરવામાં આવ્યું હોય તેમ ઉપરની હકીકત પરથી જાણી શકાય છે. ગ્રામીણ વિકાસ ક્ષેત્રે મર્યાદિત પ્રગતિના સંજોગોમાંથી કેટલાંક વિકાસલક્ષી સામાજિક અને આર્થિક પ્રશ્નો અસ્તિત્વ ધરાવતા જોવા મળે છે. જેનો સંક્ષેપમાં ઉલ્લેખ કરવાથી આ વ્યૂહરચના પર આધારિત ગ્રામીણ વિકાસ

નીતિ અંગે વાસ્તવિક અભિગમ અપનાવવા તરફ વધુ સારી રીતે ધ્યાન આપી શકાશે. સામાન્ય રીતે ગ્રામ્ય સમાજના આજે અનેક પ્રશ્નો અસ્તિત્વ ધરાવે છે. તેના નિરાકરણ માટે જે કાર્યક્રમોનું ઘડતર કરવામાં આવેલ છે તેનો વિગતવાર ઉલ્લેખ કરવાનું વધુ ઉચિત ગણાશે. ગ્રામીણ વિકાસના પ્રયાસોમાંથી કેટલાંક આમ જનતા બધા વર્ગના લોકો માટેના કેટલાંક સર્વગ્રાહી કાર્યક્રમો હાથ ધરાયા છે. જયારે કેટલાંક વિશિષ્ટ વર્ગના પ્રશ્નોને લક્ષમાં રાખીને હાથ ધરવામાં આવેલા છે. આ પછીના મુદ્દામાં ગ્રામ સમાજના વિવિધ પ્રશ્નો અને સરકારે ગ્રામીણ વિકાસના કાર્યક્રમોનું જે ઘડતર કર્યું છે, તે સંબંધી ચર્ચા કરવામાં આવી છે.

## ૧.૮ ગ્રામીણ ક્ષેત્રના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ :

ગ્રામીણ સમાજના અનેકવિધ પ્રશ્નો જોવા મળે છે. આ પ્રશ્નોના કારણે ગ્રામીણ સમાજની ઉન્નતિ માટે અવરોધ ઊભો થતો જોવા મળે છે. આવા પ્રશ્નોના આપણે અત્રે વિકાસલક્ષી નીતિના અસરકારકતાના સંદર્ભમાં બે પ્રકારના મહત્ત્વના પ્રશ્નો પર અંગુલિ નિર્દેશ કરીશું. જેથી આવા પ્રશ્નોના નિરાકરણના હેતુસર વિકાસલક્ષી કાર્યક્રમોનું જે કંઈ ઘડતર કરવામાં આવ્યું છે તે અંગે વધુ જાણકારી મેળવી શકાય. ગ્રામીણ સમાજમાં મુખ્ય તો આર્થિક પ્રશ્નો કે સમસ્યાઓ તેમજ સામાજિક પ્રશ્નો કે સમસ્યાઓ જોવા મળે છે તેનો સંક્ષેપમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરીએ.

### *(૧) ગ્રામીણ સમાજની આર્થિક સમસ્યાઓ :*

આર્થિક વિકાસની સમગ્ર પ્રક્રિયામાં પ્રવર્તમાન સમસ્યાઓ અને તેના નિવારણ માટેના અભિગમ કે વ્યૂહરચના અંગે વિશદ ચર્ચા કરવામાં આવે છે. ગ્રામ સમાજના વિકાસલક્ષી પ્રયાસોનો પાયો તેના પ્રશ્નોમાં રહેલો છે. જો આવા પ્રકારના પ્રશ્નો પ્રવર્તતા હોય તેને અનુરૂપ નીતિ અને કાર્યક્રમોના ઘડતર તથા અમલીકરણને મહત્ત્વ આપવું પડે છે. આવા પ્રશ્નો સામાન્ય રીતે વિકાસલક્ષી પરિણામો લાવવામાં અવરોધરૂપ પણ બની જતા હોય છે. તેથી તેના તરફ પ્રથમ ધ્યાન કેન્દ્રિત કરવું ઘણું આવશ્યક બની રહે છે.

આવા આર્થિક પ્રશ્નો જે મુખ્યત્વે ગ્રામીણ સમાજમાં જોવા મળે છે. અને જે ગ્રામીણ વિકાસમાં અવરોધરૂપ બને તેમ હોય તે અંગે અગાઉથી માહિતી પ્રાપ્ત કરવાનું જરૂરી બની રહે છે. ખાસ કરીને ગ્રામીણ વિકાસ માટે અવરોધરૂપ ગણાય તેવા કેટલાંક અગત્યના આર્થિક પ્રશ્નો કે સમસ્યાઓ આ પ્રમાણે છે. જેમાં (૧) ક્ષેત્રને લગતા પ્રશ્નો જેવા કે નીચી ઉત્પાદકતા, કૃષિક્ષેત્રનું પ્રાધાન્ય, સિંચાઈની અપૂરતી સગવડ, ખેત ધિરાણની અપૂરતી સગવડ, ખેતપેદાશના ભાવ સંબંધી પ્રશ્નો વગેરે (૨) વસ્તીનું ભારણ (૩) બેકારીના વિવિધ સ્વરૂપો તથા તેના વિશિષ્ટ પ્રશ્નો (૪) ગરીબી (૫) આર્થિક સંપત્તિ અને આવકની અસમાનતાની સમસ્યા (૬) ગ્રામ ઉદ્યોગ અને ગૃહ ઉધાગનો અપૂરતો વિકાસ (૭) પાયાની સગવડો, સુવિધાઓની ઉણપ જેમાં શિક્ષણ, આરોગ્ય, રહેઠાણ, પીવાના પાણીની સમસ્યા, વીજળી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બેન્કિંગ, આર્થિક શોષણ વગેરે પ્રશ્નોનો આર્થિક પ્રશ્નો તરીકે ગ્રામ સમાજમાં લોકોએ હંમેશા સામનો કરવો પડે તેવા સંજોગો ગ્રામીણ સમાજમાં જોવા મળે છે.

### *(૨) ગ્રામીણ સમાજની સામાજિક સમસ્યાઓ :*

ગ્રામ્ય સમાજમાં કેટલીક સામાજિક સમસ્યાઓ જોવા મળે છે. જે વિકાસની પ્રક્રિયામાં અવરોધ રૂપ બને છે. આવા પ્રશ્નો મુખ્યત્વે આ પ્રમાણે દર્શાવી શકાય. જેમાં (૧) અંધશ્રદ્ધા (૨) સામાજિક કુરિવાજો (૩) દહેજ પ્રથા (૪) વહેમ (૫) નિરક્ષરતા (૬) બાળલગ્ન પ્રથા (૭) જ્ઞાતિ પ્રથાના બંધનો અને જ્ઞાતિવાદ (૮) ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગનો ભેદભાવ (૯) કુટુંબ નિયોજન અંગે અણસમજ (૧૦) પ્રારબ્ધવાદી વલણો (૧૧) સગાવાદ (૧૨) અસ્પૃશ્યતા વગેરે સમસ્યાઓને લીધે સામાજિક માળખું જેટલું લચીલું સ્થિતિ સ્થાપક કે અનુકૂલન સાધી શકે તેટલું હોતુ નથી. તેથી આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન આવા સમાજોમાં ઝડપી અનુકૂલન સાધવામાં આવા પ્રશ્નો અવરોધરૂપ બની શકે.

ગ્રામીણ કારીગર વર્ગો દ્વારા ઉત્પાદિત વસ્તુ એ સભ્ય જીવનની આવશ્યક જરૂરિયાત છે. દા.ત. કુંભાર દ્વારા ઉત્પાદિત માટલું, તાવડીઓ જરૂરિયાતની વસ્તુ તેમજ

સુથાર દ્વારા ઉત્પાદિત વસ્તુ ખેતીક્ષેત્ર માટે હતી વગેરે વસ્તુ તેમજ ઘર વપરાશ માટેની વસ્તુ તેમજ મોચી દ્વારા ઉત્પાદિત વસ્તુ બુટ–ચંપલ વગેરેને મહત્ત્વની જરૂરિયાતની વસ્તુ ગણાય. આમ છતાં ગ્રામીણ કારીગરોના પ્રશ્નો આજે ઘણા વિકટ થતા જોવા મળે છે. આધુનિકરણને કારણે યંત્રો દ્વારા મોટા પ્રમાણમાં ઉત્પાદન તથા પરંપરાગત વસ્તુને બદલે નવા જ પ્રકારની વસ્તુ આવી જતા આ લોકોની રોજગારી પર અસર થયેલ જોવા મળે છે.

## ૧.૯ ગ્રામીણ કારીગરોના પ્રશ્નો / સમસ્યાઓ :

ગ્રામીણ સમાજમાં સામાજિક પ્રશ્નોમાં ગ્રામીણ કારીગરવર્ગ માટે વિશિષ્ટ અવરોધરૂપ સમસ્યાઓ જોવા મળે છે, તે લોકોમાં આર્થિક ગરીબી, બેકારી, અસમાનતા, ખેત વિષયક પછાતપણું, સવર્ણ સમાજના લોકો કરતાં પછાતપણું વગેરે બાબતો સામાજિક રીતે નહીં પરંતુ આર્થિક રીતે આ વર્ગને ઉન્નતિ માટે અવરોધરૂપ બને છે. આવા લોકો મોટા ભાગની સુવિધાઓથી વંચિત રહે છે. અન્ય સામાજિક કુરિવાજોનું પ્રમાણ આ વર્ગોમાં વધુ જોવા મળે છે. અસ્પૃશ્યતાની ગંભીર સમસ્યા આ સમાજના લોકોને વધુ પરેશાન કરે છે. કેટલાંક કિસ્સાઓમાં તો પછાત દલિત સમાજના વિવિધ જૂથો વચ્ચે પણ વધુ તીવ્રતા પૂર્વક અસ્પૃશ્યતા અંગે વ્યવહાર થતો જોવા મળે છે. આર્થિક રીતે આ વર્ગોમાં ઉન્નત બનનાર અન્યને પછાત ગણતો થઈ જાય છે. તે આ સમાજની સમસ્યા છે.

ઉપરોકત આર્થિક અને સામાજિક સ્વરૂપના પ્રશ્નો ગ્રામીણ સમાજમાં જોવા મળે છે. આ પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય તે હેતુથી સરકારે ગ્રામીણ વિકાસ કાર્યક્રમોનું ઘડતર કર્યું છે. તથા તેના અમલીકરણ દ્વારા ગ્રામ્ય સમાજના લોકોના આર્થિક ઉત્થાન માટે સઘન પ્રયાસો હાથ ધરવા તરફ ધ્યાન આપવાની નીતિ સરકારે અપનાવી છે. સંકલિત ગ્રામ્ય વિકાસ યોજના તળે અગાઉ છૂટક છૂટક ગ્રામીણ વિકાસ માટેના પ્રયાસોને એક સંકલિત સ્વરૂપ અમલી બનાવવાની નીતિ અપનાવાઈ છે. ૧૯૫૧માં સૌપ્રથમ સામૂહિક વિકાસ યોજના દ્વારા આ દિશાના પ્રયાસોનો પ્રારંભ થયેલો હતો ત્યારબાદ અવારનવાર વિવિધ કૃષિ વિકાસ તથા અન્ય ગ્રામીણ અર્થવ્યવસ્થાને લગતા પ્રશ્નોને માટે છૂટક છૂટક યોજનાઓ અમલમાં મૂકી હતી અને છેલ્લે સંકલિત ગ્રામ્ય વિકાસ કાર્યક્રમ હેઠળ આ બધી

વિવિધ સ્વરૂપની યોજનાઓ એક છત્રછાયા નીચે હાથ ધરી શકાય તે પ્રકારની નીતિ અપનાવવામાં આવી છે. આવી યોજના સમગ્ર ગ્રામીણ સમાજ માટે તેમજ કેટલીક યોજનાઓના કાર્યક્રમો માત્ર ગ્રામીણ કારીગર વર્ગના લોકો માટે અમલી બનાવવામાં આવેલ છે હાલ દશમી યોજના ચાલી રહેલ છે. સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ જાહેર કરી અમલી બનાવવા પર ધ્યાન અપાયું છે. આ મોટા ભાગની યોજનાઓ સંબંધી રૂપરેખા રજૂ કરવાનું અત્રે સામાન્ય જાણકારી માટે અતિ મહત્ત્વનું બની રહે આ કાર્યક્રમો કે યોજનાઓની સંક્ષિપ્ત વિગત નીચે પ્રમાણે રજૂ કરી છે.

## ૧.૧૦ ગ્રામીણ વિકાસના વિવિધ કાર્યક્રમો / યોજનાઓ :

આઝાદી બાદ ૧૯૫૧માં સૌ પ્રથમ સામૂહિક વિકાસ યોજના નીચે ગ્રામીણ વિકાસનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મુખ્યત્વે સામાજિક પાસા પર વિશેષ ભાર મૂકેલ જોવા મળેલ છે. આ સમય પછી અવારનવાર કેટલીક યોજનાઓ શરૂ થઈ છે. કેટલીક બંધ થઈ ગઈ. તો કેટલીક જૂનીના સ્થાને જોડાણ દ્વારા કે નવા સ્વરૂપે નવી યોજના અમલી બનાવવામાં આવેલ છે. આ રીતે હાલ પર્યન્ત જાહેર થયેલ વિવિધ યોજનાઓ નીચે પ્રમાણે સંક્ષેપમાં રજૂ કરી શકાય :

(૧) સામૂહિક વિકાસ કાર્યક્રમ ૧૯૫૧

(૨) રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ૧૯૫૩

(૩) ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ કાર્યક્રમ ૧૯૫૭

(૪) ગ્રામીણ આવાસ યોજના ૧૯૫૭

(૫) સઘન જિલ્લા ખેતી કાર્યક્રમ ૧૯૬૦–૬૧

(૬) ગ્રામીણ રોજગારી માટે ગ્રામોદ્યોગ કાર્યક્રમ ૧૯૬૨–૬૩

(૭) જનનીતિ વિકાસ કાર્યક્રમ–૧૯૯૬

(૮) નાના ખેડૂતોના વિકાસ એજન્સી ૧૯૬૯

(૯) સીમાન્ત ખેડૂતો અને ખેત મજૂરો માટેનો કાર્યક્રમ–૧૯૬૯

(૧૦) દુષ્કાળગ્રસ્ત વિસ્તારોનો કાર્યક્રમ ૧૯૭૦–૭૧

(૧૧) ગ્રામીણ રોજગારી યોજના ૧૯૭૧

(૧૨) કામના બદલામાં અનાજનો કાર્યક્રમ ૧૯૭૨

(૧૩) આદિવાસી વિસ્તારના વિકાસનો કાર્યક્રમ ૧૯૭૨–૭૩

(૧૪) ઘનિષ્ટ સ્તરીય ગ્રામ્ય રોજગારી કાર્યક્રમ ૧૯૭૨–૭૩

(૧૫) પર્વતીય વિસ્તાર વિકાસ યોજના ૧૯૭૩–૭૪

(૧૬) અનાવૃષ્ટિ શકયતા વિસ્તાર કાર્યક્રમ ૧૯૭૪

(૧૭) ગ્રામીણ રોજગારી માટે પ્રતીક સ્વરોજગારી તાલીમ ૧૯૭૬–૭૭

(૧૮) લઘુતમ જરૂરિયાતનો કાર્યક્રમ ૧૯૭૭

(૧૯) રણવિસ્તાર કાર્યક્રમ ૧૯૭૭

(૨૦) ગ્રામીણ યુવક પ્રવૃત્તિઓ – સ્વરોજગારી માટે તાલીમ યોજના ૧૯૭૯

(૨૧) સંકલિત ગ્રામ્ય વિકાસ કાર્યક્રમ ૧૯૮૦

(૨૨) રાષ્ટ્રીય ગ્રામ રોજગારી કાર્યક્રમ ૧૯૮૦

(૨૩) નવો ૨૦ મુદ્દાનો કાર્યક્રમ ૧૯૮૦

(૨૪) સંકલિત બાળ અને મહિલા વિકાસ કાર્યક્રમ ૧૯૮૩

(૨૫) ગ્રામીણ ભૂમિહીન મજૂરોને રોજગારી ગેરંટી કાર્યક્રમ ૧૯૮૩

(૨૬) ઈન્દિરા આવાસ યોજના ૧૯૮૫

(૨૭) જીવનધારા ૧૯૮૮–૮૯

(૨૮) જવાહર રોજગાર યોજના ૧૯૮૯

(૨૯) નહેરૂ રોજગાર યોજના ૧૯૮૯

(૩૦) નાના સીમિત ખેડૂતોના ઉત્થાન વર્ધક સહકાર કાર્યક્રમ ૧૯૯૧

(૩૧) ખાસ રોજગાર કાર્યક્રમ ૧૯૯૧–૯૨

(૩૨) ગ્રામીણ કારીગરોને સુધારેલ ઓજારોનો કાર્યક્રમ ૧૯૯૨

(૩૩) રોજગારીની ખાત્રી માટેની યોજના ૧૯૯૩

(૩૪) વડાપ્રધાન રોજગાર યોજના ૧૯૯૫

(૩૫) રાષ્ટ્રીય સામાજિક સહલ યોજના ૧૯૯૫

(૩૬) ઈન્દીરા મહિલા યોજના ૧૯૯૫

(૩૭) ગ્રામ્ય વિસ્તારોમાં જૂથ વિમા યોજના ૧૯૯૫

(૩૮) પ્રાથમિક શિક્ષણમાં પોષણ પૂર્તિ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ ૧૯૯૫

(૩૯) પડતર જમીન વિકાસ કાર્યક્રમ

(૪૦) ગોકુળ ગ્રામ યોજના

(૪૧) કુંવરબાઈનું મામેરું યોજના

(૪૨) સરસ્વતી યોજના

(૪૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારોનો કાર્યક્રમ – ૨૦૦૭

આમ એક અભિપ્રાય મુજબ આર્થિક પ્રગતિ થતા એ અંગેના વિકાસલક્ષી લાભો નીચલા સ્તરના લોકો સુધી આપોઆપ સમય જતા ફેલાવો પામશે પરંતુ આ સમય માંગી લે તેવી પ્રક્રિયા હોઈ. વિશિષ્ટ પ્રકારના ગ્રામીણ સમસ્યાના નિવારણ માટે ખાસ પ્રકારના કાર્યક્રમોનું અમલીકરણ અનિવાર્ય છે. તાજેતરના વૈશ્વિકરણ અને ઉદારીકરણની નીતિના સંદર્ભમાં સંક્રાતિકાળ દરમિયાન ગ્રામીણ સમાજને તથા તેના વિશિષ્ટ વર્ગને અનુલક્ષીને આવા કાર્યક્રમોની વિશેષ ઉપયોગિતા ગણાવાય. વિવિધ દેશોના આ ગાળા દરમિયાન અનુભવોના સંદર્ભમાં વિશ્વબેન્ક અહેવાલ ૧૯૯૬માં પણ આવા કાર્યક્રમોની અગત્યતા દર્શાવતા જણાવેલ કે "ગરીબી નાબૂદી કે નિવારણથી આર્થિક વિકાસ થાય છે તેમ છતાં કેટલાંક લોકો માટે આ સંપૂર્ણ નિરાકરણ નથી આવા લોકો માટે સ્પષ્ટ ઉપાયજન્ય કાર્યક્રમો અનિવાર્ય છે." આ મંતવ્યની અગત્યતા આપણી યોજનાકાળની નીતિમાં સમય પહેલાં સ્વીકારાયેલ છે. તે ઉપર દર્શાવેલ વિવિધ વિશિષ્ટ કાર્યક્રમોની સૂચિ પરથી જ સ્પષ્ટ થાય છે. આમ આ દિશામાં આપણા દેશે અગાઉથી જ સોપાનો ભાખી દીધા છે. અને અગત્યતા ગરીબી નાબુદીલક્ષી નીતિ અંતર્ગત વિશિષ્ટ કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં સરકારે ખાસ કરીને શ્રીમતી ઈન્દિરા ગાંધીએ વિશેષ રસ દાખવતા આવા કાર્યક્રમો તેની નીતિ બાદ ગ્રામીણ વિકાસની વ્યૂહરચના અંતર્ગત આ કાર્યક્રમો ચાવીરૂપ સ્થાન ધરાવે છે.

## ૧.૧૧ ગ્રામ્ય વિસ્તારમાં કારીગર વર્ગના લોકોની સ્થિતિ :

અગાઉ દર્શાવેલ વિગત મુજબ ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે સમગ્ર ભારતમાં ગ્રામીણ કારીગર વર્ગની વસ્તીનું પ્રમાણ ઘણું જ ઓછું છે જયારે ગુજરાતમાં આ પ્રમાણ ૪.૮% છે. ભારતમાં કારીગર વર્ગ પર અનેક અભ્યાસ થયા છે. જેમાના ઘણા અભ્યાસો આધુનિકરણથી ગ્રામ્ય પરિવર્તન, ગ્રામ્ય વિકાસ, ઔદ્યોગિક કલા કારીગરોમાં પરિવર્તન તેમજ કુટીર અને નાના પાયાના ઉદ્યોગોને મહત્ત્વ આપવાનું સૂચવેલ છે. આમ ગ્રામીણ કારીગરોના મોટાભાગના કારીગર વર્ગ પોતાના પરંપરાગત વ્યવસાયમાં રોકાયેલ હોય છે. પરંતુ તેમાંથી પૂરતી આવક પ્રાપ્ત ન થતા તેઓ અન્ય ગૌણ વ્યવસાયો સાથે પણ સંકળાયેલ હોય છે. મોટાભાગના મુખ્ય કે ગૌણ વ્યવસાયો, હલકા કે નીચલા સ્તરના અને અસ્થિર આવક આપતા હોવાથી આ લોકોનું જીવન ધોરણ નીચું રહે છે માટે શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. અને આ લોકોનો સામાજિક આર્થિક દરજ્જો પણ નીચો રહેવા પામેલ છે. આ મોટાભાગના અશિક્ષિત લોકો ઓછી આવકના કારણે ગરીબીના વિષચક્રમાં સપડાયેલા રહે છે. સરકાર દ્વારા અનેક કાર્યક્રમો આ વર્ગ માટે ઘડતા હોવા છતાં અમલીકરણની બાબતમાં બીનઅસરકારકતા જોવા મળે છે. પછાત જાતિના લોકાના ઉત્કર્ષ માટે ખાસ વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવા તરફ ધ્યાન અપાઈ રહ્યું છે. સામાન્ય રીતે શિક્ષણ રાજ્યના ક્ષેત્રમાં આવે છે. તેમ છતાં કેન્દ્ર સરકાર પછાત જાતિના લોકોમાં શૈક્ષણિક વિકાસ માટે વિપુલ ફંડની ફાળવણી કરે છે તેમ છતાં આજે પણ આ વર્ગના લોકોનું શૈક્ષણિક સ્તરનીચું જોવા મળે છે જેમકે "૧૯૭૧માં કુલ વસ્તીમાં ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૪.૪ ટકા હતુ જે વધીને ૧૯૯૧માં ૫૨.૨ ટકા થયું છે અને ૨૦૦૧માં તેનું પ્રમાણ ૫૮.૩ ટકા થયેલ છે તેની તુલના એ પછાત વર્ગના લોકોમાં આ પ્રમાણ ૭.૩ ટકા હતું તેમાંથી વધીને ૩૮.૧ ટકા થવા જાય છે." આ રીતે સામાન્ય પ્રજાજનની તુલનામાં વિપુલ સુવિધા અને નાણાંકીય સહાય મળવા છતાં સાક્ષરતાનું પ્રમાણ આ વર્ગમાં નીચું જોવા મળે છે.

## ૧.૧૨ અર્થતંત્રમાં ગ્રામીણ કારીગરોનું સ્થાન :

આધુનિક પરિવર્તનોમાં પરંપરાગત ઉત્પાદન પદ્ધતિ અપનાવતા ઉદ્યોગને ટકી રહેવું ઘણું મુશ્કેલ છે. તેવું ઘણા અભ્યાસોમાં જોવા મળે છે. આ આર્થિક પરિવર્તનની પ્રક્રિયાની વધુમાં વધુ અસર ગ્રામીણ કારીગરો ઉપર થતી જોવા મળે છે. ગ્રામીણ કારીગર વર્ગ સ્વરોજગારી વાળો વર્ગ છે, તે સાહસિક છે. પોતાના ઘરમાં પોતાના સાધનો તથા માલસામાન અને પોતાના પરીવારના સભ્યો કે જેઓ મહેનત કરી શકતા હોય તેનો ઉપયોગ કરી વસ્તુઓનું ઉત્પાદન કરે છે. ગ્રામીણ કારીગરોએ રોજગારીમાં તો ખૂબ જ મહત્ત્વનો હિસ્સો મેળવ્યો હતો. તેમના કેટલાંક ઉત્પાદનો વિશ્વમાં પ્રખ્યાત હતા. ગ્રામોઉદ્યોગ અને કુટીર ઉદ્યોગ દેશમાં ચારે બાજુએ ખૂણેખૂણામાં ફેલાયેલા હતા.

બ્રિટિશકાળ દરમિયાન તેમણે પોતાની વસ્તુઓ સસ્તી કિંમતે ભારતના બજારમાં વેચવાનું શરૂ કર્યું ભારતનું બજાર આ વસ્તુઓથી ઊભરાતું હતુ. ભારતમાં અનેક અભ્યાસો બાદ સાચી આર્થિક પરિસ્થિતિની છબીનો ખ્યાલ આવ્યો હતો કે પરંપરાગત કારીગર વર્ગે બજારના દબાણને રસ્તો આપ્યો હતો જેથી તેઓએ પોતાનું આર્થિક સ્થાન ગુમાવ્યું હતું જેનો તેઓએ બ્રિટિશ રાજ પહેલા લાભ લીધેલો હતો. ૧૫૦ વર્ષો કરતાં વધુ સમયથી કારીગર વર્ગની સ્થિર રીતે, ખરાબ રીતે ખરાબ થતી પરિસ્થિતિ એ માત્ર તેમના સ્થાનને સૌથી વધારે ખરાબ કર્યું હતું.

આઝાદી પછી ભારત સરકારે ગ્રામીણ કારીગરોની મજબૂતી માટે આયોજન યુકત વિકેન્દ્રિકરણ દ્વારા અમુક ઉપાયોનો અમલ કર્યો છે. જેમાં ગ્રામીણ વિકાસનો પૂર્ણ અભિગમ અપનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ બાબતો સાતમી યોજનામાં સમાવેશ કરેલ છે. જેમાં ઉત્પાદકતા વધારવી, ગુણવત્તામાં વધારો કરવો, કિંમતમાં ઘટાડો તથા આધુનિકતાના સંયોજન વડે ઉત્પાદનનું નવું માળખું ઊભું કરી કામદારોના કલ્યાણના સ્તરમાં વધારો કરવો, કલ્યાણના ઉપાયો અને કામની પરિસ્થિતિ દ્વારા રોજગારીની સલામતી વગેરેની નીતિનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમાય ગ્રામીણ કારીગરોની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું. પરંતુ ઉદ્યોગક્ષેત્રે ઉત્પાદન આધારિત આર્થિક નીતિ કે જે આધુનિકરણ પર આધારિત છે તેને મજબૂત કરવામાં આવી છે તેને લીધે બીજી

બાજુ પરંપરાગત કારીગરો જોખમમાં મુકાઈ ગયા તે અનેક અભ્યાસના તારણ દ્વારા જાણી શકાય છે.

પરંપરાગત ઉદ્યોગો ઉત્પાદન તેમજ રોજગારી ઘટાડી રહ્યા છે જેની ગંભીર અસર થવા જાય છે. બ્રિટિશરોએ પોતાના ઉદ્યોગો દ્વારા ગ્રામ્ય કારીગરોનું શોષણ કરી પરંપરાગત ઉદ્યોગોને લુંટવાનું ચાલુ રાખ્યું હતું. ત્યાર બાદ સ્વતંત્રતા પછી પણ આધુનિકરણના પરિણામે ભારતમાં ગ્રામીણ કારીગરો ઉપર ખરાબ અસર પડવા પામી છે. આયોજન સમય ગાળા દરમિયાન ઔદ્યોગિકરણના કાર્યક્રમને લીધે ખેતીક્ષેત્રમાં નવા ગ્રાહકનો જન્મ થયો કે જે ઔદ્યોગિક ઉત્પાદન પર આધારિત હોવાથી ગ્રામીણ કારીગરોની મુશ્કેલીમાં વધારો થયો છે.

## ૧.૧૩ વર્તમાન પરિસ્થિતિનું વિવેચન :

ગ્રામીણ કારીગરો આર્થિક વ્યવસ્થાના એક ભાગ તરીકે કામ કરતાં હોવાથી આધુનિકરણની અસર તેમને પણ થયેલ છે ગ્રામીણ કારીગરોની પરિસ્થિતિ જાણવા માટે ગ્રામીણ કારીગરોની આર્થિક પ્રવૃત્તિઓ અને આર્થિક સ્થિતિ કે જે ધંધામાં તે સંકળાયેલા છે તે અંગે ગ્રામીણ ઉદ્યોગો વિશે ઘણા અભ્યાસો કરવામાં આવ્યા હતા. આ અભ્યાસોમાં અલગ અલગ માર્ગ અપનાવવામાં આવ્યો હતો જેમાં સમસ્યાને તપાસી કલ્પિત દેખાવની ચર્ચા કરી. તેમજ સુક્ષ્મ સ્તરે અનુભવના આધારે અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસોને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

સિદ્ધાંત સાથે સંકળાયેલ અભ્યાસો વૃદ્ધિ અને સમાનતાના વિષયો પર સંપૂર્ણપણે વહેંચાઈ ગયેલ હતો. વિકાસલક્ષી અર્થશાસ્ત્રીઓ આર્થિક શકિતના અથવા ઉત્પાદકતાના મુદ્દા પર દલીલ કરે છે. તેમની બીજી બાજુ ગ્રામીણ કારીગરો તેમની કુશળતાના ધોરણમાં કે ઔદ્યોગિક કલાકારીગરીના ધોરણમાં સુધારો કરવા માટે સક્ષમ નથી. ગૌણ મુદ્દાઓની મદદ લઈ બારીક અભ્યાસ કરવામાં આવેલ છે, જે મોટાભાગે ગ્રામીણ કારીગરો, ઉદ્યોગો અને ગૃહઉપયોગી વસ્તુના બદલાવેલ બંધારણ સંબંધી હોય, ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા અને રોજગારીના આંકડા આ ક્ષેત્રનું ખરાબ થયેલ વલણ દર્શાવેલ છે.

ગ્રામીણ કારીગરોના અભ્યાસમાં ગ્રામીણ ઉદ્યોગો, તેની પરિસ્થિતિ કે જ્યાં જે વિસ્તારમાં ઉદ્યોગો હોય તેનો સુક્ષ્મ લેવલે અભ્યાસ કરી, નાના–નાના યુનિટોને તપાસી સબસિડી અંગેના વિષયનો અભ્યાસ કરવામાં આવેલ છે. ઉદ્યોગ અનુભવના આધારે રચાયેલ છે તેની તપાસ કરેલ છે. તેમાં કેન્દ્ર સ્થાને આર્થિક પ્રવૃત્તિના દેખાવનું પૃથક્કરણ કરી જાણવા ઈચ્છતા હતા કે કયા પરિબળો સબસિડી અથવા અન્ય મદદ સિવાયના છે કે જેનો હકારાત્મક ફાળો, ગ્રામ્ય કારીગરોના રક્ષણ માટે અથવા વિકાસ માટે કાર્ય કરે છે. જયારે જે ઉદ્યોગને સબસિડી અથવા મદદ કરવામાં આવે છે છતાં તે જૂથો મજબૂત બને કે નબળા પડે – આવા અભ્યાસો થયેલ છે.

## ૧.૧૪ ગ્રામીણ કારીગર વર્ગોના ઉત્થાનની યોજના :

ગુજરાત સરકાર દ્વારા સરકારી ઈન્સ્ટિટ્યૂટ તરીકે સ્થપાયેલ ગ્રામ ટેકનોલોજી સંસ્થા દેશભરમાં એ પ્રકારની સૌ પ્રથમ અને અગ્રિમ સંસ્થા છે કે જેનો મુખ્ય અભિગમ ગ્રામ વિકાસમાં સમુચિત ટેકનોલોજીને પ્રોત્સાહિત કરવામાં સઘળા પ્રયાસોનું સંકલન કરી ગ્રામ કારીગરોના તથા કુટિર ઉદ્યોગોના વિકાસ દ્વારા ગ્રામ વિકાસની પ્રક્રિયાને વેગીલી બનાવવાનો છે.

સંસ્થા દ્વારા યોજનામાં આવતા કૌશલ્ય નિર્માણ અને વિકાસના કાર્યક્રમો નીચેની બાબતોને લીધે આગવી વિશિષ્ટતા ધરાવે છે. (૧) તદ્દન ટૂંકાગાળાના (૨) પૂર્ણ સમયની હાજરી જરૂરી (૩) કાર્ય અને અનુભવ ઉપર વધુ ઝોક (૪) લાભાર્થી સમૂહના રહેઠાણની નજીક.

જુદી જુદી ૧૯ જેટલી પ્રવૃત્તિઓ હેઠળ ચાલતા કૌશલ્ય નિર્માણ અને વિકાસ કાર્યક્રમોમાં વર્ષે આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ યુવક–યુવતીઓને તાલીમ આપવામાં આવે છે.

### *(૧) કૌશલ્ય નિર્માણ તાલીમ કાર્યક્રમ :*

તાલીમ કાર્યક્રમ સામે કૌંસમાં તાલીમનો સમયગાળો દિવસમાં દર્શાવવામાં આવ્યો છે.

(૧) કુંભારી કામ (૩૦)
(૨) કુદરતી રેષા (૬૦)
(૩) એક્રેમિક ફેબ્રિકેશન (૬૦)
(૪) મધમાખી ઉછેર (૧૫)
(૫) વાસકામ (૩૦)
(૬) પેપર/એલ્યુ. કન્ટેનર ચેકિંગ (૧૦)
(૭) લાઈટ એન્જિનિરીંગ (૩૦)
(૮) પ્રિકાસ્ટ કન્સ્ટ્રકશન એન્ડ ટેકનોલોજી (૨૦)
(૯) પ્લમ્બિંગ એન્ડ સેનિટરેશન (૧૫)
(૧૦) ફાઈબર ગ્લાસ રેઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક (૩૦)
(૧૧) લેધર આર્ટિકલ (૬૦)
(૧૨) શટલકોક મેકિંગવા સ્પોર્ટસ ગુડઝ (૬૦)
(૧૩) લેધર ગુડઝ (૬૦)
(૧૪) ટ્રેડિશનલ ફેન્સી લેધર (૬૦)
(૧૫) વેજીટેબલ ટેનિંગ (૬૦)
(૧૬) મોબાઈલ વાન ડેમોન્સ્ટેશન (૧૦)

### *(૨) રોજી વળતર :*

ઉપરોકત તમામ પ્રવૃત્તિમાં ભાગ લેનારને અંશતઃ રોજી વળતરરૂપે પ્રતિદિન રૂા. ૧૫ અપાય છે.

## *(૩) લાયકાત :*

કૌશલ્ય નિર્માણ અને વિકાસ કાર્યક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ખાસ લાયકાતની આવશ્યકતા નથી. પરંતુ ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતી વ્યકિતને પરંપરાગત કામગીરીની જાણકારી તથા સામાન્ય અનુભવ હોવો જરૂરી છે.

## *(૪) કાર્યક્રમો :*

(૧) સંશોધન અને વિકાસ (૨) કૌશલ્ય નિર્માણ વિકાસ (૩) નિદર્શનીય પ્રાયોગિક પ્રોજેકટ (૪) માહિતી સંદર્ભ પ્રસાર (૫) વિસ્તરણ કાર્ય (૬) કોમ્પ્યુટરરાઈઝર ડેટ બેક (૭) સલાહ અને માર્ગદર્શન (૮) નવીન આર્થિક પ્રવૃત્તિ.

કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રની પ્રક્રિયામાં ઉપયોગી બનતી અદ્યતન મશીનરીના લાભ નાનામાં નાની વ્યકિતને પણ સરળતાથી મળે તે માટે આવી અદ્યતન મશીનરીઓની નાની આવૃત્તિઓ તૈયાર કરવાની પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવેલ છે. આ અંતર્ગત સંસ્થા એ ૪૫ જેટલા સાધન/ઓજાર/મશીનરી વિકસાવેલ છે જેની વિગતો નીચે પ્રમાણે રજૂ કરેલ છે.

(૧) પતરા/સળીયા કાપવાનું મશીન (લુહારી વર્ગ)
(૨) પતરા ગોળાઈમાં વાળવાનું મશીન (લુહારીવર્ગ)
(૩) પતરાને કાટખૂણે વાળવાનું મશીન (લુહારી વર્ગ)
(૪) બે સોયવાળું મોતી વીધવાનું મશીન (ઝવેરાત ઉદ્યોગ)
(૫) અનિયમિત આકારના ચામડાનું ક્ષેત્રફળ માપવાનું સાધન (ચર્મ ઉદ્યોગ)
(૬) પાપડ સુકવવાનું મશીન (ખાદ્ય–પદાર્થ ઉત્પાદન)
(૭) પી.વી.સી. લેધર ટેનિંગ ડ્રમ (ચર્મ ઉદ્યોગ)
(૮) બ્રિકેટ બનાવવાનું રૂલ (બરતણ તૈયાર કરવાનો ઉદ્યોગ)
(૯) ચોરસ પાઈપ વાળવાનું મશીન (એન્જિનિયરીંગ ફેબ્રિકેશન)
(૧૦) સ્ટોન બ્લોકનો ફરમો (બાંધકામ ઉદ્યોગ માટે)
(૧૧) ગોળદડિયા બનાવવાનું મશીન (જંગલ પેદાશ)

(૧૨) મધપુડામાંથી મધ કાઢવાનું મશીન (જંગલ પેદાશ)

(૧૩) વર્ટીકલ અગેર ગ્રાઈન્ડિંગ મશીન (અકીક ઉદ્યોગ)

(૧૪) માટી ગુંદવાનું મશીન (કુંભારી કામ)

(૧૫) જેક સેટિંગ મશીન (ચર્મ ઉદ્યોગ)

(૧૬) સુધારેલો ચાકડો (કુંભારી કામ)

(૧૭) હોરિઝોન્ટલ અગેર મશીન (અકીક ઉદ્યોગ)

(૧૮) એલ્યુ. કન્ટેઈનર મશીન (ખાદ્ય પદાર્થના પેકિંગ ઉદ્યોગ)

(૧૯) સાયકલ વ્હીલથી ચાલતુ દોરડા બનાવવાનું મશીન (રેષા ઉદ્યોગ)

(૨૦) દાંતાવાળા ચક્રથી ચાલતુ દોરડા બનાવવાનું મશીન (રેષ ઉદ્યોગ)

(૨૧) ગ્લેજિંગ મશીન (ચર્મ ઉદ્યોગ)

(૨૨) બફિંગ મશીન (ચર્મ ઉદ્યોગ)

(૨૩) લેધ ડાઈંગ / ટેનિંગ પેડલ (ચર્મ ઉદ્યોગ)

(૨૪) રેચેટ પ્રક્ષી (કુવામાંથી પાણી ખેંચવા)

(૨૫) પેપર ડીશ બનાવવાનું મશીન (પેકિંગ મટિરીયલ ઉદ્યોગ)

(૨૬) અંબર ચરખો (કાંતણ કામ)

(૨૭) 'સી' ગ્રેડ લિગ્નાઈટ બ્રકેટ બનાવવાનું જમીન (બળતણ ઉદ્યોગ)

(૨૮) કિતાનાળ (નર્સરી ઉદ્યોગ)

(૨૯) સુધારેલી હાથશાળ (ઉદ્યોગ ભારતી વણાટ)

(૩૦) સુધારેલી હાથશાળ (વણાટ કામ)

(૩૧) રીલ ભરવાનું મશીન (ટેકસ ટાઈલ)

(૩૨) સારથી હાથશાળ (વણાટ કામ)

(૩૩) મૃત પશુ ઊંચકવાનું ગાડુ (ચર્મ કામ)

(૩૪) ચામડાનું પૈડું (કુંભારી કામ)

(૩૫) પગલૂછણિયા બનાવવાની સુધારેલી ફ્રેમ (રેષા ઉદ્યોગ)

(૩૬) કલેડા બનાવવાનું મશીન (કુંભારી કામ)

(૩૭) ગાલીચા વણાટ કામ સાળ (ગાલીચા ઉદ્યોગ)

(૩૮) એક સોયવાળું મોતી વીંધવાનું મશીન (ઝવેરાત ઉદ્યોગ)

(૩૯) સુધારેલી વિમલા શાળી (રેષા ઉદ્યોગ)

(૪૦) ગુંદર એકત્રીકરણ સાધન (ગુંદર ઉદ્યોગ)

(૪૧) કાલીંગણા ડિકોટિક્રેટર (કાલીંગણામાંથી લીજ કાઢવા)

(૪૨) પ્લેગ વાઈબ્રેટર (પ્રેકાસ્ટ આર્ટીકલ બનાવવા)

(૪૩) વેલ્ડિંગ ફયુમશોષક યંત્ર (ફેબ્રીકેશન અને ફર્નિચર ઉદ્યોગ)

(૪૪) વાસ માટે લોખંડની ઘોડી (વાંસ ઉદ્યોગ)

"જોયા બાદ માનવું તથા જાતે અજમાવી જોવું"ની ઉકિતને સાર્થક કરવા માટે સંસ્થાએ વિવિધ કુટિર અને ગ્રામ્ય ઉદ્યોગમાં રોકાયેલ કારીગરો માટે વિકસાવેલ પ્રોટોટાઈપ્સ સાધનો / ઓજારો / મશીનરી કે સંસ્થાએ આયાત કરેલ નવીન પ્રવૃત્તિ અને ટેકનોલોજીની જાણકારી લોકો સુધી પહોચે અને તેના લાભ સૌને મળે તે માટે ખાસ કરી ચર્મ ઉદ્યોગ કરસકરયુકત બાંધકામ પદ્ધતિ વણાટ લેધર, સ્પોર્ટસ ગુડઝ એકેલિકની બનાવટો કુદરતી રેષોની બનાવટો વગેરે પ્રવૃત્તિઓની નિર્દેશનાત્મક અસર ઊભી થાય તે માટે રાજ્યના કેટલાંક ક્ષમતાવાળા વિસ્તારમાં પ્રોટોટાઈપ સાધનો / ઓજારો / મશીનરીના કાર્યક્ષમ ઉપયોગની જાણકારી પુરા પાડયા તથા ઉત્પાદકતા પ્રસ્થાપિત કરવા માટે પ્રાયોગિક પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવેલ છે.

આમ ગ્રામોદ્યોગીંકરણ યોજના અને ગ્રામ્ય કારીગર યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના હતી. જે સન ૧૯૯૪થી સંપૂર્ણ રાજ્ય સરકારની યોજના છે. આ યોજના હેઠળ મહત્તમ રૂા. એક લાખની મર્યાદામાં ખર્ચ કરવાનો રહે છે.

ગ્રામોદ્યોગીકરણ અને ગ્રામ કારીગરો યોજનાના હેતુ શહેરોમાં ઉદ્યોગોનું થતું કેન્દ્રિકરણ તથા ગામડાઓમાંથી શહેરો તરફ વસ્તીનું સ્થળાંતર અટકાવી શકાય છે તે માટે આ યોજના હેઠળ જુદી જુદી યોજનાઓ બનાવી તાલીમ આપી ગ્રામ્ય વિસ્તારમાં ઉદ્યોગો ઊભા કરી તેઓને પ્રોત્સાહિત કરવાના છે.

ગ્રામીણ વિસ્તાર અને તેમાંય ખાસ કરીને સમાજના નીચલા વર્ગના લોકો માટે રોજગારીની તકો તેમજ સ્વરોજગારી મેળવવા માટે કુટિર ઉદ્યોગો ખૂબ જ મહત્ત્વનો ફાળો આપે છે. ગુજરાતમાં ૧૯૭૩ થી કુટિર ઉદ્યોગોને રાજ્ય કક્ષાએ નિયામક કુટિર ઉદ્યોગોની કચેરી ઊભી કરી અલગ દરજ્જો આપવામાં આવેલ છે. જેના કારણે કુટિર ઉદ્યોગ તેમજ ઔદ્યોગિક સહકારી મંડળીઓ તરફ વધુ લક્ષ આપવાનું શકય બન્યું છે. વળી કુટીર ઉદ્યોગો ઓછી મૂડી રોકાણ દ્વારા વધુ રોજગારીની તકો ઊભી કરવાની ક્ષમતા ધરાવતા હોવાથી નવી ઔદ્યોગિક જાતિમાં પ્રથમવાર કુટિર ઉદ્યોગોને મહત્ત્વનું સ્થાન આપવામાં આવેલ છે. જેમાં નિયામકની જગ્યા ઉપરાંત ૧૯૯૧માં સચિવ કક્ષાની કમિશનરશ્રી કુટિર અને ગ્રામો ઉદ્યોગની જગ્યા ઊભી કરવામાં આવેલ છે.

વ્યકિતગત રીતે કારીગરો અને શકય હોય તો નવીન ઔદ્યોગિક સહકારી મંડળીઓ રચી જરૂરી નાણાંકીય યાંત્રિક ઔદ્યોગિક પ્રક્રિયાથી વેચાણ સુધીની પ્રક્રિયાને લગતી મદદ કરી તેઓના વિકાસ માટે ઉત્તેજન આપવું તે કુટિર ઉદ્યોગ માટેની મહત્ત્વની પ્રવૃત્તિ છે જે માટે હાથશાળ ઉદ્યોગમાં રોકાયેલ કારીગરો, હસ્ત કલાકારીગરો તેમજ અન્ય ઉદ્યોગમાં રોકાયેલ કારીગરોને તાલીમ આપી સ્વરોજગારી તકો પુરી પાડી કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપી વિકાસ કરવો તે મહત્ત્વનો ઉદ્દેશ છે.

ગ્રામીણ વિસ્તાર અને તેમાય ખાસ કરીને નબળા વર્ગના લોકોમાં સ્થાનિક સાધનો અને ગ્રામ્ય કૌશલ્યના મહત્તમ ઉપયોગ દ્વારા રોજગારીની તકો ઊભી કરવામાં અને વધારવામાં કુટિર ઉદ્યોગનો ફાળો સવિશેષ છે. આથી ગ્રામ અને કુટિર ઉદ્યોગને આપણી પંચવર્ષીય યોજનાઓમાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે એટલુ જ નહીં દરેક જિલ્લામાં મદદ/માર્ગદર્શન અને સલાહ સૂચનો આપવામાં આવે છે.

કુટિર ઉદ્યોગો એટલે જેમાં સામાન્ય રીતે નવ કરતાં ઓછા કામદારો કુટુંબના સભ્યો સહિત રોકાયેલા હોય અને ઉદ્યોગમાં મૂડી રોકાણ ૬૦,૦૦૦ કરતાં વધુ ન હોય તેવા ઉદ્યોગો તેના વારસાગત અને આધુનિક ઉદ્યોગોનો પણ સમાવેશ થાય છે તેનું ઉત્પાદકોની અને તેવા પ્રકારના વિશ્લેષણ કરી શકાય. જેમ કે વણાટકામ, કુંભારીકામ, ચર્મકામ, કડિયાકામ વગેરેને વારસાગત ગણી અને વાયરમેન, રેડિયો રિપેરિંગ,

યંત્રશાળા ઓટો રિપેરિંગ વગેરેને આધુનિક ઉદ્યોગ ગણીને કુટિર ઉદ્યોગમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૧.૧૫ દરેકને સ્વરોજગારના અભિગમને સાર્થક કરતી રાજ્ય સરકારની સ્વરોજગાર વિષયક યોજનાઓ :

સમયના બદલાવા સાથે સામાજિક આર્થિક અભિગમ બદલાય છે તે જ રીતે રોજગારી માટે પણ અભિગમ બદલાય છે સરકારી, અર્ધ સરકારી નોકરીમાં સલામતી છે એવી માન્યતા સામાન્યતઃ પ્રવર્તે છે.

આજની બદલાતી પરિસ્થિતિમાં સરકારી સંસ્થાઓમાં નોકરી માટેની હરીફાઈ તીવ્રતમ બનતી જાય છે. રોજગાર કચેરીમાં નામ નોંધાવનાર રોજગાર વાંચ્છુઓની સંખ્યા દિન–પ્રતિદિન વધતી જાય છે. ૨૦૦૪માં અંતિમ લગભગ ૯.૨૨ લાખ યુવક–યુવતિઓના નામ રોજગારી મેળવવા માટે નોંધાયા છે. આવા સંજોગોમાં શિક્ષિત યુવક–યુવતીઓ સ્વરોજગાર તરફ વળે, તો તેમને આર્થિક સ્થિરતા મળે અને બેરોજગારોની સમસ્યા હળવી બને. આમ, સામાજિક દષ્ટિકોણ બદલાય તે આવશ્યક છે. વળી, સરકાર પણ બેરોજગારીના પ્રમાણમાં ક્રમશ : ઘટાડો કરવા કૃતનિશ્ચયી છે તેમજ આ ધ્યેય હાંસલ કરવા માટે વિકેન્દ્રિત આયોજન તથા સ્વરોજગારી પ્રોત્સાહન અંગેની નીતિ સરકારે અપનાવેલ છે.

આ સમસ્યાને હલ કરવા અનેક સરકારી સંસ્થાઓ સ્વરોજગારી માટે તાલીમ કે આર્થિક સહાય આપે છે. વ્યકિત પોતાને અનુકૂળ તેવા ધંધા રોજગાર કરવા માટે જે તે ઓફિસનો સંપર્ક કરી પોતાને અનુકૂળ તેવા ધંધા રોજગાર કરી શકે છે. સ્વરોજગાર શરૂ કરવા માંગતા કોઈપણ સાહસિક પાસે સંબંધિત ધંધાની જાણકારી કાચોમાલ તે બાબતના ખરીદ–વેચાણ તથા જરૂરી આર્થિકસહાય અંગેની પ્રાથમિક જાણકારી હોવી જરૂરી છે.

ઔદ્યોગિક એકમોમાં નોકરીની તકો છે તે માટે તાલીમ લઈ નોકરી મેળવી શકે છે ગુજરાતમાં ઔદ્યોગિક અને ખેતીવાડીનો વિકાસ થઈ રહ્યો છે. વારસાગત આવડત કે

તાલીમ લઈ, બેકારી દૂર કરી શકાય. સ્વરોજગાર માટે બેન્કો તથા સરકારી સંસ્થાઓ મારફત લોન/સહાય મેળવી આર્થિક રીતે પગભર બની શકાય છે.

જેમણે ધંધો રોજગાર મેળવવા હોય તે માટે તે પ્રકારની તાલીમ મેળવવી પડે છે.

## ✰ *તાલીમની સુવિધાઓ :*

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.) જે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છે તેમાં પોતાને અનુકૂળ એવા ટ્રેડમાં તાલીમ લઈ શકાય છે વધુ માહિતી આઈટીઆઈ અથવા નજીકની રોજગાર કચેરીમાંથી મળી શકે.

ટ્રાયસેર્જી : જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા દરેક તાલુકામાં સ્થાનિક જરૂરિયાત મુજબ ગરીબી રેખા હેઠળના યુવક–યુવતીઓને તાલીમ આપી ધંધા રોજગાર માટે લોન – સહાય આપવામાં આવે છે.

સમાજ કલ્યાણ અધિકારીની કચેરી દ્વારા પણ સુથારી–લુહારી, સીવણ જેવા વર્ગો ચલાવવામાં આવે છે કમિશનર, કુટિર ઉદ્યોગ દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે સ્મિર્થીન, વેલ્ડિંગ, ટર્નિંગ, ફિટીંગ, મોટર મિકેનિક, સુથારી કામ, લુહારી કામ વગેરે ઉદ્યોગોની તાલીમ – સહ ઉત્પાદન કેન્દ્ર દ્વારા અપાય છે.

જેમણે સ્વરોજગાર કરવો છે તેવા યુવક–યુવતીઓ નીચેની સંસ્થાઓનો સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકે છે.

## *(૧) બેન્કેબલ યોજના :*

સ્વરોજગારીની આ યોજનાનો અમલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા થાય છે મહિલા અરજદારોની અરજીઓ મહિલા આર્થિક વિકાસ નિગમને પણ મોકલી શકાય છે.

પાત્રતા : ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ

આવક મર્યાદા : નથી

લાયકાત : ઓછામાં ઓછું ધોરણ – ૪ પાસ અથવા ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછી ત્રણ માસની વ્યવસાયને અનુરૂપ તાલીમ લીધેલી હોવી જરૂરી છે અથવા એક વર્ષનો ધંધાને લગતો અનુભવ અથવા વારસાગત કારીગર હોવા જરૂરી છે.

૩૬૮ યોજનાઓ પૈકીની કોઈપણ યોજના માટે બેન્કમાં ઉદ્યોગ અને સેવા વ્યવસાય માટે રૂા. ૨ લાખ અને ધંધા માટે રૂા. ૧ લાખ સુધી લોન મળી શકે છે. જેમાં સબસિડી રૂા. ૨૦,૦૦૦/– સુધી અનુ.જાતિ / અનુ. જનજાતિના લાભાર્થીને ૪૦ ટકા અને અન્ય માટે ૨૫ કટા તથા રૂા. ૨૦,૦૦૦/– થી રૂા. ૨૦૦૦૦૦/– સુધી અનુ.જનજાતિ માટે ૩૦ ટકા અનુ. જાતિ માટે ૨૫ ટકા અને અન્ય માટે ૨૦ ટકા સબસિડી પેટે મળે છે. આ યોજનાનાં લાભાર્થીએ જામીનગીરી આપવાની રહે છે, જેમાં સ્થાવર મિલકત અથવા ખેતી અથવા સરકારી નોકરિયાત અથવા બેન્ક ફિક્સ ડિપોઝીટ જામીન તરીકે ચાલી શકે છે.

## *(૨) વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના :*

પાત્રતા : ૧૮ થી ૩૫ વર્ષ

લાયકાત : ધો. ૮ પાસ કે તેથી વધુ અભ્યાસ અથવા છ માસની સરકાર માન્ય સંસ્થામાંથી ટેકનિકલ તારીખ આવક મર્યાદા કુટુંબની વાર્ષિક આવક રૂા. ૪૦,૦૦૦/– થી ઓછી, કુટુંબ એટલે લાભાર્થીના પતિ–પત્ની અને માતા–પિતા ગણવામાં આવે છે. આવકમાં તમામ સ્ત્રોતની આવક પગાર, પેન્શન, ખેતીની આવક, વેપારની આવક, મકાન ભાડાની આવક ગણવાની છે, પરિણીત મહિલાની આવકની ગણતરીમાં તેના સસરાની આવક ધ્યાનમાં લેવાની રહે છે.

જામીનગરી : આ લોન માટે કોઈ જામીનગીરી આપવાની નથી. પરંતુ લોનમાંથી ઊભી કરાયેલ મિલકતોનું હાઈપોથીકેશન/મોરગેજ/પ્લેજ બેન્કને કરી આપવાનું રહે છે.

૩૬૮ યોજના પૈકીની કોઈપણ યોજના માટે બેન્કમાંથી લોન મળી શકે છે. લાભાર્થી ઓછામાં ઓછા ૩ વર્ષનો જે તે વિસ્તારનો રહેવાસી હોવો જોઈએ તથા કોઈપણ બેન્કનો મુદ્દતવીતી બાકીદાર હોવો જોઈએ નહી. વિશેષમાં સરકારની કોઈ યોજના હેઠળ કોઈ લાભાર્થીએ મદદ મેળવી હશે જેને આ સબસિડી યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહીં અનામત : અનુ. જાતિ/અનુ. જનજાતિ માટે ૨૨. ૫ ટકા થયા, પછાત વર્ગના લાભાર્થીઓ માટે ૨૭ ટકા અનામત રાખેલી છે. મહિલાઓને અગ્રિમતા આપવાની રહેશે

સબસિડી રૂા. ૨૦૦૦૦ સુધી અનુ.જાતિ, જનજાતિને ૪૦ ટકા અને અન્યને ૨૫ ટકા જયારે રૂા. ૨૦ હજાર થી ૧ લાખ સુધી અનુ. જનજાતિ માટે ૩૦ ટકા અનુ. જાતિ માટે ૨૫ ટકા જયારે અન્યને ૨૦ ટકા મુજબ મળવા પાત્ર છે.

### *(૩) માનવ કલ્યાણ યોજના :*

સ્વરોજગાર પ્રવૃત્તિમાં રોકાયેલ અને સમાજના અત્યંત ગરીબ અને નબળા વર્ગની વ્યકિતઓ જેવી કે શાકભાજી વેચનાર, ચાની લારી ચલાવનાર, હાથલારી દ્વારા માલસમાનની હેરાફેરી કરનાર, છાપાં વેચનાર, પાન બીડીવાળા વગેરે જેવા પોતાની આજીવિકામાં વધારો કરી શકે તે આપવાથી સાધન સ્વરૂપમાં નાણાંકીય સહાય આપવાની આ યોજના છે આ યોજનામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે રૂા. ૧૭૦૦ સુધીની સહાય સાધન સ્વરૂપમાં આપવામાં આવે છે. આમાં અલગ અલગ ૪૬ વ્યવસાયો નક્કી કરવામાં આવ્યા છે. આવા લાભાર્થીની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧૧૦૦૦ છે.

### *(૪) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તરફથી ચાલતી સ્વરોજગારીની યોજના :*

મહિલાઓને જરૂરિયાત મુજબની સવલતો, સહાય અને તાલીમ આપી મહિલા વર્ગનો સામાજિક અને આર્થિક વિકાસ કરવાના ઉદ્દેશથી નિગમ, યોજના ઘર દીવડા અન્વયે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની ગ્રામ્ય અને શહેરી મહિલાઓને આર્થિક સહાય કરે છે. આ યોજના હેઠળ આર્થિક પ્રવૃત્તિ માટે રૂા. ૨૫,૦૦૦ની લોન આપવામાં આવે છે નાના ગૃહ ઉદ્યોગ માટે ધંધાની જાણકારી હોય અથવા તાલીમ લીધી હોય તેવી મહિલાઓને નિગમ રૂા. ૨૫,૦૦૦ સુધીની લોન આપે છે જેમાં સબસિડી પેટે રૂા. ૧૦,૦૦૦ સુધી અનુ. જાતિ/જનજાતિ માટે ૫૦ ટકા તથા અન્યને માટે ૩૩.૩૩ ટકા રાખેલ છે.

આ ઉપરાંત નિગમની 'તાલીમ યોજના' અંતર્ગત પરંપરાગત ગૃહઉદ્યોગ સહિત સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી જરૂરિયાતવાળી બહેનો માટે રોજગારલક્ષી તાલીમનું

આયોજન કરવામાં આવે છે. આમ મહિલાઓના કલા કૌશલ્યમાં વૃદ્ધિ કરવા નિગમ તરફથી કમ્પ્યૂટર અને ડાયમંડ કટિંગના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે.

આ ઉપરાંત આર્થિક રીતે ગરીબ અને પછાત મહિલાઓને રોજગાર આપતી સંસ્થાઓને આર્થિક અનુદાન, નિગમ તરફથી આપવામાં આવે છે. આ ઉપરાંતના રોડ યોજનામાં ગરીબી અને  પછાત વર્ગની જરૂરિયાત વાળી મહિલાઓને આધુનિક અને ઉત્પન્ન પરંપરાગત વ્યવસાયમાં તાલીમ આપી વેતન રોજગારી સ્વરોજગારી મેળવી આપવાનો ઉદ્દેશ છે.

## *(૫) ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી.ની યોજનાઓ :*

નિગમનો ઉદ્દેશ રાજ્યની ગરીબી રેખા હેઠળ જીવતી અનુસૂચિત જાતિની વ્યકિતને બેંકેબલ યોજના દ્વારા નાણાંકીય સવલતો પૂરી પાડી ચોક્કસ સમય મર્યાદામાં ગરીબી રેખામાંથી બહાર લાવી, આર્થિક ઉન્નતિ કરવાનો છે જેનાં ૩૫,૦૦૦ સુધીની યુનિટ કોસ્ટવાળા બેંકેબલ ધંધાઓ પરત્વે આ નિગમની જિલ્લા કચેરીઓ મારફતે બેન્કમાં લોન ધિરાણ માટે ભલામણ કરવામાં આવે છે. જેમાં અરજદાર ૧૦ થી ૬૦ વર્ષનો રૂા. ૧૧,૦૦૦ થી ઓછી વાર્ષિક આવક ધરાવતો હોવો જોઈએ.

આ ઉપરાંત નિગમ તરફથી માર્જિન મની ડિપોઝીટ યોજના ખાસ કેન્દ્રિય સહાયમાંથી સબસિડી આપવાની યોજના, અંબર સંસ્થા યોજના ઓટો રિક્ષા માલવાહક તથા પેસેન્જર યોજના તથા એન.એફ.ડી.સી. નવી દિલ્હી તરફથી તદ્દન હળવા વ્યાજે ૨૧ થી ૪૫ વર્ષના લાભાર્થીને વાયેબલ પ્રોજેકટની યુનિટ કોસ્ટના ૬૦ થી ૬૫ ટકાની મર્યાદામાં લોન આપે છે જેમાં અરજદારની વાર્ષિક આવક રૂા. ૨૨,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ. આમાં વાયેબલ પ્રોજેકટ કુલ દશ છે. મેટાડોર, પેસેન્જર રિક્ષા, વિડિયોગ્રાફી, પાવરલુમ, ફાર્મસી, ફોટોગ્રાફી, સેન્ટરિંગ, ટી.વી. રિપેરિંગ, કેરિયર રિક્ષા, દુધાળા ઢોર, વગેરે.

## ✰ અનુસૂચિત જનજાતિઓ માટેની વિવિધ યોજનાઓ :

બેન્કેબલ યોજના હેઠળ કુટિર ઉદ્યોગ અને નાના પાયાના વ્યવસાયો માટે કુલ યુનિટ કોસ્ટના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૫૦૦૦ની મર્યાદામાં સબસિડી આપવામાં આવે છે. આ ઉપરાંત વાંસકામ સહાય, માનવ ગરિમા યોજના તથા વંશ પરંપરાગત વ્યવસાય માટે સહાય આદિ યોજનાઓનું અમલીકરણ જિલ્લા તકેદારી અધિકારીશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે.

## ✰ સમાજ કલ્યાણ ખાતાની યોજનાઓ :

અનુ. જાતિના લાભાર્થીને બેન્કેબલ યોજના હેઠળ કુટિર ઉદ્યોગ અને નાના પાયાની વ્યવસાયો માટે એકમ દીઠ કુલ કિંમતના અડધા અથવા વધુમાં વધુ રૂા. ૬૦૦૦ સબસિડી પેટે આપવામાં આવે છે. આ ઉપરાંત માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગાર કરવા માટે રૂા. ૩૦૦૦ સહાય આપવામાં આવે છે.

## ✰ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર દ્વારા ચાલતી સ્વરોજગારી યોજના :

અનુ. જનજાતિના લાભાર્થીને સ્વરોજગારીના હેતુ માટે રૂા. ૫ લાખ સુધીનું ધિરાણ નાના–મોટા રોજગાર ધંધા ઉદ્યોગ માટે પૂરું પાડવામાં આવે છે. લાભાર્થીની વાર્ષિક આવક રૂા. ૧ લાખથી વધુ  ન હોવી જોઈએ આમાં કુટિર ઉદ્યોગ દ્વારા સમાવિષ્ટ નાના ઉદ્યોગ ધંધા સ્વરોજગારીના સાધનોનો સમાવેશ થયેલો છે.

આ ઉપરાંત વ્યકિતગત ધોરણે સીધું ધિરાણ યોજના હેઠળ ગ્રામ્ય કક્ષાએ રૂા. ૩૧૯ ૫૨, શહેરીકક્ષાએ રૂા. ૪૨૪૧૨ કુટુંબની કુલ વાર્ષિક આવક ધરાવતા ૧૮ થી ૫૦ વર્ષની વયના આદિજાતિના સ્વરોજગાર ઈચ્છુકોને રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ નાણાં અને વિકાસ નિગમ આ યોજના અમલમાં છે.

## ✰ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની સ્વરોજગાર યોજનાઓ:

કુટિર ઉદ્યોગ અને નાના વ્યવસાયો શરૂ કરવા માટે ધિરાણની રકમના ૩૩ ૧/૩ ટકા લેખે રૂા. ૫૦૦૦ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે તેમજ બેન્કને માસિક

મનીની ડિપોઝીટની રકમ પણ આપવામાં આવે છે. આમાં વ્યકિતની આવક રૂા. ૧૧,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ આ ઉપરાંત માનવ ગરિમાં સ્વરોજગારી યોજના અને લાભાર્થીને રૂા. ૨૦૦૦ની સહાય આપવામાં આવે છે.

## ✰ *ગુજરાત લઘુતમ બોર્ડ/નિગમની યોજનાઓ :*

ગુજરાત અલ્પસંખ્ય નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગર દ્વારા લઘુમતી કોમની વ્યકિતઓને ઓટોરિક્ષા, કેરિયરરિક્ષા, ઝેરોક્ષ, કોમ્પ્યુટર આદી ખરીદવા સરળતાથી ધિરાણ મળી શકે છે. ઉપરાંત મોટર ડ્રાઈવિંગ તાલીમ માટેની પણ યોજના છે ભરત–ગૂંથણ, સીવણ, હસ્તકલા, દીવાસળી, હીરા ઘસવાની તાલીમ આદિ યોજનાઓનો લાભ નિગમ દ્વારા લઈ શકાય છે દુધાળા ઢોર, ઘેટાં વગેરે ખરીદવા લોન/સહાય મળી શકે છે.

## ✰ *સુવર્ણ જયંતિ શહેરી રોજગારી યોજનાઓ :*

શહેરમાં વસતા ગરીબો માટેનો આ કાર્યક્રમ છે. શહેરી વિસ્તારના રૂા. ૩૭૩.૧૬ સુધીની સભ્યદીઠ માસિક આવક ધરાવતા ૧૮ વર્ષથી મોટી વયના ધોરણ ૯ સુધીના અભ્યાસવાળા તેમજ ત્રણ વર્ષથી જે તે નગરપાલિકા વિસ્તારમાં વસતા બેરોજગારોને રૂા. ૫૦,૦૦૦ સુધીનો લોન સ્વરોજગાર માટે આપવામાં આવે છે.

## ✰ *ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ :*

નિગમ તરફથી જુદા જુદા ધંધા અને વ્યવસાય માટે આવક મર્યાદા સિવાય સફાઈ કામદારો અને તેના આશ્રિતોને પુનરોત્થાન માટે વ્યકિતગત રૂા. ૫ લાખ સુધીનું ધિરાણ ૬ ટકાના વ્યાજે કરવામાં આવે છે આ ઉપરાંત ખેતી આધારિત ઉદ્યોગો, નાના ઉદ્યોગો, સેવાકીય ઉદ્યોગો અને નાના ધંધા વેપાર માટે બેન્કો દ્વારા ધિરાણ આપવામાં આવે છે.

## ✰ *ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદની યોજનાઓ :*

બોર્ડ સ્વકીય રોજગારી સાધન કિટ્સ યોજના તળે રૂા. ૧૫૦૦ થી મર્યાદામાં કડિયા, મોચી, ધોબી, સુથાર, લુહાર, પ્રજાપતિ આદિ પરંપરાગત વ્યવસાયમાં સાધન

કિટ્સ આપે છે. ઉપરાંત મસાલા એકમ, પાપડ એકમ, અગરબત્તી, વાંસકામ, ફોટા ફ્રેમિંગમાં પણ આ સહાય મળે છે.

## ✰ *સર્વાંગી વિકાસના સહભાગી :*

ગુજરાતના સર્વાંગી વિકાસમાં જેટલો ફાળો ઉદ્યોગ સાહસિક અને મહેનતકશ ખેડૂતોનો રહેલો છે. તેટલો જ ફાળો ગુજરાતના ઉદ્યમી શ્રમિકોનો રહેલો છે. એક મત પ્રમાણે ગુજરાતમાં શ્રમિક સંગઠનની પ્રવૃત્તિ મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ૧૯૧૮માં અમદાવાદમાં મિલ કામદારોએ મિલમાલિકો સામે આદરેલા આંદોલનથી આરંભાયેલી ગણાય છે.

મિલ કામદારોએ શરૂ કરેલું આ આંદોલન એક ઐતિહાસિક ઘટના હતી. ગાંધીજીએ આ આંદોલનનું શ્રમિક કલ્યાણની દૃષ્ટિથી નિદર્શન કર્યું. અને તેને મૂલ્યનિષ્ઠ આકાર આપ્યો. કાદાચ એમ પણ કહી શકાય કે ગુજરાતમાં છેલ્લા દાયકાઓમાં વિકસેલી શ્રમિક કામદાર પ્રવૃત્તિ મહદઅંશે મૂલ્યનિષ્ઠતાથી વિચલિત થઈ નથી. આ પ્રવૃત્તિના ઉત્તરોત્તર વિકાસની સાથે કામદાર કલ્યાણની પ્રવૃત્તિને વેગ મળ્યો. શ્રમિક કામદાર માત્ર શોષિત વર્ગ ન રહેતા ધબકતા માનવજીવનનું એક ઉપકારક પરિબળ બની રહ્યો.

સમાજની સંપત્તિ પેદા કરવાની પ્રવૃત્તિ માત્ર માલિકોના સ્થાપિત હિતોને પોષવાની સમૃદ્ધ કરવાની અને શોષક અને શોષિત એમ બે ભિન્ન વર્ગો ઊભા કરવાની પ્રવૃત્તિ બની રહી તેની સામે વિશેષ કરીને યુરોપના કેટલાંક દેશોમાં ગયા શતકથી એક સંગઠિત અવાજ શરૂ થયો હતો. શ્રમિકો કામદારો પણ સર્જાતી સંપત્તિના ભાગીદાર છે અને તેઓને પણ તેમના સર્વાંગી વિકાસ માટે યોગ્ય વેતન તેમના અને તેમના પરિવાર માટે વિવિધ કલ્યાણકારી પગલા આવશ્યક છે તેવી માંગણી બુલંદ બની હતી અને શોષણવિહીન સમાજ રચનાની માંગ માટે આંદોલન થયા હતાં.

આ શતકની શરૂઆતમાં ભારતમાં પણ શ્રમિક કલ્યાણની પ્રવૃત્તિનો આરંભ થયો. ભારત સ્વતંત્ર થયું તે પહેલા આવી પ્રવૃત્તિઓને નિર્ધારીત વેગ મળે તે શકય ન હતું. ભારત સ્વતંત્ર થયા પછી શ્રમિક કામદારો પણ દેશની સંપત્તિ સર્જનની પ્રક્રિયાના અંગ છે.

અને તે બાબત સ્વીકારીને તેમના સર્વાંગી વિકાસ સલામતી, કાયદાકીય સંરક્ષણ, તબીબી સુવિધાઓ, નોકરીની સલામતી તેમના બાળકો માટે શિક્ષણની વિશેષ સુવિધાઓ વગેરે માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી. સરકાર ઉપરાંત વિવિધ કામદાર સંગઠનોએ પણ આવી પ્રવૃત્તિઓના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. ગુજરાત રાજ્ય દ્વારા કામદારો અને શ્રમિકોને અપાતા કાયદાકીય સંરક્ષણ અને લેવાતા સંખ્યાબંધ કલ્યાણકારી પગલાઓને કારણે ગુજરાત રાજ્યે શોષણવિહીન સમાજ રચનાની દિશામાં ઉલ્લેખનીય પ્રગતિ સિદ્ધ કરી છે.

ગુજરાત સમગ્ર દેશમાં ઔદ્યોગિક વિકાસની દષ્ટિએ અગ્રિમ હરોળનું સ્થાન ધરાવે છે. રાજ્યની ઔદ્યોગિક વિકાસની પ્રવૃત્તિ છેલ્લા ચાર દાયકાઓમાં ઘણી વેગવાન બની છે. ગુજરાત સરકારની ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિને કારણે ગુજરાત અને ગુજરાત બહારના ઉદ્યોગ સાહસિકોએ ગુજરાતમાં મોટા ઔદ્યોગિક સંકુલો ઊભા કર્યા છે.

ઔદ્યોગિક વિકાસની દષ્ટિએ ગુજરાત આજે સમગ્ર ભારતમાં મોખરાનું સ્થાન ધરાવે છે ઔદ્યોગિકરણની આ નીતિશીલ પ્રક્રિયાને વેગ આપવામાં રાજ્યમાં જોવા મળતું ઔદ્યોગિક શાસન એક મહત્ત્વનું પીઠબળ બની રહે છે. રાજ્ય સરકાર દ્વારા શ્રમિકો કામદારોના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે લેવાયેલા વિવિધ વૈજ્ઞાનિક પગલાં ઉપરાંત માલિકો અને મજૂરો વચ્ચે પરંપરાથી જે સદ્‌ભાવનો સેતુ રચાયો છે તે ગુજરાતના ભાવિ ઔદ્યોગિક વિકાસમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવનારું પરિબળ બની રહેશે.

આ કામદાર શ્રમિકોના સર્વાંગી કલ્યાણના પગલા માટેનું ચાલકબળ રહ્યું હોય તો તે છે મૂલ્યનિષ્ઠ માનવ સંબંધોની સ્થાપના. શોષણવિહીન સમાજ રચનાનું ઉમદા ધ્યેય અને સંપત્તિ સર્જનના સરખા ભાગીદાર એવા સમાજના બધા વર્ગો પ્રગતિશીલ જીવનની દિશામાં કૂચ કરી શકે અને તેઓને વિકાસની સંપૂર્ણ તકો પ્રાપ્ત થાય તેવા દિશાનિર્દેશને અનુસરીને ગુજરાત સરકારે કામદારો શ્રમિકોના કલ્યાણ માટેની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ માત્ર કાયદાકીય, ધારાકીય જોગવાઈઓ બની ન રહેતાં તેના અસરકારક અમલ માટે સમગ્રતંત્ર સંમત રહે છે. અને તેને પરિણામે સમગ્ર રાજ્યમાં ઔદ્યોગિક શાંતિના પાસા ઘણા મજબૂત બન્યા છે.

ગુજરાત રાજ્ય ઔદ્યોગિક રીતે અગ્રેસર રાજ્ય બની શકયું તેના અગત્યના કારણો રાજ્ય સરકારની ઉદ્યોગોના પ્રોત્સાહન આપવાની ઉદારનીતિ, પ્રાપ્ત માળખાકીય સગવડો ઉદ્યોગસાહસિકતાની સાથોસાથ ગુજરાતમાં પ્રસ્થાપેલી ઔદ્યોગિક જ્ઞાતિ અને રાજ્ય સરકાર શ્રમિકો કામદારોના કલ્યાણ માટેના લીધેલા સંખ્યાબંધ પગલા વગેરે છે. આ ઉપરાંત રોજગારી લક્ષી તાલીમ, માર્ગદર્શન અને વિશેષ કરીને રોજગાર પ્રાપ્તિ માટેની ઈચ્છા ધરાવનાર યુવા વર્ગને યોગ્ય રોજગારી પ્રાપ્ત થાય તે માટે પ્રથમ શ્રાવ્યમાધ્યમો દ્વારા માહિતી પ્રસારણનું સઘન કાર્ય હાથ ધરવામાં આવે છે.

ગુજરાત સરકાર દ્વારા કામદાર શ્રમિકોના સંબંધો સુમેળ ભર્યા બની રહે તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવે છે.

## ✰ *સામાન્ય જોગવાઈ :*

શ્રમ અને રોજગારની બાબતો પ્રત્યે પૂરતુ લક્ષ આપવાના અને જરૂરી રોજગારીનું નિર્માણ કરવામાં ઝડપી અને હેતુલક્ષી આયોજન કરવાના ઉદ્દેશથી રાજ્ય કક્ષાએ શ્રમ અને રોજગાર વિભાગની અલગ રચના તા. ૧૭ જુલાઈ ૧૯૮૦ થી કરવામાં આવી છે.

આ જોગવાઈ તરફથી મજૂર કલ્યાણ રોજગાર તાલીમ અને માનવ શકિતને લગતી બાબતો અંગેની નીતિનિયમો અને કાર્યક્રમો ઘડવામાં આવે છે. શ્રમિકો માટે કલ્યાણકારી પગલા અને રોજગાર નિર્માણ અંગેના કાર્યક્રમો પણ તૈયાર કરવામાં આવે છે.

સરકારે ઘડેલ નીતિનિયમો અને હુકમોનું અમલીકરણ વિભાગના વહીવટીતંત્ર હેઠળના ખાતાના વડાઓ દ્વારા કરવામાં આવે છે. આ વિભાગની પ્રજા કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓના વિકાસમાં મદદ કરવા, વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ નીચેના બોર્ડ રચવામાં આવ્યાં છે.

(૧) ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડ.
(૨) ગુજરાત ગ્રામ્ય કામદાર – કલ્યાણ બોર્ડ.
(૩) આરક્ષિત શ્રમ જીવીઓ માટેનું બોર્ડ.
(૪) રાજ્ય કોન્ટ્રાકટ મજૂર સલાહકાર બોર્ડ.
(૫) લઘુતમ વેતન સલાહકાર બોર્ડ.

આ ઉપરાંત સ્ટેટ એપ્રેન્ટીસશીપ કાઉન્સીલ તથા વેઠિયા મજૂરોના પુનર્વસવાટ જેવી પ્રવૃત્તિઓ અંગેની રાજ્ય કક્ષાની સલાહકાર સમિતિ શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ કાર્યરત છે. ખેત મજૂરોના લઘુતમ વેતનના અમલીકરણ માટે ભારતમાં સૌ પ્રથમ ગુજરાત રાજ્યે ગ્રામ મજૂર કમિશ્નરની સ્વતંત્ર કચેરીની રચના કરી છે.

## ✰ *નવમી પંચવર્ષીય યોજના અને અભિગમ :*

નવમી પંચવર્ષીય યોજના દરમિયાન સામાજિક સુરક્ષા સહિતની તમામ યોજનાઓનો લાભ ગ્રામીણ કામદારોને તમામ ૨૬ કેટેગરી મુજબ મળે તેવો અભિગમ ગ્રામ મજૂર તંત્ર દ્વારા રાખવામાં આવ્યો છે. આઠમી પંચવર્ષીય યોજનાની ૧૫ યોજના પૈકીની એક યોજના સિવાય તમામ યોજનાઓ ચાલુ રાખી તેમાં નવી ગ્રામીણ કામદારલક્ષી યોજનાઓનો સમાવેશ કરી હવે નીચે મુજબની પાંચ યોજનાઓમાં સંકલિત કરવામાં આવી છે :

*કોઠા નં. ૧.૩*
*પાંચ યોજનાનું સંકલન અને જોગવાઈ*

| *ક્રમ* | *યોજનાનું નામ* | *જોગવાઈ (રૂ. લાખમાં)* | *ભૌતિક લક્ષ્યાંક* |
|---|---|---|---|
| ૧. | અસંગઠિત કામદારોનું રક્ષણ અને કલ્યાણ | ૧૭૦.૪૦ | ૭૦ લાખ ગ્રામીણ કામદારનું કવરેજ |
| ૨. | ગુજરાત ગ્રામીણ કામદાર કલ્યાણ બોર્ડને અનુદાન | ૩૪.૪૮ | – |
| ૩. | વેઠ પ્રથા નાબૂદી ગરીબી લક્ષી કાર્યક્રમ તળેની યોજનાઓ | ૧.૦૦ | – |
| ૪. | ગ્રામીણ કામદારો માટે સામાજિક સુરક્ષા હેઠળની યોજના | ૮૨૩.૨૧ | ૭૦ લાખ કામદારોનું કવરેજ |
| ૫. | મકાન કામદારો માટે કલ્યાણ પ્રવૃત્તિ | ૧૩૦.૮૩ | ૪૮ મીઠા કામદારોનું કવરેજ |
| | કુલ | ૧૧૬૦.૦૦ | ૭૦ લાખ ગ્રામીણ કામદાર કવરેજ |

**પ્રાપ્તિ સ્થાન :** ભારત સરકાર ડાયરેકટર ઓફ પબ્લિકેશન દિલ્હી છઠ્ઠી, સાતમી, નવમી અને દશમી યોજના વોલ્યુમ–૧.

ઉપરોકત માહિતી પરથી જોઈ શકાય છે કે અસંગઠિત કામદારોનું રક્ષણ અને કલ્યાણ માટે ૧૭૦.૪૦ લાખની જોગવાઈ કરેલ છે જયારે ગુજરાત ગ્રામ્ય કારીગરો કલ્યાણ બોર્ડને અનુદાન ૩૪.૪૮ લાખની કરેલ છે.

એક તાત્ત્વિક વિચાર આ પ્રકારની "ખાસ અંગભૂત યોજનાના સંદર્ભમાં સ્પષ્ટ છે કે આ વર્ગના લોકો કે જેઓ સદીઓથી દબાયેલા, કચડાયેલા તથા શોષિત લોકો છે. આવા લોકોને આપમેળે આગળ આવવાની શકયતાઓ બહુ ઓછી હોય છે. તેથી આ વર્ગ માટે ખાસ અંગભૂત યોજના અને ખાસ કેન્દ્રિત સહાય યોજના" દ્વારા તેમના કલ્યાણ કાર્યક્રમોનો અમલ કરવાનું જરૂરી ગણાય છે. આ લોકો પોતાનો ધંધાનો વિકાસ કરી શકે, તેમનામાં સાહસિકવૃત્તિ ખીલે તે માટેના આ યોજના અંતર્ગત પ્રયાસ કરવામાં આવેલ છે. સરકારની ખાસ અંગભૂત યોજનાઓને કેન્દ્રિય સહાય યોજના શરૂ કરવાની ઘટના આ ફિલસૂફીની દિશામાં આગળ વધવાનું પ્રથમ સોપાન ગણાવી શકાય. આપણો અભ્યાસ "ગ્રામીણ કારીગરોની સમસ્યા અને ભાવિ" પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરવાનો હોઈ આવી યોજનાઓનો ઉલ્લેખ જરૂરી ગણાય તેમ છે. આટલી સંક્ષેપમાં ભૂમિકા દ્વારા ગ્રામીણ વિકાસની નીતિ તથા તે અંતર્ગત "ખાસ અંગભૂત યોજના"ની અગત્યતા તથા સામાન્ય માહિતી આપવાથી આ લોકોના ઉત્થાન અંગે સરકારશ્રી દ્વારા જે પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. તેનો આપણે પરિચય મેળવવો તે હેતુથી આ સંક્ષેપમાં વિવરણ કરવુ યોગ્ય ગણાયુ. વિશેષ વિગતવાર કાર્યક્રમોની છણાવટ કરવાનુ જરૂરી નથી. આપણો આ અભ્યાસ રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોને આવરી લેનાર હોઈ આ સમાજની પ્રવર્તમાનસ્થિતિ તથા તેના ઉત્કર્ષ માટેના કાર્યક્રમોનું સંક્ષેપમાં વિવરણ કર્યું છે. આ વર્ગના વિવિધ પાસાઓને આવરી લેતા દેશમાં  વિવિધ અભ્યાસો થયા છે, આ વર્ગની વિવિધ સમસ્યાઓ પર અનેક વિદ્વાનો એ લેખો દ્વારા પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. વિવિધ શૈક્ષણિક સંશોધન કેટલીક સંસ્થાઓએ પણ સંશોધન પ્રવૃત્તિ અંતર્ગત આ વર્ગની સમસ્યા પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે, આવા પ્રયત્નો આ વિષય બધી વિશાળ માહિતીનો પરિચય આપે છે. આપણો આ અભ્યાસ જ્ઞાનપ્રદેશનો વ્યાપ વધારવામાં કઈ રીતે પોતાનું

ઉપયોગી પ્રદાન કરી શકે તેના અવલોકન દ્વારા ખ્યાલ મળી શકશે તેથી આવા સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરવાનું જરૂરી ગણાયું છે.

આવા અભ્યાસો દેશ વ્યાપી ધોરણે પણ થાય છે અને રાજ્ય વ્યાપી ધોરણે પણ થયા છે. તથા કેટલાંક પ્રાદેશિક ધોરણે પણ થયા છે. આવા અભ્યાસો સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, રાજકીય અને આર્થિક દષ્ટિબિંદુથી થયા છે જેમાં આર્થિક દષ્ટિબિંદુથી આવા અભ્યાસો પ્રમાણમાં ઓછા થયેલ જોવા મળે છે. આ દષ્ટિથી હાલ પ્રાપ્ય સાહિત્યનો પરિચય મેળવવાથી આપણા અભ્યાસનું અનુસંધાન ગોઠવવાનું શકય બની શકે તેમ છે. આ રીતે સંદર્ભ સાહિત્યનું વિવરણ કરવું ઘણું જરૂરી બની રહે છે તેથી આ પછીના મુદ્દા નં. ૧.૧૯માં સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરવાનો સંક્ષેપમાં પ્રયત્ન કરવામાં આવેલો છે.

## ૧.૧૬ આર્થિક નીતિની ગ્રામીણ અર્થકારણ પરની અસરો :

સરકારની આર્થિક નીતિમાં અર્થતંત્રના જુદાં જુદાં ક્ષેત્રોની કામગીરીને પ્રભાવિત કરનારી નીતિઓનો સમાવેશ કરી શકાય. જેમ કે, નાણાંકીય વ્યવહારને અસર કરતી નાણાંકીયનીતિ, કરવેરાને અસર કરતી રાજકોષિયનીતિ, ઉદ્યોગોના વિકાસ અને નિયમન પર અસર કરતી ઔદ્યોગિકનીતિ અને શ્રમનીતિ, કૃષિ વિકાસ પર અસર કરતી કૃષિનીતિ વગેરે નીતિઓ જુદા જુદા ક્ષેત્રના વિકાસ અને નિયમનને ધ્યાનમાં રાખીને ઘડવમાં આવે છે.

### *(૧) કૃષિ વિકાસ અને નીતિ :*

ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં આર્થિક વિકાસની વ્યૂહરચનામાં જાહેર તેમજ ખાનગી ક્ષેત્રનું યોગ્ય રીતે મહત્ત્વ સ્વીકારીની આધુનિકરણ અપનાવી ઔદ્યોગિકરણને વેગવાન બનાવી કૃષિક્ષેત્રનો વિકાસ કરતાં તેમાં પણ આધુનિકરણ અપનાવવું શકય બનાવવાની નીતિનો સમાવેશ કરવાનો માર્ગ વ્યવહારું હોવાનું મંતવ્ય ધરાવીને પ્રો. દાતાવાલાએ ભારતમાં ઝડપી ઔદ્યોગિકરણની નીતિને આવકાર્ય નીતિ તરીકે ઓળખાવેલી. ઔદ્યોગિકક્ષેત્ર કૃષિક્ષેત્રની સ્પર્ધાત્મક સ્થિતિને બદલે સહાયકક્ષેત્ર તરીકે

મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તે ભારતમાં થયેલ કૃષિ વિકાસે સિદ્ધ કરી બતાવેલ છે. માત્ર જાહેરક્ષેત્રના વિકાસ દ્વારા સોવયેતીકરણને બદલે મિશ્રઅર્થતંત્ર દ્વારા ભારતીયકરણ વધુ વ્યવહારું ગણી શકાય. કૃષિક્ષેત્રમાં આધુનિકરણ અમલી બનાવવા, ઉદ્યોગોમાં ઉત્પાદિત કરેલા આધુનિક ઉપકરણો, રસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, ટ્રેકટ્ર, યંત્રો, ઓજારો જેવા આધુનિક સાધનોનો ઉપયોગ વધારીને ટેકનોલોજીકલ સુધારાઓ અપનાવી શકાય.

ભારતમાં બીજી યોજનાથી ભારે મૂડીમૂલક ઉદ્યોગોનું માળખુ સ્વીકારવા અંગે કૃષિ પેદાશના ભાવો નીચા રાખી ઉદ્યોગોને રક્ષણ આપી, કૃષિક્ષેત્રની ઉપેક્ષા કરવામાં આવેલ. અને કૃષિક્ષેત્રને ઓછું મહત્ત્વ આપવામાં આવેલ. પ્રો. શુલ્ટઝના મતે આ "Low regard for agriculture"ની નીતિ અપનાવી ભારતમાં અયોગ્ય આર્થિક નીતિનો સ્વીકાર થયેલો. આ પ્રકારના પ્રો. શુલ્ટઝના મંતવ્યને દઢપણે પ્રો. દાંતવાલાએ રદીયો આપેલો અને નૈતિકપણે ભારતનાં ઝડપી ઔદ્યોગિક વિકાસની નીતિની વ્યવહારું આવશ્યકતા હોવાનું જણાવેલ. આમ ભારતમાં નવી વ્યૂહરચના અંતર્ગત નવી ટેકનોલોજીના અમલીકરણને લીધે આધુનિક સાધનોના વપરાશ પર ભાર અપાયો છે તેને શકય બનાવવામાં ઔદ્યોગિક વિકાસ માટેનું મૂડીરોકાણ ઘણું ઉપકારક બનેલ છે. આમ ઉદ્યોગો માટેના આવા રોકાણને ખેતી માટે થયેલા મૂડી રોકાણ તરીકે ઘટાડવું જોઈએ અને તે દષ્ટિથી ખેતીની ઉપેક્ષા કરવા અંગેનો શુલ્ટઝનો અભિપ્રાય તદ્દન ગેરવ્યાજબી છે. તેમ દર્શાવેલ અને આપણે અપનાવેલ નીતિ ઉચિત હોવાનું ઠરાવેલ.

નવી વ્યૂહરચના દ્વારા અપનાવેલ હરિયાળીક્રાંતિ એ ભારતની ખેતીની કાયાપલટ કરી દીધી અને સ્થગિતાની સ્થિતિમાંથી બહાર કાઢી વિકાસને પંથે ગતિશીલ બનાવી. આ ક્રાંતિકારી પરિણામો લાવવામાં સરકારી નીતિ વિષયક પ્રયાસોને બદલે ટેકનોલોજીકલ સુધારાઓને ખેડૂતોએ જે ઝડપથી અપનાવા પ્રતિબદ્ધતા દર્શાવી છે તે બાબતે વિશેષ ભાગ ભજવ્યો હોવાનો તેઓ મત ધરાવતા હતાં.

હરિયાળી ક્રાંતિની સફળતામાં આ ખેડૂતોએ પોતાના શાણપણ અને બુદ્ધિમત્તાનો પરચો બતાવેલ છે. હિંમતભેર આ ટેકનોલોજીકલ સુધારાઓ સ્વીકારવાની ખેડૂતોની

પ્રતિબદ્ધતાને લીધે ભારતમાં હરિયાળી ક્રાંતિ સફળ થઈ હતી. માત્ર ભાવનીતિના પ્રોત્સાહનથી આ પરિણામ લાવી શકાયું ન હતું. બધા સાધનોના પેકેજ દ્વારા જ આ સિદ્ધિ હાંસલ થઈ છે.

કૃષિ વિકાસના પ્રશંસક અને સાચા હિમાયતી હોવાની સાથે સાથે હરિયાળી ક્રાંતિની કહેવાતી ઉદ્‌ભવ પામેલી મર્યાદાઓ અંગે સંતોષજનક સ્પષ્ટિકરણ આપીને કૃષિ વિકાસ અંગે માન્ય પરિણામથી ઊભા થતા વિવાદમાં સમાધાનકારી વલણ ધરાવતા જોવા મળે છે. હરિયાળી ક્રાંતિને લીધે પ્રાદેશિક અસમાનતા તેમજ ખેડૂતો વચ્ચે અસમાનતાની ખાઈ વધી હોવાની ટીકાઓ થવા પામી છે. ભૌગોલિક ભિન્નતાના કારણે કુદરતી સંસાધનોની ભિન્ન પરિસ્થિતિ આવા ભિન્ન પરિણામોમાં અગત્યનો ભાગ ભજવતી હોવાનો અભિપ્રાય તેઓ ધરાવે છે. નવી ટેકનોલોજીની મર્યાદાને પરિણામ ન ગણી શકાય. સ્વાભાવિક રીતે જ સિંચીત વિસ્તારોની કુદરતી સ્થિતિને લીધે ભિન્ન પરિણામો નીપજે તે સમજી શકાય તેમ છે. આ ભિન્નતાને વ્યવહારુ સ્પષ્ટીકરણ દ્વારા સમજાવવાનો મધ્યમ માર્ગ અપનાવી સમાધાનકારી વલણ અખત્યાર કરે છે જો કે તે અંગેના જરૂરી સૂચનો કરેલ છે.

હરીયાળી ક્રાંતિએ મોટા અને નાના ખેડૂતો વચ્ચે ભિન્નતાને જન્મ આપેલો છે. અને આવકની અસમાનતા ગ્રામ્ય વિસ્તારમાં વધારવામાં ભાગ ભજવ્યો હોવાનો મત ઘણાએ વ્યકત કરેલો. તેઓ પોતે પણ આવો જ અભિપ્રાય વ્યકત કરે છે કે, કૃષિ વિકાસની આ નીતિ દ્વારા ગરીબી ઘટાડવામાં અસમાનતા તેમજ બેરોજગારી ઘટાડવા માટે મદદ મળી શકી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં આ સમસ્યાઓ ગંભીર બનતી જોવા મળે છે. આ પરિસ્થિતિની ગંભીરતા એને ચિંતીત જણાય છે. ગ્રામીણ વિસ્તારમાં ભારતની મોટાભાગની વસ્તી વસવાટ કરે છે ત્યારે વિકાસના ફળો નોખી રીતે ગ્રામ્ય જનતા વચ્ચે વહેંચવા તે ઘણી આવશ્યક બાબત છે. આ ધ્યેય હાંસલ કરવા તથા પડકાર જીલી લેવા માટેની પ્રતિબદ્ધતાનો અભાવ જવાબદાર ગણી શકાય.

કૃષિ વિકાસક્ષેત્ર દરમિયાન મર્યાદાઓને લક્ષમાં લઈ તેના ભાવિ વિકાસ માટે રણનીતિ સુચવવામાં પણ પ્રો. દાંતવાલા સતત જાગૃત રહ્યા હોવાનો સ્પષ્ટ અણસાર તેના

લખાણોમાંથી પ્રાપ્ત થાય છે. ભાવિ વ્યૂહરચનામાં તેના વ્યૂહચાર અભિગમનો સ્પષ્ટ નિર્દેશ પ્રાપ્ત થાય છે. ભારતમાં મોટાભાગની ખેતી વરસાદી આધારિત વિસ્તારોમાં થતી હોય. આ અંગે સંશોધનોનું મહત્ત્વ વધી જાય છે. શુલ્ટઝ માને છે તેમ માત્ર પ્રોત્સાહક ભાવનીતિથી હલ થઈ જાય છે તેવી સરળ પ્રક્રિયા નથી પરંતુ ભારતની ખેતી સમસ્યા વિશેષ સંકુલ ગણી શકાય તેવી છે તેથી બિન સિંચન વિસ્તારો માટે ઓછી ખર્ચાળ, ઉત્પાદકતાવર્ધક બહારના સાધનો પર ઓછો આધાર રાખવો પડે તેવી નવી પદ્ધતિઓ વિકસાવવા પર સંશોધન પ્રયાસોમાં ખાસ પ્રાધાન્ય આપવાનું તેઓ જરૂરી ગણે છે. તાજેતરના વર્ષોમાં પર્યાવરણની સમસ્યા અંગે પણ વિશેષ ચિંતા વ્યકત થઈ રહી છે. પર્યાવરણવાદીઓ દ્વારા જમીન ધોવાણ ઘસારો, ફળદ્રુપતા અને ગુણવત્તાના નીચા સ્તરની સ્થિતિ, પાણીની અછત, ગુણવત્તાનો પ્રશ્ન, ક્ષારની સમસ્યા, જંગલો કપાતા ધોવાણનો પ્રશ્ન અને રાસાયણિક ખાતર, જંતુનાશક દવાની પ્રતિકૂળ અસરો વગેરે પ્રતિકુળ પર્યાવરણની સમસ્યાઓ અંગે ચિંતીત જણાય છે. આ અંગે નવા ટેકનોલોજીકલ સુધારાઓ અમલી બનાવવા પ્રયોગો સારા પરિણામ આપતા હોવાનું જણાય છે તેના ખર્ચ લાભની સ્થિતિ જાણી અર્થશાસ્ત્રીઓ અને ટેકનોલોજીકલ નિષ્ણાતો એ તેને ખેડૂતના ધોરણે અમલીકરણ માટે તથા પ્રચાર માટે વિશેષ ધ્યાન આપવું જોઈએ. આમ ભાવિ રણનીતિ સંબંધી યોગ્ય સૂચનોમાં વ્યવહારુ દષ્ટિકોણ અપનાવવાનું જરૂરી ગણે છે. આવા નવા સંશોધનો, બાયોટેકનાલોજી તથા મિશ્ર ખેતીવાડી, વિવિધ પાકોની નવી જાતો શોધી દીર્ઘકાલીન ધોરણે ટકાઉપાત્ર કૃષિ વિકાસને પ્રાપ્ત કરવાની, પર્યાવરણની માઠી અસરો સહીત પદ્ધતિઓને સમાવી શકાય આ અંગે સરકારે પણ વૈજ્ઞાનિકને પ્રોત્સાહન આપવું જરૂરી છે. વૈજ્ઞાનિકોએ પણ પોતાના અભિગમમાં પરિવર્તન લાવી દીર્ઘકાલીન પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી બનશે. પ્રો. દાંતવાલાએ ભારતીય અર્થતંત્ર અને સમાજને લક્ષમાં રાખી વ્યવહારુ અભિગમ કૃષિવિકાસની નીતિમાં કેવો હોવો જોઈએ. તેમજ હરીયાળી ક્રાંતિની સફળતા – મર્યાદા અને પર્યાવરણની સમસ્યાઓના સંદર્ભમાં ભાવિરૂણ નીતિ ઘડતી વેળાના દીર્ઘકાલીન ધ્યેયને સ્થાન આપવા ઉચિત ગણ્યું છે.

## (૨) ગ્રામીણ વિકાસ અને આયોજન :

કૃષિ વિકાસની નવી વ્યૂહરચનાના અમલીકરણ દરમિયાન સર્જાવા પામેલી વિસંગતતાઓ હલ કરવા જુદા જુદા સમયે, તબકકાવાર સરકારે ગ્રામ્ય વિકાસને લગતા વિવિધ કાર્યક્રમો અમલમાં મુકેલા છે. ગ્રામીણ વિકાસના આવા કાર્યક્રમો સંકલિત ગ્રામ વિકાસ યોજન અંતર્ગત કાર્યાન્વીત થયા છે. તે સઘળા કાર્યક્રમો દ્વારા નબળા વર્ગના લોકોને ઊંચે ઉઠાવવાની દિશામાં આગળ વધવાનો પ્રયાસ કરવામાં આવેલો હોવા છતાં આવા કાર્યક્રમો વિકાસ યોજનાની સાથે અનુબંધીત કરવામાં આવેલ નથી. તેથી આવા કાર્યક્રમોની અસરકારકતા ઘણી મર્યાદિત બની જતી હોવાના કારણે કામચલાઉ કાર્યક્રમો જેવા બની જવા પામેલ છે. વહીવટ કર્તાઓને આવા કાર્યક્રમો માહેના કાગળ પરના લક્ષ્યાંકો સિદ્ધ કરવા સિવાય માનવતાવાદી વલણને અપનાવવાની ભાગ્યે જ વૃત્તિ જણાતી હોય કાર્યક્ષમતાના અભાવે આવા કાર્યક્રમો અસરકારક બની શકયા નથી. આમ છતાં વધુ સઘન પરંતુ વ્યવહાર નીતિનો આશ્રય લેવાનું જરૂરી છે. ગ્રામ સમાજના સામાજિક માળખામાં પણ વ્યવહારુ પરિવર્તનો લાવવા જરૂરી છે. આમ કરવાથી ગરીબી, અસમાનતા અને બેરોજગારીની સમસ્યા પર મૂળમાં જ ઘા કરવો જરૂરી છે. વિકેન્દ્રિત આયોજનની નીતિના વ્યવહારુ અભિગમથી ગ્રામ વિકાસની દિશામાં ધાર્યા પરિણામો હાંસલ કરી શકાય. જે તે વિસ્તારના સાધનો અને વિકાસની શકયતાઓના મૂલ્યાંકન પર જ કાર્યક્રમ ઘડી શકાય તથા કાર્યક્રમ ઘડતીવેળા નબળા વર્ગો અત્યારે જે આર્થિક પ્રવૃત્તિઓમાં પડેલા છે. તેમને પ્રોત્સાહન મળે અને તેમની ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય તેવી મૂડીરોકાણની યોજનાઓને સહુથી ઊંચો અગત્યનો ક્રમ આપવો જોઈએ આ પ્રક્રિયામાં પંચાયતોની સામેલગીરી અગત્યની ગણાય.

ગ્રામીણ વિકાસ કાર્યક્રમો અંતર્ગત નાના, સીમાન્ત ખેડૂતો, પછાતવર્ગના ખેત મજૂરો, કારીગરો, બેરોજગારો વગેરેને ધ્યાનમાં રાખી વિવિધ યોજનાઓ અમલી

બનાવાય છે. તેનાથી ગ્રામ વિકાસની કાયમી સ્થિતિ મજબૂત બનાવવાનું શકય નથી. આ માટે સ્થાનિક સાધનોની માહિતીનો સક્ષમ ઉપયોગ અને સ્થાનિક પ્રશ્નો સમસ્યાઓની યોગ્ય જાણકારી અને સમજણ પર તેઓ વિશેષ ભાર મુકે છે. પ્રો દાંતવાલાની આ પ્રશ્નો પ્રત્યે નિહાળવાની દષ્ટિ વિશિષ્ટ હોઈ સામાન્ય રાજકારણીઓના અભિગમ કરતાં વધુ વ્યવહારુ રીતે આ પ્રશ્નો હલ કરવાનું વધુ ચોકસાઈ પૂર્વક શકય બની શકે તેમ છે. રાજકીય કાર્યક્રરો, નેતાઓ પ્રતિષ્ઠાની હોડમાં દોડી આ કાર્યક્રમનો પોતાના મતના રાજકારણ સાથે સાંકળવા વધુ તત્પર હોઈ. સ્થાનિક લોકોના સહયોગ કે સામેલગીરી અંગે વધુ ચિંતિત હોતા નથી. કાર્યક્રમોના હાર્દ અંગે તેઓ ઉપેક્ષા સેવે છે. તેઓ માને છે કે ગરીબીને સમજવી એક વાત છે. પરંતુ ગરીબોને સમજવાએ તદ્દન ભિન્ન બાબત છે. માનવીય અભિગમથી જ આંતરસુઝ દ્વારા ગરીબોની નજીક જઈને તેને સાચી રીતે સમજી શકાય. આંકડાકીય વિગતોથી ગરીબી અંગે માહિતગાર બની શકાય પરંતુ તેની સમસ્યાને સમજવામાં તે મદદરૂપ બની શકે નહીં તેમ તેઓ માને છે ભારતીય સમાજમાં ઊંડા ઉતરી તેઓના પ્રશ્નોમાં તેઓને સક્રીય ભાગીદાર બનાવી, તેના યોગ્ય નિરાકરણ માટે તેઓને સામેલ કરવાથી આવા કાર્યક્રમોને અસરકારક બનાવી શકાય.

## *(૩) કૃષિ ભાવનીતિ :*

ભારતના અર્થતંત્રને અનુરૂપ કૃષિ ભાવનીતિ ઘડયાની હિમાયત કરનાર પ્રો. દાંતવાલાએ કૃષિ ભાવપંચના પ્રત્યક્ષ અધ્યક્ષ તરીકે દીર્ઘકાલીન ભાવનીતિ માટે કિંમત નિર્ધારીત પાયાના સિદ્ધાંતો પ્રસ્થાપિત કરીને મહત્ત્વનું પ્રદાન કર્યું છે. કૃષિ ભાવનીતિ અને તે માટે રાજ્યની કામગીરી સંબંધી તેઓનો અભિગમ ભારતીય સમાજને અનુરૂપ વ્યવહાર રહ્યો છે. જે દેશમાં ૫૦ ટકાથી જેટલી ઓછી વસ્તી ગરીબીમાં જીવન વ્યતિત કરતી હોય, ત્યાં અનાજની વિતરણ વ્યવસ્થાને ખાનગી વ્યાપારને ભરોસે છોડી દઈ શકાય નહી. આવા સંજોગોમાં રાજ્યએ દરમિયાનગીરી કરીને સક્રિય કામગીરી પ્રજાકલ્યાણના

હેતુથી બજાવવી પડે. જાહેર વિતરણ વ્યવસ્થાને સીમિત બનાવી યોગદાન આપવુ પડે. કૃષિ ભાવપંચ દ્વારા અપનાવવામાં આવતી ભાવ નિર્ધારણની પદ્ધતિમાં પ્રતિભાવો તેમજ ન્યૂનતમ ટેકાના ભાવો જાહેર કરવા માટે મધ્યમમાર્ગી અભિગમ અખત્યાર કરવો જોઈએ તેઓ માનતા કે ઉત્પાદકોને ઉત્પાદન વધારવામાં રસ ટકી રહે તેમજ ગરીબ જનતાએ ઉપભોકતા તરીકે વધુ પડતા ભાવો ચૂકવવા ન પડે તેવી આદર્શ મધ્યમમાર્ગી વ્યવહારુ ભાવનીતિ ભારત માટે જરૂરી ગણાય. આમ, આ રીતે જાહેર કરાતા ભાવો ઉત્પાદકો માટે પોષણક્ષમ ભાવો બની રહ્યા છે. જયારે બીજી બાજુ ઉપભોકતાઓના પણ હિત રક્ષણ કરનારા રહ્યા છે.

ભારત જેવા રાષ્ટ્રોમાં કૃષિ ઉત્પાદન વધારવામાં ભાવનીતિનું પ્રદાન ઘણું મર્યાદિત રહેલું છે કેમ કે વાસ્તવમાં અનેક પ્રોત્સાહક પગલાઓના પેકેજવાળી પ્રોત્સાહક નીતિ વધુ ઉપયોગી બની શકે. આમ કૃષિ ભાવનીતિ પ્રત્યે સમતોલ દષ્ટિકોણથી નિહાળવાનું વ્યવહારુ વલણ અને માનવીય અભિગમ ધરાવનાર તરીકે તેનું પ્રદાન અમૂલ્ય ગણી શકાય.

## *(૪) ગ્રામ ધિરાણ નીતિ :*

આઝાદી બાદ રિઝર્વ બેન્કનાં તેમજ હાલ નાબાર્ડનાં સક્રિય સહયોગથી ગ્રામધિરાણ વ્યવસ્થા ગ્રામ વિકાસ માટે ઉપયોગી ફાળો આપી રહેલ છે. પ્રાદેશિક ગ્રામીણ બેન્કો પણ આ દિશામાં યોગદાન આપતી રહી હોઈ ગ્રામ ધિરાણની સમગ્ર વ્યવસ્થા ઉપયોગી ફાળો આપનારી નીવડી છે. આમ છતાં તાજેતરના વર્ષમાં સહકારી ધિરાણ વ્યવસ્થાનો વેગ મંદ પડી રહ્યો હોય તેમ જણાય છે. પ્રાદેશિક ગ્રામીણ બેન્કોની કાર્યક્ષમતા સુધારણા અંગેના સૂચનો રહ્યા છે. નાના ખેડૂતોમાં ખેતીનું હિત સંકળાયેલ હોવાથી નાના ખેડૂતને, નાના માણસને મદદગાર થવા આ સંસ્થાઓએ યોગદાન આપવું જોઈએ. આમ નાના માણસ અને નાના ખેડૂતને ઉપયોગી થવાની સહકારી વ્યવસ્થાની ભૂમિકાને સ્વીકારવાની સાથે

સાથે નબળી કામગીરીમાં સુધારો લાવવાની બાબતને મહત્ત્વ આપીને સહકારી વ્યવસ્થાને મજબૂત બનાવવાની જરૂરી છે.

કોંગ્રેસના એક દસ્તાવેજમાં ગ્રામ વિસ્તારમાં ઓછી ખર્ચાળ, નાની અને લોકોને જલ્દી સુલભ બને તેવી વ્યવસ્થાની હિમાયત કરવામાં આવી. ગ્રામસમાજના લોકો સાથે તાદાત્મ્ય સાધી શકે તેવી વ્યવસ્થા વધુ ઉપયોગી બને. સ્થાનિક લોકોમાં આકર્ષણ ઊભું કરે તથા લોકોમાં બને તેટલો મધુર વ્યવહાર કરનારા કર્મચારીઓ આવી સંસ્થાનું સંચાલન કરે. ગ્રામીણ બેન્કોમાં પણ આ અભિગમ અપનાવી, કાર્યક્ષમતા સુધારી આ બેન્કોએ સક્રિય કામગીરી બજાવવી જોઈએ. ગરીબી નિવારણ માટે ધિરાણ વ્યવસ્થાએ વિધેયાત્મક અભિગમ અપનાવવો જોઈએ. ધિરાણ દ્વારા ગરીબોની ઉત્પાદનક્ષમતા વધે અને કુનેહ, આવડત, કુશળતા, જાણકારી વગેરે માપદંડોને લક્ષમાં લઈ આવા ધિરાણો દ્વારા કાયમી ધોરણે આવક વધે, તેવી ધિરાણનીતિને આવકાર્ય ગણતા. આવા ધિરાણોથી તેની ઉત્પાદનવર્ધક શકિતનો વિકાસ થાય અને કાયમી ધોરણે તેની આવકસર્જન ક્ષમતામાં સુધારો થાય. તેવી પ્રવૃત્તિમાં ધિરાણ મેળવનાર નાનો માણસ પ્રવૃત્ત બને તે બાબતને જોવાનો આગ્રહ રાખે તેવી નીતિને આવકારતા આવા ધિરાણો પ્રાપ્ત કરી ગરીબીના સંકજામાંથી કાયમી ધોરણે તે બહાર આવે, સ્વમાની માણતો થાય તેવી માનવીય અભિગમ સાથેની ગ્રામ ધિરાણનીતિની હંમેશા હિમાયત કરતાં વિધેયાત્મક અભિગમ દ્વારા સહકારી સંસ્થાઓ, નાના માણસને ઉપયોગી કે સહાયક બની શકે તે માટે સહકારી સંસ્થાઓની વ્યવસ્થિત સાફ સુફી કરવાની હિમાયત કરતાં જણાવે છે કે "Considerable cleaning will have to be done before they can do so."

## *(૫) કૃષિશ્રમ અને રોજગાર :*

રોજગારીના વિવિધ સ્તરો, બેરોજગારીનું સ્વરૂપ વગેરે પાસા તથા ગ્રામ્ય વિસ્તારમાં બેરોજગારીનું સ્વરૂપ કેવું છે ? કૃષિક્ષેત્રની રોજગારી પુરી પાડવામાં ઊભી થતી મર્યાદાઓને લક્ષમાં લઈ બિનકૃષિ ક્ષેત્રમાં રોજગારીને વિકસાવવા પર ભાર આપી, ઔદ્યોગિકરણને વેગવાન બનાવવાની નીતિની હિમાયત કરેલ છે. હરિયાળી ક્રાંતિએ નવી

રોજીની તકો સર્જી છે તેના કરતાં વિશેષ પ્રમાણમાં બેરોજગારી વધી રહી હોઈ, ઔદ્યોગિક વિકાસ પર ભાર મૂકવાનું જરૂરી છે.

માત્ર રોજગારી ઊભી કરવા માટે ખાડા ખોદાવી મજૂરી ચૂકવવાની નીતિને તેનો દયાદાનમાં ખપાવતા અને કામચલાઉ પગલા તરીકે લેવાયા હતા. શહેરીકરણને વેગવાન બનવા દીધા સિવાય ગ્રામ્યક્ષેત્રમાં જ રોજગારીની તકો, બિનકૃષિક્ષેત્રમાં સર્જવાની હિમાયત કરેલ. ગ્રામીણ રોજગારી વર્ધક પગલાઓમાં ખૂટતી કડીઓ અને પૂરક સવલતો, રસ્તાઓ, ગોદામો, પ્રોસેસીંગ પ્રવૃત્તિ વગેરે સુવિધાઓ કરી આવા લાભો નબળા વર્ગ હસ્તક જ રહેવા પામે તે માટે ધિરાણપંચ, બજાર, ગ્રાહકોની સહકારી પ્રવૃત્તિ વગેરે બાબતોમાં સંસ્થાકીય માળખાગત ફેરફારો કરવા જરૂરી છે. આ ઉપરાંત આવા કાર્યક્રમોનું બીજું સંભવિત પાસુ તાલીમનું છે. જેમાં ભૂમિસંરક્ષણ, જમીન સુધારણા, પાળા બાંધવાની કામગીરી, પશુ ઉછેર, મરઘા ઉછેર, ખેતપેદાશોનું પ્રોસેસિંગ, રોગ પ્રતિરોધક, સ્વાસ્થ્યવર્ધક સેવાઓનો સમાવેશ થઈ શકે. ગ્રામ્યક્ષેત્રે જ આવી તાલીમ આપવા પર ભાર મુકવો જોઈએ. આમ છેલ્લા ગરીબ માનવી સુધી લાભો પહોચાડવાના અભિગમરૂપે જણાવે છે. આર્થિક વિકાસના ફળોના લાભ તથા વિવિધ કાર્યક્રમોના લાભથી વંચિત રહી જતા નબળા વર્ગો માટે સમય, સ્થળ, કાર્યકુશળતા, માનસિક વલણો, કાર્યપ્રેરણાઓ અને સામાજિક મર્યાદાઓને અનુકૂળ એવા ગ્રામવિકાસના કાર્યક્રમોનું કેવી રીતે વિકાસ યોજનાઓમાં સંયોજન કરવુ તે હજુ પણ આપણે જાણતા નથી.

આર્થિક વિકાસ અને રોજગારી વચ્ચેનો નિશ્ચિત સંબંધ વ્યકત કરવામાં સ્પષ્ટતા કરવી જોઈએ. વાસ્તવમાં આર્થિક વિકાસ થતા આપોઆપ જ બેરોજગારીનો પ્રશ્ન ઉકેલાઈ જશે નહીં. ઊલ્ટાનું આ સમસ્યા વધુ વણસે પણ ખરી આમ થતા ઝડપી આર્થિક વિકાસ જ બેકારીની અને ગરીબીની સમસ્યા હળવી કરી શકે તે વાત પણ એટલી જ સત્ય છે. આઝાદી બાદ ચાર દાયકાઓ દરમિયાન હાંસલ કરેલ વિકાસની ગતિને લક્ષમાં લઈ આપણે ઉદારીકરણની જે નીતિ અપનાવી છે તેના સંદર્ભમાં બેરોજગારીની સમસ્યા પર નજર દોડાવવાની જરૂર છે. આ નીતિને કારણે બેરોજગારીની સમસ્યા વધુ ગંભીર બનવાની સંભાવના રહેલ છે, ટેકનોલોજીલક્ષી અને ગ્રામોદ્યોગો અને કારીગર ક્ષેત્રના

વિવિધ વ્યવસાયો, અસંગઠિત ક્ષેત્રના કારીગરીવાળા ઘરગથ્થું પેદાશોના ક્ષેત્રો માટે આ હરીફાઈ અતિવિનાશક પરિણામો સર્જી શકે તેમ છે. બેરોજગારીમાં વૃદ્ધિ કરનાર નીવડે તેવા સંકેત મળે છે. તેથી આ નાના માણસોના ક્ષેત્રોને બચાવવાની જરૂરિયાત ઊભી થઈ છે.

૧૯૪૮ની આર્થિકનીતિના સંદર્ભમાં આ ક્ષેત્રની સ્થિતિ સંબંધી વિશ્લેષણ કરતાં કારીગર ક્ષેત્રની રોજગારી અંગે ચિંતાજનક સ્થિતિ ઊભી થયાનું જાણવા મળે છે. ગ્રામ્ય ક્ષેત્રમાં આવા નાના ગૃહ અને કુટીર ઉદ્યોગો ભાંગી રહ્યા છે. તેમની રોજગારીનું પ્રમાણ ઘટી રહ્યું હોવાનું જણાયું છે આ ક્ષેત્રની બેકારીની સમસ્યા માનવીય ધોરણે તેમજ સાંસ્કૃતિક દષ્ટિએ હલ કરવાની જરૂર છે. ગ્રામીણ અને કુટીર ઉદ્યોગોમાં પૂર્ણ રોજગારી જાળવી રાખવા અને ઉત્પાદનની મહત્તમ કાર્યક્ષમતા ટકાવી રાખવાનાં હેતુઓ દર્શાવવામાં આવેલા. આ દિશામાં ખરેખર વિપરીત સ્થિતિ નિર્માણ થયેલી જોઈ શકાય છે વિદેશીમાલ તેમજ દેશના અનુકૂળ ક્ષેત્રના માલથી આ ગ્રામીણ વિસ્તારો ઊભરાઈ રહ્યા છે તેમજ મોટા પડકાર ઊભો કરી રહેલ છે. આ વર્ગની આર્થિક બરબાદી અને કંગાળીયત તથા વિસ્તરી રહેલી બેકારીની સમસ્યાને ત્વરીત નિરાકરણની આવશ્યકતા છે.

પરંપરાગત રીતરસમથી આત્મજ્ઞાન નીતિ દ્વારા અને સબસિડીની નીતિ દ્વારા આ ક્ષેત્રને બચાવી શકાયું નથી. સ્થાનિક માલ, સ્થાનિક ઉત્પાદન અને સ્થાનિક ધોરણે વેચાણની રીત રસમથી આ ક્ષેત્રને બચાવવાનું અતિ કઠીન જણાય છે. ઉદારીકરણની નીતિ બાદ આ ક્ષેત્રમાં બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે. અને આ ક્ષેત્રના પડકારોનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. તેથી નવો અભિગમ અપનાવીને જ આ ક્ષેત્રને બચાવી શકાશે. સર્વાંગીય રીતે બધા કુટીર ઉદ્યોગોને બચાવી ન શકાય પરંતુ પસંદગીની નીતિ અપનાવી તેને બચાવી લેવા પ્રયત્નો કરવા જોઈએ. આમ આ ક્ષેત્રને માનવતાની દષ્ટિએ તેમજ સાંસ્કૃતિક વારસાની જાળવણીની દષ્ટિએ જોવાનો વિશિષ્ટ અભિગમ સૌથી જુદો પડી જતો જણાય છે. આ ક્ષેત્રને બચાવી ગ્રામીણ બેરોજગારીની સમસ્યા હલ કરવાની તાતી જરૂરિયાત જણાય છે. તે માટે નૂતન અભિગમ દ્વારા તેનું સમાધાન આપે તેવી નીતિ અપનાવી જોઈએ. જે રીતે સંગઠિત ઉદ્યોગોની આકર્ષક વસ્તુઓ બજારમાં પ્રચલીત બની છે તે

રીતની વેચાણકળાની અદ્યતન રસમો, બજાર સંશોધનો દ્વારા નૂતન બજારોની શોધ, કળાના પારખુઓને અનુરૂપ વસ્તુ બનાવવાની ટેકનીક, નવી ડીઝાઈન, આકર્ષક રંગ વગેરે પ્રયોગો અજમાવી નૂતન વેચાણકળાની પદ્ધતિઓ આ ક્ષેત્ર માટે ઉપયોગી બની શકે.

ઊંચી આવક સાપેક્ષતાવાળી વસ્તુ  તરીકે આવી વસ્તુઓના ચાહકવર્ગમાં, કલાકૃતિના શોખીન લોકોમાં ખાસ પ્રસિદ્ધિ અપાવી તેનો માર્ગ પ્રકાશિત કરવાની નીતિ અપનાવવામાં સરકારે સહયોગ આપવો જોઈએ. જેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેના બજારો મળી શકે. કુટિર અને ગ્રામોદ્યોગને બચાવવા અંગેની નીતિમાં, તેના ઉત્પાદનની કાર્યક્ષમતા ઊંચી લઈ જવા અને માનવ તથા અન્ય સાધનોની પૂર્ણ રોજગારીની પ્રાપ્તિ પ્રત્યે લક્ષ આપી બેરોજગારીની સમસ્યાને હલ કરવી જોઈએ.

સુધારાના ભાગ રૂપે ભારતના બજારને વિશ્વ માટે ખુલ્લું મૂકયું છે. ત્યારે આરોગ્યને હાનિકારક તેવી ચીજવસ્તુઓ દેશમાં ઠલવાશે. એટલે કે ઝેર ખાવાની મનાઈ છે. ખવડાવવાની નહીં ! ટેલીવિઝનની જાકઝમાળ જાહેરાતોએ બાળકોથી માંડી વૃદ્ધોને પણ ઝડપમાં લીધા છે. પરિણામે ગરીબ, મધ્યમ વર્ગના મા–બાપને સંતાનો વચ્ચે તિરાડો પડવા સંભવ છે. ઉપરાંત પર્યાવરણના પ્રશ્નો ઊભા કરે તેવી વસ્તુઓ ઉત્પન્ન કરતાં કારખાના તેમજ ટેકનોલોજી સાથે વિદેશી મૂડી દેશમાં આવી ગ્રામ્ય વિસ્તારમાં સ્થપાશે તો તેવા સુધારા ગામડાની સ્વતંત્રતા અને પર્યાવરણને ડખોળે તો નવાઈ નહીં. આ અંગેના વિવાદો આપણા દેશમાં ચાલી રહ્યા છે.

વ્યાપારના નામે દેશના અનેક ગૃહઉદ્યોગો–નાના પાયાના ઉદ્યોગ અને કેટલાંક મોટા એકમોનો પણ કચ્ચરઘાણ નીકળી ચૂકયો છે. અને બેકારીની ફોજમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ગામડાઓ આ સ્થિતિની ટકકર લઈ શકશે ? તે પ્રશ્ન છે.

ફુગાવાનો દર ઘટયો છે, પરંતુ આવશ્યક ચિજવસ્તુઓ મોંઘી બનતી જાય  છે. આયાત–નિકાસ વેપાર વધ્યો છે, પણ વિદેશી દેવું, વેપાર ખાદ્ય વધતી જાય છે. બિન કાર્યક્ષમ અને ભ્રષ્ટાચારી નીતિથી અને ભંડારોમાં અન્ન સડે છે. ભૂખ્યા લોકો સુધી પહોંચતું નથી અને કહેવાય છે કે અન્નની બાબતમાં સ્વાવલંબન પ્રાપ્ત કર્યું છે પણ કૃષિ ક્ષેત્રે વૃદ્ધિદર ઘટયો છે. અનેક ટકાઉ વપરાશી ઉચ્ચ જીવનધોરણ બક્ષતી વસ્તુઓથી બજાર

ઊભરાય છે ત્યારે ગ્રામ વિસ્તાર અને પછાત વિસ્તારના ગરીબો પાસે એટલી ખરીદ શકિત છે ?

આ તમામ સમસ્યાઓના સમાધાન વિના આર્થિક સુધારા, ઉદારીકરણ, વૈશ્વિકરણ, વિદેશી ચલણની અનામતોમાં વધારો, આર્થિક સ્થિરતા, નિકાસોમાં વૃદ્ધિ, ઊંચી આવક અને ઊંચો વૃદ્ધિદર વગેરે પ્રાપ્તિ ગૌણ છે.

### ✰ *કેટલાંક મંતવ્યો :*

આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખી આર્થિક સુધારાઓને કૃષિ તરફી અને ગ્રામ્ય વિકાસ તરફી આગળ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. આર્થિક સુધારા અપનાવવા સાથે ગ્રામીણ અર્થવ્યવસ્થા અને તેના પ્રશ્નો સ્થાનિક સંશોધનો તેને ઉપયોગી અને તેની યોજના બાબત પણ ધ્યાન દેવું આવશ્યક છે જેના માટે આર્થિક સુધારા થઈ રહ્યા છે. પ્રજાને આ કાર્યમાં સાંકળવી જોઈએ અને તે માટે યોજનાનું વિકેન્દ્રીકરણ કરી ગ્રામીણ પ્રજાને વિકાસના ભાગીદાર બનાવવા જોઈએ.

આ માટે ગ્રામ પ્રેરિત અર્થવ્યવસ્થાનો ખ્યાલ, સહકારી ખેતીનો વિકાસ, ગ્રામ ઉદ્યોગીકરણને પસંદગી, આર્થિક સ્વાવલંબન, શિક્ષણ, સાચી કેળવણી, પોતાપણાનો ખ્યાલ, સ્વરાજ અને સર્વોદય વગેરે અંગેના મહાત્મા ગાંધી અને પૂ. વિનોબાજીના વિચારોને આજે વ્યકિતગત રીતે, કૌટુંબિક રીતે, એક ગ્રામ ધોરણે સ્વીકારવાની તાતી આવશ્યકતા છે. ભારત આઝાદ થયું ત્યારે ગાંધીજીએ કહેલું કે ભારતના સાડા પાંચ લાખ ગામડાઓની દષ્ટિએ તો ભારતની સામાજિક, નૈતિક અને આર્થિક સ્વતંત્રતા સિદ્ધ કરવાની હજી બાકી છે. પૂ. વિનોબાજી એ પણ આજ વાતને અવિરતપણે ઘૂંટયા કરી હતી. હજી તો આ ગુલામ ગામોનો આઝાદ દેશ છે જાણે માટીનું બનેલું સુવર્ણ પણ આ બાબત આટલા વર્ષે પણ એટલી જ સાચી પડે છે. એટલે જ્યાં સુધી આઝાદ ગામોનો આઝાદ દેશ ન બનાવીએ ત્યાં સુધી જંપીને બેસી રહેવાના નથી.

આર્થિક સુધારાઓની ટોપી આપણે આપણા માપ પ્રમાણે વેતરવાની જરૂર છે નહીં કે વિકસીત દેશોના માપની. આજે 'Think global act local' સુત્ર નજર સમક્ષ

રાખવાની જરૂર છે જેમ ભારતીય અર્થતંત્ર માટે આર્થિક સુધારાના નવા વાઘા તૈયાર થાય છે તેમ ભારતીય ગ્રામીણ અર્થતંત્રની સુધારણા માટે ખેતી, ગ્રામ વિકાસ, ગ્રામોદ્યોગ, ગામડાની ભાતીગળ સંસ્કૃતિ, કલા, કૌશલ્ય, શિક્ષણ સહકાર, શહેરો તરફ દોટ મુકતા પ્રજાજનોને ગ્રામાભિમુખ બનાવવા સાચી કેળવણી વગેરેના વિકાસ માટે હવે ગ્રામ સુધારાની આવશ્યકતા રહે છે. કારણ કે પાણી માટે વલખા મારતા ગામડાઓમાં 'પેપ્સી' પહોચી છે. જે ભારતીય સંસ્કૃતિના મૂળીયા ઉપર ફેંકાયેલ એસીડ છે.

આપણી પાસે રહેલ વિપુલ માનવશ્રમને યોગ્ય રીતે શિક્ષિત કરી તેને ગૌરવનું જીવન આપવા અનેક ઉત્થાન કર્યા જેવા કે જંગી વિકાસ કાર્યક્રમો, પશુપાલન અને તેની સાથે સંકળાયેલા, ક્ષેત્ર દરિયાઈ જળસંપત્તિ, કૃષિ વિકાસ અને તેની સાથે સંકળાયેલી વિવિધ પ્રવૃત્તિઓ ઉદ્યોગો કુટીર ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગો વગેરેના વિકાસ માટે કુદરતી માનવ પર્યાવરણના રક્ષણ માટે નવેસરથી આર્થિક સુધારાના દષ્ટિબિંદુથી વિચારવુ પડશે અને એ રીતે ટકાઉ વિકાસની કેડી ઉપર આગળ વધવુ પડશે.

આર્થિક સુધારાના ભાગરૂપે કૃષિ, કૃષિ સાથે સંકળાયેલ આનુસંગીક ઉદ્યોગ અસ્તિત્વમાં આવનારી પેઢી સામે ટકી શકશે ખરા ? આ સુધારાઓ ગ્રામીણ સમાજના અસ્તિત્વ માટે જોખમ બને તો નવાઈ નહીં !

આર્થિક સુધારા બાદ ગ્રામ્યક્ષેત્રે રોજગારીનો પ્રશ્ન વધુ વિકટ બનતો ગયો છે. ગરબી–બેકારી નિવારણ કાર્યક્રમો અનેક કારણોસર સંપૂર્ણ સફળ થતા નથી. નવી નીતિ કે સુધારાઓ આપણને રોજગારીના ક્ષેત્રે કંઈ સ્પષ્ટ દર્શન કરાવતા નથી. ૧૯૭૭–૭૮ થી ૧૯૮૭–૮૮ અને લગભગ ૧૯૯૧ દરમિયાન રોજગારનો વાર્ષિક વૃદ્ધિદર અનુક્રમે ૧.૯ ટકા અને ૧.૬ ટકા જેટલો રહ્યો હતો. જે આર્થિક સુધારા બાદ ૭.૮ ટકા જેટલો થઈ ગયો છે. જેની સામે કામ માગનારની સંખ્યા ૧.૮ ટકાના દરે વધી કૃષિક્ષેત્રમાં રોજગારી વૃદ્ધિદર આ સમયગાળા દરમિયાન પ્રતિવર્ષે ૦.૯૨ ટકા જેટલો રહ્યો. ટૂંકમાં ગ્રામીણ ગરીબી અને બેકારીનું ટૂચકુ વધુ ગહેરૂ બન્યું છે.

આર્થિક સુધારા માટે સામાજિક સુખાકારી વધારવામાં પણ ઊણા ઉતર્યા છે. આજે એકવીસમી સદીના આરંભમાં પણ દેશમાં ૨૫ થી ૨૭ કરોડ જેટલા લોકો પુરતા અન્ન,

વસ્ત્ર અને મકાન જેવી પ્રાથમિક જરૂરિયાતથી વંચિત છે. ૪૫ ટકાથી વધુ લોકો અશુદ્ધ પાણી પીવે છે. ૯૭ ટકા ઘરમાં સેનેટરીની સુવિધા નથી. દર હજારે ૫૦ થી વધુ બાળકો તેનો બીજો જન્મ દિન ઉજવવા હયાત હોતા નથી. ૬૫ ટકાને વીજળીની સુવિધા નથી, ૫૫ ટકાથી વધુ નિરક્ષર છે. જાહેર ખર્ચ અને સરકારની દરમિયાનગીરી ઓછી કરવાની હિમાયત કરતાં નવા સુધારા જાહેર સુખાકારીના ખર્ચમાં કાપ મુકશે તો આ પરિસ્થિતિમાં કયારે સુધારો થશે ?

આજે પણ દેશમાં ૪૦ થી ૪૫ કરોડ નિરક્ષર છે. ઉદારીકરણથી સ્પર્ધાત્મક અર્થક્ષેત્રમાં આવા ગામડાંના લોકોના ભવિષ્ય માટે કોઈ નક્કર પ્રયત્નોનું દિશાસૂચન મળતું નથી.

ઉદારીકરણ અને વૈશ્વિકરણના આ વાયરામાં આવું બનવા પણ સંભવ છે કે નિકાસલક્ષી ઉદ્યોગોના લાભ મેળવવા કદાચ નબળા ગામ્ય સમાજ અને નાના ઉત્પાદકોના માલની સસ્તા ભાવે ખરીદી કરી તેની મલ્ટીનેશનલ કંપનીઓ નિકાસ કરી આપણા દેશની સંપત્તિ તેઓના દેશમાં ઢસડી જાય છે.

કદાચ આર્થિકક્ષેત્રે અપનાવેલ ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણનો જોક દેશના ધનિક ખાનગી ઉદ્યોગપતિ તથા ઉચ્ચશિક્ષણ મેળવેલા માટે સારી તક આપી શકે. પરંતુ બહુધા ગ્રામ સમાજની તો તેમાં ઉપેક્ષા જ રહી છે. પરિણામે આ સુધારા શહેરી, ગ્રામ, ગરીબ–તવંગર વચ્ચે અંતર વધારનાર બની રહે છે.

સ્વાતંત્ર્યોત્તર ગુલામીના દિવસોમાં જર્જરીત થયેલી અર્થ વ્યવસ્થાને વિકાસાત્મક બનાવવા માટે આપણે આયોજીત વિકાસની શરૂઆત કરી આઝાદીથી શરૂ કરી અત્યાર સુધીમાં અનેક પંચવર્ષીય યોજનાઓ પૂર્ણ થઈ. આ સમયગાળા દરમિયાન આપણે અનેક ક્ષેત્રે નક્કર અને નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. શરૂઆતમાં આપણે Growth દ્વારા Development તરફ જવાનો પ્રયત્ન કર્યો. અભ્યાસો અને અનુભવો દ્વારા જુદા જુદા કાર્યક્રમો, નીતિઓ, યોજનાઓ, પગલાંઓ ભરી દેશમાંથી ગરીબી, બેકારી અને અસમાનતા દૂર કરવાનો સંનિષ્ઠ પ્રયાસો કર્યા.

છેલ્લા કેટલાંક વર્ષોથી વૈશ્વિક સ્તરે આર્થિક પરિવર્તનો થઈ રહ્યા છે તેની અસર ભારત અને અન્ય વિકસિત વિકસતા દેશો પર પડી છે. ૧૯૮૫ પછી ભારતીય અર્થતંત્રની સ્થિતિ નબળી બનતી ચાલી. ગરીબી–બેકારી, પ્રાદેશિક અસમાનતાનો પ્રશ્ન, વધુ વિકટ બનતો ચાલ્યો, ભાવ વધારો કાયમી શીરદર્દ બન્યો, આંતરરાષ્ટ્રીય વ્યાપારના પણ કેટલાંક પ્રશ્નો ઊભા થયા. પરિણામ સ્વરૂપ ૧૯૯૧ની એટલે કે આઠમી યોજનાની શરૂઆત પહેલા જ ભારતમાં પદ્ધતિસર આર્થિક સુધારાઓની શરૂઆત થઈ. જેની વિવિધ ક્ષેત્રો ઉપર મિશ્ર અસરો જોવા મળી છે. ખાસ કરીને ઔદ્યોગિક વિકાસ, ખાનગીકરણ, ઉદારીકરણ તરફના જોકના કારણે તે ક્ષેત્રોની તુલનાએ ખેતી અને ગ્રામીણ વિકાસ ગ્રામીણ કારીગરો તથા સામાજિક વિકાસ તરફ ઓછું ધ્યાન અપાયું છે તેવું દેખાય રહ્યું છે.

## ૧.૧૭ ગ્રામીણ સમાજ પર શહેરીકરણની અસર :

વિશ્વના મોટાભાગના વિકાસશીલ રાષ્ટ્રો કૃષિક્ષેત્રમાં પ્રાધાન્ય ધરાવતા જોવા મળે છે. અને તેથી રાષ્ટ્રીય અર્થનીતિમાં આવા રાષ્ટ્રોએ કૃષિક્ષેત્રના વિકાસને ખાસ સ્થાન આપવું પડે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારતની આઝાદીની ચળવળમાં 'ગ્રામ્ય સમાજના' પ્રાધાન્યને કારણે ગ્રામ્ય સ્વરાજ્ય અને ગ્રામ ઉદ્ધારની બાબતો પર ખાસ ધ્યાન આપવાનું ઈચ્છનીય ગણ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ બાદની મોટાભાગની વિકાસશીલ રાષ્ટ્રોની વિકાસલક્ષીને પોતાના આગવા આર્થિક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં ઉચિત સ્થાન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ભારત દેશની છેલ્લી ૨૦૦૧ની વસ્તીગણતરીને ધ્યાનમાં લઈએ તો આજે પણ "ભારતની કુલ વસ્તીમાં ગ્રાર્મીણ વસ્તીનું પ્રમાણ ટકાવારીની દષ્ટિએ ૭૬% જેટલું રહેવા પામ્યું છે." આથી ભારતની સમગ્ર આર્થિક તથા સામાજિક વિકાસની વ્યૂહરચના ઘડતી વેળાએ ગ્રામવિકાસ પર ધ્યાન આપવાનું જરૂરી ગણવામાં આવે તે ઘણું સ્વાભાવિક જ લેખાય.

આર્થિક વિકાસની પ્રક્રિયા જેમ – જેમ વેગવાન બનવા પામે તેમ તેમ શહેરીકરણની પ્રક્રિયા પણ વેગવાન બનતી જોવા મળે છે. આ બાબત મોટાભાગના

વિકસિત રાષ્ટ્રોમાં બનતી જોવા મળે છે. આ મોટાભાગના વિકસિત રાષ્ટ્રોમાં બનેલી સામાન્ય ઘટના હોઈ તે પ્રક્રિયાને પણ વિકાસના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારવામાં આવે છે. પરંતુ આ શહેરીકરણની પ્રક્રિયાની જે પ્રતિકૂળ અસરો ગ્રામ્ય સમાજ પર પડે તો તે ઘણી જ કમનસીબ બીના ગણાવી શકાય. જો આ પ્રક્રિયામાં ગામડું ભાંગતું જાય અને વિકાસના ફળોનો લાભ અસમાન રીતે વહેંચવાની સ્થિતિ નિર્માણ થાય તો તે વિશેષ દુઃખદ ગણાય. પૂજય મહાત્મા ગાંધીજીએ આ અંગે સ્પષ્ટ મત વ્યકત કરેલો કે "સાચું ભારત ગામડામાં છે. ગામડા એ ભારતની કરોડરજ્જુ સમાન છે. રાષ્ટ્રની અપ્રતિમ તાકાત ગામડાઓ છે. પ્રગતિ અને પરિવર્તનના બદલાતાં સમયમાં સમાજની અપેક્ષાઓ બદલાતી જાય છે." પૂજય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આ વિચારોને વ્યકત કરી શ્રી ધરમભાઈ વણકર સંતુલિત ગ્રામ વિકાસના નૂતન અભિગમોની ઉચિત સમજણ આપે છે. આ ગ્રામ વિકાસને પૂરતું મહત્ત્વ આપીને શહેરીકરણની પ્રક્રિયા પર આધારિત આર્થિક વિકાસ થાય અને સંતુલન જળવાઈ રહે તે બાબત પ્રત્યે પણ પૂરતું લક્ષ્ય આપવા અંગે સ્પષ્ટ અભિપ્રાયો ઊભા થતા જોવા મળે છે. આમ ગ્રામીણ વિકાસની યોગ્ય વ્યૂહરચનાના ઘડતર અને અમલીકરણ પ્રત્યે અર્થનીતિમાં ઉચિત સ્થાન અપાય તે અંગે લગભગ સૌ સમાન મંતવ્યો ધરાવતા જોવા મળે છે. રાષ્ટ્રની સર્વાંગી ઉન્નતિનો આધાર ગ્રામ્યસમાજની ઉન્નતિ પર રહેલો છે, તેથી રાષ્ટ્રની સર્વાંગી અને સંગીન વિકાસયાત્રામાં ગ્રામસમાજ સક્રિય બને તે જરૂરી છે. ગ્રામ સમાજ તંદુરસ્ત બને તે બાબત પણ એટલી જ પાયાની ગણાય છે. કેમ કે આજના સમાજના અનેકવિધ દુષણોની પ્રતિકૂળ અસરો ગ્રામ સમાજ પર થવાની પૂરી સંભાવના છે.

ભારતની વિકાસ યાત્રામાં ગ્રામીણ સમાજ પ્રત્યે પ્રમાણમાં પૂરતું ધ્યાન અપાયું ન હોય શહેરીકરણની પ્રક્રિયા વેગવાન બનતા ગ્રામીણ સમાજમાં અનેક રીતે સમતુલાના સંકેતો દષ્ટિગોચર થતા જોવા મળે છે. શહેરીકરણની પ્રક્રિયા વેગવાન બનતી જવાના પરિણામ સ્વરૂપ ગામડાઓ ભાંગી રહ્યા છે. લોકોની શહેરો ભણી દોટ ઝડપી બની રહી છે તેનો સ્પષ્ટ અણસાર ૧૯૫૧ થી ૨૦૦૧ સુધીના આ અંગે નોંધાયેલ વસ્તીલક્ષી

ફેરફારોમાંથી મળી રહે છે. આ અંગેની સંકલિત માહિતી કોઠા ન. ૧.૪માં રજૂ કરવામાં આવી છે.

*કોઠા નં. ૧.૪*

*ભારતમાં ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ*

| *વર્ષ* | *ગ્રામીણ વસ્તી* | *શહેરી વસ્તી* | *કુલ વસ્તી* |
|---|---|---|---|
| 1951 | 83% | 17% | 100% |
| 1961 | 82% | 18% | 100% |
| 1971 | 80% | 20% | 100% |
| 1981 | 76% | 24% | 100% |
| 1991 | 74% | 26% | 100% |
| 2001 | 73% | 27% | 100% |

**પ્રાપ્તિ સ્થાન :**

(૧) ભારતીય ગ્રામ્ય અર્થતંત્ર વિકાસના પરિપ્રેક્ષ્ય પાના નં. ૫૮.

(૨) ગુજરાત સરકાર ગાંધીનગર આઠમી યોજના ૧૯૯૧.

## ✰ *વિશ્લેષણ :*

ઉપરોક્ત કોઠા નં. ૧:૧ની માહિતી તપાસતા ખ્યાલ આવે છે કે, ભારતીય અર્થતંત્રમાં આઝાદી બાદ વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા પછી વસ્તીમાં આવી રહેલ પરિવર્તનનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. વિકાસની પ્રક્રિયા દરમિયાન ગ્રામીણ વસ્તીનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું જોવા મળેલ છે. તે એક વિશ્વવ્યાપી સામાન્ય ઘટના ગણાય છે. જે બાબતનો પડઘો આપણી વિકાસ યાત્રામાં પણ દષ્ટિગોચર થાય છે. આ દષ્ટિએ આ ઘટનામાં કંઈ જ અનુચિત ન ગણાય. તેમ છતાં આ ઝડપી શહેરીકરણની પ્રક્રિયાએ ભારતમાં અનેકવિધ સમસ્યાઓને જન્મ આપેલો છે. અને ગામડાઓને ભાંગતા અટકાવવામાં જ આ સમસ્યાઓનો ઉકેલ છે તેવો મત તાજેતરના વર્ષોમાં ઘણો મજબૂત બની રહ્યો છે અને શહેરીકરણની દોટ પ્રત્યે લાલબત્તી ધરાવતા મતને સમર્થન આપનારા

સ્પષ્ટ મંતવ્ય ધરાવે છે. શહેરીકરણની સમસ્યાને હલ કરવી હોય તો ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની તકો ઊભી કરવી એ એક અનિવાર્ય શરત બની જાય છે." આમ ઝડપી સમતુલિત ગ્રામ વિકાસને આજના સમયની માગ તરીકે ઓળખવામાં આવે છે.

આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન ઝડપી શહેરીકરણ અને ગ્રામાભિમુખ નીતિની આવશ્યકતા અંગે ભાગ્યે જ વિવાદ જણાય છે. આ અસમતુલન નિવારવાની આવશ્યકતાની સાથે–સાથે ગ્રામ સમાજમાં પૂજય ગાંધીજીના આદર્શના સંદર્ભમાં જોવા મળતું અસમતુલન નિવારવા પર પણ ધ્યાન અપાય તે જરૂરી બનતું જાય છે. આઝાદી પછીના વર્ષોમાં પછાત વર્ગ અને દલિત વર્ગને લગતા વિશિષ્ટ પ્રકારના પ્રશ્નો દષ્ટિગોચર થતાં જોવા મળે છે. તેમજ સવર્ણ અને પછાત વર્ગની ભેદરેખા વધુ તીવ્ર બનવાના ઘણા અણસારો પ્રાપ્ત થતાં જોવા મળે છે. ગ્રામ સમાજમાં કારીગર વર્ગના લોકોનું જે પ્રમાણ છે તેનું ચિત્ર જોતા તે વર્ગની સમસ્યાઓ પ્રત્યે ખાસ ધ્યાન આપવાની જરૂરત સ્પષ્ટ પણે જણાઈ આવે છે. એક મત મુજબ આ વર્ગના લોકોનું કુલ વસ્તીમાં ટકાવારી પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું રહ્યું હોવાનું જાણવા મળે છે. ભારતની છેલ્લી વસ્તી ગણતરીના અંદાજો કોઠા નં. ૧.૫માં રજૂ કરવા પ્રયત્ન કરેલ છે. આ બાબત પરથી ગ્રામીણ કારીગરવર્ગની મૂળભૂત સમસ્યા પ્રત્યે પણ ગ્રામ વિકાસની જાતિમાં ખાસ ધ્યાન આપવું જોઈએ તેમ લાગે છે.

*કોઠા નં. ૧.૫*

*દેશની કુલવસ્તીમાં કારીગર વર્ગનું પ્રમાણ (ટકાવારીમાં)*

| *વર્ષ* | *કુલ વસ્તીમાં કારીગર વર્ગનું પ્રમાણ* | *કુલ વસ્તીમાં ગ્રામીણ કારીગર વર્ગનું પ્રમાણ* | *કુલ વસ્તીમાં શહેરી કારીગર વર્ગનું પ્રમાણ* |
|---|---|---|---|
| ૧૯૯૧ | ૩૪.૧ | ૫.૨ | ૯.૧ |
| ૨૦૦૧ | ૩૨.૦ | ૩.૮ | ૭.૬ |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતની વસ્તી ગણતરી' – ૧૯૯૧, ૨૦૦૧.

વિશ્લેષણ : ઉપરોક્ત કોઠા નં. ૧ : ૨ પરથી કારીગર વર્ગનું પ્રમાણ સંબંધી આંકડાકીય માહિતી રજૂ કરવામાં આવેલ છે. તેના પરથી બે બાબતોનો સ્પષ્ટ નિર્દેશ મળે

છે. એક વાત આ છેલ્લા બે દાયકા દરમિયાન ભારતમાં કુલ વસ્તીમાં કારીગરવર્ગનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું રહ્યું છે. આ દષ્ટિએ આપણા સમાજમાં પ્રગતિ થવાની સાથે સાથે કારીગર વર્ગનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું રહ્યું છે. આ દષ્ટિએ આપણા સમાજમાં પ્રગતિ થવાની સાથે સાથે કારીગર વર્ગનું પ્રમાણ સાપેક્ષ રીતે ઘટી રહેલ છે, આ અંગેની વિરોધાભાસી હકીકત ઊભરવા પામી છે. બીજી વાત આ સારણીની માહિતી પરથી એ જાણી શકાય છે કે શહેરી વિસ્તારમાં છેલ્લા બે દાયકાઓમાં કારીગરોનું પ્રમાણ વધુ રહેવા પામ્યું છે જયારે ગ્રામ્ય સમાજમાં કુલ વસ્તીમાં કારીગરોનું પ્રમાણ તુલનાત્મક દષ્ટિએ ઘણું ઓછું રહેવા પામેલ છે. શહેરી સમાજમાં આધુનિક વિચારસરણીનો પ્રચાર ઝડપી હોવા છતાં કારીગર વર્ગ માટે બહુ ઓછા પ્રશ્નો દષ્ટિગોચર થતા હોય છે. જયારે ગ્રામ્ય સમાજમાં આ વસ્તીનું પ્રમાણ ઓછું છે ત્યારે રૂઢિચુસ્ત સમાજ વ્યવસ્થામાં અનેક સમસ્યાઓ દષ્ટિગોચર થતી જોવા મળે છે. સમગ્ર સમાજની તુલનામાં સાપેક્ષ રીતે આ વર્ગના ભાગે જતાં લાભોની બાબતમાં પણ આ સમસ્યાઓના કારણે વિસંગતતા જોવા મળે તેવી સંભાવના ઊભી થાય છે. મુખ્યત્વે "આજે ગ્રામીણ જીવન ગરીબ અને પછાત છે. ગામડાનો પ્રત્યેક નાગરિક ઉત્પાદક નથી, વ્યવસાયી નથી, ઘણા કુટુંબો એવા છે કે જેમની પાસે આવકનું કોઈ સાધન નથી જરૂરિયાતો અને સુવિધાઓ વચ્ચે અસમતુલા ઊભી થયેલ છે અને તેથી અન્યાય અને શોષણની ભૂમિકા ઊભી થયેલી છે. જેથી અપેક્ષિત ગ્રામ સંપન્નતા ઉપસી શકતી નથી, અને તેથી સાચા અને તટસ્થ કારણોનું વિશ્લેષણ કરવું આવશ્યક બની રહે છે." આ સંદર્ભમાં ગ્રામીણ ગરીબો તરીકે કારીગર વર્ગ અંગે વિશેષ જાણવું જરૂરી છે.

આઝાદી પૂર્વે પણ પૂજય મહાત્મા ગાંધીજી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરે ગ્રામોદ્ધાર અને હરિજન ઉદ્ધાર તેમજ કારીગરવર્ગની ઉન્નતિ માટે ખાસ ભાર મૂકેલો તથા અસ્પૃશ્યતા નિવારણ માટે ખાસ ભાર મૂકેલો તેમજ અસ્પૃશ્યતા નિવારણ માટે ભલામણ કરેલી. પરંતુ હજુ આજે પણ ગ્રામીણ સમાજમાં કારીગર વર્ગ દબાયેલો અને કચડાયેલો જોવા મળે છે. આ વર્ગને બહાર લાવી તેનું આર્થિક અને સામાજિક ઉત્થાન કરવાની જરૂરત પર એટલો જ ભાર આપવો પડે તેમ હોય સરકારે ગ્રામીણ સમાજની કાયાપલટ

કરવાનું ગ્રામીણ સપન્નતા આપવાનું અને તેના દ્વારા ગ્રામીણ પછાતોનું આર્થિક અને તેના થકી સામાજિક ઉત્થાન લાવવાનું નક્કી કરેલ છે. અને આ સંકલ્પને મૂર્તિમંત કરવા માટે પોતાની આર્થિક નીતિ ઘડતરમાં અને અમલીકરણમાં પણ ખાસ વિશિષ્ટ સ્થાન આપવાનું ઠરાવ્યું છે. એક બાબત સાથે સૌ સંમત થાય છે કે ગ્રામીણ સમાજમાં વસવાટ કરતાં કારીગર વર્ગ આપમેળે પોતાનું આર્થિક ઉત્થાન કરી શકે તેટલા સમર્થ કે સક્ષમ નથી તેથી આ વર્ગના લોકોનું આર્થિક અને સામાજિક સ્તર સુધરી શકે તે હેતુથી સરકારે ગ્રામીણ વિકાસના સંદર્ભમાં કેટલીક વિકાસલક્ષી યોજનાઓ હાથ ધરવાની અનિવાર્યતા સ્વીકારેલી છે. આમાની કેટલીક યોજનાઓ ગ્રામીણ સમાજમાં રહેતા તમામ લોકો માટે ઘડી છે જયારે કેટલીક યોજનાનું ઘડતર માત્ર પછાત વર્ગના લોકો માટે કરેલ છે આવી વિકાસલક્ષી યોજનાઓનો લાભ મેળવી તેઓ પણ અન્ય વર્ગના સવર્ણ લોકોની માફક માનભેર જીવન જીવી શકે તેવી સંકલ્પના કે શુભ ભાવના આવી વિકાસલક્ષી યોજનાઓ પાછળ સરકારશ્રીએ રાખેલી છે. એક બાબત નિર્વિવાદ છે કે, સમાજનો કોઈપણ વર્ગ જયાં સુધી આર્થિક રીતે સ્વાવલંબી અને સાધનસંપન્ન ન બને ત્યાં સુધી તેના સામાજિક દરજ્જામાં પરિવર્તન લાવવું ઘણું કઠિન છે. આમ, સામાજિક સમાનતા સ્થાપિત કરવા માટે આ સમાજમાં લોકોનું આર્થિક ઉત્થાન થાય તે ઘણું જરૂરી છે. એટલું જ નહીં પરંતુ આર્થિક ઉત્થાન એ સામાજિક ઉત્થાન અને સમાનતાની પૂર્વ શરત સમાન ગણી શકાય તેમ કહેવું ઘણું યોગ્ય ગણાશે.

મોટાભાગના અલ્પવિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રોમાં આર્થિકવિકાસ માટે વ્યવહારી રચના અને આર્થિક આયોજનની નીતિનો સ્વીકાર થયો છે. આયોજિત વિકાસની નીતિ માટે ના મુખ્ય ઉદ્દેશોમાં સામાન્ય રીતે આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય, રોજગારીમાં વૃદ્ધિ, આર્થિક સ્થિરતા, ગરીબી નાબૂદી વગેરેનો સમાવેશ થતો જોવા મળે છે. આ માટે વ્યવહારુ વ્યુહરચના ઘડી અસરકારક અમલ કરવા તરફ હવે મોટાભાગના વિકાસશીલ રાષ્ટ્રો ધ્યાન કેન્દ્રિત કરતાં થયા છે. ભારત પણ આ દષ્ટિ બિંદુનો સ્વીકાર કરીને આઝાદી બાદ આર્થિક વિકાસની પ્રક્રિયા હાંસલ કરવા આયોજનની નીતિનો સ્વીકાર કરતું થયું છે. માત્ર વિકાસના વૃદ્ધિલક્ષી અભિગમ સાથે આજકાલ ગુણાત્મક અભિગમોનો

પણ સ્વીકાર કરવા પર ભાર અપાઈ રહ્યો છે. ભારતીય અર્થનીતિને સંક્ષેપમાં સમજવા કેટલાંક વિધાનો એ પ્રયાસ કરેલ છે જેમાં એક મંતવ્ય નોંધપાત્ર છે. તે મુજબ "આર્થિક વિકાસના માપદંડ તરીકે માત્ર આર્થિક વૃદ્ધિને બદલે હવે જીવન ગુણવત્તા સૂચક પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. અલબત જુદી–જુદી યોજનાઓના જે–તે સમયે જોવા મળતી પરિસ્થિતિના સંદર્ભમાં ઉદ્દેશો પરના ઝોકની માત્રામાં તફાવત જણાય છે પણ એકંદરે સામાજિક ન્યાય સાથેના આર્થિક વિકાસનો ઉદ્દેશ તમામ યોજનાઓમાં ધ્રુવતારક જેવો રહ્યો છે."

કોઈપણ લોકશાહી કલ્યાણ રાજ્યના પાયામાં આર્થિક અને સામાજિક વિકાસનું જોડાણ હવે અનિવાર્ય ગણાયુ છે. વિકાસશીલ રાષ્ટ્રોમાં અને ખાસ કરીને ભારતમાં સામાજિક અને આર્થિક સમાનતાને અગત્યતા આપવામાં આવેલ છે અને વિજ્ઞાનના ઉપયોગ દ્વારા આ ધ્યેયો હાંસલ કરવા તરફ ધ્યાન અપાઈ રહ્યું છે. આપણે વિશાળ પાયા પર વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે અનેકવિધ સંશોધનો કર્યા. ઉત્પાદન અને સુખ સગવડોમાં વધારો કરવા પ્રયત્નો કર્યા છતાં વાસ્તવમાં આર્થિક અને સામાજિક સમાનતા સ્થાપવાની દિશામાં પરિવર્તનો લાવવા અંગે કોઈ નક્કર સંકેતો મળતા નથી. માઈકલ ટોડારો જેવા વિદ્વાનનું મંતવ્ય વિકાસની પ્રક્રિયા સંબંધી દર્શાવેલ છે કે, "આર્થિક વિકાસની ગતિમાં વધારો કરવો, અસમાનતા ઘટાડવી, નિરપેક્ષ ગરીબી નાબુદ કરવી ઉપરાંત સામાજિક માળખામાં લોકોના વલણમાં તથા રાષ્ટ્રીય સંસ્થાઓમાં મોટા પરિવર્તનો લાવવા વગેરેનો સમાવેશ થાય છે." આ દષ્ટિબિંદુ મુજબ સંતુલિત આર્થિક વિકાસ માટે શહેરીકરણથી ગ્રામ વિકાસ અવરોધાય નહીં તેવી સ્થિતિ તથા સવર્ણો કે ઉપલી જાતિના લોકોના પ્રભાવથી કારીગર વર્ગનો વિકાસ ન અવરોધાય તેવી સ્થિતિ નિર્માણ થાય તે બાબત પર ભાર આપવાનું જરૂરી ગણવામાં આવે છે.

પૂજય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની દષ્ટિએ ગામડું વિકાસનું પ્રતિબિંબ તેમજ ચાલકબળ છે. અને તેથી જ ગ્રામ્યક્ષેત્રના ઉદ્ધારવિના દેશનો સાચો ઉદ્ધાર શકય નથી. આમ આયોજનના વિકાસલાભો ગામડાઓમાં ન્યાયી રીતે વહેંચાય તેમજ સમગ્ર સમાજમાં પછાત કારીગર વર્ગ વચ્ચે પણ યોગ્ય રીતે આ લાભો વહેંચાય તો જ સાચા અર્થમાં દેશનો

વિકાસ થયો ગણાય. વાસ્તવમાં સામુહિક આયોજિત વિકાસની પ્રક્રિયા ૫૦ વર્ષથી ચાલી રહી હોવા છતાં આજે પણ પછાતવર્ગ, દલિત સમાજ અને જનજાતિના અનેક નબળા વર્ગના લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થવા અંગેના સંકેત દષ્ટિગોચર થતા નથી. આ અભ્યાસ "રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોની સમસ્યા અને ભાવિ" પર આર્થિક નીતિ અને કાર્યક્રમોએ શી અસર ઉપજાવી છે ? તે જાણવાનો પ્રયાસ કરે છે. આ રીતે આ અભ્યાસ દ્વારા ગ્રામીણ કારીગરોની ઉન્નતિનો અવકાશ અને તે માટેના મુખ્ય જવાબદાર પરિબળોનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. આ અભ્યાસ દલિતો પછાતો માટેના થયેલા અભ્યાસોમાં એક મહત્ત્વના અભ્યાસ તરીકે સ્થાન પામશે અને જ્ઞાન વૃદ્ધિના પ્રદેશનો વ્યાપ વધુ વિસ્તૃત બનાવવામાં ઉપયોગી ફાળો આપે તેવી શ્રદ્ધા છે.

આ અભ્યાસમાં મુખ્યત્વે વિકાસની પ્રક્રિયામાં ગ્રામીણ વિકાસ અંગે કેવી વ્યૂહરચના અપનાવવામાં આવેલી છે. તથા આ વ્યૂહ રચનામાં ખાસ કરીને પછાત વર્ગ, દલિત વર્ગ, કારીગર વર્ગ વગેરે વર્ગના લોકોના આર્થિક ઉત્થાન માટે ભારત સરકારશ્રી દ્વારા કેવો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે. તેમજ આ અંગેના વિવિધ કાર્યક્રમો આ નીતિ અંતર્ગત કેવા પ્રતિભાવો પાડી શકયા છે તેમજ આ કાર્યક્રમોના અમલીકરણથી આ વર્ગના લોકોનું આર્થિકસ્તર ઊંચે લઈ જવામાં કેટલે અંશે સફળતા સાંપડી છે ? તે બાબત પર પ્રકાશ પાડવાનો વિનય પ્રયાસ કરવામાં આવ્યો છે. આ વિષયના સંદર્ભમાં કેટલાંક સૈદ્ધાંતિક સમજૂતી આપવાનું જરૂરી ગણાય તે દષ્ટિએ આ પ્રકરણમાં સૌ પ્રથમ આર્થિક વિકાસનો ખ્યાલ, ગ્રામીણ વિકાસનો ખ્યાલ તથા સરકારશ્રીના કારીગર વર્ગના ઉત્થાન સંબંધી કાર્યક્રમોની અસરો તપાસવા પર ભાર આપનાર હોઈ ભારતની વિકાસલક્ષી યોજનાઓ સંબંધી કાર્યક્રમોની અસરો તપાસવા પર ભાર આપનાર હોઈ ભારતની વિકાસલક્ષી યોજનાઓ સંબંધી ચર્ચા પણ સમાવિષ્ટ કરવી જરૂરી ગણવામાં આવી છે. આ પ્રકારના વિષય સંબંધી જુદા–જુદા ક્ષેત્રોના તજજ્ઞો અને વિદ્વાનો દ્વારા વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવ્યા હોય તેની સમીક્ષા કરી આપણો અભ્યાસ આ જ્ઞાન પ્રદેશમાં કઈ રીતે પોતાનું વિશિષ્ટ પ્રદાન કરી શકે તેમ છે. તે દષ્ટિથી પ્રસ્તુત અભ્યાસનું મહત્ત્વ

સમજાવવાનનો પ્રયાસ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે. આ અભ્યાસના હેતુઓ, પરિકલ્પનાઓ, અભ્યાસનું ભૌગોલિકક્ષેત્ર, અભ્યાસ પદ્ધતિ, સેમ્પલ પસંદગી વગેરે અનેક સૈદ્ધાંતિક પાયાની બાબતોને આ પ્રકરણમાં સમાવિષ્ટ કરવાનું જરૂરી ગણ્યું છે. આ રીતે આપણા આ સંશોધન અભ્યાસ માટે પાયાના પ્રકરણ તરીકે આ પ્રથમ પ્રકરણ સ્થાન ધરાવે છે.

## ૧.૧૮ આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થકારણ :

આર્થિક વિકાસની પ્રક્રિયા એક લાંબાગાળાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને અનેક વિદ્વાવાનોએ પોતાની રીતે સમજવા પ્રયત્ન કર્યો છે. આવા વિદ્વાનોમાં ડબલ્યુ આર્થર લેવિસ, મેયર અને બાલ્ડવીન, મેકલય, વિલિયમ્સ, માઈકલ ટોડારો વગેરે અર્થશાસ્ત્રીઓએ આ પ્રક્રિયા સંબંધી વિશિષ્ટ અને આગવી સમજણ આપવાનો પ્રયત્ન કર્યો છે. આર્થિક વિકાસની આ વિવિધ વિભાવનાઓ પરથી આર્થિક વિકાસ એટલે શું ? તે બાબતનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. લાંબાગાળાના સમયમાં વાસ્તવિક રાષ્ટ્રીય આવક વૃદ્ધિની પ્રક્રિયા તરીકે આર્થિક વિકાસને ઓળખવામાં આવેલ છે જયારે કેટલાંક વિદ્વાનો ઉત્પાદનના સાધનો અને ઉત્પાદન પદ્ધતિના લાંબાગાળાના પરિવર્તનો તરીકે આ પ્રક્રિયાને સમજાવે છે આ પ્રક્રિયા દરમિયાન માથાદીઠ આવકમાં વૃદ્ધિ થવા પામે છે. આ રીતે માત્ર રાષ્ટ્રીય આવક નહીં પરંતુ માથાદીઠ આવક વૃદ્ધિ થવામાં ઉત્પાદન ક્ષેત્રે અનેકવિધ પદ્ધતિઓમાં પરિવર્તન આવે તે બાબતને પણ સમાવિષ્ટ કરવામાં આવી છે. કેટલાંક વિદ્વાનો અનેકવિધ વસ્તુઓ અને સેવાઓના માથાદીઠ ઉત્પાદનમાં વધારો કરનારી સાધન વપરાશની પ્રક્રિયા તરીકે આ પ્રક્રિયાને ઓળખાવે છે. કેટલાંક વિદ્વાનો ગરીબી અને અસમાનતામાં વધારો ન થાય તે બાબતને આર્થિક વિકાસ માટે આવશ્યક ગણે છે. જયારે માઈકલ ટોડારો જેવાં આર્થિક વિચારો પ્રદાન કરનાર વિદ્વાન ચિંતકો ગરીબી અને આર્થિક અસમાનતાના ઘટાડાને અને આર્થિકની સાથે સાથે સામાજિક માળખાના પરિવર્તનને પણ આર્થિક વિકાસના ખ્યાલમાં સમાવેશ કરવાનો આગ્રહ રાખે છે. અત્રે અભ્યાસક્રમના સામાન્ય પાઠયપુસ્તકની માફક વિવિધ અર્થશાસ્ત્રીઓ દ્વારા અપાયેલી આર્થિક વિકાસની

વિવિધ વ્યાખ્યાઓનું ચિલાચાલું નિરૂપણ કે વિશ્લેષણ કરવું અનિવાર્ય ન હોય. આવી વ્યાખ્યાની વિગતવાર ચર્ચાને સ્થાન આપવાનું યોગ્ય ગણ્યું નથી. પરંતુ આ વિવિધ વિદ્વાનો આ પ્રક્રિયાના ખ્યાલને કયા–કયા દષ્ટિબિંદુ દ્વારા સમજાવવા પ્રયત્ન કરે છે તે બાબત પર વિશેષ લક્ષ આપવામાં આવ્યું છે.

આર્થિક વિકાસની પ્રક્રિયાના સંદર્ભે વિવિધ ખ્યાલોમાંથી આર્થિક વિકાસનો અર્થ કરતી વેળા કઈ કઈ બાબતોને તેમાં સમાવિષ્ટ કરવી તે અંગે અભ્યાસીઓએ પ્રકાશ પાડેલો છે, તેના પરથી કેટલાંક મુદ્દાઓ સ્પષ્ટ રીતે મળી આવે છે. સામાન્ય રીતે આર્થિક વિકાસ એ વાસ્તવમાં એક બહુપરિમાણીય પ્રક્રિયા છે. જેમાં લાંબાગાળા દરમિયાન રાષ્ટ્રીય આવકમાં વધારો થાય એટલું જ નહીં પરંતુ અર્થકારણમાં સામાજિક અને આર્થિક માળખામાં દીર્ઘકાલીન પરિવર્તનો આવે છે. જે સમગ્ર અર્થકારણને આવરી લે છે જેને પરિણામે પ્રજાના જીવનધોરણમાં સતત સુધારો થાય છે. આર્થિક વિકાસના પરિવર્તનો મુખ્યત્વે પરિણાત્મક અને ગુણાત્મક એમ બે પ્રકારના હોવાનો આ પ્રક્રિયામાંથી નિર્દેશ મળે છે. પ્રથમ પ્રકારના પરિવર્તનમાં ખાસ કરીને રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વૃદ્ધિ અને પ્રજાના જીવનધોરણમાં સુધારો વગેરેનો સમાવેશ થાય છે. જયારે બીજા પ્રકારના ગુણાત્મક પરિવર્તનોમાં ઉત્પાદનક્ષેત્રે યંત્ર વૈજ્ઞાનિક પરિવર્તનો આવે છે. પેઢીઓ અને ઉદ્યોગોના સ્વરૂપમાં મૂડીરોકાણના માળખામાં તેમજ શ્રમની ગતિશીલતામાં સુધારો થવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આમ માનવ જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો લાવવાની પ્રક્રિયાને ઉત્પાદનમાં વધારો થવો એ આર્થિક વિકાસની આવશ્યક શરત છે પરંતુ તે પર્યાપ્ત શરત નથી.

આર્થિક વિકાસ અંગે મુખ્યત્વે બે અભિગમો વિકસેલા જોવા મળે છે. આ પ્રક્રિયાના અર્થઘટનમાં બે દષ્ટિબિંદુઓ અપનાવવામાં આવેલા છે. ૧૯૫૦ પછીના લગભગ દોઢેક દાયકા સુધી આર્થિક વિકાસના અર્થસંબંધી મોટેભાગે સર્વસંમતિ જોવા મળતી હતી. અને લાંબાગાળાના એક વલણ તરીકે દેશમાં રાષ્ટ્રીય તેમજ માથાદીઠ આવકમાં વધારો થાય તેને આર્થિક વિકાસ ગણવામાં આવતો હતો. જી.એમ.મેયરે આ અંગે મંતવ્ય વ્યકત કરતાં કહ્યું છે કે "આર્થિક વિકાસ એક એવી પ્રક્રિયા છે કે જેમાં દેશની વ્યકિતદીઠ વાસ્તવિક

આવક લાંબા સમયગાળા સુધી સતત વધતી રહે છે." પરંતુ આ અભિગમ અંગે દોઢેક દાયકાના અનુભવ પછી અર્થશાસ્ત્રીઓને એમ લાગ્યું કે આર્થિક વિકાસનો આ અભિગમ ક્ષતિયુકત છે કેટલાંક દેશોમાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઝડપી વૃદ્ધિ થવા પામી હોવા છતાં ગરીબી અને બેકારીનો પ્રશ્ન વધારે તીવ્ર બનવા પામ્યો હતો આમાંથી જે પ્રત્યાઘાતો પડયા તેમાંથી આર્થિક વિકાસ અંગે નવો દષ્ટિકોણ ઉદ્‌ભવ્યો કે વિકાસશીલ દેશોની આર્થિક વિકાસની પ્રક્રિયાનો હેતુ ગરીબી, બેકારી અને અસમાનતા ઘટાડવાનો હોવો જોઈએ. ઉત્પાદન વૃદ્ધિને પરિણામે માત્ર ધનિકોની આવકમાં વૃદ્ધિ થતી હોય અને ગરીબોની સ્થિતિમાં કોઈ જ જાતનો સુધારો થતો ન હોય તો આવી આવકવૃદ્ધિની પ્રક્રિયાને વિકાસ કઈ રીતે ગણાવી શકાય ? તેથી જ ગુન્નાર મિર્ડાલ જેવા વિદ્વાનો આર્થિક વિકાસને સમગ્ર સમાજરચનાના ઉર્ધ્વઆરોહરણ તરીકે ઓળખાવે છે તે ઘણું જ ઉચિત ગણાય છે. અને તેથી જ કોઈ અર્થતંત્રમાં સાચા અર્થમાં વિકાસ થયો છે કે નહીં તે જાણવા ત્રણ નિર્દેશકોનો આશ્રય લેવાય તેમ પણ કેટલાંક વિદ્વાનો મત ધરાવે છે. આ નિર્દેશકોને નીચે મુજબ વર્ણવી શકાય અને તેના દ્વારા વાસ્તવિક વિકાસ થયો છે કે નહીં તે મુજબ મૂલ્યાંકન કરી શકાય. આ વિકાસના નિર્દેશકો જેવા કે "ગરીબોની સંખ્યામાં તથા તેની ગરીબીના પ્રમાણમાં ઘટાડો થયો છે કે નહીં ? બેકારીમાં ઘટાડો થયો છે કે નહીં ? અને આવક તથા સંપત્તિની વહેંચણીમાં તેમજ વિકાસની તકોની અસમાનતામાં ઘટાડો થયો છે કે નહીં ?

ઉપર્યુકત નિર્દેશકો પ્રમાણે જોતાં જો ત્રણ વિષમતાઓમાં ઘટાડો થતો હોય તો ચોક્કસપણે કહી શકાય કે દેશનો વિકાસ થઈ રહ્યો છે. પરંતુ જો આ ત્રણે નિર્દેશકોની બાબતમાં કોઈ પ્રગતિના સંકેતો દષ્ટિગોચર ન થાય તો રાષ્ટ્રીય ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ થવા છતાં દેશમાં વિકાસ થઈ રહ્યો છે એમ કહી શકાય. આ રીતે એક અભિગમ માત્ર ભૌતિક રીતે ઉત્પાદન–આવક વૃદ્ધિને લક્ષમાં લે છે તે ક્ષતિયુકત ગણવા લાગતા આધુનિક ચિંતકોના અભિગમોમાં ગુણાત્મક પાસાઓ જેવા કે ગરીબી, અસમાનતા, બેકારીના નોંધપાત્ર ઘટાડાની પ્રક્રિયાને વિકાસ થવા અંગેના અગત્યના માપદંડો કે નિર્દેશકો તરીકે ગણવામાં આવે છે. પ્રથમ અગિભમમાં લાંબો સમય જતા વિકાસના લાભો રોજગારીની તકો વિકસતા આવકવૃદ્ધિ દ્વારા ગરીબો સુધી આપોઆપ પહોંચવા પામશે તે જ અભિપ્રેત

છે જયારે આધુનિક અભિગમ આવા લાભો પહોંચવાની બાબતને લાંબા સમય સુધી રાહ જોયા પછી પાછા ઠેલવવાથી વાસ્તવિક લાભો નષ્ટ થઈ જવા સંભવ હોઈ પ્રથમથી જ આ પ્રકારના ત્રણેય નિર્દેશકોને પાયાનું સ્થાન આર્થિક વિકાસની વ્યૂહરચનામાં આપવુ જોઈએ એમ દઢ મંતવ્ય ધરાવે છે, આમ પહેલેથી જ આ ત્રણેય બાબતોને પ્રાથમિકતા આપવી જોઈએ. આ અભિગમ મુજબ પહેલેથી જ કાર્યક્રમોનું ઘડતર કરી તેના સંનિષ્ઠ પ્રયત્ન પૂર્વકના અમલીકરણ દ્વારા જ આ ત્રણેય નિર્દેશકોની દષ્ટિએ વિકાસ કરવાની વ્યૂહરચનાનો સ્વીકાર કરવો જરૂરી છે. આમ આ અભિગમ ગરીબીના પ્રશ્નને પ્રત્યક્ષ રીતે હાથ ધરવાની હિમાયત કરે છે. ગરીબોના જીવનધોરણમાં અને ખરીદશકિતમાં તાત્કાલિક વધારો કરી આપે એવા કાર્યક્રમો હાથ ધરવાની ભલામણ આ અભિગમ નીચે કરવામાં આવે છે. ગ્રામીણ ગરીબોની આર્થિક સ્થિતિ અને જીવનધોરણ સુધારણા માટે કુશળતાઓ શિખવવાના કાર્યક્રમોને પણ આ વ્યૂહરચનામાં અગત્યનું સ્થાન અપાય છે. આ કાર્યક્રમો સફળ થતા રાષ્ટ્રીય આવકમાં વધારો થવાની સાથે–સાથે ગરીબોની સ્થિતિમાં પણ સુધારો શકય બને અને આ માટે લાંબા સમય સુધી રાહ જોઈ બેસી રહેવાની જરૂરત રહેતી નથી. તેઓ નૂતન અભિગમનું મુખ્ય હાર્દ છે. આમ આર્થિક વિકાસ વાસ્તવમાં સમગ્ર સમાજના પરિવર્તનની એક મોટી ઘટના છે આ દષ્ટિએ કહીએ તો "આર્થિક વિકાસ એટલે અર્થતંત્રની સ્થિતિ નક્કી કરતાં નિર્દેશકોને પરિણાત્મક અને ગુણાત્મક દષ્ટિએ ઊંચી સપાટીએ લઈ જવાની પ્રક્રિયા છે." તાજેતરના વર્ષોમાં આ રીતે આર્થિક વિકાસની પ્રક્રિયા સંબંધી વિવિધ મંતવ્યો અનેક વિદ્રવાનો દ્વારા વ્યકત થઈ રહ્યા છે. તે દષ્ટિએ જોતા અનેકવિધ પરિબળો સાથે આર્થિક વિકાસની પ્રક્રિયા સંકળાયેલી છે. આમ આર્થિક વિકાસમાં વૃદ્ધિ ઉપરાંત કેટલાંક ગુણાત્મક પરિવર્તનો થયા એમ કહી શકાય. પોતાના પુસ્તક "વિકાસશીલ દેશોના આર્થિક પ્રશ્નોમાં પ્રસિદ્ધ અમેરિકન અર્થશાસ્ત્રી "સાયમનકુઝુ નેટ્સ દ્વારા દર્શાવેલ છ વિવિધ આધુનિક આર્થિક વિકાસની લાક્ષણિકતાઓનો શ્રી શાહ અને વૈષ્ણવ વિગતવાર ઉલ્લેખ કરે છે તે લાક્ષણિકતાઓ આ પ્રમાણે ગણાવી શકાય : (૧) માથાદીઠ ઉત્પાદન વૃદ્ધિનો ઊંચો દર (૨) ઉત્પાદન વૃદ્ધિનો ઊંચો દર (૩) આર્થિક માળખાનું રૂપાંતર (૪) સામાજિક, રાજકીય અને વૈચારિક પરિવર્તનો (૫) વિકસતા

દેશોનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ અને (૬) આર્થિક વિકાસનો સીમિત પ્રયાસ. આ વિવિધ લાક્ષણિકતાઓની દૃષ્ટિએ આર્થિક વિકાસની પ્રક્રિયાને મૂલવવામાં આવે છે. આ દૃષ્ટિએ જોઈએ તો આર્થિક વૃદ્ધિ કંઈક આગળ વધીને આર્થિક વિકાસનો ખ્યાલ કેટલીક વિશેષ બાબતોને આવરી લેવા અંગે અંગુલિનિર્દેશ કરે છે. આમ માત્ર ઉત્પાદન વૃદ્ધિ આવકવૃદ્ધિની સાથે સાથે વાસ્તવિક માથાદીઠ આવક વૃદ્ધિ અને સમાનતાલક્ષી આવક વહેંચણીની બાબતને પણ અગત્યતા આપી માત્ર પરિણામાત્મક પરિવર્તનો જ નહીં પરંતુ ગુણાત્મક પરિવર્તનોની હાજરી હોવાની પ્રક્રિયાને આધુનિક મત મુજબ આર્થિક વિકાસની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. આ અભિગમ આજે સાર્વત્રિક ધોરણે સર્વ સ્વીકાર્ય બનવા પામેલ છે. આ સંદર્ભમાં શ્રી અનિલકુમાર જૈન પોતાના વિચારો રજૂ કરતાં જણાવે છે કે "આપણા આયોજનના પાયાના હેતુઓ એ છે કે દરેક લોકોનું જીવન ધોરણ ઊંચુ આવે તેમજ તેઓને આગળ આવવાની તક મળે આ માટે તમામ પ્રકારના ઉપલબ્ધ સાધનોનો યોગ્ય ઉપયોગ કરી મહત્તમ લાભ મળી શકે તેવા પ્રકારના પ્રયત્નો કરવા જોઈએ."

આર્થિક વિકાસની પરિણાત્મક તેમજ ગુણાત્મક પરિવર્તનોની દૃષ્ટિએ જ નહીં પરંતુ કલ્યાણના સંદર્ભમાં નિહાળવાનું જરૂરી છે તેવો મત હાલના વર્ષોમાં મહત્ત્વનો બની રહ્યો છે આ મત મુજબ આર્થિક વિકાસ એ સમગ્ર વિકાસનો એક ભાગ છે. "વિકાસને એક એવી પ્રક્રિયા ગણાવી જોઈએ કે જેમાં દેશની સમગ્ર આર્થિક અને સામાજિક પદ્ધતિની પૂર્ણ વ્યવસ્થા અભિપ્રેત હોય માત્ર ઉત્પાદન કે આવકમાં વૃદ્ધિ કે ગુણાત્મક સુધારો નહીં પણ સામાજિક વહીવટી અને સંસ્થાકીય માળખામાં પરિવર્તન અને લોકમાન્યતાઓ તેમની દૃષ્ટિઓ અને વલણોમાં અમૂલ ફેરફાર થયા છે. આ ફેરફારને પરિણામે લોકજીવન વધુ સારું અને વધુ માનવીય બને તો જ વિકાસ સાર્થક ગણાય." પ્રો. ત્રિવેદી વધુમાં ડેનીસ ગુલેટને ટાંકતા જણાવે છે કે સારા અને માનવંતા જીવન માટે ત્રણ રક્ષણ, સ્વમાન અને સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે. આમ આર્થિક વિકાસને કલ્યાણ સાથે ગાઢ સંબંધ હોવા અંગેનો મત વધુ દૃઢ બનતો જાય છે અને કલ્યાણની સમગ્ર વિભાવનામાં ઉચ્ચ જીવનધોરણની પ્રાપ્તિ અને ગરીબીનું નિવારણ આ બન્ને બાબતોને પાયાનું સ્થાન

આપવામાં આવેલ છે ઉચ્ચ જીવન ધોરણની પ્રાપ્તિ માટે આવક વધવાની સાથે–સાથે આવકની વહેંચણી સમાન ધોરણે થવા પામે તે ઘણું જરૂરી છે. અનેક વિકાસશીલ રાષ્ટ્રોના વિકાસદર અને આવકની વહેંચણીના વલણો અંગેના અભ્યાસો ટાંકીને પ્રો. એચ.કે. ત્રિવેદી ભારપૂર્વક જણાવે છે કે "મોટા ભાગના વિકાસશીલ રાષ્ટ્રોમાં આવક વૃદ્ધિના દરજ્જા સાથે આવકની વહેંચણી નીચલી આવકવાળા ૬૦% વર્ગની તરફેણમાં ઘણા નીચા દરે થવા પામી છે. માત્ર તાઈવાન અને શ્રીલંકામાં વિકાસદર કરતાં વધુ ઊંચા દરે વહેંચણી થયેલ જોવા મળે છે, જયારે ભારત, બ્રાજિલ અને મેકિસકો જેવા વિકાસશીલ રાષ્ટ્રોમાં આવકવૃદ્ધિનો દર અનુક્રમે જોઈએ તો ૨૩,૩૦૧ અને ૩.૨ જેટલો રહેવા પામેલ છે જયારે તેની સામે લોકો નીચી આવક ધરાવતા ૬૦% લોકોની તરફેણમાં આ દર કરતાં નીચા દરે આવકની વહેંચણી થવા પામી છે. આમ આવકની અસમાન વહેંચણી ગરીબોની તુલનામાં ધનિકોને વધુ ધનિક બનાવે છે. આમ ગરીબીની સમસ્યા વિકાસશીલ રાષ્ટ્રોમાં વિકાસાવવા છતાં વધુ ગંભીર બનતી હોવાના એંધાણ જોવા મળે છે.

ગરીબીને સમજવા માટે માત્ર વ્યકિતગત આવકના સંદર્ભમાં સમજવાને બદલે શિક્ષણ, પોષણ, સરેરાશ આયુષ્ય મર્યાદા વગેરે જીવનની ગુણવત્તા સૂચક બાબતોનો ઉપલક્ષ્યમાં સમજાવવાનો પ્રયાસ તાજેતરમાં કરવામાં આવ્યો છે. છતાં ગરીબીનું પ્રમાણ ઘટાડવા માટે માથાદીઠ આવકની વૃદ્ધિનું મહત્ત્વ એક અગત્યના પરિબળ તરીકે હજુ પણ સ્વીકારવામાં આવેલ છે સમાજનો મોટો ભાગ વિકાસના ફળોથી વંચિત રહેતો હોવાથી તેમની ઉત્પાદકતામાં વધારો થતો નથી અને બીજી બાજુ આવક નીચી હોવાથી કુટુંબોના સ્વાસ્થ્ય અને શિક્ષણ પાછળ ખર્ચ પણ ઓછો કરે છે. આને પરિણામે તેમના ધોરણો કથળે છે. લોકોનું સ્વાસ્થ્ય નબળુ હોય અને વ્યાપક નિરક્ષરતા હોય તો આર્થિક વિકાસમાં લોકોનો ફાળો પણ નહિવત રહે છે. એક અંદાજ પ્રમાણે "૧૯૫૦ પછીના ત્રણ દાયકાઓ દરમિયાન વિકાસશીલ દેશોની સરેરાશ વ્યકિતગત આવક લગભગ બમણી થઈ છે. જયારે વિકાસશીલ દેશો પૈકી નીચી આવક ધરાવતા દેશોની સરેરાશ આવકમાં વધારો માત્ર ૫૦% થયેલ છે ઘણાખરા આવા દેશોમાં ગરીબોની આવકમાં વધારો ધીમા દરે થતો હોય છે. પરંતુ વસ્તી વૃદ્ધિને લીધે ગરીબોની સંખ્યામાં વધારે વધારો થયેલ છે." આ દષ્ટિએ

વિકાસ સાધતા દેશોનાં વિકાસ માટે પ્રયાસો હોવા છતાં આવકની અસમાનતા તથા ગરીબીની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરતી હોવાના એંધાણ જોવા મળે છે. આ દષ્ટિએ જોઈએ તો આપણા આ સંશોધન અભ્યાસનું એક વિશિષ્ટ મહત્ત્વ વધી જતુ જોવા મળે છે. કારણ કે આપણા આ સંશોધન અભ્યાસમાં ગ્રામીણ કારીગર વર્ગના લોકો પર વિકાસની બાબત પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. જેની વિકાસના સંદર્ભમાં ગ્રામીણ કારીગર વર્ગ પરની અસરો તપાસવાની તથા આ વર્ગની અગત્યની સળગતી સમસ્યાઓ પર પ્રકાશ પાડવા આ અભ્યાસ ઘણો જ ઉપયોગી બની રહે તેમ છે.

## ૧.૧૯ માનવમૂડીનો વિકાસ અને ગ્રામીણ કારીગરો :

તાજેતરના દાયકાઓમાં આર્થિક વિકાસની પ્રક્રિયા વેગવાન બનતા અને વિકાસશીલ રાષ્ટ્રોમાં માનવમૂડીના વિકાસની અગત્યતા સ્વીકારવામાં આવી હોઈ તે દિશામાં અનેક દેશોએ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વિકાસની પ્રક્રિયામાં ભૌતિક મૂડીનાં ઉચ્ચ વળતર માટે માનવ મૂડીએ માનવસંશાધન વિકાસની અગત્યતા સ્વીકારી છે. તેના પરિપાક રૂપે શિક્ષણ અને આધુનિકરણની પ્રક્રિયાને અનુરૂપ તાલીમની સુવિધાને મહત્ત્વ આપવામાં આવે તો તે બાબત તેની ભૂમિકાનો પરિચય આપનારી બને છે. આમ માનવ સંશાધન વિકાસની પ્રક્રિયા આજે વિકાસશીલ રાષ્ટ્રોમાં આર્થિક વિકાસની પ્રક્રિયાનો અંતર્ગતભાગ બની જવા પામેલ છે. માનવ સંશાધન વિકાસ પ્રક્રિયાની સમજૂતી આપતા ફેડરીક હર્બીસન અને કાર્લસ માલ્થસના મત મુજબ "સમાજના દરેક લોકોના જ્ઞાન, કુશળતા અને શકિતમાં વધારો કરવાની પ્રક્રિયાને માનવસંશાધન વિકાસ તરીકે ઓળખવામાં આવે છે." માનવની ઉત્પાદન ક્ષમતા કાર્યક્ષમતાને શકિતમાં વૃદ્ધિ કરનાર જ્ઞાન કે કુનેહના વિકાસની પ્રક્રિયા આર્થિક વિકાસમાં સહયોગ આપનાર બની રહે છે. આ ઘટનાને શ્રમના સિદ્ધાંતોની સમજૂતીના સંદર્ભમાં જોવાથી તેની ઉપયોગિતા પુરવાર થઈ શકે.

માનવશ્રમને મળતા વળતરને નક્કી કરવા માટે વેતનના વિવિધ સિદ્ધાંતો દ્વારા સમજૂતી આપવામાં અનેક અર્થશાસ્ત્રીઓ એ પ્રદાન કરેલું છે. વિવિધ સિદ્ધાંતો અંગે

વિશિષ્ટ પ્રકારની સમજૂતી પૂરી પાડે છે. શ્રમિકની ગુણવત્તા કાર્યક્ષમતામાં શિક્ષણ અને તાલીમની સુવિધા દ્વારા સુધારો કરીને તેની ઉત્પાદકતા ઊંચી લઈ જઈ શકાય છે અને તે રીતે ઊંચુ વળતર પ્રાપ્ત કરવાને શકિતમાન બને છે. આ રીતે શ્રમિકની આર્થિક ઉન્નતિનો આધાર તેની ઉત્પાદકતા અને કાર્યક્ષમતા સાથે ગાઢ સંબંધ ધરાવે છે શ્રમિક વધુ ઉત્પાદન કરી શકે તો વધુ વળતર માટે હકદાર બને છે.

૧૯૫૭માં "ધ ઈકોનોમિકસ ઓફ ડીસ્ક્રીમીનેશન"માં ગેરીબેકર માનવમૂડીના સિદ્ધાંતની રજૂઆત કરીને આ દિશામાં વિચારકોને પ્રેરણા આપી છે. ત્યાર બાદ ૧૯૬૦ના દાયકામાં પ્રો. ટી.ડબલ્યુ શુલ્ટઝ જર્નલ ઓફ પોલીટીકલ ઈકોનોમી ૧૯૬૦માં માનવમૂડીના વિકાસમાં શિક્ષણના પ્રદાન સંબંધી વિચારો રજૂ કર્યા છે. આમ આ બન્ને સિદ્ધાંતમાં પાયાની ભૂમિકા ભજવી છે. આ અર્થશાસ્ત્રીઓના વિચારોને ઝીલી લઈએ તો એ દિશામાં આગળ વધવા અનેક વિચારકોએ પ્રયાસો કર્યા છે. આ સિદ્ધાંત માંગના પરિબળોને સ્થિર માનીને શ્રમના પુરવઠા બાજુ ગુણવત્તાના પાસા દ્વારા મહત્ત્વ આપે છે વળતરના સિદ્ધાંત તરીકે પરિપૂર્ણ સિદ્ધાંત ન હોવા છતાં શ્રમને માટે માનવમૂડી શબ્દ પ્રદાન કરી તેનું મહત્ત્વ સ્થાપી તેના વિકાસ માટે શિક્ષણની અગત્યતા સમજાવવામાં આ સિદ્ધાંત મહત્ત્વનું પ્રદાન કરનાર બને છે. કેમ કે માનવ મૂડી વિકાસ દ્વારા ભૌતિક મૂડીના કાર્યક્ષમ ઉપયોગની સંભાવના તેમાં અભિપ્રેત છે. માનવ મૂડીના સિદ્ધાંત અંગે એ. સાવિત્રી જણાવે છે કે "માનવ મૂડી સિદ્ધાંત મુજબ કોઈપણ વ્યકિત શિક્ષણ કુશળતા અને કામનો અનુભવ મેળવવા માટે પોતાના સમયનો ઉપયોગ કરે તો તેના દ્વારા મૂડીરોકાણ સર્જવા પામે છે અંતે વધુને વધુ મૂડીરોકાણ દ્વારા ઊંચુ વળતર પ્રાપ્ત થાય છે." વિકાસની પ્રક્રિયા દરમિયાન ભૌતિક મૂડીરોકાણમાંથી ઉચ્ચતમ વળતરનો દર હાંસલ કરવા ભૌતિક મૂડીનો ઉપયોગ કરનાર શ્રમિકને માનવની કાર્યક્ષમતા ઊંચી લઈ જવાનું અનિવાર્ય બની જાય છે.

આર્થિક વિકાસ એક એવી પ્રક્રિયા છે કે જેના વડે રાષ્ટ્રીય આવક સ્થિરતાપૂર્વક ઘણા લાંબા સમયે વધે છે. વિકાસ સાધતા દેશોમાં ઘણા દેશોએ નજીકના દશકાઓમાં આર્થિક વિકાસનો દર વધે તેવી નીતિ અપનાવામાં આવેલી છે, ભારત પણ આમાંથી

બાકાત નથી હવે એવું માનવામાં આવે છે કે મૂડી સંગ્રહએ પરંપરાગત ઉત્પાદન પ્રક્રિયામાં પરિવર્તનની પૂર્વ શરત છે આઝાદી પછીના છેલ્લા પાંચ દસકાના સમયગાળામાં આપણા દેશમાં સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરે તેમજ રાજ્યસ્તરે એવા પ્રયત્નો કરવામાં આવ્યા છે કે આધુનિકરણની પ્રક્રિયા દ્વારા આર્થિક પરિસ્થિતિને (વ્યવસ્થાને) વધારે સારો આકાર આપી શકાય.

## ૧.૨૦ આધુનિકરણની પ્રક્રિયા અને આર્થિક પરિવર્તન :

વિકાસલક્ષી નીતિએ દેશમાં ઉદ્યોગક્ષેત્રે, ખેતીક્ષેત્રે અને બીજા અન્યક્ષેત્રોમાં આધુનિકરણ કરવા પર ભાર મુકવામાં આવેલ છે. પ્રથમ પંચવર્ષીય યોજનામાં પ્રારંભથી આયોજનના સમયગાળા દરમિયાન યોજનાબદ્ધ પ્રયત્નો કરવામાં આવ્યા છે. અને ઉપયોગી આર્થિક માપદંડોનો સમાવેશ દેશના લોકોની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે કરવામાં આવ્યો પરંપરાગત પ્રવૃત્તિઓના માળખાને આધુનિકક્ષેત્રમાં પરિવર્તીત કરવા માટે યોજના બદ્ધ પ્રયત્નો કરવામાં આવ્યા છે.

"આધુનિકરણમાં કોઈપણ પ્રગતિ નવા ફેરફારો અથવા કોઈપણ નવી યુકિત અથવા ઉચ્ચ પ્રકારના ધંધાનો સમાવેશ થાય છે." આ રીતે જયારે આધુનિકરણની પ્રક્રિયા ચાલુ થાય છે ત્યારે દેશના આર્થિક તેમજ સામાજિક ઢાંચા (માળખા)માં પરિવર્તન થાય છે.

પશ્ચિમ યુરોપમાં વિજ્ઞાન તથા ટેકનોલોજી, કલા વિજ્ઞાનમાં વૃદ્ધિ તેમજ વિકાસ થયો હતો અને સમગ્ર વિશ્વમાં ફેલાવો થયો હતો. ભારતમાં પણ બ્રિટિશ શાસન દરમિયાન તેનો ફેલાવો થયો હતો જો કે સ્વતંત્રતા પછીના સમયમાં આપણા દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ દરેક પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં થાય તે માટેના બધા જ પ્રયાસો કરવામાં આવ્યા હતા. મુકિત આધુનિક ઉદ્યોગોનો ફેલાવો એ આયોજનમાં અપનાવવામાં આવ્યો છે. નવા અભિગમના ફળ સ્વરૂપે પરંપરાગત આર્થિક વર્તનના બદલે આધુનિક પ્રક્રિયામાં જ્ઞાનમાં વધારો કાર્યકુશળતા એટલે કે કૌશલ્યમાં વધારો અને કાર્યો કરવાની આધુનિક પદ્ધતિઓ વગેરેમાં પ્રગતિ આવે છે. આ રીતે આધુનિકરણ અનેક પરિવર્તનો સૂચવે છે જે વિવિધ સાંસ્કૃતિક, સામાજિક તેમજ આર્થિક પ્રવૃત્તિમાં અમલી

બનશે. આ રીતે સમાજમાં આધુનિકરણ અપનાવવાનો અંતિમ ધ્યેય પરંપરાગત કાર્યપદ્ધતિ કરતાં થોડી વધારે સારી પદ્ધતિથી વધારે ક્ષમતાપૂર્વક કાર્ય કરવું. એ બાબતની સાબિતી આપે છે. "આધુનિકરણ સૂચવે છે પરિવર્તનો અને સતત ચાલતી પ્રક્રિયા" વૈજ્ઞાનિક જ્ઞાન અને ઔદ્યોગિક જ્ઞાનની પ્રગતિના લીધે જીવન જીવવાની પરિસ્થિતિમાં સંપૂર્ણ પરિવર્તન આવેલ છે.

કેટલીક વખત આધુનિકરણ શબ્દનો ઉપયોગ દેશની આર્થિક પ્રગતિની પ્રક્રિયા દર્શાવવા માટે થાય છે પરંતુ તે સીધી રીતે એવી નીતિના અમલીકરણ સાથે સંકળાયેલ છે. કે જેમાં આધુનિકરણના ઉપયોગની સ્થાપના અને પ્રગતિમાં વધુમાં વધુ આધુનિક વિજ્ઞાન અને ઔદ્યોગિક કલાશાસ્ત્રનો ઉપયોગ થાય તેમજ કાર્યક્ષમ મૂડીનો ઉપયોગ અને ઉચ્ચ પ્રકારની યંત્ર ક્રિયાનો ઉપયોગ થાય. ઔદ્યોગિક કલાશાસ્ત્રની શોધખોળનો ફેલાવો થાય તે આધુનિકરણની મોટી નિશાની માનવી જોઈએ. ઔદ્યોગિક પરિવર્તનો એ સૂચવે છે કે, સમાજ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા ઓજારો અથવા તો સાધનો અને ઉત્પાદન પ્રક્રિયામાં પરિવર્તન.

ઉત્પાદન લક્ષી રાજ્યની નીતિ ભારતમાં આયોજનમાં અપનાવવામાં આવેલ છે, તે વલણ દર્શાવે છે કે વિજ્ઞાન અને ઔદ્યોગિક કલાશાસ્ત્રનું મહત્ત્વ આપણા આર્થિક વિકાસમાં છે, તેથી ખેતીવાડી ક્ષેત્રોમાં મોટાભાગના ઉદ્યોગો, આધુનિક ઉદ્યોગો આધારિત કાચોમાલ તેમજ ગ્રાહકલક્ષી વસ્તુઓના ઉત્પાદન માટે નજીકના સંપર્કોનો વિકાસ થયો. ખેતીક્ષેત્રની ખરીદ શકિતમાં વધારો થવાથી નવી માંગમાં વધારો થયો, છેલ્લા ઘણા સમયથી ભારતમાં ખેત ઉત્પાદન અને ખેત ઉત્પાદકતા વધારવા માટે ખેતીક્ષેત્રે આધુનિક સાધનો અપનાવવા માટે કાર્યશીલ બનેલ છે. ગ્રામ્ય આધારિત ઉદ્યોગો દ્વારા ખેતીને લગતા સાધનો અને યંત્રો સિંચાઈ તેમજ જમીન સુધારણા માટે તૈયાર કરેલ એ સાબિત કરે છે કે આધુનિક એ પોતાનું પાયાનું સ્થાન કાર્યક્ષમતા આધારિત દલીલમાં જોવા મળેલ છે.

ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં સરકારે આધુનિક વ્યૂહરચના દ્વારા ઝડપી તેમજ નક્કી કરેલ સમય ગાળા દરમિયાન પ્રબળ વૃદ્ધિદર હાંસલ કરવાના ધ્યેય અંગે વિચાર કરેલ છે. ખેતી વિષયક વિકાસની નવી વ્યૂહરચના ૧૯૬૫થી અપનાવવામાં આવી. જેના દ્વારા

ખેતીક્ષેત્રમાં ઉત્પાદકતા તેમજ ખરીદશકિતમાં વધારો, નવા સાધનો અને ગ્રાહકલક્ષી વસ્તુની માગમાં વધારો થયેલ છે. આધુનિકતાની પ્રક્રિયાએ ગ્રામ જીવનમાં મહત્ત્વપૂર્ણ રીતે અસર કરી છે. જેના પરિણામે જીવન ધોરણ અને કામની પરિસ્થિતિમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું છે. ઉપરાંત હજુ ગ્રામ્ય સમાજ માળખામાં પરિવર્તન ચાલુ છે. જો કે બીજી બાજુ ખેતીક્ષેત્રમાં ખરીદ શકિતમાં વધારો થવાથી નવી માળખાગત માંગને અનુરૂપ ગ્રામ્ય કારીગરો પોતાની કાબેલિયત સાબિત ન કરી શકયા.

ગ્રામ્ય કારીગરો દ્વારા ઉત્પાદિત થયેલ વસ્તુઓના બજારનો દેખાવ થોડાઘણા અંશે ફિકકો (નબળો) હતો. કારણ કે મોટાભાગના ઔદ્યોગિક એકમ તરફથી સખત હરીફાઈ, ઉત્પાદનની કિંમત, ગુણવત્તા, ઉત્પાદનમાં વિવિધતા અને ખેતીક્ષેત્રના ગ્રાહકોની સ્વાદ અને પસંદગીમાં ફેરફાર વગેરે પણ અસર કરે છે. ઘણા લેખકો દ્વારા કારીગર વર્ગોની કાબેલિયત અંગે શંકાઓ વ્યકત કરવામાં આવી હતી. ગ્રામ્ય કારીગરો પરંપરાગત ઉત્પાદન પદ્ધતિમાં પરિવર્તન નહીં કરે તો કારખાના દ્વારા ઉત્પાદિત થયેલ વસ્તુની બજાર સામે ટકવું મુશ્કેલ બનશે. વર્તમાન સમયમાં આ કારીગરો ઘણી સમસ્યાઓનો સામનો કરે છે અને વધુ સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે.

આ પરિસ્થિતિના આધારે એમ કહી શકાય કે ગ્રામ્ય સ્તરે તેમજ રાષ્ટ્રીય સ્તરે અલગ–અલગ નીતિના પરિણામે ગ્રામ્ય વિસ્તારમાં સમસ્યા ઊભી થાય છે. ભારતમાં આવુ દ્વિ તરફી માળખુ કાર્ય કરે છે તે સ્પષ્ટ છે. તેથી તે સંશોધકોનું તેમજ લોકવિષયક રાજ્યનીતિ ઘડનારનું ધ્યાન કેન્દ્રિત કરે છે તે યોગ્ય છે કે હિતવાદને પરિણામે ભયંકર આર્થિક તેમજ સામાજિક સમસ્યાઓનો સામનો કરવો પડશે. આ માટે કલ્યાણ યોજના તેમજ સામાજિક સુરક્ષા યોજનાઓ દ્વારા સામનો કરવો જોઈએ જે સમૃદ્ધ રાષ્ટ્રો કરે છે. જો કે ભારતમાં આધુનિકરણની પ્રક્રિયા બ્રિટિશ શાસન વ્યવસ્થાથી જ શરૂ થઈ હતી તેથી વધુ ભાર તો આપણા વિકાસલક્ષી આયોજનમાં મુકવામાં આવેલ હતો. આ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ આપણા દેશમાં હિતવાદનો વિકાસ થયો હતો અને છે. એક બાજુ આધુનિક ઉદ્યોગો અને બીજી બાજુ પરંપરાગત અને પછાત ઉદ્યોગો આ બન્ને ક્ષેત્રો એક સાથે આવ્યા છે.

## ૧.૨૧ ભારતમાં ગ્રામિણ વિકાસની અગત્યતા અને નીતિ :

આઝાદીની પ્રાપ્તિ બાદ ભારતમાં વિકાસની પ્રક્રિયા હાથ ધરવા આયોજનનો માર્ગ અપનાવામાં આવ્યો અને ૧૯૫૧થી પ્રથમ યોજનાનો પ્રારંભ થયો આજે આપણું અર્થતંત્ર દશમી યોજનાના અંત ભણી જઈ રહ્યું છે. આ પ્રકારની નીતિ અપનાવવામાં જે દષ્ટિ રાખવામાં આવી છે તે વ્યવહારુ ગણી શકાય. આઝાદી સમયે મૂડીવાદી અને સામ્યવાદી અર્થનીતિના વિકલ્પો પ્રાપ્ય હતા તેના સ્થાને ભારતે લોકશાહી માળખામાં રહી મિશ્ર અર્થતંત્રની આયોજિત વિકાસની નીતિનો સ્વીકાર કર્યો છે ભારતમાં લોકકલ્યાણને પ્રાધાન્ય આપવા સંબંધી બંધારણીય સંકેતો પ્રાપ્ય છે. આવા સંકેતોનો ઉલ્લેખ કરતાં એક વિદ્વાન બંધારણનો આશ્રય લઈ જણાવે છે કે "ભારતના રાજ્ય બંધારણની દષ્ટિએ ભારતની પ્રજાને કેટલાંક મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે આ ઉપરાંત લોકકલ્યાણની ચોક્કસ નીતિ ઘડવા માટે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ભારતના રાજ્ય બંધારણના ચોથા ભાગમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સિદ્ધાંતો અનુસાર ભારત સરકારે આર્થિક સામાજિક અને રાજકીય ન્યાયના ધોરણો પર સ્થપાયેલી સમાજ વ્યવસ્થા ઊભી કરવા કટીબદ્ધ થવાનું છે કે જેના દ્વારા લોકકલ્યાણમાં ઉત્તરોત્તર વધારો થતો રહે. આ સિદ્ધાંતો પાછળ રહેલી ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાનું કામ નિયોજના પંચે કર્યું." ભારતમાં લોકશાહી રાહે મિશ્ર અર્થતંત્રની નીતિનો સ્વીકાર કર્યા બાદ આયોજિત રાહે વિકાસ કાર્યક્રમોને આગળ ધપાવવાની નીતિ અપનાવવામાં આવી. આ વિકાસ નીતિ માટેના વિવિધ ધ્યેયો રાખવામાં આવેલા. લોકશાહી ઢબે આર્થિક આબાદી અને આર્થિક, સામાજિક ન્યાયપૂર્ણ સમાજની રચના તરફ આપણી નીતિમાં આગળ વધવાનું લક્ષ રાખવામાં આવ્યું છે. આપણા આયોજનના પાયાના હેતુઓ અંગે સ્પષ્ટતા કરતાં શ્રી બાટા જણાવે છે કે "વિકાસ આધુનિકરણ આત્મનિર્ભરતા અને સામાજિક ન્યાય આપણા આયોજનના માર્ગદર્શક સિદ્ધાંતો છે" આ ઉપરાંત ભારતની આર્થિકનીતિના ધ્યેયોના સંદર્ભમાં ઉલ્લેખ કરતાં એક વિદ્વાન સ્પષ્ટ જણાવે છે કે ભારતમાં આયોજનનું ધ્યેય ચતુર્વિદ છે જેમાં ગરીબીનું નિવારણ, બેરોજગારીની નાબુદી, આવકની, અસમાનતામાં

ઘટાડો અને ઉદ્યોગીકરણ છે." ભારતની અર્થનીતિના સંદર્ભમાં વ્યકત કરેલા ધ્યેયો સંબંધી પ્રો. શિનોયના વિચારો ઉલ્લેખનીય છે; આ ધ્યેયમાં અસમાનતામાં ઘટાડો તથા ગરીબી નિવારણની બાબતને આપણા પ્રસ્તુત અભ્યાસમાં સ્પર્શ કરવા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આમ આ અભ્યાસમાં વિકાસની પ્રક્રિયા સાથે સંલગ્ન બે બાબતો પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરવામાં આવેલો છે. પ્રસ્તુત અભ્યાસ અંગેની આ ટુંકી સમજણનો ઉલ્લેખ આ ધ્યેય સાથે સંબંધ ધરાવે છે. ગ્રામીણ વિકાસની બાબત આ ધ્યેયના સંદર્ભમાં આપણા અભ્યાસમાં કેન્દ્ર સ્થાને હોઈ તે અંગે હવે વધુ વિચાર કરીશું.

## ૧.૨૨ ભારતમાં ગ્રામીણ અર્થકારણનું મહત્ત્વ :

ભારતીય અર્થતંત્રમાં ગ્રામીણક્ષેત્ર કરોડરજ્જુ સમાન છે. તેમજ અર્થતંત્રની વિકાસની ચાવીઓ અને અર્થતંત્રની ક્ષમતાના સ્ત્રોતો ગ્રામીણ ક્ષેત્રમાં રહેલા છે. કેમ કે ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ દેશની ૭૨ ટકા વસ્તી ગ્રામીણ છે. આમ માનવમૂડીમાં ગ્રામીણ વસ્તીનું પ્રાધાન્ય રહેલું છે. ૨૦૦૧ની વસ્તી ગણતરીના અંદાજોને ધ્યાનમાં લઈ શ્રી રાજકુમાર જણાવે છે કે ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ વિવિધ આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા લોકોની ટકાવારીની દષ્ટિએ "ભારતમાં ખેતીક્ષેત્રમાં મોટાભાગના લોકો રોજગારી મેળવે છે એટલે કે ૭૦ ટકા લોકો ખેતીક્ષેત્રમાંથી રોજીરોટી પ્રાપ્ત કરે છે જયારે બાકીના ક્ષેત્રમાં ૨૮ ટકા લોકો રોજગારી મેળવે છે." આમ આપણા અર્થતંત્રમાં આર્થિક વિકાસની પ્રક્રિયા છેલ્લા સાડાચાર દાયકાથી હાથ ધરવામાં આવી હોવા છતાં કામ કરતાં પ્રવૃત્ત લોકોમાના બહુ મોટાભાગના લોકો આર્થિક ઉપાર્જન માટે ખેતીક્ષેત્ર પર આધાર રાખતા જણાવે છે આર્થિક વિકાસની પ્રક્રિયાના કારણે ઉદ્યોગ તથા સેવાનું મહત્ત્વ વધી રહ્યું છે.

રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો ૧૯૫૦ – ૫૧માં ૫૫.૮ ટકા હતો જે ૨૦૦૧–૦૨માં ઘટીને ૨૭.૨ ટકા થયેલ જોવા મળે છે. જયારે ઉદ્યોગનો ફાળો ૧૯૫૦–૫૧માં ૧૫.૨ ટકા હતો જે ૨૦૦૧–૦૨માં ૨૩.૭ ટકા થયેલ જોવા મળે છે અને સેવાક્ષેત્રનો ફાળો ૧૯૫૦–૫૧માં ૨૯.૦ ટકા હતો જે વધીને ૨૦૦૧–૦૨માં ૪૯.૧૨

ટકા થયેલ છે. આમ સાપેક્ષ રીતે પ્રાથમિક ક્ષેત્ર (ખેતીક્ષેત્ર)નું મહત્ત્વ ઘટતું જોવા મળે છે. તેમ છતાં કૃષિક્ષેત્ર અને ગ્રામીણ ક્ષેત્ર કુલ પ્રજાની અનાજ, ખાદ્ય વસ્તુની માંગ સંતોષવામાં, ઉદ્યોગોને કાચોમાલ પૂરો પાડવામાં વિકાસ માટે શ્રમનો પુરવઠો પૂરો પાડવામાં, મૂડીસર્જનમાં તથા નિકાસ કમાણીમાં અને ઉદ્યોગક્ષેત્ર માટે આંતરિક બજાર પૂરું પાડવામાં મહત્ત્વનું યોગદાન પૂરું પાડે છે.

ભારતીય અર્થતંત્રમાં કૃષિક્ષેત્રના પ્રાધાન્યને કારણે આર્થિક વિકાસનો દર તે ક્ષેત્ર પર આધારિત છે. કૃષિ ઉત્પાદન વૃદ્ધિના સંજોગો સમગ્ર અર્થતંત્ર ઉપર અસર કરે છે. આજે પાંચ દાયકા બાદ પણ આ ક્ષેત્ર આપણા અર્થતંત્રની કરોડરજ્જુ સમાન રહ્યું છે. પ્રજાની ખરીદ શકિતનો મોટો હિસ્સો કૃષિ પેદાશો અનાજ વગેરેની પાછળ ખર્ચાતો જોવા મળે છે. તેથી ભાવ સપાટી, આર્થિક સ્થિરતા, સાચી માથાદીઠ આવક, ગરીબીનું પ્રમાણ તથા આમ જનતાનું જીવનધોરણ ખેતીક્ષેત્રની સ્થિતિથી પ્રભાવિત થાય છે. ગ્રામીણ ક્ષેત્રની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલી છે. તે સિવાયના કેટલાંક આનુષંગિકક્ષેત્રો આ ગ્રામીણ ક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે. આમ ગ્રામીણ ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિમાં અનેકવિધ પ્રવૃત્તિઓ પણ રોજ ઉત્પાદનમાં પોતાનો ફાળો આપે છે. તેમ છતાં મુખ્ય પ્રવૃત્તિ ખેતીક્ષેત્રની જ ગણી શકાય છે.

ભારતમાં આયોજનકાળ દરમિયાન વિકાસની પ્રક્રિયા અન્ય રાષ્ટ્રોની માફક હાથ ધરવામાં આવી રહી છે. જેને પરિણામે ક્ષેત્રવાર સાપેક્ષ મહત્ત્વ રાષ્ટ્રીય પેદાશમાં ફાળાની દષ્ટિએ ફેરફાર પામી રહેલ છે. રાષ્ટ્રીય આવકમાં વધારો થઈ રહેલ છે. તેમ છતાં ભારતમાં અન્ય દેશોની તુલનામાં રાષ્ટ્રીય આવકનો વધારો ઘણા ધીમા દરે થઈ રહ્યો છે વિશ્વબેન્ક દ્વારા પ્રકાશિત થયેલા વિશ્વની આર્થિક પરિસ્થિતિ અંગેના અહેવાલોમાં અપાયેલ આંકડા વસ્તી હકીકતને વધુ આઘાતજનક બતાવે છે. માથાદીઠ આવકની વાત કરીએ તો એક અબજથી વધુ વસ્તી ધરાવતો સામ્યવાદી દેશ ચીન પણ માથાદીઠ આવકમાં ભારત કરતાં આગળ છે. "વિશ્વના સૌથી વધુ ગરીબ દેશોમાં ભારત સાથે માથાદીઠ આવકના સંદર્ભમાં નીચલા સ્થાને છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે ગણાતા અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં તટસ્થ દેશોના આગેવાન તરીકે આગળ આવવા માગતા

ભારત માટે આ શરમજનક હકીકત લેખાય છે." વિશ્વબેંકના છેલ્લા ૧૯૯૬ના વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટમાં દર્શાવ્યા મુજબ વિવિધ દેશોની માથાદીઠ આવક ૧૯૯૪માં કેટલી રહેવા પામી હતી તે અંગેની વિગત કોઠા નં. ૧.૬માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૧.૬*
*વિશ્વના દેશોની માથાદીઠ આવક*

| *દેશ* | *માથાદીઠ આવક (ડોલરમાં)* |
|---|---|
| અમેરીકા | ૨૫૮૮૦ |
| જર્મની | ૨૫૫૮૦ |
| કનેડા | ૨૦૭૧૦ |
| મેકિસકો | ૧૮૩૪૦ |
| ચીન | ૬૪૦ |
| પાકિસ્તાન | ૫૩૦ |
| ભારત | ૪૩૦ |
| શ્રીલંકા | ૩૨૦ |

પ્રાપ્તિ સ્થાન : વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ ઓકસફર્ડ યુનિવસિર્ટી પ્રેસ ન્યુયોર્ક ૧૯૯૬ પાના નં. ૧૮૮.

ઉપરોકત કોઠા નં. ૧.૩માં દર્શાવેલ માહિતી પર જોઈ શકાય છે કે ૧૯૯૪માં વિકસિત રાષ્ટ્રોની વાર્ષિક માથાદીઠ આવક ઘણી ઊંચી જોવા મળેલ છે ભારતમાં તો વિકાસશીલ રાષ્ટ્રો કરતાં પણ માથાદીઠ આવક નીચી રહેલી છે. આ સ્થિતિની સાથે સાથે દેશમાં બેકારીની સમસ્યા ભળતા ગરીબીનું પ્રમાણ ઊંચુ રહેવા પામેલ છે. ગ્રામીણ વિસ્તારમાં ગરીબી ઘણી વધારે રહેલ છે પરિણામે તેઓ ગરીબી રેખા હેઠળ જીવન વિતાવે છે. કોઠા નં. ૧.૭માં રાજ્યવાર ગરીબી રેખા હેઠળ વસ્તીની સંખ્યા અને તેનું ટકાવારી પ્રમાણ દર્શાવવામાં આવેલ છે.

કોઠા નં. ૧.૭
રાજ્યવાર ગરીબી રેખા નીચે જીવતી વસ્તીની સંખ્યા અને તેનું ટકાવારી પ્રમાણ

| ક્રમ | રાજ્ય/પ્રદેશ | કુલવસ્તીમાં ગરીબી રેખા હેઠળની વસ્તીની ટકાવારી | ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી રેખા હેઠળનું પ્રમાણ |
|---|---|---|---|
| ૧. | આંધ્ર પ્રદેશ | 43.9 | 180 |
| ૨. | આસામ | 52.6 | - |
| ૩. | બિહાર | 58.9 | 360 |
| ૪. | ગુજરાત | 43.2 | 101 |
| ૫. | હરિયાણા | 23.2 | 23 |
| ૬. | હિમાચલ પ્રદેશ | 28.1 | 11 |
| ૭. | જમ્મુ કશ્મીર | 32.7 | - |
| ૮. | કર્ણાટક | 49.9 | 131 |
| ૯. | કેરાલા | 46.0 | 95 |
| ૧૦. | મધ્યપ્રદેશ | 59.8 | 248 |
| ૧૧. | મહારાષ્ટ્ર | 55.8 | 227 |
| ૧૨. | મણિપુર | 30.5 | 3 |
| ૧૩. | મેઘાલય | 53.9 | 0.6 |
| ૧૪. | નાગાલેન્ડ | - | - |
| ૧૫. | ઓરિસ્સા | 69.0 | 160 |
| ૧૬. | પંજાબ | 11.9 | 14 |
| ૧૭. | રાજસ્થાન | 33.7 | 91 |
| ૧૮. | તામિલનાડુ | 55.7 | 190 |
| ૧૯. | ત્રિપુરા | 64.3 | 12 |
| ૨૦. | ઉતરપ્રદેશ | 50.2 | 456 |
| ૨૧. | પશ્ચિમ બંગાળા | 58.8 | 236 |

ઉપરોક્ત કોઠા નં. ૧.૭માં દર્શાવેલ માહિતી પરથી જોઈ શકાય છે કે આંધ્રપ્રદેશમાં ગરીબીરેખા નીચે ૪૩.૯ ટકા વસ્તી હતી અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૮૭ લાખ લોકો ગરીબી રેખા નીચે હતા. કોઠાને આધારે કહી શકાય કે ત્રિપુરામાં ગરીબી રેખા નીચે જીવતી વસ્તીનું ટકાવારી પ્રમાણ સૌથી ઊંચુ ૬૪.૩ ટકા જોવા મળ્યું હતું તે પછી મધ્યપ્રદેશ આવે છે મધ્યપ્રદેશમાં કુલ વસ્તીના લગભગ ૬૦ ટકા વસ્તી ગરીબી રેખા નીચે જીવતી હતી. સૌથી ઓછી ટકાવારી પંજાબમાં જોવા મળે છે. પંજાબની કુલ વસ્તીના માત્ર ૧૭.૯ ટકા વસ્તી જ ગરીબીની રેખા નીચે જીવતી હતી સંખ્યાની દષ્ટિએ જોઈએ તો ઉત્તર પ્રદેશમાં ૪૫૬ લાખ લોકો ગરીબી રેખા નીચે જીવે છે. સૌથી ઓછી સંખ્યા મણિપુરમાં જોવા મળે છે. આ દર્શાવે છે કે ગામડાની ગરીબી રેખા નીચે જીવતી વસ્તીની સંખ્યા અને તેનું ટકાવારીનું પ્રમાણ દરેક રાજ્યમાં ઊંચુ છે.

ભાવવધારાને કારણે સાચી આવકમાં ધીમો વધારો રહેલ છે. આમ આ બધી બાબતોને ગરીબીની સમસ્યા, બેકારી તથા આર્થિક અસમાનતાની સમસ્યા ગંભીર બની રહી છે. આ દિશામાં આપણે પ્રશંસનીય સિદ્ધિ હાંસલ કરી નથી. આ અંગે શ્રી વાડીલાલ ડગલીનું મંતવ્ય નોંધવા પાત્ર છે. તેઓ જણાવે છે કે "આપણું આયોજનનું જમા પાસુ જેટલુ ઉજ્જવળ છે તેટલું જ ઉધાર પાસુ શરમજનક છે. જેમના માટે ગાંધીજીએ સ્વરાજ્ય મેળવ્યું તે રંક લોકોના જીવન પર આપણી પંચવર્ષીય યોજનાઓએ લગભગ કોઈ અસર કરી જ નથી. આયોજનના સાડાપાંચ દાયકાઓ પછી આજે પણ ૩૫ કરોડ લોકો એવા છે કે જેઓ પાળેલા કુતરા કે કેદી કરતાંય ખરાબ જીવન વિતાવે છે." આપણે ત્યાં પાયાની પ્રવૃત્તિઓનો પ્રચંડ વિકાસ થયો છે. પરંતુ આ વિકાસ મુખ્યત્વે શહેરી વિસ્તારોમાં થયો હોઈ ગામડાઓ હજુ પછાત રહ્યા છે. ત્યાં અનેક સમસ્યાઓ ફુલી ફાલી છે. ગ્રામીણ ક્ષેત્રનું મહત્ત્વ આપણા અર્થતંત્રમાં હજુ રહ્યું છે. તેથી આ ક્ષેત્રના વિકાસ પર ભાર આપવાનું જરૂરી ગણાયું છે.

## ૧.૨૩ વિષય સંબંધી સંદર્ભ સાહિત્યની સમીક્ષા :

### *(૧) ડૉ. વી.કે. જાની અને ડૉ. બી.એ. પંડયાનો અભ્યાસ :*

ડૉ. વી.કે. જાની અને ડૉ. બી.એ. પંડયા દ્વારા ૧૯૯૪માં પ્રકાશિત પુસ્તક 'રૂરલ આર્ટીઝન્સ એન્ડ મોડનાઈઝેશન'માં સૌરાષ્ટ્ર વિસ્તારના ગ્રામીણ કારીગરો પર આધુનિકરણની શી અસર પડી છે તથા આધુનિકરણને કારણે તેના ધંધાના વિકાસની કેવી તકો જોવા મળે છે ? તે બાબત પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરે છે. જુદા જુદા વ્યવસાયોના કારીગરો જુદી જુદી સ્થિતિમાં પોતાનું કાર્ય કરે છે. તથા આ જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા કારીગરોના જીવન ધોરણ પર તેના વ્યવસાયની હરીફાઈની સ્થિતિ, બજારના સંજોગો વગેરે અનેક બાબતો અસર કરે છે. આ વિવિધ મુદ્દાઓને આવરી લઈ કારીગર વર્ગ ઔદ્યોગિક વિકાસની ઝડપ સાથે તાલ મિલાવી શકે તેમ છે કે નહીં તે શકયતા તપાસવામાં આ અભ્યાસ અગત્યનું યોગદાન આપે છે. આવા કારીગર વર્ગમાં પછાત જાતિના કારીગરો છે તે દષ્ટિ એ આ વર્ગ સાથે સંકળાયેલા કેટલાંક મુદ્દાઓ પણ આ અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. કારીગર વર્ગના વિવિધ પાસાઓની આ અભ્યાસમાં વિશદ છણાવટ કરવામાં આવી છે. આ રીતે આ પ્રદેશના ગ્રામ્ય વિકાસમાના એક અગત્યના પાસા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવામાં આ અભ્યાસ મહત્ત્વની પાયાની કામગીરી બજાવે છે, તેમ છતાં તમામ વર્ગના કારીગરોને આવરી લેતો આ અભ્યાસ તેમાના પછાતવર્ગો પર ખાસ અભ્યાસ આ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ છે.

### *(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અર્થશાસ્ત્ર ભવન :*

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અર્થશાસ્ત્ર ભવનના ઉપક્રમે ૧૯૯૧માં સૌરાષ્ટ્રના ચોરવાડ ગામમાં થયેલ સોસીયોઈકોનોમીક સર્વેમાં માત્ર વિવિધ કોમના ગરીબ કુટુંબોને જ આવરી લઈ આવા ગરીબ કુટુંબોના વિવિધ પાસાઓની છણાવટ કરવામાં આવેલ. આ અભ્યાસમાં સીધી રીતે પછાત વર્ગ સંકળાયેલ નથી. તેમ છતાં અનેક વ્યવસાયી કુટુંબો ગરીબ છે તેઓની આર્થિક, સામાજિક દરજ્જાની વિવિધ બાબતો પ્રત્યે પ્રકાશ પાડવામાં આવેલ છે.

## *(૩) ડી.પી. ડોડીયાનો લઘુ નિબંધ :*

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રભવન દ્વારા ડી.પી. ડોડીયાએ એમફીલ લઘુશોધ નિબંધ રજૂ કરેલ ૧૯૯૧ના આ સંશોધન અભ્યાસ જૂનાગઢ જિલ્લાનાં માળીયા હાટીના તાલુકાના ગ્રામીણ વિકાસને તપાસવાનો પ્રયત્ન કરેલ છે. આઈ.આર.ડી.પી. અંતર્ગત નીચલા વર્ગના લોકો કેવા પ્રકારના લાભ મેળવેલ છે ? તે સંબંધી વિગતો રજૂ કરવાનો આ અભ્યાસ અંતર્ગત પ્રયાસ કરવામાં આવેલ છે. તેઓએ જણાવેલ અનુસાર ગ્રામીણ ગરીબીનું પ્રમાણ પછાત જાતિના લોકોમાં જોવા મળે છે. તેથી આઈ.આર.ડી.પી. કાર્યક્રમો વધુ ઘનિષ્ટ બનાવવા જોઈએ તે બાબત પ્રત્યે પોતાના મંતવ્યો રજૂ કરેલ છે.

## *(૪) શ્રી વાડીલાલ ડગલીનો અભ્યાસ :*

શ્રી વાડીલાલ ડગલી દ્વારા ૧૯૮૭માં પ્રસિદ્ધ થયેલ પુસ્તક "રંકનું આયોજન"માં ગાંધીજીની ફિલસૂફી અન્વયે પછાત ગરીબ લોકોના ઉદ્ધાર માટે યોજનાઓમાં અપુરતું લક્ષ અપાયું હોવાનો સ્પષ્ટ મત વ્યકત કરવામાં આવ્યો છે. આઝાદી પછી આપણા દેશમાં આર્થિક પ્રવૃત્તિનો પ્રચંડ વિકાસ થયો છે. આમાં એક મોટી મર્યાદા તેઓના મત મુજબ એ છે કે આ વિકાસ ખાસ કરીને શહેરી વિસ્તારમાં જ થયો છે. ખરેખર તો ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન ગામડા છે. એટલે દયા કે અનુકંપાને લીધે નહીં પરંતુ દેશના હિતની દષ્ટિએ ગામડામાં પાયાની આર્થિક પ્રવૃત્તિઓ વિકસાવવી જોઈએ. ગાંધીજીનો આ મત શ્રી ડગલી દોહરાવતા કહે છે કે ગામડા બેઠા ન થાય તો સર્વવ્યાપી ગરીબી દૂર કરવાનું અશકય છે. આયોજન કાળના લાંબા સમય પછી પણ રંક લોકોના જીવનમાં કોઈ ફેરફાર થયો નથી અને આયોજનનો ફાયદો માત્ર ઉપલાવર્ગને જ મળ્યો છે તેથી આયોજનની વ્યૂહરચના નહીં બદલીએ તો કરોડો રૂપિયા ખર્ચ થશે તેની મલાઈ ઉપલો વર્ગ જ આરોગી જશે તથા આપણા બાપુનો રંક તો ત્યાં જ ભૂખ્યો જ રહેશે. આમ ગરીબી નિવારણમાં આપણા આયોજનના પ્રયાસો દ્વારા કોઈ નક્કર પરિણામો લાવી શકયા નથી તે બાબત પર આ અભ્યાસ મહત્ત્વનું ચિંતાત્મક મંતવ્ય રજૂ કરનારો અભ્યાસ બન્યો છે.

## *(૫) બિપીન લહેરીનો અભ્યાસ :*

બિપીન લહેરીએ તેમના અભ્યાસ "બેરોજગારી અને ઔદ્યોગિક કલાકારીગરી અને ગ્રામીણ ગરીબી"માં વિગતવાર બેરોજગારી વિશે લખેલ છે. ગ્રામ્ય અને નાના ઉદ્યોગોનાં આયોજનના મુદ્દાઓનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે ગ્રામ્ય ઔદ્યોગિક કલાકારીગરીમાં અપનાવવામાં આવેલ વિવિધ ગ્રામ્ય ઉદ્યોગો જેવા કે સુથારીકામ, લુહારીકામ, ડેરીવિકાસ, ચામડા ઉદ્યોગ, સિરામિક ઉદ્યોગ, કુંભારીકામ, ચાઈના વેર અને પાવરલૂમ ઉત્પાદનોનો વિસ્તૃત અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં ઔદ્યોગિક કલાકારીગરી પરિવર્તન ગ્રામ્ય ઉદ્યોગોમાં અપનાવવાની અગત્યતા અને ખામીઓ વિશે ચર્ચા કરવામાં આવી છે. લેખક માને છે કે આ કાર્યક્રમ ઉદ્યોગો માટેના આર્થિક ખર્ચના કારણે વસ્તીની પુન : વહેંચણીને ઉત્તેજન આપે છે તેથી તે બીજા વ્યૂહ ગ્રામ્ય વિકાસ અને ઉદ્યોગો માટે સૂચવે છે કે જે ગ્રામીણ કારીગરો ઉપર નકારાત્મક અસરોને ઓછી કરી શકે.

## *(૬) હેઈન સ્ટ્રીફર્કેકનો અભ્યાસ :*

હેઈન સ્ટ્રીફર્કેકના અભ્યાસમાં ભારતમાં ઔદ્યોગિક પરિવર્તન ગુજરાતના શહેરોમાં સામાજિક અને આર્થિક પરિવર્તન ઉપર આધારિત શ્રેષ્ઠ કાર્ય કરેલ છે. ફીલ્ડવર્ક આધારિત આ અભ્યાસ કરવામાં આવેલ છે. તેનો અભ્યાસ જણાવે છે કે આર્થિક પરિવર્તનની પ્રક્રિયાને વિકાસના સૈદ્ધાંતિક પહેલું સાથે સંબંધ રહેલ છે. કેટલાંક ગ્રામ્ય કારીગરોએ તેમજ ઉદ્યોગોએ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ગુમાવ્યુ અને આધુનિક ઉદ્યોગોમાં કામદાર બન્યા. કેટલાંક ગ્રામ્ય કારીગરો જેવા કે સુથારો, લુહારો, કંસારાઓ, વણકારો વગેરેને કોઈક નવીન પ્રવૃત્તિ કરવાની ઈચ્છા કઈ રીતે વધી તેનો અભ્યાસ કરવામાં આવેલ છે. જે પરિબળોને લીધે પરિવર્તન આવ્યું તેની વિગત પણ આ અભ્યાસમાં આપવામાં આવેલ છે. આ રીતે તે પરિવર્તન પ્રક્રિયાની સંપૂર્ણ વિગત આપે છે. જેમ કે મોટા ભાગનું પૃથક્કરણ સામાજિક પહેલુઓ ઉપર આધારિત હતું અને ગ્રામીણ કારીગરોના આર્થિક પહેલુ પર ઓછું ધ્યાન આપવામાં આવેલ છે.

## *(૭) આર.જી.સીંગનો અભ્યાસ :*

આધુનિકરણથી ગ્રામ્ય પરિવર્તન અને વિરોધમાં આર.જી.સીંગ દ્વારા સુંદર કાર્ય કરેલ છે. આ અભ્યાસ ગ્રામ્ય વિસ્તારમાં આધુનિકરણની પ્રક્રિયાને તપાસવામાં આવેલ છે જેમાં સામાજિક હેતુઓને વધુ ધ્યાનમાં લેવામાં આવેલ છે. કેટલાંક ખાસ વિભાગોમાં આર્થિક હેતુઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારની વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરેલ છે. ગ્રામ્ય પ્રવૃત્તિઓને આધુનિકરણની પ્રક્રિયા કઈ રીતે અસર કરે છે ? તેની નોંધ લેવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારની બિન ખેતી આર્થિક પ્રવૃત્તિઓ તરીકે તેનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. મોટા ભાગે આ અભ્યાસ આધુનિકરણ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ ગ્રામ્ય વિસ્તારમાં સામાજિક પરિવર્તનો પર અભ્યાસ કરેલ છે.

## *(૮) વી.વી. ગોપાલકિષ્નાનો અભ્યાસ :*

વી.વી. ગોપાલકિષ્નાના અભ્યાસ દ્વારા ભારતીય ગ્રામ્ય વિકાસ માટે ઔદ્યોગિક કલાકારીગરોમાં પરિવર્તનો પર અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં ગ્રામ્ય વિકાસ માટે ઔદ્યોગિક કલા શાસ્ત્રીય પરિવર્તન અને વિવિધ આંતર વિભાગીય વિષયો પર અભ્યાસ કરેલ છે. જેમાં ખેતીવાડી અને માછીમારોને ગ્રામ્ય ઉદ્યોગોને લગતા વિવિધ ઓજારો, યુકિતઓ વગેરે ધ્યાનમાં લીધેલ છે. ૧૯૫૧ થી ૧૯૭૭ના સમયગાળામાં વિશાળ સંશોધન ઉપર તેમજ પુરાવાના આધારે તે દર્શાવે છે કે ગ્રામ્ય વિકાસનો ઔદ્યોગિક કલાશાસ્ત્રીય પરિવર્તન દ્વારા આપવામાં આવેલ નમુનો સફળ થયો ન હતો. તેણે બે ગામોના ૧૦૯ ગ્રામ્ય કારીગરોના પરીવારોની વિગત ભેગી કરી હતી. અને ગ્રામોદ્યોગો જેવા કે તેલની ઘાણી, કાંતવુ, વણાટકામ, ઉનનું ગુંથણકામ, સુથારી તેમજ લુહારીકામ વગેરે ઉપર અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં માત્ર કારીગરો જ નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારના બીજા ક્ષેત્રોને પણ આ અભ્યાસમાં આવરી લેવામાં આવેલ છે. પરંતુ તેમાં કલાકારીગરી વર્ગને ઓછું મહત્ત્વ આપવામાં આવેલ છે.

## *(૯) અશોક મિશ્રાનો અભ્યાસ :*

અશોક મિશ્રાનો અભ્યાસ દર્શાવે છે કે કૃષિક્ષેત્રનું યાંત્રિકરણ ગ્રામ્ય કારીગરોને મદદ કરી ન શકયું કારણ કે ખેતી તેમજ ઉદ્યોગોને લગતા યંત્રો ગ્રામ્ય કારીગરો દ્વારા રીપેર કરવામાં આવતા. પરંતુ તેની કુશળતા જોવા મળતી ન હતી. કારણ કે તેમની કેટલીક મર્યાદાઓ પણ હતી, જેથી ગ્રામ્ય કારીગરોની સેવાઓની ઉપયોગિતાને ખરાબ અસર થઈ હતી, તેનું પરિણામ એ આવ્યું કે ગ્રામ્ય કારીગરોની આવક અને રોજગારીમાં ઘટાડો થશે. આમ, આધુનિકરણના પરિણામે ગ્રામ્ય ખેતી તેમજ ઉદ્યોગોમાં બેરોજગારીમાં વધારો થવા જાય છે. ગ્રામ્ય કારીગરો ગરીબી અને આંશિક બેકારીનો ભયંકર સામનો કરી રહ્યા છે જેઆ અભ્યાસ દર્શાવે છે આ અભ્યાસના આધારે ગ્રામ્ય વિસ્તારની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ રાખી શકાય છે. વધુ વિગતે ગ્રામ્ય કારીગરોનો અભ્યાસ લેખકે આપ્યો નથી.

## *(૧૦) બેરીન બેદારીનો અભ્યાસ :*

બેરીન બેદારીનો અભ્યાસ ભારતના ગ્રામ્ય ઔદ્યોગિકરણ અંગેનો છે. પોતાના આ અભ્યાસમાં તેઓ જણાવે છે કે નવા પરિવર્તનમાં વિકાસ તેમજ ઉદ્યોગ ઉપર વધુ ધ્યાન આપવામાં આવેલ છે. આર્થિક કેન્દ્રિકરણમાં વધુ રસ લઈ આર્થિક વૃદ્ધિને મહત્ત્વ આપવામાં આવેલ છે. પરંતુ ગ્રામ્ય કલાકારીગરો તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવેલ છે. ગ્રામીણ ઔદ્યોગિકરણ જેના પર આધારિત છે તેવા પરંપરાગત ઉદ્યોગો કાર્ય કુશળતાઓ અને બીજી સંપત્તિ મેળવવાના સ્ત્રોતો તેને ધ્યાનમાં લેવા જોઈએ.

## *(૧૧) શ્રી એલ.કે. નાયકનો અભ્યાસ :*

શ્રી એલ.કે. નાયકે તપાસેલ 'બેન્ક ફાઈનાન્સીયર શિબિર'માં યંત્રો કે જેમાં ગ્રામ્ય કારીગરોને આર્થિક સહાયતા આપવાનો ઉલ્લેખ કરેલ છે. આ અભ્યાસમાં કેટલાંક વિદ્યાર્થીઓ, સંશોધકો અને બેન્કો દ્વારા અમુક ગૌણ અને બહારના કાર્યોમાં તેઓનો ફાળો હતો. પોતાના અભ્યાસમાં ગ્રામીણ કારીગરોના મોટાભાગના આર્થિક હેતુઓનો સમાવેશ કરેલ છે. જયારે ગ્રામીણ આર્થિક પ્રવૃત્તિઓ તેમજ ગ્રામીણ કારીગરોની સ્થિતિ વિશે સંપૂર્ણ

વિગતવાર તપાસેલ નથી. છતાં પણ ગ્રામ્ય કારીગરોના આર્થિક હેતુઓ સિદ્ધ કરવા માટે ખૂબ જ ઉપયોગી સંશોધન છે.

### *(૧૨) શ્રી એન.આર. આઝાદનો અભ્યાસ :*

શ્રી એન.આર. આઝાદ, પી. એન. ધર અને બલજીતસિંહના અભ્યાસમાં કુટિર અને નાના પાયાના ઉદ્યોગોને વધુ મહત્ત્વ આપવામાં આવેલ છે. પોતાના સંશોધનમાં કુટિર ઉદ્યોગ ઉપર અને નાના પાયાના ઉદ્યોગો કરતાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરેલ છે. પરંતુ આધુનિકરણમાં ગામડાઓની અને ગ્રામ્ય ઉદ્યોગોની આર્થિક પ્રક્રિયાઓનો સમાવેશ કરેલ નથી. આયોજિત કાર્યક્રમના માળખાગત સ્ત્રોતોનું સંશોધન કરવા નાના પાયાના ઉદ્યોગોનો અભ્યાસ કરવાનો હેતુ રહેલો છે. આવા ઉદ્યોગોમાં રોકાયેલા કારીગરોના જીવન નિર્વાહ પર થતી અસરોને ધ્યાનમાં લેવા માગતા ન હતા.

### *(૧૩) શ્રી એન.પી. જયસ્વાલનો અભ્યાસ :*

શ્રી એન.પી. જયસ્વાલ, શ્રી વાય.એ. પંડિતરાવ, ટી.એન. પથોલા, પ્રદિપ વોરા અને શ્રી બી.ડી. પરમારના અભ્યાસ ગ્રામ્યવિસ્તારમાં આધુનિકરણની પ્રક્રિયા અને આર્થિક પરિવર્તનની પ્રક્રિયા ઉપર ધ્યાન દોરવાની કોશિશ કરવામાં આવેલ છે. શ્રી એન.પી. જયસ્વાલ, શ્રી વાય.એ. પંડિતરાવ, ટી.એન. પથોલા, પ્રદિપ વોરા અને શ્રી બી.ડી. પરમાર પણ માંગ આધુનિકરણની પ્રક્રિયા અને પરિવર્તનને જ મહત્ત્વ આપેલ છે, પરંતુ આધુનિકરણની ગ્રામ્ય કારીગરોના વર્ગોની આર્થિક પદ્ધતિઓ ઉપર તેના જીવનધોરણ ઉપર થતી અસરો તપાસેલ નથી ગ્રામ્ય કારીગરોની વર્તમાન સ્થિતિની સંપૂર્ણ વિગત અને તેનું પૃથક્કરણ આપેલ નથી.

### *(૧૪) એચ.આર. ચતુર્વેદી તથા ઘનશ્યામ શાહનો અભ્યાસ :*

એચ.આર. ચતુર્વેદી તથા ઘનશ્યામ શાહના ૧૯૮૧ ના "ગાંધી સિદ્ધ માર્ગ" ગ્રામ વિકાસ એક મૂલ્યાંકન અભ્યાસમાં દેશમાં આઝાદી પહેલા વિકાસલક્ષી, ગ્રામ સમાજ માટેના ઉત્કર્ષ કાર્યક્રમોની રૂપરેખા આપવામાં આવેલ જેના વિવિધ કાર્યક્રમોના અમલ

અંગે વિસ્તૃત માહિતી પ્રદાન કરવામાં આવેલી ૧૯૭૮માં શ્રી રવિન્દ્રનાથ ટાગોરે પશ્ચિમ બંગાળના કલીંગરામ પરગણના આઠ ગામોમાં નવરચના કેન્દ્રો શરૂ કર્યા હતા. ૧૯૨૧માં ગ્રામ્ય જીવનમાં સમતુલિત વિકાસ માટે તેઓશ્રીએ શાંતિનિકેતનની સ્થાપના કરી. અન્ય અભ્યાસોમાં ઉલ્લેખ થવા પાત્ર નામોમાં કેરલમાં સ્પેન્સર હેગનુ કામ, પંજાબમાં એફ.એલ. બ્રાયેનનું કામ, ઉતર પ્રદેશમાં આલ્બર્ટનું કામ અને પશ્ચિમ બંગાળામાં એસ.કે. ડે. ના પ્રોજેકટો ગણાવી શકાય. આ બધાએ ખેત ઉત્પાદન વધારવા, આરોગ્ય સુધારવા તેમજ સ્વનિર્ભરતા વિકસાવવા પ્રયત્ન કરેલા. આ સર્વ અભ્યાસો, આઝાદી પછી ગ્રામ્ય વિકાસની પ્રવૃત્તિ માટે આદર્શ નમૂનારૂપ બન્યા છે તેમ તે બંને અભ્યાસીઓ એ જણાવેલ છે.

## *(૧૫) ડૉ. દિલીપ આર. શાહનો અભ્યાસ :*

ડૉ. દિલીપ આર. શાહ ૧૯૮૮માં પ્રગટ કરેલ પોતાના પુસ્તક "ભારતીય ગ્રામ્ય અર્થતંત્ર વિકાસના પરિપ્રેક્ષ્યમાં" એક મહત્ત્વના મૂળને લક્ષમાં લઈ ચર્ચા કરતાં જણાય છે. વિકાસલક્ષી અભ્યાસના અભિગમને ધ્યાનમાં રાખીને ગ્રામ અર્થતંત્રની વિકાસલક્ષી સમસ્યાઓનું ઊંડાણ પૂર્વક વિશ્લેષણ કરવાનો, પ્રયત્ન કર્યો છે. તેઓએ ગ્રામ અર્થતંત્રના માળખાનું વિગતપૂર્ણ વર્ણન અને વિશ્લેષણ કરીને ભારતીય ગ્રામ અર્થતંત્રને અવરોધક પરિબળોની વિગતે છણાવટ કરી છે. તેઓએ ગ્રામીણ અર્થકારણની સૌથી મોટી અને મૂળભૂત સમસ્યા ગ્રામીણ ગરીબાઈનું પ્રમાણ, અસર અને પ્રકૃતિ ઉપર વેધક પ્રકાશ પાડયો છે. છેલ્લે તેઓએ ગ્રામીણ વિકાસની મૂળભૂત સમસ્યાઓનું તલસ્પર્શી વિશ્લેષણ કરીને નીતિ વિષયક સૂચનો તરફ અંગુલિનિર્દેશ કરે છે આ અભ્યાસ ગ્રામ સમાજના સર્વ વર્ગને આવરી લે છે.

## *(૧૬) શ્રી આર.સુબ્રહ્મણ્યમનો અભ્યાસ :*

શ્રી આર. સુબ્રહ્મણ્યમના ૧૯૮૮માં પ્રગટ થયેલ પુસ્તક "રૂરલ ડેવલપમેન્ટ એન ઈન્સાઈડ લૂફ એટ પ્રોબ્લેમ્સ એન્ડ પ્રોસ્પક"માં ગ્રામીણ વિકાસના સંદર્ભમાં ગ્રામીણ ગરીબાઈ દૂર કરવા ઉપર ભાર મુકેલો છે. તેઓના મત મુજબ "ગ્રામીણ વિસ્તારમાં અન્ય

લોકોની સાથે પછાત વર્ગના લોકો પણ રહે છે. અને તેની ઉન્નતિ માટે સરકારી કાર્યક્રમોનો લાભ આપવાની બાબત જણાવેલ છે. ખાસ કરીને વિવિધ સરકારી કાર્યક્રમો પૈકી આઈ.આર.ડી.પી. કાર્યક્રમો ઉપર તેઓએ વધુ ધ્યાન કેન્દ્રિત કરેલ છે. શ્રી સુબ્રહ્મમણિ એ જણાવેલ છે કે આઈ.આર.ડી.પી. દ્વારા તેના પાયાના ઉદ્દેશો પૂરા કરવામાં નોંધપાત્ર પરિણામો સિદ્ધ થઈ શકયા નથી. છતાં પણ આવક અને રોજગારી સર્જન, મિલકત સર્જન તથા ધિરાણ ભરપાઈના સંદર્ભમાં હકારાત્મક વલણો જોવા મળેલ છે.

### *(૧૭) શ્રી કરતાર સિંઘનો અભ્યાસ :*

શ્રી કરતાર સિંઘના ૧૯૮૬માં પ્રગટ થયેલ પુસ્તક "રૂરલ ડેવલપમેન્ટ"માં ગ્રામીણ વિકાસનું અર્થઘટન તથા ગ્રામીણ વિકાસના મૂળ તત્ત્વો પર ઉપર ધ્યાન દોરેલ છે.

સૌરાષ્ટ્ર પ્રદેશમાં થયેલ આવા કેટલાંક અભ્યાસોએ આ વિસ્તારના સંશોધન કાર્યની નવી કેડી કંડારી છે. આ સિવાયના આ વિસ્તાર સંબંધી અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે અનેક પીએચ.ડી., એમ.ફીલ.ના શોધ નિબંધો દ્વારા સંશોધન કાર્યો થયા છે. જેમાં કૃષિ વિકાસ, ખેતમજૂરો વગેરેના વિવિધ પાસાઓને આવરી લેવાયેલા છે. આમ સૌરાષ્ટ્ર વિસ્તાર સંબંધી પ્રાદેશિક અભ્યાસો માટે જે નૂતન સંશોધન અભ્યાસના અવકાશો ઊભા થયા છે તે દિશાના જ્ઞાનનો વ્યાપ વધે તે હેતુથી આવા અભ્યાસો પર વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે. એ દૃષ્ટિએ આવા અભ્યાસો નૂતન અભ્યાસો માટેના દિશા સૂચનો દર્શાવનાર બની રહે છે. આવા અન્ય પ્રાદેશિક તેમજ રાજ્ય કક્ષાના કે રાષ્ટ્ર વ્યાપી અનેક અભ્યાસો થયા છે. આવા અભ્યાસોમાંથી નવા ક્ષેત્રો અંગે દિશા સૂચન મળી રહે છે.

## ૧.૨૪ વિષયની પસંદગી અને પ્રસ્તુત અભ્યાસનું ઔચિત્ય

ગ્રામીણ કારીગર વર્ગોની વિવિધ સમસ્યા આઝાદી પહેલા પણ દૃષ્ટિગોચર થતી હતી. તેથી જ તેની વિવિધ સમસ્યાઓના નિરાકરણ મુદ્દે પૂજ્ય રાષ્ટ્રપિતા ગાંધીજી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાષ્ટ્રની આર્થિક નીતિમાં વિશેષ પ્રયત્ન કરવા અંગે મંતવ્ય

દર્શાવેલા તેના ભાગ રૂપે આઝાદી બાદ આયોજનકાળ દરમિયાન આ વર્ગની ઉન્નતિ માટે પ્રયત્નો કરવાનું જરૂરી ગણવામાં આવ્યું છે.

ગ્રામીણ ક્ષેત્ર આધુનિકરણ અને પરિવર્તન વિશે અનેક વિધ અભ્યાસો થયા છે. જેનુ સંક્ષેપમાં આગળના મુદ્દા નં. ૧.૧૬માં વિવરણ કરવામાં આવ્યું છે. આ અંગેના મોટાભાગના અભ્યાસો ગ્રામીણ કારીગરોની અમુક બાબતોને સ્પર્શ કરતાં જોવા મળે છે. આ વર્ગના સર્વાંગી અભ્યાસ તરીકે તે મુદ્દાઓ ભૂમિકા પૂરી પાડનાર બનતા નથી.

જો આ ખૂટતી કડી એક અભ્યાસ દ્વારા જોડી શકાય તો આવા વિકાસલક્ષી સંશોધાત્મક સાહિત્યના જ્ઞાનક્ષેત્રનો વ્યાપ વિસ્તૃત કરવા સારુ એવું યોગદાન બની શકે. આમ આવા સ્વતંત્ર અભ્યાસની આવશ્યકતા સંદર્ભ સાહિત્યની સમીક્ષા પરથી ઊભી થતી જોઈ શકાય છે. આવો આ પ્રદેશને અનુલક્ષીને અભ્યાસ થાય તો એક નવી દિશામાં સંશોધન પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તૃત બન્યો હોય તેવી અનુભૂતિ થઈ શકે તે હેતુથી આવા અભ્યાસ તરફ પસંદગી ઉતારવાનું જરૂરી જણાયું છે.

પ્રસ્તુત અભ્યાસના વિષયની પસંદગી આ સંદર્ભ સાહિત્યની સમીક્ષાનું અનુસંધાન કરવાનું ઉચિત લાગ્યું છે. "રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યા અને ભાવિ" આ અભ્યાસ હાથ ધરવાનું એટલે જ પસંદ કરી આ દિશામાં એક વધુ સોપાન માંડયાનું કાર્ય આ અભ્યાસ દ્વારા કરવામાં આવ્યું છે. આમ માત્ર વર્તમાન જ્ઞાનપ્રદેશના વ્યાપને વિસ્તૃત કરવાથી અટકી ન જતા સંશોધન અભ્યાસક્ષેત્રમાં અર્થશાસ્ત્ર વિષયને આવરી લે તે પ્રકારના વિષય દ્વારા ગ્રામીણ વિકાસના સમગ્ર કાર્યક્રમને તપાસવાના બદલે એક વિશિષ્ટ હેતુસર આ અભ્યાસનું ક્ષેત્ર પસંદ કરવામાં આવેલ છે. ગ્રામીણ કારીગરોની અનેક સમસ્યાઓ જોવા મળે છે. આમાની મોટા ભાગની સમસ્યાઓ પહેલાના સમયની હતી તેમાં થોડા ઘણે અંશે સુધારો થયેલ હોય તેવું જોવા મળેલ છે. આ વર્ગની મોટા ભાગની સમસ્યાઓ નિર્મૂળ તો થઈ નથી જ પરંતુ ખાસ હળવી બની હોય તેવું કહેવું પણ યોગ્ય નથી. આ સ્થિતિનું સર્વ સામાન્ય તારણ અનેક અભ્યાસો દ્વારા પ્રાપ્ત થયુ છે. આમ દેશના વિભિન્ન ભાગોમાં થયેલા અભ્યાસો આ વર્ગની આર્થિક અને સામાજિક સ્થિતિમાં નોધપાત્ર સુધારાની હકીકતને સમર્થન આપતા જોવા મળ્યા નથી. આમ સરકારી નીતિ

દ્વારા નોંધપાત્ર સિદ્ધિ અંગે અહેવાલો તથા સ્વતંત્ર સંશોધન અભ્યાસો દ્વારા આ સિદ્ધિઓના ગુણગાન ગાવાની બાબત અંગે સંદેહ વ્યકત થતો રહ્યો છે. આ વિરોધાભાસી મંતવ્યોના કારણે આપણા રાજકોટ પ્રદેશના ગ્રામીણ કારીગર વર્ગની સમસ્યા ઉકેલ લાવવા માટે આવા કાર્યક્રમો દ્વારા કેવો અવકાશ ઊભો થયો છે જે અંગે પ્રકાશ પાડવાનું જરૂરી ગણવામાં આવે છે તેના સંદર્ભમાં આવો અભ્યાસ પસંદ કરવાનું જરૂરી ગણાયું છે.

સૌરાષ્ટ્રમાં કારીગર વર્ગનું ઠીક પ્રમાણ જોવા મળે છે. આ કારીગર વર્ગને બે વિભાગમાં વહેંચી શકાય (૧) ગ્રામ્ય કારીગરો (૨) શહેરી કારીગરો. તેમના મોટાભાગના પ્રશ્નો ગરીબી, બેકારી, શિક્ષણનું પ્રમાણ ઓછું, પરંપરાગત ઉત્પાદન પદ્ધતિ, વસ્તુની માગ, આધુનિકરણનો અભાવ વગેરે પ્રશ્નો મુખ્ય છે. આધુનિક પ્રક્રિયાના પરિણામે ખેતીક્ષેત્રમાં અને શહેરી વિસ્તારના ઔદ્યોગિક ક્ષેત્રે કેટલાંક પરીવર્તતનો આવેલ છે જે એક મહત્ત્વની સિદ્ધિ ગણાય. જેથી ખેતીક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે નજીકનો સંપર્ક સ્થાપિત થયો. ખેતીક્ષેત્રમાં આવેલ પરિવર્તનના પરિણામે કેટલીક આ ક્ષેત્રોમાં નવીન માંગો ઊભી થયેલ છે. જેને સંતોષવા માટે ગ્રામીણ કારીગર વર્ગ પોતાની કાબેલિયત સાબિત કરી શકેલ નથી. વર્તમાન સમયમાં ઉપભોકતા અને ઉત્પાદકવર્ગ બન્નેમાં વસ્તુ વિવિધતાના પરિણામે ખેતીક્ષેત્રની વસ્તુની માંગમાં વધારો થયો છે. પરંતુ ગ્રામ્ય કારીગરો આર્થિક રીતે નબળા હોવાથી આધુનિકરણની પ્રક્રિયાની તેના પર ખરાબ અસર થતી જોવા મળે છે. ગ્રામ્ય કારીગરો વિશે જે કંઈ સંશોધન થયેલ છે તે ખાસ વિસ્તાર સંબંધિત અથવા ખાસ ધંધા સંબંધિત છે. તેમાં અભ્યાસ માટેના ખાસ પહેલુઓનો અહીં સમાવેશ કરીએ. ગ્રામીણ કારીગરવર્ગની આર્થિક સ્થિતિ વિશે વધારે ધ્યાન કેન્દ્રિત કરી, તેમની વર્તમાન આર્થિક પ્રવૃત્તિઓની દિશા બદલાવી પરિવર્તીત આર્થિક વાતાવરણ ઊભુ કરવાની આપણી ઈચ્છા રહેશે. અમૂક મોટા અથવા મધ્યમ ઉદ્યોગો સાથે જોડાણ કરી આર્થિક પરિવર્તન લાવવુ પડશે. ગ્રામ્ય કારીગરોએ પોતાના પરંપરાગત કૌશલ્યમાં, યુક્તિઓમાં ગ્રામ્ય વિસ્તારમાંજ પરિવર્તન લાવવુ પડશે નહી તો ગ્રામીણ વિસ્તારમાં ઘણા કારીગરો કે જેની સ્થિતિ ઝડપી ખરાબ થઈ છે. આમાંના મોટાભાગના વૈકલ્પિક રોજગારીની શોધમાં હતા તો કેટલાંક આવા સમયે પરંપરાગત ધંધો કે વ્યવસાયમાં રોકાયેલા હતા.

આયોજનની વ્યૂહના સમર્થકો કે જેઓ વિકેન્દ્રિત આયોજનને મહત્ત્વ આપે છે તેઓ હજુ પણ ગ્રામીણ કારીગરોની આર્થિક સ્થિતિ જળવાઈ રહે તેમાં અને આર્થિક સ્થિતિમાં વધારો થાય તેવા આશાવાદી છે. મોટા પાયાના ઉદ્યોગોને આંતરિક અને બાહ્ય લાભો મળે છે. જે ગ્રામ્ય વિસ્તારના નાના ઉદ્યોગોને મળતા નથી તેથી તેઓ કારીગર વર્ગને આધુનિકતા પહેલાની સ્થિતિમાં પાછા આવવાની સલાહ આપે છે તેઓને કારીગર વર્ગની ક્ષમતા તેમજ ઉત્પાદન વિશે શંકા વ્યકત કરે છે. શહેરી ઉદ્યોગો સામે હરીફાઈમાં ટકવુ મુશ્કેલ છે. તેથી તો તેમણે પોતાની કલાકારીગરીમાં પરિવર્તન અપનાવવું પડશે.

લોકનીતિ વિકાસના વિકેન્દ્રિકરણને ધ્યાનમાં રાખીને અથવા સમાનતા ઉપર આધારિત દલીલોના પરિણામ સ્વરૂપે અમુક કાર્યક્રમો ગ્રામ્ય કારીગર વર્ગના વિકાસ માટે અમલમાં આવ્યા. ગ્રામ્ય કારીગર વર્ગના વિકાસ માટે ઘણી યોજનાઓ અમલમાં આવી જોકે કાર્યક્રમની કિંમત આંકવા માટે તેમની આર્થિક કિંમત અને જથ્થાત્મક તેમજ ગુણાત્મક અર્થ માટે હજુ પ્રયત્નો કરવા જોઈએ. વિકેન્દ્રિકરણ, સ્વ–રોજગારી અને ગ્રામ્ય ગરીબીમાં ઘટાડો કરવા પ્રયત્નો કરવા જોઈએ. આધુનિકરણની ગ્રામ્ય કારીગર વર્ગની આર્થિક સ્થિતિ પર થતિ અસરોનું મૂલ્યાંકન કરવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

ગ્રામ્ય વિસ્તારના કારીગર વર્ગની આધુનિક પરિવર્તન પામતી પરિસ્થિતિની તપાસ કરવાનો, તે જાણવાનો પ્રયત્ન વધુ સારો રહેલો. આ પ્રયત્નથી આધુનિકરણની પ્રક્રિયા સમજવા માટે સમર્થ બનીશુ. રાજ્યના પ્રયત્નોથી અસંગઠિત ગ્રામ્ય કારીગરોના વર્ગને વધારે મહત્ત્વ આપી તેને બચાવવા આધુનિકતા સામે કારીગરો પણ પરિવર્તન અપનાવે તેવો રાહ અપનાવવો જોઈએ.

વર્તમાન અભ્યાસમાં આર્થિક પરિવર્તનમાં ગ્રામ્ય કારીગર વર્ગને વિગતવાર માહિતી માટે પસંદ કરેલ છે. અભ્યાસનો મુખ્ય હેતુ કારીગરો આધુનિકરણની પ્રક્રિયા અથવા તો આર્થિક પરિવર્તન દરમિયાન બચી ગયા કે તેનો ભોગ બન્યા. આધુનિકરણની પ્રક્રિયા દરમિયાન જે કારીગરો બચી ગયા છે તેમને રાજ્યનીતિની મદદ વડે પ્રગતિ કરી અને બજાર પ્રવાહોના પરિવર્તન સામે રક્ષણ મેળવવા જે કાર્યક્રમો છે, તે તેમને કેટલી

મદદ કરતાં ? આ પરિસ્થિતિ અંગે તપાસ હાથ ધરવા માટે વર્તમાન અભ્યાસ પ્રયત્ન કરે છે.

ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારના રાજકોટ જિલ્લાના ગ્રામ્ય કારીગર વર્ગની સમસ્યા અને ભાવિ વિશે અભ્યાસ કરવા માટેનો પ્રયત્ન રહેલો છે.

(૧) આ અભ્યાસ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય કારીગરોની સમસ્યા અને ભાવિ પર પ્રકાશ પાડવાનું નક્કી કરેલ તે અનુસંધાને પીએચ.ડી. સંશોધન કામગીરી માટે આ વિષયની પસંદગી પ્રયોજિત કરવામાં આવી તેમ કહી શકાય.

(૨) સૌરાષ્ટ્ર પ્રદેશમાં વિવિધ આર્થિક પાસાઓને અનુલક્ષીને અભ્યાસો થયા છે જેમાં રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના કારીગર વર્ગના સંદર્ભમાં વિશિષ્ટ આર્થિક અભ્યાસો થયા ન હોય માટે સ્વતંત્ર અભ્યાસ માત્ર આ વર્ગના લોકોને લક્ષમાં લઈ હાથ ધરવાનું યોગ્ય લાગ્યું છે.

(૩) વર્તમાન સમયમાં આર્થિક પછાતપણું અને સામાજિક પછાતપણા અંગે વૈકલ્પિક વિચારસરણીઓની દિશામાં અનેક અભિપ્રાયો ઊભા થઈ રહ્યા છે. આપણા આ અભ્યાસ દ્વારા ગ્રામીણ કારીગરવર્ગના આર્થિક પછાતપણાનો સ્વીકાર કરવાની જરૂરત કેટલી છે. તે જાણવાનો સમય હોઈ આ અભ્યાસ કરવાનું યોગ્ય ગણવામાં આવ્યું છે.

(૪) કાર્યક્રમોના અમલીકરણથી ગ્રામીણ કારીગર વર્ગના ભાવિ માટે નોંધપાત્ર પ્રગતિ થવા પામી ન હોય તો આ સંજોગોમાં કેવાં નીતિ વિષયક ફેરફાર સૂચવી શકાય તે બાબત ધ્યાનમાં લેવા આ અભ્યાસ જરૂરી ગણાય.

## ૧.૨૫ અભ્યાસનું ઔચિત્ય અને મહત્ત્વ :

આ પહેલા ગ્રામીણ વિકાસ અંગે કેટલાંક અભ્યાસો થયા છે. પરંતુ પ્રસ્તુત અભ્યાસ એ ગ્રામીણ કારીગર વર્ગને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. આ અભ્યાસ બીજા અભ્યાસોના સંદર્ભમાં તદ્દન જુદો જ પડે છે. સૌરાષ્ટ્ર પ્રદેશના સંદર્ભમાં રજૂ કરવામાં

આવેલ અભ્યાસ આ અગાઉ થયેલ અભ્યાસો કરતાં કઈ રીતે વિશિષ્ટ છે તેનું ઔચિત્ય અને મહત્ત્વ શું છે ? તે બાબતો હવે તપાસીએ.

(૧) સંશોધન સાહિત્યના અભ્યાસ પરથી જણાય છે કે અત્યાર સુધીમાં જે ક્ષેત્રોમાં ગ્રામીણ કારીગરો સૌથી વધુ તેવા ગામડાને સાંકળી લઈ તેમાં કામ કરતાં કારીગરોની સમસ્યાઓનો એક સાથે અભ્યાસ કરવા પ્રયાસ થયો નથી. પ્રસ્તૃત અભ્યાસ જેમાં ગ્રામીણ કારીગરોનું મુખ્ય પ્રમાણ હોય છે તેવા લુહાર, કુંભાર મોચી, વણકર, ચમાર, સુથાર, કડિયા, વાળંદ વગેરે કારીગરોને આવરી લઈને કારીગરોની સમસ્યા જીવનધોરણ અંગે તેમજ આર્થિક, સામાજિક, શૈક્ષણિક, કૌટુંબિક તમામ પ્રકારના પાસાઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

(૨) અત્યાર સુધીના અભ્યાસોમાં ગ્રામીણ કારીગરોના મુખ્ય પ્રશ્નો અને તેમની સમસ્યા અને ભાવિ પરિસ્થિતિનો ઊંડાણથી વિશ્લેષણાત્મક રીતે અભ્યાસ કરવાનો પ્રયાસ થયો નથી. કોઈ એક ક્ષેત્ર પુરતો સીમિત અભ્યાસ થયેલ હશે પરંતુ જુદા જુદા તંત્રોને ધ્યાનમાં રાખીને ગ્રામીણ કારીગરોને સંપૂર્ણપણે ઊંડાણપૂર્વક અભ્યાસ થયેલ નથી જે અહી રજૂ કરવામાં આવેલ છે.

(૩) આ અભ્યાસને કારણે ગ્રામીણ કારીગરોના પ્રશ્નો અંગેની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થશે અને તેથી વર્તમાન શ્રમ સાહિત્ય અને આ ક્ષેત્રની જાણકારીમાં ઘણું મોટું પ્રદાન પ્રાપ્ત થશે.

(૪) સરકારે ગ્રામીણ કારીગરો માટે કેટલાંક કાર્યક્રમો અમલમાં મુકેલ છે જેમ કે IRDP, RLEGPA, Rural Landless, Employment Guarantee programme, T.R.Y.S.E.M (Training to Roroal Youth por self employment. ગ્રામીણ રોજગારી યોજના અને નહેરુ રોજગાર યોજનાનો અમલ યોગ્ય અને અસરકારક નહીં થવાથી તેના લાભ આ વર્ગને મળેલ નથી. આ માટે કયા ધોરણો જવાબદાર છે ? જે લાભો આ વર્ગને મળવા જોઈએ તે ધ્યાનમાં રાખી પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વિશ્લેષણાત્મક છણાવટ કરવામાં આવેલ છે. તે દષ્ટિએ પણ આ અભ્યાસનું મહત્ત્વ છે.

(૫) ગ્રામીણ કારીગરોની રોજગારી વેતનદર કામની પરિસ્થિતિ, સામાજિક–આર્થિક પરિસ્થિતિ, જીવનધોરણ વગેરે બાબતોમાં કારીગરો વચ્ચેના તફાવતોનું પણ વિશ્લેષણ કરે છે તે દષ્ટિએ આ અભ્યાસ મહત્ત્વ ધરાવે છે.

છેલ્લા કેટલાંક વર્ષોની ગ્રામીણ કારીગરોને સામુહિક રીતે અને કાનુની દષ્ટિએ ઘણું જ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. પરંતુ વાસ્તમાં વાસ્તવિક ચિત્ર કંઈક જુદું છે. ગ્રામીણ કારીગરો પરંપરાગત ધંધો તો કરતાં જ આવ્યા છે. પરંતુ શહેરીકરણ અને આધુનિકરણથી પોતાના ધંધામાં પરિવર્તન લાવે, તે વ્યવસાય કે સમાજને મળે તે એક નવી જ પરિસ્થિતિ છે. શહેરીકરણ, ઔદ્યોગિકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકરણ જેવા અનેક પરિબળોના પરિણામે છેલ્લા કેટલાંક વર્ષોથી આ ચિત્ર બદલાયું છે.

શહેરીકરણમાં વ્યવસાયોમાં પરિવર્તન આવેલ છે પરંતુ હજુ ગ્રામીણ કારીગરો પોતાના વ્યવસાયમાં પરિવર્તન સ્વીકારેલ ઓછું જોવા મળે છે. તેથી ગ્રામીણ કારીગરોની સમસ્યાઓ વિશિષ્ટ પ્રકારની સમસ્યાઓ છે. કારણ કે ગ્રામીણ કારીગરો એ પોતાના પરંપરાગત કાર્યો કરે છે તેમાં તેઓએ પરિવર્તન પણ સ્વીકારેલ છે. આ પરથી કહી શકાય કે શહેરી કારીગરો અને ગ્રામીણ કારીગરો વચ્ચે મહત્ત્વનો તફાવત રહેલ છે.

એક સર્વ સામાન્ય માન્યતા એ છે કે શહેરી કારીગરો કંઈક નવું પરિવર્તન કરવા વધારે પ્રાધાન્ય આપે છે. તેની આ લાક્ષણિકતા છે અને ગ્રામીણ કારીગરો પરંપરાગત વ્યવસાયો વચ્ચે તફાવત ઊભો કરે છે આપણા આ અભ્યાસમાં ગ્રામીણ કારીગરો મુખ્ય છે.

## ૧.૨૬ અભ્યાસના હેતુઓ :

(૧) રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ગ્રામ્ય કારીગરોની કામ કરવાની પરિસ્થિતિમાં આવેલ પરિવર્તનોને ઓળખવા.

(૨) રાજકોટ જિલ્લાના ગ્રામ્ય કારીગર વર્ગની સ્થિતિ તપાસવી.

(૩) ગ્રામીણ કારીગર વર્ગ દ્વારા જે સમસ્યાઓનો સામનો કરવામાં આવે છે તેનો અભ્યાસ કરવો.

(૪) આધુનિક ટેકનોલોજીકલ પરિવર્તનોને લીધે ગ્રામ્ય કારીગરની રોજગારીના માળખા અને આવકના ધોરણો પર થતી અસરોને તપાસવી.

(૫) આધુનિકરણની પ્રક્રિયાના કારણે ગ્રામ્ય કારીગર વર્ગના ભાવિ અંગે સંશોધનના આધારે પ્રકાશ પાડવો.

## ૧.૨૭ સંશોધન અભ્યાસમાં સમાવિષ્ટ થતા મુદ્દાઓ :

વર્તમાન અભ્યાસ વર્તુળમાં ગ્રામ્ય કારીગર વર્ગની વર્તમાન પરિસ્થિતિ જેવી કે પોતાની આર્થિક પ્રવૃત્તિઓ, તેમાં થયેલ ફેરફારો, તેમની વર્તમાન સ્થિતિ કે જેના ઉપર આધુનિકરણની અસરો થવા જાય છે, તે ધ્યાનમાં લેવામાં આવેલ છે. આ ઉપરાંત નીચે મુજબના કેટલાંક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૧) ગ્રામ્ય કારીગર વર્ગના મુખ્ય વ્યકિત (કારીગરનો) ધંધો, રોજગારી તેની ઉંમર, કુટુંબના સભ્યોની સંખ્યા આ બધી પાયાની માહિતીનો સમાવેશ કરેલ છે.

(૨) ગ્રામીણ કારીગર વર્ગની માહિતી મેળવવા માટે તેના ઉદ્યોગનું સ્થળ ધંધો કે પ્રવૃત્તિનો પ્રકાર, તેની આર્થિક સ્થિતિ, કઈ વસ્તુનું ઉત્પાદન કરે છે. એટલે કે તેની વસ્તુની કેવા પ્રકારની માગ થાય છે, તેના પ્રકાર, અવેજીનો વિસ્તાર, હરીફાઈની સંભાવના બીજા અન્યક્ષેત્રો સાથેનો સંબંધ, આમ ઉદ્યોગને લગતી માહિતી મેળવવામાં આવેલ છે.

(૩) ગ્રામ્ય કારીગર વર્ગ જે પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિ અંગેની માહિતીનો સમાવેશ કરેલ છે.

(૪) વસ્તુના ઉત્પાદનને લગતી માહિતીમાં ઉત્પાદનની ગુણવત્તા, કાર્ય, સ્થળ, મજૂરોનો પુરવઠો, વિદ્યુત શકિતના સ્ત્રોતો, નાણાંકીય જરૂરિયાતો, ઉત્પાદનમાં અપનાવવામાં આવેલ ઔદ્યોગિક કલાશાસ્ત્રીય પરિવર્તન, કુશળતા, ટ્રેનિંગની જરૂરિયાત વગેરેનો સમાવેશ કરેલ છે.

(૫) ગ્રામ્ય કારીગર વર્ગની પોતાની સ્થિતિ જેવી કે જીવન નિર્વાહનું સ્તર, આવકનું ધોરણ, વપરાશનું માળખુ, રહેઠાણની વ્યવસ્થા વગેરે વિગતોનો ટૂંકો હિસાબ મેળવામાં આવેલ છે.

(૬) ગ્રામ્ય કારીગર વર્ગ દ્વારા જે પ્રવૃત્તિઓ થાય છે તેના ભાવિ અંગે કે દેખાવ અંગે અંદાજ કરવામાં આવેલ છે.

(૭) કારીગરોની પ્રવૃત્તિ તરફના વલણ સંદર્ભમાં માહિતી અથવા ધંધાનું ખાસ પૃથક્કરણ પણ કરવામાં આવેલ છે.

આમ ઉપર મુજબના કેટલાંક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નક્કી કરેલ હેતુઓ સિદ્ધ કરવાનો પ્રયત્ન આ અભ્યાસમાં કરવામાં આવેલ છે.

## ૧.૨૮ સંશોધન અભ્યાસની પરિકલ્પનાઓ :

(૧) ગ્રામ્ય કારીગરોની સમસ્યા વધુ ગંભીર હોય છે.

(૨) આધુનિકરણથી ગ્રામ્ય કારીગરોની આર્થિક સ્થિતિમાં ફેરફાર થયો છે.

(૩) ગ્રામ્ય કારીગરોના આર્થિક ઉત્થાનનો આધાર તેમના ધંધા ઉદ્યોગના વિકાસ પર છે.

(૪) ગ્રામ્ય કારીગરોની સ્થિતિ અત્યંત નબળી હોય છે.

(૫) ટેકનોલોજી પરિવર્તનને કારણે ગ્રામ્ય કારીગર વર્ગની આવક અને રોજગારી પર અસર થાય છે.

## ૧.૨૯ સંશોધન ક્ષેત્રનો પરિચય :

આ સંશોધન અભ્યાસ ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારના રાજકોટ જિલ્લાના ગ્રામ્ય કારીગર વર્ગોની આર્થિક સ્થિતિ તેમજ તેના પર થયેલ આધુનિકરણની અસરો અભ્યાસનો મુખ્ય ઉદ્દ્દેશ છે. આ ઉદ્દ્દેશ જાણવા રાજકોટ જિલ્લાના બધા જ તાલુકા અને દરેક તાલુકામાંથી બે–બે ગામની પસંદગી કરવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લો એ સૌરાષ્ટ્રમાં આર્થિક રીતે સદ્ધર જિલ્લો છે. ઉપરાંત ઔદ્યોગિક વિકાસને કારણે ઝડપી આધુનિકરણ થઈ રહ્યું છે. પરિણામે ગ્રામીણ કારીગર વર્ગો પર તેની વ્યાપક અસર થતી જોવા મળે છે. આર્થિક વિકાસ અને આધુનિકરણના પરિણામ સ્વરૂપ આજે અનેક ઉદ્યોગો સ્થાપાય ત્યારે ગ્રામીણ કુટીર ઉદ્યોગો તેની સામે કેવી રીતે ઝૂમવું તે મહત્ત્વનું છે.

## ૧.૩૦ સંશોધન પદ્ધતિ :

સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના દરેક તાલુકાના પસંદ કરેલા ગામોના ગ્રામ્ય કારીગર વર્ગોના વિવિધ પહેલુઓ તપાસી તેની આધુનિકરણ પહેલાની અને પછીની પરિસ્થિતિ વિશે માહિતી મેળવી વર્તમાન સમયમાં તેઓની આર્થિક પરિસ્થિતિનો અંદાજ કાઢવો તેમજ પોતાના ધંધા અંગે માહિતી મેળવી, અને તેની સમસ્યાનો અભ્યાસ કરવાનો કાર્યપદ્ધતિમાં સમાવેશ થાય છે. ગ્રામ્ય કારીગરોની માહિતી અલગ–અલગ સ્ત્રોતો દ્વારા મેળવવામાં આવે છે પરંતુ અહી મુખ્ય બે મુદ્દાઓનો સમાવેશ થાય છે : (૧) પ્રાથમિક માહિતી અને (૨) ગૌણ માહિતી આ અભ્યાસ જથ્થાત્મક મુદ્દાઓ (ફિલ્ડ વર્ક) પર આધારિત છે. તેમજ કેટલાંક આંકડાકીય સાધનોનો ઉપયોગ પણ કરવામાં આવેલ છે.

### *(૧) પ્રાથમિક માહિતી :*

આ સંશોધન અભ્યાસમાં રાજકોટ જિલ્લાના દરેક તાલુકાના પસંદ કરેલ ગામોમાં જઈ વ્યકિતગત ગ્રામ્ય કારીગર વર્ગોની મુલાકાત લેવામાં આવેલ છે. આ મુલાકાતના આધારે વિગતવાર તૈયાર કરેલ પ્રશ્નસૂચિમાં માહિતી ભેગી કરવામાં આવેલ છે. આ સંશોધન અભ્યાસમાં રજૂ કરવામાં આવેલ મોટાભાગનું વિશ્લેષણ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ગ્રામ્ય કારીગરવર્ગો, આધુનિકરણ પહેલાની અને આધુનિકરણ પછીની પરિસ્થિતિ વિશે માહિતી મેળવી વર્તમાન સમયમાં તેઓની આર્થિક પરિસ્થિતિનો અંદાજ કાઢવાનો હોઈ આવા કારીગર વર્ગોની રૂબરૂમાં સંપર્ક કરી પ્રશ્નાવલી દ્વારા માહિતી એકઠી કરવામાં આવી છે. આ પ્રકારની માહિતી માટે નિયત પ્રશ્નાવલીમાં વિવિધ મુદ્દાઓ

સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ સંશોધન અભ્યાસ સંશોધન માર્ગદર્શનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે. ટુંકમાં ગ્રામ્ય કારીગર વર્ગોની પ્રાથમિક માહિતીના આધારે તેનું પૃથક્કરણ કરી સંશોધન કરવામાં આવેલ છે.

આ સંશોધન અભ્યાસ ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારના રાજકોટ જિલ્લાના ગ્રામ્ય કારીગર વર્ગોની આર્થિક સ્થિતિ તેમજ તેના પર થયેલ આધુનિકરણની અસરો અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ છે. આ ઉદ્દેશ જાણવા રાજકોટ જિલ્લાના બધા જ તાલુકાનો સમાવેશ કરવામાં આવે છે અને બધા જ તાલુકામાંથી બે–બે ગામની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં જઈ રૂબરૂ ગ્રામ્ય કારીગરોની મુલાકાત દ્વારા તેની વાસ્તવિક પરિસ્થિતિને જાણી–તપાસી સંશોધન કરવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લામાં ચૌદ (૧૪) તાલુકાઓ આવેલ છે. આ તાલુકામાં મોરબી, ટંકારા, પડધરી, માળિયા, વાંકાનેર, રાજકોટ, લોધીકા, કોટડા સાંગાણી, જસદણ, ગોંડલ, જામકંડોરણા, ઉપલેટા, ધોરાજી, જેતપુરને લીધા છે આ દરેક તાલુકાના બે–બે ગામો લેવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના (૧૪) ચૌદ તાલુકાની માહિતી જિલ્લા મથકે તેમજ તાલુકા મથકે જઈ જે તે અધિકારી સાથે મસલત કરી. પ્રાથમિક મુદ્દાઓ મેળવેલ છે આ દરેક તાલુકાના બે–બે ગામ લીધા છે. જેમાં લોધીકા તાલુકામાંથી પીપરડી અને રાવકી બે ગામ લીધા છે. જામકંડોરણા તાલુકામાંથી રાયડી અને ધોળીધાર બે ગામ લીધા છે. રાજકોટ તાલુકામાંથી કસ્તુરબાધામ અને ઢાંઢણી બે ગામ, ધોરાજી તાલુકામાંથી પીપળીયા અને ઝાંઝમેર બે ગામોમાં માળિયા મિયાણા તાલુકામાંથી દલડી અને વલખી બે ગામો, લીધેલ છે. ગોંડલ તાલુકામાંથી જામવાળી અને વાસાવાડ ગામોની પસંદગી કરી છે. ઉપલેટા તાલુકામાંથી કોલકી અને ઢાંક બે ગામો પસંદ કરેલ છે. વાંકાનેર તાલુકામાંથી રાજાવડલા અને લુણસર બે ગામોની પસંદગી કરી છે. જસદણ તાલુકામાંથી છાંછીયા અને અજમેર બે ગામો લીધા છે. મોરબી તાલુકામાંથી ખાખરાળા અને નારણકા બે ગામોની પસંદગી કરી છે. પડધરી તાલુકામાંથી સરપદળ અને ગઠકા બે ગામો લીધા છે. જેતપુર

તાલુકામાંથી ગુંદાળા અને થાણાદેવળી બે ગામ પસંદ કરેલ છે. કોટડાસાંગણીમાંથી વેરાવળ અને શાપર બે ગામની પસંદગી કરેલ છે.

આ સંશોધન અભ્યાસમાં જે ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામીણ કારીગર વર્ગોની સંખ્યા વધુ જોવા મળેલ તે ગામોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવેલ છે જેમાં અલગ અલગ પ્રકારના ગ્રામ્ય કારીગરોની જાતિઓ (પ્રકારો) જોવા મળેલ છે. તેમાંથી પસંદ કરેલ કારીગરો ઉપર અભ્યાસ કરવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લાના દરેક તાલુકામાંથી પસંદ કરવામાં આવેલ ૨૮ ગ્રામોમાં રૂબરૂ જઈ ગ્રામ્ય કારીગર વર્ગોની, કુટુંબોની વ્યકિતગત મુલાકાત લેવામાં આવેલ છે. આ મુલાકાત દરમિયાન તૈયાર કરવામાં આવેલ પ્રશ્નો તેની સમક્ષ પ્રત્યુત્તર મળેલા તેની પ્રશ્નસૂચિમાં નોંધ કરવામાં આવેલ છે. પ્રાથમિક મુદ્દાઓ મેળવવા માટે પસંદ કરવામાં આવેલ દરેક ગામના ઓછામાં ઓછા ૯ થી ૧૦ કારીગર વર્ગોની સંખ્યા નક્કી કરી તેની પાસેથી પ્રાથમિક મુદ્દાઓ મેળવવાનો પ્રયત્ન કરેલ છે પ્રશ્નોના પ્રત્યુત્તર મેળવવા માટે કુલ ૨૫૫ ગ્રામ્ય કારીગરોની વ્યકિતગત મુલાકાત પદ્ધતિ દ્વારા માહિતી મેળવવામાં આવેલ છે. આ ઉપરાંત નક્કી કરેલ ધ્યેય પ્રાપ્ત કરવા માટે દરેક ગામડાની ગ્રામ્ય પંચાયતની ઓફિસે જઈ નમૂનારૂપ કુટુંબોની માહિતી મેળવવા આખરી પસંદગી કરવામાં આવી હતી. નમૂનારૂપે આ પ્રશ્નાવલી ભરવામાં આવેલ છે.

### *(૨) ગૌણ માહિતી :*

આ સંશોધન અભ્યાસમાં રાજકોટ જિલ્લાના બધા જ તાલુકાના પસંદ કરેલ ગામડાના ગ્રામ્ય કારીગરોની પરિસ્થિતિને પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. ગ્રામ્ય કારીગરોના વિવિધ પ્રકારો મુજબ વિગતો મેળવવા માટે કેટલીક માહિતી ગૌણ સ્ત્રોતોમાંથી મેળવવામાં આવી છે જેમાં :

(૧) વસ્તીપત્રકની માહિતી

(૨) ગ્રામ્ય અને તાલુકા પંચાયતની ઓફિસથી મેળવેલ માહિતી.

(૩) આઈ.આર.ડી.પી.ની તાલુકા અને જિલ્લાની શાખાઓમાંથી મેળવેલ માહિતી.

(૪) ગુજરાત રાજ્ય જે આંકડાકિય માહિતી પ્રકાશિત કરે છે તેમાંથી મેળવેલ માહિતી.

(૫) સરકારી અને અન્ય સરકારી તથા અર્ધ સરકારી કચેરીમાંથી મેળવેલ માહિતી.

આ ઉપરાંત આ સંશોધન અભ્યાસ માટે તજજ્ઞો વિદ્વાનો વગેરેના મંતવ્યોને પણ ખાસ મહત્ત્વનું સ્થાન આપવાની પૂરતી કાળજી લેવામાં આવેલ છે. સામાયિકો પ્રગટ–અપ્રગટ સંશોધન અહેવાલ, જુદી જુદી સંસ્થાઓ અને યુનિવર્સિટીના ભવનો વગેરે ના પ્રકલ્પો તેમજ અન્ય સાહિત્યનો આ અભ્યાસને વધુ સમૃદ્ધ બનાવવા ઉપયોગ કર્યો છે.

## ૧.૩૧ સંશોધન અભ્યાસની માહિતી વિશ્લેષણની રીત :

ગ્રામીણ કારીગર વર્ગોનો અભ્યાસ જે પ્રાથમિક માહિતી પર વધારે આધાર રાખે છે. તેથી ઉપર મુજબ પ્રાપ્ત કરવામાં આવેલ માહિતીઓને વિશ્લેષણાત્મક ઉપયોગ કરવા માટે સૌ પ્રથમ સઘળી માહિતીઓ મુદ્દાસર કોઠાના સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે જેમાં ગ્રામીણ કારીગર વર્ગોની કૌટુંબિક માહિતી, શૈક્ષણિક સ્તર ધંધો, ધંધાની પરિસ્થિતિ, પરંપરાગત કે આધુનિક સાધનોનો ઉપયોગ, ઉત્પાદન, માલની માગ, આર્થિક મોભો, અવેજીની વસ્તુઓ, બીજા ઉદ્યાગો સાથે સંબંધ, ઉત્પાદનનું માળખું વગેરે દરેક માહિતીઓને એક મુખ્યકોઠા (માસ્ટર ટેબલ) ના સ્વરૂપમાં ગોઠવવામાં આવેલ છે. આ મુદ્દાસર વિગતોની સરેરાશ કુલ ગણતરી જે આંકડાશાસ્ત્રીય અને ગાણિતિક પદ્ધતિ દ્વારા સહસંબંધની શકયતા તપાસવા પર ધ્યાન આપવામાં આવ્યું છે.

આ માહિતી મુખ્યત્વે રાજકોટ જિલ્લાના ૧૪ (ચૌદ) તાલુકા અને દરેક તાલુકાના બે–બે ગામો માટે મેળવવામાં આવેલ છે. તેના વિવિધ ધંધા જેમાં લુહારી, કુંભારી, સુથારી, વાળંદ, મોચી, ચમાર, પશુપાલન, મરઘા ઉછેર, સાયકલ રિપેરિંગ જેવા ગ્રામોદ્યોગોનો સમાવેશ કરેલ છે. જેમાં ગ્રામીણ કારીગરવર્ગના વિશ્લેષણાત્મક અભ્યાસ પર ભાર મુકવામાં આવેલો છે. આમ કરવાથી દરેક પ્રકારના ધંધામાં જોવા મળતો તફાવત પ્રગતિના પરિણામો માટે જુદા જુદા સંજોગો, સમસ્યાઓ પર કયા સંજોગો વિશેષ

અસર કરે છે ? તે જાણવાથી વધુ સારું વિશ્લેષણ થઈ શકે આમ તુલનાત્મક પદ્ધતિ અપનાવી અભ્યાસને વધુ વ્યવહારુ બનાવવા પર ધ્યાન આપવામાં આવેલ છે તેને આધારે ગ્રામ્ય કારીગર વર્ગોની સમસ્યા અને ભાવિ પર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## ૧.૩૨ સંશોધન માટે પસંદ કરેલ ગ્રામીણ કારીગરોની પસંદગીના માપદંડો :

આ મહાનિબંધમાં પસંદગી કરતી વખતે નીચે દર્શાવેલ માપદંડો ધ્યાનમાં લીધા છે.

(૧) માત્ર રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના ગ્રામીણ કારીગરો

(૨) માટી કામ કરતાં કુંભાર કારીગરો

(૩) સુથારી કામ કરતાં સુથાર કારીગરો

(૪) વાળકટિંગ કરતાં વાળંદ કારીગરો

(૫) બુટ–ચંપલનું કામ કરતાં મોચી કારીગરો

(૬) ચામડાનું કામ કરતાં ચમારો

(૭) વણાટનું કામ કરતાં વણકરો

(૮) પશુ પાલન વ્યવસાય કરતાં કારીગરો

(૯) વાંસમાંથી ટોપલા ટોપલી સુંડલા બનાવનારા કારીગરો

(૧૦) મરઘા ઉછેર કરતાં કારીગરો

(૧૧) લુહારી કામ કરતાં લુહાર કારીગરો

(૧૨) ગેરેજ કે રીપેરિંગ કરતાં કારીગરો.

## ૧.૩૩ પ્રકરણ આયોજન :

ગ્રામ્ય કારીગર વર્ગોના અભ્યાસ મુખ્યત્વે પ્રાથમિક માહિતી એકઠી કરી હાથ ધરવામાં આવેલ હોય. આ અભ્યાસનું હાર્દ પ્રાથમિક માહિતી સાથે સંકળાયેલ છે. આ

સમગ્ર અભ્યાસને નીચે મુજબ કુલ છ (૬) પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવેલ છે. તેમ છતાં આ સ્વતંત્ર પ્રકરણો નથી તે એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. આ પ્રકરણોમાં પ્રથમ બે પ્રકરણો ગૌણ માહિતી પર આધારિત છે. જ્યારે બાકીના પ્રકરણો પ્રાથમિક માહિતી પર આધારિત છે. છેલ્લું પ્રકરણ  તારણો અને સૂચનો સંબંધી છે. તેનો મુખ્ય પાયો પ્રાથમિક માહિતી છે. આ રીતે આ સંશોધન અભ્યાસ મુખ્યત્વે પ્રાથમિક માહિતી પર વધુ આધાર રાખે છે. આ સંશોધન નિબંધના પ્રકરણોની રૂપરેખા નીચે મુજબ છે :

પ્રકરણ–૧ પ્રસ્તાવના

પ્રકરણ–૨ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય કારીગરો

પ્રકરણ–૩ ધંધાની પરિસ્થિતિ અને આર્થિક સ્થિતિ

પ્રકરણ–૪ આધુનિકરણ અને ગ્રામ્ય કારીગરોની પ્રવૃત્તિઓ

પ્રકરણ–૫ આવકનું ધોરણ પ્રવૃત્તિ અને જીવન નિર્વાહનું સ્તર.

પ્રકરણ–૬ તારણો અને સૂચનો.

:: સંશોધન અભ્યાસનો વિષય ::

*"રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યાઓ અને ભાવિ"*

☆☆☆

# પ્રકરણ - ૨
# રાજકોટ જિલ્લાનાં ગ્રામીણ કારીગરો


❖ પ્રસ્તાવના
૨.૧ બ્રીટીશરોની નવી આર્થિક નીતિની ગ્રામીણ કારીગરો પર અસર
૨.૨ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગ્રામીણ કારીગરોની જાગૃતિ અને વિકાસ
૨.૩ ગુજરાત રાજયનો ટુંકો પરિચય
૨.૪ સૌરાષ્ટ્રની વસ્તી
૨.૫ રાજકોટ જિલ્લાની રૂપરેખા
૨.૬ રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરો
૨.૭ રાજકોટ જિલ્લાની વસ્તી
૨.૮ વસ્તીની ગીચતા
૨.૯ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની તાલુકાવાર વસ્તી
૨.૧૦ ગ્રામ્ય અને શહેરી જાતિ મુજબ વસ્તીનું વિશ્લેષણ
૨.૧૧ રાજકોટ જિલ્લામાં થયેલ વસ્તી વધારો
૨.૧૨ પસંદગીના તાલુકામાં અક્ષર જ્ઞાન ધરાવનારની સંખ્યા
૨.૧૩ ગ્રામીણ કારીગરોનું પ્રમાણ
૨.૧૪ ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનાની સંખ્યા

# ગુજરાતનો નકશો


N
Pakistan
Rajasthan
Rann of Kachch
Jasor
Ambaji
Kumbharia
Khedbrahma
Siddhpur
Taranga Hill
Patan
Unjha
Becharaji
Vadnagar
Shamlaji
Modhera
Gandhi Nagar
Koteshwar
Matanomadh
Bhuj
Bhadreshwar
Nalsarovar
Ahmadabad
Navlakhi
Dakor
Ratan Mahal
Tarnetar
Dholka
Madhya Pradesh
Chotila
Jamnagar
Rajkot
Lothal
Anand
Pavagadh
Limbdi
Hingolghadi
Gop Mati
Velavadar
Dabhoi
Barda
Gondal
Gadhada
Valabhipur
Kayavarohan
Malsar
Surpaneshwar
Bhid Bhanjan
Shuklatirth
Junagadh
Bhesan
Navibandar
Bhavnagar
Girnar
Visavadar
Palitana
Madhavpur
Sasan Gir
Talaja
Chorwad Beach
Tankara
Vansada
Maharashtra
Somnath
Kodinar
Valsad
Saputara
Udwada
Ahmedpur Mandvi Beach
Arabian Sea

# રાજકોટનો નકશો


RAJKOT
Central Ware House
Goods Yard
Rail Nagar
Bajrang Wadi
Work Shop
Popat Pura
Airport
Central Jail Area
Shastrinagar
JAMNAGAR ROAD
MORBI ROAD
RING ROAD
Saurastrauni
Nagarik Society
Police Headquarter
Gayakvadi Society
Kamiya
Rajkot RS
Nehru Nagar
Bahumali Bhavan
Kothi Compound
Rajdoot
Jubili Bagh
Zanana Hospital
Lathi Plot
Kotecha Nagar
Panchnath
Court
Prathna Mandir
Jagnath Plot
Gandhi Smriti
Bharmal Hall
Dharmendra College
Bus Stand
Shastri Maidan
Dhakna Hospital
Ram Krishan Ashram
Raghunath Mandir
Shraddha Hospital
Bhola Sankar Mandir
Panchvati Society
Nandakishore Society
Sadhana
Arya Nagar
Shakti Society
SANT KABIR ROAD
Kumundhuri Hall
Women's College
Raj Kumar College
Aji River
Padma Government Hospital
Laxminagar Area
Bhakti Nagar RS
Prathan Hospital
Thorala
Jilia Garden
Mavadi
Wankoni Hospital
BHAVNAGAR ROAD
Bhakti Nagar
Ramnagar
Aji Industrial Estate
Lalpari Tank
Malviya Nagar
Virani Children Hospital
General Industries
S.T. Workshop
Vivekananda Nagar
P.W.D. Workshop
I.T.I.
Govt. Polytechnic College
Padek Gramodhyog
Map not to Scale
Copyright © 2008 Compare Infobase Limited
www.mapsofindia.com

# પ્રકરણ - ૨
# રાજકોટ જિલ્લાનાં ગ્રામીણ કારીગરો

## ❖ પ્રસ્તાવના :

પ્રથમ પ્રકરણમાં આર્થિક વિકાસની સંકલ્પના, ભારતમાં આઝાદી બાદ આર્થિક વિકાસ, આયોજનમાં ગ્રામીણ વિકાસની નીતિ, ગ્રામ્ય કારીગર વર્ગ અને ગ્રામીણ સમાજમાં તેની સ્થિતિ વગેરે મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી. આઝાદી પછી આયોજન નીતિ અંતર્ગત વિકાસ પ્રક્રિયા ૧૯૫૧ થી શરૂ થયા બાદ લાંબો સમય જવા છતાં ગ્રામીણ ક્ષેત્રમાં કારીગર વર્ગના પ્રશ્નો તેની વિવિધ સમસ્યાઓ અંગે આજે પણ નિરાકરણ લાવી શકાતું નથી અને કેટલાંક કાર્યક્રમોના અમલીકરણ છતાં કારીગર વર્ગની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થવા હોવા અંગે નક્કર સંકેતો પ્રાપ્ત થતા નથી.

## ૨.૧ બ્રિટિશરોની નવી આર્થિક નીતિની ગ્રામીણ કારીગરો પર અસર :

બ્રિટિશરોની નવી અર્થવ્યવસ્થાને પરિણામે કારીગરો અને ગ્રામ્યના કર્મચારીની સ્થિતિમાં શું ફેરફાર થયો તેનો બરોબર કયાસ કાઢવો અત્યંત કઠિન છે. કારણ કે આ વર્ગોની પરિસ્થિતિ દર્શાવતી સાચી અને ખરેખરી હકીકકત પ્રાપ્ય નથી. આડકતરી રીતે છતા થતા અને સાધારણ રીતે ગ્રામ સમાજમાં કેટલાંક પરિબળોની અસર ઉપરથી તારવેલા ફેરફારોનો અહીં ઉલ્લેખ કરીશું.

"બ્રિટિશ અમલ પહેલાંના ગુજરાતમાં પ્રર્વતમાન ખેડૂતો અને કારીગરો વચ્ચે અરસપરસના સંબંધો ઉપર અંગ્રેજી શાસકો એ અપનાવેલ નવી જમીન વિષયક નીતિથી ફેરફારો થયા. ગામડાના કારીગરો ગામની સેવાના બદલામાં જમીન મેળવતો. નવી જમીન પદ્ધતિ નીચે જમીન પરનો તેનો હક ત્યાગ ભાડાનું ચૂકવણું કર્યા પછી જ માન્ય રખાતો"[૧] વધુમાં બીજા ખાતેદારોની જેમ કારીગરો પણ એ સરકારને રોકડમાં મહેસૂલ

ભરવાનો હતો. આમ, કારીગર વર્ગ પણ બજારના જાળામાં ફસાયો. જો જમીન સાચવી રાખવી હોય તો કારીગરોએ પણ પોતાની પેદાશ બજારમાં વેચવી રહી અને સરકારને રોકડમાં મહેસૂલ ભરવું રહ્યું.

કેટલાંક બીજા પરિબળોએ પણ ગ્રામ્ય કારીગરોની હાલત ઉપર અસર કરી. દા.ત. વણકરોના કિસ્સામાં બજાર માંગ, કાપડને બદલે રૂપિયા માટે થઈ જવાથી તેઓની આર્થિક પ્રવૃત્તિઓ ઉપર માઠી અસર પહોંચી, રૂ ઉગાડનારને ઘેર કાતવાને બદલે અને કાતેલું સુતર વણકરને વણવા આપવાને બદલે કાચુ રૂ બજારમાં મોકલવા લાગ્યા અથવા શાહુકારને કે વેપારીને આપી દેવા લાગ્યા, યંત્રોની મદદથી બનેલા સસ્તા કાપડે બજાર ભરી દીધું હોવાથી વ્યવહારના સાધનોનાં પરિણામે ગામડાની પરંપરાગત આત્મનિર્ભરતામાં વિક્ષેપ પડયો.

એવી રીતે ખેતીવાડીના સાધનો બનાવતા અને સમારતા સુથાર – લુહારોને પણ નવા આર્થિક પરિબળોએ અસર કરી. એક બાજુ ગ્રામ્યવાસીને ગાડુંબનાવવું હોય કે ઘર બંધાવવું હોય ત્યારે રોકડ નાણાની જરૂર પડવા લાગી. શહેરોમાં ચાલી જનારા સુથારો અને લુહારોની સ્થિતિ સુધરી પણ જેઓ "ગામડામાં રહ્યા તેઓની હાલત કફોડી બની ગઈ. કારણ યંત્રોની મદદથી બનેલ સસ્તા માલસામાનની સામે તેઓએ બનાવેલી ચીજો હરીફાઈમાં ઊભી રહી શકે તેમ ન હતી."[૨] અલબત, આ બધાં ફેરફારો ધીમે ધીમે થયા.

ટુંકમાં રાજકીય દૃષ્ટિ એ ગ્રામ્ય પંચાયતોનો સામૂહિક અંકુશ દૂર થતા મહેસૂલ તથા કાયદા અને વ્યવસ્થા માટે નવી રાજકીય, વહીવટી વ્યવસ્થા દરેકને સીધી અસર કરતી હોવાથી, ચીજવસ્તુને બદલે સામૂહિક રીતે આખા ગામને રોકડમાં પ્રત્યેક વ્યકિતઓ એ મહુસૂલ ભરવાનું થયું, ખેતપ્રવૃત્તિ ધીમે ધીમે વેપારી દષ્ટિથી જોવાતી હોવાથી અને પરંપરાગત રૂઢિમુજબની સ્થાનિક ફરજોમાંથી ખેડૂત વર્ગ મુકિત પામ્યો હોવાથી કારીગરોની હાલત બિલકુલ પલટાઈ ગઈ. જુદી જુદી જાતના કારીગરોની ભૂમિકાઓમાં મોટું પરિવર્તન આવ્યું. કારીગર વર્ગ માટે હવે નિર્વાહની રાબેતામુજબની સહીસલામતી કે ખાતરી રહી નહીં, તેથી કાંતો તે પાયમાલ, બેકારની અસ્થિર હાલતમાં આવ્યો કે ખેત મજૂર બની ગયો, તેમાં કેટલાંક રોજીની તક મેળવવા માટે શહેરોમાં ચાલ્યા ગયા.

રોજગારીની તકો પ્રમાણમાં ઓછી થઈ જવાથી કારીગરોની હાલત કફોડી થઈ ગઈ અને તેઓ ખેતીમાં જોડાયા.

આ અંગે પ્રો. ડી.આર. ગાડગીલે ઉચિત નિરીક્ષણ કર્યું છે. જે ૧૯ મી સદીના કારીગરવર્ગની હાલતમાં આવેલ ફેરફાર ઉપર સારું બયાન આપે છે.

આજે પહેલાંના જેવા જ કારીગરો ગામડામાં રહે છે. તો પછી પરિવર્તન ગમે તે પ્રકારનું અને ગમે તેટલું થયું હોય. પરંતુ ક્રાંતિકારી નથી. જો કે તેની દિશા નિશ્ચિત છે. તેઓને મળતા લાભ અને તેઓ દ્વારા અપાતી સેવાઓ ધરમૂળથી નાબૂદ થઈ નથી. કે તેમ થવાનું વલણ દેખાતું નથી, પણ રિવાજ પ્રમાણેના અગાઉ મળતા લાભો હવે કારીગરોની આવકમાં ઓછો ભાગ ભજવે છે. તેની અગત્ય પણ ઓછી થઈ છે. વળી "આજે કારીગર સ્થળાંતર કરી જવા વધારે ઉત્સુક બન્યો છે. જે સંબંધો એક સમયે ગ્રામ સમાજને બાંધી રાખતા હતા તે છિન્નભિન્ન થતા જાય છે તેની આ બધી નિશાની છે."[૩]

આમ કારીગરવર્ગોની પાયમાલીમાંથી જન્મી રોકડ નાણાંની લેવડદેવડ. કારીગર અને ખેડૂત વર્ગોના સંબંધોની પરાપૂર્વની સમતુલામાં વિક્ષેપ પાડયો. તદ્ઉપરાંત નવા કામોની મર્યાદિત તકોને કારણે ગામડાની પરંપરાગત જ્ઞાતિમાં ફેરફાર થયો. રજપૂતો કે ક્ષત્રિયોને સ્થાને વાણિયાઓ આગળ આવી ગયા. "આમ થતાં કારીગર ન્યાતો જેને રામકૃષ્ણ મુકરની ઉત્પાદન કરતી ન્યાતો તરીકે વર્ણવે છે તેઓ પોતાના બાપદાદાના ધંધાઓ દ્વારા મહામુસીબતે નિર્વાહ કરતી હતી તે ખેતમજૂર બની ગયા."[૪]

ટૂંકમાં અંગ્રેજોની જમીન વિષયક નીતિને લીધે ગ્રામીણ સમાજમાં પાયાનું પરિવર્તન આવ્યું હોવા છતાં, તે ફેરફારો પરદેશી શાસકોની જરૂરિયાતોને અનુરૂપ જ કરવામાં આવ્યાં આથી સમગ્ર અર્થવ્યવસ્થામાં કેટલીક વિકૃતિઓ સર્જાઈ હતી.

## ૨.૨ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગ્રામીણ કારીગરોની જાગૃતિ અને વિકાસ :

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ભારતીય અર્થવ્યવસ્થામાં દરેક ક્ષેત્રને ખાસ કરીને ખેતીક્ષેત્ર અને ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલ ઉદ્યોગને મહત્ત્વ આપવામાં આવ્યું છે. સરકાર દ્વારા

ગ્રામીણ કારીગરોની સલામતિ માટે વિવિધ કાયદાઓ રચવામાં આવ્યા સમગ્ર વિશ્વમાં વધતા જતા ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને આધુનિકરણની અસર ગ્રામીણ કારીગરો પર વ્યાપક પ્રમાણમાં પડી, આને પરિણામે સ્વતંત્રતા પછી ગ્રામીણ કારીગરોનું પ્રમાણ સારુ રહેવા પામ્યું.

તાજેતરના વર્ષોમાં ગ્રામીણ કારીગરોના આર્થિક સ્વાતંત્ર્ય કે સ્વાલંબનની પ્રાપ્તિ માટે કેટલીક યોજના ઘડવામાં આવે છે. જે ગ્રામીણ કારીગરોના ઉત્થાનના પાયા તરીકે ગણવામાં આવે છે. આ ધ્યેયને મૂર્તિમંત કરવા ગ્રામીણ કારીગરોને તાલીમ તથા અમુક સાધનો માટેની સબસિડી વગેરે આપવામાં આવે છે. આવી તાલીમનો આઝાદી બાદ વધુ ઝડપી વિકાસ થવા લાગ્યો છે, જેના પરિણામ સ્વરૂપ આજે હરીફાઈના સમયમાં તેઓએ ઉત્પન્ન કરેલ વસ્તુ બજારમાં ટકી રહે તે સ્વાભાવિક છે. ગ્રામીણ અર્થવ્યવસ્થા મુખ્યત્ત્વે ખેતી પર આધારિત હોવાથી તેમની સાથે સંકળાયેલા કેટલાંક આનુષંગિક વ્યવસાયો હોવાથી તેમનું મહત્ત્વ આજે વિશેષ વધતું જોવા મળે છે ગ્રામ્ય અર્થવ્યવસ્થા, કૃષિક્ષેત્ર, કૃષિ શ્રમિકો, ગ્રામ્ય કુટીર ઉદ્યોગના આર્થિક વિકાસમાં ફાળો આપે છે તે માટે કેટલીક યોજનાઓ સરકાર બહાર પાડે છે.

આ પ્રકરણમાં ગુજરાત રાજ્ય, સૌરાષ્ટ્ર પ્રદેશનો ટૂંકમાં પરિચય મેળવ્યા બાદ રાજકોટ જિલ્લો તથા પસંદ કરેલ તાલુકાઓ અંગે મુખ્યત્વે ગૌણ આંકડાકીય માહિતીને આધારે કેટલીક વિગતો રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી અભ્યાસમાં ભૌગોલિક પ્રદેશ તથા તેની આર્થિક બાબતો અંગેની માહિતી મેળવી શકાય અને આપણા આ સંશોધન અભ્યાસના ક્ષેત્રનો ટૂંકમાં પરિચય પ્રાપ્ત થઈ શકે, તે હેતુથી આ પ્રકરણ ગૌણ માહિતી પર આધારિત બને છે. મુખ્યત્વે માહિતીપ્રદ વિશ્લેષણ આ પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ છે.

## ૨.૩ ગુજરાત રાજયનો ટુંકો પરિચય :

ગુજરાત રાજ્યના ટૂંકા પરિચય અંતર્ગત ગુજરાત રાજ્યની વસ્તી કામ કરતી વસ્તીનું વ્યવસાય લક્ષી વિશ્લેષણ, ગરીબીનું પ્રમાણ તથા આવકનો સમાવેશ કરવામાં આવેલ છે.

### *(૧) ગુજરાત રાજ્યની વસ્તી :*

ગુજરાતની વસ્તી ક્રમિક અને ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે. એ દષ્ટિએ જોઈએ તો ૧૯૦૧માં ગુજરાતની વસ્તી માત્ર ૯૧ લાખની હતી જે ઉત્તરોત્તર વધારો થતા ૧૯૯૧માં વસ્તીગણતરીનાં આંકડાકીય માહિતી મુજબ ૪૧૧ લાખની થવા જાય છે અને ૨૦૦૧માં તેનું પ્રમાણ તેથી પણ વધેલું છે."[૫] ૧૯૬૧માં સ્વતંત્ર રાજ્ય થયા બાદ ગુજરાતનીએ અંગેની સ્થિતિ કોઠા નં. ૨.૧માં રજૂ કરવામાં આવેલ છે.

*કોઠા નં. ૨.૧*

*ગુજરાત રાજ્યની વસ્તીનું પ્રમાણ*

| વર્ષ | ગુજરાતની કુલ વસ્તી (લાખ)માં | ગ્રામીણ વસ્તીની ટકાવારી | શહેરી વસ્તીની ટકાવારી |
|---|---|---|---|
| 1961 | 206 | 74% | 26% |
| 1971 | 267 | 72% | 28% |
| 1981 | 341 | 69% | 31% |
| 1991 | 411 | 65.5% | 34.5% |
| 2001 | 482 | 64.7% | 35.3% |

*પ્રાપ્તિ સ્થાન :*

ભારતીય વસ્તી ગણતરી ૧૯૬૧ થી ૧૯૯૧, ૨૦૦૧ ગુજરાત રાજ્ય શ્રેણી–૫.

ગુજરાતની વસ્તીમાં નોંધપાત્ર ફેરફારોને ઉપરોકત કોઠા નં. ૨.૧માં દર્શાવેલ છે. તેના પરથી એ તારણ મેળવી શકાય છે કે ૧૯૬૧માં સ્વતંત્ર રાજ્ય થયા બાદ કુલ વસ્તી ૧૯૯૧માં બે ગણી થઈ છે અને ૨૦૦૧માં વધીને તેનાથી પણ વધુ પ્રમાણ જોવા મળેલ

છે. આ વધારો ઘણો ઝડપી છે. વસ્તી વૃદ્ધિદર ૧૯૭૧–૮૧ માં ૨૭.૭ ટકા તથા ૧૯૮૧–૯૧માં આ પ્રમાણ ૨૧.૨૫ ટકાનો રહ્યો હતો.

ગ્રામીણ વસ્તીનું પ્રમાણ ૧૯૬૧માં ૭૪ ટકા હતું જયારે શહેરી વસ્તીનું પ્રમાણ ૨૬ ટકા હતું આ મતે આ સમયે મુખ્યત્વે ગામાભિમુખ વિસ્તાર રહેલ જણાય છે. વિકાસની પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ ગ્રામીણ વસ્તી ઘટી રહી છે. ૧૯૯૧માં ૬૫.૫ ટકાનું તથા શહેરી વસ્તીનું પ્રમાણ વધી રહ્યું છે તે પ્રમાણ ૩૪.૫ ટકાનું થયું છે.

ગુજરાતની કુલ વસ્તીમાં ગ્રામીણ કામદારોનું પ્રમાણ ૧૯૬૧માં પ્રમાણે ૧.૮ ટકાનું હતું જે ૧૯૯૧માં તે ૬.૪ ટકાનું થવા જાય છે.

ગુજરાત ઝડપી વિકાસ કરતું રાજ્ય હોવા છતાં હજુ પણ આજે રાજ્યની મોટાભાગની વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે તથા ગ્રામીણ ક્ષેત્રો સાથે રોજગારીના સંદર્ભમાં સંકળાયેલ છે.

ગુજરાતની ગ્રામીણ વસ્તીની દષ્ટિએ તેના અર્થકારણમાં પણ તેનું પ્રાધાન્ય જણાતું હોવા છતાં ઔદ્યોગિકરણની ગતિ પણ વેગવાન બનતી જોવા મળે છે. આ ગતિશીલતાનો સંકેત સાપેક્ષ રીતે શહેરી વિસ્તારની વસ્તીમાં થયેલ વૃદ્ધિ પરના આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે. સ્વતંત્ર ગુજરાતનો વિકાસ ઔદ્યોગિકરણની દિશામાં સમગ્ર દેશના ઔદ્યોગિકરણનો પડઘો પાડે છે. આજે આ બાબતમાં આ રાજ્ય આગવી હરોળમાં પહોચી જવા પામેલ છે.

### *(૨) ગુજરાતમાં કામ કરતી વસ્તીનું વ્યવસાયલક્ષી વિશ્લેષણ :*

ગુજરાતમાં કુલ કામ કરતાં લોકોમાંથી ગ્રામીણ ક્ષેત્રે કામ કરનારા લોકોનું ટકાવારી પ્રમાણ ૧૯૯૧માં ૭૦.૩૯ ટકા રહેવા પામેલ છે. આ સંદર્ભમાં ગુજરાતમાં કુલ કામ કરનાર સ્ત્રીઓ અને પુરુષોમાંથી ગ્રામીણ ક્ષેત્રે કામ કરનાર સ્ત્રીઓ અને પુરુષોનું પ્રમાણ કેટલું રહેવા પામેલ છે ? તેની માહિતી કોઠા નં. ૨.૨માં રજૂ કરવામાં આવે છે.

### *કોઠા નં. ૨.૨*

### *ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતાં સ્ત્રી–પુરુષનું પ્રમાણ*

| *કુલ કામ કરનાર સ્ત્રીઓ* | *ગ્રામીણ ક્ષેત્રે કામ કરનાર સ્ત્રીઓ* | *ટકાવારી પ્રમાણે (%)* | *કુલ કામ કરનાર પુરુષો* | *ગ્રામીણ ક્ષેત્રે કામ કરનાર પુરુષો* | *ટકાવારી પ્રમાણ (%)* |
|---|---|---|---|---|---|
| ૨૮૨૩૯૦૯ | ૨૪૦૨૦૯૪ | ૮૫.૦૬ | ૧૧૨૮૫૭૨૯ | ૭૫૨૯૧૧૪ | ૬૬.૭૧ |

પ્રાપ્તિ સ્થાન : ભારતની વસ્તીગણતરી ૧૯૯૧ શ્રેણી–૧

ગુજરાતની કુલ વસ્તીમાં પુરુષો કામ કરનારાઓનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે જ્યારે સ્ત્રીઓ કામ કરનારનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પરંતુ ગ્રામીણ વિસ્તારમાં આનાથી વિરૂદ્ધ પરિસ્થિતિ જોવા મળેલ છે. કુલ કામદારોમાં ગ્રામીણ કામ કરનારાઓનું પ્રમાણ ૬૬.૭૧ ટકા છે. જ્યારે સ્ત્રી કામદારોનું પ્રમાણ ૮૫.૦૬ ટકા જેટલું ઊંચુ જોવા મળે છે. જ્યારે સ્ત્રી કામદારો શહેરી વિસ્તારમાં ઘણા ઓછા છે. જ્યારે પુરુષ કામદારોની સંખ્યા તેની તુલનાએ વધુ છે. ખેતીપ્રધાન અર્થવ્યવસ્થામાં પુરુષોની માફક સ્ત્રીઓ કામ કરવામાં પોતાનો સહયોગ આપે છે. જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારની સ્ત્રી કામદારોનું પ્રમાણ વધારે છે. આમ ગુજરાતનું અર્થતંત્ર ખેતી પ્રધાન હોવાના માપદંડ તરીકે આ વસ્તીમાંથી કામ કરનાર વર્ગ સ્ત્રી–પુરુષના પ્રમાણને જોવુ પડે તેમ છે. આ ગ્રામીણ સ્ત્રી–પુરુષો જે જુદા જુદા ક્ષેત્રે વ્યવસાયમાં રોજી મેળવે છે તે અંગેના આંકડાકીય માહિતી કોઠા નં. ૨.૩માં રજૂ કરવામાં આવી છે.

### કોઠા નં. ૨.૩

### ગુજરાતમાં ગ્રામણી સ્ત્રી પુરુષનું વ્યવસાયકક્ષા મુજબનું વિશ્લેષણ

| ક્રમ | વ્યવસાયની કક્ષા | ગ્રામીણ ક્ષેત્રે કામ કરતી સ્ત્રીઓ | ટકાવારી પ્રમાણ (%) | ગ્રામીણક્ષેત્રે કામ કરતાં પુરુષો | ટકાવારી પ્રમાણ (%) |
|---|---|---|---|---|---|
| ૧. | ખેડૂતો | 852311 | 35.48 | 3726008 | 49.49 |
| ૨. | ખેતમજૂરો | 1197201 | 49.84 | 1850123 | 24.57 |
| ૩. | ગૃહ ઉદ્યોગોમાં કામ કરનારા | 42966 | 01.79 | 154290 | 02.05 |
| ૪. | અન્ય કામ કરનારા | 309616 | 12.89 | 1798693 | 23.89 |
| | કુલ | 2402094 | 100 | 7529114 | 100 |

પ્રાપ્તિ સ્થાન : ભારતની વસ્તીગણતરી ૧૯૯૧ શ્રેણી નં. ૧, પાના નં. ૨૨૦.

ઉપરોક્ત કોઠા નં. ૨.૩માં દર્શાવવામાં આવેલી આંકડાકીય માહિતી ૧૯૯૧ની વસ્તી ગણતરીના અંદાજ મુજબ ગુજરાત રાજ્યની ગ્રામ્ય વિસ્તારમાં કુલ કામ કરનાર વસ્તીમાંના સ્ત્રી–પુરુષોની ટકાવારી જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલ છે અને પુરુષોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જેનું કુલ ટકાવારી પ્રમાણ ૪૯.૪૯ ટકા જેટલું ઊંચુ જોવા મળે છે. જયારે ખેત મજૂરોનું પ્રમાણપત્ર ૨૪ ટકા જ છે. અને અન્ય કામ કરનારાઓ નાના વ્યવસાયવાળા કારીગરો, મજૂરો વગેરેનું પ્રમાણ ૨૩ ટકા છે. ઘરગથ્થુ ઉદ્યોગમાં માત્ર ૨ ટકા લોકો રોકાયેલ છે.

બીજી બાજુ ખેડૂત સ્ત્રીઓનું પ્રમાણ ૩૫ ટકા જેટલું છે તેની સામે ખેતમજૂરીમાં પ્રવૃત્ત સ્ત્રીઓનું પ્રમાણ ઘણું જ ઊંચુ છે જે ૪૯.૮૪ ટકા જેટલુ રહેવા પામેલ છે જયારે અન્ય કામ કરનાર શ્રમિકોના ક્ષેત્રમાં માત્ર ૧૨ ટકા જ રોકાયેલ છે. આમ પુરુષોમાં ખેડૂતોનું પ્રમાણ છે તે મુખ્ય વ્યવસાયનો નિર્દેશ કરે છે. જયારે સ્ત્રીઓ અભણ હોઈ ગ્રામીણ ક્ષેત્રમાં ખેતમજૂરીમાંથી રોજી મેળવે છે. આ બંને કામ કરનારાનું કુલ પ્રમાણ ૫૨ પરંપરાગત ખેત વ્યવસાય સાથે સંકળાયેલ જોવા મળે છે. બંનેનુ ખેતી વ્યવસાય સાથે જોડાયેલાઓનું પ્રમાણ જોતા કહી શકાય છે કે કુલ ગ્રામીણ ક્ષેત્રમાં કામ કરતાં પુરુષોમાંના

ખેડૂતો અને ખેતમજૂરો નવી ખેતી વ્યવસાયમાં રોકાયેલ છે તેનું પ્રમાણ ૭૪.૦૬ ટકા તથા આવુ આ બન્ને વ્યવસાયમાં સાથે સંકળાયેલ સ્ત્રીઓનું કુલ પ્રમાણ સયુંકત રીતે ૮૫.૩ર ટકા થવા જાય છે. આ રીતે ગ્રામીણ ક્ષેત્રમાં કૃષિક્ષેત્ર તથા તેના સંલગ્ન ક્ષેત્રોમાં પરંપરાગત વ્યવસાયોમાં સ્ત્રીઓનો ફાળો પુરુષો કરતાં ગુજરાતમાં વધુ જોવા મળેલ છે.

## *(૩) ગરીબીનું પ્રમાણ અને આવક :*

ગુજરાતમાં મુખ્ય વ્યવસાય કામ કરનારાઓની દષ્ટિ એ ખેતી હોઈ, કુલ આવકમાં ઝડપી વધારો થવાના સંકેતો હોવા છતાં ગ્રામીણ અર્થકારણને કારણે ગરીબી હેઠળ જીવતા લોકોનું પ્રમાણ વધુ હોય તેમ જોવા મળે છે.[૬] સામાયિકના સંકલીત આંકડાકીય માહિતી દ્વારા આ બાબત સમજાવવા પ્રયત્ન કરેલ છે. તે મુજબની પ્રાપ્ય માહિતી કોઠા નં. ૨.૪માં દર્શાવવામાં આવેલ છે. આ અંદાજ પ્રમાણે ૧૯૯૪–૯૫ ના ચાલું ભાવે રૂા. ૧૦૫૭૮ અંદાજેલ છે. સમગ્ર ભારતમાં, માથાદીઠ આવકની દષ્ટિએ ગુજરાત રાજ્યનો ક્રમ ત્રીજો કે ચોથો આવે છે. તેમ છતાં કુલ વસ્તી મુખ્યત્વે ખેતીપ્રધાન વ્યવસાયોમાં હોઈ ખેતીપ્રધાન વિસ્તારમાં આવક વધે તે મુજબ તે વર્ગના લોકોની આવક વધે તેમ છે. આ પરિસ્થિતિનો અંદાજ કાઢવા માટે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વસ્તીની ગરીબીરેખા હેઠળ જીવતા લોકોની ટકાવારી જોવાથી બંને ક્ષેત્રની તીવ્રતાનો અણસાર મળી શકે.

*કોઠા નં. ૨.૪*
*ગરીબી રેખા હેઠળ જીવતી વસ્તીનું પ્રમાણ*

| *વર્ષ* | *ગ્રામીણ વસ્તીનું ટકાવારી પ્રમાણ* | *શહેરી વસ્તીનું ટકાવારી પ્રમાણ* |
|---|---|---|
| 1972-74 | 46.35 | 49.31 |
| 1977-78 | 41.76 | 43.13 |
| 1983-84 | 29.90 | 40.63 |
| 1987-88 | 28.13 | 39.63 |
| 1992-93 | 34.30 | 39.50 |

પ્રાપ્તિ સ્થાન : 'અર્થસંકલન' અંક ૩૦૯ માર્ચ ૧૯૯૫ પાના નં. ૭૧.

ઉપરોક્ત કોઠા નં. ૨.૪ની આંકડાકીય માહિતી પરથી બે બાબતો જોઈ શકાય છે ૧૯૭૨–૭૪ થી ગુજરાતમાં બંને ગ્રામીણ અને શહેરી ગરીબ વસ્તીના પ્રમાણમાં ઘટાડો થતો જોવા મળે છે. છેલ્લા આંકડા ૧૯૯૨–૯૩ ના વર્ષમાં ગ્રામીણ વસ્તીના ૩૪.૩૦ ટકા વસ્તી ગરીબી રેખા હેઠળ જીવતી હતી. જયારે શહેરી વસ્તીના ૩૯.૫૦ ટકા વસ્તી ગરીબી રેખા હેઠળ જીવન જીવતી હતી. આ રીતે ગ્રામીણ કરતાં શહેરી વસ્તીમાં વધુ લોકો ગરીબી રેખા હેઠળ જીવન જીવતા હોવાના સંકેત મળે છે. આ બાબત વિચિત્ર લાગે છે. તેમ છતાં તે માટેનું એક કારણ એ પણ આપી શકાય કે ગુજરાતમાં શહેરી વસ્તીમાં ઝડપી વધારો થઈ રહ્યો છે તેમાં ગુજરાતની પોતાની ગ્રામીણ વસ્તી ઉપરાંત અન્ય પ્રદેશોમાંથી સ્થળાંતર થઈને આવેલી વસ્તી રોજી મેળવા માટે આવેલ હોવાથી શહેરી વસ્તીના ભારણના કારણે આવા ગરીબોનું પ્રમાણ વધુ હોય છે.

## ૨.૪ સૌરાષ્ટ્રની વસ્તી :

સૌરાષ્ટ્રની વસ્તી સંબંધી ૧૯૬૧ થી ૧૯૯૧ સુધીમાં નોધાયેલ ફેરફારોનો ઉલ્લેખ કરવો જરૂરી ગણાશે. સૌરાષ્ટ્રની સાત જિલ્લાઓની કુલ વસ્તી તેમજ ગ્રામીણ શહેરી વસ્તીના પ્રમાણ સંબંધી માહિતી કોઠા નં. ૨.૫માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૨.૫*
*સૌરાષ્ટ્રમાં વસ્તી સંબંધ માહિતી*

| વર્ષ | કુલ વસ્તી | કુલ વસ્તીમાં ગ્રામીણ વસ્તીની ટકાવારી | કુલ વસ્તીમાં શહેરી વસ્તીની ટકાવારી |
|---|---|---|---|
| 1961 | 5433045 | 66.98 | 33.02 |
| 1971 | 7491561 | 68.65 | 31.35 |
| 1981 | 9579501 | 66.92 | 33.08 |
| 1991 | 11226026 | 64.09 | 35.91 |
| 2001 | 12428021 | 64.78 | 36.22 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતની વસ્તી ગણતરી' ૧૯૮૧, ૧૯૯૧, ૨૦૦૧ ગુજરાત ભાગ–૨ શ્રેણી–૫ પાના નં. ૨૨.

ઉપરોકત કોઠા નં. ૨.૫માં રજૂ કરેલી વિગત પરથી સૌરાષ્ટ્રની વસ્તી સંબંધી બે બાબતો સ્પષ્ટ જણાઈ આવે છે કે ૧૯૬૧ની તુલનાએ ૨૦૦૧માં વસ્તી બે ગણી કરતાં વધારે થવા પામી છે આ વસ્તી વૃદ્ધિ ઘણા ઝડપી દરનો નિર્દેશ આપે છે.

બીજુ આ વિસ્તારમાં શહેરી વસ્તીનું પ્રમાણ લગભગ ૧૯૬૧ થી ઘટીને ૧૯૭૧માં નીચું ગયુ. બાદ ૧૯૮૧માં અને ૨૦૦૧માં વધીને ઊંચું ગયું છે જયારે ગ્રામોની વસ્તીનું પ્રમાણ થોડું ઘટયું છે, તેમ છતાં ૧૯૬૧ માં શહેરી વસ્તીનું પ્રમાણ ૩૩.૦૨ ટકાનું હતુ આમ આ વધારો ધીમો છે. આ વિસ્તારની મોટાભાગની વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે આ વસ્તી રોજી માટે મુખ્યત્વે ખેતીક્ષેત્ર પર આધાર રાખતી હોવાનો સંકેત મળે છે. તેમ છતાં એક વાત નોંધપાત્ર એ છે કે ૨૦૦૧ માં ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૩૬.૨૨ ટકા હતુ જયારે સૌરાષ્ટ્રમાં આ પ્રમાણ તેનાથી ઊંચુ જોવા મળે છે.

આમ સમગ્ર ગુજરાત રાજ્યના શહેરીકરણવેગની તુલનાએ સૌરાષ્ટ્ર વિસ્તારમાં આ વેગ ઝડપી રહ્યો હોય તેમ સ્પષ્ટ જણાય છે.

### *(૧) સૌરાષ્ટ્રમાં કામ કરનારાનું વિશ્લેષણ :*

કોઈપણ વિસ્તારના આર્થિક ક્ષેત્રની પ્રાધાનતા જાણવા માટે જે તે ક્ષેત્રમાં કામ કરનારાઓનું પ્રમાણ જાણવુ જરૂરી ગણાય આ વિસ્તારમાં કામ કરનારાઓ સંબંધી માહિતી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. સૌરાષ્ટ્રમાં ગ્રામીણ ક્ષેત્રે અને શહેરી ક્ષેત્રે કામ કરનારાઓનું પ્રમાણ જાણવાથી અર્થતંત્રમાંના પ્રધાનક્ષેત્રનો અણસાર પ્રાપ્ત થઈ શકે છે. ભારતની ૧૯૯૧ની વસ્તી ગણતરી પરથી પ્રાપ્ત કરેલ માહિતી અનુસાર કુલ કામ કરનારાઓમાંથી ગ્રામીણ ક્ષેત્રે કામ કરનારા લોકોનું પ્રમાણ સૌરાષ્ટ્રમાં ૬૯.૫૫ ટકા રહ્યું છે અને શહેરી પ્રમાણ ૩૦.૪૫ ટકા રહ્યું છે."[૩]

આ રીતે આશરે ૭૦ ટકા લોકો જે કામ કરનારા છે તે ગ્રામીણ વિસ્તારમાં પ્રવૃત્ત રહેલા જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં રોજગારીની દષ્ટિએ ગ્રામીણ ક્ષેત્રે પ્રાધાન્ય ધરાવે છે આ બાબતને વધુ ઊંડાણથી તપાસવા માટે કામ કરનારાઓમાં સ્ત્રીઓ તેમજ પુરુષોનું પ્રમાણ જાણવું પણ જરૂરી બની જશે. આ અંગે વિગત કોઠા નં. ૨.૬માં દર્શાવેલ છે.

*કોઠા નં. ૨.૬*
*કામ કરનારાઓમાં ગ્રામીણ સ્ત્રી–પુરુષોનું પ્રમાણ*

| *કુલ કામ કરનાર સ્ત્રીઓ* | *ગ્રામીણ ક્ષેત્રે કામ કરનારા સ્ત્રીઓ* | *ગ્રામીણ સ્ત્રીઓની ટકાવારી* | *કુલ કામ કરનારા પુરુષો* | *ગ્રામીણ ક્ષેત્રે કામ કરનાર પુરુષો* | *ટકાવારી* |
|---|---|---|---|---|---|
| 757735 | 644674 | 85.08 | 3008420 | 1974743 | 65.04 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતની વસ્તી ગણતરી' ૧૯૯૧ શ્રેણી–૧ પેપર નં. ૨૨૯.

કુલ કામ કરનાર સ્ત્રીઓમાંની ગ્રામીણ વિસ્તારમાં ૮૫.૦૮ ટકા સ્ત્રીઓ કામ કરતી જોવા મળે છે બાકી ૧૫ ટકા માત્ર શહેરી વિસ્તારમાં કામ કરે છે. આ રીતે ગ્રામ્ય વિસ્તાર સ્ત્રીઓ વધુ રોજી આપવામાં ભાગ ભજવે છે. શહેરી વિસ્તારમાં ૩૫ ટકા પુરુષો બાકીના ૬૫ ટકા પુરુષો ગ્રામીણ વિસ્તારમાં કામ કરી રોજી પ્રાપ્ત કરે છે ગ્રામીણ વિસ્તારની પ્રવૃત્તિ મુખ્ય તો ખેતીપ્રધાન હોઈ તથા અભણ સ્ત્રીઓને કામ મેળવવામાં વધુ સુગમતા રહે છે તેથી કુલ સ્ત્રીઓમાંથી ગ્રામીણ વિસ્તારમાં વધુ ૮૫ ટકા સ્ત્રીઓ એના સંલગ્ન ક્ષેત્રોમાં રોજી પ્રાપ્ત કરતી જોવા મળે છે.

ગ્રામીણ વિસ્તાર આ રીતે સ્ત્રીઓ તે વિશેષ પ્રમાણમાં કામ આપવામાં પોતાનો ફાળો આપે છે. સૌરાષ્ટ્રની ગ્રામીણ વસ્તી મુખ્યત્વે ખેતીપ્રધાન પ્રવૃત્તિમાં કામ કરતી જોવા મળે છે તેથી વ્યવસાય કક્ષા પ્રમાણે આ ચિત્ર તપાસવાથી વધુ સ્પષ્ટતા થઈ શકશે આ માહિતી કોઠા નં.૭માં દર્શાવેલ છે.

*કોઠા નં. ૨.૭*
*વ્યવસાયી કક્ષા મુજબ વિશ્લેષણ*

| *ક્રમ* | *કક્ષાનીવિગત* | *ગ્રામીણ ક્ષેત્રે કામ કરતી સ્ત્રીઓનું પ્રમાણ %* | *ગ્રામીણ ક્ષેત્રે કામ કરતાં પુરુષોનું પ્રમાણ %* |
|---|---|---|---|
| ૧. | ખેડૂતો | 48.29 | 49.44 |
| ૨. | ખેત મજૂરો | 43.33 | 22.08 |
| ૩. | ગૃહ હસ્ત ઉદ્યોગના કારીગરો | 01.77 | 02.56 |
| ૪. | અન્ય કામ કરનારાઓ ગ્રામીણ ક્ષેત્ર | 06.61 | 25.92 |
| | કુલ | 100 | 100 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતની વસ્તી ગણતરી' ૧૯૯૧ શ્રેણી–૧, પેપર–૩.

ઉપરોક્ત કોઠા નં. ૭માં દર્શાવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ગ્રામીણ ક્ષેત્રની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ સૌરાષ્ટ્રમાં ખેતીક્ષેત્રને લગતી છે તેને કારણે સ્ત્રીઓ તેમજ પુરુષો કામ કરનારાઓ ગ્રામીણ ક્ષેત્રમાં છે. તેમાંના સ્ત્રીઓમાં ૪૮.૨૯ ટકા અને પુરુષોના ૪૩.૩૩ ટકા લોકો ખેડૂત તરીકે કામગીરી કરતાં જોવા મળે છે.

જો ખેતીક્ષેત્ર પર નિભાવ કરનાર વર્ગ તરીકે જોઈએ તો ખેડૂતો તથા ખેતમજૂરો મળી કુલ સ્ત્રીઓ કામ કરે છે તેનો ૯૧.૬૨ ટકા સ્ત્રીઓ આ ક્ષેત્રમાં રહેલી છે જયારે પુરુષોમાં સૌથી વધુ કામ કરનાર પુરુષો ૪૯.૪૪ ટકા ખેડૂતો છે જયારે બીજુ ક્ષેત્ર અન્ય કામ કરનાર કામદારોનું છે જેમાં નાના વેપાર, મજૂરી, પશુપાલન, ખાણ, ખનીજ વગેરેનો ક્ષેત્રોનો સમાવેશ થઈ શકે. પુરુષમાં ખેત મજૂરી કરતાં લોકોનું પ્રમાણ ૨૨.૦૮ ટકા છે.

આમ ખેતી સંલગ્ન ક્ષેત્રોની સંયુકત ટકાવારી પુરુષો માટે ૭૧.પર ટકા થાય છે સ્ત્રીઓના આ પ્રમાણ કરતાં પુરુષોનું પ્રમાણ ઓછું છે. પુરુષો ખેતી સિવાયના અન્ય વ્યવસાયમાં કામ મેળવી શકે છે. જેમાં પશુપાલન, માછીમારી, ખાણ, ખનીજ, બાંધકામ, રસ્તા બાંધવા વગેરે ક્ષેત્રોમાં પુરુષો કામ મેળવી શકે છે તેથી સ્ત્રીઓની તુલનામાં આ વર્ગનું વ્યવસાયિક વૈવિધ્ય જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં પુરુષો તેમજ સ્ત્રીઓ બંને માટે ગ્રામીણ વિસ્તારમાં ખેતીક્ષેત્ર જ મુખ્ય રોજી આપનાર ક્ષેત્ર છે તેમ આ વિગત પરથી સ્પષ્ટ પણે ફલિત થાય છે.

સૌરાષ્ટ્રની વસ્તી દર્શાવેલ માહિતી પરથી આ વિસ્તારમાં ગ્રામીણ વિકાસ માટે મુખ્યત્વે ખેતી અને તેની સાથે સંકળાયેલ ગૃહ અને હસ્ત ઉદ્યોગનો વિકાસ પર વધુ ભાર આપવો જોઈએ તેમ અણસાર મળે છે.

## ૨.૫ રાજકોટ જિલ્લાની રૂપરેખા :

આપણા અભ્યાસના ક્ષેત્રિય વિસ્તાર તરીકે રાજકોટ જિલ્લાની પ્રતિનિધિરૂપ જિલ્લા તરીકે પસંદગી કરવામાં આવી છે. અગાઉ પ્રકરણ–૧માં દર્શાવ્યા મુજબ ગ્રામીણ

કારીગર વર્ગના પ્રમાણને લક્ષમાં લઈ એક સરેરાશ જિલ્લા તરીકે રાજકોટ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે.

આ અભ્યાસમાં "રાજકોટ જિલ્લાનાં ગ્રામીણ કારીગરોની સમસ્યાઓ અને ભાવી" અંગે પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લો અને રાજકોટ શહેર હજારો વર્ષોના ખાટા–મીઠા સંભારણા સાથે જીવતુ આવ્યું છે. પરંતુ અહીના લોકોમાં તેના ટેરવાઓ અને સુજ સમજને ગણતરમાં એક વિશિષ્ટ તત્ત્વ તરી આવ્યું છે જેથી રાજકોટ જિલ્લો કંઈ કેટલાય ક્ષેત્રે પ્રભાવશાળી રહ્યું છે.

ઉદારશીલતા, સેવાપરાયણતા, કર્તવ્યનિષ્ઠા તેમજ કઠોર મહેનતથી કૃષિ, કુટિર ઉદ્યોગ, નાના ઉદ્યોગ, હસ્ત કલાકારીગરી અને વ્યાપાર વાણિજયમાં આ જિલ્લાએ આગવી ભાત પાડી છે. ગામને જેમ ચોરો હોય તેમ રાજકોટ સૌરાષ્ટ્રની તમામ ભાતને વણી લઈને વૈવિધ્ય પથરાતુ, વિસ્તરતુ, વિકાસ પામતું રહ્યું છે રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્રના વિકાસમાં કેન્દ્રબિંદુ તરીકે કામ કરે છે.

## ✰ *રાજકોટ જિલ્લાનું ભૌગોલિક સ્થાન અને સીમાઓ :*

રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ જિલ્લાઓ પૈકી એક છે. જે ૭૦°–૨૦°થી ૭૧°–૪૦° પૂર્વ રેખાંશ તથા ૨૦°–૫૮° થી ૨૩°–૧૮° ઉતર અક્ષાંશ વચ્ચે આવેલો છે, જેનો ૧૧૨૦૩ ચોરસ કિલોમીટરનો ભૌગોલિક વિસ્તાર ૧૪ તાલુકાઓમાં ૧૨ શહેરો તથા ત્યાં ગામડાઓના ૨૦૯૩૦૯૪ની વસ્તી ધરાવતા રાજકોટ જિલ્લાની ઉતરે કચ્છનો અખાત તથા કચ્છનું રણ, પૂર્વનાં સુરેન્દ્રનગર – ભાવનગર જિલ્લો તથા અમરેલી જિલ્લાનો થોડો ભાગ, દક્ષિણે જૂનાગઢ અને અમરેલી જિલ્લાનો થોડો ભાગ અને પશ્ચિમે જામનગર જિલ્લા સાથે જોડાયેલ છે.

## ✰ *રાજકોટ જિલ્લાની ભૂસ્તર રચના :*

જિલ્લાની ભૂસ્તર રચના જોઈએ તો પૂર્વ ટેકરાળપ્રદેશ છે જે લગભગ જસદણ, રાજકોટ અને વાંકાનેર શહેરની સીમાને આવરી લે છે. આ વિસ્તાર સાંકડીધાર અને ઊંચી પાળા જેવી ખુલ્લી વેરાન અને ઉપયોગી ટેકરીની હારમાળાથી છવાયેલ છે. પશ્ચિમ

વિસ્તારનો જિલ્લો સૌથી મહત્ત્વનો ફળદ્રુપ ખેત ઉત્પાદન માટેનો વિસ્તાર કે જે ભાદર નદી અને તેની સહાયક નદીઓના મેદાનથી બનેલો છે. મેદાનોમાં ઉતરનો ભાગ જેમાં ગોંડલ, જેતપુર, જામકંડોરણા, ધોરાજી અને ઉપલેટાનો સમાવેશ થાય છે. ઉતર વિભાગમાં ટેકરાળા મેદાનોનો સમાવેશ થાય છે કે જે વાકાનેરથી મોરબી સુધીનો સમગ્ર વિસ્તાર ઈંટ, માટી, ચાઈનાકલે, રંગવાળી માટી ફાયરક્ષો અને ચૂનાના પથ્થરોની ખાણોથી પથરાયેલો છે આ વિભાગનો ઉતર સિમાડો બે ભાગમાં વહેંચાયેલા છે એક ભાગ સમૂહ કાંઠો અને બીજા ભાગમાં રણપ્રદેશનો સમાવેશ થાય છે.

જિલ્લાના ૧૪ તાલુકાઓ પૈકી ૮ તાલુકા મથકે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર આવેલો છે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮અ તથા ૮બ આ જિલ્લામાંથી પસાર થાય છે.

આ જિલ્લો કુલ ૧૪ તાલુકાનો બનેલો છે. જિલ્લામાં ૮૫૪ વસ્તીવાળા ગામો અને ૨ ઉજ્જડ ગામો એમ કુલ ૮૫૬ ગામડાઓ તથા ૧૨ શહેરો આવેલા છે જે મુજબ જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૧૨૨૦૩ ચોરસ કિલોમીટર છે. વિસ્તારની દષ્ટિએ જોતા સૌથી મોટો તાલુકો મોરબી છે જયારે નાનો તાલુકો લોધીકા છે.

રાજકોટ જિલ્લાની આબોહવા સમતોલ છે. ઉનાળામાં ઉષ્ણતામાન વધીને ૪૩.૩ સેન્ટીગ્રેટ જયારે શિયાળામાં ઘટીને સરેરાશ ૯–૧° સેન્ટીગ્રેટ રહે છે. જિલ્લાની આબોહવા સામાન્ય રીતે દરેક ઋતુઓમાં સમધારણ રહે છે જુદા જિલ્લાને જોડતા ગીરનાર પર્વતને લીધે દક્ષિણમાં વરસાદ વધારે પડતો જોવા મળે છે જયારે ઉત્તર વિભાગમાં અરબી સમુદ્રથી દુર હોઈને તેમજ રણવિસ્તારથી નજીક હોઈને વરસાદ પ્રમાણમાં ઓછો પડે છે. આમ કુદરતી રીતે જ વરસાદની વહેંચણીમાં અસમાનતા જોવા મળે છે.

## ૨.૬ રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરો :

ગ્રામીણ વિસ્તારમાં કૃષિક્ષેત્ર સાથે અનેક વ્યવસાયો સંકળાયેલા છે. આવા વ્યવસાયોમાં અનેક પ્રકારના ગૃહઉદ્યોગ, હસ્તકલા કારીગરીના, નાના હુન્નર ઉદ્યોગો વગેરેનો સમાવેશ થાય છે.

### *(૧) સુથારી કારીગરો :*

ગ્રામ્ય વિસ્તારમાં સુથારીકામનું મહત્ત્વ વર્ષોથી રહેલું છે. સુથારી કામમાં ખેતીના સાધનો જેમાં ગાડુ, હળ વગેરેનો સમાવેશ થાય છે. હાલમાં સુથારીકામમાં અન્ય ટેકનોલોજીકલ સાધનો આવતા તેનું પ્રમાણ ઘટયું છે. પરંતુ સુથારીકામ કરતાં સુથારો આ કામ ઉપરાંત હવે ફર્નિચર ના વ્યવસાય તરફ વળ્યા હોવાથી તેઓને તેમાં આર્થિક રીતે સારું વળતર મળે છે.

### *(૨) લુહારી કારીગરો :*

ગ્રામ્ય વિસ્તારમાં લુહારી કામનું મહત્ત્વ રહેલું છે. લુહારીકામ ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલ છે તેઓ ખેતીક્ષેત્રના સાધનો જેમાં પાવડો, ત્રિકમ, કોદારી જેવા સાધનો બનાવતા સાથે સાથે આજે તેમાં આધુનિકરણ આવતા લુહારી કામ કરતાં કારીગરો ટ્રેકટર રિક્ષાના સ્પેરપાર્ટ બનાવવા લાગ્યા છે. તેઓ આધુનિકરણ પોતાના ધંધામાં લાવી બદલાતા સમય સાથે તાલ મેળવવાનું શીખી ગયા છે.

### *(૩) કુંભારી કારીગરો :*

ગ્રામ્ય વિસ્તારમાં કુંભાર લોકો માટીના વાસણો, તાવડી, નળિયા, ઈંટો, મટકા, ઘડા ઈત્યાદિ અનેક વસ્તુઓ ચાકડા દ્વારા માટીના પિંડામાંથી બનાવે છે. માટી ગામથી દૂર વગડામાંથી વિનામૂલ્ય મેળવવામાં આવે છે. છતાં કુંભારને ખૂબ મહેનત કરવા છતાં મામુલી મજૂરી મળતી હોય છે.

માટી કામની કઈ કઈ વસ્તુની વિશેષ માંગ છે તેનું વિશ્લેષણ કરી માટીની વસ્તુઓ બનાવવા વળાંક લેવો જોઈએ. સાદા ગ્લેઝવાળી ચિનાઈ માટીની વસ્તુ બનાવવા તથા પાર્સિલિખનની વસ્તુ બનાવવા વિચારી શકાય તેમ છે.

માટી કામના બોલ બેરિંગવાળા ચાકડા, ભઠ્ઠી, ચાલુમૂડી, શેડ જરૂરી તાલીમ ઈત્યિાદીની સુવિધા ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવી છે. માટીના વાસણ પર લાખ લગાડીને તેમની વેંચાણ કિંમત વધુ લઈ ઠીક ઠીક નફો મેળવી શકાય.

શહેરમાં બાંધકામમાં વધારો થતા ઈંટોની માંગમાં વધારો થઈ રહ્યો છે. ઈંટોમાં ઠીક ઠીક નફો મળી રહે છે ખાંચાવાળા દેશી નળિયાની તેમજ મેગ્લોર નળિયાની માંગ પણ સારી રહેતી હોય છે. મેગ્લોર નળિયા માટે પગમીલ પ્રેસ તથા ડાઉન ડ્રાફટ ભઠ્ઠી ઈત્યાદી યંત્ર સામગ્રી જોઈશે. આવા નાના એકમોમાં મૂડી રોકાણ કરી સાર વેચાણ મેળવી શકાશે.

આ ઉપરાંત અથાણાની બરણી, તાસકો કચોરા વગેરે ચિનાઈ માટીના વાસણ બનાવવામાં આવે તો તેની માંગ રહે છે.

### *(૪) વણકર કારીગરો :*

વણકર કારીગરો મુખ્યત્વે હાથશાળ ઉદ્યોગમાં જોડાયેલ હોય છે તેઓના ઉત્કર્ષ અને ઉદ્યોગની જાળવણી માટે રાજ્ય સરકાર તરફથી પેકેજ યોજના મંજૂર કરવામાં આવી છે.

### *(૫) ચમાર કારીગરો :*

ગુજરાત રાજ્યમાં પશુધનની સંખ્યા સારા પ્રમાણમાં હોવાથી રાજ્યના ગ્રામ્ય અર્થકારણમાં ચામડા ઉતારવા, પકવવા, કમાવવાની પ્રક્રિયા અને ચર્મોદ્યોગની ચીજવસ્તુઓની ઉત્પાદનની પ્રક્રિયામાં લગભગ ઘણા કારીગરો સંકળાયેલ છે.

ચર્મ ઉદ્યોગ સહકારી મંડળીઓને ઔદ્યોગિક સહકારી મંડળીઓની પેકેજ યોજના હેઠળ લાભ મળે તેથી ઘણા કારીગરો તેમાં સંકળાયેલ છે.

### *(૬) હસ્તકલાના કારીગરો :*

હસ્તકલા ઉદ્યોગના કારીગરો માટે હસ્તકલા ઉદ્યોગની યોજના દ્વારા હસ્તકલા ઉદ્યોગમાં રોકાયેલ કારીગરોને વધુ રોજગારી પૂરી પાડવામાં આવતી હોવાથી કેટલાંક કારીગરો આ ઉદ્યોગ સાથે જોડાયેલા જોવા મળે છે.

### *(૭) સાયકલ રિંપેરીગ કરનાર કારીગરો :*

ગ્રામ્ય વિસ્તારમાં પોતાની રોજી મેળવવા માટે સાયકલ રિંપેરીગ જેવી પ્રવૃત્તિઓ કરીને રોજી કમાતા હોય છે. આવા કારીગરોની આ ગૌણ પ્રવૃત્તિ ગણવામાં આવે છે કારણ કે આવી પ્રવૃત્તિ કરવાથી તેમાં વળતર ઘણું જ ઓછું મળે છે.

*(૮) ગેરેજના કારીગરો :*

ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં વાહનોની સંખ્યા વધતા ગેરેજનું પ્રમાણ દિન પ્રતિદિન વધતુ જોવા મળે છે. ગેરેજમાં સારુ એવું વળતર મળતું હોય છે પરંતુ તેમાં મહેનત વધુ માંગી લે છે છતાં ગ્રામ્ય વિસ્તાર કરતા, શહેરી વિસ્તારમાં ગેરેજ વધુ કમાણી આપતા હોય છે.

*(૯) કડિયા કારીગરો :*

શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં મકાન બાંધકામ વધતા કડિયા કારીગરોની માંગ વધે છે કડિયા કારીગરોને તેમાં સારુ, વળતર મળે છે જો કે શહેરી વિસ્તારમાં તેની માંગ વધુ હોય છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં ઠીક–ઠીક પ્રમાણમાં હોય છે, છતાં કડિયાકામ કરનારનું કામ પણ જુદું જુદું હોય છે. તેમાં છતનું કામ કરનારને વધારે મજૂરી મળતી હોય છે.

*(૧૦) દરજી કારીગરો :*

શહેરી વિસ્તારની જેમ ગ્રામ્ય વિસ્તારમાં પણ ફેશન વધતા નવા નવા ડિઝાઈનના કપડાનું કામ વધ્યું છે આથી દરજી કારીગરોને સારી એવી આવક મળે છે. તેમ છતાં જે દરજી કારીગરો માત્ર સાંધવાનું એવું કાર્ય કરે તેને બહુ ઓછી આવક મળે છે પરંતુ જે દરજી કારીગરો પેન્ટ, શર્ટ, ગાઉન વગેરેની સીલાઈ કામ કરે છે તેઓને સારી આવક મળે છે તેથી હવે દરેક કોમની વ્યકિત આ કાર્યમાં જોડાઈ છે અને આવક પ્રાપ્ત કરે છે.

*(૧૧) મોચી કારીગરો :*

ચામડા ઉદ્યોગ વધતા આજે બુટ–ચંપલ બનાવવાનું કાર્ય પણ વધતું જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારમાં મોચી કારીગરો બુટ–ચંપલ વગેરે બનાવવાનું કાર્ય કરતાં હોય છે આ લોકોને પોતાની રોજી ઠીક પ્રમાણે મળતી હોય છે કેમ કે આજે બુટ–ચંપલ અનેક ઉદ્યોગ વિકાસ પામ્યા છે, અનેક ડિઝાઈનના બુટ–ચંપલ બજારમાં જોવા મળે છે તેથી મોચી લોકોના ધંધામાં ધકકો લાગે છે. છતાં ગ્રામ્ય વિસ્તારમાં જે લોકો બુટ–ચંપલ સિવે છે તેને સારી આવક મળે છે. જેઓ માત્ર બુટ–ચંપલ સાંધવાનું કાર્ય કરે તેને જૂજ કિંમત મળતી હોય છે, છતાં આ કાર્ય સાથે કેટલાંક કારીગરો સંકળાયેલ છે.

### (૧૨) વાળંદ કારીગરો :

ગ્રામ્ય વિસ્તારમાં વાળંદ કારીગરો હજામત જેવી પ્રવૃત્તિ કરી રોજી મેળવતા હોય છે આજે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં બ્યુટી પાર્લરોની સંખ્યા વધુ જોવા મળે છે. આ બ્યુટી પાર્લરોની આવક પણ સારી એવી મળતી હોય છે તે શહેરી વિસ્તારમાં વધુ જોવા મળે છે, પરંતુ શહેરીકરણની અસર ગ્રામ્ય વિસ્તારમાં થવાથી બ્યુટી પાર્લરો ખુલે છે. તેમાં પણ કટીંગ, ફેશીયલ, આઈબ્રો વગેરે પ્રવૃત્તિ વધુ જોવા મળે છે.

### (૧૩) પશુપાલન કારીગરો :

ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ગાય, ભેંસ, બકરા વગેરેનું પ્રમાણ જોવા મળે છે તેથી કેટલાંક કુટુંબો પશુપાલનનો વ્યવસાય કરીને રોજી મેળવતા હોય છે. આ વ્યવસાયમાં તેઓને ઠીક ઠીક વળતર મળતું હોય છે.

### (૧૪) મરઘા–બતકા ઉછેરનાર કારીગરો :

ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં મરઘા–બતકા ઉછેરના ઉદ્યોગ સારા એવા પ્રમાણમાં વિકાસ પામેલ છે. આ ઉદ્યોગ માટે સરકાર પણ મદદ કરે છે. શહેરોમાં તેનું પ્રમાણ વધુ જોવા મળે છે છતાં ગ્રામ વિસ્તારમાં પણ તેનું પ્રમાણ નહિવત હોય છે.

### (૧૫) સુંડલા બનાવનારા કારીગરો :

ગ્રામ્ય વિસ્તારમાં વાસમાંથી સુંડલા–સુંડલો બનાવનાર કારીગરો જોવા મળે છે આવા કારીગરોની આર્થિક સ્થિતિ ઘણી ખરાબ હોય છે તેઓ પછાત કોમના હોય છે.

### (૧૬) સાવરણા સાવરણી બનાવનાર કારીગરો :

ગ્રામ્ય વિસ્તારમાં ચિનાઈ માટીના વાસણ બનાવનારા કારીગરોનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે મોટેભાગે આવા વ્યવસાયો શહેરી વિસ્તારમાં જોવા મળે. આ વ્યવસાયમાં આવક ઠીક પ્રમાણે મળતી હોય છે.

ઉપરોકત નાની આવકવાળા ક્ષેત્રોમાં રોજી મેળવતા આવા કુટુંબોનું આર્થિક રીતે ઉન્નત જીવન બને તેના સંજોગો મોટા ભાગના આવા વ્યવસાયોમાં બધા માટે સરખા

જોવા મળતા નથી. આ દષ્ટિએથી માત્ર એટલુ કહી શકાય કે પરંપરાગત સિવાયના ક્ષેત્રોનો વિકાસ સારી નિશાની છે પરંતુ મોટાભાગના વ્યવસાયોને શિક્ષણ, તાલીમ સાથે બહુ લેવાદેવા ન હોઈ. આબાદી માટેની ક્ષિતિજો બહુ વિસ્તૃત બની શકવા માટે મર્યાદા રહેલી છે, ગ્રામીણ ક્ષેત્રોમાં આવી પ્રવૃત્તિઓ સ્થાનિક પોતાની કોમના લોકોના બજારો પૂરતી મર્યાદિત રહેતો આ લોકોનું આર્થિક ઉત્થાન ઝડપી થઈ શકે નહીં, કેમ કે આવી પ્રવૃત્તિઓમાંથી તેનો લાભ લેનારા ગ્રાહક વર્ગની ખરીદ શકિતની કક્ષા પર આ પ્રવૃત્તિના લોકોની આવક વૃદ્ધિનો આધાર રહેલો છે. આ દષ્ટિથી મર્યાદિત બજારના કારણે આ ક્ષેત્રો માત્ર સ્થાનિક કે પોતાના રહેઠાણના વિસ્તાર પૂરતો સિમિત હોય. આવક વધવાની મર્યાદિત શકયતાઓ ગણી શકાય. મેયર અને બાલ્ડવીન તેના પુસ્તક "ઈકોનોમિકસ ડેવલપમેન્ટ" માં જણાવેલ છે કે બજારનો વિસ્તાર કરતી પ્રક્રિયા વિકાસમાં સંકળાયેલ છે અને અસરકારક માંગનો વિસ્તાર વિસ્તૃત બજાર દ્વારા શકય છે."[૧] મેયર અને બાલ્ડવીનનો મત રાખનાર નર્કસના મત બજારના કદ તથા ખરીદ શકિતના ફેલાવા પર વિકાસનો આધાર છે. સાથે બન્ને દષ્ટિબિંદુ સુસંગત બને છે.

## ૨.૭ રાજકોટ જિલ્લાની વસ્તી :

૧૯૮૧ સેસન્સ ગણતરી મુજબ આ જિલ્લાની કુલ વસ્તી ૨૦,૯૩,૯૯૪ છે. જે મુજબ રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા ૬ ટકા વસ્તી આ જિલ્લાની થાય છે. જયારે ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેર અને તાલુકા, ગામડા સહિત કુલ વસ્તી ૩૧,૫૭,૬૧૬ જેટલી થવા જાય છે જેની માહિતી નીચે કોઠા નં. ૨.૮માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૨.૮*

*રાજકોટ જિલ્લાનું વસ્તી સંબંધી વિશ્લેષણ*

| *વર્ષ* | *કુલ વસ્તી* | *કુલ વસ્તીમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ* | *કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ* |
|---|---|---|---|
| ૨૦૦૧ | ૩૧૬૯૮૯૧ | ૧૫૪૪૦૧૯ | ૧૬૨૫૮૬૨ |

પ્રાપ્તિ સ્થાન : ભારતીય વસ્તી ગણતરી ૨૦૦૧.

ઉપરોકત કોઠા નં. ૨.૮માં દર્શાવવામાં આવેલી આંકડાકીય માહિતી પરથી રાજકોટ જિલ્લાની વસ્તી સંબંધી વિગત સ્પષ્ટ થાય છે કે જિલ્લાની વસ્તીમાં ઝડપી વધારો થયો હોવાનું જાણવા મળે છે. સાથે–સાથે એક બાબત નોંધપાત્ર એ છે કે શહેરી વસ્તીનું પ્રમાણ ઊંચુ છે. જે કુલ વસ્તીના પ્રમાણ ૩૧૬૯૮૮૧માં શહેરી વસ્તીનું પ્રમાણ ૧૬૨૫૮૬૧ અને ગ્રામીણ વસ્તીનું પ્રમાણ ૧૫૪૪૦૧૯ જોવા મળેલ છે જે એ દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારની વસ્તી કરતાં શહેરી વિસ્તારની વસ્તીનું પ્રમાણ વધુ જોવા મળે છે.

## ૨.૮ વસ્તીની ગીચતા :

વસ્તીની ગીચતામાં આ જિલ્લો રાજ્યમાં ચોથા ક્રમે આવે છે. આ જિલ્લાની વસ્તીની ગીચતાનું પ્રમાણદર ચોરસ કિલોમીટરે ૧૮૭ વ્યકિતનું છે. જે રાજ્યની ગીચતાનું પ્રમાણ ૧૭૪ કરતાં વધારે છે જેની માહિતી કોઠા નં. ૨.૯માં દર્શાવવામાં આવી છે.

### કોઠા નં. ૨.૯
### રાજકોટ જિલ્લાની વસ્તી ગીચતાનું પ્રમાણ

| ક્રમ | તાલુકાનું નામ | વિસ્તાર (ચો.કિ.મી.) | કુલ વસ્તી | વસ્તીની ગીચતા દર (ચો.કિ.મી.) | ગામોની સંખ્યા | શહેરોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | માળિયા | 77000 | 83471 | 108 | 47 | - |
| ૨. | મોરબી | 106466 | 326994 | 307 | 79 | 1 |
| ૩. | ટંકારા | 61657 | 84517 | 137 | 47 | - |
| ૪. | વાકાનેર | 110310 | 186013 | 169 | 100 | 1 |
| ૫. | પડધરી | 55427 | 73493 | 132 | 57 | 1 |
| ૬. | રાજકોટ | 107230 | 1137984 | 1061 | 92 | 1 |
| ૭. | લોધીકા | 37320 | 46276 | 124 | 38 | - |
| ૮. | કોટડાસાંગાણી | 44700 | 79847 | 179 | 41 | - |
| ૯. | જસદણ | 132640 | 262955 | 198 | 101 | 1 |
| ૧૦. | ગોંડલ | 119360 | 265954 | 223 | 81 | 1 |
| ૧૧. | જામકંડોરણા | 56030 | 75729 | 135 | 47 | - |
| ૧૨. | ઉપલેટા | 83930 | 170275 | 203 | 49 | 2 |
| ૧૩. | ધોરાજી | 48490 | 149706 | 307 | 30 | 1 |
| ૧૪. | જેતપુર | 63730 | 227767 | 357 | 47 | 1 |
| જિલ્લાનું કુલ | | 1104320 | 3169881 | 283 | 856 | 10 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતની વસ્તી ગણતરી' ૨૦૦૧.

ઉપરોક્ત કોઠા નં. ૨.૯માં દર્શાવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે જિલ્લાની કુલ વસ્તી ૩૧૬૯૮૮૧ માંથી ૧૨૩૪૫૫ વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં વસે છે જયારે ૧૬૨૫૮૬૨ વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે. વધુ વસ્તીવાળા શહેરોમાં રાજકોટ, ઉપલેટા, ગોંડલ, જેતપુર, ધોરાજી, મોરબી તથા વાંકાનેર છે. ૫૦૦૦ કરતાં વધુ વસ્તીવાળા ૨૮ ગામો છે.

જિલ્લામાં સૌથી વધુ વસ્તીવાળા તાલુકામાં રાજકોટ તાલુકો છે. જયારે સૌથી ઓછી વસ્તીવાળો તાલુકો લોધીકા છે. વસ્તીની ગીચતામાં પણ રાજકોટ તાલુકો પ્રથમ આવેલ છે.

## ૨.૯ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની તાલુકાવાર વસ્તી :

જિલ્લાની કુલ વસ્તીના આશરે ૬.૫૪ ટકા લોકો એટલે કે ૧૩૭૦૩૩ લોકો અનુસૂચિત જાતિના છે. જેમાંથી ૭૧ ટકા લોકો ગ્રામ્ય વિસ્તારમાં વસે છે, જયારે અનુસૂચિત જનજાતિનું પ્રમાણ નહિવત્ત એટલે કે જિલ્લાની કુલ વસ્તી મુજબ નીચે કોઠા નં.૨.૧૦માં દર્શાવવામાં આવેલ છે.

# કોઠા નં. ૨.૧૦
## અનુસૂચિત જાતિ અને અનુસૂચિતજન જાતિની તાલુકાવાર વસ્તીનું પ્રમાણ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ્ય | અનુસૂચિત જાતિ | | | અનુસૂચિ જન જાતિ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | ટકા |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. |
| ૧. | રાજકોટ | ગ્રામ્ય | 6472 | 6052 | 12524 | 313 | 318 | 631 |
| | | શહેરી | 34530 | 31668 | 66198 | 3988 | 3517 | 7505 |
| | | કુલ | 41002 | 37720 | 78722 | 4301 | 3835 | 8136 |
| ૨. | કોટડા સાંગાણી | ગ્રામ્ય | 5199 | 4696 | 9895 | 211 | 140 | 351 |
| | | શહેરી | - | - | - | - | - | - |
| | | કુલ | 5199 | 4696 | 9895 | 211 | 140 | 351 |
| ૩. | ગોંડલ | ગ્રામ્ય | 8453 | 8093 | 16546 | 224 | 156 | 380 |
| | | શહેરી | 1717 | 1833 | 3350 | 223 | 204 | 427 |
| | | કુલ | 10170 | 9726 | 19896 | 447 | 360 | 801 |
| ૪. | જેતપુર | ગ્રામ્ય | 5807 | 5314 | 11121 | 112 | 113 | 225 |
| | | શહેરી | 3238 | 2876 | 6114 | 40 | 29 | 69 |
| | | કુલ | 9045 | 8190 | 17235 | 152 | 142 | 294 |
| ૫. | ધોરાજી | ગ્રામ્ય | 4563 | 4287 | 8850 | 47 | 54 | 101 |
| | | શહેરી | 2706 | 2554 | 5260 | 47 | 51 | 98 |
| | | કુલ | 7269 | 6851 | 14110 | 94 | 105 | 199 |
| ૬. | ઉપલેટા | ગ્રામ્ય | 7142 | 6425 | 13567 | 86 | 58 | 11 |
| | | શહેરી | 2939 | 2788 | 5727 | 66 | 67 | 133 |
| | | કુલ | 10001 | 9213 | 19264 | 152 | 125 | 207 |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭. | જામ કંડોરણા | ગ્રામ્ય | 4437 | 4179 | 8616 | 76 | 68 | 144 |
| | | શહેરી | - | - | - | - | - | - |
| | | કુલ | 4437 | 4179 | 8616 | 76 | 68 | 144 |
| ૮. | લોધીકા | ગ્રામ્ય | 2977 | 2852 | 5829 | 94 | 74 | 168 |
| | | શહેરી | - | - | - | - | - | - |
| | | કુલ | 2977 | 2852 | 5829 | 94 | 74 | 168 |
| ૯. | પડધરી | ગ્રામ્ય | 3193 | 3027 | 6020 | 244 | 204 | 427 |
| | | શહેરી | 222 | 231 | 453 | 22 | 24 | 46 |
| | | કુલ | 3415 | 3258 | 6673 | 246 | 227 | 473 |
| ૧૦. | મોરબી | ગ્રામ્ય | 8080 | 7322 | 15410 | 132 | 95 | 227 |
| | | શહેરી | 6220 | 5857 | 12077 | 252 | 211 | 463 |
| | | કુલ | 14308 | 13179 | 27481 | 384 | 306 | 690 |
| ૧૧. | માળિયા | ગ્રામ્ય | 2392 | 2260 | 4652 | 72 | 54 | 126 |
| | | શહેરી | - | - | - | - | - | - |
| | | કુલ | 2392 | 2260 | 4652 | 72 | 54 | 126 |
| ૧૨. | વાંકાનેર | ગ્રામ્ય | 3600 | 3421 | 7021 | 298 | 244 | 542 |
| | | શહેરી | 1717 | 1737 | 3454 | 51 | 52 | 103 |
| | | કુલ | 5317 | 5158 | 10475 | 349 | 396 | 645 |
| ૧૩. | જસદણ | ગ્રામ્ય | 6635 | 6266 | 12901 | 199 | 170 | 369 |
| | | શહેરી | 626 | 605 | 1231 | 32 | 25 | 57 |
| | | કુલ | 7261 | 6071 | 14132 | 231 | 195 | 426 |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪. | ટંકારા | ગ્રામ્ય | 3808 | 3540 | 7348 | 225 | 202 | 427 |
| | | શહેરી | - | - | - | - | - | - |
| | | કુલ | 3808 | 3540 | 7348 | 225 | 202 | 427 |
| | જિલ્લાનું કુલ | ગ્રામ્ય | 72766 | 67734 | 140500 | 2313 | 1949 | 4262 |
| | | શહેરી | 53915 | 49949 | 103864 | 4721 | 4180 | 8911 |
| | | કુલ | 126681 | 11603 | 244364 | 7034 | 6129 | 13163 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતીય વસ્તી ગણતરી' ૨૦૦૧.

ઉપરોકત કોઠા નં. ૨.૧૦માં દર્શાવવામાં આવેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની સંખ્યા શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળે છે. તેમાંય અનુસૂચિત જાતિનું પ્રમાણ, અનુસૂચિત જનજાતિના પ્રમાણ કરતાં વધુ જોવા મળે છે.

આમ રાજકોટ જિલ્લાના જુદા જુદા ગામડાઓમાં જુદી જુદી જ્ઞાતિના અનેક લોકો વસવાટ કરે છે અને જેઓ જુદા જુદા વ્યવસાયો સાથે જોડાયેલ છે. આવા વ્યવસાયોમાં હસ્તકલાકારીગરીના ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગો દ્વારા પોતાની રોજી રોટી મેળવતા હોય છે.

## ૨.૧૦ ગ્રામ્ય અને શહેરી જાતિ મુજબ વસ્તીનું વિશ્લેષણ

તાલુકાવાર ગ્રામ્ય અને શહેરી વસ્તી તેમજ બન્ને ક્ષેત્રે સ્ત્રીઓની વસ્તી અને પુરુષોની વસ્તીની માહિતી કોઠા નં. ૨.૧૧માં દર્શાવવામાં આવી છે.

## કોઠા નં. ૨.૧૧
## ગ્રામ્ય અને શહેરી અને જાતિ મુજબ વસ્તીનું પ્રમાણ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ્ય વિસ્તાર | | | શહેરી વિસ્તાર | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | માળિયા | 42923 | 40548 | 83471 | - | - | - |
| ૨. | મોરબી | 77611 | 77329 | 148940 | 92639 | 8458 | 178055 |
| ૩. | ટંકારા | 43009 | 41508 | 84517 | - | - | - |
| ૪. | વાંકાનેર | 75071 | 70151 | 145822 | 20765 | 19426 | 40191 |
| ૫. | પડધરી | 32256 | 31602 | 63858 | 4734 | 4500 | 9234 |
| ૬. | રાજકોટ | 69843 | 65126 | 134969 | 525898 | 417187 | 1003016 |
| ૭. | લોધીકા | 22635 | 22641 | 49277 | - | - | - |
| ૮. | કોટડા સાંગાણી | 42598 | 37249 | 39847 | - | - | - |
| ૯. | જસદણ | 113613 | 110296 | 223909 | 20420 | 18626 | 39046 |
| ૧૦. | ગોંડલ | 86042 | 82406 | 168449 | 51110 | 46396 | 97506 |
| ૧૧. | જામકંડોરણા | 38141 | 37588 | 75729 | - | - | - |
| ૧૨. | ઉપલેટા | 49608 | 46957 | 96583 | 37698 | 35994 | 13692 |
| ૧૩. | ધોરાજી | 34841 | 33354 | 68195 | 41138 | 39613 | 80811 |
| ૧૪. | જેતપુર | 63657 | 59798 | 123455 | 54768 | 49544 | 104312 |
| | જિલ્લાનું કુલ પ્રમાણ | 792048 | 571171 | 1544019 | 846100 | 716692 | 1625862 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતીય વસ્તી ગણતરી' ૨૦૦૧.

ઉપરોક્ત કોઠા નં. ૨.૧૧માં દર્શાવવામાં આવેલ આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે કે જિલ્લામાં આવેલ દરેક તાલુકામાં સ્ત્રી વસ્તી કરતાં પુરુષ વસ્તીનું પ્રમાણ વધારે જોવા મળેલ છે.

## ૨.૧૧ રાજકોટ જિલ્લામાં થયેલ વસ્તી વધારો :

રાજકોટ જિલ્લામાં થયેલ વસ્તી વધારો માહિતી કોઠા નં. ૨.૧૨માં વિગત દર્શાવવામાં આવી છે. તે પરથી જાણી શકાય કે દસકામાં કેટલો વસ્તીમાં વધારો થયેલ છે.

*કોઠા નં. ૨.૧૨*

*રાજકોટ જિલ્લામાં થયેલ વસ્તી વધારાનું પ્રમાણ*

| ક્રમ | વર્ષ | પુરુષો | | સ્ત્રીઓ | |
|---|---|---|---|---|---|
| | | વસ્તી | દશકામાં થયેલ વધારાની ટકાવારી | વસ્તી | દશકામાં થયેલ વધારાની ટકાવારી |
| 1. | 1901 | 254180 | - | 246496 | - |
| 2. | 1911 | 298440 | 17.41 | 291949 | 18.44 |
| 3. | 1921 | 295253 | 0.94 | 290908 | 00.36 |
| 4. | 1931 | 343801 | 16.29 | 335019 | 15.26 |
| 5. | 1941 | 404391 | 17.65 | 395372 | 18.01 |
| 6. | 1951 | 467926 | 15.68 | 462098 | 16.88 |
| 7. | 1961 | 615651 | 31.57 | 592958 | 28.30 |
| 8. | 1971 | 834014 | 35.47 | 790058 | 33.25 |
| 9. | 1981 | 1074833 | 28.87 | 1018261 | 22.41 |
| 10. | 1991 | 1291958 | 20.20 | 122164 | 20.41 |
| 11. | 2001 | 1642018 | 27.10 | 1527863 | 25.01 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતની વસ્તી ગણતરી' ૨૦૦૧ પાના નં. ૨૫.

ઉપરોકત કોઠા નં. ૨.૧૨માં દર્શાવવામાં આવેલ આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે કે ૧૯૧૧માં પુરુષોની દશકામાં થયેલ વધારો ૧૭.૪૧ હતો તેની સરખામણીમાં સ્ત્રીઓનો દશકામાં થયેલ વધારો ૧૮.૪૪ હતો આ પરથી કહી શકાય કે પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ હતુ જયારે ૨૦૦૧માં પુરુષોમાં દશકામાં થયેલ વધારો ૨૭.૧૦ ટકા

તેની સરખામણીએ સ્ત્રીઓનો દશકાનો વધારો ૨૫.૧ ટકા હતો. આ પરથી કહી શકાય કે પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું રહેલ છે જયારે સો વર્ષના સમય ગાળામાં જોઈએ તો પુરુષો અને સ્ત્રીઓ બન્નેમાં વધારો થયેલ જોવા મળે છે.

## ૨.૧૨ પસંદગીના તાલુકામાં અક્ષર જ્ઞાન ધરાવનારની સંખ્યા

પસંદગીના તાલુકામાં અક્ષર જ્ઞાન ધરાવનારની સંખ્યા જોતા ખ્યાલ આવે છે કે દરેક તાલુકામાં અક્ષર જ્ઞાનનું પ્રમાણ વધારે રહેલ છે જે નીચેના કોઠા નં. ૨.૧૩માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જાણી શકાય.

## કોઠા નં. ૨.૧૩
## પસંદગીના તાલુકામાં અક્ષર જ્ઞાન ધરાવનારની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | પુરુષોની સંખ્યા | ટકાવારી પ્રમાણ | સ્ત્રીઓની સંખ્યા | ટકાવારી પ્રમાણ | કુલ સંખ્યા | ટકાવારી પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | માળિયા | 25876 | 71.4 | 15246 | 44.2 | 41122 | 58.1 |
| ૨. | મોરબી | 125297 | 85.5 | 15246 | 44.2 | 213873 | 45.5 |
| ૩. | ટંકારા | 29948 | 19.4 | 88516 | 64.9 | 50136 | 68.7 |
| ૪. | વાંકાનેર | 31695 | 71.4 | 20788 | 57.7 | 98872 | 63.8 |
| ૫. | પડધરી | 247906 | 77.8 | 37177 | 49.4 | 43326 | 68.3 |
| ૬. | રાજકોટ | 447304 | 86.7 | 18530 | 58.8 | 800018 | 80.6 |
| ૭. | લોધીકા | 15607 | 71.0 | 352714 | 74.1 | 27461 | 86.7 |
| ૮. | કોટડા સાંગાણી | 28461 | 78.4 | 17854 | 60.1 | 47426 | 69.5 |
| ૯. | જસદણ | 78197 | 71.6 | 18965 | 59.4 | 126777 | 58.8 |
| ૧૦. | ગોંડલ | 98375 | 82.7 | 48580 | 45.7 | 175320 | 75.3 |
| ૧૧. | જામકંડોરણા | 26152 | 81.4 | 76945 | 61.5 | 47810 | 72.1 |
| ૧૨. | ઉપલેટા | 61744 | 84.1 | 27658 | 65.1 | 109251 | 73.2 |
| ૧૩. | જેતપુર | 87210 | 83.8 | 65745 | 67.8 | 152956 | 76.0 |
| ૧૪. | ધોરાજી | 56060 | 57.1 | 43538 | 66.8 | 99598 | 75.6 |
| | જિલ્લાનું કુલ | 87210 | 71.03 | 687824 | 5683 | 2033646 | 64.19 |

પ્રાપ્તિ સ્થાન : 'ભારતીય વસ્તી ગણતરી' ૨૦૦૧.

ઉપરોકત કોઠા નં. ૨.૧૩માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જાણી શકાય છે કે દરેક તાલુકામાં અક્ષર જ્ઞાનનું પ્રમાણ સારુ એવુ જોવા મળે છે. તેમાં રાજકોટ તાલુકામાં

સૌથી વધુ અક્ષર જ્ઞાન ધરાવનારની સંખ્યા જોવા મળે છે. જેનું પ્રમાણ ૮૬.૭ ટકા પુરુષો અને ૭૪.૧ ટકા સ્ત્રીઓ છે. કુલ પ્રમાણ ૮૦.૬ જોવા મળેલ છે. ત્યાર બાદ ધોરાજીમાં ૮૪.૧ ટકા પુરુષો અને ૬૬.૮ ટકા સ્ત્રીઓ અક્ષર જ્ઞાન ધરાવનાર છે. કુલ પ્રમાણ જોઈએ તો ૭૫.૬ ટકા થવા જાય છે આ હકીકત પરથી કહી શકાય કે સ્ત્રીઓ કરતાં પુરુષો અક્ષર જ્ઞાન વધુ ધરાવે છે.

## ૨.૧૩ ગ્રામીણ કારીગરોનું પ્રમાણ :

ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામીણ કારીગરોનું પ્રમાણ કૃષિક્ષેત્રના કારીગરો કરતાં પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. ૧૯૮૧ સેસન્સ ગણતરી અનુસાર રાજકોટ જિલ્લાની કુલ વસ્તી ૨૦,૯૩,૯૯૪ છે જયારે ૨૦૦૧માં ૧૬૯૮૮૧ છે તેમાં ગ્રામીણ વિસ્તારની વસ્તીનું પ્રમાણ ૧૫૪૪૦૧૯ અને શહેરી વસ્તીનું પ્રમાણ ૧૬૨૫૮૬૨નું જયારે ગ્રામીણ વિસ્તારની કુલ વસ્તીમાંથી ગ્રામીણ કારીગરોનું પ્રમાણ નીચેના કોઠા નં. ૨.૧૪ પરથી જાણી શકાય.

*કોઠા નં. ૨.૧૪*
*કુલ ગ્રામીણ વસ્તીમાં કારીગરોનું પ્રમાણ*

| *વર્ષ* | *કુલ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ* | *કુલ ગ્રામીણ વસ્તીમાં કારીગરોનું પ્રમાણ* |
|---|---|---|
| ૨૦૦૧ | ૧૫૪૪૦૧૯ | ૧૯૩૦૭૫ |

પ્રાપ્તિ સ્થાન : ભારતીય વસ્તી ગણતરી ૨૦૦૧.

ઉપરોકત કોઠા નં. ૨.૧૪માં દર્શાવવામાં આવેલ આંકડાકીય માહિતી પરથી રાજકોટ જિલ્લાની કુલ ગ્રામીણ વસ્તીમાંથી ગ્રામીણ કારીગરો સંબંધી વિગત સ્પષ્ટ કરે છે કુલ ગ્રામીણ વસ્તીના પ્રમાણ કરતાં ગ્રામીણ કારીગરોનું પ્રમાણ ઘણું જ ઓછું છે. કુલ ગ્રામીણ વસ્તી ૧૫૪૪૦૧૯ માંથી કુલ ગ્રામીણ કારીગરોનું પ્રમાણ ૧૯૩૦૭૫ જોવા મળેલ છે. જે દર્શાવેલ અન્યક્ષેત્રે કાર્ય કરતાં લોકો કરતાં ગ્રામીણ કારીગરોનું પ્રમાણ ઓછું છે. તે સ્પષ્ટ થાય છે

રાજકોટ તાલુકામાં ખેડૂતોની કુલ વસ્તી ૩૪૧૯૪ છે. જયારે તેમાં મજૂરોનું પ્રમાણ કુલ ૧૩૯૬૭નું છે. ગૃહ ઉદ્યોગ સાથે સંકળાયેલ લોકોનું કુલ પ્રમાણ ૧૯૪૪૩૨ છે. જયારે અન્ય કામ કરનારાઓનું પ્રમાણ ૩૨૯૮૪૩નું છે. આમ રાજકોટ તાલુકાની વસ્તીમાં શિક્ષણ અને કામ કરનારની દષ્ટિએ સૌથી આગળ રહેલ જોવા મળે છે. જયારે લોધીકામાં આ પ્રમાણ ઓછું જોવા મળે છે. જિલ્લાનું કુલ વસ્તીનું પ્રમાણ ૩૧૬૯૮૮૧ છે. જયારે ખેડૂતનું જિલ્લામાં કુલ પ્રમાણ ૩૬૮૭૯૩નું છે અને ખેત મજૂરનું પ્રમાણ ૧૭૮૭૨૫ છે જયારે ગૃહ ઉદ્યોગ ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલ વસ્તીનું પ્રમાણ ૨૪૯૮૬ છે અને અન્ય કામ કરનારાનું પ્રમાણ ૬૨૨૩૦૨ નું છે. અને જિલ્લામાં કામ કરનારનું કુલ પ્રમાણ જોઈએ તો ૧૨૪૪૮૦૬નું છે. આ પરથી કહી શકાય લોકો એક યા બીજી રીતે કોઈ પણ ધંધા સાથે જોડાયેલ છે.

## કોઠા નં. ૨.૧૫
## મુખ્ય પ્રવૃત્તિના જૂથ બિન ખેતી વિષયક ધંધાકીય એકમોનું વિશ્લેષણ

| ક્રમ | પ્રવૃત્તિ જૂથ | ગ્રામ્ય | | | શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ એકમો (૪+૫) | સ્વરોજગારીના કુલ એકમો | એસ્ટ્રાબ્લીશ મેન્ટનો કુલ એકમો | કુલ એકમો ૭+૮ | સ્વરોજગારના કુલ એકમો | એસ્ટ્રા બ્લીશ મેન્ટના કુલ એકમો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ખાણ અને ખનીજ | 181 | 84 | 94 | 22 | 9 | 13 |
| ૨. | ઉત્પાદન અને સમારકામ સેવાઓ | 5614 | 4124 | 1490 | 15528 | 8955 | 6573 |
| ૩. | વિજળી, ગેસ અને પાણી | 69 | 28 | 41 | 50 | 22 | 28 |
| ૪. | બાંધકામ | 418 | 304 | 114 | 596 | 444 | 152 |
| ૫. | જથ્થાબંધ અને છુટક વેપાર | 12871 | 11397 | 1474 | 34394 | 27646 | 6147 |
| ૬. | ઉપહારગૃહ અને હોટલ | 528 | 399 | 129 | 1834 | 1123 | 711 |
| ૭. | વાહન વ્યવહાર | 3195 | 2526 | 669 | 2715 | 2265 | 430 |
| ૮. | ગોદામ અને વખાર | 145 | 15 | 130 | 384 | 169 | 215 |
| ૯. | સંદેશા વ્યવહાર | 236 | 56 | 180 | 1047 | 775 | 272 |
| ૧૦. | ધીરધાર, વીમો, મિલકત તથા ધંધાકીય સેવાઓ | 287 | 143 | 144 | 2148 | 1506 | 642 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧. | સામૂહિક સામાજિક અને અંગત સેવાઓ | 9612 | 6432 | 3180 | 15019 | 11165 | 3854 |
| ૧૨. | અન્યત્ર વર્ગીકૃત ન થયેલ હોય તેવી સેવા | - | - | - | - | - | - |
| ૧૩. | કુલ બિનખેતી વિષયક ઉદ્યોગ ધંધા | 33156 | 25511 | 7645 | 73136 | 54099 | 19637 |

**નોંધ :**

(૧) સ્વરોજગારીના એકમ એક પણ વ્યકિતને વેતનથી નિયમિત રીતે રોજગારી પુરી પાડતું હોય તેવું અને સામાન્ય રીતે કૌટુંબિક સભ્યો દ્વારા ચાલતું ધંધાકીય એકમ.

(૨) એસ્ટાબ્લીશમેન્ટ ઓછામાં ઓછી એક વ્યકિતને વેતનથી નિયમિત રીતે રોજગારી પુરી પાડતું હોય તેવું ધંધાકીય એકમ.

**પ્રાપ્તિ સ્થાન :** અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રીની કચેરી ગાંધીનગર ૧૯૯૮.

ઉપરોકત કોઠા નં. ૨.૧૫માં દર્શાવવામાં આવેલ આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે મુખ્ય પ્રવૃત્તિ જૂથના એકમોનું પ્રમાણ અને તેમાંથી પ્રાપ્ત થતી રોજગારીનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય ? ખાણ અને ખનીજના કુલ એકમો ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૧ છે. તેમાંથી પ્રાપ્ત થતી રોજગારી એકમોનું પ્રમાણ ૮૭ છે. જયારે શહેરી વિસ્તારમાં તેનું કુલ એકમોનું પ્રમાણ ૨૨ છે. ઉત્પાદન અને સમારકામ અને સેવાઓ ગ્રામ્ય વિસ્તારમાં કુલ એકમો ૫૬૧૪ છે. જયારે  શહેરી વિસ્તારમાં, ૧૫૫૨૮ છે. વિજળી અને ગેસ તથા પાણીના કુલ એકમોનું ગ્રામ્ય વિસ્તારમાં ૬૯ છે. શહેરી વિસ્તારમાં ૫૦ છે. જયારે બાંધકામ ક્ષેત્રે ગ્રામ્ય વિસ્તારમાં કુલ એકમો ૪૧૮ છે. અને શહેરી વિસ્તારમાં ૫૯૬ છે. જથ્થા બંધ અને છૂટક વેપાર કરતાં કુલ એકમો ગ્રામ્યમાં ૧૨૮૭૧ છે અને શહેરમાં ૩૪૩૯૪ છે. ઉપહાર ગૃહ અને હોટલનું પ્રમાણ ગ્રામ્ય વિસ્તારમાં ૫૨૮ અને શહેરી વિસ્તારમાં ૧૮૩૪ છે. વાહન વ્યવહારનું કુલ પ્રમાણ ગ્રામ્યમાં ૩૧૯૫ અને શહેરમાં ૨૭૧૫ છે. ગોદામ અને વખારનું કુલ પ્રમાણ ગ્રામ્યમાં ૧૪૫ અને શહેરમાં ૩૮૪

એકમો રહેલ છે. મારે કુલ બિનખેતી વિષયક ઉદ્યોગ ધંધાનું કુલ એકમોનું પ્રમાણ ગ્રામ્ય વિસ્તારમાં ૩૩૧૫૬ અને શહેરી વિસ્તારમાં તેનું પ્રમાણ ૭૩૭૩૬નું જોવા મળેલ છે.

આ બાબત પરથી સ્પષ્ટ થાય છે ખેતી સિવાયના તમામ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ દ્વારા લોકોને રોજગારી મળે છે સ્વરોજગારીના એકમ એકપણ વ્યકિતને વેતનથી નિયમિત રીતે રોજગારી પુરી પાડતુ હોય તેવું અને સામાન્ય રીતે કૌટુંબિક સભ્યો દ્વારા ચાલતુ ધંધાકીય એકમ છે જયારે એસ્ટાબ્લીશમેન્ટ ઓછામાં ઓછી એક વ્યકિતને વેતન નિયમિત રીતે રોજગારી પુરી પાડતું એકમ છે.

## ૨.૧૪ ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનાની સંખ્યા

રાજકોટ જિલ્લામાં ઉદ્યોગજૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનાઓની સંખ્યા જોતા ખ્યાલ આવે છે કે અન્ય જિલ્લા કરતાં રાજકોટ જિલ્લો આર્થિક રીતે વધુ સદ્ધર છે તે નીચેના કોઠા નં. ૨.૧૬માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જાણી શકાય.

## કોઠા નં. ૨.૧૬
## ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનાની સંખ્યા

| ક્રમ | ઉદ્યોગ જૂથ | વર્ષ ૧૯૯૮ | | |
|---|---|---|---|---|
| | | સંખ્યા | ચાલુ | બંધ |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | ખેતપેદાશ રૂપાંતર તથા આનુસંગીક સેવા | 144 | 71 | 73 |
| ૨. | ખાદ્ય ઉત્પાદન અને પીણા | 235 | 168 | 67 |
| ૩. | સુતરાઉ કાપડ ઉદ્યોગ | 56 | 49 | 7 |
| ૪. | તૈયાર કાપડ અને છાપકામ | 1 | 1 | - |
| ૫. | ચર્મ ઉદ્યોગ અને તેની બનાવટો | 2 | 2 | - |
| ૬. | લાકડાનો ઉદ્યોગ | 11 | 11 | - |
| ૭. | કાગળ ઉદ્યોગ અને તેની બનાવટો | 24 | 18 | 6 |
| ૮. | છાપા, મેગેઝીન પ્રસિદ્ધિ અને છાપકામ | 22 | 20 | 1 |
| ૯. | કોલસા શુદ્ધ કરેલ પેટ્રોલીયમ પેદાશ | 7 | 7 | - |
| ૧૦. | રસાયણ અને રસાયણ ઉત્પાદન | 96 | 85 | 11 |
| ૧૧. | રબ્બર પ્લાસ્ટીક અને તેની બનાવટો | 39 | 37 | 2 |
| ૧૨. | અધાતુ ખનીજની પેદાશ | 654 | 592 | 62 |
| ૧૩. | પાયાની ધાતુ ખનીજ | 160 | 148 | 12 |
| ૧૪. | મિશ્ર ધાતુ અને તેની બનાવટો | 166 | 155 | 11 |
| ૧૫. | અન્યત્ર વિશ્લેષણ ન થયેલ મશીનરી અને ઓજાર બનાવટ | 301 | 278 | 31 |
| ૧૬. | અન્યત્ર વિશ્લેષણ ન થયેલ ઈલેકટ્રીક મશીનરી અને બનાવટી | 14 | 13 | 1 |
| ૧૭. | રેડીયો, ટી.વી., સંદેશા વ્યવહારના સાધનો | 3 | 2 | 1 |
| ૧૮. | દવાઓ ઘડિવાળો અને દિવાલ ઘડિયાળ | 38 | 34 | 4 |
| ૧૯. | મોટર વાહન વ્યવહારના સાધનો | 13 | 12 | 1 |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦. | અન્ય વાહન વ્યવહારના સાધનો | 12 | 9 | 3 |
| ૨૧. | અન્યત્ર વિશ્લેષણ ન થયેલ ફર્નિચર ઉત્પાદન | 28 | 25 | 2 |
| ૨૨. | પુન : વેચાણ | 1 | 1 | - |
| ૨૩. | વિજળી ગેસ વરાળ ગીજાર વગેરેનું ઉત્પાદન | 5 | 5 | - |
| ૨૪. | પાણી શુદ્ધી અને વિતરણ | 3 | 3 | - |
| ૨૫. | મોટર વાહન મશીનરી અને રિપેરિંગ | 14 | 14 | - |
| ૨૬. | જથ્થાબંધ અને કેમીનરથી વેપાર | 1 | 1 | - |
| ૨૭. | છૂટક વેપાર મોટર વાહન સિવાય | 16 | 15 | 1 |
| ૨૮. | શિક્ષણ | 8 | 7 | 1 |
| ૨૯. | અન્ય સેવાઓ/પ્રવૃત્તિ | 1 | 1 | - |
| | કુલ | 2082 | 1184 | 298 |

પ્રાપ્તિ સ્થાન : નિયામક અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગર ૧૯૮૮.

ઉપરોકત કોઠા નં. ૨.૧૬માં દર્શાવવામાં આવેલી વિગત પરથી જોઈ શકાય જિલ્લામાં ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનઓની સંખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે જિલ્લામાં આ ૨૯ જેટલા જુદા જુદા ઉદ્યોગ, કારખાના વિકાસ પામ્યા છે આમાના કેટલાંક ઉદ્યોગો ગ્રામ્ય વિસ્તારમાં પણ વિકાસ પામેલ છે જેથી ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીનું પ્રમાણ જળવાતું રહે છે.

કોઠા નં. ૨.૧૭
જિલ્લામાં નોંધાયેલ નાના પાયાના એકમો

| ક્રમ | ઉદ્યોગ જૂથ | વર્ષ ૨૦૦૧–૦૨ | વર્ષ ૨૦૦૩–૦૪ |
|---|---|---|---|
| ૧. | ખાદ્ય પદાર્થ | 1739 | 1987 |
| ૨. | તમાકુ ઉદ્યોગ | 331 | 409 |
| ૩. | કાપડ ઉદ્યોગ | 4310 | 4389 |
| ૪. | લાકડાનો ઉદ્યોગ | 375 | 403 |
| ૫. | કાગળ અને તેની બનાવટ | 578 | 623 |
| ૬. | ચર્મ ઉદ્યોગ | 325 | 328 |
| ૭. | રબ્બર અને તેની બનાવટ | 877 | 962 |
| ૮. | રસાયણ ઉદ્યોગ | 667 | 708 |
| ૯. | કાચ માટીકામ સિમેન્ટ | 1574 | 1762 |
| ૧૦. | બીન લોહ ધાતુ | 1188 | 1248 |
| ૧૧. | ધાતુકામ | 1712 | 1819 |
| ૧૨. | યંત્રો, વિજળી, વાહનવ્યવહાર સિવાય | 5012 | 5283 |
| ૧૩. | વિજળીના યંત્રો – સાધનો | 535 | 565 |
| ૧૪. | વાહન વ્યવહારના સાધનો | 334 | 370 |
| ૧૫. | અન્ય ઉદ્યોગ | 8923 | 9607 |
| | કુલ | 28480 | 30463 |

પ્રાપ્તિ સ્થાન : જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર રાજકોટ.

ઉપરોકત કોઠા નં. ૨.૧૭ જિલ્લામાં નોંધાયેલ નાના પાયાના એકમોની માહિતી પરથી ખ્યાલ આવે છે. વર્ષ ૨૦૦૧–૦૨ અને વર્ષ ૨૦૦૩–૦૪ ના વર્ષોમાં નાના પાયાના એકમોનું પ્રમાણ વધ્યું છે તેની કક્ષાની રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની સહાયથી તેનું પ્રમાણ વધ્યું છે.

## કોઠા નં. ૨.૧૮
## ઉદ્યોગ જૂથ પ્રમાણે ચાલુ કારખાનામાં રોજગારી

| ક્રમ | વિગત | વર્ષ ૨૦૦૧ |
|---|---|---|
| ૧. | ખેતપેદાશ રૂપાંતર તથા અનુસાંગીક સેવાઓ | 2060 |
| ૨. | ખાદ્ય ઉત્પાદન અને વીણા | 3992 |
| ૩. | સુતરાઉ કાપડ ઉદ્યોગ | 1860 |
| ૪. | તૈયાર કાપડ, કપડા અને છાપકામ | 35 |
| ૫. | ચર્મ ઉદ્યોગ અને તેની બનાવટો | 24 |
| ૬. | લાકડાનો ઉદ્યોગ | 181 |
| ૭. | કાગળ ઉદ્યોગ અને તેની બનાવટો | 459 |
| ૮. | છાપા, મેગેઝીન પ્રસિદ્ધિ અને છાપકામ | 777 |
| ૯. | કોલસો શુદ્ધ કરેલ પેટ્રોલીયમ પેદાશ | 388 |
| ૧૦. | રસાયણ અને રસાયણ ઉત્પાદન | 1554 |
| ૧૧. | રબ્બર પ્લાસ્ટીક અને તેની બનાવટો | 1060 |
| ૧૨. | અધાતુ ખનીજની પેદાશ | 9253 |
| ૧૩. | પાયાની ધાતુ ખનીજ | 4289 |
| ૧૪. | મિશ્ર ધાતુ અને તેની બનાવટો | 3514 |
| ૧૫. | અન્યત્ર વિશ્લેષણ ન થયેલ ઈલેકટ્રીક મશીનરી અને બનાવટ | 6413 |
| ૧૬. | અન્યત્ર વિશ્લેષણ ન થયેલ ઈલેકટ્રીક મશીનરી અને બનાવટ | 242 |
| ૧૭. | રેડીયો, ટી.વી., સંદેશાવ્યવહારના સાધનો | 18 |
| ૧૮. | દવાઓ, ઘડિયાળો અને દિવાલ ઘડિયાળો | 3019 |
| ૧૯. | મોટર વાહનો અન્ય સાધનો | 412 |
| ૨૦. | અન્ય વાહનો અન્ય સાધનો | 150 |
| ૨૧. | અન્યત્ર વિશ્લેષણ ન થયેલ ફર્નિચર ઉત્પાદન | 879 |

| | | |
|---|---|---|
| ૨૨. | પુન : વેચાણ | 50 |
| ૨૩. | વિજળી, ગેસ, વરાળ, ગીઝર વિગેરે ઉત્પાદન | 208 |
| ૨૪. | પાણી શુદ્ધિ અને વિતરણ | 112 |
| ૨૫. | મોટર વાહન મશીનરી અને રિપેરિંગ | 365 |
| ૨૬. | જથ્થાબંધ અને કમીશનથી વેપાર | 17 |
| ૨૭. | છૂટક વેપાર મોટર વાહન સિવાય | 677 |
| ૨૮. | શિક્ષણ | 302 |
| ૨૯. | અન્ય સેવાઓ/પ્રવૃત્તિઓ | 13 |
| | કુલ | 42316 |

પ્રાપ્તિ સ્થાન : નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગાંધીનગર.

ઉપરોકત કોઠા નં. ૨.૧૮માં દર્શાવવામાં આવેલી વિગત પરથી જોઈ શકાય કે જિલ્લામાં નાના એકમોનું પ્રમાણ વધતા રોજગારીનું પ્રમાણ પણ વધ્યું છે આપી જુદા જુદા ઉદ્યોગ જૂથમાં રોજગારીનું કુલ પ્રમાણ ૪૨૩૧૬ જોવા મળેલ છે.

પ્રસ્તુત અભ્યાસ રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોની આર્થિક સ્થિતિ અને પ્રશ્નો તપાસે છે. તેઓના પ્રશ્નોનું માળખુ સામાન્યત : તેઓની પ્રાથમિક માહિતીમાં રહેલુ જોવા મળે છે. આથી તેઓના પ્રશ્નોને સમજવા માટે તેમની સામાન્ય પ્રાથમિક માહિતી તપાસવી આવશ્યક છે આ પ્રાથમિક બાબતો સાથે જ કેટલાંક પ્રશ્નો સીધી રીતે સંકળાયેલા હોય છે.

સામાન્ય સંદર્ભમાં કહીએ તો ભારતના અને વિશિષ્ટ સંદર્ભમાં કહીએ તો રાજકોટ જિલ્લા ગ્રામીણ અર્થકારણના પ્રશ્નો ગ્રામીણ પર્યાવરણ કૌટુંબિક તથા જ્ઞાતિવાદી પરિબળો સાથે ઘણી રીતે સંકળાયેલા છે. આથી ગ્રામીણ કારીગરોના પ્રશ્નોના અંતર્ગત ભાગ તરીકે જ પ્રકરણ–૩માં અભ્યાસ દ્વારા આ અંગેની માહિતી પ્રાપ્ત કરી શકાય.

☆☆☆

# પ્રકરણ-૩
# ધંધાની પરિસ્થિતિ અને આર્થિક સ્થિતિ


❖ પ્રસ્તાવના
૩.૧ અભ્યાસના તાલુકાની માહિતી
૩.૨ અભ્યાસનાં ગામોની પસંદગી
૩.૩ ગામોમાંથી પસંદ કરેલા કારીગરો
૩.૪ વય જૂથ પ્રમાણે કારીગરોનું વિશ્લેષણ
૩.૫ ગ્રામીણ કારીગરોની જ્ઞાતિ
૩.૬ કુટુંબના સભ્યોની સંખ્યા / કુટુંબનું કદ
૩.૭ કુટુંબોનું વયજૂથ મુજબનું વિશ્લેષણ
૩.૮ કુટુંબોમાં સ્ત્રી–પુરુષોનું પ્રમાણ
૩.૯ કારીગરોમાં શિક્ષણનું પ્રમાણ
૩.૧૦ પસંદ કરેલ ગ્રામીણ કારીગરોનો વ્યવસાય
૩.૧૧ કમાનાર સભ્યોનું પ્રમાણ
૩.૧૨ કુટુંબમાં કમાવનાર સ્ત્રીઓની સંખ્યા
૩.૧૩ મકાન ધરાવતા કુટુંબોનું પ્રમાણ
૩.૧૪ મકાન બાંધકામનું સ્વરૂપ
૩.૧૫ મકાનમાં પાયાની સુવિધાઓ
૩.૧૬ રસોડાની સ્વતંત્ર સુવિધા
૩.૧૭ શૌચાલય અને સ્નાનગૃહની સ્વતંત્ર સુવિધા
૩.૧૮ પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા
૩.૧૯ પસંદગીના ગામોની વસ્તી વિષયક વિશ્લેષણ
૩.૨૦ પસંદગીના ગામોની શૈક્ષણિક સંસ્થાઓ અંગેની સ્થિતિ
૩.૨૧ પસંદગીના ગામોમાં અન્ય સંસ્થાઓ અંગેની વિગત
૩.૨૨ પસંદગીના ગામોની અન્ય સુવિધા
૩.૨૩ સારાંશ

# પ્રકરણ-૩
# ધંધાની પરિસ્થિતિ અને આર્થિક સ્થિતિ

## ❖ પ્રસ્તાવના :

ગ્રામીણ કારીગર વર્ગની સમસ્યા અને ભાવિ પર પ્રકાશ પાડવા માટે આ અભ્યાસ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંશોધન અભ્યાસનું પ્રાદેશિક ધોરણે કામ હાથ ધરાયું છે. તે અનુસંધાન ગુજરાત રાજ્ય, સૌરાષ્ટ્ર પ્રદેશની ટૂંકમાં માહિતી મેળવી તથા રાજકોટ જિલ્લો અને અભ્યાસ માટે પસંદ કરેલ ચૌદ (૧૪) તાલુકાઓને લગતી સામાન્ય માહિતી પ્રકરણ–રમાં રજૂ કરવામાં આવેલ છે. આ સઘળી વિગતો ગૌણ માહિતી પર આધારિત હોઈ આ વિશ્લેષણ વિસ્તાર સંબંધી અધિકૃત માહિતી આપે છે. આ અભ્યાસમાં જે ગામોમાંથી કુટુંબોનો સંપર્ક સાધી માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે તેવા ગામો તથા કુટુંબો સંબંધી સામાન્ય વિગતો ત્રીજા પ્રકરણમાં રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં ૨૫ ગામોની સામાન્ય માહિતી રજૂ કરવામાં આવેલ છે. આ માહિતી મોટાભાગે પંચાયત કચેરીઓ તથા જે તે ગામની સંસ્થાઓ પાસેથી એકઠી કરવામાં આવેલ છે. આ ગામોમાંથી પસંદ કરેલ નમૂનારૂપે કારીગર વર્ગની વ્યકિતગત મુલાકાત દ્વારા નિર્ધારીત પ્રશ્નાવલિમાં વિગતો એકઠી કરવામાં આવેલી છે તેવા કારીગર વર્ગની પ્રાથમિક માહિતી પર આધારિત સામાન્ય વિગતો રજૂ કરવામાં આવેલ છે.

આ પ્રકરણમાં ૧૪ તાલુકા અને દરેક તાલુકાના ૨–૨ ગામોના કુલ ૨૦૦ કારીગરોની કેટલીક વાસ્તવિક સામાન્ય માહિતી રજૂ કરવાનું આ પ્રકરણમાં જરૂરી ગણાયું છે આવા કારીગર વર્ગની માહિતી મુખ્યત્વે પ્રાથમિક સ્વરૂપની છે. આ માહિતી પ્રશ્નાવલી મારફત એકઠી કરેલી હોઈ આપણા અભ્યાસના પાયા તરીકે આ પ્રકરણ ગણી શકાય તેમ છે. પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ આ ત્રીજા પ્રકરણથી શરૂ થાય છે. આમ આપણા સંશોધન અભ્યાસનું આ પ્રકરણ પ્રવેશ દ્વાર સમાન ગણી શકાય તેમ છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકા અને દરેક તાલુકાના બે–બે ગામને આવરી લેવામાં આવેલ છે. ગ્રામીણ કારીગરોની સમસ્યા સમજવા માટે તેની પ્રાથમિક માહિતી તપાસવી આવશ્યક બની જાય છે. રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોની પ્રાથમિક માહિતીમાં અભ્યાસમાં આવરી લેવામાં આવેલ તાલુકાઓ, તાલુકામાંથી પસંદ કરવામાં આવેલ ગામોની સંખ્યા, ગામોમાંથી પસંદ કરેલ કારીગરો, કારીગરોની ઉંમર, કારીગરોની જ્ઞાતિ, કારીગરોનું શિક્ષણ, કારીગરના સંતાનોનું શિક્ષણ, કારીગરોની પત્નીનું શિક્ષણ, કુટુંબનું કદ, કામ કરનારની સંખ્યા વગેરે વિષયક સંશોધન કરેલ માહિતી રજૂ કરવામાં આવેલ છે.

## ૩.૧ અભ્યાસના તાલુકાની માહિતી :

રાજકોટ જિલ્લાના બધા જ તાલુકા આ સંશોધન અભ્યાસમાં આવરી લેવામાં આવેલ છે. જેની માહિતી નીચેના કોઠા નં. ૩.૧માં દર્શાવવામાં આવેલ છે.

*કોઠા નં. ૩.૧*

*અભ્યાસમાં આવરી લેવાયેલ તાલુકા*

| *ક્રમ* | *તાલુકાની વિગત* |
|---|---|
| ૧ | માળીયા મિયાણા |
| ૨ | મોરબી |
| ૩ | ટંકારા |
| ૪ | વાંકાનેર |
| ૫ | પડધરી |
| ૬ | રાજકોટ |
| ૭ | લોધીકા |
| ૮ | કોટડા સાંગાણી |
| ૯ | જસદણ |
| ૧૦ | ગોંડલ |
| ૧૧ | જામકંડોરણા |
| ૧૨ | ઉપલેટા |
| ૧૩ | ધોરાજી |
| ૧૪ | જેતપુર |
| કુલ | ૧૪ |

ઉપરોક્ત કોઠા નં. ૩.૧માં દર્શાવવામાં આવેલ અભ્યાસમાં આવરી લેવામાં આવેલ તાલુકાની માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે રાજકોટ જિલ્લાના ચૌદ તાલુકામાંથી લોધીકા, માળીયા, ટંકારા આ તાલુકા આર્થિક રીતે પછાત છે જયારે રાજકોટ, ગોંડલ, ઉપલેટા, ધોરાજી, જેતપુર, મોરબી, વાંકાનેર આ તાલુકા આર્થિક રીતે સદ્ધર છે. જયારે પડધરી, કોટડાસાંગાણી, જસદણ, જામકંડોરણા આ તાલુકા નહીં પછાત નહીં સદ્ધર છે.

## ૩.૨ અભ્યાસનાં ગામોની પસંદગી :

આ સંશોધન અભ્યાસમાં દરેક તાલુકાના બે–બે ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોની માહિતી નીચેના કોઠા નં. ૩.૨માં દર્શાવવામાં આવે છે.

*કોઠા નં. ૩.૨*
*પસંદગીના ગામોનું વિશ્લેષણ*

| *ક્રમ* | *તાલુકાઓ* | *ગામડાઓ* |
|---|---|---|
| ૧ | માળિયા | દલડી, વલખી |
| ૨ | મોરબી | નારણકા, ખાખરાળા |
| ૩ | ટંકારા | જોધપર, મોટા ખીજડીયા |
| ૪ | વાંકાનેર | લુણસર, રાજાવડલા |
| ૫ | પડધરી | ગઢડા, સરપદડ |
| ૬ | રાજકોટ | કસ્તુબાધામ, ઢાંઢણી |
| ૭ | લોધીકા | રાવકી, પીપરડી |
| ૮ | કોટડાસાંગાણી | શાપર, વેરાવળ |
| ૯ | જસદણ | અજમેર, છાછીયા |
| ૧૦ | ગોંડલ | વાસાવડ, જામવાળી |
| ૧૧ | જામકંડોરણા | રાવડી, ધોરીધાર |
| ૧૨ | ઉપલેટા | કોલકી, ઢાંક |
| ૧૩ | ધોરાજી | પીપળીયા, ઝાંઝમેર |
| ૧૪ | જેતપુર | ગુંદાળા, થાણાદેવળી |
| કુલ | ૧૪ | ૨૮ |

ઉપરોકત કોઠા નં. ૩.૨માં દર્શાવવામાં આવેલ સ્પષ્ટ છે કે દરેક તાલુકામાંથી બે–બે ગામોની પસંદગી કરવામાં આવેલ છે. પસંદ કરેલા કેટલાંક ગામો આર્થિક રીતે વધુ પછાત છે. જેમાં માળીયા તાલુકામાંથી દલડી પસંદ કરેલ છે, મોરબીમાંથી નારણકા અને ખાખરાળા પસંદ કરેલ છે, ટંકારામાંથી જોધપર અને મોટા ખિજડીયા પસંદ કરેલ છે, વાંકાનેરમાંથી લુણસર અને રાજાવડલા, પડધરીમાંથી ગઢડા અને સરપદડ પસંદ કરેલ છે, રાજકોટમાંથી કસ્તુબાધામ અને ઢાંઢણી ગામો પસંદ કરેલ છે, લોધીકા તાલુકામાંથી રાવકી અને પીપરડી, કોટડાસાંગાણી તાલુકામાંથી શાપર અને વેરાવળ ગામો પસંદ કરેલ છે, જસદણ તાલુકામાંથી અજમેર અને છાછીયા ગામો પસંદ કરેલ છે, જયારે ગોંડલ તાલુકામાંથી વાસાવડ અને જામવાળી ગામો પસંદ કરેલ છે, જામકંડોરણા તાલુકામાંથી રાયડી અને ધોળીધાર ગામો પસંદ કરેલ છે, જયારે ઉપલેટા તાલુકામાંથી કોલકી અને ઢાંક ગામો પસંદ કરેલ છે. જયારે ધોરાજીમાંથી પીપળીયા અને ઝાંઝમેર ગામો અને જેતપુર તાલુકામાંથી ગુંદાળા અને થાણાગાલોળ ગામોની પસંદગી કરેલ છે.

## ૩.૩ ગામોમાંથી પસંદ કરેલા કારીગરો :

સૌરાષ્ટ્રના પ્રતિનિધિરૂપ રાજકોટ જિલ્લાના તાલુકાઓના ગામોમાંથી કારીગરોની નમૂનારૂપ પસંદગીમાં સ્થાન આપવામાં આવેલ છે. આ રીતે કુલ ૨૮ ગામોમાંથી ૨૦૦ કારીગરોનું સેમ્પલ બનવા પામેલ છે. આ કુટુંબોનો વ્યકિતગત સંપર્ક સાધી નિયત પ્રશ્નાવલીમાં પ્રાથમિક માહિતી એકત્રિત કરવામાં આવેલ છે. જેની માહિતી નીચેના કોઠા નં. ૩.૩માં દર્શાવવામાં આવેલ છે.

### કોઠા નં. ૩.૩

### પસંદ કરેલ કારીગરોની સંખ્યા

| ક્રમ | ગામો | કારીગરોની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | દલડી | ૪ | ૨.૦૦ |
| ૨. | નારણકા | ૮ | ૪.૦૦ |
| ૩. | ખાખરાળા | ૬ | ૩.૦૦ |
| ૪. | જોધપર | ૭ | ૩.૫૦ |
| ૫. | મોટાખિજડીયા | ૮ | ૪.૦૦ |
| ૬. | લુણસર | ૬ | ૩.૦૦ |
| ૭. | રાજાવડલા | ૪ | ૨.૦૦ |
| ૮. | ગઢડા | ૫ | ૨.૫૦ |
| ૯. | સરપદડ | ૬ | ૩.૦૦ |
| ૧૦. | કસ્તુરબાધામ | ૧૦ | ૫.૦૦ |
| ૧૧. | ઢાંઢણી | ૮ | ૪.૦૦ |
| ૧૨. | રાવકી | ૯ | ૪.૫૦ |
| ૧૩. | પીપરડી | ૬ | ૩.૦૦ |
| ૧૪. | શાપર | ૧૨ | ૬.૦૦ |
| ૧૫. | વેરાવળ | ૯ | ૪.૫૦ |
| ૧૬. | અજમેર | ૮ | ૪.૦૦ |
| ૧૭. | છાછીયા | ૭ | ૩.૫૦ |
| ૧૮. | વાસાવડ | ૪ | ૨.૦૦ |
| ૧૯. | જામવાળી | ૭ | ૩.૫૦ |
| ૨૦. | રાયડી | ૭ | ૩.૫૦ |
| ૨૧. | ધોરીધાર | ૩ | ૧.૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | કોલકી | ૯ | ૪.૫૦ |
| ૨૩. | ઢાંક | ૧૨ | ૬.૦૦ |
| ૨૪. | પીપળીયા | ૮ | ૪.૦૦ |
| ૨૫. | ઝાંઝમેર | ૭ | ૩.૫૦ |
| ૨૬. | ગુંદાળા | ૬ | ૩.૦૦ |
| ૨૭. | થાણાદેવળી | ૯ | ૪.૫૦ |
| ૨૮. | વલખી | ૫ | ૨.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૩ની વિગત પરથી જાણી શકાય કે કુલ ૨૮ ગામોમાંથી ૨૦૦ સેમ્પલ લીધેલ છે જેમાં દલડી ગામમાંથી ૪ કારીગરોને પસંદ કરેલ છે. નારણકા ગામમાંથી ૮ કારીગરને પસંદ કરેલ, ખાખરાળા ગામમાંથી ૬ કારીગરોને પસંદ કરેલ, જોધપર ગામમાંથી ૭ અને મોટા ખિજડીયા ગામમાંથી ૮, લુણસર ગામમાંથી ૬ અને રાજાવડલા ગામમાંથી ૪ કારીગરોને પસંદ કર્યા છે. જયારે ગઢડામાંથી ૫ કારીગરોને પસંદ કર્યા છે. સરપદડમાંથી ૬, કસ્તુરબાધામ ગામમાંથી ૧૦, ઢાંઢણી ગામમાંથી ૮ કારીગરો, રાવકી ગામમાંથી ૯ કારીગરોની પસંદગી કરી છે. જયારે પીપરડી ગામમાંથી ૬ કારીગરો, શાપર ગામમાંથી ૧૨ અને વેરાવળ ગામમાંથી ૯ કારીગરો પસંદ કર્યા છે. અજમેર ગામમાંથી ૮ અને છાછિયા ગામમાંથી ૭ કારીગરો પસંદ કર્યા છે. વાસાવડ ગામમાંથી ૪, જામવાડી ગામમાંથી ૭ રાયડીમાંથી ૭ ઘોરીધાર ગામમાંથી ૩ કારીગરો પસંદ કર્યા છે. જયારે ઉપલેટા તાલુકાના કોલકી ગામમાંથી ૯ અને ઢાંકમાંથી ૧૨ કારીગરો પસંદ કર્યા છે. જયારે ધોરાજી તાલુકાના પીપળીયા ગામમાંથી ૮ અને ઝાંઝમેર ગામમાંથી ૭ પસંદ કર્યા છે. જયારે જેતપુર તાલુકાના ગુદાળા ગામમાંથી ૬ અને થાણા દેવળી ગામમાંથી ૯ કારીગરોને પસંદ કર્યા છે. સમગ્ર માહિતી પરથી જોઈ શકાય કે સદ્ધર તાલુકાનાં ગામમાંથી અને પછાત તાલુકાના ગામમાંથી વધુ સેમ્પલ લીધેલ છે.

## ૩.૪ વય જૂથ પ્રમાણે કારીગરોનું વિશ્લેષણ :

શ્રમિકોની કામગીરીને તેની ઉંમર સાથે સીધો સંબંધ છે. યુવાન શ્રમિક એ પ્રૌઢ શ્રમિક તથા બાળ શ્રમિક કરતાં વધારે કાર્યક્ષમ રીતે કામ કરી શકે છે તે માટે ૧૫ થી ૫૦ વર્ષની ઉંમર આવશ્યક ગણાય. ભારતમાં ૧૯૮૧ના વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે ૧૯૮૧માં દેશમાં ૨૪૫૦ લાખ શ્રમિકોમાંથી ૧૫ થી ૫૯ વય જૂથના શ્રમિકોની સંખ્યા ૨૧૪૦ લાખની હતી. (૧) ડૉ. વી.કે. અને આર.વી.રાવ (૧૯૬૦)ની ગણતરી પ્રમાણે ૧૫ થી ૫૪ વર્ષના વયજૂથના પ્રમાણના સભ્યોનું પ્રમાણ ૧૯૫૧માં ૧૩૯૬ લાખ અને ૧૯૬૧માં ૨૩૮૬ લાખ હોવાનો અંદાજ છે. દેશમાં ગ્રામીણ કારીગરોના પ્રમાણમાં ૧૫ થી ૫૯ની વયજૂથ ધરાવતા કારીગરોનું પ્રમાણ ૧૦૨૯ લાખ છે.

ગ્રામીણ કલા ઉદ્યોગમાં સખત અને કુશળતા માંગી લે તેવું ક્ષેત્ર છે. આથી યોગ્ય વય જૂથનાં શ્રમિકો જ આ ક્ષેત્રમાં વધારે સારી રીતે કામ કરી શકે છે. આ અભ્યાસ દરમિયાન ગ્રામ ઉદ્યોગોના કારીગરોએ જણાવેલ છે કે આ કામ અતિપરિશ્રમ માંગી લે છે યુવાનીમાં તેની અસર નહિવત્ હોય છે. પણ જેમ જેમ ઉંમર થવા લાગે તેમ તેમ પ્રતિકૂળ અસરો વર્તાવા લાગે છે અને ૫૦ થી ૫૫ વર્ષ પછી તો આ કાર્ય કરવું અતિશય મુશ્કેલ બની જાય છે. મુખ્ય કુશળ શ્રમિક તરીકે કાર્ય કરતી વ્યકિત સહાયક શ્રમિક તરીકે અતિ હળવા પ્રકારનું કામ કરે તેવું પણ જોવા મળેલ છે. આથી શ્રમિકની કામગીરીને વયજૂથ સાથે ઘણો મહત્ત્વનો સંબંધ છે ૨૫ થી ૪૦ વર્ષની ઉંમર ગ્રામીણ કારીગરોમાં મહતવની માનવામાં આવે છે. જે દરમિયાન શ્રમિક મહત્ત્વનું કાર્ય પ્રાપ્ત કરે છે. આથી ૨૫ વર્ષ પહેલાં અને ૪૦ વર્ષ પછી કાર્યના પ્રમાણમાં ઘટાડો થાય છે. જેની અસર રોજગારીમાં પ્રમાણ આવક અને જીવનધોરણ પર થાય છે, આ બાબત કારીગરોની સમસ્યા સાથે સંકળાયેલી છે. આ સંદર્ભમાં સંશોધન માહિતીને આધારે ચર્ચા કરીએ.

*કોઠા નં. ૩.૪*

*કારીગરોની વયજૂથ પ્રમાણે વહેંચણી*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | ૨૦ થી ૨૫ વર્ષ | ૨૮ | ૧૪.૦૦ |
| ૨. | ૨૫ થી ૩૦ વર્ષ | ૨૫ | ૧૨.૫૦ |
| ૩. | ૩૦ થી ૩૫ વર્ષ | ૩૮ | ૧૯.૦૦ |
| ૪. | ૩૫ થી ૪૦ વર્ષ | ૪૦ | ૨૦.૦૦ |
| ૫. | ૪૦ થી ૪૫ વર્ષ | ૨૧ | ૧૦.૫૦ |
| ૬. | ૪૫ થી ૫૦ વર્ષ | ૨૦ | ૧૦.૦૦ |
| ૭. | ૫૦ થી ૫૫ વર્ષ | ૧૪ | ૭.૦૦ |
| ૮. | ૫૫ થી ૬૦ વર્ષ | ૧૦ | ૫.૦૦ |
| ૯. | ૬૦ થી વધુ | ૦૪ | ૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૪માં કારીગરોની વયજૂથની ચર્ચા કરવામાં આવેલ છે. ૨૦૦ કારીગરોમાંથી સૌથી વધારે એટલે ૪૦ કારીગરો કે જે કુલ કારીગરોના ૨૦ ટકા થવા જાય છે તે કારીગરો ૩૫ થી ૪૦ વર્ષની વયજૂથના જણાય છે જયારે ૨૦ થી ૨૫ વર્ષની વયજૂથના કારીગરોનું પ્રમાણ ૨૮નું છે. જે કુલ કારીગરોના ૧૪ ટકા થાય છે. આ બન્ને વયજૂથને સંયુકત રીતે ગણીએ તો જે કુલ કારીગરોના ૩૪ ટકા થવા જાય છે. આમ આ અભ્યાસમાં આવરી લેવાયેલા કારીગરોમાંથી મોટાભાગના કારીગરો યુવાન છે. આ અભ્યાસમાં આવરી લેવાયેલા કારીગરોમાંથી સૌથી ઓછા કારીગરો ૬૦ વર્ષથી વધુ ઉંમર ના છે જેમની સંખ્યા માત્ર ૦૪ની છે. જે કુલ કારીગરોના ૨ ટકા છે. જયારે ૪૦ થી ૪૫ વર્ષની વયજૂથના કારીગરોનું પ્રમાણ ૨૧ છે. જે કુલ કારીગરોના ૧૦.૫૦ ટકા થાય છે. ૩૦ થી ૫૦ વર્ષની વયજૂથને સાથે ગણીએ તો તેની સંખ્યા ૧૧૯ કારીગરોની છે. જે કુલ કારીગરોના ૫૯ ટકા થાય છે. ૨૦ થી ૪૦ વર્ષની વ્યકિતઓને યુવાન ગણીએ તો આ

વયજૂથમાં ૨૦૦ કારીગરોમાંથી ૧૩૧ કારીગરો અને ૬૫ ટકા થાય છે. ૫૦ થી ૬૦ વર્ષને આપણે પ્રૌઢ ઉંમર ગણીએ તો તેનું પ્રમાણ ૨૪ કારીગરોના ૧૨ ટકાનું છે. ૬૦ થી વધારે વર્ષની વ્યક્તિને વૃદ્ધ ગણીએ તો તેનું પ્રમાણ ૪ નું છે અને તે ૨ ટકા છે. આ રીતે આ અભ્યાસમાં આવરી લેવામાં આવેલ કારીગરોમાંથી આ અભિગમ અનુસાર પુરવાર થાય છે કે યુવાન કારીગરોનું પ્રમાણ ૬૫ ટકા, પ્રૌઢ કારીગરોનું પ્રમાણ ૩૩ ટકા અને વૃદ્ધ કારીગરોનું પ્રમાણ ૨ ટકા થાય છે.

રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોની વય જૂથના અભ્યાસને આધારે આ પ્રમાણે તારણ મેળવી શકાય.

(૧) ગ્રામીણ ગૃહઉદ્યોગમાં કામ કરતાં કારીગરો માટે કામ કરવાની અને મેળવવાની ઈષ્ટતમ ઉંમર ૨૦ થી ૪૦ વર્ષની છે. આ વયજૂથમાં આવતા કારીગરોને વધારે પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત કરે છે.

(૨) ૪૦ થી ૫૦ વર્ષ બાદ જેમ જેમ કારીગરની ઉંમર વધતી જાય છે તેમ તેમ કામનું પ્રમાણ ક્રમશઃ ઘટે છે. અને ૫૦ વર્ષની ઉંમર પછી કાર્યક્ષમતા ઘટે છે.

(૩) ગ્રામીણ કારીગરોમાં સૌથી વધારે કાર્યક્ષમતા યુવાનોમાં છે પ્રૌઢ કારીગરો તે કરતાં ઓછી અને વૃદ્ધ કારીગરો નહિવત્ કાર્યક્ષમતા ધરાવે છે.

## ૩.૫ ગ્રામીણ કારીગરોની જ્ઞાતિ :

માનવી એ સામાજિક પ્રાણી છે તે સમાજમાં રહે છે. આથી સમાજની સંસ્થાઓ સાથે તેનો સીધો સંબંધ છે. જ્ઞાતિ એ સમાજની મુખ્ય સંસ્થાઓ છે. આથી માનવીના જીવનમાં આ સંસ્થાઓનું અનન્ય પ્રદાન હોય તે સ્વાભાવિક છે. આ સંદર્ભમાં એમ કહી શકાય કે આ કારીગરો પર જ્ઞાતિ વિષયક મહત્ત્વની અસરો હોય તે સહજ છે. રાજકોટ જિલ્લો ગ્રામીણ અને કૃષિ પ્રધાન વિસ્તાર છે. સામાજિક વલણો અને ખાસ કરીને જ્ઞાતિવાદી પરિબળોની આ વિસ્તારના લોકો પર મજબૂત પકડ જણાય છે. આ સંદર્ભમાં રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોને જ્ઞાતિ સંદર્ભમાં અભ્યાસ કરવો અતિશય રસપ્રદ બનશે.

ગ્રામીણ કારીગરોમાં જ્ઞાતિવાદી પરિબળોનું વર્ચસ્વ હોય તેમ જણાય છે. હસ્ત ઉદ્યોગક્ષેત્રે વર્ષો પહેલાં જે તે જ્ઞાતિનું જ વર્ચસ્વ જોવા મળતું હતું. વંશપરંપરાગત ધોરણે તેઓએ આ કાર્ય હસ્તગત કર્યુ હતું. સમયના પ્રવાહ સાથે – સાથે અમુક વ્યવસાયમાં વિભિન્ન જ્ઞાતિઓ એ ઝંપલાવ્યું. છતાં આ સંશોધન અભ્યાસમાં ગ્રામોદ્યોગ પર જે તે જ્ઞાતિનું વર્ચસ્વ રહેલ છે. એ આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે.

*કોઠા નં. ૩.૫*

*ગ્રામીણ કારીગરોનું જ્ઞાતિ અનુસાર વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકા* |
|---|---|---|---|
| ૧. | કુંભાર | ૨૦ | ૧૦.૦૦ |
| ૨. | લુહાર | ૨૦ | ૧૦.૦૦ |
| ૩. | વાળંદ | ૧૭ | ૮.૫૦ |
| ૪. | દરજી | ૧૯ | ૯.૫૦ |
| ૫. | ચમાર | ૨૩ | ૧૧.૫૦ |
| ૬. | વણકર | ૨૫ | ૧૨.૫૦ |
| ૭. | સુથાર | ૧૫ | ૭.૫૦ |
| ૮. | કોળી | ૧૪ | ૭.૦૦ |
| ૯. | મોચી | ૦૭ | ૩.૫૦ |
| ૧૦. | વાંજા | ૦૨ | ૧.૦૦ |
| ૧૧. | સાધુ | ૦૩ | ૧.૫૦ |
| ૧૨. | વાઘરી | ૦૨ | ૧.૦૦ |
| ૧૩. | રબારી | ૦૮ | ૪.૦૦ |
| ૧૪. | ભંગી | ૦૪ | ૨.૦૦ |
| ૧૫. | મુસલમાન | ૦૬ | ૩.૫૦ |
| ૧૬. | પટેલ | ૦૪ | ૨.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૭. | સતવારા | ૦૨ | ૧.૦૦ |
| ૧૮. | દરબાર | ૦૪ | ૨.૦૦ |
| ૧૯. | કડિયા | ૦૩ | ૧.૫૦ |
| ૨૦. | ધોબી | ૦૧ | ૦.૫૦ |
| ૨૧. | વ્યાસ | ૦૧ | ૦.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોકત કોઠા નં. ૩.૫માં કારીગરોની જ્ઞાતિ પ્રમાણે વિશ્લેષણ રજૂ કરવામાં આવેલ છે. મોજણી હેઠળના ગ્રામીણ કારીગરોના કુટુંબનું જ્ઞાતિલક્ષી વિશ્લેષણ તપાસતા એવું જણાય છે કે હરિજન (વણકર) જ્ઞાતિમાં પ્રત્યેકની સંખ્યા ૨૫ કારીગરોની છે. જે કુલ કારીગરોના ૧૨.૫૦ ટકા થાય છે. અને ચમાર જ્ઞાતિના કારીગરોની સંખ્યા ૨૩ છે જે કુલ કારીગરોના ૧૧.૫૦ ટકા છે. આ બન્ને જ્ઞાતિને સંયુકત રીતે લઈએ તો વણકર અને ચમાર કારીગરોની સંખ્યા ૪૮ થાય છે. એટલે કે કુલ કારીગરોના ૨૪.૦૦ ટકા થાય છે.

જો કે વણકર અને ચમાર જ્ઞાતિને એક જ ગણીએ તો સૌથી વધારે કારીગરો હરિજન જ્ઞાતિના છે. જેની સંખ્યા ૪૮ની છે. જે કુલ કારીગરો કુટુંબના ૨૪ ટકા થાય છે.

કોઠા નં. ૩.૫ પરથી એ સ્પષ્ટ થાય છે કે હરિજન (વણકર–ચમાર) જ્ઞાતિ પછી કુંભાર અને લુહાર જ્ઞાતિઓ બીજા ક્રમે આવે છે. કુંભાર અને લુહાર જ્ઞાતિના કુટુંબની સંખ્યા ૨૦–૨૦ છે. જે કુલ કારીગરોના ૨૦ ટકા થવા જાય છે ત્યાર પછી દરજી જ્ઞાતિ જેની સંખ્યા ૧૯ છે. જે કુલ કારીગરોના ૯.૫૦ ટકા થાય છે. ત્યાર પછી જ્ઞાતિ વાળંદ જેની સંખ્યા ૧૭ છે અને કુલ કારીગરોના ૮.૫૦ ટકા થાય છે. ત્યાર પછી સુથાર આવે છે જેની સંખ્યા ૧૫ની છે. અને કુલ કારીગરોના ૭.૫૦ ટકા છે અને કોળી જ્ઞાતિની સંખ્યા ૧૪ની છે અને કુલ કારીગરોમાં ૭.૫૦ ટકા છે. ત્યાર પછી ક્રમશઃ મોચી, વાંજા, સાધુ, વાઘરી, રબારી, ભંગી, મુસલમાન, પટેલ, સતવારા, દરબાર, કડિયા, ધોબી અને વ્યાસ જેની સંખ્યા અનુક્રમે ૦૭, ૦૨, ૦૩, ૦૨, ૦૮, ૦૪, ૦૬, ૦૪, ૦૨, ૦૪, ૦૩, ૦૧, ૦૧ની છે. આ બધી જ્ઞાતિને સંયુકત રીતે જોઈએ તો કુલ કારીગરોની સંખ્યાના ૪૮ કારીગરો બધી જ્ઞાતિના છે. જેની ૨૪.૦૦ ટકાવારી છે.

રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોના ઉપરોકત જ્ઞાતિવાદ અનુસાર વિશ્લેષણ અભ્યાસ પરથી નીચેની કેટલીક બાબતો તારવી શકાય :

(૧) ગ્રામીણ કારીગરોમાંથી સૌથી વધુ પ્રમાણ હરીજન (ચમાર) વણકરનું છે જેનું પ્રમાણ વધુ જોવા મળે છે.

(૨) ગ્રામીણ કારીગરોમાં કુંભાર, લુહાર, વાળંદ જ્ઞાતિઓ મુખ્ય જ્ઞાતિઓ છે.

(૩) ગ્રામીણ કારીગરોમાં સુથાર, મોચી, સાધુ, વાંજા જ્ઞાતિઓ મુખ્ય છે.

(૪) ગ્રામીણ કારીગરોમાં પટેલ, મુસલમાન, સતવારા, દરબાર જ્ઞાતિ મુખ્ય છે.

(૫) ગ્રામીણ કારીગરોમાં વાઘરી, રબારી, ભંગી, કડિયા, ધોબી અને વ્યાસ જ્ઞાતિઓ મુખ્ય છે.

## ૩.૯ કુટુંબના સભ્યોની સંખ્યા / કુટુંબનું કદ :

આ સંશોધન અભ્યાસનું એકમ કારીગર કુટુંબ છે. કારીગરોની સમસ્યા સાથે સંકળાયેલી કૌટુંબિક બાબતોમાં કુટુંબનું કદ એક મુખ્ય પરિબળ છે. કારીગરોના પુરવઠાનો આધાર તથા કારીગરોની આવક તથા ખર્ચના વલણોનો આધાર તેમજ કુટુંબના સમગ્ર જીવન ધોરણનો આધાર પણ કુટુંબના કદ પર રહેલો છે. આ દષ્ટિએ કુટુંબના કદ અંગેનો અભ્યાસ મહત્ત્વનો બને છે.

સામાન્ય રીતે કુટુંબની સભ્ય સંખ્યા વધુ હોય તો કુટુંબ મોટાકદનું બને છે, તેમાં પુખ્તવયના કામ કરનારા વધુ સભ્યો હોય તો આવક કમાવાની શકયતા પણ વધુ રહે છે. બીજી બાજુ કુટુંબનું કદ નાનું હોય તો નિભાવ ખર્ચ ઓછું આવતા ઓછા સભ્યો દ્વારા કામ કરી આવક મેળવવાની અનુકૂળતા રહે છે. આ દષ્ટિએ કુટુંબનું કદ સભ્યોની વય પ્રમાણે તપાસવાળી આવક કમાવવાની સંભવિત તકો અંગે અંદાજ કાઢી શકાય તથા આવકના સ્તર સાથે કુટુંબોના કદનો સંબંધ જોડી શકાય કુટુંબના કદ સબંધિત વિગતો કોઠા નં. ૩.૬માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં.૩.૬*

*કારીગર વર્ગના કુટુંબોનું કદ*

| *ક્રમ* | *વિગત* | *ગ્રામીણ કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | ૨ થી ૪ | ૨૦ | ૧૦.૦૦ |
| ૨. | ૪ થી ૫ | ૬૪ | ૩૨.૦૦ |
| ૩. | ૫ થી ૬ | ૭૩ | ૩૬.૫૦ |
| ૪. | ૬ થી ૭ | ૨૬ | ૧૩.૦૦ |
| ૫. | ૭ થી વધુ | ૧૭ | ૮.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૬ પરથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે, આ અભ્યાસમાં આવરી લીધેલ ૨૦૦ કારીગરોના કુટુંબોમાંથી ૨ થી ૪ સભ્યોના નાનું કદ ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૦ છે જે કુલ કારીગરોના કુટુંબોના ૧૦.૦૦ ટકા થાય છે. સૌથી મોટા કુટુંબનું કદ આ અભ્યાસમાં ૦૭ કે તેથી વધારે સભ્યો જણાવેલ છે જેની સંખ્યા ૧૭ છે જે કુલ કારીગરોના કુટુંબોના ૮.૫૦ ટકા થવા જાય છે આ અભ્યાસમાંથી સૌથી વધારે પ્રમાણના કારીગરોના કુટુંબોનું કદ ૫ થી ૬ સભ્યોનું છે. અને ૪ થી ૫ સભ્યોનું કુટુંબનું કદ ધરાવતા કારીગરોના કુટુંબોની સંખ્યા ૬૪ની છે. જે કુલ કારીગરોના કુટુંબોના ૩૨.૦૦ ટકા થાય છે. આમ, કારીગર વર્ગના કુટુંબોનું સરેરાશ કદ ૫.૬ સભ્યોનું જોવા મળે છે આ કદ સપ્રમાણ ગણી શકાય તેમ છે. બહુ મોટા કદથી કેટલીક સંભવિત જવાબદારીઓ પણ જોડાયેલી હોઈ સપ્રમાણ કુટુંબ આદર્શ ગણી શકાય.

કુટુંબના કદની દષ્ટિએ કરેલ ઉપરોક્ત વિશ્લેષણ પરથી કેટલીક બાબતો નીચે પ્રમાણે તારવી શકાય :

(૧) ગ્રામીણ કારીગરોમાં મોટાભાગના કારીગરોના કુટુંબોનું કદ સપ્રમાણનું જણાવેલ છે. આ અભ્યાસમાંથી વધારે પ્રમાણમાં કારીગરોના કુટુંબોની સભ્ય સંખ્યા ૫ થી ૬ છે. ગ્રામીણ જ્ઞાતિવાદી પરિબળોની અસરને કારણે મોટાભાગના કારીગરો સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાથી આટલું કદ વધારે કહી શકાય નહીં બીજી રીતે

જોઈએ તો મા–બાપ, પતિ–પત્ની અને બે બાળકો એ રીતે ૫ થી ૬ વ્યકિતના કુટુંબનું કદ યોગ્ય ગણી શકાય. ૨ થી ૭ સભ્યોના કદને સાથે લઈએ તો ૨૦૦ કારીગરોના કુટુંબોમાંથી ૧૯૩ કારીગરોના કુટુંબો એટલે કે ૯૧.૫૦ ટકા કારીગર કુટુંબ આ કદ ધરાવે છે.

(૨) વણકર કુટુંબ કરતાં પટેલ, વાળંદ, લુહાર જ્ઞાતિના કુટુંબનું કદ નાનું જણાયેલ છે.

(૩) તુલનાત્મક રીતે ઉચ્ચસ્તરીય જ્ઞાતિઓના કુટુંબના કદ નિમ્નસ્તરીય જ્ઞાતિઓના સંદર્ભમાં નાનું જણાયેલ છે.

(૪) શહેરી વિસ્તારના કારીગરોના કુટુંબનું સરેરાશ કદ ગ્રામીણ વિસ્તારના કારીગરો કરતાં નાનું જણાય છે.

## ૩.૭ કુટુંબોનું વયજૂથ મુજબનું વિશ્લેષણ :

કુટુંબના સભ્યોની સંખ્યા અને કદ પર આવક અને જીવનધોરણ નિર્ભર રહેવાની શકયતા છે સાથે–સાથે કુટુંબમાં કમાઈ શકવા શકિતમાન સભ્યો કેટલાં અને તેના પર આધાર રાખનારા કેટલાં તે બાબત પર પણ આવકના સ્તરનો આધાર છે. જો કામ કરવા શકિતમાન હોય તેવા પુખ્ત વયના સભ્યો વધુ હોય તો આશ્રિત સભ્યો ઓછા હોઈ વધુ કમાઈ શકે તેવા સભ્યોને કારણે આવક વધુ મેળવવાની શકયતા ઊભી થાય છે. વય અંગેની વિગતો એકઠી કરેલ છે. જેની રજૂઆત કોઠા નં. ૩.૭ માં દર્શાવવામાં આવેલ છે.

*કોઠા નં. ૩.૭*

*કુટુંબોના સભ્યોનું વય જૂથ મુજબ વિશ્લેષણ*

| *વિગત* | *કારીગર વર્ગના કુટુંબોમાં સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|
| ૧૫ વર્ષ થી નીચેના | ૪૯ | ૨૪.૫૦ |
| ૧૫ વર્ષથી ૬૦ વર્ષ સુધીના | ૧૧૮ | ૫૯.૦૦ |
| ૬૦ વર્ષથી ઉપરના | ૩૩ | ૧૬.૫૦ |
| કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોકત કોઠા નં. ૩.૭માં દર્શાવેલ માહિતી પરથી જાણી શકાય છે કે કારીગર વર્ગના કુટુંબોના ૧૫ થી ૬૦ વર્ષની વયજૂથમાં આવતા હોય તેવા સભ્યોનું પ્રમાણ ૫૯.૦૦ ટકા રહેવા પામેલ છે. એક અભ્યાસ મુજબ જે કુટુંબનું સરેરાશ કદ ૬ સભ્યોનું હોય તથા વયજૂથ મુજબ ૧૫ વર્ષથી ૬૦ વર્ષના કામ કરી શકતા લોકોની ટકાવારી ૬૦.૩૫ ટકાની છે."[૧] આ આપણા અભ્યાસ સાથે આ તારણ સુસંગત ગણી શકાય તેવું છે. આ રીતે કામ કરી શકે તેવા સભ્યોનું પ્રમાણ આશ્રિતોના પ્રમાણ કરતાં લગભગ બમણું ગણી શકાય. આ રીતે વધુ પુખ્ત વયના સભ્યોને કારણે આવક વધુ મેળવી શકે, તેવા કામ કરી શકનારાઓની સંખ્યા મોટી હોઈ, આવક વધુ કમાવવાનો અવકાશ ઊભો થાય છે, તેમ માની શકાય. વાસ્તવિક કામ કરનારાઓની વિગત દ્વારા આ શકયતા પર વિશેષ પ્રકાશ પાડી શકાય. આ સ્ત્રી–પુરુષના પ્રમાણિત વિગત પણ જોવી જરૂરી છે, કેમ કે મુખ્યત્ત્વે  પુરુષો કામ કરવામાં રોકાતા હોઈ કમાનાર વ્યકિત માટે વર્ગનું પ્રમાણ વિશેષ હોઈ શકે.

## ૩.૮ કુટુંબોમાં સ્ત્રી–પુરુષોનું પ્રમાણ :

કુટુંબના સભ્યોની વિગતોમાંથી સ્ત્રી–પુરુષોની સભ્ય સંખ્યાનું પ્રમાણ કેટલું છે, તે બાબત પણ ખાસ મહત્ત્વ ધરાવે છે. પુરુષોની સભ્ય સંખ્યા વધુ હોય તેવા કુટુંબોમાં કમાનાર વ્યકિતઓ વધુ હોવાની શકયતા રહેલી છે તેમ માની શકાય તથા આવી શકયતાને કારણે આવા કુટુંબોનું આવકનું સ્તર ઊંચુ હોવાનો પણ વિશેષ અવકાશ હોઈ શકે. આમ પુરુષોની વધુ સભ્ય સંખ્યાના કારણે આવક માટેનું વધુ અનુકૂળ પરિબળ હાજર હોવાના અણસાર મળે છે જેની માહિતી કોઠા નં. ૩.૮માં દર્શાવવામાં આવેલ છે.

*કોઠા નં. ૩.૮*

*કુટુંબોના સભ્યોનું સ્ત્રી–પુરુષના પ્રમાણનું વિશ્લેષણ*

| કારીગર વર્ગની કુટુંબમાં સ્ત્રીઓનું પ્રમાણ | ટકાવારી | કારીગર વર્ગના કુટુંબમાં પુરુષોનું પ્રમાણ | ટકાવારી |
|---|---|---|---|
| ૯૨ | ૪૬.૦૦ | ૧૦૮ | ૫૪.૦૦ |

ઉપરોકત કોઠા નં. ૩.૮માં દર્શાવવામાં આવેલ માહિતીપરથી જોઈ શકાય છે કે કારીગર વર્ગના કુટુંબમાં સ્ત્રીઓની સંખ્યા ૯૨ છે. જે કુલ કારીગર વર્ગના કુટુંબમાં સ્ત્રીઓના ૪૬.૦૦ ટકા થવા જાય છે. જયારે કારીગર વર્ગના કુટુંબમાં પુરુષોનું પ્રમાણ ૧૦૮ છે જે કુલ કારીગર વર્ગના કુટુંબમાં પુરુષોના ૫૪.૦૦ ટકા થાય છે. આથી કહી શકાય કે કારીગર વર્ગના કુટુંબોમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ છે.

## ૩.૯ કારીગરોમાં શિક્ષણનું પ્રમાણ :

શિક્ષણનું સામાજિક તેમજ આર્થિક મહત્ત્વ ઘણું ઊંચુ આકવામાં આવે છે. શિક્ષણ પ્રાપ્ત કરી વ્યકિત સભ્યતા શીખી સંસ્કારી બને છે તેથી સમાજ વ્યવસ્થા વધુ આદર્શ બનવા પામે છે સમાજમાં જુદાં જુદાં વર્ગો વચ્ચે સુમેળ અને નિખાલસ સંબંધો પ્રસ્થાપિત કરવામાં શિક્ષણ નોંધપાત્ર ફાળો આપે છે સંઘર્ષ રહિત સમાજની રચના કરવામાં શિક્ષણ ઘણું મોટું યોગદાન આપે છે. આમ આદર્શ સમાજ વ્યવસ્થાનાં નિર્માણમાં શિક્ષણનું મોટું પ્રદાન હોઈ, આઝાદી બાદ શિક્ષણ સંબંધી ઘણી પ્રગતિશીલ નીતિ અપનાવાઈ છે. શિક્ષણનું સામાજિક મહત્ત્વ ઉપરાંત આર્થિક દષ્ટિએ પણ ઘણું મહત્ત્વ રહેલું છે. વ્યકિતની કાર્યક્ષમતામાં સુધારો કરવા તથા જ્ઞાનનો વ્યાપ વધારવામાં શિક્ષણ મહત્ત્વનો ફાળો આપે છે. શિક્ષણ કામ કરવાની આગવી સૂઝ અને આવડત વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે આ દષ્ટિએ વ્યકિતની કાર્યક્ષમતા અને કામ કરવાની આવડતની વૃદ્ધિ દ્વારા વ્યકિતની અર્થ ઉપાર્જનની પ્રવૃત્તિમાં મહત્ત્વની પ્રેરણા પૂરી પાડે છે. અશિક્ષિત વ્યકિત કરતાં શિક્ષિત વ્યકિતનું શ્રમ બજારમાં વિશેષ મુખ્ય મહત્ત્વ આંકવામાં આવે છે. ઊંચુ વેતન મેળવવાની પાત્રતા શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. ઉચ્ચશિક્ષણ અને સ્થળાંતર સંબંધી એક અભ્યાસનું મંતવ્ય નોંધપાત્ર છે કે "શિક્ષણ યોગ્ય જ્ઞાન અને જાણકારી દ્વારા યુવાનોને સજ્જ કરે છે કે જેના દ્વારા તે શ્રમ બજારમાં રોજગારીની તક પ્રાપ્ત કરી શકે."[૨] આમ આર્થિક દરજ્જો ઊંચો જતા વ્યકિતના શિક્ષણને લીધે સામાજિક દરજ્જો ઊંચો જવા પામે છે. આ રીતે માનવ મૂડીના વિકાસમાં શિક્ષણનું પ્રદાન ઘણું મહત્ત્વનું ગણવામાં આવે છે.

કોઈપણ વ્યવસાયમાં વિશિષ્ટ જાણકારી તથા કૌશલ્યની આવશ્યકતા છે. પરંતુ કુંભારી કામ, લુહારી કામ, વાળંદનું કામ, સુથારી કામ, મોચીકામ વગેરેનું વ્યવસ્થિત શિક્ષણ સ્કૂલ, કોલેજમાં આપવામાં આવતું નથી આવા વ્યવસાયોમાં કારીગરો માટે શૈક્ષણિક લાયકાતો અનિવાર્ય હોતી નથી એવી જ રીતે ગ્રામીણ કારીગરોનું પદ્ધતિસરની સંસ્થાનની તાલીમ પણ આપવામાં આવતી નથી. છતાં સરકારની કેટલીક યોજના અનુસાર અમુક દિવસો અમુક ધંધામાં તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. આથી ગ્રામીણ કારીગરોને શિક્ષણ કે તાલીમ સાથે સીધો સંબંધ નથી, પરંતુ શિક્ષણનું પ્રમાણ ગ્રામીણ કારીગરોને ચોક્કસ રીતે અસર કરે છે.

વર્તમાન અભ્યાસમાં કારીગર વર્ગ અને શિક્ષણના સ્તરને લક્ષમાં લઈ માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે, જેની રજૂઆત કોઠા નં. ૩.૯માં રજૂ કરવામાં આવી છે.

*કોઠા નં. ૩.૯*

*કારીગર વર્ગના શિક્ષણના સ્તરનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | શિક્ષિત | ૧૫૭ | ૭૮.૫૦ |
| ૨. | અશિક્ષિત | ૪૩ | ૨૧.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૯માં દર્શાવવામાં આવેલી માહિતી પરથી જાણી શકાય છે કે વિકાસની પ્રક્રિયાને વેગવાન બનાવવામાં જેમ ભૌતિક મૂડી અનિવાર્ય છે, તે રીતે જ માનવ મૂડીનું પણ એટલું જ નહીં બલ્કે વિશેષ મહત્ત્વ રહ્યું છે. ભૌતિક મૂડીના કાર્યક્ષમ ઉપયોગનો આધાર મુખ્યત્વે માનવ મૂડીની ગુણવત્તા પર જ રહેલો છે. "માનવમૂડી વિકાસના બે હેતુઓ સાથે સંબંધ ધરાવે છે, જેમાં જ્ઞાન અને જાણકારીનું ઘડતર કરવું, તેમજ વપરાયેલી અને વણવપરાયેલી માનવશક્તિ માટે રોજગારીની તકો ઊભી કરવી. આ મંતવ્ય મુજબ માનવમૂડી વિકાસની પ્રક્રિયામાં મહત્ત્વનો ફાળો આપે છે. આમ વિકાસમાં માનવ મૂડીરૂપ શિક્ષણનું પ્રદાન અમૂલ્ય ગણાય છે. ગ્રામીણ કારીગર વર્ગ આર્થિક દષ્ટિએ ઉત્કૃષ્ટ જીવન પ્રાપ્તિની ખેવના રાખે છે કે નહીં ? એ અંગે યોગ્ય

સજાગતા ધરાવે છે કે નહીં ? આ બધા પ્રશ્નોનાં જવાબ શિક્ષણ પ્રાપ્તિ માટેની તત્પરતા પર રહેલ છે. આ લોકોમાં શિક્ષિત અને અશિક્ષિત લોકોનું કેટલું પ્રમાણ છે. તેની વિગત કોઠા નં. ૩.૯માં દર્શાવેલ માહિતી પરથી જાણી શકાય છે. જેમાં કુલ ૨૦૦ કારીગરોમાંથી શિક્ષિત કારીગર વર્ગનું પ્રમાણ ૭૮.૫૦ ટકા છે. અને અશિક્ષિત કારીગર વર્ગનું પ્રમાણ ૨૧.૫૦ ટકા છે જેઓ સામાન્ય અક્ષર જ્ઞાન પણ ધરાવતા નથી.

શિક્ષણ પ્રાપ્તિના કારણે જે ક્ષેત્રનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તે ક્ષેત્રમાં વ્યવસાય મેળવવાની વિશિષ્ટ આવડત અને લાયકાતને કારણે વ્યકિતને તકો મેળવવાનો અવકાશ ઊભો થાય છે આ સિવાયના અશિક્ષિત લોકો માટે માત્ર શારીરિક શ્રમવાળા ક્ષેત્રોમાંજ અનિવાર્ય રીતે કામ કરવાનું આવશ્યક બની રહે છે. "ઉચ્ચ શિક્ષણ અને રોજગારીની તકો ગાઢ સંબંધ ધરાવે છે. કોઈપણ વ્યવસાયમાં વ્યકિતનો જોડાવાનો આધાર વ્યકિત જે પદવી ધરાવે તેના પર રહેલો છે."[૪] આવક પ્રાપ્તિની તકો શિક્ષિત વર્ગ માટે વધુ જોવા મળે છે. સ્થિર આવક તથા ઊંચી આવક અને આગળ બઢતીના અવકાશોના કારણે ઘણું ઊંચું જીવન ધોરણ પ્રાપ્ત કરવામાં શિક્ષણની ઉચ્ચ પદવીઓનો ફાળો મહત્ત્વનો છે. આપણા અભ્યાસમાં મોટાભાગના કારીગર વર્ગ પછાત જાતિના હોય, તે માટે વર્તમાન શિક્ષણ નીતિ આ વર્ગના લોકો માટે અનેક રીતે પ્રોત્સાહનો પૂરા પાડે છે. તેથી આવી અનેકવિધ સુવિધાઓનો લાભ મેળવી નોકરી માટેની સરકારી આરક્ષિત જગ્યા પર સ્થાન મેળવવાનો વિશાળ અવકાશ શિક્ષણને કારણે ઊભો થાય છે. ત્યારે આ વર્ગનું શિક્ષણ પ્રત્યેનું વલણ ઉદાસીન હોય તો કાર્યક્ષમતા વધારે સારી આવકવાળા ક્ષેત્રોમાં સ્થાન મેળવવા માટે પણ અવકાશ મર્યાદિત બની જાય તેમ છે. જો લોકો અશિક્ષિત રહેતા હોય તો ઉચ્ચ પદવી તો શું અક્ષરજ્ઞાનથી પણ આ લોકો વંચિત રહે છે. તેઓના મોટા ભાગના ઊંચી આવક પ્રાપ્તિનો અવકાશ મર્યાદિત બને તે સ્વાભાવિક છે.

આ સમગ્ર બાબતને અનુરૂપ આકૃતિ નીચે મુજબ આપેલ છે.

બીજી બાબત એ છે કે માત્ર આટલી માહિતી પર વિશેષ પ્રકાશ પાડવાનું શકય ન રહેતા જુદી જુદી કક્ષા મુજબ શિક્ષણ મેળવનારા કેટલા છે? તે જાણવાથી આ બાબત પર વધુ પ્રકાશ પાડી શકાય. આ માટેની માહિતી કોઠા નં. ૩.૧૦માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૧૦*

*કારીગર વર્ગમાં શિક્ષણનું પ્રમાણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક | ૭૫ | ૩૭.૫૦ |
| ૨. | માધ્યમિક | ૪૦ | ૨૦.૦૦ |
| ૩. | ઉચ્ચતર માધ્યમિક | ૨૭ | ૧૩.૫૦ |
| ૪. | કૉલેજ | ૧૨ | ૬.૦૦ |
| ૫. | યુનિવર્સિટી | ૦૩ | ૧.૫૦ |
| | કુલ | ૧૫૭ | ૧૦૦ |

આગળના મુદ્દામાં માત્ર શિક્ષિત અને અશિક્ષિત સભ્યોના સંદર્ભમાં માહિતી મેળવી તે અપૂરતી ગણી શકાય છે. ખરેખર શિક્ષિત લોકોમાં કેટલાંક લોકોએ વિવિધ કક્ષાનું શિક્ષણ મેળવ્યું છે, તે બાબત શિક્ષણના પ્રદાનને સમજવામાં વધુ પ્રકાશ પાડી શકયા જેની વિગત કોઠા નં. ૩.૧૦માં રજૂ કરેલ છે. જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કૉલેજ તથા યુનિવર્સિટી એમ પાંચ કક્ષામાં આ શિક્ષણ મેળવનારાઓને વર્ગીકૃત કરવામાં આવેલા છે. આ માહિતી રસપ્રદ તારણ તરફ આપણને દોરી જાય છે. ખૂબ જ ગંભીરતા સાથે નોંધ લેવી જોઈએ કે આ શિક્ષિત લોકોમાંથી મોટાભાગના સભ્યોએ પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે આ રીતે આગળના અભ્યાસમાં નહીં જનારાઓનું પ્રમાણ ઘણું મોટું જણાય છે. સ્વાભાવિક રીતે પ્રાથમિક શિક્ષણ માત્ર અક્ષર જ્ઞાન કે હિસાબની ગણતરી કરવા સુધીની સામાન્ય કક્ષાનું જ જ્ઞાન આપી શકે છે. આમ શિક્ષિત વર્ગનો ઘણો મોટો વર્ગ હોય તે કોઈ જ જાતના માનવમૂડી વિકાસના લાભો મેળવવાથી વંચિત રહે છે.

બીજી કક્ષામાં માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને મૂકીએ તો માધ્યમિક સુધી પહોંચનાર કારીગર વર્ગની સંખ્યા ૪૦ હતી. આ બાબતે સંભવે છે કે મેટ્રીકની કક્ષામાં અનુતીર્ણ લોકો આ કક્ષામાં ઘણા છે. જેઓ પછી આગળ શિક્ષણ મેળવવાનું માંડી વાળે છે આના પરિણામે ઉચ્ચતર માધ્યમિક કક્ષા બારમાં ધોરણ સુધીનું શિક્ષણ મેળવનારાઓનું પ્રમાણ ઘટી જતું જોવા મળે છે. જેનું પ્રમાણ ૨૭ છે જયારે કોલેજ કક્ષાનું શિક્ષણ મેળવતા કારીગરોનું પ્રમાણ ૧૨ છે જેની ટકાવારી ૬.૦૦ છે, જયારે યુનિવર્સિટીનું શિક્ષણ મેળનાર માત્ર ૩ છે.

આ સમગ્ર બાબતને અનુરૂપ આકૃતિ નીચે મુજબ છે.

આ સંશોધન અભ્યાસમાં કારીગરોની પત્ની અને સંતાનોના શિક્ષણને પણ તપાસવામાં આવેલ છે. જેની માહિતી કોઠા નં. ૩.૧૧માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૧૧*

*ગ્રામીણ કારીગરોની પત્નીનું શિક્ષણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની પત્નીઓની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક | ૬૭ | ૩૩.૫૦ |
| ૨. | માધ્યમિક | ૩૬ | ૧૮.૦૦ |
| ૩. | ઉચ્ચતર માધ્યમિક | ૧૩ | ૬.૫૦ |
| ૪. | કોલેજ | – | – |
| ૫. | યુનિવર્સિટી | – | – |
| ૬. | નિરાક્ષર | ૮૪ | ૪૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૩.૧૧માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે કારીગર વર્ગની પત્નીનું પ્રાથમિક શિક્ષણ મેળવેલ સંખ્યા ૬૭ છે. જે કુલ પ્રમાણના ૩૩.૫૦ ટકા થાય છે. જયારે માધ્યમિક શિક્ષણ મેળવેલ સંખ્યા ૩૬ છે. કુલ પ્રમાણના ૧૮.૦૦ ટકા થવા જાય છે. જયારે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવેલનું પ્રમાણ ઘણું ઓછું છે જે ૧૩ની સંખ્યા છે અને કુલ પ્રમાણના ૬.૫૦ ટકા થવા જાય છે. જયારે કોલેજ અને યુનિવર્સિટી શિક્ષણથી સૌથી વધુ સ્ત્રીઓ અજાણ છે. નિરાક્ષરનું પ્રમાણ ૮૪ છે અને કુલ પ્રમાણના ૪૨.૦૦ ટકા થવા જાય છે.

ગ્રામીણ કારીગરોનું શિક્ષણ અને તેઓની પત્નીનું શિક્ષણની ચર્ચા કર્યા પછી તેઓના સંતાનોનું શિક્ષણનું પ્રમાણ કેટલું છે. જે જાણવું જરૂરી જણાય છે. જેની માહિતી નીચેના કોઠા નં. ૩.૧૨માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૧૨*

*ગ્રામીણ કારીગરોના સંતાનોનું શિક્ષણનું પ્રમાણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોના સંતાનોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક | ૩૬ | ૧૮.૦૦ |
| ૨. | માધ્યમિક | ૫૪ | ૨૭.૦૦ |
| ૩. | ઉચ્ચ માધ્યમિક | ૬૫ | ૩૨.૫૦ |
| ૪. | કૉલેજ | ૩૩ | ૧૬.૫૦ |
| ૫. | યુનિવર્સિટી | ૧૨ | ૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોકત કોઠા નં. ૩.૧૨માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે કારીગરોના સંતાનોમાં પ્રાથમિક શિક્ષણ મેળવનારની સંખ્યા ૩૬ છે. જે કુલ પ્રમાણમાં ૧૮.૦૦ ટકા થવા જાય છે. જયારે માધ્યમિક શિક્ષણ મેળવનારની સંખ્યા ૫૪ છે. જે કુલ પ્રમાણના ૨૭.૦૦ ટકા થવા જાય છે જયારે સૌથી વધુ પ્રમાણ ઉચ્ચ માધ્યમિક શિક્ષણનું જોવા મળેલ છે. જેની સંખ્યા ૬૫ની છે અને કુલ પ્રમાણના ૩૨.૫૦ ટકા થવા જાય છે. જયારે કોલેજ શિક્ષણ મેળવનારની સંખ્યા ૩૩ છે અને યુનિવર્સિટીમાં શિક્ષણ મેળવનારની સંખ્યા ૧૨ છે અને કુલ પ્રમાણના ૨૨.૫૦ ટકા થવા જાય છે.

જયારે માતા–પિતા અશિક્ષિત હોય તેના સંતાનો પણ અશિક્ષિત હોય તેમ નથી. આ માન્યતાને આ અભ્યાસમાં સમર્થન મળે છે.

આ સમગ્ર બાબતને અનુરૂપ આકૃતિ નીચે મુજબ છે.

ઉપરોક્ત ગ્રામીણ કારીગરોના કૌટુંબિક શિક્ષણ વિષયક આંકડાકીય માહિતી પરથી નીચેની કેટલીક વિગતો તારવી શકાય.

(૧) ગ્રામીણ કારીગરોમાં કેટલાંક કારીગરો નિરક્ષર છે.

(૨) શિક્ષણ પ્રાપ્ત કરેલ કારીગરોમાંથી મોટા ભાગના કારીગરો માત્ર પ્રાથમિક શિક્ષણ જ પ્રાપ્ત કરેલ છે એટલે કે માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે. શિક્ષિત બેકારીના સંદર્ભમાં આ કારીગરોએ વધુ આગળ શિક્ષણ પ્રાપ્ત કરવાને બદલે પોતાના વ્યવસાયોમાં ઝંપલાવવાનું પસંદ કરેલ છે.

(૩) કારીગરોની પત્નીનું શિક્ષણ પ્રાથમિક અને નિરક્ષર છે.

(૪) કારીગરોના સંતાનોનું શિક્ષણનું પ્રમાણ સારું એવું કહી શકાય.

*કોઠા નં. ૩.૧૩*

*કારીગરોના સંતાનોનું પ્રમાણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | ૧ | ૧૬ | ૮.૦૦ |
| ૨. | ૨ | ૪૦ | ૨૦.૦૦ |
| ૩. | ૩ | ૪૭ | ૨૩.૫૦ |
| ૪. | ૪ | ૮૪ | ૪૨.૦૦ |
| ૫. | ૫ કે તેથી વધુ | ૯ | ૪.૫૦ |
| ૬. | કોઈ જવાબ નહી | ૪ | ૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં.૩.૧૩ પરથી જોઈ શકાય છે કે ૧૬ કારીગરોને ૧ સંતાન છે જે કુલ કારીગરોના ૮.૦૦ ટકા થાય છે. જયારે ૪૦ કારીગરોને બે સંતાનો છે જે કુલ કારીગરના ૨૦.૦૦ ટકા થવા જાય છે જયારે ૪૭ કારીગરોને ૩ સંતાનો છે જે કુલ કારીગરોના ૨૩.૫૦ ટકા થવા જાય છે. જ્યાં ૮૪ કારીગરને ૪ સંતાનો છે જેનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જે કુલ કારીગરના ૪૨.૦ ટકા થવા જાય છે. ૯ કારીગરોને ૫ કે તેથી વધુ સંતાનો છે જે કુલ કારીગરોના ૪.૫૦ ટકા થવા જાય છે અને ૪ કારીગરો

તરફથી કોઈ જ જવાબ નથી. આ માહિતી પરથી કહી શકાય કે સૌથી વધુ પ્રમાણ ૪ સંતાનો ધરાવતા કારીગરોનું છે.

*કોઠા નં. ૩.૧૪*

*કારીગરોના સંતાનો હાલમાં શું કરે છે તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | સંતાનો નાના છે | ૨૪ | ૧૨.૦૦ |
| ૨. | સંતાનો ભણે છે | ૩૨ | ૧૬.૦૦ |
| ૩. | નોકરી કરે છે | ૧૮ | ૯.૦૦ |
| ૪. | અન્ય ધંધા કરે | ૩૪ | ૧૭.૦૦ |
| ૫. | કોઈ જવાબ મળેલ નથી. | ૩૪ | ૧૭.૦૦ |
| ૬. | પોતાનો વ્યવસાય | ૫૮ | ૨૯.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૧૪માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે ૨૪ કારીગરોને સંતાનો નાના છે જ્યારે ૩૨ કારીગરોના સંતાનો ભણે છે, ૧૮ કારીગરોના સંતાનો નોકરી કરે છે અને ૩૪ કારીગરોના સંતાનો અન્ય ધંધા સાથે જોડાયેલ છે. જ્યારે ૩૪ કારીગરો તરફથી કોઈ જ જવાબ મળેલ નથી અને વધુ મહત્ત્વની વાત તો એ છે કે ૫૮ કારીગરોના સંતાનો પોતાના જ વ્યવસાયમાં કાર્યરત છે આ પરથી કહી શકાય કે પરંપરાગત વ્યવસાયનું પ્રમાણ જળવાય રહેલ જોવા મળેલ છે.

*કોઠા નં. ૩.૧૫*

*ધંધાને લગતું કાર્ય કરતાં કારીગરોના સંતાનોનું પ્રમાણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | ધંધાને લગતું કાર્ય કરતાં સંતાનો | ૫૮ | ૨૯.૦૦ |
| ૨. | ધંધાને લગતું કાર્ય ન કરતાં સંતાનો | ૮૮ | ૪૪.૦૦ |
| ૩. | જવાબ નથી | ૫૪ | ૨૭.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં.૩.૧૫માં દર્શાવવામાં આવેલ માહિતી પરથી જોઈ શકાય છે કે ૫૮ કારીગરો ધંધાને લગતુ કાર્ય કરે છે અને ૮૮ કારીગરોના સંતાનો ધંધાને લગતું કાર્ય કરે છે. જયારે ૫૪ કારીગરો એ કોઈ જ જવાબ આપેલ નથી.

## ૩.૧૦ પસંદ કરેલ ગ્રામીણ કારીગરોનો વ્યવસાય :

ગ્રામીણ કારીગરોના વ્યવસાય મુજબની માહિતી નીચેના કોઠા નં. ૩.૧૬માં દર્શાવવામાં આવેલ છે.

કોઠા નં. ૩.૧૬

ગ્રામીણ કારીગરોનું વ્યવસાય મુજબ વિશ્લેષણ

| ક્રમ | વિગત | કારીગરોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | માટીનાં વાસણ બનાવવા | ૨૦ | ૧૦.૦૦ |
| ૨. | લુહારી કામ | ૨૦ | ૧૦.૦૦ |
| ૩. | હજામતનું કામ | ૧૮ | ૯.૦૦ |
| ૪. | દરજી કામ | ૨૪ | ૧૨.૦૦ |
| ૫. | મોચી કામ | ૧૦ | ૫.૦૦ |
| ૬. | ખાદીનું વણાટકામ | ૨૫ | ૧૨.૫૦ |
| ૭. | સુથારી કામ | ૧૫ | ૭.૫૦ |
| ૮. | કડિયાકામ | ૦૪ | ૨.૦૦ |
| ૯. | ચમાર કામ | ૨૮ | ૧૪.૦૦ |
| ૧૦. | સુંડલા બનાવવા | ૨ | ૧.૦૦ |
| ૧૧. | ગેરેજનું કામ | ૮ | ૪.૦૦ |
| ૧૨. | સાયકલ રીપેરિંગ | ૩ | ૧.૫૦ |
| ૧૩. | પશુપાલન કામ | ૮ | ૪.૦૦ |
| ૧૪. | મરઘા બતકાનું કામ | ૬ | ૩.૦૦ |
| ૧૫. | ચીનાઈ વાસણ બનાવવા | ૨ | ૧.૦૦ |
| ૧૬. | સાવેણી સાવેણા બનાવવા | ૪ | ૨.૦૦ |
| ૧૭. | ધોબી કામ | ૨ | ૧.૦૦ |
| ૧૮. | પૂજાકામ | ૨ | ૧.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૧૬ પર દર્શાવવામાં આવેલી વિગત પરથી જોઈ શકાય છે કે કુલ ૨૦૦ ગ્રામીણ કારીગરોમાંથી ૨૮ કારીગરો ચમાર કામ વાળા છે. જે કુલ કારીગરોના ૧૪.૦૦ ટકા થવા જાય છે જેનું પ્રમાણ સૌથી વધુ છે. ત્યાર પછી દરજી કામ કરનાર કારીગરોનું પ્રમાણ આવે છે તે કુલ કારીગરોમાંથી ૨૪ છે જયારે ખાદીનું વણાટ કામ કરનાર વણકારોનું પ્રમાણ ૨૫ છે જે કુલ કારીગરોના ૧૨.૫૦ ટકા થવા જાય છે. જયારે માટી કામ અને લુહારી કામ કરનાર કારીગરોની સંખ્યા ૨૦–૨૦ની છે જે કુલ કારીગરો ના ૨૦.૦૦ ટકા થવા જાય છે જયારે હજામત કરનાર વાળંદ કામ કરનારનું પ્રમાણ ૧૮નું છે અને સુથારીકામ કરનારાનું પ્રમાણ ૧૫ છે અને કુલ કારીગરોના ૧૬.૫૦ ટકા થવા જાય છે ગેરેજ કામ અને પશુપાલન કરનારની સંખ્યા ૮–૮ની છે જે કુલ કારીગરોના ૮.૦૦ ટકા થવા જાય છે. જયારે કડિયાકામ કરનાર કારીગરોનું પ્રમાણ અને સાવેણી સાવરણા બનાવનાર કારીગરોનું પ્રમાણ ૪–૪ છે, જે કુલ કારીગરોના ૪.૦૦ ટકા થાય છે જયારે સુંડલા બનાવના ૨, ચીનાઈ વાસણ બનાવનાર, ધોબીકામ કરનાર અને પૂજા કરનાર કારીગરોનું પ્રમાણ ૨નું છે અને સાયકલ રિપેરીંગ કરનાર કારીગરોનું પ્રમાણ ૩ નું છે જે કુલ ૧૧ કારીગરોના ૫.૫૦ ટકા થવા જાય છે.

## ૩.૧૧ કમાનાર સભ્યોનું પ્રમાણ :

કોઈપણ કુટુંબમાં આવક પ્રાપ્તિની વાસ્તવિક સ્થિતિ નક્કી કરવામાં ઉપર્યુકત અનેક વિધ શકયતાઓને કમાવા માટે લોકો આર્થિક પ્રવૃત્તિમાં ખરેખર રોકાયેલા છે, તે બાબત વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે. પુખ્ત વયના લોકો, સ્ત્રી–પુરુષની સભ્ય સંખ્યા, શિક્ષણ મેળવનારા લોકો વગેરે બાબતોને કમાવાની શકયતાનો નિર્દેશ કરનારા પરિબળો તરીકે જોવામાં આવે છે. કામ કરવા માટે ખરેખર આ લોકોમાંના કેટલાંક પ્રવૃત્ત થયેલા છે તે બાબત વાસ્તવમાં આવક પ્રાપ્તિની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આપે છે, તેથી આ સભ્યોમાં કામ કરનારા સભ્યોનું પ્રમાણ કેટલું છે, તે જાણવું ઘણું જરૂરી છે. આ માટેની માહિતી કોઠા નં. ૩.૧૭માં રજૂ કરવામાં આવેલ છે.

*કોઠા નં. ૩.૧૭*

*કુટુંબમાં કામ કરનારાઓનું પ્રમાણ*

| *ક્રમ* | *વિગત* | *કામ કરનારાઓની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | પોતે | ૧૨૯ | ૬૪.૫૦ |
| ૨. | ૨ | ૪૬ | ૨૩.૦૦ |
| ૩. | ૩ | ૨૩ | ૧૧.૫૦ |
| ૪. | કોઈ જવાબ નહી | ૨ | ૧.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોકત કોઠા નં. ૩.૧૭માં દર્શાવવામાં આવેલી માહિતી પરથી જોઈ શકાય છે કે કામ કરનારાઓની સંખ્યા ૧૯૮ છે અને કોઈ જવાબ નહીંની સંખ્યા ૨ છે. અગાઉ કામ કરનાર જૂથ તરીકે ૧૫ થી ૬૦ વર્ષ સુધીના સભ્યોના પ્રમાણ કરતાં આ પ્રમાણ વધારે છે. આ બાબત એવો નિર્દેશ કરે છે કે ખરેખર આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા કામ કરનારાઓમાં પુખ્ત વયના સભ્યો ઉપરાંત બાળ વયના અને વૃદ્ધ વયના સભ્યો પણ સમાવિષ્ટ થતા હોય તેમ જણાય છે કેમ કે પુખ્તવયવાળા જૂથમાં ૫૯.૦૦ ટકા સભ્યો આવે છે. જયારે વાસ્તવિક રીતે આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલાઓનું પ્રમાણ આનાથી વધુ જોવા મળે છે. આમ કામ કરવા શકિતમાન સભ્યો ઉપરાંત અશકત સભ્યોને પણ કામ કરવાની ફરજ પડે છે. તેમ આ માહિતી પરથી સ્પષ્ટ થાય છે. "આ સંદર્ભમાં કાપડીયા તથા સ્મિતા માથુરનું મંતવ્ય નોધવું એક યોગ્ય છે તે જણાવે છે કે "પુરુષોની રોજગારી એ પસંદગીનો મુદ્દો નથી, વાસ્તવમાં એ આવકના વિષયનું એક મહત્ત્વનું અંગ છે.

## ૩.૧૨ કુટુંબમાં કમાનાર સ્ત્રીઓની સંખ્યા :

કુટુંબમાં કમાનાર સ્ત્રીઓની સંખ્યા કેટલી છે તેને આધારે તેની આર્થિક સ્થિતિ જાણી શકાય છે. તેથી આ અભ્યાસમાં તેનું મહત્ત્વ દર્શાવાયું છે.

*કોઠા નં. ૩.૧૮*

*કુટુંબમાં કમાનાર સ્ત્રીઓનું પ્રમાણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | ૧ | ૩૨ | ૧૬.૦૦ |
| ૨. | ૨ | ૩૦ | ૧૫.૦૦ |
| ૩. | કોઈ જવાબ નહી | ૧૩૮ | ૬૯.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૧૮માં દર્શાવવામાં આવેલ માહિતી પરથી જોઈ શકાય છે કે ૩૨ કારીગરોના કુટુંબમાં ૧ મહિલા આર્થિક રીતે મદદ કરે છે, જયારે ૩૦ કારીગરોના કુટુંબમાં ૨ મહિલા આર્થિક ક્ષેત્રે પોતાનો સહયોગ આપે છે, જયારે ૧૩૮ કારીગરોના કુટુંબમાં મહિલાઓ સહયોગ આપતી નથી તેવું જોવા મળેલ છે.

અહીં કૌટુબિંક જવાબદારી વહન કરવામાં મહિલાઓનો સહયોગ વધુ જરૂરી બને છે. જો કુટુંબમાં પુરુષો સાથે રહી કામ કરે તો તેટલું આર્થિક વળતર વધુ મળે છે. જે કુટુંબમાં માત્ર એક જ પુરુષ સભ્ય કમાનાર હોય તેની આવક કુટુંબની જરૂરિયાત માટે અપૂરતી હોય તો મહિલાઓને વ્યવસાય તરફ વળવું પડે છે. વર્તમાન સમયમાં મોંઘવારી અને વૈભવી જીવન જીવવા માટે ઊંચી આવક જરૂરી છે, આથી સ્ત્રીઓ વ્યવસાયી બની અને કુટુંબની આવકમાં પોતાનો ફાળો આપી કુટુંબનો આર્થિક બોજો હળવો કરી શકે.

## ૩.૧૩ મકાન ધરાવતા કુટુંબોનું પ્રમાણ :

આપણે આગળ નોંધ્યુ તે મુજબ મકાન એ માનવીની પાયાની મૂળભૂત જરૂરિયાત છે. તે સંદર્ભમાં કેટલાં કુટુંબો પોતાની માલિકીના મકાન ધરાવે છે તેમજ કેટલાં કુટુંબો ભાડાના મકાનમાં રહે છે, તે માટેની માહિતી કોઠા નં. ૩.૧૯માં દર્શાવવામાં આવી છે.

**કોઠા નં. ૩.૧૯**
**મકાન ધરાવતા કુટુંબોના પ્રમાણનું વિશ્લેષણ**

| ક્રમ | વિગત | કારીગરોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પોતાની માલિકીનું મકાન ધરાવતા કુટુંબો | ૧૮૭ | ૯૩.૫૦ |
| ૨. | ભાડાના મકાનમાં રહેતા કુટુંબો | ૧૩ | ૬.૫૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૧૯માં દર્શાવવામાં આવેલી માહિતી અનુસાર જોઈ શકાય છે કે ૧૮૭ કુટુંબો પોતાની માલિકીનું મકાન ધરાવે છે. જયારે ૧૩ કુટુંબો જ ભાડે રહે છે. ગ્રામ્ય વિસ્તારમાં કારીગર વર્ગ પરંપરાગત અને કુટુંબમાં વારસા દ્વારા પોતાની માલિકીના મકાન ધરાવે છે તે પ્રણાલિકા ચાલી આવતી તે જોવા મળે છે.

આ સમગ્ર બાબતને અનુરૂપ આકૃતિ નીચે આપેલ છે.

## ૩.૧૪ મકાન બાંધકામનું સ્વરૂપ :

મકાનના ટકાઉપણા કે બાંધકામની ગુણવત્તા અને મકાનની અંદર વિવિધ પ્રકારની સુવિધાઓ પ્રાપ્ય છે કે નહીં ? તે બાબત પણ અત્રે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે ? જેથી મકાન સંબંધી વિશેષ પ્રકાશ પાડી શકાય. કોઠા નં. ૩.૨૦માં મકાન બાંધકામના સ્વરૂપ, સંબંધી વિગતો રજૂ કરવામાં આવેલી છે, તેમાં કેટલાંક પાકા બાંધકામવાળા મકાન છે અને કેટલા કાચા બાંધકામવાળા મકાનો છે તેની માહિતી દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૨૦*

*મકાન બાંધકામના સ્વરૂપનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | પાકા મકાન ધરાવતા કુટુંબોનું પ્રમાણ | ૧૮૨ | ૯૧.૦૦ |
| ૨. | કાચા મકાન ધરાવતા કુટુંબોનું પ્રમાણ | ૧૮ | ૯.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોક્ત કોઠા નં. ૩.૨૦માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે મકાન ધારકોના મકાનો પાકા બાંધકામવાળા કેટલા છે તેમજ કાચા બાંધકામવાળા કેટલા છે ? તે અંગે જાણકારી મેળવવામાં આવી છે, તેમાં ૨૦૦ કારીગરોમાંથી ૧૮૨ કારીગરોના કુટુંબો પાકા મકાનો ધરાવે છે જેઓ આર્થિક રીતે વધુ આબાદ હોવાનો સંભવ છે. જેથી આ કુટુંબોમાં પાકા મકાનો ધરાવનારાઓનું પ્રમાણ ઊંચુ જોવા મળે છે. જયારે ૯.૦૦ ટકા કાચા મકાનો ધરાવતા કુટુંબો છે, આ રીતે કાચા મકાનો ધરાવતા કુટુંબો માત્ર રહેઠાણની સુવિધા ધરાવે છે તે અમુક દષ્ટિએ જ સંતોષ લઈ શકે તેમ છે. બાકી આવા મકાનો વિવિધ મોસમમાં ઘણી અગવડ કે પ્રતિકુળવાળા સાબિત થાય છે. આમ આવા કાચા મકાનવાળા કુટુંબોએ ખાસ શિયાળા અને ચોમાસાની ઋતુઓમાં ઘણી વિપરીત કુદરતી આફતોની સ્થિતિઓનો સામનો કરવો પડે તે સ્થિતિમાં જીવવુ પડે, આ દષ્ટિએ આ લોકોની મકાનની પ્રાપ્તિ એ આર્થિક આબાદીના માપદંડ સમાન ગણવાનું કેટલે અંશે ઉચિત ગણાય તે એક પ્રશ્ન છે.

## ૩.૧૫ મકાનમાં પાયાની સુવિધાઓ :

વિકાસના માપદંડ તરીકે આપણે મિલ્કતના મૂલ્યને સ્પર્શ કરતાં નથી પરંતુ આવા મકાનો સુવિધાદાયક છે કે નહીં તે દષ્ટિ નથી, આવા મકાનોનું મૂલ્યાંકન કરી કુટુંબની સુખાકારીમાં તે શું ફાળો આપી શકે તેનું પ્રમાણ જાણી શકાય. સામાન્ય રીતે રહેણાંક મકાનની વિવિધ સુવિધાને જીવન સુખસગવડ ભર્યુ જીવી શકાય તથા આરોગ્યપ્રદ રીતે જીવી શકાય તે બાબતની દષ્ટિએ મૂલવવાનું જરૂરી છે. આ પ્રકારની ચર્ચા માટે આવા મકાનોમાં કેવી સુવિધા છે તે અંગેની માહિતી પ્રાપ્ત કરવી જરૂરી બની જાય છે, આવી પ્રાપ્ય માહિતી નીચે રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે. અહીંયા દર્શાવવામાં આવેલ ત્રણ પ્રકારની સુવિધા આર્થિક માપદંડ તરીકે નહીં પરંતુ આરોગ્યની દષ્ટિએ અને સગવડ ભર્યા જીવનની દષ્ટિએ મહત્ત્વની ગણી શકાય. આવી સુવિધાઓથી સ્વચ્છતાનું વાતાવરણ નિર્માણ થઈ શકે છે તેમજ કુટુંબમાં સભ્યો આરોગ્યપ્રદ જીવન ગુજારી શકે છે. આમ આ વિવિધ સુવિધાઓને માત્ર આર્થિક કે સામાજિક મોભો તરીકે જોવાને બદલે આરોગ્યના અભિગમથી જોવી આવશ્યક છે.

## ૩.૧૬ રસોડાની સ્વતંત્ર સુવિધા :

આરોગ્યની દષ્ટિએ આવી સુવિધા જરૂરી છે આ અંગેની વિગત કોઠા નં. ૩.૨૧માં રજૂ કરવામાં આવી છે.

*કોઠા . ૩.૨૧*

*રસોડાની સ્વતંત્ર સુવિધાવાળા કુટુંબોનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | સ્વતંત્ર રસોડું ધરાવતા કુટુંબો | ૧૨૮ | ૬૪.૦૦ |
| ૨. | સ્વતંત્ર રસોડું નહીં ધરાવતા કુટુંબો | ૭૨ | ૩૬.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોકત કોઠા નં. ૩.૨૧માં દર્શાવવામાં આવેલી માહિતી પરથી જોઈ શકાય છે કે ૧૨૮ કુટુંબો ઘરમાં રહેણાક ઓરડાથી સ્વતંત્ર રસોડાની સુવિધા ધરાવે છે. કુટુંબોમાં

વડીલોની સામાન્ય સ્ત્રીઓને રસોડાકામ માટે મોકળાશ, બાળકોની કનડગત વિના કામ કરવાની શકયતા તેમજ કામ કરનાર સ્ત્રીઓમાં એકાંત વગેરે બાબતોની દષ્ટિએ સ્વતંત્ર રસોડું આવકાર્ય છે. સ્વતંત્ર સુવિધાને કારણે ભોજન વધુ આરોગ્યપ્રદ બને છે તે બાબત વધુ મહત્ત્વની ગણવામાં આવે છે. આ અભિગમને લક્ષમાં લઈએ તો સ્વતંત્ર સુવિધા ધરાવનારાઓનું પ્રમાણ વધુ છે તેમ માનવું ઉચિત ગણાશે જયારે ૩૬.૦૦ ટકા કુટુંબો પાસે સ્વતંત્ર રસોડું નથી, મકાન એક ઓરડાવાળા હોય તો એક ખૂણામાં અગવડ ભર્યુ બને છે એટલું જ નહીં આરોગ્યની દષ્ટિએ પણ ઈચ્છનીય ગણી ન શકાય.

## ૩.૧૭ શૌચાલય અને સ્નાનગૃહની સ્વતંત્ર સુવિધા :

બીજી મહત્ત્વની આરોગ્યપ્રદ સુવિધા શૌચાલય અને સ્નાનગૃહની સુવિધાનો સમાવેશ થાય છે. આ પ્રકારની સુવિધા ગ્રામ્ય વિસ્તારમાં વિશેષ પ્રચલિત નથી કેમ કે પરંપરાગત રીતે આવી સુવિધા વિના ચલાવી લેવા લોકો ટેવાયેલ હોય છે, પરંતુ માહિતી આરોગ્ય સંબંધી અગત્યતા ધરાવે છે જેની માહિતી નીચેના કોઠામાં રજૂ કરી છે.

*કોઠા નં. ૩.૨૨*

*શૌચાલય–સ્નાનગૃહની સ્વતંત્ર સુવિધાવાળા કુટુંબો*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | સ્વતંત્ર શૌચાલય અને સ્નાનગૃહની સુવિધા ધરાવતા કુટુંબો | ૪૨ | ૨૧.૦૦ |
| ૨. | સ્વતંત્ર શૌચાલય અને સ્નાનગૃહની સુવિધાથી વંચિત રહેતા કુટુંબો | ૧૫૮ | ૭૯.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

ઉપરોકત કોઠા નં. ૩.૨૨માં દર્શાવેલ વિગત પરથી કહી શકાય કે મોટાભાગનાં ગરીબ પછાત કુટુંબોમાં રહેણાંકની અપૂરતી જગ્યા હોય ત્યાં આવી શહેરીકરણની છાપવાળી સ્વતંત્ર સુવિધાની વાત કરવી અસ્થાને ગણાય તેમ છતાં પ્રાપ્ત થયેલ માહિતી પર થી કહી શકાય ૨૧.૦૦ ટકા કુટુંબો પાસે સ્વતંત્ર શૌચાલય–સ્નાનગૃહની સગવડ ધરાવે છે કે જયારે ૭૯.૦૦ ટકા શૌચાલય અને સ્નાનગૃહની સગવડ ધરાવતા નથી. આ મોટાભાગના લોકો ખૂલ્લી જગ્યા, વાડો કે ગામના પાદરના અસુરક્ષિત સ્થળોનો ઉપયોગ કરતાં હોય છે.

## ૩.૧૮ પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા :

આમ જનતાની મૂળભૂત જરૂરિયાતમાં જાહેર સુવિધામાં પીવાના પાણીની સુવિધા પાયાની ગણવામાં આવે છે. આજે મોટાભાગના ગામડામાં પીવાના ચોખા પાણીની સમસ્યા ઘણી વિકટ બનતી જોવા મળે છે. આવા સંજોગોમાં પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા ભાગ્યે જ સુખી કુટુંબોમાં હોઈ શકે. આ સ્વતંત્ર સુવિધા ટૂંકી કે ડીપવેલ દ્વારા પ્રાપ્ય બની શકે. જે વાસ્તવમાં ખર્ચ માગી લે છે જે ઘરે–ઘરે પંચાયત દ્વારા નળ આપવાની વ્યવસ્થા હોય તો પાણીની સ્વતંત્ર સુવિધા પ્રાપ્ય બની શકે. પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા અંગે એકઠી કરેલ માહિતી કોઠા નં. ૩.૨૩માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૨૩*

*પીવાના પાણીની સ્વતંત્ર સુવિધાવાળા કુટુંબો*

| *ક્રમ* | *વિગત* | *કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | પીવાના પાણીની સ્વતંત્ર સુવિધાવાળા કુટુંબો | ૯૬ | ૪૮.૦૦ |
| ૨. | પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા ન હોય તેવા કુટુંબો | ૧૦૪ | ૫૨.૦૦ |
| | કુલ | ૨૦૦ | ૧૦૦% |

પાણીની સ્વતંત્ર સુવિધાનો મુખ્ય આધાર ભૂગર્ભ જળ પ્રવાહ પર રહેલો છે. તળમાં પાણી હોય તો આવી સ્વતંત્ર સુવિધા સાથે જોડાયેલ છે. ઉપરોક્ત કોઠા નં. ૩.૨૩માં દર્શાવેલ માહિતી પરથી જોઈ શકાય છે કે ૪૮.૦૦ ટકા કુટુંબો પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા ધરાવે છે જયારે ૫૨.૦૦ ટકા કુટુંબો પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા ધરાવતો નથી તેઓ જાહેર સુવિધાનો ઉપયોગ કરે છે.

પીવાના ચોખા પાણીની સુવિધા એ એક ગ્રામ્ય વિસ્તારોની મહત્ત્વની સમસ્યા છે આઝાદીની ૫૫ વર્ષ બાદ પણ અનેક ગામડામાં એકાદ બે કિલોમીટર દૂરનાં વિસ્તારમાં જઈ પાણી લાવવું પડે છે. સ્ત્રીઓ માટે શ્રમદાયક જ નહીં પણ સમય માંગી લેતી આ પ્રવૃત્તિ છે જયારે દૂરથી પાણી લાવવું પડે ત્યારે કરકસરયુકત ઉપયોગ થાય તે બાબત ઘણી જરૂરી બની જાય છે. સ્વતંત્ર સુવિધાનો આધાર ભૂગર્ભ જળ સંગ્રહની પરિસ્થિતિ પર આધારિત છે જાહેર સુવિધાનો લાભ મોટાભાગના લોકો લેતા જોવા મળે છે તેથી જાહેર સુવિધા અંગે જે કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે તેનો આ લોકોએ સામનો કરવો પડે છે.

## ૩.૧૯ પસંદગીના ગામોની વસ્તી વિષયક વિશ્લેષણ :

ગામોની પસંદગી માટે જે પદ્ધતિનો આશ્રય લેવાયેલ છે. તેમાં વસ્તી ગણતરી અહેવાલના આધારે તથા તાલુકાના વિકાસલક્ષી એજન્સીઓ સાથે ચર્ચા વિચારણા કરી અંતિમ સ્વરૂપ આપવાની બાબતોનો સમાવેશ થાય છે. ૨૦૦૧ની વસ્તીગણતરીની પુસ્તિકામાંથી જે ગામમાં વધારે કારીગર વર્ગનું પ્રમાણ હોય તેવા ગામોને યાદીમાં લેવામાં

આવ્યા છે. ત્યારબાદ આ તાલુકાઓની આઈઆરડીપી શાળામાં પ્રાધાન્ય મુલાકાત લઈ તેના રેકર્ડ પર આધારિત કારીગર વર્ગની માહિતી મેળવવામાં આવી. રાજકોટ જિલ્લાના કુલ ચૌદ તાલુકા અને દરેક તાલુકાના બે–બે ગામોની પસંદગી કરવામાં આવી છે. જેની માહિતી નીચેના કોઠા નં. ૩.૨૪માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૨૪*

*પસંદગી કરેલ ગામોની વસ્તી વિષયક વિશ્લેષણ*

| *ક્રમ* | *ગામ* | *વસ્તી (લગભગ)* |
|---|---|---|
| ૧. | દલડી | ૩૦૦૦ |
| ૨. | નારણકા | ૧૫૦૦ |
| ૩. | ખાખરાળા | ૩૫૦૦ |
| ૪. | જોધપર | ૩૨૦૦ |
| ૫. | મોટા ખિજડીયા | ૧૧૦૦ |
| ૬. | લુણસર | ૧૩૦૦૦ |
| ૭. | રાજાવડાલા | ૫૦૦૦ |
| ૮. | ગઢડા | ૧૦૦૦ |
| ૯. | સરપદડ | ૫૦૦૦ |
| ૧૦. | કસ્તુબાધામ | ૮૦૦૦ |
| ૧૧. | ઢાંઢણી | ૨૦૦૦ |
| ૧૨. | રાવકી | ૩૩૦૦ |
| ૧૩. | પીપરડી | ૨૫૦૦ |
| ૧૪. | શાપર | ૧૨૦૦૦ |
| ૧૫. | વેરાવળ | ૧૩૦૦૦ |
| ૧૬. | અજમેર | ૮૦૦૦ |
| ૧૭. | છાછીયા | ૮૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૮. | વાસાવડ | ૧૦૦૦૦ |
| ૧૯. | જામવાળી | ૨૦૦૦ |
| ૨૦. | રાયડી | ૬૦૦૦ |
| ૨૧. | ધોરીધાર | ૪૫૦૦ |
| ૨૨. | કોલકી | ૧૪૦૦૦ |
| ૨૩. | ઢાંક | ૧૧૦૦૦ |
| ૨૪. | પીપળીયા | ૮૦૦૦ |
| ૨૫. | ઝાંઝમેર | ૧૨૦૦૦ |
| ૨૬. | ગુંદાળા | ૮૦૦૦ |
| ૨૭. | થાણાગાલોળ | ૯૦૦૦ |
| ૨૮. | વલખી | ૨૦૦૦ |

## ૩.૨૦ પસંદગીના ગામોની શૈક્ષણિક સંસ્થાઓ અંગેની સ્થિતિ :

વિકાસની પ્રક્રિયામાં માનવમૂડીનું પ્રાધાન્ય સ્વીકારાયું છે. શિક્ષણના વિસ્તાર પર ખાસ ગ્રામીણ વિકાસ કાર્યક્રમો અંતર્ગત તેમજ વિકાસ યોજનાઓમાં રાજ્ય તેમજ કેન્દ્રિય કક્ષાએ ભાર અપાઈ રહ્યાં છે. તેમજ આ સંબંધી નાણાંકીય જોગવાઈ  તથા સુવિધાઓ વધારવા તરફ લક્ષ અપાઈ રહ્યું છે, જેના લીધે શિક્ષણ મેળવનારા બાળકોનું પ્રમાણ વધી રહ્યું છે. આ સંબંધી માહિતી નીચેના કોઠા નં.૩.૨૫માં દર્શાવવામાં આવે છે.

*કોઠા નં. ૩.૨૫*

*પસંદગીના ગામોમાં શૈક્ષણિક સંસ્થાઓનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *ગામોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક શાળા ૧ થી ૪ ધોરણ | ૦૪ | ૨ |
| ૨. | પ્રાથમિક શાળા ૧ થી ૭ ધોરણ | ૧૦ | ૫ |
| ૩. | માધ્યમિક શાળા | ૧૨ | ૬ |
| ૪. | ઉચ્ચ માધ્યમિક શાળા | ૦૨ | ૧ |
| | | ૨૮ | ૧૪ |

## ૩.૨૧ પસંદગીના ગામોમાં અન્ય સંસ્થાઓ અંગેની વિગત :

આ ગામોની અન્ય સંસ્થાઓની માહિતી નીચે પ્રમાણે દર્શાવેલ છે :

(૧) સરકારી સંસ્થા (૨) સહકારી અને (૩) સ્વૈચ્છિક સંસ્થા

### *(૧) સરકારી સંસ્થા :*

આ ગ્રામીણ વિસ્તારમાં સરકારી સંસ્થાઓ મુખ્ય તો શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય વિષક સંસ્થાઓ તથા અન્ય ગૌણ સંસ્થાઓ કામ કરતી જોવા મળે છે. આ અંગેની માહિતી આ પ્રમાણે મળેલ છે :

**(a) શૈક્ષણિક સંસ્થાઓ :**

શૈક્ષણિક સંસ્થાઓ મુખ્યત્વે આ ગ્રામીણ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવતી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓનો ઉલ્લેખ કરીશ જેની માહિતી આગળ આપણે ચર્ચા કરી ગયા છીએ.

**(b) આરોગ્ય વિષયક સંસ્થાઓ :**

ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય લક્ષી સુવિધા મુખ્યત્વે બે પ્રકારની જોવા મળે છે જેમાં (૧) માનવ સારવાર કેન્દ્ર અને (૨) બીજૂ પશુ સારવાર કેન્દ્ર જેની માહિતી નીચેના કોઠા નં. ૩.૨૬માં દર્શાવેલ છે.

*કોઠા નં. ૩.૨૬*

*પસંદગીના ગામોમાં આરોગ્ય વિષયક સુવિધા*

| ક્રમ | વિગત | સુવિધા ધરાવતા ગામોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૮ | ૬૪.૨૮ |
| ૨. | પશુ દવાખાનું | ૮ | ૨૮.૫૭ |
| ૩. | આયુર્વેદ દવાખાનું | ૨ | ૭.૧૪ |
| | કુલ | ૨૮ | ૧૦૦% |

**અન્ય સરકારી સંસ્થાઓ :**

પસંદગીના ગામોમાં સામાન્ય વહીવટ ચલાવવા માટે તથા નાણાંકીય વહીવટ, વ્યાપાર, વાણિજય, સંદેશાવ્યવહાર વગેરે વહીવટ માટે સરકારી સંસ્થાઓનો ફેલાવો વધતો રહ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં આવી સુવિધાઓ ફેલાતી રહી છે. જેની માહિતી નીચેના કોઠા નં. ૩.૨૭માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૨૭*

*પસંદગીના ગામોમાં અન્ય સરકારી સંસ્થાનું વિશ્લેષણ*

| ક્રમ | વિગત | ગામોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧. | ગ્રામ્ય પંચાયત કચેરી | ૨૬ | ૭૬.૪૭ |
| ૨. | બેન્કો | ૩ | ૮.૮૨ |
| ૩. | આંગણવાડી | ૨ | ૫.૮૮ |
| ૪. | ટેલીફોન ઓફિસ | ૩ | ૮.૮૨ |
| | કુલ | ૩૪ | ૧૦૦% |

## (૨) સહકારી સંસ્થાઓ :

ગ્રામીણ વિકાસની કામગીરીના મહત્ત્વના ક્ષેત્ર તરીકે સહકારી ક્ષેત્રના વિકાસ પર ભાર અપાઈ રહ્યો છે. આપણા દેશમાં સહકારી પ્રવૃત્તિ ઝડપી વિકસી છે તેમાં પણ

ગુજરાતમાં આવી પ્રવૃત્તિનો વિકાસ ઘણો પ્રશંસનીય રહ્યો છે. વિવિધ ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિના ફેલાવાના કારણે આવી પ્રવૃત્તિ દ્વારા લોકશકિત તેમજ નેતાગીરીના વિકાસ માટે સ્થાનિક ધોરણે ભાગીદારી વગેરે બાબતોનો પણ વિકાસ થાય છે ત્યારે ગ્રામીણ વિકાસને ઝડપી મદદ મળવા પામે છે આપણા પસંદગીના ગામોમાં તેની માહિતી નીચે કોઠા નં.૩.૨૮માં રજૂ કરવામાં આવી છે.

*કોઠા નં. ૩.૨૮*

***સહકારી સંસ્થાઓની સુવિધા***

| *ક્રમ* | *વિગત* | *સુવિધા ધરાવતા ગામોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | વિવિધ કાર્યકારી સહકારી મંડળી | ૨ | ૧૪.૨૮ |
| ૨. | ડેરી સહકારી મંડળી | ૮ | ૫૭.૧૪ |
| ૩. | તેલીબિયા સહકારી મંડળી | ૨ | ૧૪.૨૮ |
| ૪. | મરઘા ઉછેર કેન્દ્ર | ૨ | ૧૪.૨૮ |
| ૫. | શિક્ષણ ધિરાણ સહકારી મંડળી | – | ૧૪.૨૮ |
| | કુલ | ૧૪ | ૧૦૦% |

## *(૩) સ્વૈચ્છિક સંસ્થાઓ :*

ગ્રામીણ વિસ્તારમાં મુખ્યત્વે કેટલીક કલ્યાણલક્ષી સામાજિક, સાંસ્કૃતિક વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ કે સંગઠનો કામગીરી બજાવતા હોય છે. આવી સંસ્થાઓ કે સંગઠનોની માહિતી નીચેના કોઠા નં. ૩.૨૯માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૩.૨૯*
*સ્વૈચ્છિક સંસ્થાઓની સુવિધા*

| *ક્રમ* | *વિગત* | *સુવિધા ધરાવતા ગામોની સંખ્ય))* | *ટકાવારી* |
|---|---|---|---|
| ૧. | યુવક મંડળ | ૨ | ૨૫.૦૦ |
| ૨. | મહિલા મંડળ | ૧ | ૧૨.૫૦ |
| ૩. | સ્વાધ્યાય કેન્દ્ર | ૫ | ૬૨.૫૦ |
| | અન્ય કોઈ પ્રવૃત્તિ | ૮ | ૧૦૦% |

પ્રાપ્તિ સ્થાન : પસંદગીના ગામોની ગ્રામ પંચાયત કચેરીના દફતરેથી.

## ૩.૨૨ પસંદગીના ગામોની અન્ય સુવિધા :

પસંદગીના ગામોમાં સરકારી, સહકારી, અને અન્ય પત્રકારની સંસ્થાઓ કામ કરતી રહે છે, તેના પરથી આવા ગામો વિવિધલક્ષી પ્રવૃત્તિથી ધમધમતા હોય છે કે નહીં તેનો સંકેત મળે છે. ગ્રામજનોના આર્થિક તથા સામાજિક હિતના સંદર્ભમાં કેટલીક સુવિધાઓ ઉપયોગી હોય છે આવી માહિતી અંગે ટૂંકમાં વિવરણ કરીશું.

### *(૧) પુસ્તકાલયની સુવિધા :*

સામાન્ય જ્ઞાન પ્રાપ્તિના મહત્ત્વના સાધન તરીકે શાળાઓ આવે છે ત્યાર બાદ અક્ષર જ્ઞાન અને વાચન શકિતનો વિકાસ થતા વિવિધ વિષયોના પુસ્તકોના વાચન દ્વારા વ્યકિતના ઘડતરનો વિકાસ થતો હોય છે. આવા ઘડતરના વાંચનાલયનું સ્થાન અતિ મહત્ત્વનું ગણાય. આ ગામોમાંથી કેટલાંક ગામોમાં જ આ સુવિધા પ્રાપ્ય છે જેમાં કોલકી, ઝાંઝમેર વગેરે જયારે મોટાભાગના ગામોમાં આ પ્રકારની સુવિધા જોવા મળેલ નથી.

### *(૨) પોસ્ટ ઑફિસની સુવિધા :*

ગામડાઓના વિસ્તારમાં સંદેશાવ્યવહાર માટે અગત્યના સાધન તરીકે પોસ્ટ ઓફિસ મહત્ત્વનું કાર્ય બજાવે છે. જૂના વખતમાં ઘણા રજવાડી વિસ્તારોના ગામની

પ્રાથમિક શાળાના આચાર્યને આ અંગેની જવાબદારી સોંપવામાં આવતી હતી. આઝાદી બાદ વિકાસના ભાગ રૂપે આ સેવા સ્વતંત્ર રીતે ગામડાઓ સુધી પહોંચાડવામાં આવેલ છે. આપણા અભ્યાસમાં આવરી લેવાયેલ તમામ ગામોમાં આ સુવિધા પ્રાપ્ય છે જે એક શુભ નિશાની ગણાવી શકાય.

### *(૩) રેલ્વે સ્ટેશનથી જોડાયેલ ગામો :*

સૌરાષ્ટ્રના રજવાડાઓ દ્વારા રેલ્વેનો વિકાસ આઝાદીના સમય પેલાના સમયથી થયો હતો આવી સેવામાં દેશી રજવાળાનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. આ ગામો સીધી રીતે રેલ્વે સ્ટેશનની સુવિધા મેળવતા નથી, પરંતુ તેના નજીકના સ્થળે રેલ્વે સ્ટેશનની સુવિધા હોય છે. આજના સમયમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા ગામોગામ બસ સુવિધા આપવાના પ્રયાસો થતા હોય તેમ છતાં બે ગામો માટે કોલકીને ઉપલેટાનું રેલ્વે સ્ટેશન નજીક પડે અને શાપર વેરાવળને રીબડાનું સ્ટેશન નજીક પડે છે.

### *(૪) રસ્તા વ્યવહાર અંગેની સુવિધાઓ :*

આપણા આ સંશોધન અભ્યાસમાં પસંદગીના ગામોમાં રસ્તા વ્યવહાર અંગેની સુવિધાઓમાં જોઈએ તો એકાદ ગામમાં પાકા રસ્તા નથી બાકીના તમામ ગામોને જોડતા પાકા રસ્તાઓ છે. વાહન વ્યવહારની સુવિધામાં બસો મળે છે. આવા ગામોમાં રસ્તાના વિકાસ થવાથી ખેતી ક્ષેત્ર અને તેની સાથે સંકળાયેલ ધંધા – ઉદ્યોગોનો વિકાસ થાય છે. કુટીર ઉદ્યોગો માટે જોઈતો કાચો માલ તથા તૈયાર થયેલા માલ લાવવામાં સરળતા રહે છે તે આમ આ ગામોમાં રસ્તા અંગેની સુવિધા હોવાથી આ એક સારું પાસું કહી શકાય.

### *(૫) વાહન વ્યવહારની સુવિધા :*

પસંદ કરેલા ગામોમાં પાકા રસ્તા હોય તો વાહન વ્યવહાર સરળ બને છે. ૧૯૯૧ની નવી આર્થિક નીતિથી સેવાક્ષેત્રનું પ્રમાણ વધ્યું છે. સેવાક્ષેત્રનું પ્રમાણ વધતા વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરેની સગવડો આજે નાના–નાના ગામડામાં પણ ઉપલબ્ધ બની છે જે એક સારી બાબત ગણાવી શકાય.

### *(૬) વીજળીની સુવિધા :*

ગુજરાતમાં વીજળીકરણની સરકારની નીતિના લીધે તથા ગામેગામ વીજળી, સિંચાઈની સુવિધાના સંદર્ભમાં ખેત વિકાસ માટે આ સુવિધા આવશ્યક ગણાતી હોવાથી મોટાભાગનાં ગામડાઓ સુધી ગુજરાત વીજળીકરણની પ્રવૃત્તિનો ફેલાવો થઈ શકે વળી આ નીતિના ભાગરૂપે આપણા અભ્યાસમાં આવરી લેવાયેલ બધા જ ગામમાં વીજળીકરણની સેવા અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. આ દષ્ટિએ આ ગામોના મહત્ત્વના સ્ત્રોત તરીકે વીજળીનું ઘણું મહત્ત્વ ઝડપથી વધી રહ્યું છે ત્યારે આવી સુવિધા વધતા ઉત્પાદકીય હેતુ માટે વીજળી વપરાશનો વિશાળ અવકાશ ઊભો થાય છે. તથા તે પર આધારિત અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસવા પામે છે.

### *(૭) પાણીની સુવિધા :*

પસંદ કરેલા ગામોમાં પાણીની સુવિધાનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. ગામડામાં પીવાના પાણીની ખૂબ મુશ્કેલીઓ રહેતી હોવાથી પીવાના તથા વાપરાવા માટેના પાણી અમુક ગામોમાં ઘણે દૂરથી ભરવા જવું પડે છે. જો ચોમાસું સારું હોય તો આઠ માસ પાણી મળી રહે પરંતુ જે વર્ષે ચોમાસું સારું ન રહેતો તે વર્ષે પાણી માટે દૂર દૂર જવું પડે છે તો આમ પીવાના પાણીની મુશ્કેલી આજે દરેક જીલ્લા અને ગામડામાં રહેલી છે તે એક યોગ્ય બાબત ગણી ન શકાય.

## ૩.૨૩ સારાંશ :

આ ત્રીજા પ્રકરણમાં આવરી લેવામાં આવેલા વિવિધ સુવિધાલક્ષી તેમજ વસ્તીલક્ષી મુદ્દાઓને આધારે ગ્રામીણ કારીગર વર્ગોનું આર્થિક જીવન નોંધપાત્ર રીતે ઊંચુ ગયું હોય તેવા અણસાર પ્રાપ્ત થયેલ નથી. આંકડાકીય દષ્ટિએ આવક, મિલકત, મૂલ્ય વગેરે બાબતોને આગળ ઉપર તપાસવામાં આવશે ત્યારે આર્થિક સ્થિતિ સંબંધી વાસ્તવિક ચિત્ર પ્રાપ્ત થઈ શકશે. હાલ વિવિધ સંભાવનાઓ આર્થિક સ્તર પર વ્યવસાયની અસરો ગહન પ્રમાણમાં પડે છે. આ પ્રકારની વિવિધ બાબતો જે સંભાવનાનો નિર્દેશ કરે છે તેને

વાસ્તવિક રીતે ચકાસવા વ્યવસાયલક્ષી માહિતીનું વિગતવાર નિરૂપણ કરવું આવશ્યક છે. આ વર્ગ કયા પ્રકારના વિવિધ વ્યવસાયમાં પ્રવૃત્ત છે. આ વ્યવસાયોમાં રોજગારીની સ્થિતિ શું છે ? આવા વ્યવસાયમાં ભાવિ વિકાસ અંગે કેવો અવકાશ રહેલો છે ? આવા વ્યવસાયમાં આવક–વેતનનું સ્તર કેવું છે ? વગેરે મુદ્દાઓની ચર્ચા પરથી આ વર્ગના લોકોના આર્થિક જીવનનું નિરૂપણ કરવામાં વાસ્તવિક તત્ત્વ લાવી શકાય. જેનું વિશ્લેષણ હવે પછીના પ્રકરણ–૪માં કરવામાં આવેલ છે. આ વિશ્લેષણ આપણા આ સંશોધન અભ્યાસને વાસ્તવિકતાથી નજીક લઈ જવામાં ઉપયોગી બની રહે છે.

✫✫✫

# પ્રકરણ-૪
# આધુનિકરણ અને ગ્રામીણ કારીગરોની પ્રવૃત્તિઓ

૪.૧ પ્રસ્તાવના
૪.૨ ગ્રામીણ કારીગરોના પરંપરાગત વ્યવસાયો
૪.૩ ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિને લગતી વિગતો
૪.૪ ધંધાને લગતાં સ્થળ વિશેની વિગત
૪.૫ આર્થિક મોભો અથવા સ્થાન
૪.૬ ઉદ્યોગનું નામ અને આર્થિક પ્રવૃત્તિ
૪.૭ કારીગર અને ધંધાકીય ક્ષેત્રોની પ્રવૃત્તિ
૪.૮ ઉત્પાદન પદ્ધતિ
૪.૯ ઉર્જાશક્તિના સ્ત્રોતોનો ઉપયોગ
૪.૧૦ ઉત્પાદિત માલની માંગનું સ્વરૂપ અને વેચાણની પ્રક્રિયા
૪.૧૧ અવેજીનો વિસ્તાર
૪.૧૨ અવેજી વસ્તુઓની શક્યતા
૪.૧૩ બીજા ઉદ્યોગો સાથેનો સંબંધ
૪.૧૪ વસ્તુની બજારમાં માંગ
૪.૧૫ વ્યવસાયલક્ષી હરીફાઈનું તત્ત્વ
૪.૧૬ કામના સ્થળનું વિશ્લેષણ
૪.૧૭ ધંધામાં આધુનિકરણ
૪.૧૮ સારાંશ

# પ્રકરણ-૪
# આધુનિકરણ અને ગ્રામીણ કારીગરોની પ્રવૃત્તિઓ

## ૪.૧ પ્રસ્તાવના :

પ્રકરણ ત્રીજામાં ગ્રામીણ કારીગરોના કુટુંબ અંગે સામાન્ય માહિતી પ્રાપ્ત કરવામાં આવેલી, જેમાં કુટુંબના કમાનાર સભ્યો અંગે પ્રાથમિક વિગત સ્વરૂપે કમાનારની સભ્ય સંખ્યા તથા સ્ત્રી–પુરુષ કમાનાર સભ્યો અંગે ચર્ચા કરી તે દરમિયાન જાણવા મળ્યું છે કે આર્થિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેલ કારીગરોમાંથી ૪૨ ટકા કારીગરવર્ગની સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલ છે. પુખ્ત વય સિવાય બાળકો તેમજ વૃદ્ધો પણ આવી પ્રવૃત્તિમાં રોકાયેલ જોવા મળે છે.

સામાન્ય રીતે આવકનું સ્તર નક્કી કરવામાં મુખ્યત્વે રોજગારીના સ્વરૂપોનો અગત્યનો ફાળો હોય છે. કેમ કે વિવિધ ક્ષેત્રોમાં રોજગારી પ્રાપ્ત થાય તે મુજબ રોજગારી મેળવનારને આવક ઓછી કે વધુ મળતી હોય છે. આમ રોજગારીના સ્વરૂપ અંગેની વિગતવાર માહિતી દ્વારા આ વર્ગના લોકોના આર્થિક સ્તર અંગેના સંકેતો મળી શકે છે. આ બધા જ મુદ્દાઓને ચોથા પ્રકરણમાં સમાવેશ કરવામાં આવ્યા છે. આ કુટુંબો અંગે પરંપરાગત અને બિનપરંપરાગત વ્યવસાયોની માહિતી, પૂરક વ્યવસાયોનું મહત્ત્વ અને આવા વ્યવસાયોની વિગત, જુદા જુદા આર્થિક ક્ષેત્રોમાં રોકાયેલા લોકો સંબંધી ચર્ચા, ધંધાકિય સ્થિતિ સબંધિત બાબતો, વ્યવસાયમાં ઉત્પાદન પદ્ધતિના પ્રકારો, ધંધા–વ્યવસાયોમાંથી પ્રાપ્ત થતી રોજગારી, રોજગારોના દિવસો, પરંપરાગત વ્યવસાયોમાં ટકી રહેવાના તથા પુરક વ્યવસાયો સ્વીકારવાના કારણોનું વિશ્લેષણ, આ મુદાની ચોથા પ્રકરણમાં ચર્ચા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેથી આ લોકોનું આવકનું સ્તર કેવું હોઈ શકે, તેનો અંદાજ મેળવી શકાય. આ રીતે આ ચર્ચા ઘણી

મહત્ત્વની છે. કેમ કે એ નક્કી થાય છે કે જેમાં પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે. આ રીતે જીવન નિર્વાહ માટે જે વ્યવસાયો મોટાભાગની આવક આપે છે. તેના પર આર્થિક સ્તર નિર્ભર રહે છે, જો આવી આવક ઊંચી હોય તો વ્યક્તિનો સામાજિક દરજ્જો પણ ઊંચો ગણાય છે, જયારે આવક ઘણી ઓછી હોય તો ગરીબીની સ્થિતિમાં જીવન નિર્વાહ કમાનારનો સામાજિક દરજ્જો નીચો ગણાય છે. આમ વ્યવસાયનું સ્વરૂપ તેના આર્થિક ઉત્થાનની કક્ષા નક્કી કરવામાં પાયાનું સ્થાન ધરાવે છે. આ પ્રકરણની માહિતી પર ઉત્તરદાતાએ આપેલ માહિતી પર આધારિત છે.

## ૪.૨ ગ્રામીણ કારીગરોના પરંપરાગત વ્યવસાયો :

ભારતમાં પ્રાચીન સમયથી વ્યવસાયો ઉપર આધારિત વર્ણો અને જ્ઞાતિ વ્યવસ્થા ઊભી થવા પામી છે. તેથી મોટાભાગના વ્યવસાયો પરંપરાગત રીતે જ વિકાસ પામેલ છે. સમાજમાં જુદા જુદા વર્ગો અને વર્ણો વચ્ચે શ્રમવિભાજન થયાનું વલણ આપણા ભારતીય સમાજમાં વિશેષ જણાય છે. "સદીઓથી ભારતમાં જોવા મળતી વર્ણ વ્યવસ્થા વ્યક્તિના વ્યવસાયોને આધારે ગણવામાં આવે છે. પરિણામે આ લોકો સમાજમાં સૌથી નીચું સ્થાન ભોગવતા જોવા મળે છે. આ રીતે પછાત વર્ગો મુખ્યત્વે તેના માટે નક્કી થયેલ પરંપરાગત વ્યવસાયોમાં રોકાયેલ હોય, તે ઘણું સ્વાભાવિક છે, અને તેમાં પણ ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં આવું વિશેષ સ્વનિષ્ઠ છે. પરંપરાગત ક્ષેત્રોની આર્થિક પ્રવૃત્તિમાં પોતાનો શ્રમ આપી, આર્થિક ઉપાર્જન કરવાનું, અને કુટુંબનું ભરણ પોષણ કરવાનું ગ્રામ્ય સમાજમાં ઘણું સ્વભાવિક ગણાય છે. આમ, ગ્રામ્ય સમાજમાં ખાસ કરીને ગ્રામીણ કારીગરો કયા પરંપરાગત વ્યવસાયોમાં રોકાયેલ છે ? તેની પ્રાપ્ત માહિતી દ્વારા આ લોકોના આર્થિક ઉત્થાન અંગેની સંભાવનાઓ પર પ્રકાશ પાડવામાં મદદરૂપ બની શકે તેમ છે. આમ વ્યવસાયલક્ષી બાબતોની ચર્ચા દ્વારા આર્થિક રીતે સામાજિક મોભા અંગેનો અણસાર પણ મળી રહેવાનો સંભવ હોઈ, આ પ્રકરણની ચર્ચા આ અભ્યાસ માટે ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## ૪.૩ ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિને લગતી વિગતો :

ગ્રામીણ વિસ્તારના કારીગરોની આર્થિક પ્રવૃત્તિએ પરંપરાગત પ્રવૃત્તિ છે. તેઓની મોટાભાગની પ્રવૃત્તિઓ કુટુંબના સભ્યો દ્વારા જ કરવામાં આવતી હોય છે. આવા વ્યવસાયોમાં કાચામાલની સમસ્યા ઊભી થતી નથી કેમ કે સુથારી કામ, લુહારી કામ, વાળંદ દ્વારા હજામતનું કામ, રિપેરિંગનું કામ, પશુપાલનનું કામ, મરઘા–બતકા ઉછેરનું કામ વગેરેમાં કાચામાલની સમસ્યા જ ઉદ્દભવતી નથી. જયારે સાવરણી–સાવરણા, ટોપલા–ટોપલી, કુંભાર કામ માટે કાચો માલ આજુબાજુના વિસ્તારમાંથી મળી રહેતો હોવાથી તેનો પ્રશ્ન પણ રહેતો નથી, આમાં આર્થિક પ્રવૃત્તિને ગ્રામીણ કારીગરોની એક પ્રકારની સેવાકિય પ્રવૃત્તિ જ ગણવામાં આવે છે.

## ૪.૪ ધંધાને લગતાં સ્થળ વિશેની વિગત :

ગ્રામીણ કારીગરોના ધંધાનું સ્થળ મોટેભાગે રહેણાંકના વિસ્તારમાં આવેલ હોય છે. આથી આવન–જાવનનો સમય તથા આર્થિક ખર્ચ થતો નથી. પરંતુ જો ગ્રામીણ કારીગરોનાં ધંધાનું સ્થળ દૂર હોય તો વહેલાં જવું પડે, તેમજ આર્થિક ખર્ચ થવાની શકયતા રહે છે. આથી સમય અને નાણું બન્ને ખર્ચવા પડે છે. પરંતુ આપણાં આ અભ્યાસના બધા જ કારીગરોના વ્યવસાયો પોતાના જ રહેણાકના મકાનમાં કે બાજુના મકાન અથવા થોડે દૂર ગામમાં જ ધંધો કરવામાં આવે છે. તેવી જ રીતે જે કંઈ ચીજવસ્તુનું ઉત્પાદન કરે છે, તેનું વેચાણ ગામમાંજ અથવા તો ગામની આજુબાજુના ગામડામાં થતું હોવાથી વેચાણ માટે દૂરનાં ગામડામાં જવું પડતું નથી.

### *કોઠા નં. ૪.૧*

### *ધંધાને લગતા સ્થળ અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *(અ) કારીગરોની સંખ્યા* | *(બ) કારીગરોની સંખ્યા* | *કુલ કારીગરોની સંખ્યા* | *ટકાવારી* |
|---|---|---|---|---|---|
| ૧. | ઘરમાંજ રાખવામાં આવ્યા છે ? | ૫૩ (૫૪.૦૯%) | ૫૦ (૪૯.૦૦%) | ૧૦૩ | ૫૧.૫૦ |
| ૨. | બીજા સ્થળે દુકાન છે | ૪૫ (૪૫.૯૧) | ૫૨ (૫૧.૦૦%) | ૯૭ | ૪૮.૫૦ |
| ૩. | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧માં દર્શાવવામાં આવેલ માહિતી પરથી જોઈ શકાય છે કે ધંધાને લગતા સ્થળ અંગેના વિશ્લેષણમાં A કારીગરોમાંથી ૫૩ કારીગરો પોતાના ઘરમાં જ પોતાનો ધંધો રાખવામાં આવેલ છે જે ૫૪.૦૯ ટકા થવા જાય છે. જયારે B કારીગરમાંથી ૫૦ કારીગરો પોતાના રહેઠાણમાંજ ધંધો ચલાવે છે, જે ૪૯.૦૦% ટકા થાય છે. આમ સંયુક્ત ૧૦૩ કારીગરો પોતાના જ રહેણાંકના મકાનમાં જ પોતાનો વ્યવસાય કરે છે.

જયારે બીજા સ્થળે દુકાન કે કામે જતા હોય તેવા કારીગરોમાં A કારીગરો બીજી જગ્યાએ પોતાનો વ્યવસાય ચલાવે છે. આમ બંને, સંયુક્ત ૯૭ કારીગરો બીજા સ્થળે વ્યવસાય કરે છે. આ માહિતી પરથી જોઈ શકાય છે કે કુલ કારીગરોમાંથી ૧૦૩ કારીગરો પોતાનો વ્યવસાય પોતાના જ રહેણાકના મકાનમાં કરે છે અને ૯૭ કારીગરો બીજી જગ્યાએ પોતાનો વ્યવસાય ચલાવે છે.

આમ, ધંધાને લગતા સ્થળની પસંદગીમાં કારીગરોનો ધંધો ગામડામાં જ હોવાથી બીજા કોઈ જ ખર્ચા કારીગર વર્ગને થતા નથી આપણા આ અભ્યાસમાં ૧૦૩ કારીગરોને પોતાનો ધંધો રહેણાક મકાનમાં ચલાવતા હોવાથી બીજી જગ્યા માટે મૂડી રોકાણ કરવામાં આવતું નથી. તેમજ રહેણાક મકાનમાં હોવાથી સમય પણ વધારે મળે છે. બીજી મહત્ત્વની

બાબત એ છે કે આવા વ્યવસાયો ઘર આંગણે ચલાવવામાં આવતા હોવાથી ઘરના બધા જ સભ્યો વત્તાઓછા પ્રમાણમાં મદદરૂપ બનતા હોય છે.

## ૪.૫ આર્થિક મોભો અથવા સ્થાન :

આર્થિક મોભો એ સમગ્ર દરજ્જાની પારાશીશી છે. આજે ભારતમાં આર્થિક ક્ષેત્રે ઠીક ઠીક પરિવર્તન આવ્યું છે. ત્રીજા વિશ્વના દેશોમાં ભારત આર્થિક વિકાસના ક્ષેત્રે મોખારાનું સ્થાન ધરાવે છે. દશ પંચવર્ષિય યોજના પછી ભારતે અન્ન ઉત્પાદન, ઔદ્યોગિક તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી છે. આજે ઉદારીકરણ, શહેરીકરણ અને વૈશ્વિકરણને કારણે નવા સાહસો એ ભારતના લોકો માટે રોજગારીની અનેક નવી તકો ઊભી કરી આપી છે. નવી તકોને કારણે રોજગારીની તરાહ બદલાઈ છે. રોજગારીની બદલાતી તરાહને લીધે ગ્રામીણ કારીગરોની રોજગારી અને આર્થિક પ્રવૃત્તિ પર બે પ્રકારે અસર પડી છે, એક તો કારીગરોને તેમના પરંપરાગ વ્યવસાય અને કુશળતા છોડી દેવા પડયા છે અને બીજું ઔદ્યોગિકરણને પરિણામે કૌટુંબિક કુશળતા પર નભતા કારીગરવર્ગના લોકોના વ્યવસાયોને સૌથી મોટો ધક્કો પહોંચ્યો છે.

*કોઠા નં. ૪.૨*

*આર્થિક મોભા અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | સ્વહસ્તક ઉદ્યોગ | ૯૨ | ૯૯ | ૧૯૧ |
| ૨. | ભાગીદારી | ૬ | ૩ | ૯ |
| ૩ | બીજે નોકરી કરો છો ? | – | – | – |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૨માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૯૨ કારીગરો પાસે સ્વહસ્તકના ઉદ્યોગો છે. B કારીગરોમાંથી ૯૯ કારીગરો પાસે સ્વહસ્તકના ઉદ્યોગો છે. આમ બંને સંયુક્ત રીતે જોઈએ તો ૧૯૧

કારીગરો પાસે સ્વહસ્તક ઉદ્યોગો છે જયારે ભાગીદારીમાં A કારીગરોમાંથી ૬ કારીગરો ભાગીદારીથી વ્યવસાય કરે છે. અને B કારીગરોમાંથી ૩ કારીગરો ભાગીદારીથી વ્યવસાય કરે છે. આમ બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૯ કારીગરો ભાગીદારી ધંધો ચલાવે છે. જયારે આપણા આ સંશોધન અભ્યાસમાં બીજે નોકરી કરતાં હોય તેવા એક પણ કારીગર નથી. ઉપરની તમામ માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે મોટાભાગના કારીગર વર્ગ પાસે સ્વહસ્તકના ઉદ્યોગો છે.

## ૪.૬ ઉદ્યોગનું નામ અને આર્થિક પ્રવૃત્તિ :

ગ્રામીણ વિસ્તારોમાં બિન કૃષિ ક્ષેત્રોનો વિકાસ વર્તમાન સમયમાં વધતો જતો જોવા મળે છે. કૃષિક્ષેત્ર પર નભતા ખેડૂતોની સંખ્યા લગભગ ૬૦ થી ૬૫ ટકા કરતાં વધુ જોવા મળે છે. પરંતુ ભારતના આ અભ્યાસ દરમિયાન જોવા મળ્યું છે કે વધતી જતી વસ્તીને નિભાવવા માટે અને કૃષિક્ષેત્ર પર વધતો જતો બોજો એ કૃષિ ઉત્પાદકતા ઘટાડે છે. ત્યારે આવી અનેક સમસ્યાઓને ધ્યાનમાં રાખીને ગાંધીજીએ સૌ પ્રથમ ગ્રામોદ્યોગોનાં વિકાસ માટેની હિમાયત કરી હતી. ગાંધીજીના આર્થિક વિચાર પર દષ્ટિપાત કરતાં જાણવા મળે છે કે, જો ગ્રામીણ ક્ષેત્રે જુદા જુદા પ્રકારની રોજગારી વિકસાવવામાં આવે તો જ દેશનો ઝડપી વિકાસ થઈ શકે છે. અને આ વિકાસ લાંબા ગાળા સુધી ટકી શકે, તેવો સંતોષિક વિકાસ હશે, માટે તેમણે વિકેન્દ્રિત રીતે સમાનતા અને વાલીપણાના સિદ્ધાંત દ્વારા ગ્રામીણ ક્ષેત્રના વિકાસની વાત કરી હતી 'ગાંધીજીના મતે– ગામડું એ ભારતનો આત્મા છે. જો ગામડાનો નાશ થશે તો દેશનો પણ નાશ થશે''[3]

ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ કરવાનો હોય તો ગ્રામોદ્યોગોનું વિભાગીકરણ થવું આવશ્યક છે. તેમાં કુલ ૧૬થી પણ વધારે જુદા જુદા ઉદ્યોગોનો વિકાસ કરી સ્વરોજગારી પ્રાપ્ત કરી શકાય છે.

(૧) **ખનીજ આધારિત ઉદ્યોગો :** આમ ગ્રામ કુંભારી ઉદ્યોગ, ચુનાનાં, પથ્થરમાંથી બનતી બનાવટો, પથ્થર કાપવાનું મશીન, મંદિરો, સુથારી કામ, પ્લાસ્ટર કામ, કડિયાકામ, રંગકામ વગેરે ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત કરી શકાય છે.

(૨) **જંગલ પેદાશ આધારિત ઉદ્યોગો :** જંગલ પેદાશ આધારિત ઉદ્યોગોમાં કાગળ, કાચુગુંદર, જાડુ, સાવરણી, થેલી, ફાઈલ વગેરેનો સમાવેશ થાય.

(૩) **ખેતી પેદાશ અને ખાદ્ય ઉપયોગી બનાવટ આધારિત ઉદ્યોગ :** આવી પેદાશોનાં અનાજ અને દાળ પ્રોસેસિંગ ઉદ્યોગ, મસાલા, નીતરતો ગોળ અને તાડપેદાશ, ગોળ અને ખાડસરી, મધમાખી ફળ, પરી સંસ્કરણ, તેલ ઘાણી, રેશન ઉદ્યોગ વગેરેનું એકત્રીકરણ બનાવટોથી ઉદ્યોગો સ્થાપી શકાય છે.

(૪) **પોલીમર અને રસાયણ આધારિત ઉદ્યોગ :**

આ ઉદ્યોગોમાં ચર્મ ઉદ્યોગ મૃત પશુશળ, હેગ, પાકા ચામડા, ચામડાના બૂટ, ચંપલ તથા અન્ય બનાવટનો સમાવેશ થાય છે. તેમજ ડીટરજન્ટ અને ધોવાનો પાવડર, બિંદી, મહેંદી વગેરે.

(૫) **એન્જિનિયરીંગ અને નોન કોન્વેન્શનલ એનર્જી આધારિત ઉદ્યોગો :**

સુથારી, લુહારી, વાસણો બનાવવાના ઉદ્યોગો, ટાંકણી, સેફટીપીન વગેરે બનાવવાનો ઉદ્યોગ, ઈલેકટ્રોનિકસ ઉદ્યોગ, ટેકસટાઈલ વગેરે ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

(૬) **ખાદી ગ્રામ ઉદ્યોગ :**

ખાદીને પ્રાધાન્ય આપનાર ગાંધીજી કહેતાં હતાં જો ગ્રામીણ ક્ષેત્રે ખાદી ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવે, તો દેશમાં રોજગારી તેમજ આત્મનિર્ભરતા અને સ્વાયતતા પ્રાપ્ત કરી શકાય. તે માટે સરકાર જુદા જુદા ક્ષેત્રે સહાય પણ કરે છે. ગ્રામ ઉદ્યોગને બેઠા કરવાની કામગીરી કેન્દ્ર સ્તરે ખાદી ગ્રામ આયોગ અને રાજ્ય સ્તરે ગુજરાત રાજ્ય ખાદી

ગ્રામ ઉદ્યોગબોર્ડ કરી રહેલ છે. ખાદી ઉદ્યોગએ શ્રમલક્ષી ઉદ્યોગ છે માટે વ્યક્તિ ઓછું મૂડીરોકાણ કરી ચાલું કરી શકે છે.

**(૭) માટી કામ ઉદ્યોગ :**

માટીકામ ભારતની પ્રાચીન સંસ્કૃતિનું પ્રતીક છે. ઘરવપરાશની વસ્તુઓને માટીથી સુશોભન અને કલાત્મક હેતુઓ માટે માટીકામની વિવિધ બનાવટોનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. આ ઉદ્યોગ ખૂબ જ ઓછી મૂડીએ શરૂ થતાં હોવાથી જિલ્લામાં ઘણી રીતે વિકસીત છે. ખાસ કરી ૨૦૦૫–૦૬ના બજેટમાં રેલ્વે પ્રધાન લાલુપ્રસાદ યાદવે માટીકામ ઉદ્યોગ વિકસે અને ગ્રામીણ ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થાય તે માટે 'કોડિયા ચા' માટે ઉપયોગ વેગવાન બન્યો છે.

**(૮) સુથારી / લુહારીકામ :**

લુહાર અને સુથાર ખેતી માટેના ઓજારો અને ગૃહ નિર્માણ માટેની પેદાશો બનાવે છે અને તેનું સમારકામ કરે છે. જીવનના તમામ તબકકે અને જીવનના બધા જ પ્રસંગોમાં સુથારી કામ અને લુહારી સેવા ઘણું મહત્ત્વ ધરાવે છે.

**(૯) વાંસ ઉદ્યોગ :**

વાંસ ઉદ્યોગએ સામાજિક રીતે પછાત જાતિઓ દ્વારા ચલાવતો ઉદ્યોગ છે. આ ઉદ્યોગએ રોજગાર લક્ષી ઉદ્યોગ છે. તે પછાત જાતિના લોકો જંગલમાંથી વાંસ લઈ સુંડલા સુંડલાં બનાવીને રોજગારી મેળવે છે.

**(૧૦) હાથ છડ ઉદ્યોગ :**

આ યોજનાને અનાજ, દાળ, પશુધન યોજના તરીકે ઓળખાવે છે. અનાજદાળ, પશુધન યોજના ખૂબ જ પૂરાણી અને પ્રાચીન કામગીરી છે. તેમાં કઠોળની બાબતમાં તેમજ માલ ઉદ્યોગ કે ગૃહ ઉદ્યોગ તરીકે પણ વિકસીત બન્યો છે.

### (૧૧) ગોળ અને ખાંડસરી ઉદ્યોગ :

આ ઉદ્યોગ ખેતી આધારિત છે. ખેડૂતો પાસેથી શેરડી લઈને તેમાંથી ગોળ અને ખાંડસરી બનાવી શકાય છે. જો કે ગોળ અને ખાંડસરી તૈયાર કરવા માટે શેરડીની જરૂર પડે છે અને શેરડીના પાક માટે પાણીની જરૂરિયાત રહે છે.

### (૧૨) તેલ ઘાણી ઉદ્યોગ :

તેલિબિયાં એ ખેત ઉત્પાદનનો મુખ્ય પાક છે. આઝાદી પછી આપણે અનાજના ઉત્પાદનમાં હરિયાળી ક્રાંતિ સર્જી શકયા છીએ. અગાઉ બળદથી ચાલતી તેલઘાણી હતી. ૧૯૭૨માં તેમાં સુધારો કરી આધુનિક બનાવવામાં આવે છે.

### (૧૩) સાબુ ઉદ્યોગ :

દરેક દેશમાં સાબુની જરૂરિયાતો સંતોષવા માટે સાબુ ઉદ્યોગોનું ગ્રામ ઉદ્યોગ તરીકે સારા એવા પ્રમાણમાં વિકાસ થઈ શકે તેમ છે. તેમાં કોઈ ખાસ ટેકનોલોજીની જરૂર નથી તેમજ તેમાં જે ચીજવસ્તુનો ઉપયોગ થાય તે સરળતાથી બધાને મળી શકે છે.

### (૧૪) નીરા તાડગોળ :

નીરા તાડગોળ એક પ્રાચીન ઉદ્યોગ છે જો કે તે ઋતુ આધારિત ઉદ્યોગ છે. તાડ અને ખજૂરીના વૃક્ષોમાંથી રસ એકત્રિત કરીને જેમાં રસનો ગોળ બનાવવામાં આવે છે. જે જિલ્લામાં તાડ અને ખજૂરી વૃક્ષો વધુ પ્રમાણમાં હોય ત્યાં આ ઉદ્યોગ થઈ શકે.

### (૧૫) રેસા ઉદ્યોગ :

રેસા ઉદ્યોગ એ ઘણો જૂનો અને મહત્ત્વનો ગ્રામ ઉદ્યોગ છે, તે ખેત આધારિત છે, શણ, ભીંડી, કેતકી, કેળ વગેરેમાંથી રેસા કાઢીને ઘર ઉપયોગી તેમજ ખેત ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવે છે.

(૧૬) ચર્મ ઉદ્યોગ :

આ ઉદ્યોગ પશુ પાલન આધારિત ઉદ્યોગ છે. તેમાં મૃત પશુઓના ચામડા પર પ્રોસેસ કરી ચામડાની વિવિધ બનાવટો બનાવવામાં આવે છે. આ ઉદ્યોગમાં ઘણાં પ્રકારના લોકો કામ કરે છે. મૃત પશુનું ચામડુ તૈયાર કરવાનું કામ ચમાર કરે અને તેમાંથી વિવિધ વસ્તુ બનાવવાનું કાર્ય અન્ય લોકો કરે છે.

(૧૭) હાથ કાગળ ઉદ્યોગ :

કાગળનો ઉપયોગ વધતો જતો હોવાથી તેમના ઉત્પાદનમાં પણ વધારો થયો છે. મુખ્યત્વે રેસા વાળા પદાર્થમાંથી માળો બનાવી કાગળ બનાવવામાં આવે છે, આજે કાગળનું ઘણું બધુ ઉત્પાદન નાના પાયે થઈ શકે છે.

(૧૮) પોલીવસ્ત્ર ઉદ્યોગ :

ગાંધીજી સમય અને સંજોગો પ્રમાણે વસ્તુના સ્વરૂપમાં અંતે ઉત્પાદન પદ્ધતિમાં ફેરફાર કરવામાં માનતા, પરંતુ તેમનો આગ્રહ હતો કે બેકારીમાં વધારો ન થવો જોઈએ. લોકો જો ખાદીનો ઉપયોગ વધારશે તો ખાદી ઉદ્યોગનો વિકાસ વધશે.

(૧૯) અગરબતી ઉદ્યોગ :

આ ઉદ્યોગ મહત્ત્વના ગ્રામોઉદ્યોગ, કુટિરઉદ્યોગ અને ગૃહઉદ્યોગ તરીકે ગણી શકાય બધા જ લોકો તેની ધાર્મિક ક્રિયા, પુજામાં અગરબત્તીનો ઉપયોગ કરે છે.

(૨૦) ચૂનાના પથ્થર કામ ઉદ્યોગ :

બાંધકામ કામગીરીમાં સતત વધારો થતા ચૂનાના પથ્થરકામ ઉદ્યોગનો ઘણા મોટા પ્રમાણમાં વિકાસ થયો છે. શહેરીકરણને કારણે મકાનો, ઓફિસ અને રસ્તાઓનું બાંધકામ વધ્યું છે. આ ઉદ્યોગને ગ્રામ ઉદ્યોગ તરીકે માન્યતા મળી છે.

આ માહિતી પ્રકરણ ત્રીજામાં કોઠા નં. ૪.૩માં દર્શાવેલ ઉદ્યોગોનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

### કોઠા નં. ૪.૩

### આર્થિક પ્રવૃત્તિના નમૂનાનું વિશ્લેષણ

| ક્રમ | વિગત | A કારીગરોની સંખ્યા | B કારીગરોની સંખ્યા | સંયુક્ત કારીગરો |
|---|---|---|---|---|
| ૧. | સેવા કરો છો ? | ૩ | ૧૦ | ૧૩ (૬.૫%) |
| ૨. | વસ્તુનું ઉત્પાદન કરો છો ? | ૮૪ | ૮૧ | ૧૬૫ (૮૨.૫૦%) |
| ૩. | રિપેરિંગનું કામ કરો છો ? | ૭ | ૫ | ૧૨ (૬.૦૦%) |
| ૪. | અન્ય પ્રવૃત્તિ | ૪ | ૬ | ૧૦ (૫.૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૩માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે આર્થિક પ્રવૃત્તિના નમૂનાના વિશ્લેષણમાં A કારીગરોમાંથી ૩ કારીગરો સેવા કરે છે. જે ૩ ટકા છે ૮૪ કારીગરો વસ્તુનું ઉત્પાદન કરે છે જે ૮૫.૫૦ ટકા છે. ૭ કારીગરો રિપેરિંગનું કામ કરે છે જે, ૭.૧૪ ટકા છે. અને અન્ય પ્રવૃત્તિ કરતાં ૪ કારીગરો છે જે ૪.૧૬% ટકા છે જયારે B કારીગરોમાંથી ૧૦ કારીગરો સેવાકિય પ્રવૃત્તિ કરે છે, જે ૯ ટકા છે. ૮૧ કારીગરો વસ્તુનું ઉત્પાદન કરે છે, જે ૭૯.૪૫ ટકા છે અને અન્ય ૬ કારીગરો સેવા કરે છે, જે ૬.૫ ટકા છે રિપેરીગનું કામ કરનાર ૫ છે જેની ટકાવારી ૫.૦૫ ટકા છે. બન્ને મળીને ૧૬૫ કારીગરો વસ્તુનું ઉત્પાદન કરે છે જે ૮૨.૫ ટકા છે, ૧૨ કારીગરો રિપેરિંગનું કામ કરે છે, જે ૬ ટકા છે જયારે અન્ય પ્રવૃત્તિનું કામ કરતાં કારીગરો ૧૦ છે, જે ૫ ટકા છે. સેવાકીય પ્રવૃત્તિમાં ૧૩ કારીગરો છે જેની ટકાવારી ૬.૫% થાય છે.

## ૪.૭ કારીગર અને ધંધાકીય ક્ષેત્રોની પ્રવૃત્તિ :

કૃષિ ક્ષેત્ર સિવાય ઉત્પાદકિય પ્રવૃત્તિમાં મુખ્યત્વે કારીગરક્ષેત્ર તથા અન્ય સેવાકિય ધંધાના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. મોટા ભાગે આવી બિનકૃષિ વિષયક ક્ષેત્રનો વિકાસ ઘણો મર્યાદિત પ્રમાણમાં થયેલ જોવા મળે છે. તેથી આ ક્ષેત્રોમાં રોજી મેળવતા લોકોનું પ્રમાણ ઘણું ઓછું છે. આ વર્ગ ૫.૮૦ ટકા કુટુંબો કારીગર કુટુંબો છે, છતાં ઉત્પાદન પ્રવૃત્તિ હાથ ધરવા આવા લોકોના સંદર્ભમાં તેમજ પશુપાલન કરતાં લોકોના કેટલાંક આવા મહત્ત્વના મુદ્દાઓ અંગે પ્રશ્નો પૂછવામાં આવતા પ્રાપ્ત થયેલી કેટલીક માહિતી ઉપયોગી બને તેમ હોઈ આવી માહિતીનું આ વિભાગમાં વિશ્લેષણ કરવું ઉચિત ગણ્યું છે.

## ૪.૮ ઉત્પાદન પદ્ધતિ :

ઉત્પાદનની ગુણવત્તા, ઉત્પાદન ખર્ચ, ઉત્પાદન પ્રાપ્તિ માટેનો સમય તથા તેના દ્વારા બજારમાં માલ મૂડી કમાવાની શકયતાનો મુખ્યત્વે ઉત્પાદન પ્રવૃત્તિ ઉપર આધાર હોય છે. ઉત્પાદન પદ્ધતિના કારણે ઉત્પાદનનો સમય ટૂંકો, જલ્દી કે ઢીલમાં લાંબો રહેતો હોય છે. ઉત્પાદન પદ્ધતિને કારણે વસ્તુનું ઉત્પાદનખર્ચ  ઊંચુ કે નીચુ આવતું હોય છે. આમ ઉત્પાદન પદ્ધતિ પર ઉત્પાદન સંબંધી ઘણા પ્રશ્નો આધારિત હોય છે. ગ્રામીણ વિસ્તારમાં ઉત્પાદન મુખ્યત્વે ગ્રામ કારીગર વર્ગ દ્વારા હાથ ધરવામાં આવતું હોય છે. કુટુંબના વ્યવસાય સંબંધી વિવરણ ખેતી, ખેત મજૂરી તથા બિન ખેત વ્યવસાયોમાં મુખ્યત્વે ગ્રામીણ કારીગર વર્ગ તથા વાળંદનું કામ કરનાર કારીગર, સાયકલ રિપેરિંગ કરનાર વગેરેનો સમાવેશ થાય છે. આ વર્ગ મોટેભાગે ખેતી ક્ષેત્ર પર આધારિત અથવા ખેતીક્ષેત્રને જરૂરિયાત પૂરી પાડવાના સંદર્ભમાં ઉત્પાદકિય કે ધંધાકિય પ્રવૃત્તિ કરતો જોવા મળ્યો છે. તેઓ દ્વારા અપનાવામાં આવેલ ઉત્પાદન પદ્ધતિ સંબંધી પ્રશ્નના જવાબરૂપે પ્રાપ્ત માહિતી કોઠા નં. ૪.૪માં દર્શાવવામાં આવેલ છે.

*કોઠા નં. ૪.૪*

*ઉત્પાદન પ્રવૃત્તિમાં ઉત્પાદન પદ્ધતિનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | પરંપરાગતથી ચાલ્યું આવતું જૂનું પૂરાણું યંત્ર સાધન | ૪૮ (૪૯.૦૦%) | ૬૨ (૬૦.૬૮%) | ૧૧૦ (૫૫.૦૦%) |
| ૨. | આધુનિક યંત્ર સાધનનો ઉપયોગ | ૫૦ (૫૧.૦૦%) | ૪૦ (૩૯.૩૨%) | ૯૦ (૪૫.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૪માં દર્શાવવામાં આવેલ વિગતોનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે, ગ્રામીણ કારીગરો ઉત્પાદન કાર્ય સાથે સંકળાયેલા છે. A કારીગરોમાંથી ૪૮ કારીગરો પરંપરાગતથી ચાલ્યા આવતાં જૂનાં પૂરાણાં સાધનનો ઉપયોગ કરેલ છે. જે ૪૯ ટકા છે અને ૫૦ કારીગરો આધુનિક યંત્ર સાધનનો ઉપયોગ કરેલ છે. જે ૫૧ ટકા છે જ્યારે B કારીગરોમાંથી ૬૨ કારીગરો પરંપરાગત ચાલ્યા આવતા જૂના પૂરાણા યંત્ર સાધનનો ઉપયોગ કરે છે. જે ૬૦.૬૮ ટકા છે અને ૪૦ કારીગરો આધુનિક યંત્ર સાધનનો ઉપયોગ કરે છે. જે ૩૯.૩૨ ટકા છે, આમ કલાકારીગરોમાંથી સંયુક્ત કારીગરો ૧૧૦ કારીગરો પરંપરાગત ઉત્પાદન સાધનનો ઉપયોગ કરે છે. જ્યારે ૯૦ કારીગરો આધુનિક યંત્ર સાધનનો ઉપયોગ કરતાં જોવા મળેલ. આ રીતે આધુનિક પદ્ધતિ તરફ હોવાનું વલણ જોવા મળ્યું છે. સંભવ છે, કે જેઓ આધુનિક ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતાં બિનપરંપરાગત વ્યવસાયોના કારીગરો પરંપરાગત પદ્ધતિને બદલે આધુનિક સાધનો, ઓજારોનો વધુ ઉપયોગ કરતાં હોય તેના પરિણામે આવા કારીગર વર્ગનું પ્રમાણ ઊંચું હોવાની સંભાવના રહેલી છે. ઉત્પાદન પદ્ધતિ કારીગર વર્ગ દ્વારા મોટાભાગે પરંપરાગત કે પૂરાણી સ્વરૂપની જોવા મળે છે. જે તેની આવક પર અસર કરી શકે. ગ્રામીણ કારીગર ઉદ્યોગોના ક્ષેત્રમાં આધુનિકરણ ઝડપી દાખલ થઈ શકયું છે. ગ્રામીણ કારીગર વર્ગનું એક

વિશિષ્ટ લક્ષણ એ છે કે તેની ઉત્પાદન પ્રવૃત્તિનો પાયો મુખ્યત્વે પરંપરાગત છે. તથા મુખ્યત્વે પરંપરાગત વસ્તુનાં ઉત્પાદનમાં રોકાયેલ હોય છે." આ રીતે ખેતીક્ષેત્રે જમીન ધરાવતા સિંચાઈની સુવિધાવાળા કૃષિ ઉત્પાદકો સિંચાઈની સુવિધા પ્રાપ્ત હોવાને કારણે આધુનિક પદ્ધતિ અંતર્ગત ઓજારો, સુધારેલ બિયારણ જતુંનાશક દવાઓ તથા અન્ય ઉત્પાદક સાધનોના ઉપયોગના કારણે આધુનિક ઉત્પાદન પદ્ધતિ ઉપયોગ કરી શકે તેવા સંજોગો છે. જયારે કારીગર અને અન્ય બિનકૃષિ ઉત્પાદક પ્રવૃત્તિમાં રોકાયેલ વર્ગ દ્વારા આધુનિક કરતાં પરંપરાગત ઉત્પાદન પદ્ધતિનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરતાં હોવાનું જાણવા મળેલ છે. આ તારણ ગ્રામીણ કારીગર વર્ગો માટે જોતા ત્યાં બિનકૃષિક્ષેત્રમાં આધુનિકરણનો ઓછો અવકાશ હોવાનો સ્પષ્ટ સંકેત આપે છે. ઉત્પાદન પદ્ધતિ જો આધુનિક હોય તો સ્વાભાવિક રીતે આવક સર્જનની શકયતા વધુ ઉજ્જવળ બને છે. "સૌરાષ્ટ્રના ગ્રામીણ કારીગરોના અભ્યાસમાં ઉત્પાદન પદ્ધતિ સંબંધી મહત્ત્વના મંતવ્ય મુજબ ઉત્પાદન પદ્ધતિ નીચેની બાબતો ઘણી ગહેરી અસર ઉપજાવે છે. જેના ઉત્પાદન ખર્ચ, વસ્તુ ઉત્પાદિત કરવાની ઝડપ, વસ્તુની ગુણવત્તા તેમજ વસ્તુના આકર્ષણ અને ઉત્પાદનની સર્વાંગિય કાર્ય ક્ષમતાનો સમાવેશ થાય છે. સ્વાભાવિક રીતે ઉત્પાદન પદ્ધતિમાં આધુનિકરણ લાવવાથી ઉત્પાદન કે વધુ આર્થિક લાભ થાય અને આર્થિક સ્થિતિ સુધારવાનો અવકાશ ઊભો થાય છે. આ દષ્ટિ એ ગ્રામીણ કારીગરોમાં ઉત્પાદકીય પ્રવૃત્તિમાં રોકાયેલા કુટુંબોમાંથી મોટા ભાગના આધુનિકરણ અપનાવતા જોવા મળ્યા નથી. આમ આધુનિકરણથી આ વર્ગ પૂરેપૂરો પ્રભાવિત થયો ન હોઈ માત્ર જેઓ આવી આધુનિક પદ્ધતિ ઉપયોગમાં લેતા થયા છે, તેના માટે ઊંચી આવક પ્રાપ્ત કરવાનો અવકાશ ઊભો થયો હોવાનું જણાય છે.

## ૪.૯ ઉર્જાશક્તિના સ્ત્રોતોનો ઉપયોગ :

ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરવામાં ઊર્જા સ્ત્રોત મહત્ત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને ઉર્જાસ્ત્રોત ઉત્પાદનની ઝડપ કે વેગને અસર કરે છે જેમ કે કોઈ કાર્ય આધુનિક ઓજાર હોવા છતાં માનવશ્રમ દ્વારા કરવામાં ઝડપ ઓછી રહેશે, પરંતુ વીજળીનો

ઉપયોગ કરવાથી આ શ્રમ વેગીલું બનશે અને ઉત્પાદન ઝડપથી થશે. આ રીતે ઉત્પાદન માટેના ઉર્જાસ્ત્રોતોમાં જેટલું ઝડપથી પરિવર્તન લાવી શકાય તેટલું ઝડપી ઉત્પાદન પ્રાપ્ત કરી શકાય. આપણા અભ્યાસમાં ઉત્પાદકિય પ્રવૃત્તિમાં રોકાયેલા કારીગરવર્ગ દ્વારા ઉત્પાદન પદ્ધતિ માટે કયા પ્રકારની ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવે છે. તે સંબંધી પ્રશ્ન પૂછવામાં આવેલ આ અંગે પ્રાપ્ત થયેલી માહિતી કોઠા નં. ૪.૫માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૪.૫*

*ઉત્પાદન કાર્યમાં શક્તિ–ઊર્જાના સ્ત્રોતોનો ઉપયોગ*

| *ક્રમ* | *વિગત* | *A કારીગરોની સંખ્યા* | *B કારીગરોની સંખ્યા* | *બંને સયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | વીજળી | ૨૧ (૨૧.૪૨) | ૯ (૮.૮૨) | ૩૦ (૧૫%) |
| ૨. | ઓઈલ | ૧૪ (૧૪.૨૮) | ૬ (૫.૮૮) | ૨૦ (૧૦%) |
| ૩. | કોલસો | ૧૫ (૧૫.૩૩) | ૧૦ (૯.૮૨) | ૨૫ (૧૨.૫૦%) |
| ૪. | પાણી | ૧૩ (૧૩.૨૬) | ૧૭ (૧૬.૬૬) | ૩૦ (૧૫%) |
| ૫. | માણસો દ્વારા | ૩૫ (૩૫.૭૧) | ૬૦ (૫૮.૮૨) | ૯૫ (૪૭.૫૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૫ના અભ્યાસ કરતાં જાણી શકાય છે કે A કારીગરોમાંથી ૨૧ કારીગરો વીજળીનો ઉપયોગ કરે છે. જે ૨૧.૪૨ ટકા છે. ૧૪ કારીગરો ઓઈલનો ઉપયોગ કરે છે. જે ૧૪.૨૮ ટકા છે. ૧૫ કારીગરો કોલસાનો ઉપયોગ કરે છે. જે ૧૫.૩૩ ટકા છે. અને ૧૩ કારીગરો પાણીનો ઉપયોગ કરે છે. જે ૧૩.૨૬ ટકા છે. જયારે ૩૫ કારીગરો માણસો દ્વારા પોતાના ધંધા ચલાવે છે. જયારે B કારીગરોમાંથી ૯ કારીગરો વીજળીનો ઉપયોગ કરે છે. જે ૮.૮૨ ટકા છે. ૬ કારીગરો ઓઈલનો ઉપયોગ કરે છે. જે ૫.૮૮ ટકા છે. ૧૦ કારીગરો કોલસાનો ઉપયોગ કરે છે. જે ૯.૮૨ ટકા છે. ૧૭ કારીગરો પાણીનો ઉપયોગ કરે છે. જે ૧૬.૬૬ ટકા થવા જાય છે. અને ૬૦ કારીગરોએ માણસો દ્વારા ધંધા ચલાવે છે. જે ૫૮.૮૨ ટકા થવા જાય છે. આમ બન્ને

સંયુક્ત કારીગરોમાંથી ૩૦ કારીગરો વીજળીનો ઉપયોગ કરતાં માલૂમ પડેલ છે, જે ૧૫ ટકા થવા જાય છે. ૨૦ કારીગરો ઓઈલનો ઉપયોગ કરતાં જોવા મળેલ છે. જે ૧૦ ટકા થવા જાય છે. ૨૫ કારીગરો કોલસાનો ઉપયોગ કરતાં માલૂમ પડેલ છે. જે ૧૨.૫ ટકા થવા જાય છે. ૩૦ કારીગરો પાણીનો ઉપયોગ કરતાં જોવા મળેલ છે. જે ૧૫ ટકા થાય છે અને ૯૫ કારીગરો એવા છે કે માણસ દ્વારા પોતાનો ધંધો ચલાવે છે. જે ૪૭.૫ ટકા થવાની સંભાવના રહેલ છે.

આમ, કદાચ આધુનિક ઓજાર દ્વારા આધુનિક પદ્ધતિ અપનાવવાના સંકેતો મળે પરંતુ આવા સાધનો વાપરવા માટે માનવશ્રમનો વિશેષ ઉપયોગ થતો હોય તો ઉત્પાદન પદ્ધતિનું આધુનિક તત્ત્વ પોતાનું વજન ગુમાવી દે તેવી સંભાવના ઊભી થાય છે. કૃષિક્ષેત્રે સિંચિત વિસ્તાર માટે ભૂગર્ભજળસ્ત્રોતનો ઉપયોગ કરવા માટે ઈલેકટ્રીક મોટરનો ઉપયોગ કરતાં હોય છે. જયારે કારીગર વર્ગની પ્રવૃત્તિમાં હાથ કારીગરી, કળા, કૌશલ્યનું વિશેષ પ્રમાણ હોઈ, પરંપરાગત ઓજારાનો વિશેષ ઉપયોગ થતો હોઈ, માનવશ્રમનું મહત્ત્વ આ ક્ષેત્રમાં વિશેષ હોય તેવું આ સંશોધન અભ્યાસમાં જોવા મળે છે. આપણા આ સંશોધન અભ્યાસના કુલ ૨૦૦ કારીગરોમાંથી ૯૫ કારીગરો માનવશ્રમનો ઉપયોગ કરે છે. મર્યાદિત પ્રમાણમાં તથા આધુનિકરણને કારણે ઊર્જાના સ્ત્રોત તરીકે વીજળીનો ઉપયોગ થતાં જોવા મળે છે. મોટાભાગના કારીગરો પરંપરાગત પદ્ધતિ પર વિશેષ આધાર રાખતા હોઈ. ગ્રામીણ વિસ્તારમાં માનવશ્રમનું પ્રાધાન્ય જોવા મળે છે.

આ અભ્યાસ જણાવે છે કે "ઉત્પાદન પદ્ધતિમાં સુધારાના કારણે ઊર્જાના સ્ત્રોતોના ઉપયોગમાં પરિવર્તન આવે છે. આ કારીગરોમાંના કેટલાંક આધુનિક ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતાં હોઈ. જેઓએ આધુનિક ઊર્જાના સ્ત્રોતોનો ઉપયોગ માનવશ્રમની સાથે શરૂ કરેલ છે."[૬] આમ ખેતીક્ષેત્રે ખેડૂતો જેઓ સિંચાઈ માટે વિજળી, ઓઈલનાં ઉપયોગ કરે છે તેમ બહું ઓછા પ્રમાણમાં ગ્રામ્ય કારીગર વર્ગના કેટલાંક કુટુંબોમાં માનવશ્રમનો મુખ્ય ઉપયોગ છે, તેમ છતાં કેટલાંક સાથે – સાથે ઉત્પાદનમાં ઝડપ લાવવા માનવશ્રમ બચાવવા આધુનિક ઊર્જાના સ્ત્રોતોનો ઉપયોગ કરતાં હોય તેવા સંકેત પ્રાપ્ત થાય છે. એકંદરે આ સઘળા કુટુંબોમાંથી ૧૧૦ કુટુંબો પરંપરાગત ઉત્પાદન પદ્ધતિ તરફ વળ્યા છે.

તેમાંના કેટલાંક આધુનિક ઊર્જા સ્ત્રોત તરફ પણ વળ્યા હોય તેવું જણાય છે, આ પ્રક્રિયા પ્રમાણમાં ઘણી મંદ છે. કેમ કે મોટાભાગના કારીગરો હજુ આધુનિકરણ તરફ વળ્યા ન હોવાથી મંદગતીની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે.

## ૪.૧૦ ઉત્પાદિત માલની માંગનું સ્વરૂપ અને વેચાણની પ્રક્રિયા

ઉત્પાદિત માલમાંથી વેચાણ દ્વારા આવક સર્જન થતું હોય છે. આમ વેચાણની વ્યવસ્થા આવક કમાવવા માટે અનિવાર્ય છે. આવા વેચાણનો આધાર આવી પેદાશોની માંગ ત્વરિત અને સ્થાનિક ધોરણે કેટલા પ્રમાણમાં થઈ શકે છે. તેના પર આવક પ્રાપ્તિ તાત્કાલિક થવાનો અવકાશ રહે છે. આપણો આ સંશોધન અભ્યાસ કારીગર વર્ગ હોવાથી આ વર્ગ દ્વારા ઉત્પાદિત વસ્તુનું વેચાણ તેઓ માટે અનિવાર્ય હોય છે. તેઓ સ્વ ઉપભોગ માટે ઉત્પાદન કરતાં હોતા નથી. પરંતુ બજાર માટે જ વસ્તુનું ઉત્પાદન કરી વેચાણ દ્વારા આવક પ્રાપ્ત કરતાં હોવાનું જોવા મળે છે. આ વર્ગ માટે બજારની માંગ તથા વેચાણની પદ્ધતિનું વિશેષ મહત્ત્વ રહેલું હોય છે. કારણ કે કૃષિક્ષેત્રેની પેદાશો માટે જીવન જરૂરી ચીજવસ્તુ હોઈ, સીધી રીતે માંગમાં અન્યક્ષેત્રોનો પ્રવેશ દરમિયાનગીરી થવાનો અવકાશ નહિવત્ હોય તેવું જોવા મળેલ છે. જયારે કારીગર વર્ગની પેદાશોમાં ઉદ્યોગ ક્ષેત્રમાંથી નવી અવેજીની વસ્તુઓ દાખલ કરી, આવી વસ્તુનાં વેચાણ પર અસર પાડી શકવાની વિશેષ શકયતા છે. તેથી માંગનું સ્વરૂપ આ વર્ષ માટે વધુ અગત્યનું બની જતું હોય છે.

આપણા કુલ સેમ્પલ કુટુંબોમાંથી કેટલાંક કુટુંબોને ઉત્પાદિત વસ્તુના વેચાણ સાથે સંબંધ હોય તેની માંગ સંબંધી વિગતો આપેલી છે. તેમાં કેટલાંક કુટુંબો બજારની માંગ સાથે સંબંધ ધરાવે છે. આવા કુટુંબો દ્વારા જે ઉત્પાદન કે સેવા હાથ ધરવામાં આવે છે. તેની માંગ સ્થાનિક સ્વરૂપની જ છે. સ્થાનિક બજારમાંથી તેની માંગ થતી હોઈ બહારના બજારમાં વેચવા કે માલ નિકાસ કરી વધુ આવક આપે તેવા બજારોનો લાભ લેવાનો અવકાશ આવી માંગ માટે હોતો નથી. આ રીતે બહાર માંગ ન હોવાથી સ્થાનિક કૃષિ સંબંધીત માંગના સ્વરૂપના કારણે સ્થાનિક માંગમાં ગ્રામ્ય વિસ્તારની નીચી ખરીદ શક્તિના કારણે આવક સર્જનનું પ્રમાણ નીચું રહેવાની પૂરી સંભાવના રહેલી છે. આમ

સ્થાનિક માંગને કારણે બહારના વિસ્તૃત બજારનો લાભ ઉઠાવી, વધુ આવક પ્રાપ્તિનો અવકાશ રહેતો નથી. આ રીતે સ્થાનિક માંગ પર આધારિત બજારના નાના કદના કારણે આ વર્ગના ઉત્પાદન પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેલા કારીગરોની કમાણીના સ્તરને ઘણી નીચી સપાટી એ રહેવા અંગેના સંજોગો જોવા મળે છે. આમ આવક વૃદ્ધિ આર્થિક ઉત્પાદનમાં ઉત્પાદક્રિય પ્રવૃત્તિ સાથે સંલગ્ન બજારનું કદ અને સ્થાનિક કક્ષાની માંગનું સ્વરૂપ મહત્ત્વની મર્યાદા ઊભી કરે છે. આ વર્ગના લોકોને આ રીતે ઝડપી આવક વૃદ્ધિ વિશાળ કદના બજારના અભાવને કારણે અવરોધાય તે સ્વાભાવિક છે. આમ ઉત્પાદનમાં પ્રવૃત્ત લોકો પણ નીચી આવકવાળા માંગના સ્થાનિક બજાર પર આધાર રાખે છે.

સ્થાનિક ધોરણે જયારે ઉત્પાદિત માલનું વેચાણ થતું હોય તેવા સંજોગોમાં આવું વેચાણ કોના મારફત કરવામાં આવે, તે બાબત પણ આવક સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જો ઉત્પાદિત ચીજવસ્તુ–સેવા સીધે સીધી ઉપભોકતાને પુરી પાડવામાં આવતી હોય, તો વચ્ચે મધ્યસ્થીઓની દરમિયાનગીરી ન હોવાને કારણે મધ્યસ્થિના ગાળાનો અવકાશ રહેતો નથી. ખરીદનાર – વેચનાર પરસ્પર સીધા જ સંપર્કમાં આવતા બન્નેને પરવડે તે રીતે બન્ને વર્ગ વચ્ચે વેચાણનો સોદો થવા પામે છે. આ રીતે બંને વર્ગ માટે સીધા વેચાણની વ્યવસ્થા લાભકારક બને છે. પરંતુ જયારે આવું વેચાણ સ્થાનિક હોવા છતાં સીધુ ઉપભોકતાને થવાને બદલે જયારે મધ્યસ્થી વેપારી મારફતે થતું હોય તો સ્વાભાવિક રીતે જ આવો મધ્યસ્થી વર્ગ પોતાનો ગાળો રાખવાનો અને પરિણામે સ્થાનિક ખરીદી માટે નીચા ભાવો ચૂકવવા પ્રયત્નશીલ રહેવાનો. આવા સંજોગોમાં નીચા ભાવોએ સ્થાનિક વેચાણ કરવાની સ્થિતીમાં ઉત્પાદિત માલની આવક નીચી પ્રાપ્ત થતી હોય છે. જયારે બીજી મહત્ત્વની એ વાત છે કે જયારે સીધુ વેચાણ ઉપભોકતાને થતું હોય, તો ઉપભોકતાઓની સંખ્યા વધુ હોય, વેચનારની સંખ્યા વધુ હોય, એક પ્રકારનું પૂર્ણહરીફાઈવાળું બજાર અસ્તિત્વમાં હોય છે. જયારે માત્ર એક – બે સ્થાનિક ખરીદનારા હોય ત્યારે ખરીદનારાની ઈજારાશાહી ઊભી થાય તો આવા સંજોગોમાં વેચનારાની હોઈ, ઈજારદાર બધાને વેચવાની તાલાવેલી હોઈ, નીચી કિંમત ચૂકવવા પ્રેરાય છે. આ રીતે સ્થાનિક માંગ હોય અને વેચનારા વધુ હોય પરંતુ માત્ર એક – બે જ ખરીદનારા હોય,

ત્યારે વેચનારાએ ફરજિયાત રીતે ખરીદનાર માગે તે કિંમતે માલ આપવાની સ્થિતિમાં ગરજવાનની સ્થિતિમાં મુકાવવું પડે છે. આ પ્રકારની બજારની પરિસ્થિતિ આવા વેચનારાઓ માટે આદર્શ સ્થિતિ ન ગણી શકાય. આ માટેની માહિતી કોઠા નં. ૪.૬માં દર્શાવવામાં આવે છે.

*કોઠા નં. ૪.૬*

*ઉત્પાદિત માલનું સ્થાનિક વેચાણ સંબંધી વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | કૃષિલક્ષી માંગ | ૩૨ (૩૨.૬૫) | ૪૩ (૪૨.૧૫) | ૭૫ (૩૭.૫) |
| ૨. | બિન કૃષિલક્ષી માંગ | ૬૬ (૬૭.૩૫) | ૫૯ (૫૭.૮૫) | ૧૨૫ (૬૨.૫) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૬માં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોની કુલ સંખ્યામાં કૃષિક્ષેત્ર અંગેની માંગ ૩૨ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ છે. જે ૩૨.૬૫ ટકા થવાનો અંદાજ છે અને બિનકૃષિક્ષેત્ર અંગેની માંગ ૬૬ કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુની માંગ છે. ૬૭.૩૫ ટકા થવા જાય છે. જયારે B કારીગરોની કુલ સંખ્યામાંથી ૪૩ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ કૃષિલક્ષી માંગ છે, જે ૪૨.૧૫ ટકા થવા જાય છે. અને ૫૯ કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુની માંગએ બિનકૃષિવિષયક માંગ છે. જે ૫૭.૮૫ ટકા થવાનો અંદાજ છે.

આમ બન્ને સંયુક્ત કુલ સંખ્યામાંથી ૭૫ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ એ કૃષિલક્ષી માંગ છે. જે ૩૭.૫ ટકા છે. અને ૧૨૫ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગએ બિનકૃષિ વિષયક માંગ છે. જે ૬૨.૫ ટકા થવાનો સંકેત દર્શાવે છે.

*કોઠા નં. ૪.૭*

*ઉત્પાદિત માલનું શહેરી માંગ છે તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | ઉદ્યોગની માંગ | ૪૨ (૪૨.૮૫) | ૧૦ (૯.૮૨) | ૫૨ (૨૬%) |
| ૨. | ધંધાને લગતી માંગ | ૨૦ (૨૦.૪૩) | ૧૨ (૧૧.૭૬) | ૩૨ (૧૬%) |
| ૩. | ગ્રાહકને લગતી માંગ | ૨૩ (૨૩.૪૬) | ૧૭ (૧૬.૬૬) | ૪૦ (૨૦%) |
| ૪. | કોઈ જવાબ નથી | ૧૩ (૧૩.૨૬) | ૬૩ (૬૧.૭૬) | ૭૬ (૩૮%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૭માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોની સંખ્યામાંથી ૪૨ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ એ ઉદ્યોગને લગતી માંગ છે. જે ૪૨.૮૫ ટકા થવા જાય છે. ૨૦ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ એ ધંધાને લગતી માંગ છે, જે ૨૦.૪૩ ટકા થાય છે. ૨૩ કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ એ ગ્રાહકને લગતી માંગ છે. જે ૨૩.૪૬ ટકા થવા જાય છે. જયારે ૧૩ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી. જયારે B કારીગરોની સંખ્યામાંથી ૧૦ કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુની માંગ એ ઉદ્યોગ અંગેની માંગ છે. જે ૯.૮૨ ટકા થાય છે. ૧૨ કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુની માંગ એ ધંધાને લગતી માંગ છે. જે ૧૧.૭૬ ટકા થવા જાય છે. ૧૭ કારીગરોની વસ્તુની માંગ એ ગ્રાહકને લગતી માંગ છે, જે ૧૬.૬૬ ટકા થવાનો સંભવ છે. અને ૬૩ કારીગરો તરફથી કોઈ જ જવાબ નથી, કુલ સંયુક્ત બન્ને કારીગરોમાંથી ૫૨ કારીગરોની વસ્તુની માંગ એ ઉદ્યોગને લગતી માંગ છે, જે ૨૬ ટકા થવા જાય છે. ૩૨ કારીગરોની માંગ ધંધાને લગતી છે જે ૧૬ ટકા થાય છે. ૪૦

કારીગરોની વસ્તુની માંગ ગ્રાહકોને લગતી માંગ છે. ૨૦ ટકા થાય છે અને ૭૬ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી.

*કોઠા નં. ૪.૮*

*ઉત્પાદિત માલનું બહારના રાજ્યોમાં માંગ અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | ઉદ્યોગ માટે | ૧૦ (૧૦.૨૨) | ૮ (૭.૮૪) | ૧૮ (૯%) |
| ૨. | ધંધા માટે | ૧૨ (૧૨.૨૪) | ૩ (૨.૯૪) | ૧૫ (૭.૫%) |
| ૩. | ગ્રાહક માટે | ૧૬ (૧૬.૩૨) | ૧૪ (૧૩.૭૨) | ૩૦ (૧૫%) |
| ૪. | કોઈ જવાબ નથી | ૬૦ (૬૧.૨૨) | ૭૭ (૭૫.૫૦) | ૧૩૭ (૬૮.૫૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૮માં દર્શાવવામાં આવેલ વિગતોનો અભ્યાસ કરતાં જોવા મળેલ છે, કે A કારીગરોની સંખ્યામાંથી બીજા રાજ્યોની માંગમાં ૧૨ કારીગરો પોતાની વસ્તુની માંગ ધંધા માટે થાય છે, જે ૧૨.૨૪ ટકા થવા જાય છે. ૧૬ કારીગરોની માંગ ગ્રાહક માટે થાય છે. જે ૧૬.૩૨ ટકા થવા જાય છે. અને ૬૦ કારીગરો તરફથી કોઈ જ જવાબ નથી. જયારે B કારીગરોમાંથી ૮ કારીગરોની વસ્તુની માંગ ઉદ્યોગ માટે થાય છે. જે ૭.૮૪ ટકા થવા જાય છે. ૩ કારીગરોની વસ્તુની માંગ ધંધા માટે થાય છે જે ૨.૯૪ ટકા થાય છે. ૧૪ કારીગરોની માંગ ગ્રાહક માટે થાય છે. જે ૧૩.૭૨ ટકા થાય છે અને ૭૭ કારીગરો તરફથી કોઈ જ જવાબ નથી. કુલ કારીગરોમાંથી બંને સંયુક્ત કારીગરોમાંથી ૧૮ કારીગરોની વસ્તુની માંગ ઉદ્યોગ માટેની છે, જે ૯ ટકા છે. ૧૫ કારીગરોની માંગ ધંધા માટેની છે. જે ૭.૫ ટકા થાય છે. ૩૦ કારીગરોની વસ્તુની માંગ ગ્રાહક માટે થાય છે. જે ૧૫ ટકા થવાનો સંકેત મળે છે. જયારે ૧૩૭ કારીગરો તટસ્થ રહેલ છે. એટલે કોઈ જ જવાબ નથી.

## ૪.૧૧ અવેજીનો વિસ્તાર :

ગ્રામીણ કારીગરોને અવેજી વસ્તુનો વિસ્તાર પ્રમાણમાં ઓછો જોવા મળે છે. કેમ કે અવેજી વસ્તુ બનાવનાર લોકો ખૂબજ ઓછા પ્રમાણમાં હોય છે. ગ્રામ્ય વિસ્તારમાં દા.ત. કુંભાર દ્વારા જે માટલા, તાવડી વગેરે વસ્તુ બનાવનાર કુંભાર એક અથવા તો બે વ્યક્તિઓ હોય છે તેથી અવેજી વસ્તુનો પ્રશ્ન જ ઊભો થતો નથી. જયારે શહેરી વિસ્તારમાં આજે એક વસ્તુની અનેક વસ્તુ એકબીજાની અવેજીમાં હોય છે. તેમ દૂરની અવેજી વસ્તુ અને નજીકની વસ્તુઓ જોવા મળે છે. દા.ત. સાબુ, નાહવા માટેના સાબુની આજે અનેક વેરાયટી બજારમાં ઉપલબ્ધ છે તેવી રીતે ગ્રામ્ય કારીગરોમાં આવો અવકાશ જોવા મળતો નથી. ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય કારીગરો દ્વારા જે કંઈ વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે છે તે એક અથવા તો બંને વ્યક્તિ દ્વારા ઉત્પાદિત થતી હોય છે. તેથી ઈજારા જેવી સ્થિતિ જોવા મળે છે. તેના માટે પણ કારીગરો સારાએવા પ્રમાણમાં મળે છે. એક મહત્ત્વની વાત એ છે કે જે મોચી કામ કરે છે તેઓના બૂટ – ચંપલ માટે આજે અનેક અવેજી વસ્તુ બજારમાં છે તેથી તે લોકોને નુકશાન થયેલ છે.

## ૪.૧૨ અવેજી વસ્તુઓની શક્યતા :

કેટલાંક ગ્રામ્ય કારીગરોને અવેજી વસ્તુનો સામનો કરવો પડે છે. દા.ત., મોચી જે વસ્તુનું ઉત્પાદન કરે છે તેની સામે આજે અનેક વસ્તુના ઢગલા થવા લાગ્યાં છે, તેથી તેમને માટે હવે બૂટ–ચંપલ બનાવવાનો વ્યવસાય છીનવાય ગયેલ છે. તેમના ભાગે માત્ર સાંધવા પૂરતું જ કામ રહેલ છે. તેથી અમુક કારીગરોને બાદ કરતાં અવેજી વસ્તુની શકયતા ઓછી જોવા મળે છે. તેવી જ રીતે લુહારને આજે યાંત્રીક સાધનો ખેતીક્ષેત્રે આવી જતાં તેમના કામમાં પણ ઘટાડો આવેલ જોવા મળે છે. એટલે કે ગ્રામ્ય વિસ્તારમાં એક યા બીજા કારણે આધુનિકરણે પગ કે પેસારો કરેલ હોવાથી ગ્રામ્ય કારીગરોની રોજી પર ઓછાવતા અંશે માઠી અસર થવા પામી છે.

### કોઠા નં. ૪.૯

### અવેજી વસ્તુઓ સંબંધી વિશ્લેષણ

| ક્રમ | વિગત | A કારીગરોની સંખ્યા | B કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરો |
|---|---|---|---|---|
| ૧. | અવેજીમાં વસ્તુ છે | ૧૦ (૧૦.૨૨) | ૧૦ (૯.૮૧) | ૨૦ (૧૦%) |
| ૨. | અવેજીમાં વસ્તુ નથી | ૭૦ (૭૧.૪૨) | ૮૦ (૭૮.૪૩) | ૧૫૦ (૭૫%) |
| ૩. | જવાબ નથી | ૧૮ (૧૮.૩૬) | ૧૨ (૧૧.૭૬) | ૩૦ (૧૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૯માં દર્શાવવામાં આવેલ વિગતનો અભ્યાસ કરતાં જોવા મળેલ છે કે A કારીગરોની સંખ્યામાંથી ૧૦ કારીગરો પાસે અવેજીમાં વસ્તુ છે, જે ૧૦.૨૨ ટકા થવા જાય છે. ૭૦ કારીગરોની વસ્તુ અન્ય વસ્તુની અવેજીમાં નથી. જે ૭૧.૪૨ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૧૦ કારીગરોની વસ્તુ અન્ય વસ્તુની અવેજીમાં છે. જે ૯.૮૧ ટકા થાય છે. અને ૮૦ કારીગરોની વસ્તુ અન્ય વસ્તુની અવેજીમાં વસ્તુ નથી. જે ૭૮.૪૩ ટકા થવા જાય છે. જયારે ૧૨ કારીગરો તરફથી કોઈ જ જવાબ મળેલ નથી. કુલ કારીગરોમાંથી સંયુક્ત બન્ને ૨૦ કારીગરોની વસ્તુ અન્ય વસ્તુની અવેજીમાં છે. જયારે ૧૫૦ કારીગરોની વસ્તુ અન્ય વસ્તુની અવેજીમાં નથી. ૩૦ કારીગરો તરફથી કોઈ જ જવાબ નથી.

### કોઠા નં. ૪.૧૦

### ઉત્પાદન પદ્ધતિ અંગેનું વિશ્લેષણ

| ક્રમ | વિગત | A કારીગરોની સંખ્યા | B કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરો |
|---|---|---|---|---|
| ૧. | શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ | ૯૦ (૯૧.૨૩%) | ૧૦૦ (૯૮.૦૩%) | ૧૯૦ (૯૫%) |
| ૨. | મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિ | ૦૮ (૮.૭૭) | ૦૨ (૧.૯૬) | ૧૦ (૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૦માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૯૦ કારીગરો શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવેલ અને ૮ કારીગરોએ મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવેલ છે. જે ૮.૭૭ ટકા થવા જાય છે. B કારીગરોમાંથી ૧૦૦ કારીગરો શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવેલ છે, જે ૯૮.૦૩ ટકા છે અને માત્ર ૨ કારીગરો મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવેલ છે. જે ૧.૯૬ ટકા છે. જયારે સંયુક્ત બન્ને પ્રકારના કારીગરોમાંથી ૧૯૦ કારીગરોએ શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવેલ છે. જે ૯૫ ટકા થાય છે અને ૧૦ કારીગરોએ મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવેલ છે, જે ૫ ટકા થવા જાય છે.

***કોઠા નં. ૪.૧૧***

***વસ્તુના વેચાણ સંબંધી વિશ્લેષણ***

| ***ક્રમ*** | ***વિગત*** | ***A કારીગરોની સંખ્યા*** | ***B કારીગરોની સંખ્યા*** | ***બન્ને સંયુક્ત કારીગરો*** |
|---|---|---|---|---|
| ૧. | જાહેરાત દ્વારા વધુ ગુણવત્તા વાળી વસ્તુ | ૦૪ (૪.૦૮) | ૦૬ (૫.૮૮) | ૧૦ (૫%) |
| ૨. | અવેજીની વસ્તુનું ઉત્પાદન કરી વધુ કિંમત | ૧૮ (૧૮.૩૬) | ૧૨ (૧૧.૭૬) | ૩૦ (૧૫%) |
| ૩. | આકર્ષક ટકાઉ વસ્તુ | ૧૫ (૧૫.૩૩) | ૨૦ (૧૯.૬૨) | ૩૫ (૧૭.૫%) |
| ૪. | સ્થાનિક સ્તરે | ૪૧ (૪૧.૮૩) | ૫૪ (૫૨.૯૪) | ૯૫ (૪૭.૫%) |
| ૫. | શહેરી બજાર | ૨૦ (૨૦.૪૦) | ૧૦ (૯.૮૦) | ૩૦ (૧૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૧માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૪ કારીગરો જાહેરાત દ્વારા પોતાની વસ્તુનું વેચાણ કરતાં જોવા મળેલ છે, જે ૪.૦૮ ટકા થવા જાય છે. ૧૮ કારીગરો અવેજીની વસ્તુનું ઉત્પાદન કરી વધુ કિંમત મેળવવા માટે પ્રયત્નશીલ છે. જે ૧૮.૩૬ ટકા થવાની સંભાવના છે. ૧૫ કારીગરો

આકર્ષક ટકાઉ વસ્તુનું ઉત્પાદન કરી વધુ વેચાણ કરવા તત્પર છે. જે ૧૫.૩૦ ટકા થાય છે. ૪૧ કારીગરો સ્થાનિક વિસ્તારમાં પોતાની વસ્તુનું વેચાણ કરતાં માલૂમ પડેલ છે. જે ૪૧.૮૩ ટકા થાય છે અને ૨૦ કારીગરો શહેરી બજારમાં પોતે ઉત્પન્ન કરેલી વસ્તુનું વેચાણ કરે છે. જે ૨૦.૪૦ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૬ કારીગરે જાહેરાત દ્વારા પોતાની વસ્તુનું વેચાણ કરતાં જોવા મળેલ છે. જે ૫.૬૬ ટકા થાય છે. ૧૨ કારીગરો અવેજીની વસ્તુનું ઉત્પાદન કરી વધુ આવક મેળવે છે. જે ૧૨.૭૬ ટકા થાય છે. ૨૦ કારીગરો આકર્ષક ટકાઉ વસ્તુનું ઉત્પાદન કરીને વેચાણ કરતાં જોવા મળેલ છે. જે ૧૯.૮૦ ટકા થાય છે. ૫૪ કારીગરો સ્થાનિક વિસ્તારમાં પોતાની વસ્તુનું વેચાણ કરતાં જોવા મળે છે. જે ૫૨.૯૪ ટકા થાય છે. ૧૦ કારીગરો શહેરી વિસ્તારમાં પોતાની વસ્તુનું વેચાણ કરતાં જોવા મળેલ છે. જે ૯.૮૦ ટકા થાય છે. આમ બન્ને સંયુક્ત કારીગરોમાં કુલ કારીગરોમાંથી ૧૦ કારીગરો જાહેરાત દ્વારા વસ્તુનું વેચાણ કરે છે. જે ૫ ટકા થાય છે. ૩૫ કારીગરો આકર્ષક વસ્તુનું ઉત્પાદન કરી વધુ આવક મેળવે છે. જે ૧૭.૫ ટકા થાય છે.

## ૪.૧૩ બીજા ઉદ્યોગો સાથેનો સંબંધ :

બીજા ઉદ્યોગો સાથેના સંબંધમાં જોઈએતો ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત કેટલીક એવી વસ્તુઓ છે, જે અન્ય ઉદ્યોગ સાથે સંબંધ ધરાવે છે. બાકીની મોટાભાગની વસ્તુઓ એવી છે જે સ્વતંત્ર છે. એટલે કે અન્ય ઉદ્યોગ સાથે તેને કોઈ નિસ્તબ નથી. દા.ત. વાળંદ કામ, દરજી કામ હોય કે, સાવરણા–સાવરણી, ટોપલા–ટોપલી જેવા વ્યવસાયો સ્વરોજગારી વાળા છે. જયારે પશુ પાલન ઉદ્યોગ અને મરઘા બતકા ઉદ્યોગ જેવા ઉદ્યોગ અન્ય ઉદ્યોગ સાથે સંબંધ ધરાવે છે, જેમ કે પશુ પાલનએ ડેરી ઉદ્યોગ સાથે સંબંધ ધરાવે છે.

### *કોઠા નં. ૪.૧૨*

### *બીજા ઉદ્યોગો સાથેના સંબંધ અંગેનું વર્ગીકરણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | બીજા ઉદ્યોગ સાથેનો સંબંધ છે | ૪૫ (૪૫.૯૧%) | ૪૦ (૩૯.૨૨) | ૮૫ (૪૨.૫%) |
| ૨. | બીજા ઉદ્યોગ સાથે સંબંધ નથી | ૫૩ (૫૪.૦૯) | ૬૨ (૬૦.૭૮) | ૧૧૫ (૫૭.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૨માં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોમાંથી ૪૫ કારીગરોની વસ્તુ બીજા ધંધા ઉદ્યોગ સાથે સંબંધ ધરાવે છે, જે ૪૫.૯૧ ટકા થવાનો અંદાજ છે અને ૫૩ કારીગરોની વસ્તુ બીજા ઉદ્યોગ ધંધા સાથે સંબંધ ધરાવતી નથી, જે ૫૪.૦૯ ટકા થાય છે, જયારે B કારીગરોમાંથી ૪૦ કારીગરોની વસ્તુ અન્ય બીજા ઉદ્યોગ ધંધા સાથે સંબંધ ધરાવે છે. જે ૩૯.૨૨ ટકા થાય છે. ૬૨ કારીગરોની વસ્તુ બીજા અન્ય ઉદ્યોગ ધંધા સાથે સંબંધ નથી, જે ૬૦.૭૮ ટકા થાય છે. આમ બન્ને સંયુક્ત કારીગરોમાં કુલ કારીગરોમાંથી ૮૫ કારીગરોની વસ્તુ અન્ય ધંધા ઉદ્યોગ સાથે સંબંધ ધરાવે છે, જે કુલ કારીગરોના ૪૨.૫ ટકા થવા જાય છે અને ૧૧૫ કારીગરોની વસ્તુ અન્ય બીજા ધંધા ઉદ્યોગ સાથે કોઈ જ નિસ્બત નથી, જે ૫૭.૫૦ ટકા થાય છે.

### *કોઠા નં. ૪.૧૩*

### *બીજા ઉદ્યોગ સાથે કેવા પ્રકારનો સંબંધ છે ? તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | મધ્યમ કદના | ૨૦ (૨૦.૪૦%) | ૧૮ (૧૭.૬૪%) | ૩૮ (૧૯.૦૦%) |
| ૨. | લાંબા સમયના | ૧૦ (૧૦.૨૦%) | ૦૮ (૭.૮૪%) | ૧૮ (૯.૦૦%) |
| ૩. | ઔદ્યોગિક વપરાશી વસ્તુ માટે | ૧૫ (૧૫.૩૦%) | ૧૪ (૧૩.૭૨%) | ૨૯ (૧૪.૫૦%) |
| ૪. | જવાબ નથી | ૫૩ (૫૪.૦૯%) | ૬૨ (૬૦.૭૮%) | ૧૧૫ (૫૭.૫૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૩માં દર્શાવવામાં આવેલ વિગતમાંથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોમાંથી ૨૦ કારીગરો બીજા ઉદ્યોગ સાથે મધ્યમ કદનો સંબંધ ધરાવે છે. જે ૨૦.૪૦ ટકા થાય છે. ૧૦ કારીગરોને બીજા ઉદ્યોગો સાથે લાંબા ગાળાનો સંબંધ છે. જે ૧૦.૨૦ ટકા થાય છે. ૧૫ કારીગરોને બીજા ઔદ્યોગિક વપરાશી વસ્તુનું ઉત્પાદન કરતાં ઉદ્યોગ સાથે સંબંધ છે. જે ૧૫.૩૦ ટકા થાય છે. અને ૫૩ કારીગરો તટસ્થ રહે છે. જયારે B કારીગરોમાંથી ૧૮ કારીગરોની વસ્તુ બીજા ઉદ્યોગ સાથે મધ્યમ કદનો સંબંધ ધરાવે છે. ૮ કારીગરોની વસ્તુ બીજા ઉદ્યોગ સાથે લાંબા ગાળાનો સંબંધ ધરાવે છે. જે ૭.૮૪ ટકા થાય છે. ૧૪ કારીગરોની વસ્તુ બીજા ઔદ્યોગિક વપરાશની વસ્તુ માટે ઉપયોગ થાય છે. જે ૧૩.૬૨ ટકા થાય છે. ૬૨ કારીગરો તટસ્થ રહેલ છે, જે ૬૦.૭૮ ટકા થાય છે. આમ કુલ કારીગરોમાંથી બન્ને સંયુક્ત કારીગરોમાંથી ૩૮ કારીગરોની વસ્તુ બીજા ઉદ્યોગ સાથે મધ્યમ કદના સંબંધ ધરાવે છે. જે ૧૯.૦૦ ટકા થાય છે. ૧૮ કારીગરોની વસ્તુ બીજા ઉદ્યોગ સાથે લાંબા ગાળાનો સંબંધ ધરાવે છે. જે ૯.૦૦ ટકા થાય છે, ૨૯ કારીગરોની ઔદ્યોગિક વપરાશી વસ્તુ સાથે સંબંધ છે, જે ૧૪.૫ ટકા થાય છે અને ૧૧૫ કારીગરો તરફથી કોઈ જવાબ નથી, જે કુલ કારીગરોના ૫૭.૫૦ ટકા થાય છે.

## ૪.૧૪ વસ્તુની બજારમાં માંગ :

ગ્રામીણ વિસ્તારના કારીગરો દ્વારા ઉત્પાદન વસ્તુની બજારમાં માંગ અનુસંધાનમાં જોઈએ તો પોતાના વિસ્તારમાં તેમજ આજુબાજુના ગામડા તથા તાલુકા કે જીલ્લાના વિસ્તાર સુધી તેઓની વસ્તુની માંગ જોવા મળે છે. જયારે કૃષિ વસ્તુની બજારમાં માંગ હોય તેમ આ ગ્રામ્ય કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ એના કરતાં ઓછી હોય છે જયારે ઉદ્યોગ દ્વારા ઉત્પાદિત કે કૃષિની પેદાશોની માંગ બજારમાં સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ છે. જયારે કારીગરો દ્વારા ઉત્પાદિત વસ્તુની માંગ ઓછી હોય જેમાં ચર્મ ઉદ્યોગની માંગ બજારમાં વધુ જોવા મળે છે.

*કોઠા નં. ૪.૧૪*

*વસ્તુની બજારમાં માંગ કેવી છે ? તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | બજારમાં માંગ ભારે છે | ૪૫ (૪૫.૯૧) | ૫૫ (૫૩.૯૩) | ૧૦૦ (૫૦%) |
| ૨. | બજારમાં માંગ નથી | ૨૦ (૨૦.૪૨) | ૧૫ (૧૪.૭૦) | ૩૫ (૧૭.૫%) |
| | જવાબ નથી | ૩૩ (૩૩.૬૭) | ૩૨ (૩૧.૩૭) | ૬૫ (૩૨.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૪માં દર્શાવવામાં આવેલ વિગતાનો અભ્યાસ કરતાં જોવા મળેલ છે કે A કારીગરોમાંથી ૪૫ કારીગરોની વસ્તુની બજારમાં સારા એવા પ્રમાણમાં માંગ છે. જે ૪૫.૯૧ ટકા થાય છે. અને ૨૦ કારીગરોની વસ્તુની માંગ બજારમાં નહિવત્ જોવા મળેલ છે. જે ૨૦.૪૨ ટકા થવાનો અંદાજ છે જયારે ૩૩ કારીગરો તરફથી કોઈ જવાબ મળેલ નથી. જયારે B કારીગરોમાંથી ૫૫ કારીગરો એવા છે કે જેની વસ્તુ માંગ બજારમાં સારા એવા પ્રમાણમાં છે જે ૫૩.૯૩ ટકા થાય છે અને ૧૫ કારીગરોની વસ્તુની માંગ નહિવત્ જોવા મળેલ છે ૩૨ કારીગરો એ કોઈ જ જવાબ આપેલ નથી. આમ, આપણા આ સંશોધન અભ્યાસમાં ઉતરદાત્તાને પ્રશ્ન પૂછેલ કે તમારી વસ્તુની માંગ બજારમાં કેવા પ્રકારની છે. તેમાં કુલ કારીગરોમાંથી બન્ને સંયુક્ત કારીગરોમાં ૧૦૦

કારીગરોએ જવાબ આપેલ છે કે પોતાની વસ્તુની બજારમાં સારી એવી માંગ છે. જે કુલ કારીગરોના ૫૦ ટકા થાય છે. ૩૫ કારીગરો એ જવાબમાં કહેલ કે પોતાની વસ્તુની માંગ બજારમાં નહિવત્ રહેલ છે જયારે ૬૫ કારીગરો તટસ્થ રહેલ છે.

## ૪.૧૫ વ્યવસાયલક્ષી હરીફાઈનું તત્ત્વ :

ધંધા વ્યવસાય માટે હરીફાઈનું તત્ત્વ ખૂબ જ અગત્યનું ગણાય છે. હરીફાઈના કારણે ઉત્પાદક હંમેશા જાગૃત રહે છે. બજારમાં પોતાની વસ્તુ ટકી રહે તેમજ અન્ય ઉત્પાદકિય વસ્તુઓનો સામનો કરી શકે તે માટે ઉત્પાદન પદ્ધતિ તેમજ વસ્તુની ગુણવત્તામાં સંજોગો અનુસાર ફેરફાર કરીને ઉત્પાદક બજારમાં જોવા મળતી હરીફાઈની સ્થિતિનો સામનો કરવાનો પ્રયત્ન કરતો હોય છે. જેની માહિતી કોઠા નં. ૪.૧૫માં રજૂ કરવામાં આવેલ છે.

*કોઠા નં. ૪.૧૫*

*કારીગર વર્ગના ધંધા વ્યવસાય અને હરીફાઈની સ્થિતિનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | સામાન્ય હરીફાઈ | ૪૭ (૪૭.૯૫) | ૬૨ (૬૦.૮૦) | ૧૦૯ (૫૪.૫) |
| ૨. | મધ્યમ હરીફાઈ | ૨૫ (૨૫.૫૧) | ૨૦ (૧૯.૬૦) | ૪૫ (૨૨.૫) |
| ૩. | તીવ્ર હરીફાઈ | ૧૫ (૧૫.૩૨) | ૧૦ (૯.૮૦) | ૨૫ (૧૨.૫) |
| ૪. | જવાબ નથી | ૧૧ (૧૧.૨૨) | ૧૦ (૯.૮૦) | ૨૧ (૧૦.૫) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૫માં દર્શાવવામાં આવેલ વિગતનો અભ્યાસ કરતાં જોવા મળેલ છે કે A કારીગરોમાંથી ૪૭ કારીગરોને વસ્તુની સામાન્ય હરીફાઈનો સામનો કરવો પડે છે. જે ૪૭.૯૫ ટકા થાય છે. ૨૫ કારીગરોની વસ્તુ મધ્યમ હરીફાઈનો સામનો કરવો પડે છે. જે ૨૫.૫૧ ટકા થાય છે. ૧૫ કારીગરો વસ્તુની તીવ્ર હરીફાઈનો સામનો કરાવો પડે છે. જે ૧૫.૩૨ ટકા થાય છે. ૧૧ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી ૧૩

કારીગરોમાંથી ૬૨ કારીગરોની વસ્તુને સામાન્ય હરીફાઈનો સામનો કરવો પડે છે. જે ૬૦.૮૦ ટકા થાય છે. ૨૦ કારીગરોને મધ્યમ હરીફાઈનો સામનો કરવો પડે છે. જે ૧૯.૬૦ ટકા થાય છે. ૧૦ કારીગરોને તીવ્ર હરીફાઈનો સામનો કરવો પડે છે, જે ૯.૮૦ ટકા થાય છે અને ૧૦ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી. આમ કુલ કારીગરોમાંથી બન્ને સંયુક્ત કારીગરોમાં ૧૦૯ કારીગરોને પોતાની વસ્તુને સામાન્ય હરીફાઈનો સામનો કરવા જાય છે. જે કુલ કારીગરોના ૫૪.૫ ટકા થાય છે. ૪૫ કારીગરોને મધ્યમ હરીફાઈનો સામનો કરવો પડે છે, જે ૨૨.૫ ટકા થાય છે. ૨૫ કારીગરોની તીવ્ર હરીફાઈનો સામનો કરવો પડે છે. જે ૧૨.૫ ટકા થાય છે. ૨૧ કારીગરો તટસ્થ રહે છે એટલે કે તેઓએ કોઈ જ જવાબ આપેલ નથી.

આ બાબત સ્પષ્ટ કરી આપે છે કે ધંધા–વ્યવસાયમાં મોટાભાગનો કારીગર વર્ગ સામાન્ય હરીફાઈ અનુભવે છે. ધંધા વ્યવસાય અંગે હરીફાઈની સ્થિતિ પર વધુ પ્રકાશ પાડતા કહી શકાય, કે, ગ્રામ્ય વિસ્તારમાં વ્યવસાયી હરીફાઈનું સ્વરૂપ શહેર વિસ્તાર કરતાં જરા જૂદા સ્વરૂપનું હોય છે. મુખ્યત્વે ગ્રામીણ કારીગરો આ પ્રકારની હરીફાઈના સંજોગોમાં મુકાતા જોવા મળે છે. કારીગર વર્ગ મુખ્યત્વે ઉપભોગી વસ્તુઓ ઉત્પન્ન કરી, સ્થાનિક બજારમાં વેચી પોતાની આજીવિકા નિભાવતા હોય છે. સ્વાભાવિક રીતે જ ગ્રામ્ય કારીગર વર્ગમાં પછાત વર્ગમાં મુખ્યત્વે ચર્મકામ કરતાં કારીગરો, સૂંડલા સૂંડલી બનાવતા કારીગરો, સાવરણા–સાવરણી બનાવતા કારીગરો જોવા મળે છે. શહેરી વિસ્તારમાં ચર્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા તૈયાર બૂટ–ચંપલ સ્લીપર ઈત્યાદી ઉત્પાદકો ગ્રામ્ય બજારમાં ઝડપથી પગ પેસારો કરી રહ્યાં છે. આ નાના ઉત્પાદકોના કારીગરોએ આધુનિક શહેરી ઉત્પાદકોની વસ્તુઓની તીવ્ર હરીફાઈ સહન કરવી પડતી હોય છે. આવા સંજોગોમાં બાહ્ય હરીફાઈથી આ વર્ગ પીડાતો જોવા મળે છે. આમ સામાન્યત : શહેરી તેમજ સ્થાનિક ગ્રામ્ય વિસ્તારમાં ટકવું મુશ્કેલ જણાય છે. આ રીતે હરીફાઈના તત્ત્વને પણ આવક સર્જનની શકયતા માટે લક્ષમાં લેવાની જરૂરત છે. કારીગર વર્ગના હરીફાઈના તત્ત્વમાં મુખ્યત્વે કિંમત, વસ્તુની ગુણવત્તા વસ્તુની ચમક દમક તેમજ વસ્તુના ટકાઉપણા વગેરેની રીતે

શહેરી આધુનિક ઉત્પાદકોની હરીફાઈ, જાહેરાત વગેરે પરિબળોના કારણે મુખ્યત્વે આર્થિક સ્વરૂપની જોવા મળે છે.

સામાન્ય રીતે હરીફાઈનું તત્ત્વ વિકાસ પ્રગતિ માટે આવકાર્ય ગણાતું હોય છે. ઉત્પાદકતા સુધારવા, ગુણવત્તા સુધારવા ખર્ચ નીચું લાવવા, વિશેષ સંશોધન દ્વારા કાર્યક્ષમતાને પોષક તત્ત્વ તરીકે હરીફાઈ મહત્ત્વનો ભાગ ભજવે છે, પરંતુ તંદુરસ્ત હરીફાઈ દ્વારા જ આવું શકય બને છે, ગ્રામીણ કારીગર વર્ગ ઉત્પાદકિય પ્રવૃત્તિ કે ધંધા વ્યવસાયની પ્રવૃત્તિમાં રોકાયેલા લોકોએ વિચિત્ર પ્રકારની હરીફાઈની સ્થિતિમાં પોતાના આર્થિક વ્યવહારો ગોઠવવા પડે છે. જે તેઓને હંમેશા શોષણની સ્થિતિમાં જીવવા મજબૂર કરે છે. આમ ગ્રામીણ કારીગર વર્ગ વેચાણની વ્યવસ્થા તથા વ્યવસાયિક ધંધાકીય ઉત્પાદકિય પ્રવૃત્તિમાં શોષણના તત્ત્વોને પોષણ આપનાર બને છે. શોષણયુક્ત અર્થવ્યવસ્થામાં જયારે આ વર્ગના મોટાભાગના લોકો જીવન વ્યતિત કરતાં હોય. ત્યારે આર્થિક રીતે ઘણું ઉન્નત જીવન પ્રાપ્ત કરવાનું આ વર્ગના લોકો માટે ઘણું કઠીન ગણી શકાય. આ કેટલાંક મુદ્દાઓ વ્યવસાયલક્ષી પ્રવૃત્તિમાંથી આર્થિક ઉન્નતિ માટે કેટલો અવકાશ આ વર્ગના લોકો માટે રહેલ છે, તે બાબત પર પ્રકાશ પાડનાર ગણી શકાય. આ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા પરથી વ્યવસાયનું સ્વરૂપ આ મોટાભાગના લોકોનું એવુ છે કે આર્થિક રીતે ઉન્નત જીવન પ્રાપ્ત કરવાનું કેટલું કઠીન છે. તે બાબત સમજાવવામાં ઉપયોગી બને છે. આ સિવાય મુખ્ય વ્યવસાયલક્ષી મુદ્દો રોજગારના સ્વરૂપ સંબંધી છે, તેની ચર્ચા હવે પછીના મુદ્દામાં કરવામાં આવેલ છે કે જેથી તેઓના આર્થિક જીવન માટેના સંજોગો કેટલા કઠીન છે કે ઉજ્જવળ છે ? તે બાબત પર પ્રકાશ પાડી શકાય.

## ૪.૧૬ કામના સ્થળનું વિશ્લેષણ :

ગ્રામીણ વિસ્તારમાં કામ કરતાં કારીગરોના કામના સ્થળનું વિશ્લેષણમાં જોઈએ તો મોટાભાગના કારીગરો પોતાના જ રહેઠાણમાં કે તેની આસપાસ પોતાની માલિકીના મકાનમાં વ્યવસાય કરતાં હોય છે. ગ્રામ્ય વિસ્તારમાં ફળીયા વિસ્તાર વધુ હોય કુંભારી કામ કરતાં કારીગરો પોતાના માટીનાં વાસણો પોતાના જ ફળીયામાં બનાવતા હોય છે.

લુહાર પોતાના ઘરની બાજુમાં જ લુહારી કામનું કોડ હોય છે. પશુપાલન કે મરઘા–બતકા ઉછેરનાર પોતાના ફળીયામાં ઢાળીયા બનાવી પશુપાલન વ્યવસાય કરતાં હોય છે. એટલે કે, તેમને દૂરના વિસ્તારમાં ભાડે મકાન રાખવાની જરૂર પડતી ન હોય, જયારે શહેરી વિસ્તારમાં દુકાન–ધંધા કરવા માટે મકાન ભાડે રાખવા પડતા હોય છે.

*કોઠા નં. ૪.૧૬*

***માલિકીનું મકાન અંગેનું વિશ્લેષણ***

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | માલિકીનું મકાન છે | ૭૧ (૭૨.૪૪) | ૯૫ (૯૩.૧૪) | ૧૬૬ (૮૩.૦૦) |
| ૨. | માલિકીનું મકાન નથી | ૨૫ (૨૫.૫૨) | ૬ (૫.૮૮) | ૩૧ (૧૫.૫) |
| ૩ | સગાના મકાનમાં રહે છે | ૨ (૨.૦૪) | ૧ (૦.૯૮) | ૦૩ (૧.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૬માં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોમાંથી ૭૧ કારીગરોને પોતાની જ માલિકીનું મકાન ધરાવે છે, જે કુલ કારીગરોના ૭૨.૪૪ ટકા થાય છે. ૨૫ કારીગરોને પોતાની માલિકીનું મકાન નથી જે ૨૫.૫૨ ટકા થાય છે. અને ૨ કારીગરો પોતાના સગાના મકાનમાં રહેલ છે. જયારે B કારીગરોમાંથી ૯૫ કારીગરોને પોતાની માલિકીનું મકાન ધરાવે છે. જે કુલ કારીગરોના ૯૩.૧૪ ટકા થાય છે, ૬ કારીગરોને પોતાની માલિકીનું મકાન નથી અને ૧ કારીગર એવા છે જે પોતાના સગાના મકાનમાં રહે છે. આમ, કુલ કારીગરોમાંથી બન્ને સંયુક્ત કારીગરમાં ૧૬૬ કારીગરો એવા છે કે જે પોતાનું મકાન ધરાવે છે. જે કુલ કારીગરોના ૮૩ ટકા થવા જાય છે ૩૧ કારીગરોને પોતાની માલિકીનું મકાન નથી જે ૧૫.૫ ટકા થાય છે અને ૩ કારીગરો પોતાના સગાના મકાનમાં રહે છે જે ૧.૫ ટકા થાય છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે આ સંશોધન અભ્યાસમાં ઉત્તરદાતાઓને પોતાની માલિકીનું મકાન હોય તેવા મોટાભાગના છે નહીંવત્ કારીગરોને પોતાની માલિકીનું મકાન નથી. કારીગરો એવા

છે જે ઘર જમાઈ તરીકે પોતાના સસરાના મકાનમાં રહે છે અને એક કારીગર તેમના અન્ય સગાના મકાનમાં રહે છે.

*કોઠા નં. ૪.૧૭*

*ભાડાના મકાન અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | ભાડે છે | ૨૫ (૨૫.૫૧) | ૦૬ (૬.૧૨%) | ૩૧ (૧૫.૫%) |
| ૨. | ભાડે નથી | ૭૧ (૭૨.૪૪%) | ૯૫ (૯૩.૧૪%) | ૧૬૬ (૮૩.૦૦%) |
| ૩. | સગાના મકાનમાં | ૨ (૨.૦૪%) | ૧ (૦.૯૮%) | ૩ (૧.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૭માં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોમાંથી ૨૫ કારીગરો પોતાની માલિકીનું મકાન ન હોવાથી તેઓ ભાડાના મકાનમાં રહે છે, જે ૨૫.૫૧ ટકા થાય છે અને ૭૧ કારીગરોનું મકાન ભાડે નથી એટલે કે તેઓની પાસે પોતાનું મકાન છે, જે ૭૨.૪૪ ટકા થાય છે જયારે B કારીગરોમાંથી ૬ કારીગરો એવા છે કે જેમની પાસે પોતાનું મકાન નથી. તેથી, તેઓ ભાડાના મકાનમાં રહે છે જે ૬.૧૨ ટકા થાય છે અને ૯૫ કારીગરો ભાડે રહેતા નથી તેનો અર્થ એ થાય કે તેઓ પાસે પોતાની માલિકીનું મકાન છે. આમ કુલ કારીગરોમાંથી ૩૧ કારીગરો ભાડાના મકાનમાં રહે છે, જે ૧૫.૫ ટકા થાય છે અને ૧૬૬ કારીગરો ભાડે મકાનમાં રહેતા નથી એટલે કે પોતાની માલિકીનું મકાન છે. જે ૮૩.૦૦ ટકા થાય છે. આ પરથી કહી શકાય કે આપણાં આ સંશોધન અભ્યાસ તથા મોટાભાગના કારીગરોની પાસે માલિકીનું મકાન છે. જે એક સારી બાબત ગણાવી શકાય.

*કોઠા નં. ૪.૧૮*

*મકાનની કિંમત અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | ૧૦ હજારથી ૨૫ હજાર | ૧૪ (૧૪.૨૮) | ૨૨ (૨૧.૫૬) | ૩૬ (૧૮%) |
| ૨. | ૨૫ હજારથી ૫૦ હજાર | ૧૮ (૧૮.૩૬) | ૨૨ (૨૧.૫૬) | ૪૦ (૨૦%) |
| ૩. | ૫૦ હજારથી ૮૦,૦૦૦ | ૩૪ (૩૪.૬૯) | ૪૪ (૪૩.૧૩) | ૭૮ (૩૯%) |
| ૪. | ૮૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ | ૧૮ (૧૮.૩૬) | ૦૭ (૬.૮૬) | ૨૫ (૧૨.૫૫%) |
| ૫. | ૧,૦૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ | ૧૦ (૧૦.૨૦) | ૦૫ (૪.૯૦) | ૧૫ (૭.૫%) |
| ૬. | ૧,૫૦,૦૦૦ થી વધુ | ૦૪ (૪.૦૮) | ૦૨ (૧.૯૬) | ૦૬ (૩%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૮માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૧૪ કારીગરો પાસે જે મકાન છે તેમની કિમત ૧૦ હજારથી ૨૫ હજાર સુધીની છે. જે ૧૪.૨૮ ટકા થાય છે અને ૧૮ કારીગરોના મકાનની કિમત ૨૫ હજારથી ૫૦ હજાર સુધીની છે, જે ૧૮.૩૬ ટકા થાય છે. ૩૪ કારીગરોના મકાનની કિંમત ૫૦ હજારની ૮૭ હજાર સુધીની છે. જે ૩૪.૬૯ ટકા થાય છે. ૧૮ કારીગરોના મકાનની કિંમત ૮૦ હજારથી ૧૦૦૦૦૦ સુધીની છે, જે ૧૮.૨૬ ટકા થાય છે. ૧૦ કારીગરોના મકાનની કિંમત ૧૦૦૦૦૦ થી ૧૫૦૦૦૦૦ની છે. ૪ કારીગરોના મકાનની કિંમત ૧૫૦૦૦૦થી પણ વધુ છે, જે ૪.૦૮ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૨૨ કારીગરોના મકાનની કિંમત ૧૦ હજાર થી ૨૫ હજાર સુધીની છે. જે ૨૧.૫૬ ટકા થાય છે અને ૨૨ કારીગરોના મકાનની કિંમત ૨૫ હજારથી ૫૦ હજાર સુધીની છે, જે ૨૧.૫૬ ટકા થાય છે. ૪૪ કારીગરોના મકાનની કિંમત ૫૦ હજારથી ૮૦ હજાર કે ૧ લાખ સુધીની છે. જે ૬.૮૬ ટકા થાય છે, ૫ કારીગરોના મકાનની કિંમત ૧ લાખ ૫૦ હજારથી

વધુ છે, જે ૧.૯૬ ટકા થાય છે. આમ કુલ કારીગરોમાંથી ૩૬ કારીગરોના મકાનની કિંમત ૧૦ થી ૨૫ હજારની છે. ૪૦ કારીગરોના મકાનની કિંમત ૨૫ હજારથી ૫૦ હજારની છે.

*કોઠા નં. ૪.૧૯*

*માસિક ભાડા અંગેનું વિશ્લેષણ*

| ક્રમ | વિગત | **A** કારીગરોની સંખ્યા | **B** કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરો |
|---|---|---|---|---|
| ૧. | ૫૦ થી ૭૫ રૂપિયા | ૦૫ (૫.૧૦) | ૦૧ (૦.૯૮%) | ૦૬ (૩.૦૦%) |
| ૨. | ૭૫ થી ૧૦૦ રૂપિયા | ૦૮ (૮.૧૬) | ૦૧ (૦.૯૮%) | ૦૯ (૪.૫૦%) |
| ૩. | ૧૦૦ થી ૧૫૦ રૂપિયા | ૦૪ (૧૦.૨૦) | ૦૨ (૧.૯૬) | ૦૬ (૩%) |
| ૪. | ૧૫૦ થી ૨૦૦ રૂપિયા | ૦૮ (૮.૧૬%) | ૨ (૧.૯૬%) | ૧૦ (૫.૦૦%) |
| ૫. | ૨૫૦ થી ૩૦૦ રૂપિયા | – | – | – |
| ૬. | ૩૦૦ થી ૩૫૦ રૂપિયા | – | – | – |
| ૭. | ૩૫૦ થી વધુ | – | – | – |
| ૮. | ભાડે નથી | ૭૧ (૭૨.૪૪%) | ૯૫ (૯૩.૧૪%) | ૧૬૬ (૮૩.૦૦%) |
| ૯. | જવાબ નથી | ૦૨ (૨.૦૪%) | ૦૧ (૦.૯૮%) | ૦૩ (૧.૫૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૧૯માં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોમાંથી ૫ કારીગરો એવા છે કે જેમને ૫૦ થી ૭૫ રૂપિયા મકાનનું ભાડું ચૂંકવે છે, જે ૫.૧૦ ટકા થાય છે. ૮ કારીગરો ૭૫ થી ૧૦૦ રૂા. ભાડું ચૂકવે છે અને ૪ કારીગરો ૧૦૦ થી ૧૫૦ રૂા. ભાડું ચૂકવે છે, જે ૧૦.૨૦ ટકા થાય છે. ૦૮ કારીગરો ૧૫૦ થી ૨૦૦ રૂા. ભાડું ચૂકવે છે. જ્યારે B કારીગરોમાંથી ૧ કારીગર ૫૦ થી ૭૫ રૂા.નું ભાડું ચૂંકવે છે, જે ૦.૯૮ ટકા થાય છે. ૧ કારીગર ૭૫ થી ૧૦૦રૂા. સુધીનું ભાડું ચૂકવે છે, જે ૦.૯૮ ટકા થાય છે અને ૨ કારીગરો એવા છે જે ૧૦૦ થી ૧૫૦ રૂા. સુધી

ભાડું ચૂંકવે છે, ૨ કારીગરો ૧૫૦ થી ૨૦૦ રૂા. ભાડુ ચૂકવે છે અને ૨૫૦ થી ૩૫૦ રૂા. કરતા વધુ ભાડું ચૂકવનાર એક પણ કારીગર નથી અને ૦૨ કારીગરો તરફથી કોઈ જ જવાબ નથી. જયારે B કારીગરોમાંથી ૧ કારીગર ૫૦ થી ૭૫ રૂા.નું ભાડું ચૂંકવે છે, જે ૦.૯૮ ટકા થાય છે. અને ૨ કારીગરો એવા છે જે ૧૦૦ થી ૧૫૦ રૂા. સુધી ભાડું ચૂંકવે છે, અને ૨૫૦ થી ૩૫૦ થી વધુ ભાડું ચૂંકવનાર એક પણ કારીગર નથી અને ૦૧ કારીગર તરફથી કોઈ જ જવાબ નથી. જયારે B કારીગરોમાંથી ૯૫ કારીગરો પાસે પોતાનું મકાન છે. આ પરથી સ્પષ્ટ થાય છે શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં મકાનભાડું ખૂબ જ ઓછું જોવા મળે છે. બીજી મહત્ત્વની બાબત તો છે કે સરકારી યોજના અંતર્ગત દરેક ગામડામાં પછાત એવા લોકોને સરકાર તરફથી મકાન બંધાવી આપવામાં આવેલા છે.

## ૪.૧૭ ધંધામાં આધુનિકરણ :

આઝાદીની પ્રાપ્તિ બાદ આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગવાન બનતા ઔદ્યોગિકરણ અને આધુનિકરણની પ્રક્રિયા વેગવાન બની રહેતા તાજેતરનાં વર્ષોમાં શહેરીકરણ અને ગ્રામીણકરણમાં પણ પરિવર્તન આવેલ જોવા મળે છે. આજે ઉદ્યોગોમાં અદ્યતન ઉત્પાદન પદ્ધતિથી ઉત્પાદન કરવામાં આવે છે. તેમ ગ્રામીણ વિસ્તારમાં ખેતીક્ષેત્ર અદ્યતન પદ્ધતિથી ઉત્પાદન થતા હરિયાળી ક્રાંતિ સર્જવા પામી છે. તેવી રીતે ગ્રામીણ કારીગરો પોતાના વ્યવસાયમાં આધુનિકરણ લાવવાના પ્રયાસો કરી રહેલ છે. તેઓ પહેલાં જે જૂના પૂરાણા ઓજારોને બદલે અદ્યતન ઓજારોનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવા લાગ્યા છે આમ જોઈએ તો દરેક વ્યક્તિને કંઈક આર્થિક પ્રવૃત્તિ કરી આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન નોંધાવે છે ગ્રામ્ય વિસ્તારનાં ધંધામાં આધુનિકરણ લાવ્યા છે, કે નહીં તે અંગેના પ્રજાના જવાબમાં નીચેના કોઠા નં. ૪.૨૦ ઉપરથી તેની સમજૂતી મેળવી શકાય.

*કોઠા નં. ૪.૨૦*

*ધંધામાં આધુનિકરણ અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | ધંધામાં આધુનિકરણ લાવ્યા છે | ૭૫ (૭૬.૫૩) | ૫૦ (૪૯.૦૧) | ૧૨૫ (૬૨.૫%) |
| ૨. | ધંધામાં આધુનિકરણ લાવ્યા નથી | ૨૩ (૨૩.૪૬) | ૫૨ (૫૦.૯૮) | ૭૫ (૩૭.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૪.૨૦માં દર્શાવવામાં આવેલ વિગત પરથી અભ્યાસ કરી શકાય છે કે A કારીગરોમાંથી ૭૫ કારીગરો પોતાના ધંધામાં આધુનિકરણ લાવેલ જણાવાયું છે, જે ૭૬.૫૩ ટકા થાય છે. અને ૨૩ કારીગરો ધંધામાં આધુનિકરણ લાવેલ નથી, જે ૨૩.૪૬ ટકા થાય છે. જયારે B કારીગરો તેમાંથી ૫૦ કારીગરો પોતાના ધંધામાં આધુનિકરણ લાવ્યા છે. જે ૪૯.૦૧ ટકા થાય છે અને ૫૨ કારીગરો પોતાના ધંધામાં આધુનિકરણ લાવ્યા નથી. જે ૫૦.૯૮ ટકા થાય છે. આમ કુલ કારીગરોમાંથી ૧૨૫ એવા કારીગરો છે જે પોતાના ધંધામાં આધુનિકરણ કે પરિવર્તન લાવ્યા છે જે કુલ કારીગરોના ૬૨.૫ ટકા થાય છે. ૭૫ કારીગરો પોતાના ધંધામાં પરિવર્તન કે આધુનિકરણ દાખવેલ નથી. જે ૩૭.૫ ટકા થાય છે. આમ બન્ને સંયુક્ત રીતે જોઈએ તો કુલ કારીગરોમાંથી મોટાભાગના કારીગરો આધુનિકરણ તરફ વળ્યા છે.

*કોઠા નં. ૪.૨૧*

*ચાલુ વસ્તુમાં આધુનિક ફેરફાર અંગેનું વિશ્લેષણ*

| ક્રમ | વિગત | ***A*** કારીગરોની સંખ્યા | ***B*** કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરો |
|---|---|---|---|---|
| ૧. | હા | ૭૩ (૭૪.૪૮) | ૯૦ (૮૮.૨૩) | ૧૬૩ (૮૧.૫%) |
| ૨. | ના | ૨૫ (૨૫.૫૧) | ૧૨ (૧૧.૭૬) | ૩૭(૧૮.૫%) |
| | | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૨૧માં દર્શાવવામાં આવેલ વિગતોનો અભ્યાસ કરતાં જોવા મળ્યું છે કે A કારીગરોમાંથી ૭૩ કારીગરોએ ચાલું વસ્તુમાં આધુનિક ફેરફાર કરવાનું વિચાર્યુ છે. જે ૭૪.૪૮ ટકા થાય છે ૨૫ કારીગરો એ પોતાના ચાલુ ધંધામાં કોઈ જ ફેરફાર કરવા તૈયાર નથી જયારે B કારીગરોમાંથી ૯૦ કારીગરો પોતાના ધંધામાં આધુનિક પરિવર્તન કરવા ઈચ્છા ધરાવેલ છે જે ૮૮.૨૩ ટકા થાય છે. ૧૨ કારીગરો એવા છે કે જે ચાલુ વ્યવસાયમાં કોઈજ પરિવર્તન કરવા તૈયાર નથી. આમ કુલ કારીગરોમાંથી ૧૬૩ કારીગરો પોતાના ધંધામાં ચાલુ વસ્તુના ઉત્પાદનમાં આધુનિક ટેક્નિક અપનાવવા માંગે છે. જે ૮૧.૫ ટકા થાય છે અને ૩૭ કારીગરો પોતાના ચાલુ ધંધામાં કોઈ જ પ્રકારની આધુનિક ટેક્નિક અપનાવવામાં માનતા નથી, જે ૧૮.૫ ટકા થાય છે. આમ ઉપરની તમામ બાબતના અભ્યાસ પરથી કહી શકાય છે કે વર્તમાન સમયમાં આધુનિકરણ, વૈશ્વિકરણ, ઉદારીકરણ, ખાનગીકરણને કારણે ગામડામાં દરેક વ્યક્તિ પોતાના ધંધામાં આધુનિક ટેક્નિક અપનાવવા માંગે છે તેનું કારણ એ કે વર્તમાન સમય સામે ટકવા માટે તેમની પાસે એક આ ઉપાય છે કે પોતાના ચાલુ ધંધામાં કંઈક ફેરફાર કે આધુનિક ટેક્નિક અપનાવવી જોઈએ.

*કોઠા નં. ૪.૨૨*

***નવી વસ્તુના ઉત્પાદન અંગેનું વિશ્લેષણ***

| ક્રમ | વિગત | **A** કારીગરોની સંખ્યા | **B** કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરો |
|---|---|---|---|---|
| ૧. | હા | ૫૫ (૫૬.૧૨) | ૫૦ (૫૯.૦૧) | ૧૦૫ (૫૨.૫%) |
| ૨. | ના | ૪૩ (૪૩.૮૭) | ૫૨ (૫૦.૯૮) | ૯૫ (૪૭.૫%) |
| | | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૨૨ પર દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોમાંથી ૫૫ કારીગરો નવી વસ્તુનું ઉત્પાદન કરે છે અથવા કરવા સહમત થયા છે, જે ૫૬.૧૨ ટકા થાય છે. ૪૩ કારીગરો નવી વસ્તુનું ઉત્પાદન કરવા ના કહેલ છે જે ૪૩.૮૭ ટકા થાય છે. જ્યારે B કારીગરોમાંથી ૫૦ કારીગરો નવી વસ્તુનું ઉત્પાદન કરે છે. જે ૫૯.૦૧ ટકા થાય છે, અને ૫૨ કારીગરો નવી વસ્તુનું ઉત્પાદન કરતાં નથી જે ૫૦.૯૮ ટકા થાય છે. આમ કુલ કારીગરોમાંથી ૧૦૫ કારીગરો વર્તમાન સમયને તાલે નવી વસ્તુનું ઉત્પાદન કરે છે જે ૫૨.૫% ટકા થાય છે, અને ૯૫ કારીગરો પરંપરાગત વસ્તુનું ઉત્પાદન કરે છે જે ૪૭.૫ ટકા થાય છે આ પરથી કહી શકાય કે ૨૧મી સદીના માનવીની જરૂરિયાત અનુસાર વસ્તુમાં પણ ઘણું પરિવર્તન આવેલ છે જે છેક ઉત્પાદક ગ્રાહકની માંગ અનુસાર ઉત્પાદન કરે છે.

*કોઠા નં. ૪.૨૩*

***વસ્તુમાં વિવિધતા લાવવા અંગેનું વિશ્લેષણ***

| ક્રમ | વિગત | **A** કારીગરોની સંખ્યા | **B** કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરો |
|---|---|---|---|---|
| ૧. | હા | ૭૭ (૭૮.૫૭) | ૬૦ (૫૮.૮૨) | ૧૩૭ (૬૮.૫૦%) |
| ૨. | ના | ૨૧ (૨૧.૪૩) | ૪૨ (૪૧.૧૮) | ૬૩ (૩૧.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૨૩માં દર્શાવવામાં આવેલ વિગત પરથી અભ્યાસ કરી શકાય છે કે A કારીગરોમાંથી ૭૭ કારીગરો વસ્તુમાં વિવિધતા લાવેલ છે, જે ૭૮.૫૭ ટકા થાય છે. અને ૨૧ કારીગરો પોતાની વસ્તુમાં વિવિધતા લાવેલ નથી, જ્યારે B કારીગરોમાંથી ૬૦ કારીગરો પોતાની વસ્તુમાં વિવિધતા લાવ્યા છે, જે ૫૮.૮૨ ટકા થવા જાય છે. અને ૪૨ કારીગરો પોતે જે કઈ વસ્તુનું ઉત્પાદન કરે છે તેમાં તેઓ વિવિધતા લાવ્યા નથી. આમ કુલ કારીગરોની દષ્ટિએ જોઈએ તો બન્ને સંયુક્ત કારીગરોમાં ૧૩૭ કારીગરો પોતે જે કંઈ વસ્તુનું ઉત્પાદન કરે છે. તેમાં વધતા ઓછા પ્રમાણમાં વિવિધતા લાવ્યા છે, જે કુલ કારીગરોના ૬૮.૫૦ ટકા થાય છે. જ્યારે ૬૩ કારીગરો જે કંઈ વસ્તુનું ઉત્પાદન કરે છે તેમાં વિવિધતા લાવ્યા નથી. એટલે કે તેઓ પહેલાંથી જે વસ્તુનું ઉત્પાદન જેવી રીતે કરે છે તેવી જ રીતે વર્તમાન સમયમાં વસ્તુનું ઉત્પાદન કરે છે, જે કુલ કારીગરોના ૩૧.૫ ટકા થવાનો અંદાજ છે. આ પરથી કહી શકાય છે કે ગ્રામીણ કારીગરોમાં હજુ પણ અંધ–વિશ્વાસ રીત–રિવાજ, રૂઢિઓને કારણે પોતાના ધંધામાં વિવિધતા લાવ્યા નથી.

*કોઠા નં.૪.૨૪*

*શ્રમિકો અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧. | ઘરના સભ્ય | ૮૬ (૮૭.૭૫) | ૧૦૦ (૯૮.૦૩) | ૧૮૬ (૯૩%) |
| ૨. | બીજા કોઈ બહારના | – | – | – |
| | શ્રમિકો | ૧૨ (૧૨.૨૫) | ૨ (૧.૯૭) | ૧૪ (૭%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૪.૨૫માં દર્શાવવામાં આવેલ વિગતોમાં શ્રમિકો અંગેનું વિશ્લેષણમાં A કારીગરોમાંથી ૮૬ કારીગરો ધંધામાં ઘરના સભ્યો જ તેમના વ્યવસાયમાં મદદરૂપ થતા જોવા મળે છે. ૮૭.૭૫ ટકા થાય છે. જયારે ૧૨ કારીગરો એવા છે જે પોતાના ધંધા માટે બહારથી શ્રમિકો બોલાવે છે, જે કુલ કારીગરોના ૧૨.૨૫ ટકા થવા જાય છે, જયારે B કારીગરોના વ્યવસાયોમાં પોતાના ઘરના સભ્યો શ્રમિક તરીકે કાર્ય કરતાં જોવા મળે છે. જેની સંખ્યા ૧૦૦ થવા જાય છે, જે ૯૮.૦૩ ટકા થાય છે અને માત્ર ૨ કારીગરો એવા છે કે પોતાના વ્યવસાય માટે બહારથી શ્રમિકોને બોલાવે છે, જે ૧.૯૭ ટકા થાય છે, આમ બન્ને સંયુક્ત કારીગરોની દષ્ટિએ જોઈએ તો કુલ કારીગરોમાંથી ૧૮૬ કારીગરો એવા છે કે જેમાં પોતાના વ્યવસાય માટે પોતાના કુટુંબના સભ્યો મદદરૂપ બને અથવા તો શ્રમિક તરીકે કાર્ય કરતાં જોવા મળે છે. જે ૯૩ ટકા થવાનો અંદાજ છે જયારે કુલ કારીગરોમાંથી માત્ર ૧૪ કારીગરો જ બીજા બહારના વ્યક્તિને પોતાના વ્યવસાયમાં શ્રમિક તરીકે કાર્ય કરતાં જોવા મળે છે, જે ૭ ટકા થવાનો સંકેત મળે છે.

## ૪.૧૮ સારાંશ :

ગ્રામીણ કારીગરોના આર્થિક પ્રશ્નો અને ભાવિ અવકાશ તપાસવાના પ્રયત્નના ભાગરૂપે આ પ્રકરણમાં મુખ્યત્વે રોજગારી સાથે સંકળાયેલા વિવિધ વ્યવસાયોને લગતી માહિતી પર પ્રકાશ પાડવો અને આ અભ્યાસના એક મહત્ત્વના મુદ્દાઓની છણાવટ કરવાનો પ્રયત્ન કર્યો છે, જેનો આ પ્રકરણમાં સર્વસામાન્ય તારણની ફલશ્રુતિ સ્વરૂપે જે બાબત નિષ્પન્ન થઈ છે. તે આ વર્ગની આર્થિક સ્થિતિના ઉજ્જવળ ભાવિ અને વિશેષ અવકાશ ન હોવા અંગે સંકેત આપનાર બની રહે છે. તેથી કહેવું યોગ્ય છે કે જે પ્રકારના વ્યવસાયોમાં આ લોકો રોકાયેલા છે. તે જોતાં તેમજ મુખ્ય વ્યવસાયો પરંપરાગત પ્રકારના વ્યવસાયો છે. આ વ્યવસાયોમાં ઝડપી આવક સર્જનનો અવકાશ દષ્ટિગોચર થતો નથી. મોટાભાગે આ વ્યવસાયમાંથી ગતિશીલતાનો અવકાશ નહિવત્ હોવાનું જોવા મળેલ છે. આમ, આધુનિકરણ, વિવિધતા, પરિવર્તનશીલતા, ગતિશીલતા, શિખવાની તાલીમનું

પ્રમાણ ઊંચી આવક પ્રત્યે આકર્ષણ કે કાર્યક્ષમતા સુધારો વગેરે જે વિધેયાત્મક પરિબળો ગતિશીલતા માટે આવકાર્ય ગણવામાં આવતા હોય છે. તેમાંના આ વર્ગના હિસ્સામાં કોઈપણ દષ્ટિગોચર થતા જોવા મળ્યા નથી. તેથી આર્થિક ઉત્થાન માટે ઉજ્જવળ ભાવિની આગાહી કરવાનું ઘણું કઠીન બની જાય તેમ છે.

☆☆☆

# પ્રકરણ -૫
# આવકનું ધોરણ અને જીવન નિર્વાહનું સ્તર


૫.૧ કારીગરોના સામાજિક આર્થિક તફાવતો
૫.૨ જીવનધોરણ અને રાષ્ટ્રીય નિર્દેશકો
૫.૩ ગ્રામીણ કારીગરોની તાલીમ સંબંધી પરિસ્થિતિ
૫.૪ કારીગર વર્ગની રોજગારીની સ્થિતિ
૫.૫ ગ્રામીણ કારીગરોની આવકનું ધોરણ
૫.૬ કારીગરોની વ્યવસાયિક ગતિશીલતા
૫.૭ ગ્રામીણ કારીગરોના ખર્ચના વલણો
૫.૮ દેવાદાર કારીગરોની વિગત
૫.૯ ધિરાણ પ્રાપ્તિના ઉદ્દેશો
૫.૧૦ દેવાદાર કુટુંબદીઠ દેવાનું પ્રમાણ
૫.૧૧ ધિરાણ પ્રાપ્તિ માટેની જામીનગીરીની વિગતો
૫.૧૨ વ્યાજ અને મુદત પરત કરવાની પદ્ધતિ

# પ્રકરણ -૫
# આવકનું ધોરણ અને જીવન નિર્વાહનું સ્તર

સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારના કારીગરોની એક મુખ્ય સમસ્યા તેઓનાં નીચા જીવનધોરણ છે. આ કારીગરોને પૂરતા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થતી ન હોવાથી તેઓની આવક ઓછી હોય તે સ્વાભાવિક છે. તેઓની આવકનો મોટો ભાગ ખોરાક, કપડા વગેરે પ્રાથમિક જીવન જરૂરી વસ્તુઓની ખરીદીમાં જ ખર્ચાય જાય છે. આ વસ્તુઓ ખરીદવા માટે પણ જયારે તેઓની આવક પૂરતી ન હોય ત્યારે આ કારીગરોને દેવું કરવું પડે છે. ગ્રામ્ય કારીગરોને રોજગારી અનિશ્ચિત અને અસ્થિર હોવાથી તેઓની પાસે હાથ પર અમુક નાંણાં હોય તે અતિ આવશ્યક છે. એટલે કે તેઓ પોતાની આવકમાંથી બધીજ રકમનો વપરાશમાં ઉપયોગ નહીં કરતાં અમુક રકમની બચત કરવી જ જોઈએ. જેથી જયારે રોજગારી પ્રાપ્ત ન થાય ત્યારે પોતાના કુટુંબનો નિર્વાહ સરળતાથી કરી શકાય. આ અભ્યાસ અનુસાર આ કારીગરો આવી બચતો કરવા અશક્તિમાન છે. કેટલાંક કારીગરો તેઓના કુટુંબનું ગુજરાન અતિ મુશ્કેલીથી ચલાવતા હોય ત્યારે બચતની વાત તેઓ વિચારી પણ ન શકે તે સ્વાભાવિક છે. આથી જયારે રોજગારી પ્રાપ્ત ન થાય ત્યારે તેઓને દેવું કરવું પડે છે.

કેટલાક કારીગરોનું કાર્ય પરિશ્રમ માંગી લે તેવું હોય છે. આથી તેઓને પૌષ્ટિક આહાર મેળવવો જરૂરી બને છે. પરંતુ આ કારીગરો આવો ખોરાક મેળવી શકતા નથી. ઘી, દૂધ, ફળ વગેરે પોતાના દૈનિક આહારમાં લઈ શકતા નથી. પોતાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે પોતાના સંતાનોની યોગ્ય પ્રકારની માવજત પણ કરી શકતા નથી. નીચા જીવનધોરણથી  કારીગરની કાર્યદક્ષતા પર માઠી અસર પડે છે. એટલું જ નહીં પરંતુ તેઓના સંતાનોના જીવનધોરણ પર પણ વિપરિત અસર પડે છે.

આપણા આ સંશોધન અભ્યાસના કારીગરોમાંથી કેટલાંક કારીગરોને પોતાના વ્યવસાયમાંથી પૂરતી આવક ન મળતી હોવાથી તેઓ ખેતીક્ષેત્રે મજૂરી કરી આવક મેળવે છે. જયારે આવા ખેતી કે અન્ય સંલગ્ન ક્ષેત્રોમાંથી પૂરક રોજગારી પ્રાપ્ત થતી ન હોય ત્યારે તેઓને ગરીબીની સમસ્યાનો સામનો કરવો પડે છે. ગ્રામીણ કારીગરોની સમસ્યા એ વિશિષ્ટ પ્રકારની સમસ્યા છે.અન્ય ક્ષેત્રમાં વ્યક્તિ ગરીબીરેખાની ઉપર આવી જાય પછી ફરી તે ગરીબ બની જતી નથી. પરંતુ ગ્રામીણ કારીગરોમાંથી કેટલાંક એવા કારીગરો છે. જેઓ અવારનવાર ગરીબીનો સામનો કરી રહ્યા છે. જયારે તેઓને પૂરતી રોજગારી મળે છે ત્યારે તેઓ ગરીબી રેખાની ઉપર આવે છે તેમ કહી શકાય. પરંતુ જયારે તેઓને રોજગારી મળતી નથી ત્યારે તેઓ ગરીબી રેખાથી નીચે જાય છે. આ ઘટનાનું અવારનવાર પુનરાવર્તન થતું હોય છે. તેથી જ એમ કહી શકાય કે તેઓની ગરીબીની સમસ્યાએ વિશિષ્ટ પ્રકારની સમસ્યા છે. ગરીબીના માપન અંગેના પ્રચલિત ધોરણો વ્યક્તિની વાર્ષિક વાસ્તવિક માથાદીઠ આવક પર હોય પરતું તે અચોકકસ અને અસ્થિર હોય છે. એટલું જ નહીં તેઓની વાર્ષિક આવકની બાબતમાં પણ તેમજ છે. આથી તેઓની ગરીબીની સમસ્યાને પ્રવર્તમાન ગરીબીના ખ્યાલ દ્વારા સમજી શકાય નહી. આમ નીચું જીવનધોરણ અને અયોગ્ય જીવન પરિસ્થિતિની સમસ્યા ગરીબીની સમસ્યા સાથે સંકળાયેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ જિલ્લાના ગ્રામ્ય કારીગરોના આર્થિક પ્રશ્નો અને તેનું ભાવિ તપાસવામાં આવેલ છે. આ સમસ્યાનું મૂળ કારીગરોમાં રહેલા સામાજિક આર્થિક તફાવતો પર રહેલ છે.

## ૫.૧ કારીગરોના સામાજિક આર્થિક તફાવતો :

કારીગરોના નીચા જીવનધોરણ અને અયોગ્ય જીવન પરિસ્થિતિની સમસ્યા તેઓમાં રહેલા સામાજિક આર્થિક તફાવતોના સંદર્ભમાંજ વિચારવું જોઈએ. બધાજ કારીગરોને આ સમસ્યાઓ સમાન રીતે અસર કરતી નથી. તેઓની સામાજિક અને આર્થિક કક્ષા પ્રમાણે તેઓને અસર કરે છે. કારીગરો વચ્ચે અનેક બાબતોના તફાવત જોવા મળે છે જેમકે શારીરિક, માનસિક, ઔદ્યોગિક, કૃષિલક્ષી વગેરે તફાવતો છે. કારીગરોને

પેટા જૂથોમાં પણ વિભાજીત કરી શકાય છે. જેમકે સાદી પ્રક્રિયાવાળા કાર્યો અને મહેનત વાળા કાર્યો કરતાં કારીગરો યાંત્રિક કારીગરો તેમજ તેઓના સંગઠન અને કૌશલ્યના સંદર્ભમાં પણ તફાવત હોય છે."[૧] આ તફાવતોની અસર જેતે કારીગરોની રોજગારી અને આવક પર થાય છે અને પરિણામે તેઓના જીવનધોરણ તથા જીવન પરિસ્થિતિને અસર કરે છે. આથી નીચા જીવનધોરણની સમસ્યા બધાજ કારીગરોને એક સરખી રીતે અસર કરતી નથી. લુહારી,સુથારી પ્રકારની કામગીરી કુશળતા માંગી લે તેવી છે. તેમજ ઔદ્યોગિક કારીગરોનું જીવનધોરણ અન્ય સાવરણા, સાવરણી, સૂંડલા, ચમાર જેવા કાર્યો કરતાં કારીગરો કરતાં ઊંચુ હોય તે સ્વાભાવિક છે. શિક્ષિત અને તાલીમબદ્ધ કારીગરોનું જીવનધોરણ નિરક્ષર અને બિન તાલીમી કારીગરો કરતાં ઊંચુ હોય તે પણ સ્વાભાવિક છે. વિકસીત અને અલ્પવિકસીત દેશોમાં થયેલા કેટલાંક અભ્યાસો અનુસાર શિક્ષણ અને આવક વચ્ચે સિદ્ધો સંબંધ છે."[૨] કારીગરોનું શિક્ષણ તેની આવક નક્કી કરે છે. અને તેની આવક તેના જીવનધોરણને નક્કી કરે છે.

શિક્ષણ સિવાય અન્ય કેટલાંક પરિબળો પણ આવક પર અસર કરે છે. ભારતીય કારીગરોના જીવનધોરણની સમસ્યાને રાષ્ટ્રીય પરીપેક્ષમાં પણ વિચારવી જોઈએ. કારણકે કારીગરોએ રાષ્ટ્રીય વસ્તીનો એક મહત્ત્વનો પ્રવાહ છે. દેશમાં ગ્રામીણ વિસ્તારમાં ૮૧.૯૬ ટકા લોકો (૧૯૮૩–૮૪ ના આંકડાકીય માહિતી પ્રમાણે) વ્યક્તિદીઠ માસિક રૂ. ૧૫૦ કરતાં ઓછા વપરાશી ખર્ચ કરી શકે તેમ છે. અને માત્ર ૧૯ ટકા લોકો રૂ. ૧૫૦થી વધારે ખર્ચવાની શક્તિ ધરાવે છે. જયારે શહેરી વિસ્તારમાં ૩૯૫ ટકા લોકો રૂ. ૧૫૦ થી વધારે ખર્ચ કરી શકે છે."[3] એટલે કે ૬૦.૫ ટકા શહેરી લોકો માસિક ૧૫૦ રૂ. કરતાં ઓછો ખર્ચ કરી શકે તેમ છે. કપડા, મકાન અને અન્ય સગવડોને બાજુએ રાખીએ તો પણ આવી વ્યક્તિ રોજના રૂ. ૫૦ કે તેના કરતાં ઓછી આવકમાંથી ખોરાક પાછળ ખર્ચાય જતી હોય તો અન્ય વસ્તુઓ કે સવલતો પાછળ તેઓના નાણાં ખર્ચી ન શકવાની ક્ષમતા ધરાવે તે સ્વભાવિક છે.

## ૫.૨ જીવનધોરણ અને રાષ્ટ્રીય નિર્દેશકો

ગ્રામીણ વિસ્તારના કારીગરો નીચા જીવનધોરણની સમસ્યાએ રાષ્ટ્રીય સમસ્યાનો જ એક ભાગ છે. જીવનધોરણ ના ખ્યાલને આ રીતે સમજી શકાય (અ) રાષ્ટ્રીય પરિપેક્ષ્યમાં કેટલાંક અગત્યના નિર્દેશકોને આધારે અને (બ) વ્યક્તિગત કક્ષાને માથાદીઠ વસ્તુઓની પ્રગતિને આધારે. સૌ પ્રથમ રાષ્ટ્રીય કક્ષાએ જીવનધોરણનો આધાર વિચાર કરી આયુષ્ય મર્યાદા, બાળ મૃત્યુનું પ્રમાણ શહેરી કરણ, શિક્ષણનો દર, અનાજ કપડા અને વીજળીની માથાદીઠ વપરાશ, ગરીબીરેખા નીચેના લોકોનું પ્રમાણ, વસ્તીની માથાદીઠ પથારીની સંખ્યા, વસ્તીદીઠ ડોકટરની સંખ્યા,બચત, વપરાશી ખર્ચ વગેરે નિર્દેશકોને આધારે કરી શકાય. આ બાબતને નીચેની રીતે સમજાવી શકાય.

(૧) સરેરાશ આયુષ્યનું પ્રમાણ ૧૯૫૧ થી ૧૯૬૧ ના દાયકામાં અપેક્ષિત આયુષ્ય ૪૧.૨ વર્ષનું હતું જે વધીને ૨૦૦૧ના વર્ષેમાં ૬૩.૩ વર્ષ જેટલું થયુ છે.

(૨) બાળ મરણનું પ્રમાણ જોઈએ તો ૧૯૫૧માં બાળ મરણ પ્રમાણ દર હજારે ૧૮૬નું હતું જે ઘટીને ૨૦૦૨ના વર્ષમાં ૬૪નું થયું છે.

(૩) સાક્ષરતાનું પ્રમાણ જોઈએતો ૧૯૫૧માં સાક્ષરતાનું પ્રમાણ ૧૮.૩૩ ટકા હતું તે વધીને ૨૦૦૧માં લગભગ ૬૫ ટકા જેટલું થયું છે. તેમાય પુરુષ સાક્ષરતાની તુલનાએ સ્ત્રી સાક્ષરતાના પ્રમાણમાં વધુ સુધારો નોંધાય છે.

(૪) ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનું પ્રમાણ ૧૯૯૩–૯૪માં ૩૬ ટકા હતું જે ઘટીને ૧૯૯૯–૨૦૦૦માં ૨૬ ટકા થયેલ છે.

(૫) શહેરીકરણનું પ્રમાણ જોઈએતો ૧૯૫૦માં શહેરી વસ્તી ૫.૯ કરોડ હતી. જે ૨૦૦૦માં વધીને ૩૬.૦૬ કરોડની થઈ.

(૬) કાપડની પ્રાપ્યતા માથાદીઠ ૧૫ મીટર હતી જે ૨૦૦૦માં ૧૪.૮ થવા પામી છે. વીજળીનો ઘરગથ્થું વપરાશ ૧૯૬૦–૬૧માં માથાદીઠ ૩.૪ કીલો વોટ હતું જે ૨૦૦૧–૨૦૦૨માં ૭૫.૨ કીલોવોટ થયેલ છે.

(૭) ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનું પ્રમાણ ૧૯૬૦–૬૧માં ૫૫.૪ ટકા હતુ, જે ૨૦૦૦માં ૨૩.૬ ટકા થયું.

(૮) માથાદીઠ વપરાશી ખર્ચ ૧૯૬૦–૬૧માં રૂ. ૪૮૮ હતું જે વધીને ૨૦૦૦માં ૯૮૦ થયેલ છે.

(૯) ૧ લાખથી વસ્તીદીઠ ડોકટરની સંખ્યા ૧૮થી વધી ૪૦ અને પથારીની સંખ્યા ૪૬થી વધીને ૮૫ થયેલ છે.

(૧૦) એક લાખ કુટુંબોએ રેફ્રિજેટરની સંખ્યા ૧૯૬૦–૬૧માં ૧૩થી વધીને ૨૦૦૦માં ૧૫૮ની થયેલ છે.

(૧૧) માથાદીઠ અનાજની પ્રાપ્યતા ૧૯૬૦–૬૧માં ૪૬૯ ગ્રામ હતી જે વધીને ૨૦૦૦માં ૫૨૩ ગ્રામ થઈ.

ઉપરોક્ત નિર્દેશકો હકારાત્મક વલણો રજૂ કરે છે. જીવનધોરણને સમજવા માટે વ્યક્તિદીઠ કેટલા પ્રમાણમાં કઈ વસ્તુઓના વપરાશી ખર્ચ થાય તે બાબત જાણવી જરૂરી બની રહે છે. જુદા જુદા વર્ષોમાં વપરાશી ખર્ચ કેટલો હતો. તે વિશે રાષ્ટ્રીય સર્વેક્ષણ સંસ્થા એ તેના ૩૮માં રાઉન્ડમાં જ વિગતો એકત્રિત કરી હતી. તેના કોઠા નંબર –૦૧માં રજૂ કરેલ છે. આ વિગતો મુજબ ૧૯૬૭–૬૮માં ગ્રામીણ વિસ્તારમાં રૂ. ૭૩.૭ થયેલ છે. એજ રીતે શહેરી વિસ્તારમાં રૂ. ૨૯.૮ થી વધીને રૂ. ૯૭ થયેલ છે. બિન ખોરાક વસ્તુઓ માટે ગ્રામીણ વિસ્તારમાં કરવામાં આવેલ ખર્ચનું પ્રમાણ આ સમયગાળામાં રૂ. ૭૫ થી વધીને રૂ. ૩૮.૭ થયેલ છે. જે શહેરી વિસ્તારમાં રૂ. ૧૫ થી વધીને ૬૭ થયેલ છે. આ રીતે ગ્રામીણ વિસ્તારમાં કુલ વપરાશી ખર્ચ ૧૯૬૭–૬૮માં રૂ. ૩૩.૪ હતો તે વધીને ૧૯૮૩માં ૧૧૨.૪ થયેલ છે અને શહેરી વિસ્તારમાં રૂ. ૪૪.૮ થી વધીને રૂ. ૧૬૪ થયેલ છે. ટકાવારીની રીતે જોઈએતો ખોરાક પાછળ ખર્ચ ૨૨.૭ ટકાથી વધીને ૩૪.૪ ટકા થયેલ છે. અને શહેરી વિસ્તારમાં આ પ્રમાણ ૩૩.૪ ટકાથી વધીને ૪૦.૯ ટકા થયેલ છે. આ રીતે ખર્ચમાં ઘટાડો થયેલ છે. અને બીન ખોરાક વસ્તુઓનો ખર્ચમાં વધારો થયેલ છે. જીવનધોરણમાં થયેલ સુધારાનો અગવડ સર્જે છે. તેમ કેટલાંક કારીગરો માટે કહી શકાય કે માથાદીઠ ખોરાકી વસ્તુઓની પ્રાપ્યતામાં તેટલો વધારો થઈ શકતો નથી. ૧૯૮૬–૮૭ના આર્થિક સર્વેક્ષણ અનુસાર ૧૯૫૧માં ૬૧ ગ્રામ હતી જે ૨૦૦૦માં ૧૨૦

ગ્રામ થઈ ૧૯૫૦–૫૧માં માથાદીઠ ખાદ્યતેલની વાર્ષિક પ્રાપ્યતા ૨.૬ કિગ્રા હતી. જે વધીજે ૧૯૮૫–૮૬માં ૪ કિગ્રા થયેલ છે. વનસ્પતિની પ્રાપ્યતા ૦.૫ કિગ્રા થી વધીને ૧૩ કિગ્રા, ખાંડ ૩ કિગ્રા થી વધીને ૧૦ કિગ્રા,દૂધ ૪૬.૮ લીટર થી વધીને ૪૯.૨ લીટર, માછલી ૧.૫ કિગ્રા વધીને ૩.૬ કિગ્રા, કેળા અને પપૈયા ૬.૧ કિગ્રા વધીને ૭.૨ કિગ્રા, બટાકા ૧૦.૩ કિગ્રા થી વધીને ૨૪.૪ કિગ્રા થયેલ છે."[૪] સુતરાઉ કાપડની માથાદીઠ વાર્ષિક પ્રાપ્યતા ૧૯૬૦–૬૧માં ૧૩.૮ મીટર હતી જે વધીને ૧૯૮૫–૮૬માં ૧૦.૩ મીટર થયેલ છે. ચાની પ્રાપ્યતા આ જ સમયગાળા દરમિયાન ૨૮૭ ગ્રામ થી વધીને ૪૨૩ ગ્રામ થયેલ છે. ૧૯૫૧માં ૧૦૦૦ માથાદીઠ વીજળી બલ્બની અને ઈલેકટ્રીક પંખાઓની વપરાશ ૧૯૯ અને ૨.૯ હતી. જે વધીને ૧૯૮૨માં અનુક્રમે ૧૯૭૦ અને ૨૪.૫ થયેલ છે. ૧ લાખ વસ્તીઓ સીવવાના સંચાઓની સંખ્યા આ જ સમય ગાળા દરમિયાન ૧૦૧થી વધીને ૧૭૫ની થયેલ છે.

ઉપરોક્ત સઘળી વિગતો જુદી જુદી વસ્તુઓની માથાદીઠ કે વસ્તીદીઠ પ્રાપ્યતાનો વધારો સૂચવે છે. પરંતુ આટલા લાંબા સમયગાળામાં થયેલ આ વધારો ઓછો કહી શકાય.

## ૫.૩ ગ્રામીણ કારીગરોની તાલીમ સંબંધી પરિસ્થિતિ :

ઉત્પાદકીય પ્રવૃત્તિમાં રોકાયેલ કારીગરોમાં ધંધાકીય આવડત, કુશળતા,જાણકારી કે જ્ઞાન પ્રાપ્તિનો પ્રશ્ન અગત્યનો બનતો રહે છે. કારીગરો આક્ષેત્ર પ્રાપ્ય ઉત્પાદકીય કે સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. ત્યારે મોટાભાગે પરંપરાગત રૂઢિગત પદ્ધતિનો બિનઉત્પાદકીય પ્રવૃત્તિ ઉપયોગ કરતાં જોવા મળે છે. તાલીમ બાબતે જોહનસ્ટન તથા ફિલ્બીના અભ્યાસ મુજબ "કુટુંબ રહેઠાણની સાથે જ કારીગરો તથા સહકાર્યકરોનું પોતાના ધંધા ઉદ્યોગનું સ્થળ રહેલુ હોય છે. આ કારણે એ વધુમાં વધુ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધીનો અભ્યાસ કરેલો છે. અને પોતાના ધંધાની પરંપરાગત તાલીમ સિવાય કોઈ વિશેષ તાલીમ મેળવેલ હોતી નથી."[૫] આ રીતે પરંપરાગત કારીગર વ્યવસાયવાળાને પણ તાલીમની વિશેષ ઉપયોગિતા જણાતી નથી એવા મંતવ્ય નીચે મોટાભાગના આ લોકો

જીવે છે. તેથી ધંધાકીય તાલીમ અંગે પુછેલા પ્રશ્નોમાં આવા જવાબમાં ૮૨ ટકા કારીગરોમાંથી કોઈપણ વિશિષ્ટ તાલીમ પ્રાપ્ત કરેલા કુટુંબોના સભ્યો નોંધાયેલ જોવા મળતા નથી.

અગાઉ પ્રકરણ ત્રીજામાં દર્શાવવામાં આવેલ વિગતો મુજબ ૨૦૦ કારીગરોના કુટુંબમાંથી ૭૮ ટકા સભ્યો આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા જોવા મળેલ છે. સરકાર દ્વારા વિવિધ પ્રકારની તાલીમી સંસ્થાનું સંચાલન કરવામાં આવતું હોવા છતાં આ ગ્રામીણ કારીગરોના કુટુંબોના સભ્યોમાંથી ઓછા લોકોએ આવી તાલીમ લીધેલ હોય તેવું જોવા મળેલ છે. કેટલીક વાર પરંપરાગત કે બિન પરંપરાગત વ્યવસાયોમાં નવા દાખલ થતા કુટુંબના સભ્યો ખાનગી ધોરણે આવી તાલીમ દ્વારા જાણકારી મેળવવા પ્રયત્ન કરતાં જોવા મળે છે. જેમકે ગ્રામીણ કારીગરો માના કેટલાંક એવા કારીગરો જેમાં રિપેરીંગ કામગીરી, વેલ્ડીંગ કામગીરી, વાળંદનું કામ જેવા વ્યવસાયોમાં આવી ખાનગી તાલીમ દ્વારા વ્યવસાયમાં દાખલ થતાં કેટલા સભ્યો એવા જોવા મળેલ છે. આ સિવાય સામાન્ય રીતે શિક્ષણની ઉપયોગિતાની દૃષ્ટિએ સંસ્થાગત તાલીમ અભ્યાસક્રમો સ્ટાઈપેન્ડ લઈ વ્યવસાયી પ્રમાણપત્ર મેળવવાનો પ્રયત્ન કરનારા સભ્યો જાણવા મળ્યા નથી. આ અંગે ગ્રામ્ય વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ તેમજ તાલીમની વિશેષ અગત્યતા ન હોવા અંગે કામ્બલેનું મંતવ્ય આપણા આ સંશોધન અભ્યાસના તારણ સાથે સુસંગત જણાય છે. તેમના જણાવ્યા મુજબ "ગ્રામીણ પ્રવૃત્તિ મુખ્યત્વે કૃષિક્ષેત્રની પ્રવૃત્તિ હોય છે. તથા કૃષિ ક્ષેત્ર સાથે સંલગ્ન કે પૂરક પ્રવૃત્તિ હોય છે. આ પ્રવૃત્તિઓમાં આવા કારીગરોમાં ઉચ્ચ શિક્ષણ કે તાલીમની જરૂરત જણાતી નથી".[૬] આમ ભારતીય અર્થતંત્રમાં ગ્રામીણ સમાજના લોકો કૃષિક્ષેત્રની કે કૃષિક્ષેત્ર સંલગ્ન આર્થિક પ્રવૃત્તિઓના પરંપરાગત જાણકારીની જરૂરત હોઈ, વિસ્તાર તાલીમની આવા ક્ષેત્રમાં જરૂર જણાતી નથી તેવો મત લગભગ મોટાભાગના કારીગર વર્ગ ધરાવતો હોય તેવું જાણવા મળ્યુ છે.

વિશિષ્ટ જાણકારી વિના આધુનિકરણ શકય નથી, અને આધુનિકરણની ત્વરિતગતિને અપનાવવાની પ્રક્રિયા વિના કારીગર વર્ગના આર્થિક ઉપાર્જન માટે ઉજ્જવળ સંજોગોની કલ્પના કરવી વધુ પડતી ગણી શકાય. આ કારીગર વર્ગમાં

સુથારીકામ, લુહારીકામ, મોચીકામ, વાળંદકામ, ચુડલા બનાવવાનું કામ, ચમારકામ, વણાટકામ, કુંભારીકામ, પશુ પાલનનુ કામ વગેરે વ્યવસાયોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વર્ગમાં આવા બિનપરંપરાગત કે ખેતી વ્યવસાય કે બિનખેતી વ્યવસાયોમાં કારીગરો વડા કે કુટુંબના સગાસંબંધી પાસેથી આવી જાણકારી મેળવી, કોઈપણ વ્યક્તિ પોતાના વંશ–પરંપરાગત વ્યવસાયમાં સરળતાથી દાખલ થઈ શકે છે. તેથી સંસ્થાગત તાલીમની જરૂર તેઓ સ્વીકારતા નથી. સૌરાષ્ટ્રના ગ્રામ્ય કારીગરના આ સંશોધન અભ્યાસના તારણોને પુષ્ટિ મળવાની સંભાવના ઘણી વધી જાય છે. સૌરાષ્ટ્રના ગ્રામ્ય કારીગરના અભ્યાસમાં કારીગર વર્ગના આ અંગેના મંતવ્ય વ્યકત કરાયુ છે કે વંશ પરંપરાગત તાલીમ આવા વ્યવસાયની જાણકારી તથા આવડત માટે મુખ્ય સ્ત્રોત છે. કારણકે આવા વંશ પરંપરાગત ઉત્પાદન પદ્ધતિવાળા હોઈ, તેમાં વિશેષ ફેરફારનો અવકાશ નથી. તેથી કૌટુબિક કક્ષાએ મેળવેલ તાલીમ આ વ્યવસાયમાં કારીગર વર્ગ તરીકે દાખલ થવા પર્યાપ્ત ગણવામાં આવે છે."[૭] આ દૃષ્ટિએ આપણા અભ્યાસમાં પણ કોઈ સંસ્થાગત તાલીમ પામેલ કામ કરનાર પુરુષ સભ્ય જોવા મળેલ નથી. જે વ્યવસાયમાં દાખલ થયા છે. તે કૌટુંબિક વંશ–પરંપરાગત પ્રવૃત્તિમાં કૌટુબિંક વડા કે કુટુંબના સભ્યો પાસેથી જાણકારી, આવડત મેળવી સરળતા થી દાખલ થઈ શકે છે. આધુનિક તાલીમના અભાવના કારણે આવુ શકય બને છે. અને બીજું આ વર્ગની આવક સર્જનના સ્તરને નીચુ રાખવામાં એક મહત્ત્વનું જવાબદાર પરિબળ બની જવા પામે છે તેમ કહેવુ પણ તેટલુ જ યોગ્ય છે.

## ૫.૪ કારીગર વર્ગની રોજગારીની સ્થિતિ :

આર્થિક પ્રવૃત્તિનું વ્યવસાયી ક્ષેત્ર વ્યક્તિની આવક સર્જનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જયાં હલકા પ્રકારના વ્યવસાયોમાં લોકો પ્રવૃત્ત હોય ત્યાં આવકનું સ્તર નીચું રહેવા પામે તે સમજી શકાય તેવી બાબત છે. વ્યવસાય લક્ષી માળખાના સંદર્ભમાં અનેક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાથી આ લોકોની આવક સર્જનનો અવકાશ અંગેની વિશિષ્ટ છણાવટ કરી છે. આ તાલીમની સાથે સાથે આવક આપવા માટે આ ક્ષેત્ર કેટલા સમય માટે

વર્ષ દરમિયાન આ લોકોને રોજગારી પૂરી પાડી શકે છે, તે બાબત પર પ્રકાશ પાડવાથી આવક સર્જનની પરિસ્થિતિ સંબંધી જાણકારી પ્રાપ્ત કરી શકાય. જેના પરથી આવક સર્જનની પ્રક્રિયાઆ સમયગાળાનો ખ્યાલ આપી શકે તેમ છે.

ગ્રામીણ કારીગર વર્ગનો વ્યવસાય કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલ હોવાથી રોજગારીનો આધાર ખેત પરિસ્થિતિ પર રહેલો છે. ખેતી અવકાશી પ્રવૃત્તિ ગણતા તેના ઉત્પાદનની શકયતા કુદરત આધારિત હોય જેના પરિણામ સ્વરૂપ અનિશ્ચિતતા, અસ્થિરતા આ ક્ષેત્ર માટે એક સામાન્ય ઘટના બની જતી હોય છે. આથી ખેતી સંલગ્ન બિન પરંપરાગત વ્યવસાયલક્ષી પ્રવૃત્તિ પણ મુખ્યત્વે મોસમી સ્વરૂપની બનતી જાય છે.

*કોઠા નં. ૫.૧*

*કારીગર વર્ગની રોજગારી લક્ષી વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૧ થી ૬ માસ | ૨૬ (૨૬.૫૩%) | ૩૮ (૩૭.૨૫%) | ૬૪ (૩૨%) |
| ૨. | ૭ થી ૯ માસ | ૪૦ (૪૦.૮૧%) | ૪૫ (૪૪.૧૧%) | ૮૫ (૪૨.૫%) |
| ૩. | ૧૦ થી ૧૨ માસ | ૩૨ (૩૨.૬૫) | ૧૯ (૧૮.૬૨%) | ૫૧ (૨૫.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

નોધ :– કૌંસમાં દર્શાવેલ સંખ્યા ટકાવારીની છે.

ઉપરોક્ત કોઠા નં ૫:૧માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૨૬ કારીગરોને ૧ થી ૬ માસ સુધી રોજગારી મળી શકે છે. જે ૨૬.૫૩ ટકા થવા પામે છે. ૪૦ કારીગરોને ૭ થી ૯ માસ સુધની રોજગારી મળે છે જે ૪૦.૮૧ ટકા થાય છે. ૩૨ કારીગરોને ૧૦ થી ૧૨ માસ સુધી રોજગારી મળે છે જે ૩૨.૬૫ થવાનો સંભવ છે. જયારે B કારીગરો માંથી ૩૮ કારીગરોને ૧ થી ૬ માસ સુધી રોજગારી મળે છે. જે ૩૭.૨૫ ટકા થાય છે. ૪૫ કારીગરોને ૭ થી ૯ માસ સુધીની રોજગારી મળે છે. જે ૪૪.૧૧ ટકા થવાનો અંદાજ છે અને ૧૯ કારીગરો એવા છે કે તેમને ૧૦ થી ૧૨ માસ સુધી રોજગારી પ્રાપ્ત થાય છે જે ૧૮.૬૨ ટકા થવાનો અંદાજ છે. આમ કુલ

કારીગરોમાંથી ૬૪ કારીગરોને માત્ર ૧ થી ૬ માસ સુધી રોજગારી પ્રાપ્ત થાય છે જે ૩૨ ટકા થાય છે. ૮૫ કારોગરોને ૭ થી ૯ માસ સુધી રોજગારી મળે છે. જે ૪૨.૫ ટકા થાય છે. અને ૫૧ કારીગરોને ૧૦ થી ૧૨ માસ સુધી રોજગારી મળે છે જે કુલ કારીગરોના ૨૫.૫ ટકા થવા જાય છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે આપણા સંશોધન અભ્યાસમાં આવરી લેવાયેલા કારીગરોને વધુમાં વધુ રોજગારીનું પ્રમાણ ૭ થી ૯ સુધી મળે છે. ચાર માસ રોજગારી ન મળવાને કારણે આ કારીગર વર્ગ સંપૂર્ણ બેહાલ દશામાં જીવન જીવે છે આને ગરીબી રેખા નીચે પણ તળીયાની સપાટીએ જીવનારા કુટુંબો ગણી શકાય. આ કારીગરોને આબાદ બનાવવાની વાત તો બાજુએ રહી પરંતુ બે છેડા ભેગા કરવાનું પણ મુશ્કેલ બને છે. અર્ધા ભુખ્યા અને અપોષણ યુક્ત ખોરાકવાળા આ કારીગર વર્ગમાં અતિ ગરીબ અને કંગાળ કહી શકાય. તેવા વર્ગ ગણી શકાય. આ બાબતને આવકની ચર્ચામાં વિશેષ સ્થાન આપવામાં આવેલ છે. આવક સર્જન પ્રવૃત્તિની માત્રા મુખ્યત્વે વ્યવસાયના સ્વરૂપ પર તથા તેના ઉત્પાદનની પદ્ધતિ પર અને બજારના માંગના સ્વરૂપ પર નિર્ભર હોય છે. આ પરિસ્થિતિમાંથી રોજગારી પ્રાપ્તિનો અવકાશ ઊભો થતો હોય છે. સ્વાભાવિક રીતે વિકાસની પ્રક્રિયા વેગવાન બને તો વૈકલ્પિક વ્યવસાયો ઝડપથી વિકાસ પામી શકે અને આવા ક્ષેત્રમાં વિશેષ પ્રમાણમાં રોજગારીનો અવકાશ ઊભો થઈ શકે.

આપણા આ સંશોધન અભ્યાસમાં આવરી લેવાયેલા કારીગર વર્ગની પ્રાપ્ય માહિતી પરથી એક વાત રોજગારીના દિવસો સંબંધી સ્પષ્ટ થાય છે. મોટા ભાગના કારીગર વર્ગના લોકો ચાર માસ બેકાર રહે છે. રોજગારીની ઉપલબ્ધિ જ આવક સર્જનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. આ દષ્ટિએ આ લોકોનું આર્થિક આવકનું સ્તર ઘણું નીચું હોવાનો આ બાબત પરથી સ્પષ્ટ નિર્દેશ મળે છે. આવુ હોવા છતાં મોટા ભાગના કારીગરો ગરીબીમાં જીવન જીવતા હોવા છતાં શા માટે આવી દુઃખદ પરિસ્થિતિમાં જીવતા હોય છે. તે બાબત પર પ્રકાશ પાડવાથી તેનું ભાવિ કેટલુ ઉજ્જવળ બની શકે, તે અંગે માહિતી મેળવી શકાય. આમ ભાવિ અવકાશ કે વિકાસ માટેની ભાવિ તકો છે, તે અંગે ટૂંકમાં પરિચય હવે પછીના મુદ્દામાં મેળવીએ.

## ૫.૫ ગ્રામીણ કારીગરોની આવકનું ધોરણ :

આર્થિક ઉત્પાદનના વાસ્તવિક માપદંડ તરીકે આવકને પ્રાધાન્ય આપવામાં આવે છે. આવકના પ્રવાહ પર તથા તેના સાતત્ય પર લોકોનું જીવન ધોરણ નિર્ભર હોય છે. આમ આવક પ્રાપ્તિ જીવનધોરણના નિર્ધારણમાં મુખ્ય ભાગ ભજવે છે. કારીગર વર્ગના લોકો દ્વારા પોતાની રોજીંદી આવક પ્રાપ્તિ માટે મુખ્યત્વે પોતાના વ્યવસાયો આધારભૂત સ્ત્રોત ગણાય છે. વ્યક્તિની બચત, મૂડીરોકાણ, મિલ્કત પ્રાપ્તિની શકયતા વગેરે સઘળી બાબતો આવક પર અસર કરે છે. આવક પ્રાપ્તિનો આધાર રોજગારીના ધોરણો પર રહેલો છે. સ્થિર રોજગારી તથા કાયમી રોજગારીની શકયતા પર આવક પ્રાપ્તિની નિશ્ચિતતાનો આધાર રહેલો છે. કારીગર કુટુંબોને મુખ્યત્વે પોતાના પરંપરાગત વ્યવસાયોમાંથી આવક પ્રાપ્ત થાય છે. આપણે આ અભ્યાસમાં આપણા આ વ્યવાસાયલક્ષી વિગતો પ્રકરણ ત્રીજામાં વિગતે ખ્યાલ મેળવેલ છે. આવા મુખ્ય ક્ષેત્રોમાંથી આવક પ્રાપ્તિ પર્યાપ્ત પ્રમાણમાં થઈ શકે તેવા સંજોગો નહીવત્ છે. મોટાભાગના કુટુંબો મુખ્ય વ્યવસાયો પૂરક આવક મેળવવા માટે આધાર રાખે છે. મુખ્ય વ્યવસાયમાં કામમી પૂર્ણ સમયની રોજગારી પ્રાપ્ત ન થઈ શકવાથી અન્ય વ્યવસાયમાં આ લોકોને નભવાનું અનિવાર્ય બને છે. આ લોકો પોતાના વ્યવસાયો જેવા કે હસ્તકલા કારીગરીમાં સુથારીકામ, લુહારીકામ, કુંભારીકામ, મોચીકામ વગેરે વ્યવસાયો દ્વારા આવક મેળવે છે. કુલ આવક પ્રાપ્તિ સંબંધી વિગતો હવે આ વિભાગમાં સમાવિષ્ટ કરવા પ્રયત્ન કરેલ છે. તથા આ કારીગર વર્ગના લોકોનું આવકનું ધોરણ કેવુ રહ્યું છે, તેનું તુલનાત્મક ચિત્ર મેળવવા પ્રયત્ન કરીશું. જેની ગરીબી રેખાના સંદર્ભ તથા રાષ્ટ્રીય આવક, સરેરાશ માથાદીઠ આવકના સંદર્ભમાં આપણા આ સંશોધન અભ્યાસના કારીગરોની આવકની તુલના શકય બની શકે.

ગરીબી રેખાના સંદર્ભના આવકના ધોરણ અંગે સરકારી અંદાજોની સમયાંતરે, કોઈ તબકકા વાર, સ્પષ્ટતા મળતી નથી. આવા સંજોગોમાં છેલ્લા પ્રાપ્ત થતા અંદાજો દ્વારા નિર્ધારિત કરેલ ધોરણ પર આધારિત વર્તમાન સમય સંદર્ભમાં બુદ્ધિગમ્ય ગણતરી કરી શકાય. આ સમસ્યાનું નિરાકરણ કરી શકાય તેમ છે. આ અભિગમને લક્ષમાં લઈ

આપણા અભ્યાસ દરમિયાન પ્રાપ્ત થયેલ આવક ધોરણને ગરીબી રેખાના ધોરણ સાથે તુલના કરવામાં છેલ્લે ૧૯૯૦–૯૧ ના સરકારી ધોરણને લક્ષમાં લઈ, ત્યાર પછી ૧૯૯૪–૯૫ સુધીના વર્ષ દરમિયાન આ ધોરણ અનુસાર કરેલી આવકને ૧૯૯૦–૯૧ના રૂ. ૧૧૦૦૦ની સમકક્ષ બનવા પામે તે મુજબ બુદ્ધિગમ્ય ગણતરી કરવાથી આ સમસ્યાનું નિરાકરણ લાવી શકાય તેમ છે. આવી બુદ્ધિ યુક્ત ગણતરી દ્વારા ૧૯૯૪–૯૫ના વર્ષ દરમિયાન કેટલી આવકને ગરીબીના ધોરણ તરીકે માન્ય રાખવી તે પ્રકારની ગણતરી દ્વારા વાસ્તવિક અંદાજ કાઢવાનું જરૂરી ગણ્યું છે.

આવી બુદ્ધિગમ્ય ગણતરી કરતી વેળાએ ફુગાવાનો દર, માસિક ભાવવૃદ્ધિ દર, ગ્રાહક ભાવાંક, ખેતમજૂરો માટેનો ગ્રાહક ભાવાંક તથા માથાદીઠ આવક વૃદ્ધિદર વગેરે બાબતોમાં જુદા જુદા અંદાજોનું સંકલન કરી ગણતરી કરી પાંચ પ્રકારના સંભવિત આવકના ધોરણ ગરીબી રેખાના સંદર્ભમાં અંદાજવામાં આવ્યા છે. આ પ્રક્રિયા માટે ભારત સરકારે નાંણા ખાતા દ્વારા રજૂ થતા વાર્ષિક સર્વક્ષણ ૧૯૯૪–૯૫ તથા ૧૯૯૫–૯૬ મુજબ –

(૧) કવાર્ટલી ઈકોનીમિક રિપોર્ટ જાન્યુઆરી માર્ચ ૧૯૯૬

(૨) નેશનલ સ્ટેટીસ્ટીકસ ૧૯૯૫–૯૬

(૩) ઈકોનોમિકસના જુદા જુદા સર્વ કરવામાં આવે છે.

ઉપરોક્ત નિર્દેશકોને લક્ષ્યમાં લઈ તથા ૧૯૯૪–૯૫ ના મજૂરોના ગ્રાહક ભાવાંક લક્ષ્યમાં લઈને કુલ પાંચ અંદાજોમાં સરેરાશ આવક રૂ. ૧૭૫૧૦ અંદાજવામાં આવી છે. જે ૧૯૯૦–૯૧માં રૂ. ૧૧૦૦૦ની સમકક્ષ ૧૯૯૪–૯૫ ના વર્ષ માટે આવક બનવા પામે છે. જે ગરીબી રેખાનું ધોરણ ગણ્યુ છે. ૪ વ્યક્તિના કુટુંબદીઠ જો રૂ. ૧૭૫૧૦ કુટુંબ આવક ૧૯૯૪–૯૫ ના વર્ષ દરમિયાન પ્રાપ્ત થતી હોય, તો તેના કુટુંબની આવક ૧૯૯૦–૯૧માં રૂ. ૧૧૦૦૦ સમકક્ષ આવક ગણતરી કરવી, તેવી બુદ્ધિયુક્ત ગણતરી કરવામાં આવેલ છે. આપણા આ સંશોધન અભ્યાસની આવકનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે ગરીબી ધોરણ રૂ. ૧૭૫૧૦નું સ્વીકારવામાં આવ્યું છે. આ આવકથી ઓછી આવકવાળા ગરીબી રેખાની મર્યાદામાં આવી જાય છે. તેની ઉપરના વધુ આવક વાળા

કુટુંબો બને છે. આ વિભાજન દ્વારા આપણા કારીગર કુટુંબો મુખ્યત્વે ૪ પ્રકારના આવકવાળા જૂથમાં વિભાજીત કરવાનું જરૂરી ગણવામાં આવ્યું છે. આ અભિગમ લક્ષમાં લઈ માથાદીઠ વાર્ષિક આવક તેમજ માસિક તથા દૈનિક આવકની ગણતરી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ઉપર મુજબ આવકની ગણતરી કર્યા બાદ આ સંશોધન અભ્યાસના કારીગરો જે ચાર જૂથમાં વિભાજન કરવામાં આવ્યું છે. તે મુજબ બંને પ્રકારના કારણોમાં કેટલાં કારીગરો કેટલાં પ્રમાણમાં આવક પ્રાપ્ત કરે છે. તેની ગણતરી કરી ગરીબી રેખાના આ નક્કી કરેલ ૧૯૯૪–૯૫ના અંદાજ સાથે તથા રાષ્ટ્રીય માથાદીઠ આવક આ વર્ષના જે નક્કી થાય તેની સાથે આ કારીગરોની આર્થિક સ્થિતિની તુલના કરવાનો આ વિભાગે ફરી પ્રયત્ન કર્યો છે. ચાર જૂથમાં જૂથ–૧માં ૧૭૫૧૦ સુધીની વાર્ષિક આવક પ્રાપ્ત કરતાં કારીગરોના કુટુંબો, જૂથ–૨માં ૧૭૫૧૦ થી ૨૫૦૦૦ સુધીની વાર્ષિક આવક મેળવતા કારીગરોના કુટુંબો, જૂથ–૩માં રૂ. ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીની આવક પ્રાપ્ત કરનારા કારીગરોના કુટુંબો તથા છેલ્લા ચોથા જૂથમાં રૂ. ૪૦,૦૦૦ થી વધુ આવક મેળવતા કારીગરોના કુટુંબોનો સમાવેશ કરવામાં આવેલ છે. આમ કુલ ચાર જૂથમાં આ કારીગર વર્ગનું વિભાજન કરવામાં આવેલ છે. આ પ્રકારના વિભાજન દ્વારા ગરીબીના આવક ધોરણથી કેટલાં તફાવત આપણા આ સંશોધન અભ્યાસમાં આવરી લેવાયેલા કારીગરોના કુટુંબો આવક પ્રાપ્ત કરે છે. તેમજ રાષ્ટ્રીય આવક ચાલુ માથાદીઠ આવકની તુલનાત્મક સામાન્ય ભારતીય નાગરિક કરતાં આ લોકોની આવક કેટલો તફાવત ધરાવે છે. અને કેવા પ્રકારનું જીવન ગુજારે છે. તે જાણવાનું શકય બને તેમ હોય. આ વિભાજન આ વિભાગમાં આપણા આ સંશોધન અભ્યાસમાં આવરી લેવાયેલ કારીગરો વર્ગના કુટુંબો દ્વારા વાર્ષિક અને માથાદીઠ કેટલી આવક પ્રાપ્ત કરવામાં આવેલ છે. તે સંબંધી ચર્ચા કરવામાં આવેલ છે.

### *કોઠા નં. ૫.૨*

### *કારીગર વર્ગની આવક જૂથ અનુસાર વાર્ષિક આવક (રૂપિયા)*

| *ક્રમ* | *વિગત* | ***A*** *કારીગરોની સંખ્યા* | ***B*** *કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | રૂ. ૧૭૫૦૦ સુધીની આવક | ૧૨ (૧૨.૨૪) | ૨૩ (૨૨.૫૪) | ૩૫ (૧૭.૫%) |
| ૨. | રૂ.૧૭૫૧૦ થી ૨૫૦૦૦ સુધીની આવક | ૨૮ (૨૮.૫૭) | ૪૭ (૪૬.૦૭) | ૭૫ (૩૭.૫%) |
| ૩. | રૂ. ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીની આવક | ૪૫ (૪૫.૯૧) | ૨૨ (૨૧.૫૬) | ૬૭ (૩૩.૫%) |
| ૪. | રૂ. ૪૦,૦૦૦ થી વધુ આવક જૂથ | ૧૩ (૧૩.૨૬) | ૧૦ (૯.૮૦) | ૨૩ (૧૧.૫%) |
| ૫. | બધા જૂથની સરેરાશ આવક | ૧૦૯૬૯ | ૧૦૫૩૯ | ૫૩૭૫ |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫:૨માં દર્શાવવમાં આવેલ વિગત મુજબ આ કારીગરોમાં બધા કારીગરોની સરેરાશ આવક ૫૩૭.૫ ટકા છે. A કારીગરોમાંથી ૧૨ કારીગરો રૂ. ૧૭૫૦૦ સુધીની આવક મેળવે છે જે ૧૨.૨૪ ટકા થાય છે. ૨૮ કારીગરો રૂ. ૧૭૫૧૦ થી ૨૫૦૦૦ સુધીની આવક મેળવે છે. જે ૨૮.૫૭ ટકા થાય છે. ૪૫ કારીગરો રૂ. ૨૫૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીની આવક પ્રાપ્ત કરે છે. જે ૪૫.૯૧ ટકા થાય છે અને ૧૩ કારીગરો એવા છે કે જેમને રૂ. ૪૦,૦૦૦ થી વધુ આવક થાય છે જે ૧૩.૨૬ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૨૩ કારીગરો રૂ. ૧૭૫૦૦ સુધીની આવક કમાય છે જે કુલ કારીગરોના ૨૨.૫૪ ટકા થાય છે અને ૪૭ કારીગરો રૂ. ૧૭૫૧૦ થી ૨૫૦૦૦ સુધીની આવક મેળવે છે. જે કુલ કારીગરોના ૪૬.૦૭ ટકા થાય છે તેમજ ૨૨ કારીગરો રૂ. ૨૫૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીની આવક મેળવે છે. જે કુલ કારીગરોના ૨૧.૫૬ ટકા

છે. અને ૧૦ કારીગરો એવા છે કે જે રૂ. ૪૦,૦૦૦ કરતાં વધુ આવક મેળવે છે. જે કુલ કારીગરો ૯.૮૦ ટકા થવા જાય છે. જયારે બન્ને સંયુક્ત કારીગરોમાં કુલ કારીગરોમાંથી ૩૫ કારીગરો રૂ. ૧૭૫૦૦ સુધીની આવક મેળવે છે. જે ૧૭.૫ ટકા થવા જાય છે. ૭૫ કારીગરો રૂ. ૧૭૫૧૦ થી ૨૫૦૦૦ સુધની આવક મેળવે છે. જે ૩૭.૫ ટકા થવા જાય છે. જયારે ૬૭ કારીગરોને રૂ. ૨૫૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીની આવક મેળવે છે. જે ૩૩.૫ ટકા થાય છે. અને ૨૩ કારીગરો રૂ. ૪૦,૦૦૦ કરતાં વધુ આવક મેળવે છે. જે ૧૨.૫ ટકા થવા જાય છે.

આમ સઘળા કારીગરોની દષ્ટિએ જોતા કારીગર વર્ગની આવક ગરીબી રેખાની મર્યાદા ઉપર જોવા મળે છે. આ દષ્ટિએ આ કારીગરોની A કારીગરોની આવક B કરતાં વધુ જોવા મળે છે. પરંતુ વ્યક્તિગત A કારીગરોનો વિકાસની અસર અન્ય વ્યવસાયો પણ વિકાસ થવાને લીધે પછાત કરતાં ઊંચી આવકમાં પરિણમે છે. આમ વિકાસના ફળ તે કારીગરો પણ પ્રાપ્ત કરી શકે છે. બધા કારીગરોમાંથી કેટલાંક કારીગરો બાદ કરતાં તેઓની વાર્ષિક આવક ગરીબી રેખા કરતાં વધુ છે. આ ઊંચી આવક વધુ ઊંચી આવકવાળા જૂથનો ફાળો મહત્ત્વનો છે. આમ છતાં ફૂગાવો, કુદરતી પ્રતિકૂળતા વગેરે વર્ષોમાં આ વધારો ઓગળી જાય તેવો છે. ચાર પ્રકારના આવક જૂથોની દષ્ટિએ તુલના કરતાં ગરીબી રેખાના સંદર્ભમાં વાસ્તવિક સ્થિતિનો સ્પષ્ટ અણસાર મળી શકે. આ દષ્ટિએ જૂથવાર આવકનું ધોરણ જોવાથી જૂથ અતંર્ગત કેટલાં પ્રમાણમાં કારીગરો પોતાની આવક પ્રાપ્ત કરે છે. તે બાબત વધુ મહત્ત્વની છે.

પહેલા જૂથમાં ગરીબી રેખાની નીચે આવક પ્રાપ્ત કરતાં કારીગરો હોય તેવા કારીગરોનો સમાવેશ થાય છે. આ જૂથમાં A કારીગરોની વાર્ષિક સરેરાશ આવક ૧૦૯૬૯ તથા B કારીગરોના કુટુંબોની વાર્ષિક સરેરાશ આવક ૧૦૫૩૯ પ્રાપ્ત કરે છે. તથા બધા જ કારીગરોની સરેરાશ આ જૂથ માટેની આવક ૫૩૭૫ ટકા જોવા મળે છે. A કારીગરો સદ્ધર હોવા છતાં તેની આવક કરતાં A કારીગરો ૩૮માં કારીગરો આ જૂથમાં આવી જાય છે. જયારે B કારીગરોમાં ૨૫ ટકા કારીગરોનો સમાવેશ થાય છે. આમ વધુ કારીગરો આ જૂથમાં ગરીબી રેખા નીચે જીવે છે. B કારીગરોમાં વધુ જોવા મળે છે.

ગરીબી રેખા રૂ. ૧૭૫૦૦ ના ધોરણ કરતાં આ બન્ને જુથના કારીગરો અનુક્રમ A માં ૧૨.૨૪ ટકા અને B માં ૨૨.૫૪ ટકા ઓછી આવક મેળવે છે. આમ આ જૂથમાં રાષ્ટ્રીય ગરીબી રેખાના કુટુંબોની ટકાવારી કરતાં ઘણા વધારે કુટુંબોની ટકાવારી આ રેખા કરતાં આવક પણ ઘણી ઓછી મેળવે છે.આમ એકંદરે આ જૂથના લોકોની ગરીબીની માત્રા ઘણી વધુ જોવા મળે છે. બીજા જૂથમાં રૂ.૧૭૫૧૦ થી ૨૫૦૦૦ સુધીની વાર્ષિક આવક પ્રાપ્ત કરતાં કારીગરોનો સમાવેશ થાય છે. આ જૂથમાં A કારીગરોમાં ૨૮.૫૭ ટકા અને B કારીગરોમાં ૪૬.૦૭ ટકા કારીગરો આવે છે. પ્રથમ જૂથ કરતાં વધારે કારીગરો આ જૂથમાં આવે છે. જયારે ત્રીજા જૂથમાં A કારીગરોમાં ૪૫.૯૧ ટકા અને B કારીગરોમાં ૨૧.૫૬ ટકા છે. આ જૂથમાં A કારીગરોનું પ્રમાણ વધારે જોવા મળે છે. જયારે જૂથ ચારમાં જોઈએ તો A કારીગરોમાં ૧૩.૨૬ ટકા અને B કારીગરોમાં ૯.૮૦ ટકા છે. આ જૂથમાં A કારીગરોનું પ્રમાણ વધારે છે. ઉપરની સઘળી વિગત પરથી કહી શકાય કે સૌથી વધુ પ્રમાણ જૂથ–૨માં વધારે કારીગરો આવે છે. અને સૌથી ઓછું પ્રમાણ જૂથ ચારમાં આવે છે.

### *કોઠા નં. ૫.૩*

### *માસિક આવકનું વિશ્લેષણ*

| *ક્રમ* | *આવક જૂથ* | *A કારીગરો* | *B કારીગરો* | *સંયુકત કારીગરો* |
|---|---|---|---|---|
| ૧ | રૂા. ૧૭૫૦૦ સુધી | ૧૧૫૪ | ૧૧૬૧ | ૧૧૬૦ |
| ૨. | રૂા. ૧૭૫૧૦ થી ૨૫૦૦૦ | ૧૮૬૬ | ૧૭૪૯ | ૧૭૮૮ |
| ૩. | રૂા. ૨૫૦૦૦ થી ૪૦૦૦૦ | ૨૪૧૭ | ૨૩૬૮ | ૨૩૮૯ |
| ૪. | ૪૦,૦૦૦ થી વધુ | ૪૫૦૦ | ૪૦૦૦ | ૪૩૩૩ |
| ૫. | બધા સંયુકત જૂથે | ૧૬૭૨ | ૧૬૧૭ | ૧૬૪૭ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩ પરથી જોઈ શકાય છે. માસિક આવક અનુસાર ગ્રામીણ કારીગરોની આવકનું પ્રમાણ કેટલું છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. આવક જૂથ અનુસાર જોઈએ તો રૂા. ૧૭૫૦૦ સુધીમાં A કારીગરોમાંથી ૧૧૫૪ અને B

કારીગરોમાં ૧૧૬૧ આવક મેળવતા જોવા મળે છે. જયારે ૧૭૫૧૦ થી ૨૫૦૦૦ સુધીના જૂથમાં જોઈએ તો A કારીગરોમાં ૧૮૬૬ અને B કારીગરો ૧૭૪૯ મેળવતા હતા જયારે ૨૫૦૦૦ થી ૪૦,૦૦૦ આવક જૂથ અનુસાર A કારીગરોમાં ૨૪૧૭ અને B કારીગરોમાં ૨૩૬૮ મેળવેલ છે. બધા જ સંયુકત જૂથો પ્રમાણે A કારીગરોમાં ૧૬૭૨ અને B કારીગરોમાં ૧૬૧૭ છે. જયારે સંયુકત રીતે જોઈએ તો ૧૬૪૭ માસીક આવક પ્રાપ્ત કરતાં માલુમ પડેલ છે.

*કોઠા નં ૫.૪*

*માથાદીઠ આવકની તુલના*

| *માથાદીઠ આવક* | *ભારતના નાગરિક દીઠ માથાદીઠ આવક* | *અભ્યાસ સભ્યદીઠ માથાદીઠ આવક* | *ભારતીય નાગરિકની તુલનાઓ સભ્યદીઠ આવકનું સ્તર* |
|---|---|---|---|
| વાર્ષિક આવક | ૬૭૦૪ | ૪૮૩૨ | ૬૫.૧૫ |
| માસિક આવક | ૭૪૩ | ૪૧૫ | ૬૨.૧૨ |
| દૈનિક આવક | ૨૧.૧૦ | ૧૩.૫૬ | ૬૪.૧૪ |

ઉપરોકત કોઠા નં. ૫.૪માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે ગ્રામીણ કારીગરોની માથાદીઠ વાર્ષિક આવકની તુલના ભારત નાગરિક દીઠ માથાદીઠ આવક ૬૭૦૪ રૂા. સામે અભ્યાસ સભ્યદીઠ માથાદીઠ આવક ૪૮૩૨ રૂા. હતી. જયારે માસિક આવક જોઈએ તો ભારતના નાગરિક માથાદીઠ આવક ૭૪૩ની સામે અભ્યાસ સભ્યદીઠ આવક ૪૧૫ની હતી. જયારે દૈનિક આવક જોઈએ તો ભારતના નાગરિક દીઠ દૈનિક માથાદીઠ આવક ૨૧.૧૦ સામે અભ્યાસ સભ્યદીઠ આવક ૧૩.૫૬ હતી. આ પરથી કહી શકાય કે માથાદીઠ આવકનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળેલ છે.

*કોઠા નં. ૫.૫*

*સરેરાશ વાર્ષિક આવક*

| *ક્રમ* | *વર્ષ* | ***A** કારીગરો આવક (રૂા.)* | ***B** કારીગરો આવક (રૂા.)* | *બન્ને સંયુક્ત આવક (રૂા.)* |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૯૮–૯૯ | ૬૯૮૦ | ૮૨૬૨ | ૧૫૨૪૨ |
| ૨. | ૧૯૯૯–૦૧ | ૯૫૭૨ | ૮૯૯૩ | ૧૮૫૬૫ |
| ૩. | ૨૦૦૧–૦૨ | ૧૦૩૦૦ | ૯૦૮૯ | ૧૯૩૮૯ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૫માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે. ૧૯૯૮–૯૯માં A કારીગરોની વાર્ષિક આવક ૬૯૮૦ રૂા. હતી. જ્યારે B કારીગરોની ૮૨૬૨ રૂા. હતી. બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૧૫૨૪૨ રૂા. થવા જાય છે. જ્યારે ૧૯૯૯–૦૧ ના વર્ષમાં A કારીગરોની સરેરાશ વાર્ષિક આવક વધીને ૯૫૭૨ રૂા. થયેલ છે. જ્યારે B કારીગરોની આવક રૂા. ૮૯૯૩ થયેલ છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ ૧૮૫૬૫ રૂા. થવા જાય છે. જ્યારે વર્ષ ૨૦૦૧–૦૨માં A કારીગરોની સરેરાશ વાર્ષિક આવકમાં વધારો થઈને ૧૦૩૦૦ થયેલ છે. અને B કારીગરો ૯૦૮૯ થયેલ છે. બન્ને સંયુક્ત રીતે જોતા કારીગરોની આવકમાં ૧૯૩૮૯ રૂા. થવા જાય છે. આ પરથી કહી શકાય છે. ગ્રામીણ કારીગરો ૧૯૯૮–૯૯ વર્ષ કરતાં ૨૦૦૧–૦૨ વર્ષમાં તેમની સરેરાશ વાર્ષિક આવકમાં વધારો થયેલ જોવા મળેલ છે.

## ૫.૬ કારીગરોની વ્યવસાયિક ગતિશીલતા :

આગળની ચર્ચા પરથી જે કેટલીક મૂળભૂત બાબતો મેળવી છે. તે પરથી એમ કહી શકાય કે ગ્રામીણ કારીગર વર્ગ પરંપરાગત બિનખેતી વ્યવસાયમાં પ્રવૃત્ત છે. આ લોકો અશિક્ષિત હોઈ, તેમજ શૈક્ષણિક સિવાયની તાલીમ સુવિધાથી વંચિત હોય. પોતાના જ પરંપરાગત વ્યવસાયિક ક્ષેત્રોમાં રોકાયેલા જોવા મળે છે. આ રીતે શિક્ષણ વ્યક્તિને પોતાના કામના વ્યવસાય કે સ્થળમાંથી સ્થાળાંતર કરવા માટે ઉપયોગી પ્રોત્સાહક પરિબળ બને છે. શહેરી વિસ્તારમાં શિક્ષણને કારણે વ્યક્તિની રોજગારીની ક્ષમતા વધે છે.તેથી વધુ

ગતિશીલ બની, વધુ સારી આવક પ્રાપ્ત કરવા સ્થળાંતર જરૂરી ગણે છે. જે.પી. સિંગનો અભ્યાસ આ વિગતને પુષ્ટિ આપે છે. તેઓ જણાવે છે. કે "શિક્ષણ સ્થળાંતર સાથે વિધેયાત્મક રીતે સંકળાયેલ છે. જેમ શિક્ષણનું સ્તર ઊંચુ તેમ પોતાના ઘરમાંથી બહાર સ્થળાંતર કરવા લોકો વધુ શકયતા ધરાવે છે."[૮] આમ આ વર્ગના લોકો અનેક વિધ કારણોસર ગતિશીલતા સ્વીકારતા જોવા મળતા નથી અમુક કારીગરોને ઓછી આવક આપતા હલકા વ્યવસાયોમાં રોજી મેળવતા જોવા મળે છે. આ દષ્ટિએ આધુનિક ક્ષેત્રો બિન પરંપરાગત ક્ષેત્રોમાં આ વર્ગની ગતિશીલતા જોવા મળતી નથી.

કોઈપણ સમાજનું કોઈપણ અંગ સ્થગિતતા સ્વીકારે એટલે તેનો વિકાસદર ધીમો પડી જાય અથવા અવરોધવા પામે છે. આમ સ્થગિતતા એ ગરીબીનું વિષચક્રમાં ફસાઈ રહેવા માટે જવાબદાર પરિબળ ગણી શકાય. પ્રગતિ શબ્દમાં પણ ગતિ શબ્દ સંકળાયેલ છે તેથી જો ગતિશીલતાનો અભાવ હોય તો પ્રગતિની કઈ રીતે શકયતા ઊભી થઈ શકે ? સ્વાભાવિક રીતે જ આર્થિક વિકાસના વિવિધ ખ્યાલો કે વિભાવનાઓમાં સમાજની ગતિશીલતાને ખાસ સ્થાન અપાયુ છે.

ઉદ્યોગોની ક્રાંતિકારી પ્રગતિ માટે પણ ગતિશીલતાને ખ્યાતનામ અર્થશાસ્ત્રીઓએ પાયાની જરૂરીયાત ગણાવેલ છે. આ રીતે સ્થગિતતામાંથી બહાર આવવા ગતિનો સંચાર થાય તે આવશ્યક બાબત છે. શ્રમની ગતિશીલતા અર્થતંત્રના વિકાસની સ્થિતિનો નિર્દેશ કરતી બાબત છે. તેથી જ તો વિકાસની પ્રક્રિયા દરમિયાન આ બાબત સમગ્ર અર્થતંત્રની માફક સમાજમાં કોઈપણ ભોગે આ વર્ગને લાગુ પડે છે. આવા કોઈ પણ વર્ગમાંથી કામ કરતાં સભ્યો જેમ જેમ પરંપરાગત વ્યવસાયોમાંથી બિનપરંપરાગત વ્યવસાયોમાં ઝડપથી સ્થળાંતર કરે કે ગતિશીલતાથી વ્યવસાય બદલાવે તો ગતિશીલતાના કારણે સમાજનો આવો વર્ગ વિકાસના લાભો પણ ઝડપથી પ્રાપ્ત કરવા શક્તિમાન બને છે. વિકાસની પ્રક્રિયામાં આધુનિકરણ અનિવાર્ય ગણાય છે, અને આવુ આધુનિકરણ ગતિશીલતાને પ્રોત્સાહિત કરે છે, જેથી સ્થગિતતા પરંપરાગત વ્યવસાયમાંથી અર્થતંત્રના મહત્ત્વના અંગ તરીકે શ્રમિકોને બહાર લાવી, આધુનિક ક્ષેત્રોમાં ઉપયોગી પ્રદાન માટે પ્રવૃત્ત કરે છે. આ રીતે ગતિશીલતા આધુનિકરણના ઝડપી અમલ માટે જરૂરી ગણાય છે.

કેટલીકવાર વિકાસ કે પ્રગતિ માટે સમાજના માનવ સાધનોની ઈચ્છાને ઘણું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ઉન્નત બનવાની ઈચ્છા માનવને વધુ ગતિશીલ બનાવવા પ્રયત્ન કરતું મહત્ત્વનું પરિબળ ગણવામાં આવે છે. આ રીતે આવી ઈચ્છાનો જન્મ ઘણી વાર સ્થગિત સ્થિતિના અસંતોષ કે દુઃખદ સંજોગોમાંથી થતો હોય છે. જો સ્થગિતતા વાળી સ્થિતિમાં પણ માનવી ખુશ રહેવાના મનોવલણ ધરાવતો હોય તો તેવા સંજોગો પ્રત્યે અસંતોષ ન હોવાને કારણે સ્થગિતતામાંથી બહાર આવવા ઉત્સુક નથી. કેટલીકવાર તો સંજોગોથી તે સંતુષ્ટ ન હોય, ઈચ્છા હોવા છતાં સ્થગિતતાની સ્થિતિમાંથી બહાર આવવા ઉત્સુક નથી કેટલીકવાર તો સંજોગોથી તે સંતુષ્ટ ન હોય, ઈચ્છા હોવા છતાં સ્થગિતતાની સ્થિતિમાંથી છૂટી ન શકવા માટે કેટલીક ફરજિયાત પરિસ્થિતિ તેમાં રહેવા મજબૂર કરે ત્યારે પણ ગતિશીલતાનો અભાવ વર્તાય છે. આ રીતે ગતિશીલતાને અવરોધવામાં સ્વેચ્છાએ સ્વિકારેલ સ્થિતિ તેમજ તેવી સ્થિતિમાં રહેવા મજબૂર કરવા સંજોગો એમ બે બાબતો જવાબદાર ગણી શકાય. સામાન્ય રીતે વધુ વળતર મળવાની સંભાવનાથી લોકો ગતિશીલતાની સ્થિતિ સ્વીકારતા હોય છે. આમ આબાદ બનવા માટે વધુ આવકનું પ્રલોભન મહત્ત્વનું પ્રોત્સાહન પૂરું પાડતું પરિબળ ગણાય છે. સૌરાષ્ટ્રમાં ઉચ્ચ શિક્ષણ અને સ્થળાંતર આ અભ્યાસ સંશોધનમાં આવક પ્રોત્સાહન કે ગતિશીલતા સ્થળાંતર માટે અગત્યનું પરિબળ ગણવામાં આવ્યું છે તે આ અભ્યાસ પ્રમાણે "એક વ્યક્તિ એક સ્થળે સ્થળાંતર ત્યારે જ કરે જયારે તે સાપેક્ષ રીતે સ્થળાંતર દ્વારા વધુ લાભ પ્રાપ્ત કરે છે."[૯]

આપણા આ સંશોધન અભ્યાસમાં કારીગર વર્ગ પોતાના પરંપરાગત વ્યવસાયવાળા ક્ષેત્રોમાં જ આવે છે તેથી આ વર્ગ પણ પોતાના વ્યવસાયમાં રહેવા પ્રવૃત્ત હોય છે. આવા પરંપરાગત વ્યવસાયોમાં મુખ્યત્વે આ વર્ગના કારીગરો ટકી રહેવાનું પસંદ કરતાં હોય ત્યારે તેઓ ગતિશીલતાનો સ્વીકાર કરવાનું સ્વેચ્છા એ ટાળતા હોય છે જો તેઓને કોઈ ફરજિયાત પરિબળો આવી ગતિશીલતા માટે અવરોધતા હોય તો ઈચ્છા હોવા છતાં જવાનું તેઓ માટે સંભવ નથી તેવું મનોવલણ ધરાવે છે જેની માહિતી નીચેના કોઠા નં. ૫.૬માં દર્શાવવામાં આવી છે.

*કોઠા નં. ૫.૬*

*પરંપરાગત વ્યવસાયમાં સ્થગિતતા અંગે વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | પૂરતી આવક | ૨૫(૨૫.૫૧) | ૧૯ (૧૯.૩૮) | ૪૪ (૨૨%) |
| ૨. | આધુનિકરણનો સ્વિકાર | ૨૫ (૨૫.૫૧) | ૨૦ (૧૯.૬૦) | ૪૫ (૨૨.૫૦%) |
| ૩. | ધિરાણની સુવિધા | ૧૫ (૧૫.૩૦) | ૧૫ (૧૪.૭૦) | ૩૦ (૧૫%) |
| ૪. | બજારની સુવિધા | ૮ (૮.૧૬) | ૯ (૮.૮૨) | ૧૭ (૮.૫૦%) |
| ૫. | અન્ય વ્યવસાય પ્રત્યે ઉદાસી | ૫ (૫.૧૦) | ૧૦ (૯.૮૦) | ૧૫ (૭.૫૦%) |
| ૬. | કોઈ જવાબ નથી | ૨૦ (૨૦.૪૦) | ૨૯ (૨૮.૪૩) | ૪૯ (૨૪.૫૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૬માં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે પરંપરાગત પોતાના વ્યવસાયમાંથી અન્ય વ્યવસાય તરફ વાળવા માટે કયા સંજોગોથી પ્રેરાઈ સ્થળાંતર કે ગતિશીલ બનવાનું તેનું વલણ જણાય છે તે અંગેના વિવિધ ખુલ્લાસાઓ આવા કામ કરનારા સભ્યો પાસેથી આપણા આ સંશોધન અભ્યાસમાં પ્રાપ્ત થયેલ છે. તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આપણા અગાઉના મુદ્દાઓમાં ચર્ચા કરવામાં આવેલ કે સમગ્ર વર્ષ દરમિયાન ઉધાર ધિરાણ શાખ ઉપર ઉપભોગ માલ પ્રાપ્ત કરવાના કારણે ઉત્પાદન વસ્તુ કે સેવા ઊભી થતા સ્થાનિક વેપારીને મોટાભાગના લોકો વેચવાનું જરૂરી ગણે છે. આ રીતે ઉધાર મળી રહેવાની શકયતાને કારણે ચાલુ વ્યવસાયમાંથી જરૂરી આવક મેળવી ઉધાર માલની રકમ ચૂકવવાની હોય છે. આ પ્રકારની મનોવૃત્તિ આ વર્ગમાં

દઢ બનતી જોવા મળે છે. જેથી નવા વ્યવસાયોમાં આવી સુવિધા મળવા ન પામે એવા સંશય નીચે ચાલુ વ્યવસાયમાં ચીપકી રહેવાનું પસંદ કરતો વર્ગ ઘણો જ હોય છે.

સાથે સાથે અન્ય કારણો કદાચ વિધેયાત્મક ખુલ્લાસા રૂપ ગણી શકાય. જેમાં પોતાના વ્યવસાયના આર્થિક કારણોસર તેઓ ચાલુ રહેવાનું પસંદ કરતાં હોય, તેવા કારણો વ્યકત કરેલ છે. કેટલાંક ઉત્પાદકીય પ્રવૃત્તિમાં રોકાયેલ હોય કે બજાર આધુનિકરણ દ્વારા આવકવધી સંતુષ્ટ હોવાનો મત દર્શાવે છે. પોતાના વ્યવસાયમાં કારીગરો આધુનિકરણ અપનાવતો થયો હોય ત્યારે આધુનિકરણના લાભો મેળવી શકવાની શક્તિમાન બનતો હોય છે. વાસ્તવમાં આધુનિકરણ અપનાવવાનું એટલે અન્ય આધુનિક સાધનો, ઉત્પાદન પદ્ધતિ–ઉપકરણો વગેરે પોતાના વ્યવસાયમાં કામે લગાડી, ધંધાને ગતિશીલતા આપતી આ પ્રક્રિયા આધુનિક ધંધાની લાક્ષણીકતા છે. આ પરિસ્થિતિ પોતાના વ્યવસાયની હરીફાઈ ક્ષમતા, ઉત્પાદનક્ષમતા, કાર્યક્ષમતા તથા આવક સર્જન ઊંચા દરની ક્ષમતામાં વૃદ્ધિ કરે છે. પરિણામે તે આવા આધુનિકરણ દ્વારા વધુ પૂરતી સંતોષકારક આવક પોતાના વ્યવસાયમાંથી પ્રાપ્ત કરી શકે. જેથી બીજા વ્યવસાયો કે સ્થળ પ્રત્યે પ્રલોભન ઊભુ થવાની શકયતા તેને માટે ઊભી થતી નથી. આ બન્ને પરસ્પર જોડાયેલા છે. ૨૨.૫ ટકા કારીગરો આધુનિકરણ ના કારણે પોતાના મુળ વ્યવસાયનું ઉધ્વીકરણ કરી શકતા નથી કારણકે પોતાના વયસાયમાં રોકવાનું આવકાર્ય ગણે છે. આના પરિણામે ૨૨ ટકા કારીગરો પોતાના વ્યવસાયોમાંથી પૂરતી આવક પ્રાપ્ત થતી હોવાનો સ્પષ્ટમત ધરાવે છે. તેથી આવકની પર્યાપ્તના કારણે તેઓ પોતાનો વ્યવસાયથી સંતુષ્ટ હોવાનો મત ધરાવે છે.

જયારે ૨૫ ટકા કારીગરો બજારમાંથી યોગ્ય પ્રકારનો કાચોમાલ પ્રાપ્ત થઈ રહે તો કોઈ પોતાના વ્યવસાયમાં કશી મુશ્કેલી ન હોવાનો મત દર્શાવે છે. તેના કારણે પોતાના વ્યવસાયમાં ચાલુ રહેવાનું યોગ્ય ગણે છે. કેટલાંક વ્યવસાયોમાં પોતાના ઉત્પાદિત માલ માટે સુવિધા મળી રહેવા ગણાવે છે. જેના ૩૨ ટકા કારીગર વર્ગ પોતાના ઉત્પાદિત માલના વેપાર વ્યવસાયમાં સ્થાનિક બજારની સુવિધા મળી રહેતી હોય તો વ્યવસાય છોડવાની જરૂરત રહેતી નથી. આ દષ્ટિએ સંયુક્ત રીતે ૮.૫૦ ટકા કારીગરો પોતાના

મુખ્ય વ્યવસાયમાં ટકી રહેવા માટે જવાબદાર કારણ ગણાવે છે. આ કારણે તેઓના મંતવ્ય મુજબ વિધેયાત્મક ખુલાસાઓ છે. નકારાત્મક વલણ દર્શાવતા કોઈ કારણો ન હોઈ. આટલા કમાનાર સભ્યો પોતાના પરંપરાગત વ્યવસાય માટે વિધેયાત્મક પૂરતીરુચિ કે પોતાના વ્યવસાયો માટે વિધેયાત્મક આકર્ષણ હોવાનો સ્પષ્ટ સંકેત આપે છે કદાચ આ બાબત ઉલ્ટી કક્ષાની ગતિ શીલતાને પ્રોત્સાહન આપનાર હોય. ધંધામાં ચિટકી રહેવાની સ્થગિતા કે નકારાત્મક વલણની પ્રતીતી કરાવનાર ગણી ન શકાય તેવું આ ખુલાસા દ્વારા માનવા તરફ આપણને દોરે છે. આ ખુલ્લાસાઓ વિધેયાત્મક વલણને પ્રગટ કરતાં હોય તેમ જાણવા મળેલ છે. અન્ય વ્યવસાય પ્રત્યે ઉદાસી અને કોઈ જવાબ નથી તેવા બન્ને સંયૂકત ૩૧.૫૦ ટકા કારીગરો પોતાના વ્યવસાયોમાંથી બહાર આવવાની વિશેષ ખેવના કે પ્રલોભન ન હોય તથા નકારાત્મક વલણ દ્વારા પોતાના વ્યવસાયમાં સ્થગિત રહેવાનું મનોવલણ ધરાવતા હોય તેમ આ ચર્ચા પરથી જણાવે છે. આ બાબત તેઓ અગતિશીલતાનો સંકેત આપનાર ગણી શકાય. આ પરિસ્થિતિમાં તેઓ વધુ સારી આવક પ્રાપ્ત કરવા પ્રેરાય, ઉજ્જવળ આબાદ આર્થિક જીવનધોરણ પ્રાપ્ત કરવા પ્રેરાય અને ઉજ્જવળ આબાદ આર્થિક જીવનધોરણ પ્રાપ્ત કરે તેવી શકયતા આ કારીગરો માટે ઘણી કુંઠિત થઈ જતી જોવા મળે છે.

પોતાના વ્યવસાયમાં ટકી રહેવા માટેના જુદા–જુદા ખુલાસાઓ તેઓના વ્યવસાય પ્રત્યેના લગાવને વ્યકત કરે છે. આમ છતાં પોતાના વ્યવસાયમાંથી અપુરતી આવક પ્રાપ્ત થવાને કારણે અનેક સભ્ય ગૌણ આનુંષિક વ્યવસાયોમાં પૂરક આવક પ્રાપ્તિ માટે તેઓને વળવું પડતું હોય છે. આ રીતે જીવન નિર્વાહ ચલાવવા માટે જયારે પોતાના વ્યવસાય અપૂરતી આવક આપતો હોય, તેમ છતાં તેને સંપૂર્ણ પણે છોડી ન દેતા ગતિશીલ બની આવક સર્જન માટે બીજા વ્યવસાયમાં જોડાય છે.

## ૫.૭ ગ્રામીણ કારીગરોના ખર્ચના વલણો :

ગ્રામીણ કારીગરોની આવકના વલણોની ચર્ચા કર્યા બાદ તેઓના ખર્ચના વલણો તપાસવા રસપ્રદ બનશે. અહી બે બાબતો તપાસવામાં આવી છે. ગ્રામીણ કારીગરોનો

વાર્ષિક ખર્ચ કેટલો છે, અને આ ખર્ચ કઈ કઈ બાબતોમાં વિભાજિત થાય છે. મોટાભાગનો ખર્ચ કઈ વસ્તુઓ પાછળ કરવામાં આવે છે અને તેના સૂચિતાર્થ શુ છે ? આ બાબત તપાસવી આ અભ્યાસના સંદર્ભમાં ઘણી જ ઉપયોગી અને અગત્યની બની જાય છે.

ગ્રામીણ કારીગરો કેટલાં પ્રમાણમાં માસીક ખર્ચ કરે છે, તેની વિગતો એકત્ર કરવામાં આવી છે. માનવીને સારાં જીવનની પ્રાપ્તિ માટે મુખ્ય વસ્તુઓમાં ખાદ્ય વસ્તુઓ, કપડા તથા સારુ રહેઠાણનું મકાન આમ રોટી કપડા અને મકાન અગત્યના ગણાય. પરંતુ સ્થાવર મિલકત, મકાન સંબંધી જે વિગતો તપાસી તેમાં આ કુટુંબો પાસે મૂલ્યવાન સુવિધાપૂર્ણ મકાનો જોવા મળતા નથી. તેવુ પ્રતિપાદિત થયું છે. હવે રોજિંદી જરૂરતમાં રોટી કપડા તથા અન્ય સુવિધા જીવનધોરણની માત્રા નક્કી કરવા માટે જરૂરી ગણાય છે. આ પ્રકારની જરૂરિયાતોમાં અનાજ, શિક્ષણ, તબીબી સારવાર, મનોરંજન, યાત્રા–પ્રવાસ, સામાજિક ખર્ચ, મકાન મરામત, વીજળી–બળતણ તથા પ્રકીર્ણ ખર્ચનો સમાવેશ થાય છે. આ દષ્ટિથી આપણા કારીગર વર્ગના કુટુંબો જે વિવિધ બાબતો પેટે ખર્ચ કરે છે તેની પ્રાપ્ય માહિતી આ વિભાગમાં રજૂ કરવામાં આવેલ છે. માસિક ખર્ચને વાર્ષિક ખર્ચમાં રૂપાંતર કરી તેનો સરેરાશ મધ્યસ્થ શોધવામાં આવેલ છે. આ રીતે ગ્રામીણ કારીગરોની સરેરાશ વાર્ષિક ખર્ચની ગણતરી કરવામાં આવેલછે.

*કોઠા નં. ૫.૭*

*કારીગરોની સરેરાશ વાર્ષિક ખર્ચ અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | *A કારીગરોની સંખ્યા* | *B કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૩૦૦૦ સુધી ખર્ચ | ૨ (૨.૦૪%) | ૧ (૦.૮૮%) | ૩ (૧.૫%) |
| ૨. | ૩૦૦૦ થી ૫૦૦૦ | ૫ (૫.૧૦%) | ૮ (૭.૮૪%) | ૧૩ (૬.૫%) |
| ૩. | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૩૨ (૩૨.૬૮%) | ૧૯ (૧૮.૬૨) | ૫૧ (૨૫.૫%) |
| ૪. | ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ | ૨૪ (૨૪.૪૮%) | ૩૫ (૩૪.૪૧%) | ૫૯ (૨૯.૫%) |
| ૫. | ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ | ૨૦ (૨૦.૪૦%) | ૨૩ (૨૨.૫૪%) | ૪૩ (૨૧.૫%) |
| ૬. | ૩૦,૦૦૦ થી વધુ | ૧૫ (૧૫.૩૦%) | ૧૬ (૧૫.૬૮%) | ૩૧ (૧૫.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૭માં દર્શાવ્યા પ્રમાણે સમગ્ર ૨૦૦ કારીગરોના સદર્ભમાં જોઈએ તો વાર્ષિક સરેરાશ ખર્ચ રૂા. ૪૦૪૮૫નું થવા જાય છે. A કારીગરોને B કારીગરોની તુલનાએ વધારે સરેરાશ ખર્ચ થાય છે. A કારીગરોનું વાર્ષિક સરેરાશ ખર્ચ રૂા. ૨૦૬૧૨ થાય છે. જયારે B કારીગરોનું વાર્ષિક સરેરાશ ખર્ચ રૂા. ૧૯૮૭૩ થાય છે. A કારીગરોનું વાર્ષિક સરેરાશ ખર્ચનું B કારીગરો કરતાં ૧૮ ટકા વધારે થાય છે. આ સંશોધન અભ્યાસમાં બીજી નોંધપાત્ર હકીકત એ જોવા મળેલ છે કે A કારીગરો B કારીગરોની તુલનાએ વધારે વાર્ષિક ખર્ચ કરે છે આમ કુલ બધા જ ૨૦૦ કારીગરોના સંદર્ભના ખર્ચના વલણો સરેરાશ મધ્યસ્થ પદ્ધતિથી તપાસી એ તો B કારીગરો વધુ ખર્ચ કરતાં જોવા મળે છે આમ ગ્રામીણ કારીગરોમાંથી જે પછાત કારીગરો છે તેનું ખર્ચ ઓછું થયેલ છે.

આ અભ્યાસની નોંધપાત્ર હકીકત એ જોવા મળે છે કે પછાત કારીગરો કરતાં અન્ય કારીગરોનું ખર્ચ વધારે થાય છે. આ માટે મુખ્ય જવાબદાર કારણ કુટુંબનું કદ છે ગ્રામીણ વિસ્તારમાં કારીગરોના કુટુંબનું કદ મોટું રહેલ છે. જયારે સરેરાશ વાર્ષિક ખર્ચ તપાસ બાદ ખર્ચના વિભિન્ન ઘટકો જોઈએ.

ઉપરોક્ત આકૃતિમાં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે OX ધરી પર કારીગરોની સંખ્યા અને OY ધરી પર ખર્ચનું પ્રમાણ દર્શાવેલ છે ૩૦૦૦ સુધીનું ખર્ચ કરતાં કારીગરોનું પ્રમાણ ૩ છે, અને ૫૦૦૦ સુધીનું ખર્ચ કરતાં કારીગરોનું પ્રમાણ ૧૩ છે. જ્યારે સૌથી વધુ ખર્ચ ધરાવતા ૩૧ કારીગરોનું જૂથ છે અને સૌથી ઓછું ખર્ચ ધરાવનાર કારીગરોનું પ્રમાણ ૩નું છે અને ૩૦,૦૦૦ થી વધુ ખર્ચ કરનાર કારીગરોનું પ્રમાણ જોઈએ તો ૩૧ કારીગરોનો સમાવેશ થાય છે અને ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધીના ખર્ચના ૪૩ કારીગરો આપી શકે છે અને ૧૦,૦૦૦ થી ૨૦,૦૦૦ સુધીના ખર્ચના ૫૯ કારીગરોનો સમાવેશ થાય છે. જેનું પ્રમાણ સૌથી વધુ છે. જ્યારે ૫૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીના ખર્ચમાં ૫૧ કારીગરો અને ૩૦૦૦થી ખર્ચ કરનાર ૧૩ કારીગરો આવે છે.

*કોઠા નં. ૫.૮*

*કારીગરોના કુટુંબનું વાર્ષિક નિભાવ ખર્ચ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | અનાજ | ૩૦ (૩૦.૬૧%) | ૨૮ (૨૭.૪૫%) | ૫૮ (૨૯%) |
| ૨. | કપડા લતા | ૨૩ (૨૩.૪૬%) | ૨૨ (૨૧.૫૬%) | ૪૫ (૨૨.૫%) |
| ૩. | સામાજિક ખર્ચ | ૧૦ (૧૦.૨૦%) | ૧૨ (૧૧.૭૬%) | ૨૨ (૧૧%) |
| ૪. | પ્રવાસયાત્રા | ૪ (૪.૦૮%) | ૪ (૩.૯૨%) | ૮ (૪%) |
| ૫. | આરોગ્ય | ૧૦ (૧૦.૨૦%) | ૯ (૮.૮૨%) | ૧૯ (૯.૫%) |
| ૬. | મકાન મરામત | ૫ (૫.૧૦%) | ૪ (૩.૯૨%) | ૯ (૪.૫%) |
| ૭. | શિક્ષણ | ૭ (૭.૧૪%) | ૮ (૭.૮૪%) | ૧૫ (૭.૫%) |
| ૮. | મનોરંજન | ૨ (૨.૦૪%) | ૩ (૨.૯૪%) | ૫ (૨.૫%) |
| ૯. | વીજળી | ૪ (૪.૦૮%) | ૬ (૫.૮૮%) | ૧૦ (૫%) |
| ૧૦. | બળતણ | ૨ (૨.૦૪%) | ૪ (૩.૯૨%) | ૬ (૩%) |
| ૧૧. | અન્ય | ૧ (૧.૦૨%) | ૨ (૧.૯૬%) | ૩ (૧.૫%) |
|  | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૮માં દર્શાવવામાં આવેલ વિગતપર થી જોઈ શકાય છે કે ખર્ચના પ્રમાણ અનુસાર વિવિધ પ્રકારના નિભાવ ખર્ચની વિગતો રજૂ કરવામાં આવી છે. જીવન નિર્વાહ માટે જરૂરી ખર્ચ કરવું અનિવાર્ય છે. ગ્રામીણ કારીગરોના કુટુંબો દ્વારા જે મુખ્ય શીર્ષક હેઠળ ખર્ચ કરવામાં આવે છે તે મુજબ ઉપરની વિગત રજૂ થઈ તે અનુસાર તેના પરથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ ખર્ચ અનાજ પાછળ થાય છે. જે ૨૯ ટકા છે. આ પછી ક્રમ કપડાલતા પાછળ થતા ખર્ચનું આવે છે જેનું પ્રમાણ ૨૨.૫ ટકાનું છે. ત્રીજા ક્રમમાં સામાજિક ખર્ચનું સ્થાન જોવા મળે છે જેનું પ્રમાણ ૧૧ ટકા જેટલું જોવા મળે છે પ્રથમ A પ્રકારના કારીગરોના ખર્ચનો કુલ હિસ્સો ઘણો મોટો જોવા મળેલ છે અનાજ અને કપડા પાછળનું કુલ ખર્ચના પ્રમાણ ૫૪.૦૭ ટકા જેટલું ઊંચુ જોવા મળ્યું છે. બાકીના ૫૬ ટકા અન્ય સઘળા ખર્ચનાં સમાવેશ થાય છે જેમાં સામાજિક ખર્ચ પ્રવાસ યાત્રાનું ખર્ચ ૧૪.૨૮ ટકા જેટલું છે. આ ચાર શીર્ષક હેઠળ કુલ નિભાવ ખર્ચ ૬૮.૩૫ ટકા કરતાં પણ વધુ જોવા મળ્યુ છે. આરોગ્ય, શિક્ષણ, મકાનમરામત, મનોરંજન, વીજળી, બળતણ તથા અન્ય ખર્ચ પાછળ ૩૧.૬૫ ટકા કરવામાં આવે છે. આ દષ્ટિએ મોટાભાગના ખર્ચમાં ખાદ્ય ખોરાક તથા કપડામાં અનિવાર્ય ખર્ચ ગણી શકાય તેમ છે. જયારે B કારીગરો ના ખર્ચનો કુલ હિસ્સામાં A કરતાં અનાજ અને કપડા પાછળ પ્રમાણમાં ઓછો છે, જેનું પ્રમાણ ૪૯.૦૧ ટકા જેટલું જોવા મળેલ છે બાકીના ૫૧ ટકા અન્ય સઘળા ખર્ચમાં સમાવેશ થાય છે. જેમાં સામાજિક ખર્ચ, વાહન વ્યવહાર ખર્ચ પ્રવાસયાત્રા ખર્ચ ૧૫.૬૮ ટકા જેટલું જોવા મળેલ છે, આમ B કારીગરો આ ચાર પ્રકારના મુખ્ય ખર્ચ હેઠળ કુલ નિભાવ ખર્ચ ૬૪.૬૯ ટકા જોવા મળેલ છે. જયારે આરોગ્ય, શિક્ષણ, મકાન મરામત, મનોરંજન, વીજળી, બળતણ તથા અન્ય ખર્ચ પાછળ ૩૫.૨૮ ટકા કરવામાં આવે છે. B કારીગરોમાં પણ મોટાભાગનું ખર્ચ ખોરાક કપડા લતા પાછળ વધુ ખર્ચ થતું જોવા મળેલ છે.

ઉપરોક્ત આકૃતિ નં. ૨માં દર્શાવ્યા મુજબ જોઈ શકાય છે કે ખર્ચના પ્રમાણ અનુસાર વિવિધ પ્રકારના નિભાવખર્ચની વિગતો રજૂ કરવામાં આવી છે. જીવન નિર્વાહ માટે જરૂરી ખર્ચ કરવું અનિવાર્ય છે, ગ્રામીણ કારીગરો દ્વારા જે મુખ્ય શીર્ષક હેઠળ ખર્ચ કરવામાં આવે છે, તે મુજબ ઉપરની વિગત રજૂ થઈ છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ ખર્ચ અનાજ, કપડા–લતા પાછળ થાય છે, જેનું પ્રમાણ ૫૩% છે અને સૌથી ઓછુ ખર્ચ પ્રવાસ  મનોરંજન, બળતણ અને અન્ય પ્રકારના ખર્ચનું છે જે ૩ થી ૮ની વચ્ચે આવે છે.

*કોઠા નં. ૫.૯*

*કૌટુંબિક વાર્ષિક આવક ખર્ચની વિગત (રૂા. માં)*

| *કારીગરોની સંખ્યા* | *કારીગરોની કુલ આવક* | *કારીગરોનું કુલ ખર્ચ* | *(+) બચત કે (–) ખાદ્ય* |
|---|---|---|---|
| A કારીગરો | ૧૮૦૨૩ | ૨૦૬૧૨ | – ૨૫૮૯ |
| B કારીગરો | ૧૬૨૪૩ | ૧૯૮૭૩ | – ૩૬૩૦ |
| સંયુક્ત કારીગરો | ૩૪૨૬૬ | ૪૦૪૮૫ | – ૬૨૧૯ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૯માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોના કુટુંબની કુલ આવક રૂા. ૧૮૦૨૩ની છે અને કુલ ખર્ચ રૂા. ૨૦૬૧૨નો છે એટલે કે વર્ષમાં રૂા. –૨૫૮૯ની ખાદ્ય ઉદ્‌ભવે છે. જે ખાદ્ય માટે કારીગરોને દેવુ કરવુ પડે છે. જયારે B કારીગરોના કુટુંબની કુલ આવક રૂા. ૧૬૨૪૨ છે અને કુલ ખર્ચ રૂા. ૧૯૮૭૩ છે. તેથી રૂા. ૩૬૩૦ની ખાદ્ય ઉદ્‌ભવે છે આ ખાદ્ય પુરવા માટે ગ્રામીણ કારીગરોને દેવું કરવું પડે છે.

કારીગરોની આવક અને ખર્ચની વિગતોને કોઠા નં. ૫.૯માં દર્શાવ્યા પ્રમાણે A કારીગરોની કુલ આવક B કારીગરો કરતાં વધુ છે તે રીતે જ ખર્ચ પણ B કારીગરો કરતાં A કારીગરોનું વધે છે તેનું કારણ A કારીગરો જે તાલુકામાંથી લીધેલ છે તે તાલુકા ના ગામડા સદ્ધર છે તેથી વધુ આવક કમાવવાનો જે અવકાશ હોય તે મુજબ વિવિધ સુવિધા પાછળ ખર્ચ પણ વધવાની શકયતા જોડાયેલ હોય છે તેમ છતાં બન્ને પ્રકારના કારીગરોની આવક ખર્ચ કરતાં ઓછી જોવા મળે છે પરિણામે A કારીગરોના કૌટુંબિક વાર્ષિક નિભાવ ખર્ચ રૂા.૨૫૮૯ની ખાદ્ય પડે છે જયારે B કારીગરોના કૌટુંબીક વાર્ષિક નિભાવ ખર્ચ રૂા.૩૬૩૦ની ખાદ્ય રહે છે. બધા જ કારીગરોની સંયુક્ત કૌટુબિક આવક રૂા. ૩૪૨૬૬ની છે અને કુલ નિભાવ ખર્ચ રૂા.૪૦૪૮૫નું છે. તેથી કુલ ખાદ્ય કુટુંબદીઠ રૂા. ૬૨૧૯ જેવી રહે છે આ ખાદ્યને પહોચી વળવા માટે કારીગરોને દેવું કરવાની ફરજ પડે છે. આવકની તુલનામાં ખર્ચની સ્થિતિ જયારે ચિંતા ઉપજાવે તેવી હોય ત્યારે સ્વભાવિક રીતે જ બે વિકલ્પો રહે છે કાંતો ખર્ચ ઘટાડવું અથવા આવક વધારવી. આવક વધારવાની શકયતા

આવક પ્રાપ્તિના સ્ત્રોતોના અવકાશ પર આધાર રાખે છે. જયારે આમ ન હોય ત્યારે ખર્ચ ઘટાડી અર્ધ ભૂખ્યા કે વધુ કંગાળ હાલતમાં જીવવાનું જરૂરી ગણે છે. કારીગર વર્ગ માટે આવક વૃદ્ધિનો અવકાશ આવા પછાત ગામડામાં રહેતો નથી. શકય તેટલું ખર્ચ નીચું રાખવાની કોશિક કરવી જરૂરી બને છે. પરંતુ જયારે ન છુટકે ખર્ચ પણ ફરજિયાત રીતે કરવું પડે ત્યારે ઉધાર લઈ દેવું કરવાની સ્થિતિ ઊભી થાય. ચાલુ નિભાવ ખર્ચ માટે દેવુ કરવાનું આ કુટુંબમાં સામાન્ય વલણે જોવા મળે છે. આ અંગે કે.સી. બોરાનો ત્રણ ગામોનો એક અભ્યાસ જણાવે છે કે "બાધ ગામ ભક્તિદ્વાર તથા કમલપુર એમ ત્રણ ગામોમાં મોટાભાગના કુટુંબો એ ઉપભોગ માટે દેવુ મેળવ્યુ છે જેનો ઉપયોગ ખાદ્ય વસ્તુઓ અનાજ વગેરેની ખરીદી કરવામાં થતો જોવા મળેલ છે."[૬] આ અંગે પ્રાપ્ત માહિતી આ પછીના વિભાગમાં રજૂ કરવાનું જરૂરી હોય વિગતે આપવા પ્રયત્ન કર્યો છે. અતિ ગરીબ ગણી શકાય તેવા પ્રથમ આવક જૂથવાળા કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક ગરીબી રેખાના ધોરણે રૂા. ૧૭૫૦૦ કરતાં પણ નીચી છે. આ સરેરાશ આવક રૂા. ૧૦૦૦૦ રૂા.ની જોવા મળે છે. આ આવકમાંથી અનાજ, કપડાનું ખર્ચ રૂા. ૨૫૦૦૦ પણ તેઓ સરભર કરી શકે તેમ નથી આવા કારીગર કુટુંબો અર્ધ ભૂખ્યા કે કંગાળ હાલતમાં જ જીવે છે. વળી અન્ય સામાજિક મનોરંજન, શિક્ષણ, તબીબી પ્રવાસ વગેરે માટે તેઓને રસ પડે તેવી દશા જ ન હોઈ. ઊંચુ જીવન–જીવવાનો તો અવકાશ જ નથી. આ દષ્ટિએ જોતા ઘણા કારીગર કુટુંબો આવુ ખર્ચ કરતાં નથી. તેનાથી તેઓ દૂર રહે છે. એકંદરે જોતા જીવન નિભાવ ખર્ચની બાબતમાં મોટાભાગના કારીગરો આવક કરતાં વધુ ખર્ચ કરતાં પ્રેરાય છે ત્યારે ખાદ્ય સર્જાયિ તેને પહોંચી વળવા માટે દેવુ કરવાનું જરૂરી ગણે છે. સરેરાશ કુટુંબ દીઠ રૂા. ૧૯૨૦નું વાર્ષિક ખર્ચ થતુ જોવા મળે છે. તેના કરતાં વધુ આવક મેળવતા કુટુંબોમાં ૪૨ ટકા કુટુંબો જ જોવા મળે છે બાકીના ૩૨ ટકા કારીગર કુટુંબોની આવક આ નિભાવ ખર્ચ કરતાં ઓછી અથવા સમકક્ષ જોવા મળે છે. લગભગ આશરે રૂા. ૨૦૭૨૦ની આવક પ્રાપ્ત કરતાં કારીગર કુટુંબોની આવક લગભગ સરભર થતી ગણીએ તો રૂા. ૧૭૫૦૦ની આવક વાળા કુલ કારીગરોમાં બીજા કારીગર વર્ગ છે બન્ને મળીને ૪૨ ટકા થાય છે જે આવક કરતાં સરભર થાય છે અથવા ખર્ચ કરતાં વધુ છે બાકીના ૩૮ ટકા કુટુંબો ખાદ્યમાં

જ જીવે છે ૩૨ ટકા કારીગર કુટુંબો નિભાર્વ ખર્ચના સંદર્ભમાં સતત ખાદ્ય અનુભવતા કારીગરોના કુટુંબો છે. જેની વાર્ષિક આવક રૂા. ૧૭૫૦૦ કરતાં પણ ઓછી છે તેથી નિભાવ ખર્ચ સરભર કરવામાં આ આવક અપૂરતી હોઈ. ખાદ્યવાળા જીવન જીવવા આ કારીગરો મજબૂર કરે છે. મોટાભાગે નિભાવ ખર્ચ વધુ હોય તો આ કારીગર વર્ગ અનિવાર્ય પણે કાંતો દેવામાં સપડાય છે અથવા કગાંલીયત, ભૂખમરામાં જીવવાનું સ્વીકારે છે. સરેરાશ ખર્ચ કરતાં આવક ઓછી મેળવતા કુલ કારીગરોમાં ૩૨ ટકા કારીગરો જોવા મળે છે. ખર્ચ કરતાં આવક ઓછી ધરાવતા આવા કારીગરોની આવક ખર્ચની તુલનામાં ૪૨ ટકા ઓછી જોવા મળે છે. આ લોકો માટે બે વિકલ્પો રહે છે કાં તો તેને દેવુ મેળવીને ખર્ચ કરવું અથવા તો ભૂખમરો સ્વીકારવો. પૂરક સહિત બધા વ્યવસાયોમાંથી આવક મેળવી લીધી હોય દેવુ કરવુ જ વિકલ્પ રહે છે. જો દેવુ મળી ન શકે તો ન છૂટકે કંગાલીયતભર્યુ જીવન જીવવું પડે. દેવા સંબંધી માહિતી આ અભ્યાસમાં પ્રાપ્ત કરવામાં આવી છે. જેના દ્વારા કેટલા કારીગરો દેવું કરે છે ? કેવા સ્ત્રોતોમાંથી મેળવે છે ? કેટલા પ્રમાણમાં દેવું કર્યું છે ? કેટલા વ્યાજના દરો ચૂકવવા પડે છે ? કયા ઉદ્દેશ માટે દેવુ કરે છે ? કેવી રીતે પરત કરે છે ? વગેરે બાબતોને લક્ષમાં લઈને દેવાના પ્રશ્નની ચર્ચા કરવાનું જરૂરી હોઈ આવી વિગતોને હવે પછીના મુદ્દામાં સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કરેલ છે.

## ૫.૮ દેવાદાર કારીગરોની વિગત :

ગ્રામીણ કારીગરોનાં કુટુંબોની વાર્ષિક સરેરાશ આવક રૂા. ૩૪૨૬૬ છે અને વાર્ષિક સરેરાશ ખર્ચ રૂા. ૪૦૪૮૫ છે આમ તેઓના સરેરાશ વાર્ષિક ખર્ચ કરતાં સરેરાશ વાર્ષિક આવક ઓછી રહે છે. આ બાબત ગ્રામીણ કારીગરોના કુટુંબની મળતી આર્થિક સ્થિતિ સૂચવે છે વાસ્તવમાં તેઓને જયારે પોતાના ધંધા વ્યવસાયમાંથી ઓછી આવક મળતી હોય ત્યારે તે સમયે સામાજિક ખર્ચ, કૌટુંબિક અને ધાર્મિક પ્રસંગો માટે ઘણી જ વધારે આવકની જરૂરિયાતો રહે છે. તેઓની ચાલુ આવક ખર્ચને પહોંચી વળવા અપુરતી જણાય છે. ત્યારે તેઓને દેવુ કરવુ પડે છે. કૃષિ શ્રમિકોને જેટલી દેવાની ગંભીર સમસ્યા હોય તેવો આ કારીગર વર્ગ નથી તેઓને અલ્પ પ્રમાણમાં, અલ્પ સમય માટે જ મોટા

ભાગે દેવુ કરવુ પડે છે. ગ્રામીણ કારીગરોના દેવાની સમસ્યા અન્ય અસંગઠિત ક્ષેત્રના અને કૃષિ ક્ષેત્રના શ્રમિકો કરતાં વિશિષ્ટ પ્રકારની છે. ગ્રામીણ કારીગરોને પોતાના વ્યવસાયમાંથી ઓછી આવક માટે તેમજ વ્યવસાયમાં સાધન વસાવવા માટે દેવાનો આશ્રય લેવો પડે છે ? આ ઉપરાંત લગ્ન, મૃત્યુ પછીની વિધિ માટે દેવાનો આશ્રય લેવો પડે છે તેમજ તહેવારોની ઉજવણી માટે, અન્ય ધાર્મિક પ્રસંગો માટે કેટલીક વખત ઓછુ દેવું કરતાં હોય છે. બીજી વિશિષ્ટતા એ છે કે દેવાની રકમ મોટા ભાગે સગા સંબંધીઓ પાસેથી જ વિના વ્યાજે લેતા હોય છે.

આપણા આ સંશોધન અભ્યાસમાં સમાવિષ્ટ થતા બધા જ કારીગરોના કુટુંબોમાં ૪૨ ટકા કુટુંબો પોતાની આવક ખર્ચ જેટલી તથા વધુ મેળવી શકે છે જયારે મોટા ભાગના ૩૮ ટકા કારીગરો પોતાના ખર્ચ કરતાં ઓછી આવક મેળવવાની સ્થિતિમાં જીવન વ્યતિત કરે છે. જે માટે દેવું કરવાનું આવા કારીગરોના કુટુંબો માટે જરૂરી બની જતું હોય તેમ જણાય છે. જીવન નિર્વાહ ખર્ચ કરતાં ઓછી આવક પ્રાપ્ત કરતાં કારીગર કુટુંબો ઉપભોગ માટે દેવું કરવા પ્રેરાય છે. આવા કારીગરના કુટુંબો આ સિવાય પણ અન્ય ઉદ્દેશો માટે દેવુ કરતાં હોય છે. જયારે વિકાસલક્ષી કાર્યક્રમોને અમલમાં મુકવાની નીતિ સરકારે ગરીબી નિવારણ કાર્યક્રમોનાં અંતર્ગત અમલી બનાવે છે તેમાં બેન્કો તથા જાહેર એજન્સીઓ, નિગમો દ્વારા ધિરાણની સુવિધા આપી આવા કારીગર કુટુંબોને સ્વનિર્ભર બનાવવામાં મદદ કરવી આવી ફરજ મેળવી આર્થિક રીતે ઉન્નત બનવાનો અવકાશ આ કારીગર લોકો માટે સર્જાય છે. આ દષ્ટિએ આવુ વિકાસલક્ષી દેવું જાહેર ક્ષેત્રોમાંથી મેળવવામાં આવે છે. આપણા અભ્યાસના કારીગર કુટુંબો નાના મોટાભાગના કુટુંબો આ બન્ને સ્ત્રોતોનો ઉપયોગ કરતાં જોવા મળે છે તથા દેવું નહીં મેળવનાર / કારીગરો પણ હોય તેવી સ્થિતિ નિર્માણ થયેલી જોવા મળે છે. મુમતાઝ અલીખાનનો અભ્યાસ પણ આ સંદર્ભમાં જણાવે છે કે દેવાદારવૃત્તિ હજુ પણ કારીગર વર્ગ માં આજે પણ સામાજિક અને આર્થિક જીવનમાં જોવા મળે છે કારણ કે લગભગ ૨/૩ લોકો દેવામાં ડૂબેલા છે."[૧૧] આ અંગે જે વિગતો પ્રાપ્ત થઈ છે તેને કોઠા નં. ૫.૧૦માં રજૂ કરવામાં આવેલ છે આ ઉપરાંત પણ દેવા સંબંધી કેટલીક માહિતી આ કારીગર વર્ગમાંથી પ્રાપ્ત કરવામાં આવેલ છે તેમાં દેવું

મેળવનારા કુટુંબો ઉપરાંત સ્ત્રોતો, દેવાના ઉદ્દેશો, દેવાનું પ્રમાણ, દેવા સંબંધી વ્યાજ તથા પરત કરવાની શરતો વગેરે મુદ્દાઓ આવરી લઈ દેવુ આવા કારીગર કુટુંબો માટે કેટલું બોજારૂપ ગણી શકાય તેમ છે તેના સંકેત જોવા મળે છે.

*કોઠા નં. ૫.૧૦*

*દેવાદાર કારીગરોની વિગત*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | દેવુ કરતાં કારીગરો | ૪૨ (૪૨.૮૫%) | ૫૩ (૫૧.૯૭%) | ૯૫ (૪૭.૫%) |
| ૨. | દેવુ ન કરતાં કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫%) |
| ૩. | જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૦માં રજૂ કરવામાં આવેલી વિગતોમાંથી એ ફલિત થાય છે કે A કારીગરોમાંથી ૪૨ કારીગરો દેવાદાર છે. જે ૪૨.૮૫ ટકા થાય છે અને ૩૪ કારીગરો દેવાદાર નથી જે ૩૪.૬૯ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૫૩ કારીગરો દેવુ કરેલ છે. જે ૫૧.૯૭ ટકા થવા જાય છે. ૩૭ કારીગરોએ દેવુ કરેલ નથી જે ૩૬.૨૭ ટકા થાય છે આમ બન્ને સંયુક્ત કારીગરોમાં કુલ કારીગરોમાંથી ૯૫ કારીગરોએ દેવુ કરેલ જોવા મળેલ છે જે કુલ કારીગરોના ૪૭.૫ ટકા થવા જાય છે અને ૭૧ કારીગરોએ દેવુ કરેલ નથી જે કુલ કારીગરોના ૩૫.૫ ટકા થવાનો સંભવ છે. વિકસિત તાલુકામાં વિકાસની વિશેષ તકો હોઈ દેવુ મેળવવાની સાનુકૂળતા તથા પરત કરવાની શક્તિને કારણે A કારીગરોમાંથી વધુ કારીગરોએ દેવુ કરતાં જણાય છે. પરંતુ B કારીગરો A કારીગરોનું આ પ્રમાણ બહુ ગણના પાત્ર તફાવત જણાતો નથી. નોધંપાત્ર બાબત એ છે કે કારીગર વર્ગના મોટાભાગના કુટુંબો દેવાદાર જણાય છે. આ સ્થિતિ આ વર્ગની ગંભીર આર્થિક

અવદશાનો ખ્યાલ આપવા પૂરતી છે કે.બી. બોરાનો અભ્યાસ જણાવે છે કે બાઘગામના લગભગ ૮૬.૮૭ ટકા કુટુંબો તથા ભક્તિદ્વાર અને કમાનપુર ગામોના ૭૫ ટકા કુટુંબો દેવાદાર જણાય છે."[૧૨] આમ આવા દેવાદાર કારીગરોનું પ્રમાણ આપણા આ સંશોધન અભ્યાસના કારીગરોની જેમ છતાં વધારે જોવા મળે છે. દેવાનું પ્રમાણ આ બાબત પર વિશેષ પ્રકાર પાડી શકાય તેમ છે આ પ્રકારના દેવાની પ્રાપ્તિ કયા સ્ત્રોતોમાંથી આ કારીગરો કરે છે તેની વિગત રજૂ કરે છે.

*કોઠા નં. ૫.૧૧*

*ધિરાણ પ્રાપ્તિના સ્ત્રોતોનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | સહકારી સંસ્થા પાસેથી મેળવેલ | ૧૨ (૧૨.૨૪%) | ૧૦ (૯.૮૦%) | ૨૨ (૧૧.૦૦%) |
| ૨. | રાજ્ય સરકારી સહાય | ૦૭ (૭.૧૪%) | ૦૭ (૬.૮૬%) | ૧૪ (૭.૦૦%) |
| ૩. | બેન્કલોન | ૦૯ (૯.૧૮%) | ૧૧ (૧૦.૭૮%) | ૨૦ (૧૦.૦૦%) |
| ૪. | ગ્રામીણ લોન | ૦૭ (૭.૧૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૧૯ (૯.૫૦%) |
| ૫. | બીજી જાહેર સંસ્થા પાસેથી ધિરાણ | ૦૩ (૩.૦૬%) | ૪ (૩.૯૨%) | ૭ (૩.૫૦%) |
| ૬. | ખાનગી લોન | ૪ (૪.૦૮%) | ૦૯ (૮.૮૨%) | ૧૩ (૬.૫૦%) |
| ૭. | દેવું ન કરતાં કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫૦%) |
| ૮. | જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૧નો અભ્યાસ કરતા કહી શકાય છે કે A કારીગરોમાંથી ૧૨ કારીગરો અને B કારીગરોમાંથી ૧૦ કારીગરો સહકારી સંસ્થામાંથી ધિરાણ મેળવે છે જે A ના ૧૨.૨૪ ટકા અને B ના ૯.૮૦ ટકા થાય છે. રાજ્ય સરકારની સહાય મેળવતા કારીગરો A ના ૦૭ કારીગરો અને B ના ૦૭ કારીગરો ધિરાણ મેળવે છે જે A ૭.૧૪ ટકા અને B ના ૬.૮૬ ટકા થાય છે. બેન્ક લોન A ના ૦૯ કારીગરો અને B ના ૧૧ કારીગરો મેળવે છે. જે કુલ કારીગરોના A ના ૯.૧૮ ટકા અને B ના ૧૦.૭૮ ટકા થાય છે જયારે ગ્રામીણ લોન મેળવતા કુલ કારીગરોમાંથી A ૦૭ કારીગરો અને B ના ૧૨ કારીગરો ગ્રામીણ લોન મેળવે છે જે કુલ કારીગરોના A ના ૭.૧૪ ટકા અને B ના ૧૧.૭૬ ટકા થાય છે. બીજી જાહેર સંસ્થામાંથી ધિરાણ મેળવતા A ના ૩ કારીગરો અને B ના ૪ કારીગરો છે અને ખાનગી લોન મેળવતા A ના ૪ કારીગરો અને B ના ૦૯ કારીગરો થાય છે. આમ બન્ને સંયુક્ત રીતે જોઈએ તો કુલ કારીગરોમાંથી ૨૨ કારીગરો સરકારની સંસ્થા પાસેથી લોન મેળવે છે, ૧૪ કારીગરો રાજ્ય સરકારની સહાય મેળવે છે. ૨૦ કારીગરો બેંક લોન મેળવે છે. ૧૯ કારીગરો ગ્રામીણ લોન મેળવે છે. ૭ કારીગરો બીજી સંસ્થા પાસેથી લોન મેળવે છે અને ૧૩ કારીગરો ખાનગી લોન મેળવે છે, જયારે ૩૪ કારીગરો તટસ્થ રહેલ છે. એટલે કે તેઓએ કોઈ જ જવાબ આપેલ નથી.

આમ તાજેતરનાં વર્ષોમાં સરકારી નીતિના પરિણામ સ્વરૂપ નબળા વર્ગના લોકોની આત્મનિર્ભર થવા માટે જે સબસિડી સાથે ધિરાણની સુવિધા આપવાની નીતિ અપનાવાઈ રહી છે તેની ખાનગી સ્ત્રોતમાંથી દેવુ લઈને નિભાવ ખર્ચ માટે સહાયક મદદ લેવાની નીતિ દેવાદારો અપનાવતા તેની સામે હવે આજે જાહેર સ્ત્રોતોમાંથી ધિરાણ મેળવી વિકાસલક્ષી ધિરાણ દ્વારા આર્થિક ઉત્થાનનો માર્ગ અપનાવવા તરફ આ કારીગરો આગળ વધી રહ્યા હોય તેવું જણાય છે. ખાનગી સ્ત્રોતમાંથી કુલ દેવુ લેતા કારીગર કુટુંબો ૧૩ છે જે કુલ કારીગરોના ૬.૫ ટકા કારીગરો છે.

જયારે જાહેર સ્ત્રોતમાંથી ૧૧ ટકા માત્ર સહકારી સંસ્થા પાસેથી દેવું મેળવે છે જાહેર સ્ત્રોતમાં સબસિડીવાળી લોન સુવિધાને કારણે બેન્કોની કામગીરી ઘણી નોંધપાત્ર જોવા મળે છે. દેવાના ઉદ્દ્શોની ચર્ચા હાથ ધરવાથી આ ભેદ તે વધુ સ્પષ્ટ કરી શકાશે. તેથી દેવુ પ્રાપ્ત કરવાના ઉદ્દ્શો સંબંધી પ્રાપ્ત થયેલી માહિતી રજૂ કરવાનું અત્રે જરૂરી ગણાશે.

સામાન્ય રીતે દેવુ પ્રાપ્ત કરવા માટે દેવાદારની વિવિધ જરૂરિયાતો મુજબ હેતુઓ રહેલા છે જીવન નિર્વાહ ખર્ચ આવક કરતાં વધુ હોય તો સ્વભાવિક રીતે જ ઉપભોગલક્ષી દેવુ કરવાની સ્થિતિમાં આવક મુક્તા હોય છે. જો આવક વધે તો આવુ દેવુ કરવાની જરૂરત નિવારી શકાય. પરંતુ આવક વધારવાના ઉજ્જવળ સંજોગો જયારે કારીગર કુટુંબોને હોતા નથી ત્યારે આવુ દેવુ અનિવાર્ય ગણાય છે. જો આર્થિક ઉન્નતિનો હેતુ ધરાવે તો ચાલુ ધંધા વ્યવસાયના વિકાસ માટે તેમજ નવા ધંધાની શરૂઆત કરવા માટે આવુ દેવુ કરવાનું જરૂરી બને છે, પરંતુ કમાણી આર્થિક ઉપાર્જનની સ્થિતિમાં સુધારો થતા આવુ દેવુ ભરપાઈ કરી શકાતુ હોય છે તેથી સ્વભાવિક રીતે જ આવુ દેવુ આવકાર્ય ગણાય પી. મેર રાજ શર્માનો આંધ્રપ્રદેશનો એક અભ્યાસ જણાવે છે કે સમાજના એક વર્ગના આર્થિક પરિવર્તનના આંક તરીકે દેવાને ગણવામાં આવે છે ઊંચુ દેવું એ સામાન્ય રીતે આર્થિક દુર્દશાનો નિર્દેશ કરે છે.[૧૨]

## ૫.૯ ધિરાણ પ્રાપ્તિના ઉદ્દેશો :

સામાન્ય રીતે અગાઉ જીવન નિર્વાહ માટેના દેવા પ્રત્યે ધ્યાન અપાતું હોય છે અને પ્રસંગોપાત સામાજિક દેવુ કરવામાં આવતુ હોય છે તથા આર્થિક ઉત્કર્ષના હેતુથી વિકાસલક્ષી દેવું કરવામાં આવતુ હોય છે.

*કોઠા નં. ૫.૧૨*

*ધિરાણ પ્રાપ્તિના ઉદ્દેશો*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ઉપભોગ ખર્ચ માટે | ૧૨ (૧૨.૨૪%) | ૧૦ (૯.૮૦%) | ૨૨ (૧૧.૦૦%) |
| ૨. | સામાજિક ખર્ચ માટે | ૦૫ (૫.૧૦%) | ૦૬ (૬.૧૨%) | ૧૧ (૫.૫૦%) |
| ૩. | ચાલુ ધંધાના વિકાસ માટે | ૧૫ (૧૫.૩૦%) | ૨૫ (૨૪.૫૦%) | ૪૦ (૨૦.૦૦%) |
| ૪. | આર્થિક ઉત્કર્ષ માટે | ૧૦ (૧૦.૨૦%) | ૧૨ (૧૧.૭૬%) | ૨૨ (૧૧.૦%) |
| ૫. | દેવું ન કરતા કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫૦%) |
| ૬. | કોઈ જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૨માં દર્શાવેલ વિગત અનુસાર જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૧૨ કારીગરો ઉપભોગ ખર્ચ માટે ધિરાણ મેળવે છે જે ૧૨.૨૪ ટકા થાય છે. ૫ કારીગરો સામાજિક ખર્ચ કરવા માટે ધિરાણ લે છે જે ૫.૧૦ ટકા થાય છે.

૧૫ કારીગરો ચાલુ ધંધાના વિકાસ માટે ધિરાણ મેળવે છે જે ૧૫.૩૦ ટકા થાય છે ૧૦ કારીગરો આર્થિક ઉત્કર્ષ માટે ધિરાણ મેળવે છે જે ૧૦.૨૦ ટકા થવા જાય છે. જયારે B કારીગરોમાંથી ૧૦ કારીગરો ઉપભોગ ખર્ચ માટે ધિરાણ મેળવે છે જે ૯.૮૦ ટકા થવા જાય છે. ૬ કારીગરો સામાજિક ખર્ચ ધિરાણ મેળવે છે જે ૬.૧૨ ટકા થાય છે અને ચાલુ ધંધાના વિકાસ માટે ૨૫ કારીગરો ધિરાણ મેળવે છે જે ૨૪.૫૦ ટકા થવા જાય છે ૧૨ કારીગરો આર્થિક ઉત્કર્ષ માટે દેવું કરે છે આમ બન્ને સંયુક્ત કુલ કારીગરોમાંથી ઉપભોગ લક્ષી ધિરાણ મેળવતા ૨૨ કારીગરો સામાજિક ખર્ચ માટે દેવુ કરતાં ૧૧ કારીગરો છે. ચાલુ ધંધાના વિકાસ માટે ધિરાણ મેળવતા ૪૦ કારીગરો અને આર્થિક ઉત્કર્ષ માટે દેવુ કરતાં ૨૨ છે.

### *(૧) ઉપભોગ લક્ષી દેવું :*

કારીગર કુટુંબો માટે ખાસ કરીને આવક ઘણી નીચી તેમજ આવી આવક ઘણી અનિશ્ચિત હોય ત્યારે જીવન નિર્વાહ પેટે તેમને ખર્ચ કરવુ પડતુ હોય છે. આવુ ખર્ચનુ પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. આવા સંજોગોમાં ચાલુ ખર્ચ માટેની ખાદ્ય પુરવા માટે તેમને દેવુ કરવુ પડે છે. આવુ દેવુ મોટાભાગે તેઓ સગાસંબંધી, માલિકો તથા વેપારી કે શાહુકાર કે ખાનગી ધીરધાર પાસેથી કરવામાં આવતુ હોય છે. આવા દેવા માટે પરત કરવાનો આધાર ભવિષ્યમાં આવક મેળવી શકવાની શકયતા પર રહેલો છે. જો આવુ દેવુ પરત ન થાય તો ફરી નવું દેવું આપતા નાણાં ધીરનાર સંકોચાય છે તેથી વધુ આવક મેળવીને આવા ખર્ચને પહોંચી વળવા માટે દેવુ કર્યા સિવાય અવકાશ રહેતો નથી. આ અંગે સત્યેન્દ્ર ત્રિપાઠી યોગ્ય રીતે જણાવે છે કે ગ્રામીણ દેવુ એ ઉંડા મૂળવાળી એક ગંભીર સામાજિક સમસ્યા છે. કુટુંબની આર્થિક દુર્દશામાં કે મુશ્કેલીઓમાં ધંધા માટે, લગ્ન માટે મૃત્યુ માટે, બિમારી માટે, ગ્રામીણ ગરીબો હંમેશા દેવાનો આશ્રય લેતા જણાય છે."[૧૩] આવુ દેવું અનિવાર્ય હોવા છતાં બિન ઉત્પાદકીય ગણાય છે કેમ કે તે ચાલુ ઉપભોગ ખર્ચ માટેનું હોય તેથી તેને પરત કરવાનું મુશ્કેલ હોય છે. તેથી આવા કારીગર કુટુંબો વધુને વધુ દેવામાં સપડતા જાય છે. ખેતી પર આધારિત રોજગારીના કારણે આ લોકોના ઘણી વખત

ઉપરા ઉપરી વર્ષો નબળા જતા રોજગારી પ્રાપ્ત ન થાય તો વધુ આવક મેળવવાનું પણ મુશ્કેલ બને છે તેથી આવુ દેવુ વધતુ જાય છે. સૌથી વધુ દેવાદાર કારીગર કુટુંબો આ હેતુસર દેવુ કરતાં જોવા મળ્યા છે. દેવાદાર કારીગરોમાના ૨૨ ટકા કારીગરો આ હેતુસર દેવુ કરતાં જણાયા છે એક વખત દેવામાં સપડાય તો કારીગરો મોટાભાગે તેમાંથી બહાર નિકળી શકતો નથી. પરિણામે વર્ષની ખાદ્ય વર્ષો વર્ષ વધતા દેવાને કારણે કુલ દેવુ પણ વધતુ જાય છે.

### *(૨) સામાજિક દેવું :*

કેટલીકવાર કારીગર કુટુંબોમાં લગ્ન પ્રસંગો, મૃત્યુ પછીની વિધિ, ધાર્મિક તહેવારો તથા અન્ય સામાજિક પ્રસંગો આવતા હોય ત્યારે આવા પ્રસંગો પાર પાડવા માટે દેવુ કરવાનું આવા કારીગરો માટે જરૂરી બની જાય છે. સામાજિક પ્રસંગોનું દેવું પણ બિન ઉત્પાદકીય કક્ષાનું ગણવામાં આવે છે. આ પ્રકારનું દેવુ કરનાર કારીગર વર્ગનું પ્રમાણ ઓછુ છે. ઉપર આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે કુલ કારીગરોમાંથી ૧૧ કારીગરો આ હેતુ માટે દેવુ કરતાં જણાય છે.

### *(૩) ધંધાના વિકાસ માટે દેવું :*

ગ્રામીણ કારીગરો પોતાના ચાલુ ધંધા વ્યવસાયના વિકાસ માટે નાનો ધંધો કે સ્વરોજગારીની પ્રવૃત્તિ કરતાં કારીગરો તે ધંધાને ચાલુ રાખવા કાચોમાલ કે જરૂરી સાધન સામગ્રી લેવા માટે દેવુ કરતાં હોય છે. આવુ દેવુ ચાલુ ધંધાને ટકાવી રાખવા જરૂરી હોય છે પરંપરાગત વ્યવસાયો માટે ઘણી વખત આવુ દેવુ વેપારી કે શાહુકારો પાસેથી લઈ ચાલુ વ્યવસાય કરવાનો પ્રયાસ થતો હોય છે આવા સંજોગોમાં આવુ દેવું ચાલુ મૂડી તરીકે ભાગ ભજવે છે. તેથી આવુ દેવું આર્થિક કે ઉત્પાદકીય કક્ષાનું ગણી શકાય. ચાલુ ધંધા વ્યવસાયને ચાલુ રાખવા કે ટકાવી રાખવા નિભાવી રાખવા માટે આવુ દેવુ કરનારા કારીગરોનું કુલ દેવાદાર કારીગરોમાનું પ્રમાણ ૪૦ છે જે ૨૦ ટકા જેટલું જણાય છે. આ રીતે આવા કારીગરો માટે ચાલુ ધંધાને નિભાવી રાખવા આવુ દેવું અનિવાર્ય ગણાય છે.

## (૪) આર્થિક ઉત્કર્ષ વિકાસ માટેનું દેવું :

ગ્રામીણ વિકાસના કાર્યક્રમો અંતર્ગત પછાત તથા કારીગર વર્ગના લોકો માટે વિશેષ અંગભૂત યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે. સ્વરોજગારી ગ્રામીણ યુવકો માટે તાલીમ લીધા બાદ રોજગારી લક્ષી વ્યવસાયો શરૂ કરવાની વિવિધ યોજનાઓ અંતર્ગત જાહેર સ્ત્રોતો, એજન્સીઓ, નિગમો, બેન્કો વગેરેની ધિરાણ વ્યવસ્થા ઘણી સાનુકૂળ બનાવવા પર ભાર અપાયો છે. નબળા વર્ગના ઉત્થાન માટેના આવા કાર્યક્રમોમાં બેન્કોનો ફાળો ઘણો મૂલ્યવાન ગણાય છે. આવા કાર્યક્રમોનો લાભ લેતા કારીગરો વિકાસલક્ષી દેવુ કરવાનું આવકાર્ય ગણાતા જણાય છે. તથા આવુ દેવું પ્રાપ્ત કરી પોતાની આજીવિકાના નવા સ્ત્રોતો વિકસાવી રહેલા જણાય છે ઘણી વખત કારીગરોના કુટુંબોને પ્લોટ અપાયા બાદ મકાન બાંધવા લોન અપાતી હોય છે તે રીતે સંપત્તિજન્ય પ્રવૃત્તિમાં લોકોનું મૂડી રોકાણ જતુ થતુ હોય તથા તે રીતે ઉત્પાદકીય સંપત્તિનું સર્જન થાય તે હેતુથી આવી લોન અપાય છે. જેમાં સરકાર સબસિડી આપે છે. તેથી વાસ્તવિક લોન કરતાં ભરપાઈ કરવાની રકમ ઓછી થતી હોય છે આ રીતે પ્રોત્સાહીત કરી વિકાસલક્ષી આર્થિક ઉત્પાદનની પ્રવૃત્તિઓને હાથ ધરવાની પ્રેરણા આપે છે. પરિણામ સ્વરૂપ ૧૧ ટકા દેવાદાર કારીગરોના કુટુંબો આ હેતુસર દેવું કરતાં જોવા મળે છે આવુ દેવુ વિકાસલક્ષી હોઈ તેથી તે આવકાર્ય છે. વિકાસલક્ષી દેવું મેળવનારા દેવાદાર કારીગરોનું પ્રમાણ A કારીગરોમાંથી ૧૦.૨૦ ટકા છે જેનું પ્રમાણ ઊંચુ છે અને B કારીગરોમાંથી ૧૧.૭૬ ટકા છે. કેટલાંક તાલુકા પછાત હોવાથી તેમાં વિકાસલક્ષી કાર્યક્રમો માટે વધુ જરૂર હોવા છતાં આવુ દેવુ મેળવનારા દેવાદાર કારીગરોનું પ્રમાણ A કારીગરો કરતાં ઘણુ નીચુ જોવા મળે છે. માત્ર ૧૦ ટકા જ કારીગરોએ આવુ વિકાસલક્ષી દેવુ પ્રાપ્ત કરતાં જણાય છે. ક્રમાનુંસાર આ હેતુ માટે મેળવતા કારીગરો બીજા ક્રમમાં આવે છે ઉપભોગ પછીના ક્રમમાં આ હેતુનું સ્થાન રહેલુ છે જો વિકાસલક્ષી આર્થિક ઉત્થાનની દિશામાં આગળ વધવાની ગ્રામીણ કારીગરોના કુટુંબોની ઈચ્છાને વ્યકત કરે છે. મુમતાઝ અલીખાન જણાવે છે કે દેવાદારોએ ઉત્પાદનના હેતુથી લોન લીધેલ છે આ તેઓની લોન પ્રત્યેનો અભિગમમાં આ યુદ્ધકીય પરિવર્તન છે."[૧૪] આ અભ્યાસમાં આવુ પરિવર્તન વધુ ઝડપી જોવાયેલ છે. ૧૦ ટકા

લોકોએ આ હેતુસર લોન લેતા જોવા મળ્યા છે. આ નીતિથી ભવિષ્યમાં આવક વધુ ઊંચી લઈ જવાનો અવકાશ રહેતો હોઈ ઉપભોગ લક્ષી દેવા કરતાં આ દેવુ પરત કરવાની ક્ષમતા વધારનારુ બની રહે છે તેથી તે ક્રમશ : ઘટવાની શકયતા રહેલી છે. એટલુ જ નહીં પરંતુ ભવિષ્યમાં કાયમી ધોરણે વધુ આવક પ્રાપ્ત કરવાની શકયતાને કારણે ઉપભોગ લક્ષી દેવુ નાબૂદ કરીને દેવારહીત સમાજની રચના કરવામાં પણ ઉપયોગી નિવડી શકે તેમ છે. તેમાં કઈ  ખોટું નથી. આમ ભવિષ્યમાં દેવાનો બોજો ઘટાડવામાં આ ચોથા હેતુ લક્ષી દેવુ ઉપયોગી પ્રદાન કરી શકે તેમ છે.

## ૫.૧૦ દેવાદાર કુટુંબદીઠ દેવાનું પ્રમાણ :

દેવા પ્રાપ્તિના સ્થાન તથા ઉદ્દેશો અંગેની વિગત જાણ્યા બાદ દેવાદાર કારીગરોએ જુદા જુદા સ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરેલ દેવાની રકમ કેટલી છે તે બાબત જાણવી પણ જરૂરી છે.ખાનગી  સ્ત્રોતો તથા જાહેર સ્ત્રોતો, બેન્કો પાસેથી મેળવેલ ધિરાણ મુખ્યત્વે જુદા ઉદ્દેશો સાથે સંબંધ ધરાવે છે. આ દષ્ટિએ મોટાભાગે ખાનગી દેવુ ઉપયોગ લક્ષી હોવાનો અભિપ્રાય મળેલ છે. તથા જાહેર સંસ્થા, બેંકોનું દેવું મુખ્યત્વે ધંધાના વિકાસ અથવા આર્થિક ઉત્થાનના ઉત્પાદકીય વિકાસ લક્ષી કાર્યક્રમો સંબંધી જોવા મળે છે તેથી સ્વાભાવિક રીતે રકમની દષ્ટિએ ખાનગી ઉપભોગ લક્ષી દેવા કરતાં ઉત્પાદકીય હેતુવાળુ દેવું વધુ હોવાનો સંભવ છે. જો વિકાસના પ્રયત્નોનો વ્યાપ આ કારીગરો સુધી વિસ્તૃત બનાવી શકવાનો અંદાજ મળે છે.

### *કોઠા નં. ૫.૧૩*

### *દેવાનું પ્રમાણ અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ખાનગી ક્ષેત્રે | ૪ (૪.૦૮%) | ૯ (૮.૮૨%) | ૧૩ (૬.૫૦%) |
| ૨. | સગા પાસેથી | ૩ (૩.૦૬%) | ૬ (૫.૮૮%) | ૯ (૪.૫૦%) |
| ૩. | શાહુકારો પાસેથી | ૨ (૨.૦૪%) | ૫ (૪.૯૦%) | ૭ (૩.૫૦%) |
| ૪. | વેપારી પાસેથી | ૪ (૪.૦૮%) | ૪ (૩.૯૨%) | ૮ (૪.૦૦%) |
| ૫. | જાહેરક્ષેત્ર પાસેથી | ૧૫ (૧૫.૩૦%) | ૧૪ (૧૩.૭૨%) | ૨૯ (૧૪.૫૦%) |
| ૬. | બેંકો | ૯ (૯.૧૮%) | ૧૧ (૧૦.૭૮%) | ૨૦ (૧૦.૦૦%) |
| ૭. | નિગમો | ૫ (૫.૦૮%) | ૪ (૩.૯૨%) | ૯ (૪.૫૦%) |
| ૮. | દેવું ન કરતા કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫૦%) |
| ૯. | કોઈ જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૩માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે ખાનગી ક્ષેત્રમાંથી A કારીગરોના ૦૪ કારીગરો અને B કારીગરોમાંથી ૦૯ કારીગરો ધિરાણ મેળવે છે. બન્ને સંયુકત રીતે ૧૩ કારીગરો થાય છે. જયારે સગા પાસેથી, શાહુકારો પાસેથી અને વેપારી પાસેથી A અને B બન્ને કારીગરો સંયુકત રીતે ક્રમશઃ ૯, ૭ અને ૮ કારીગરો દેવું કરે છે. જયારે જાહેર ક્ષેત્ર પાસેથી બન્ને સંયુકત રીતે ૨૯ કારીગરો દેવું મેળવે છે. આમ બન્ને જાહેર ક્ષેત્ર પાસેથી સંયુકત રીતે વધુ દેવું પ્રાપ્ત કરે છે. વધુમાં જાહેર સ્ત્રોતમાંથી મોટી રકમની લોન પણ મળવાનો વિશેષ અવકાશ છે. જે નીચેના કોઠામાં દર્શાવવામાં આવેલ છે.

### *કોઠા નં. ૫.૧૪*

### *જાહેર સ્ત્રોતમાંથી વધુ રકમનું ધિરાણ મેળવતા કારીગરો*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૨૦,૦૦૦ થી વધુ લોન | ૧૦ (૧૦.૨૦%) | ૨૦ (૧૯.૬૦%) | ૩૦ (૧૫.૦૦%) |
| ૨. | કારીગરો દીઠ સરેરાશ રકમ | ૩૨ (૩૨.૬૫%) | ૩૩ (૩૨.૩૫%) | ૬૫ (૩૨.૫૦%) |
| ૩. | દેવું ન કરતા કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫૦%) |
| ૪. | કોઈ જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૪માં દર્શાવવામાં આવેલ વિગતનો અભ્યાસ કરતાં જણાય છે કે ઊંચી રકમનું ધિરાણ લેનાર કારીગરો ઘણા ઓછા જોવા મળેલ છે. A કારીગરોમાંથી ૧૦ કારીગરોએ રૂા. ૨૦,૦૦૦ થી વધુ રકમનું ધિરાણ મેળવેલ છે. જયારે B કારીગરોમાંથી ૨૦ કારીગરોએ રૂા. ૨૦,૦૦૦ થી વધુ રકમનું ધિરાણ મેળવેલ છે. પછાત તાલુકાઓના વધુ કારીગરો આવી ઊંચી રકમની લોન મેળવી શકેલ છે તેથી પછાત અને વિકસીત વચ્ચેની ભેદરેખા હળવી કરવામાં મદદ મળે તેવી નીતિનો આ હકીકતમાં પડઘો પડતો જોવા મળે છે. આર્થિક અસમાનતા ઘટાડવાની નીતિના ભાગરૂપે આ જાહેર સ્ત્રોતોનો વધુ પ્રવાહ ધિરાણ દ્વારા B કારીગરોમાં જાય છે. તે આ બાબત પરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે જે આવકાર્ય છે. ખાનગી લોન લેનાર મોટા ભાગના નાની રકમવાળા જોવા મળે છે જે કોઠા નં. ૫.૧૫માં જોઈ શકાય છે.

### *કોઠા નં. ૫.૧૫*

### *નાના અને મધ્યમ દેવાદાર કારીગરોની વિગતો*

| *ક્રમ* | *વિગત* | ***A*** *કારીગરોની સંખ્યા* | ***B*** *કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ખાનગી સ્ત્રોત | | | |
| | રૂા. ૫૦૦૦ સુધીનું દેવું | ૧૦ (૧૦.૨૦%) | ૨૦ (૧૯.૬૦%) | ૩૦ (૧૫.૦૦%) |
| | રૂા. ૫૦૦૦ થી ૨૫૦૦૦નું દેવું | ૫ (૫.૧૦%) | ૧૦ (૯.૮૦%) | ૧૫ (૭.૫૦%) |
| | રૂા. ૨૫૦૦૦ થી વધુ દેવું | - | - | - |
| ૨. | જાહેર સ્ત્રોતો | | | |
| | રૂા. ૫૦૦૦ સુધીનું દેવું | ૨૦ (૨૦.૪૦%) | ૧૫ (૧૪.૭૦%) | ૩૫ (૧૭.૫૦%) |
| | રૂા. ૫૦૦૦ થી ૨૫૦૦૦નું દેવું | ૫ (૫.૧૦%) | ૭ (૬.૮૬%) | ૧૨ (૬.૦૦%) |
| | રૂા. ૨૫૦૦૦ થી વધુ દેવું | ૨ (૨.૦૪%) | ૧ (૦.૯૮%) | ૩ (૧.૫૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૫માં દર્શાવવામાં આવેલ વિગતનાં અભ્યાસ કરતાં જણાય છે કે નાના અને મધ્યમ દેવાદાર કારીગરોની વિગત રજૂ કરવામાં આવે છે. A કારીગરોમાંથી ૧૦ કારીગરો ખાનગીક્ષેત્રની રૂા. ૫૦૦૦ સુધીની લોન લીધેલા છે. જે ૧૦.૨૦ ટકા થવા જાય છે. ૦૫ કારીગરોએ રૂા. ૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધીનું દેવુ કરેલ છે. જે ૫.૧૦ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૨૦ કારીગરોએ રૂા. ૫૦૦૦ સુધીનું દેવુ કરેલ છે. જે ૧૯.૬૦ ટકા થવા જાય છે અને ૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધીનું દેવુ કરનાર કારીગરોનું પ્રમાણ ૧૦ છે જે ૯.૮૦ ટકા થવાનો અંદાજ છે. આમ બન્ને સંયુક્ત ખાનગીક્ષેત્રનું દેવુ લેનાર કારીગરોમાંથી ૩૦ કારીગરો રૂા. ૫૦૦૦ સુધીની આવકનું

ધિરાણ મેળવેલ છે જે ૧૫ ટકા થવા જાય છે અને ૧૫ કારીગરો ૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધીનું દેવુ કરે છે જે ૭.૫ ટકા થવા જાય છે જયારે જાહેરક્ષેત્રમાંથી દેવુ લેનાર કારીગરો દ્વારા ૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધીનું દેવું કરેલ છે જયારે B માં આ પ્રમાણ ૧૫ કારીગરો ૫૦૦૦ સુધીનું દેવુ કરે છે.

આ રકમ ૫૦૦૦ સુધીની હોય તેવા નાના દેવાદાર કારીગરો ગણાય છે તથા ૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધીનું દેવું ધરાવનાર મધ્યમ દેવાદાર કારીગરો ગણાય અને રૂા. ૨૫૦૦૦ થી વધુ દેવું ધરાવનાર કારીગરોને મોટા દેવાદાર કારીગરો કહેવાય. રૂા. ૫૦૦૦ સુધીનું ખાનગી દેવુ ધરાવતા નાના દેવાદાર કારીગરોનું પ્રમાણ A કારીગરો ૧૦.૨૦ ટકા છે તથા B કારીગરોમાં ૧૯.૬૦ ટકા છે બંન્ને સંયુક્ત કારીગરોમાં ૧૫ ટકા છે B કારીગરોના ૧૪.૭૦ ટકા છે નાના દેવાદારોની સંખ્યા જાહેરસ્ત્રોતમાંથી દેવું મેળવનાર A કારીગરો કરતાં Bમાં ઓછુ જોવા મળે છે. B કારીગરોના દેવાદાર કારીગરો રૂા. ૫૦૦૦ની મર્યાદામાં દેવું ધરાવનાર છે. તેનું પ્રમાણ કુલ દેવાદારના ૧૪.૭૦ ટકા જાહેર સ્ત્રોત માટેનું જોવા મળ્યું આમ ખાનગી સ્ત્રોતમાં નાના દેવાદારોનું પ્રમાણ વધુ છે જયારે જાહેરસ્ત્રોતના રૂા. ૫૦૦૦ સુધીના નાના દેવાદારો ખાનગીક્ષેત્રના ઓછા છે આ દષ્ટિ એ આ પ્રમાણમાં જાહેરસ્ત્રોતમાંથી નાના ઉપરાંત મધ્યમ, મોટા પ્રમાણમાં દેવું મેળવનારા પણ સરકારી નીતિને લીધે વધુ જોવા મળે છે બંને જૂથના સરેરાશ દેવાની વિગત નીચેના કોઠામાં રજૂ કરવામાં આવી છે.

### *કોઠા નં. ૫.૧૬*

### *નાની રકમમાં દેવાદાર કારીગરોનું પ્રમાણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | રૂા. ૫૦૦૦ સુધીનું દેવાદારોનું સરેરાશ ખાનગી દેવું | ૧૮ (૧૮.૩૬%) | ૧૩ (૧૨.૭૫%) | ૩૧ (૧૫.૫૦%) |
| ૨. | રૂા. ૫૦૦૦ સુધીના દેવાદારોનું સરેરાશ જાહેર દેવું | ૨૪ (૨૪.૪૮%) | ૪૦ (૩૯.૨૧) | ૬૪ (૩૨.૦૦%) |
| ૩. | દેવું ન કરતા કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫૦%) |
| ૪. | કોઈ જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૬માં દર્શાવવામાં આવેલ વિગત પરથી અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે A કારીગરોમાંથી ૧૮ કારીગરોએ રૂા. ૫૦૦૦ સુધીની ધિરાણ ખાનગીક્ષેત્રમાંથી લીધેલ છે. જે કુલ કારીગરોના ૧૮.૩૬ ટકા થાય છે. અને ૨૪ કારીગરોએ જાહેરક્ષેત્રમાંથી ૫૦૦૦ સુધીનું દેવુ કરેલ છે. જે કુલ કારીગરોના ૨૪.૪૮ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૧૩ કારીગરોએ રૂા. ૫૦૦૦ સુધીનું દેવુ ખાનગી ક્ષેત્રમાંથી લીધેલ છે જે કુલ કારીગરોના ૧૨.૭૫ ટકા થાય છે. અને ૪૦ કારીગરોએ રૂા.૫૦૦૦ સુધીનું ધિરાણ જાહેરક્ષેત્રમાંથી લીધું છે. જે કુલ કારીગરોના ૩૯.૨૧ ટકા થાય છે. સરેરાશ બન્ને સયુકત કારીગરોએ ખાનગીક્ષેત્રમાંથી ૫૦૦૦ સુધીનું ધિરાણ મેળવેલ છે. જે કુલ કારીગરોના ૧૫.૫૦ ટકા થાય છે. અને ૬૪ કારીગરોએ જાહેરક્ષેત્રમાંથી ધિરાણ લીધેલ છે. જે કુલ કારીગરોના ૩૨.૦૦ ટકા થાય છે. અને કોઈ જ

જવાબ નથી તેવા કારીગરો A માંથી ૨૨ અને B માંથી ૧૨ છે બન્ને સંયુકત ૩૪ કારીગરો છે જે કુલ કારીગરોના ૧૭ ટકા થવા પામે છે.

આમ નાના દેવાદારો મોટા ભાગે ઉપભોગ લક્ષી દેવું ખાનગી ક્ષેત્રમાંથી મેળવતા જોવા મળે છે. આવુ દેવું સ્વરોજગારી મેળવતા કારીગરો, મજુરો, શ્રમિકો, માલીકો કે વેપારીઆ પાસે આવુ દેવું મેળવતા હોય છે. આવુ દેવું આપનાર વધુ જોખમ ઉભું ન થાય તેની કાળજી રાખતા હોય છે. તેથી દેવુ વધુ ન થાય તે રીતે ધિરાણ કે ઉધાર આપતા જણાય છે.

## ૫.૧૧ ધિરાણ પ્રાપ્તિ માટેની જામીનગીરીની વિગતો :

સામાન્ય રીતે ઉછીની રકમ મેળવીને દેવુ કે ધિરાણ પ્રાપ્ત કરવુ એ લેનારની સાથે સાથે આપનારની સલામતી રહે છે. જો ધિરાણ લેનાર સમયસર ધિરાણ પરત કરે તો ફરી પાછી જોઈએ ત્યારે સરળતાથી ધિરાણ મળી શકે. આ દષ્ટિએ પરત કરવાની ક્ષમતાની સાથે સાથે યોગ્ય જામીનગીરી વિના ધિરાણ અપાયતો પરત મેળવવામાં મુશ્કેલી સર્જાય છે. આથી બેકિંગ સિદ્ધાતો કે પરંપરાગત વિચારધારામાં જામીનગીરીઓનું મહત્ત્વ ઘણું ઊંચું આકવામાં આવેલ છે.

## કોઠા નં. ૫.૧૭

### જામીનગીરી સામે દેવુ મેળવતા કારીગરોનું પ્રમાણ

| ક્રમ | વિગત | A કારીગરોની સંખ્યા | B કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ચાલુ આવક સામે રોજીદું ધિરાણ | ૭ (૭.૧૪%) | ૯ (૮.૮૨%) | ૧૬ (૮.૦૦%) |
| ૨. | ઘરેણા જામીનગીરી સામે આપેલ ધિરાણ | ૯ (૯.૧૮%) | ૧૫ (૧૪.૭૦%) | ૨૪ (૧૨.૦૦%) |
| ૩. | મકાન સામે આપેલ ધિરાણ | ૨૦ (૨૦.૪૦%) | ૨૫ (૨૪.૫૮%) | ૪૫ (૨૨.૫૦%) |
| ૪. | બાંહેધરી સામે આપેલ ધિરાણ | ૬ (૬.૧૨%) | ૪ (૩.૯૨%) | ૧૦ (૫.૦૦%) |
| ૫. | દેવું ન કરતા કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫૦%) |
| ૬. | કોઈ જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૭માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે મુખ્યત્વે ખાનગી સ્ત્રોતમાંથી ધિરાણો ચાલુ ઉધાર માલ આપતા વેપારી, સગાઓ દ્વારા સંબંધ ઉપર અપાતા હોય છે. ચાલુ આવકને લક્ષમાં લઈ લગભગ એકાદ માસની આવક કે ચાલુ રોજિદા નિભાવ ખર્ચની જરૂરિયાતને પહોંચી વળવા માટે આવુ દેવું કારીગરો મેળવે છે, ત્યારે માત્ર ચાલુ આવક મળવાની શકયતાને આધારે પરંપરાગત રીતે આવી ઉધારી અપાતી હોય છે. મોટાભાગની આવી ઉધારી માલના સ્વરૂપમાં હોવાનો વિશેષ સંભવ જોવા મળે છે. રોજિદા ખર્ચના સંદર્ભમાં જયારે આવી ઉધારી મેળવવામાં આવે ત્યારે કારીગરના નિભાવની જવાબદારી વહન કરતાં કારીગર કુંટુંબનો વડો ઉધારમાલ

મેળવે છે તે પરત કરવાની ચાલુ આવક પર આધારિત ક્ષમતા અને શુભવૃત્તિ સામે આવુ દેવુ કરતાં હોય છે.

કેટલીક વખત સામાજિક હેતુસર, બિમારી કે અન્ય પ્રસંગ માટે દેવુ લેવામાં આવે છે ત્યારે આવુ દેવુ પરત કરવુ મુશ્કેલ છે. આવા સંજોગોમાં આવુ દેવુ કોઈને કાઈ પ્રકારની જામીનગીરી લઈ આપવાનું ધિરનાર વધુ પસંદ કરે છે. આવુ ધિરાણ પ્રાપ્ત કરવા માટે ધરેણાં, જમીન કે મકાન ગીરે મુકવાનું પણ લોકો સ્વીકારતા હોય છે કેટલીક વખત ચાલુ ધંધાના વિકાસ અર્થે દેવુ કરવા મકાન ગીરવે મૂકે છે. સામાન્ય રીતે મકાન પોતાની માલિકીનું હોવા છતાં તેનું મૂલ્ય બહુ વિશેષ ન હોઈ પરંતુ ધરેણાંનું મહત્ત્વ રહે છે. આવા ગરીબો માટે આવી મહત્ત્વની જામીનગીરીઓ ગીરવી મુકી ધિરાણ મેળવવું જરૂરી બને છે. સત્યેન્દ્ર ત્રિપાઠીનો અભ્યાસ અહી મહત્ત્વનું તારણરૂપ બને છે કે તેઓ જણાવે છે "સ્થાવર જંગમ મિલકત ગીરવી મુકવાની બાબતોમાં ગ્રામીણ દેવુ એ એક ઘણા દુષ્કૃત વાળી બાબત છે."[૧૬] ઉપરોક્ત કોઠા નં. ૫.૧૭માં દર્શાવેલ વિગત પરથી જોઈ શકાય છે. A કારીગરોમાં ૭ કારીગરોએ ચાલુ આવક સામે રોજીંદુ ધિરાણ મેળવે છે જે કુલ કારીગરોના ૭.૧૪ ટકા થાય છે અને ૯ કારીગરોએ ધરેણાં સામે ધિરાણ લીધેલ છે જે કુલ કારીગરોના ૯.૧૮ ટકા થાય છે. ૨૦ કારીગરોએ મકાન સામે ધિરાણ લીધેલ છે જે ૨૦.૪૦ ટકા થાય છે અને બાહેધરીથી ૬ કારીગરોએ ધિરાણ લીધેલ છે જે ૬.૧૨ ટકા થાય છે. જ્યારે B કારીગરોમાંથી ૯ કારીગરોએ ચાલુ રોજિંદી આવક સામે ધિરાણ મેળવે છે જે ૮.૮૨ ટકા થાય છે ધરેણાં જામીનગીરી સામે ધિરાણ મેળવતા A કારીગરો ૯.૧૮ ટકા છે. B કારીગરોના ૧૪.૭૦ ટકા છે. મકાન સામે ધિરાણ મેળવતા A ના ૨૦.૪૦ ટકા અને B ના ૨૪.૫૮ ટકા છે અને બાહેધરીથી ધિરાણ મેળવતા A ના ૬.૧૨ ટકા અને B ના ૩.૯૨ ટકા છે આ પરથી કહી શકાય A કરતાં B ના કારીગરો વધારે ધિરાણ મેળવે છે.

## ૫.૧૨ વ્યાજ અને મુદત પરત કરવાની પદ્ધતિ :

સામાન્ય રીતે આ અભ્યાસમાં જાણવા મળ્યું કે ખાનગી ધિરાણ પર ૧૮ ટકા સુધી ધિરાણ મળતું હોય છે. તથા રાહત વ્યાજના દરની નીતિ સિવાયના જાહેર સ્ત્રોત ધિરાણ

પર ૧૨ ટકા જેટલું વ્યાજ ચુકવવા પાત્ર બનતું હોય છે. આમ વ્યાજનો બોજો રાહત વાળા કિસ્સાઓ સિવાય ગરીબ લોકો માટે બોજારૂપ ગણી શકાય. તેઓ રકમ પરત કરવાની બાબતમાં જાહેર સ્ત્રોતમાં નિયમિત હપ્તાની પદ્ધતિનો મુખ્યત્વે ઉપયોગ કરતાં હોય છે. વિકાસલક્ષી ધિરાણ હપ્તા દ્વારા ચુકવવા પાત્ર બને છે. તેથી વિશેષ બોજારૂપ બનતું નથી. જયારે ખાનગી સ્ત્રોતનું ધિરાણ ધણી વખત આર્થિક દબાણો થતા પરત કરવા માટે એક સામટું ભરવા અથવા વધુ વ્યાજનો બોજો સહન કરવા માટે દેવાદારને મજબૂરીમાં મુકનાર ગણાવી શકાય. આ દષ્ટિએ ખાનગી કરતાં જાહેર સ્ત્રોતનું ધિરાણ વધુ ઉપકારક અને ઓછું બોજારૂપ ગણી શકાય.

*કોઠા નં. ૫.૧૮*

*લોનની ચૂકવણી અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A*** *કારીગરોની સંખ્યા* | ***B*** *કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ખાનગી વ્યવસ્થા | ૨૫ (૨૫.૫૧%) | ૨૩ (૨૨.૫૫%) | ૪૮ (૨૪.૦૦%) |
| ૨. | સહકારી સંસ્થામાં જઈ વેચાણ કરીને ચુકવણી | ૧૭ (૧૭.૩૫%) | ૩૦ (૨૯.૪૧%) | ૪૭ (૨૩.૫૦%) |
| ૩. | દેવું ન કરતા કારીગરો | ૩૪ (૩૪.૬૯%) | ૩૭ (૩૬.૨૭%) | ૭૧ (૩૫.૫૦%) |
| ૪. | કોઈ જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૨ (૧૧.૭૬%) | ૩૪ (૧૭.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્તદ કોઠા નં. ૫.૧૮માં દર્શાવાવમાં આવેલ વિગત પરથી અભ્યાસ કરી શકાય છે કે A કારીગરોમાંથી ૨૫ કારીગરો અને B કારીગરોમાંથી ૨૩ કારીગરોએ લોનની ચૂકવણી માટે માસીક વ્યવસ્થા કરેલ છે એટલે કે હપ્તાથી લોનની ચુકવણી કરે છે

જે A કારીગરોના ૨૫.૫૧ ટકા અને B ના ૨૨.૫૫ ટકા થાય છે જયારે A ના ૧૭ કારીગરો સહકારી સંસ્થામાં વેચાણ કરીને લોનની ચુકવણી કરેલ છે અને B ના ૩૦ કારીગરો સહકારી સંસ્થામાં પોતાની વસ્તુનું વેચાણ કરી લોન ભરપાઈ કરે છે. બંન્ને સંયુક્તમાં જોઈએ તો કુલ કારીગરોમાંથી ૪૭ કારીગરોએ લોન લીધેલ છે. તેની ચૂકવવાની સહકારી સંસ્થામાં પોતાની વસ્તુનું વેચાણ કરીને રકમની ચૂકવણી કરે છે. જયારે ૩૪ કારીગરો તરફથી કોઈ જ જવાબ નથી. લોન ન લેનાર ૭૧ કારીગરો છે. આનું કારણ એ છે કે એક વખત લોન લેવાથી તે ભરપાય ન થતાં વધુ મુશ્કેલ બને છે.

*કોઠા નં. ૫.૧૯*

*વસ્તુના વેચાણ વ્યવસ્થા અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | જાહેર સંસ્થાને | ૧૦ (૧૦.૨૦) | ૧૪ (૧૩.૧૨) | ૨૪ (૧૨%) |
| ૨. | ખાદી ભવનમાં | ૧૯ (૧૯.૩૮) | ૨૨ (૨૧.૫૬) | ૪૧ (૨૦.૫%) |
| ૩. | સહકારી સંસ્થાને | ૧૪ (૧૪.૨૮) | ૧૨ (૧૧.૭૬) | ૨૬ (૧૩.૦૦%) |
| ૪. | જથ્થાબંધ | ૯ (૯.૧૮) | ૧૨ (૧૧.૭૬) | ૨૧ (૧૦.૫૦) |
| ૫. | છૂટકમાં વેચાણ | ૨૯ (૨૯.૧૮) | ૩૨ (૩૧.૩૭) | ૬૧ (૩૦.૫%) |
| ૬. | નજીકના કમીશન એજન્ટને | ૧૭ (૧૭.૩૪) | ૧૦ (૯.૮૦) | ૨૭ (૧૩.૫૦) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૧૯માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે A કારીગરોમાંથી ૧૦ કારીગરો જાહેર સંસ્થાને પોતાની વસ્તુનું વેચાણ કરે છે. જયારે ખાદી ભવનમાં ૧૯ કારીગરો વેચાણ કરે છે જે ૧૯.૩૮ ટકા થાય છે. ૧૪ કારીગરો સહકારી સંસ્થાને પોતાની વસ્તુનું વેચાણ કરે છે. જે ૧૪.૨૮ ટકા થાય છે. ૯ કારીગરો જથ્થાબંધ પોતાની વસ્તુનું વેચાણ કરે છે જે ૯.૧૮ ટકા થાય છે ૨૯ કારીગરો છૂટકમાં પોતાની વસ્તુનું વેચાણ કરે છે જે ૨૯.૧૮ ટકા થાય છે નજીકના કમીશન એજન્ટને ૧૭ કારીગરો

વસ્તુનું કે સેવાનું વેચાણ કરે છે જે ૧૭.૩૪ ટકા થવા જાય છે જયારે B કારીગરોમાં ૧૪ કારીગરો જાહેર સંસ્થાને વેચાણ કરે છે. જયારે ૨૨ કારીગરો ખાદી ભવનને પોતાની વસ્તુનું વેચાણ કરે છે જે ૨૧.૫૬ ટકા થાય છે. ૧૨ કારીગરો સહકારી સંસ્થાને વસ્તુનું વેચાણ કરે છે જે ૧૧.૭૬ ટકા થાય છે. ૧૨ કારીગરો જથ્થાબંધ વસ્તુનું વેચાણ કરે છે જે ૧૧.૭૬ ટકા થાય છે. ૩૨ કારીગરો છૂટકમાં પોતાની સેવા કે વસ્તુનું વેચાણ કરે છે અને ૧૦ કારીગરો નજીકના કમીશન એજન્ટ મારફતે પોતાની વસ્તુનું વેચાણ કરે છે આમ કુલ કારીગરોમાંથી ૬૧ કારીગરો પોતાની વસ્તુનું છૂટકથી વેચાણ કરે છે જેનું પ્રમાણ સૌથી વધુ જોવા મળેલ છે અને ૨૪ કારીગરો જે સંસ્થાને વેચાણ કરે છે જે સૌથી ઓછું પ્રમાણ છે.

*કોઠા નં. ૫.૨૦*

*ધંધાને લગતી કોઈ દિશા છે ? તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૧૪ (૧૪.૨૮%) | ૩૦ (૨૯.૪૧) | ૪૪ (૨૨%) |
| ૨. | ના | ૭૨ (૭૩.૪૬%) | ૬૫ (૬૩.૭૨) | ૧૩૭ (૬૮.૫%) |
| ૩. | જવાબ નથી | ૧૨ (૧૨.૨૪%) | ૭ (૬.૮૬) | ૧૯ (૯.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૦માં દર્શાવવામાં આવેલ વિગત પરથી ફલિત થાય છે કે A કારીગરોમાંથી ૧૪ કારીગરોને ધંધાને લગતી કોઈ દિશા છે ? તેવા પ્રશ્નના જવાબમાં હકારાત્મક જવાબ આપેલ છે જે કુલ કારીગરોન ૧૪.૨૮ ટકા થાય છે. અને ૭૨ કારીગરોએ નકારાત્મક વલણ દર્શાવેલ છે જે કુલ કારીગરોના ૭૩.૪૬ ટકા થાય છે જયારે B કારીગરોમાંથી ૩૦ કારીગરોએ હકારાત્મક જવાબ આપેલ છે. જે કુલ કારીગરોના ૨૯.૪૧ ટકા થાય છે. અને ૬૫ કારીગરોએ નકારાત્મક વલણ દર્શાવેલ છે. જે કુલ કારીગરોના ૬૩.૭૨ ટકા થાય છે. જયારે A ના ૧૨ કારીગરો અને B ના ૭ કારીગરોએ કોઈજ જવાબ આપેલ નથી. સંયુકત બન્ને કારીગરોનાં જોઈએ તો કુલ કારીગરોમાંથી ૪૪ કારીગરો એ હકારાત્મક જવાબ આપેલ છે અને જે કુલ કારીગરોના ૨૨ ટકા થાય છે અને

૧૩૭ કારીગરોએ નકારાત્મક જવાબ આપેલ છે. જે કુલ કારીગરોના ૬૮.૫૦ ટકા થવા જાય છે. અને ૧૯ કારીગરો તટસ્થ રહેલ છે.

*કોઠા નં. ૫.૨૧*

*ધંધાની પસંદગી પરંપરાગત અને સ્થાનિક રાખવા અંગેનું વિશ્લેષણ*

| ક્રમ | વિગત | **A** કારીગરોની સંખ્યા | **B** કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | હા | ૩૨ (૩૨.૬૫%) | ૩૮ (૩૭.૫૦%) | ૭૦ (૩૫%) |
| ૨. | ના | ૪૬ (૪૬.૯૩%) | ૩૬ (૩૫.૨૯)%) | ૮૨ (૪૧%) |
| ૩. | જવાબ નથી | ૨૦ (૨૦.૪૦%) | ૨૮ (૨૮.૪૫%) | ૪૮ (૨૪%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૧માં દર્શાવવામાં આવેલ વિગતનો અભ્યાસ કરીએ તો A કારીગરોમાંથી ૩૨ કારીગરો ધંધાની પસંદગી પરંપરાગત અને સ્થાનિક રાખવા માગે છે જે ૩૨.૬૫ ટકા થવા જાય છે જયારે B કારીગરોમાંથી ૩૮ કારીગરો ધંધાની પસંદગી પરંપરાઅને સ્થાનિક રાખવા માગે છે જે ૩૭.૨૫ ટકા થાય છે જયારે A ના ૪૬ કારીગરો અને B ૩૬ કારીગરોએ નકારાત્મક વલણ દર્શાવે છે જે A ના ૪૬.૯૩ ટકા અને B ૩૫.૨૯ ટકા થવાનો અંદાજ છે. જયારે A ના ૨૦ કારીગરો અને B ના ૨૮ કારીગરોએ કોઈજ જવાબ આપેલ નથી. એટલે કે તટસ્થ રહેલ છે જયારે સંયુક્ત બન્ને કારીગરોમાં જોઈએ તો કુલ કારીગરોમાંથી ૭૦ કારીગરોએ હકારાત્મક વલણ દર્શાવેલ છે જે ૩૫ ટકા થાય છે અને ૮૨ કારીગરોએ નકારાત્મક વલણ દર્શાવેલ છે જે ૪૧ ટકા થવાનો સંભવ છે અને કુલ કારીગરો ૪૮ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી.

### *કોઠા નં. ૫.૨૨*

### *બીજા કોઈ સ્થળે સ્થળાંતર કરવા અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૧૨ (૧૨.૨૪) | ૧૪ (૧૩.૭૨) | ૨૬ (૧૩%) |
| ૨. | ના | ૬૪ (૬૫.૩૦) | ૭૨ (૭૦.૫૮) | ૧૩૬ (૬૮%) |
| ૩. | જવાબ નથી | ૨૨ (૨૨.૪૪) | ૧૬ (૧૫.૬૮) | ૩૮ (૧૯%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૨નો અભ્યાસ કરી એ તો બીજા કોઈ સ્થળે સ્થળાંતર કરવા ઈચ્છા ધરાવે છે ? એવા પ્રશ્નના જવાબમાં A કારીગરોમાંથી ૧૨ કારીગરો અને B કારીગરોમાંથી ૧૪ કારીગરોએ હકારાત્મક વલણ દર્શાવેલ છે જે A ના ૧૨.૨૪ ટકા અને B ના ૧૩.૭૨ ટકા થાય છે જયારે A ના ૬૪ કારીગરો અને B ના ૭૨ કારીગરો નકારાત્મક વલણ દર્શાવેલ છે જે A ના ૬૫.૩૦ ટકા અને B ના ૭૦.૫૮ ટકા થાય છે જયારે સંયુક્ત બન્ને કારીગરોમાં જોઈએ તો કુલ કારીગરોમાં ૨૬ કારીગરોએ હકારત્મક વલણ દર્શાવેલ છે જે ૧૩ ટકા થાય છે અને ૧૩૬ કારીગરોએ નકારાત્મક વલણ દર્શાવેલ છે જે ૬૮ ટકા થાય છે અને ૩૮ કારીગરો એવા છે કે જેમને કોઈજ જવાબ આપેલ નથી. એટલે કે તેઓ તટસ્થ રહેલ છે.

### *કોઠા નં. ૫.૨૩*

### *સ્થાનિક ધંધામાં ફેરફાર લાવવા અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૩૫ (૩૫.૭૧) | ૪૫ (૪૪.૧૧) | ૮૦ (૪૦%) |
| ૨. | ના | ૪૨ (૪૨.૮૫) | ૩૬ (૩૫.૨૯) | ૭૮ (૩૯%) |
| ૩. | જવાબ નથી | ૨૧ (૨૧.૪૨) | ૨૧ (૨૧.૪૨) | ૪૨ (૨૧%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૩માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૩૫ કારીગરોમાંથી એ સ્થાનિક ધંધામાં ફેરફાર કરવાની ઈચ્છા દર્શાવેલ છે. જે ૩૫.૭૧ ટકા થાય છે અને ૪૨ કારીગરોએ સ્થાનિક ધંધામાં ફેરફાર કરવા માંગતા નથી જે ૪૨.૮૫ ટકા થાય છે જયારે B કારીગરોમાંથી ૪૫ કારીગરો સ્થાનિક ધંધામાં ફેરફાર કરવાની ઈચ્છા દર્શાવેલ છે જે ૪૪.૧૧ ટકા થાય છે અને ૩૬ કરીગરો સ્થાનિક ધંધામાં કોઈ જ ફેરફાર કરવા માંગતા નથી જે ૩૫.૨૯ ટકા થાય છે બંન્ને સંયુક્ત કારીગરોમાં જોઈ તો કુલ કારીગરોમાંથી ૮૦ કારીગરોએ સ્થાનિક ધંધામાં ફેરફાર કરવા હકારાત્મક વલણો દર્શાવેલ છે જે ૪૦ ટકા થાય છે અને ૭૮ કારીગરો એ સ્થાનિક ધંધામાં ફેરફાર કરવા માટે નકારાત્મક વલણ દર્શાવેલ છે જે ૩૯ ટકા થાય છે જયારે ૪૨ કારીગરોએ કોઈજ જવાબ આપેલ નથી.

*કોઠા નં. ૫.૨૪*

*બીજા ધંધામાં જવાની ઈચ્છા અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A*** *કારીગરોની સંખ્યા* | ***B*** *કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૧૦ (૧૦.૨૦) | ૨૪ (૩૩.૫૨) | ૩૪ (૧૭.૦%) |
| ૨. | ના | ૭૪ (૭૫.૫૧) | ૭૨ (૭૦.૫૮) | ૧૪૬ (૭૩.૦%) |
| ૩. | જવાબ નથી | ૧૪ (૧૪.૨૮) | ૦૬ (૫.૮૮) | ૨૦ (૧૦.૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૪માં દર્શાવવામાં આવેલ વિગત પરથી અભ્યાસ કરી શકાય છે કે A ના ૧૦ કારીગરો અને B ૨૪ કારીગરોએ બીજા ધંધામાં જવાની ઈચ્છા દર્શાવેલ છે જયારે A ના ૭૪ કારીગરો અને B ના ૭૨ કારીગરો એ બીજા ધંધામાં જવા માટેના દર્શાવેલ છે. આ પરથી કહી શકાય કે તેઓ પોતાનો વશપરંપરાગત ધંધો છોડવા માંગતા નથી. જયારે સંયુક્ત બન્ને કારીગરોમાંથી જોઈએ કુલ કારીગરોમાંથી ૩૪ કારીગરો બીજા ધંધામાં જવાની હા દર્શાવેલ છે જે ૧૭ ટકા થાય છે અને ૧૪૬ કારીગરોએ બીજા ધંધામાં જવાની ના દર્શાવેલ છે જે ૭૩ ટકા થવા જાય છે. અને ૨૦ કારીગરો તટસ્થ રહેલ છે.

*કોઠા નં. ૫.૨૫*

*સ્થળાંતર કરી બીજા સ્થળે જવા અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૧૨ (૧૨.૨૪%) | ૧૪ (૧૩.૭૨%) | ૨૬ (૧૩.00%) |
| ૨. | ના | ૬૪ (૬૫.30%) | ૭૨ (૭૦.૫૮%) | ૧૩૬ (૬૮.00%) |
| ૩. | જવાબ નથી | ૨૨ (૨૨.૪૪%) | ૧૬ (૧૫.૬૮%) | ૩૮ (૧૯.00%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૫માં દર્શાવવામાં આવેલ વિગતનો અભ્યાસ કરતાં ફલીત થાય છે કે A કારીગરોમાંથી ૧૨ કારીગરો સ્થળાંતર કરી બીજે સ્થળે વ્યવસાય કરવા માટેની સંમતી દર્શાવેલ છે જે ૧૨.૨૪ ટકા થાય છે અને ૬૪ કારીગરોએ સ્થળાંતર કરી બીજા સ્થળે જવા માટેની સંમતિ દર્શાવેલ નથી. જે ૬૫.૩૦ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૧૪ કારીગરો સ્થળાંતર કરી બીજા સ્થળે જવા માટે સંમતિ દર્શાવેલ છે અને ૭૨ કારીગરોએ ના કહેલ છે જે ૭૦.૫૮ ટકા થાય છે જયારે સંયુક્ત બન્ને જોઈએ તો ૨૬ કારીગરોએ હા અને ૧૩૬ કારીગરોએ ના દર્શાવેલ છે.

### કોઠા નં. ૫.૨૬

### બીજો ધંધો શરૂ કરવા અંગેનું વિશ્લેષણ

| ક્રમ | વિગત | A કારીગરોની સંખ્યા | B કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | હા | ૧૦ (૧૦.૨૦%) | ૨૪ (૨૩.૫૨%) | ૩૪ (૧૭.૦૦%) |
| ૨. | ના | ૭૪ (૭૫.૫૧%) | ૭૨ (૭૦.૫૮%) | ૧૪૬ (૭૩.૦૦%) |
| ૩. | જવાબ નથી | ૧૪ (૧૪.૨૮%) | ૦૬ (૫.૮૮%) | ૨૦ (૧૦.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૬માં દર્શાવેલ માહિતી પરથી જોઈ શકાય છે A કારીગરોમાંથી ૧૦ કારીગરો બીજો ધંધો શરૂ કરવા ઈચ્છે છે. ૭૪ કારીગરો ઈચ્છતા નથી. B કારીગરોમાંથી ૨૪ કારીગરો બીજો ધંધો કરવા માગે છે ૭૨ કારીગરો બીજો ધંધો કરવા માગતા નથી અને બન્ને સંયુક્ત કારીગરોમાં જોઈએ કુલ કારીગરોમાંથી ૩૪ કારીગરો બીજો ધંધા કરવા ઈચ્છા વધરાવે છે જે ૧૭ ટકા થાય છે. ૧૪૬ કારીગરો બીજો ધંધો કરવાની ના પાડે છે જે ૭૩ ટકા થવા જાય છે અને ૨૦ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી જેના ૧૦ ટકા થાય છે.

### *કોઠા નં. ૫.૨૭*

### *બીજો ધંધો કરવો છે તો કેવા પ્રકારનો તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | કૃષિને લગતો | ૦૪ (૪.૦૮%) | ૧૪ (૧૩.૭૨%) | ૧૮ (૯.૦૦%) |
| ૨. | બીન કૃષિ લક્ષી ધંધો અપનાવેલ છે | ૦૬ (૬.૧૨%) | ૧૦ (૯.૮૦%) | ૧૬ (૮.૦૦%) |
| ૩. | જવાબ નથી | ૮૮ (૮૯.૭૯%) | ૭૮ (૭૬.૪૭%) | ૧૬૬ (૮૩.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૭માં દર્શાવેલ વિગત પરથી જોઈ શકાય છે. A ના ૪ કારીગરો અને B ના ૧૪ કારીગરો બીજો કૃષિને લગતો ધંધો કરવા ઈચ્છે છે જે A ના ૪.૦૮ ટકા અને B ના ૧૩.૭૨ ટકા થાય છે. જયારે બિનકૃષિ લક્ષી ધંધો કરવા માગતા A ના ૦૬ કારીગરો અને B ના ૧૦ કારીગરો છે. જે અનુક્રમ ૬.૧૨ અને ૯.૮૦ ટકા થવાનો અંદાજ છે સંયુક્ત રીતે જોઈએ તો ૧૮ કારીગરો કૃષિને લગતો ધંધો કરવા ઈચ્છે છે જે ૦૯ ટકા અને ૧૬ કારીગરો બીન કૃષિને લગતો ધંધો કરે છે જે ૮ ટકા થાય છે. અને કોઈ જવાબ નથી તેવા કારીગરોનું પ્રમાણ ૧૬૬ છે જે કુલ કારીગરોના ૮૩.૦૦ ટકા થાય છે.

### *કોઠા નં. ૫.૨૮*
### *ધંધાના ઉત્પાદનમાં ફેરફાર માટે કેવા પ્રકારની મુશ્કેલીઓ છે ? તે અંગેનુ વિશ્લેષણ*

| ક્રમ | વિગત | *A* કારીગરોની સંખ્યા | *B* કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | વધુ મૂડી રોકાણની મુશ્કેલી | ૩૨ (૩૨.૬૫) | ૩૬ (૩૫.૨૯) | ૬૮ (૩૪.૦%) |
| ૨. | બજારમાં હરીફાઈની મુશ્કેલી | ૧૦ (૧૦.૨૦) | ૧૨ (૧૧.૬૪) | ૨૨ (૧૧.૦%) |
| ૩. | કાચા માલ મેળવવાની મુશ્કેલી | ૧૦ (૧૦.૨૦) | ૧૮ (૧૭.૬૪) | ૨૮ (૧૪.૦%) |
| ૪. | નાણાંકીય મુશ્કેલી | ૩૨ (૩૨.૬૫) | ૨૨ (૨૧.૫૬) | ૫૪ (૨૭.૦%) |
| ૫. | બીજી અન્ય મુશ્કેલી | ૧૪ (૧૪.૨૮) | ૧૪ (૧૩.૭૨) | ૨૮ (૧૪.૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૮માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૩૨ કારીગરો વધુ મૂડી રોકાણની મુશ્કેલી ભોગવે છે ૧૦ કારીગરો બજારમાં હરીફાઈની મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ૧૦ કારીગરોને કાચામાલની સમસ્યાનો સામનો કરવો પડે છે, ૩૨ કારીગરોને નાણાંકીય મુશ્કેલીનો સામનો કરવો પડે છે જે ૩૨.૬૫ ટકા થાય છે. ૧૪ કારીગરોને બીજી અન્ય મુશ્કેલીઓ છે. જે ૧૪.૨૮ ટકા થાય છે B કારીગરોમાંથી ૩૬ કારીગરોને વધુ મૂડી રોકાણની મુશ્કેલી પડે છે જે ૩૫.૨૯ ટકા થાય છે. ૧૨ કારીગરોને બજારમાં હરીફાઈનો સામનો કરવો પડે જે ૧૧.૬૪ ટકા થાય છે અને ૧૮ કારીગરોને કાચામાલની મુશ્કેલી રહેલ છે જે ૧૭.૬૪ ટકા થાય છે અને ૨૨ કારીગરોને નાણાંકીય મુશ્કેલીઓ સર્જાય છે જે ૨૧.૫૬ ટકા છે. ૧૪ કારીગરોને બીજી

અન્ય મુશ્કેલીઓ છે જે તેમને સામનો કરવો પડે છે આમ બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૬૮ કારીગરોને વધુ મૂડીરોકાણની મુશ્કેલી અને ૨૨ કારીગરોને બજારની હરીફાઈની મુશ્કેલી અને ૨૮ કારીગરોને કાચામાલની મુશ્કેલી તથા ૫૪ કારીગરોને નાણાંકીય મુશ્કેલી સર્જાયેલ છે.

*કોઠા નં. ૫.૨૯*

***ધંધામાં ઉત્પાદનનું મુકામ કયા રાખવું તે અંગેનું વિશ્લેષણ***

| *ક્રમ* | *વિગત* | ***A*** *કારીગરોની સંખ્યા* | ***B*** *કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૬૨ (૬૩.૨૬) | ૭૨ (૭૦.૫૮) | ૧૩૪ (૬૭.૦%) |
| ૨. | ના | ૧૨ (૧૨.૨૪) | ૧૮ (૧૭.૬૪) | ૩૦ (૧૫.૦%) |
| ૩. | કોઈ જવાબ નથી | ૨૪ (૨૪.૪૮) | ૧૨ (૧૧.૧૬) | ૩૬ (૧૬.૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૨૯માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૬૨ કારીગરો ધંધા એ જ મુકામે રાખવા ઈચ્છે છે. જે ૬૩.૨૬ ટકા થાય છે. અને ૧૨ કારીગરો ધંધામાં એજ મુકામ રાખવા માગતા નથી જે ૧૨.૨૪ ટકા થાય છે. B કારીગરોમાં ૭૨ કારીગરો ધંધામાં એ મુકામ રાખવા માગે છે જે ૭૦.૫૮ ટકા થાય છે. અને ૧૮ કારીગરો મુકામ રાખવા માગતા નથી જે ૧૭.૬૪ ટકા થાય છે. આમ બન્ને સંયુક્ત રીતે જોઈએ ૧૩૪ કારીગરો ધંધામાં તેજ મુકામ રાખવા માગતા હોય તેવુ જોવા મળેલ છે. ૩૦ કારીગરો ધંધામાં તે મુકામ ન રાખવા ઈચ્છે છે જે ૧૫ ટકા થાય છે ૩૬ કારીગરો તરફથી કોઈ જ જવાબ નથી.

*કોઠા નં. ૫.૩૦*

*યોગ્ય પુરતી આવક મળે તે અંગેનુ વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૨૬ (૨૬.૫૩) | ૧૪ (૧૩.૭૨) | ૪૦ (૨૦.૦%) |
| ૨. | ના | ૪૨ (૪૨.૮૫) | ૫૨ (૫૦.૯૮) | ૯૪ (૪૭.૫%) |
| ૩. | કોઈ જવાબ નથી | ૩૦ (૩૦.૬૧) | ૩૬ (૩૫.૨૯) | ૬૬ (૩૩.૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩૦માં દર્શાવવામાં આવેલી વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૨૬ કારીગરોને યોગ્ય જોઈએ તેટલી પુરતી આવક પ્રાપ્ત થાય છે જે ૨૬.૫૬ ટકા થાય છે અને ૪૨ કારીગરોને યોગ્ય પુરતી આવક થતી નથી જે ૪૨.૮૫ ટકા થાય છે. ૩૦ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી. જયારે B કારીગરોમાંથી ૧૪ કારીગરોને યોગ્ય જોઈએ તેટલી પુરતી આવક મળે છે. જે ૧૩.૭૨ ટકા થાય છે અને ૫૨ કારીગરોને જોઈએ તેટલી પુરતી આવક મળતી નથી જે ૫૦.૯૮ ટકા થાય છે બન્ને સંયુક્ત રીતે જોઈએ ૪૦ કારીગરોને પોતાની આવકથી સંતોષ છે. જયારે ૯૪ કારીગરોને પૂરતી આવક મળતી નથી અને ૬૬ કારીગરોએ જવાબ આપેલ નથી. એટલે કે તેઓની આવક નથી વધુ કે નથી ઓછી એટલે કે તેના માટે ગુજરાન ચાલે તેટલી છે.

*કોઠા નં. ૫.૩૧*

*દર વર્ષ વેચાણ કિંમત અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A*** *કારીગરોની સંખ્યા* | ***B*** *કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૫૦૦૦ થી ૮૦૦૦ | ૦૪ (૪.૦૮) | ૧૦ (૯.૮૦) | ૧૪ (૭%) |
| ૨. | ૮૦૦૦ થી ૧૫૦૦૦ | ૧૦ (૧૦.૨૦) | ૧૨ (૧૧.૭૬) | ૨૨ (૧૧%) |
| ૩. | ૧૫૦૦૦ થી ૩૦૦૦૦ | ૨૫ (૨૭.૫૫) | ૨૮ (૨૭.૪૫) | ૫૩ (૧૭.૫%) |
| ૪. | ૩૦,૦૦૦ થી વધુ | ૨૯ (૨૮.૫૯) | ૩૨ (૩૧.૩૭) | ૬૧ (૩૦.૫%) |
| | જવાબ નથી | ૩૦ (૩૦.૫૮) | ૨૦ (૧૯.૨૦) | ૫૦ (૨૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩૦માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે. A કારીગરોમાંથી ૪ કારીગરો અને Bમાં ૧૦ કારીગરો દર વર્ષે ૫૦૦૦ થી ૮૦૦૦ સુધીનું વેચાણ કરે છે. A કારીગરો ૧૦ કારીગરો અને B ના ૧૨ કારીગરો ૮૦૦૦ થી ૧૫૦૦૦ સુધીનું વેચાણ કરે છે. A ૨૫ કારીગરો અને B ૨૮ કારીગરો રૂા. ૧૫૦૦૦૦ થી ૩૦,૦૦૦ સુધીની વસ્તુનું વેચાણ કરે છે. A ના ૨૯ કારીગરો B ૩૨ કારીગરો રૂા. ૩૦,૦૦૦થી વધુ કિંમતનું વેચાણ કરે છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૧૪ કારીગરો ૫૦૦૦ થી ૮૦૦૦ સુધીનું વેચાણ કરે છે. ૨૨ કારીગરો ૮૦૦૦ થી ૧૫૦૦૦ સુધીનું વેચાણ કરે છે.

### કોઠા નં. ૫.૩૨

### દર વર્ષે વેચાણમાંથી મળતી આવકનું વિશ્લેષણ

| ક્રમ | વિગત | *A* કારીગરોની સંખ્યા | *B* કારીગરોની સંખ્યા | બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ૨૫૦૦ થી ૫૦૦૦ | ૦૪ (૪.૦૮) | ૦૩ (૨.૯૪) | ૦૭ (૩.૫) |
| ૨. | ૫૦૦૦ થી ૮૦૦૦ | ૦૪ (૪.૦૮) | ૦૮ (૭.૮૪) | ૧૨ (૬%) |
| ૩. | ૮૦૦૦ થી ૧૦૦૦૦ | ૧૮ (૧૮.૩૬) | ૨૪ (૨૩.૫૨) | ૪૨ (૨૧%) |
| ૪. | ૧૨૦૦૦ થી ૨૦,૦૦૦ | ૧૨ (૧૨.૨૪) | ૧૪ (૧૩.૭૨) | ૨૬ (૨૩%) |
| ૫. | ૨૦,૦૦૦ થી ૨૫૦૦૦ | ૧૭ (૧૭.૩૪) | ૨૦ (૧૯.૬૦) | ૩૭ (૧૮%) |
| ૬. | ૨૫૦૦૦ થી ૩૦,૦૦૦ | ૨૦ (૨૦.૪૦) | ૧૪ (૧૩.૧૨) | ૩૪ (૧૭%) |
| ૭. | ૩૦૦૦૦ થી ૪૦૦૦૦ | ૨૦ (૨૦.૪૦) | ૧૧ (૧૦.૧૮) | ૩૧ (૧૫.૫%) |
| ૮. | ૪૦૦૦૦ થી વધુ | ૦૩ (૩.૦૬) | ૦૮ (૭.૮૪) | ૧૧ (૫.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩૩માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૪ કારીગરો અને B માંથી ૩ કારીગરો ૨૫૦૦ થી ૫૦૦૦ સુધી આવક વેચાણથી મળે છે. A ના ૪ અને B ૮ કારીગરોને ૫૦૦૦ થી ૮૦૦૦ સુધીની કિંમત વેચાણથી મળે છે. A ૧૮ અને B ના ૨૪ કારીગરોને ૮૦૦૦ થી ૧૨૦૦૦ સુધીની આવક વસ્તુના વેચાણથી મળે છે. A ના ૧૭ કારીગરો અને B ના ૨૦ કારીગરો

૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલી આવક વેચાણથી મળે છે A ૨૦ કારીગરો અને B ના ૧૧ કારીગરોને ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધી આવક વેચાણથી મળે છે. અને A ૩ કારીગરો અને B ના ૮ કારીગરોને ૪૦,૦૦૦ થી વધુ આવક વેચાણથી મળે છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૭ કારીગરોને ૨૫૦૦ થી ૫૦૦૦ સુધીની આવક અને ૧૨ કારીગરોને ૫૦૦૦ થી ૮૦૦૦ સુધીની આવક મળે છે ૧૧ કારીગરોને ૪૦,૦૦૦ થી વધુ આવક મળે છે.

*કોઠા નં. ૫.૩૩*

*કુલ મૂડી રોકાણની કિંમત અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ૫૦૦ થી ૮૦૦ | ૧૦ (૧૦.૨૦) | ૧૪ (૧૩.૧૨) | ૨૪ (૧૧%) |
| ૨. | ૮૦૦ થી ૧૨૦૦ | ૧૨ (૧૨.૨૪) | ૧૬ (૧૫.૬૮) | ૨૮ (૨૪%) |
| ૩. | ૧૨૦૦ થી ૨૦૦૦ | ૨૮ (૨૪.૪૮) | ૧૨ (૧૧.૭૬) | ૪૦ (૨૦%) |
| ૪. | ૨૦૦૦ થી ૨૫૦૦ | ૨૦ (૨૦.૪૦) | ૨૪ (૨૩.૫૨) | ૪૪ (૨૨%) |
| ૫. | ૨૫૦૦ થી ૩૦૦૦ | ૨૧ (૨૧.૪૨) | ૧૭ (૧૬.૬૬) | ૩૮ (૧૯%) |
| ૬. | ૩૦૦૦ થી વધુ | ૦૭ (૭.૪૦) | ૧૯ (૧૮.૬૨) | ૨૬ (૧૩.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં.૫.૩૪માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે Aના ૧૦ કારીગરો Bના ૧૪ કારીગરોને ૫૦૦ થી ૮૦૦ રૂા. સુધીનું મૂડીરોકાણ કરે છે. A ના ૧૨ કારીગરો અને B ના ૧૬ કારીગરો ૮૦૦ થી ૧૨૦૦ સુધીનું મૂડી રોકાણ કરે છે. જયારે ૪૦ કારીગરો રૂા. ૧૨૦૦ થી ૨૦૦૦ સુધીનું મૂડી રોકાણ કરે છે. A ના ૨૦ અને B ના ૨૪ કારીગરો ૨૦૦૦ થી ૨૫૦૦ સુધીનું મૂડીરોકાણ કરવામાં આવે છે. A કારીગરોમાંથી ૨૧ અને B ૧૭ કારીગરો દ્વારા ૨૫૦૦ થી ૩૦૦૦ સુધીનું મૂડીરોકાણ કરવામાં આવેલ છે. અને A ના ૦૭ અને B ૧૯ કારીગરો દ્વારા ૩૦૦૦ થી વધુ

મૂડીરોકાણ કરવામાં આવે છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૨૪ કારીગરો ૫૦૦ થી ૮૦૦ સુધીનું મૂડીરોકાણ કરે છે. જે ૧૨ ટકા થાય છે ૨૮ કારીગરો ૮૦૦ થી ૧૨૦૦ સુધીનું મૂડી રોકાણ કરે છે. જે ૧૪ ટકા થાય છે ૪૦ કારીગરો ૧૨૦૦ થી ૨૦૦૦ સુધીનું મૂડીરોકાણ કરે છે. જે ૨૦ ટકા થાય છે, ૪૪ કારીગરો દ્વારા ૨૦૦૦ થી ૨૫૦૦ સુધીનું મૂડીરોકાણ કરવામાં આવે છે. ૨૬ કારીગરો દ્વારા ૩૦૦૦ થી વધુ ઊંચુ મૂડીરોકાણ કરવામાં આવે છે.

*કોઠા નં. ૫.૩૪*

*કઈ જાતનું મૂડીરોકાણ કરવામાં આવ્યું તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | નવા સાધનો ખરીદવા માટે | ૪૦ (૪૦.૮૦%) | ૪૮ (૪૭.૪૫%) | ૮૮ (૪૪.૦૦%) |
| ૨. | મશીન ખરીદવા માટે | ૨૦ (૨૦.૪૦%) | ૨૪ (૨૩.૫૨%) | ૪૪ (૨૨.૦૦%) |
| ૩. | રોજગારી માટે | ૩૮ (૩૮.૭૭%) | ૩૦ (૨૯.૪૧%) | ૬૮ (૩૪.૦૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩૫માં દર્શાવવામાં આવેલ વિગત પરથી ફલિત થાય છે કે A ના ૪૦ કારીગરોએ નવા સાધનો વસાવવા માટે મુડી રોકાણ કરેલ છે, જે ૪૦.૮૦ ટકા થાય છે. ૨૦ કારીગરોએ મશીનરી ખરીદેલ છે, જે ૨૦.૪૦ ટકા થાય છે. ૩૮ કારીગરોએ રોજગારી માટે ખર્ચ કરેલ છે. જે ૩૮.૭૭ ટકા થાય છે. જ્યારે B કારીગરોમાંથી ૪૮ કારીગરોએ નવા સાધનો વસાવેલ છે જે ૪૭.૪૫ ટકા થાય છે. ૨૪ કારીગરોએ મશીન ખરીદેલ છે જે ૨૩.૫૨ ટકા થાય છે અને ૩૦ કારીગરોએ રોજગારી માટે ખર્ચ કરે છે જે ૨૯.૪૧ ટકા થાય છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ કુલ કારીગરોમાંથી ૮૮ કારીગરોએ નવા સાધનો વસાવવા માટે મૂડી રોકાણ કરે છે જે ૪૪ ટકા થાય છે, ૪૪ કારીગરોએ મશીન ખરીદવા માટે ખર્ચ કરેલ છે જે ૨૨ ટકા થાય છે. ૬૮ કારીગરોએ રોજગારી માટે મૂડી રોકાણ કરેલ છે.

### *કોઠા નં. ૫.૩૫*

### *વેતન ચૂકવણી અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A*** *કારીગરોની સંખ્યા* | ***B*** *કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | ટર્મ પ્રમાણેના નાણાંકીય ચુકવણી | ૩૫ (૩૫.૭૧) | ૩૮ (૩૭.૨૫) | ૭૩ (૩૬.૫%) |
| ૨. | વસ્તુના ઉત્પાદન પર નાણાંકીય ચુકવણી | ૨૬ (૨૬.૫૩) | ૨૯ (૨૮.૪૩) | ૫૫ (૨૭.૫%) |
| ૩. | જવાબ નથી | ૩૭ (૩૭.૭૫) | ૩૫ (૩૪.૪૧) | ૭૨ (૩૬.૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩૬માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૩૫ કારીગરો એ વેતન ચુકવણી માટે ટર્મ પ્રમાણે નાણાંની ચૂકવણી કરે છે. ૨૬ કારીગરો વસ્તુના ઉત્પાદન પર નાણાંની ચૂકવણી કરે છે. B કારીગરોમાંથી ૩૮ કારીગરો નાણાંની ચૂકવણી કરે છે. ૨૯ કારીગરો વસ્તુના ઉત્પાદન પર નાણાંની ચૂકવણી કરે છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૭૩ કારીગરો ટર્મ પ્રમાણે નાણાંની ચૂકવણી કરે છે. ૫૫ કારીગરો વસ્તુના ઉત્પાદન પર નાણાંની ચૂકવણી કરે છે.

*કોઠા નં. ૫.૩૬*

*આવી વ્યવસ્થાથી ફાયદો થાય તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૩૮ (૩૮.૭૭) | ૪૮ (૪૭.૦૫) | ૮૬ (૪૩.૦%) |
| ૨. | ના | ૩૦ (૩૦.૬૧) | ૩૫ (૩૪.૩૧) | ૬૫ (૩૨.૫%) |
| ૩. | જવાબ નથી | ૩૦ (૩૦.૬૧) | ૧૯ (૧૮.૬૨) | ૪૯ (૨૪.૫%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૩૮ કારીગરોને પોતાના વ્યવસાયથી ફાયદો થયો છે જે ૩૮.૭૭ ટકા થાય છે. ૩૦ કારીગરો જે પોતાના વ્યવસાયમાંથી પોતાનું જીવન ધોરણ ચાલે તેટલું મળી રહે છે એટલે તેઓને ફાયદો થયેલ નથી. જયારે B કારીગરોમાંથી ૪૮ કારીગરોને પોતાના વ્યવસાયમાંથી લાભ થયેલ છે, જે ૪૭.૦૫ ટકા થાય છે અને ૩૫ કારીગરોને પોતાના ધંધામાંથી લાભ થયો નથી જે ૩૪.૩૧ ટકા થાય છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ તો ૮૬ કારીગરોને પોતાના ધંધાથી સંતુષ્ટ છે. તેનાથી તેમને લાભ થયેલ છે જે ૪૩ ટકા થાય છે. ૬૫ કારીગરો તે પોતાના ધંધાથી લાભ થયેલ નથી અને ૪૯ કારીગરોએ જવાબ આપેલ નથી.

*કોઠા નં. ૫.૩૭*

*બજાર વ્યવસ્થાથી ફાયદો થયો તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૩૮ (૩૮.૭૭) | ૩૫(૩૪.૩૧) | ૭૩ (૩૬.૫૦%) |
| ૨. | ના | ૪૦ (૪૦.૮૧) | ૪૬ (૪૫.૦૯) | ૮૬ (૪૩.૦%) |
| ૩. | જવાબ નથી | ૨૦ (૨૦.૪૦) | ૨૧ (૨૦.૫૮) | ૪૧ (૨૦.૫૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩૮માં દર્શાવવામાં આવેલ વિગત પરથી જોઈ શકાય છે કે A કારીગરોમાંથી ૩૮ કારીગરોને બજાર વ્યવસ્થામાંથી ફાયદો થયો છે. જે ૩૮.૭૭ ટકા થાય છે. અને ૪૦ કારીગરોને બજાર વ્યવસ્થામાંથી ફાયદો થયો નથી જે ૪૦.૮૧ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૩૫ કારીગરોને બજાર વ્યવસ્થાથી લાભ થયો છે જે ૩૪.૩૧ ટકા છે અને ૪૬ કારીગરોને બજાર વ્યવસ્થામાંથી ફાયદો થયો નથી જે ૪૫.૦૯ ટકા છે. બન્ને સંયુક્ત રીતે જોઈએ કુલ કારીગરોમાંથી ૭૩ કારીગરોને બજાર વ્યવસ્થાથી સંતુષ્ટ છે એટલે કે લાભ થયેલ છે અને ૮૬ કારીગરોને લાભ થયો નથી જયારે ૪૧ કારીગરો તટસ્થ રહે છે.

*કોઠા નં. ૫.૩૮*

*કાચો માલ, મટીરીયલ, અભ્યાસ, ટ્રેનીંગનો ઉપયોગ અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૨૮ (૨૮.૫૭) | ૨૨ (૨૧.૫૬) | ૫૦ (૨૫.૦%) |
| ૨. | ના | ૪૦ (૪૦.૮૧) | ૫૦ (૪૯.૦૧) | ૯૦ (૪૫.૦%) |
| ૩. | જવાબ નથી | ૩૦ (૩૦.૬૧) | ૩૦ (૨૯.૪૧) | ૬૦ (૩૦.૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ (૧૦૦%) |

ઉપરોક્ત કોઠા નં. ૫.૩૯માં દર્શાવવામાં આવેલ વિગત પરથી ફલિત થાય છ કે A કારીગરોમાંથી ૨૮ કારીગરો કાચો માલ, મટીરીયલ, અભ્યાસ, ટ્રેનીંગના ઉપયોગ અંગેની સગવડ મળી રહે છે જે ૨૮.૫૭ ટકા થાય છે. જયારે B કારીગરોમાંથી ૨૨ કારીગરોને મટીરીયલ કાચોમાલ, અભ્યાસ તાલીમ વગેરેની સગવડ મળે છે અને ૫૦ કારીગરોને આ અંગેનું કશુ મળતુ નથી. બીજું સંયુક્ત રીતે જોઈએ કુલ કારીગરોમાંથી ૫૦ કારીગરોને આ બધી સવલત ઉપલબ્ધ છે જે ૨૫ ટકા થાય છે. ૯૦ કારીગરોને આ સવલતો પ્રાપ્ત થતી નથી ૬૦ કારીગરોએ કોઈ જ જવાબ આપેલ નથી.

*કોઠા નં. ૫.૩૯*

*ચાલુ ધંધામાં આધુનિકરણ લાવવાની ઈચ્છા છે તે અંગેનું વિશ્લેષણ*

| *ક્રમ* | *વિગત* | ***A** કારીગરોની સંખ્યા* | ***B** કારીગરોની સંખ્યા* | *બન્ને સંયુક્ત કારીગરોની સંખ્યા* |
|---|---|---|---|---|
| ૧. | હા | ૧૩ (૧૩.૨૬%) | ૨૪ (૨૩.૫૨%) | ૩૭ (૧૮.૫૦%) |
| ૨. | ના | ૧૦ (૧૦.૨૦%) | ૨૮ (૨૭.૪૫%) | ૩૮ (૧૯.૦૦%) |
| ૩. | આધુનિકરણ લાવ્યા છે | ૭૫ (૭૬.૫૩%) | ૫૦ (૪૯.૦૧%) | ૧૨૫ (૬૨.૫૦%) |
| | કુલ | ૯૮ | ૧૦૨ | ૨૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૫.૪૦માં દર્શાવવામાં આવેલ વિગત પરથી સ્પષ્ટ થાય છે કે A કારીગરોમાંથી ૧૩ કારીગરો પોતાના ચાલુ ધંધામાં આધુનિકરણ લાવવા માગે છે જે ૧૩.૨૬ ટકા થાય છે અને ૧૦ કારીગરો પોતાના ધંધામાં આધુનિકરણ લાવવા ઈચ્છતા નથી કારણ કે આ કારીગરોનો વ્યવસાય સાવરણા–સાવરણી, ચૂંડલા, મરઘા, બતકા, પશુપાલ જેવો વ્યવસાય હોવાથી તેઓનું વલણ નકારાત્મક દર્શાવેલ છે. જ્યારે B કારીગરોમાંથી ૨૪ કારીગરો પોતાના વ્યવસાયમાં આધુનિકરણ લાવવા માગે છે જે ૨૩.૫૨ ટકા થાય છે અને ૨૮ કારીગરો આધુનિકરણ લાવવાની ઈચ્છા દર્શાવતા નથી જે ૨૭.૪૫ ટકા થાય છે બન્ને સંયુક્ત કારીગરોની ઈચ્છા એ જોઈએ તો કુલ કારીગરોમાંથી ૩૭ કારીગરો એવા છે કે જે પોતાના વ્યવસાયમાં કઈ નવુ પરિવર્તન કરવા ઈચ્છા દર્શાવે છે જે ૧૮.૫૦ ટકા થાય છે ૩૮ કારીગરો એવા છે કે જે પોતાના ચાલુ ધંધા વ્યવસાયમાં કોઈપણ પરિવર્તન કે આધુનિકરણ લાવવાનો રસ દાખવતા નથી જે ૧૯.૦૦ ટકા થવા જાય છે અને ૧૨૫ કારીગરોએ આધુનિકરણ સ્વીકારેલ છે જે બન્ને સંયુકત મળીને ૬૨.૫૦ ટકા થાય છે.

☆☆☆

# પ્રકરણ - ૬
# તારણો અને સૂચનો


૬.૧ પ્રસ્તાવના

૬.૨ પ્રસ્તુત પ્રકરણનો સારાંશ

૬.૩ સામાન્ય તારણો

૬.૪ મુખ્ય પ્રશ્નો

૬.૫ પરિકલ્પનાની ચકાસણી

૬.૬ હેતુઓની સિદ્ધિ

૬.૭ ગ્રામીણ કારીગરોનું ભાવિ

૬.૮ સૂચનો

૬.૯ વધુ આગળ અભ્યાસ માટેની સંભાવનાઓ

૬.૧૦ સમાપન

# પ્રકરણ - ૯
# તારણો અને સૂચનો

## ૯.૧ પ્રસ્તાવના :

વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતે આઝાદી બાદ આર્થિક વિકાસની વ્યૂહરચના અપનાવી છે. તેમાં વિકાસના ફળોની રચના સ્તરના આવક જૂથ સુધી એટલે કે ગરીબવર્ગ સુધી પહોંચે તે બાબત પ્રત્યે ખાસ કાળજી લેવામાં આવી રહી છે. ગ્રામીણ સમાજના ઉત્થાન માટે અપનાવવામાં આવેલી વ્યૂહરચના દ્વારા તથા વિશિષ્ટ અંગભૂત કાર્યક્રમો દ્વારા ગ્રામીણ કારીગરવર્ગના આર્થિક ઉત્થાન માટે પણ ખાસ લક્ષ અપાઈ રહ્યું છે.

આપણી ગ્રામીણ વિકાસની વ્યૂહરચનામાં ગ્રામીણ કારીગરોને શોષણમાંથી મુકત કરવાની વ્યૂહરચના પ્રત્યે લક્ષ અપાઈ રહ્યું છે. સામાજિક તથા આર્થિક શોષણ અટકાવવા માટે આર્થિક ઉત્થાન અનિવાર્ય ગણાય છે. આ વર્ગના લોકોની સામાજિક તથા આર્થિક સમસ્યાઓ પણ વિશિષ્ટ પ્રકારની હોય તે માટે વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમોની અનિવાર્યતા આ વ્યૂહરચના અંતર્ગત ખાસ સ્વીકારાય છે.

આપણા અભ્યાસ દ્વારા રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોની સમસ્યા અને ભાવિ અભ્યાસ મૂખ્યત્વે પ્રાથમિક માહિતી પર આધારિત તારણો દ્વારા આ વર્ગ ભાવિ વિશે પ્રકાશ પાડવા સહાયભૂત થાય છે. આ છઠ્ઠા પ્રકરણમાં સમગ્ર અભ્યાસના મુખ્ય તારણોનો સારાંશ રૂપે રજૂ કરવા પ્રયાસ કર્યો છે. આમ આ પ્રકરણ હાર્દ સમાન ગણી શકાય.

આ પ્રકરણમાં સૌ પ્રથમ તમામ પ્રકરણોના મુખ્ય સાર રૂપે તારણો રજૂ કરવામાં આવેલ છે. તથા આપણા અભ્યાસની પૂર્વધારણાઓ કેટલે અંશે સ્વીકાર્ય ગણી શકાય તેમ છે તથા કેટલી અસ્વીકાર્ય છે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આ અભ્યાસ મુખ્ય તો નીતિ વિષયક બાબતોને સ્પર્શ કરતો હોઈ આ પ્રકરણમાં તારણોના સંદર્ભમાં નીતિ વિષયક સૂચનો કરી આ વર્ગ માટેના ભાવિ દિશામાં કઈ રીતે વધુ સઘન પ્રયાસો દ્વારા

ઝડપથી આગળ વધી શકાય તે પર ધ્યાન આપવુ જરૂરી ગણ્યું છે. વિશેષમાં આપણો અભ્યાસ મર્યાદિત ક્ષેત્રીય વિસ્તાર તથા મર્યાદિત મુદ્દાઓને આવરી લઈ હાથ ધરાયો છે. તે દરમિયાન જોવા મળેલ કેટલીક નવી ક્ષિતિજો પર પ્રકાશ પાડવામાં તે ઉપયોગી પ્રદાન કરી શકે તેમ હોઈ, ભવિષ્યમાં આ ક્ષેત્રમાં સંશોધન કામ કરનાર માટે નવી દિશાઓ સૂચવતા કેટલાંક અભ્યાસના મુદ્દાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કરવાનું પણ આ પ્રકરણમાં સમાવી લેવાનો પ્રયાસ કર્યો છે. આ રીતે આપણો અભ્યાસ સાંપ્રત સંશોધન સાહિત્યમાં નવા પગથિયાં સર કરવામાં ઉપયોગી બની શકે તેવી અપેક્ષા છે તથા નવી દિશાઓ સૂચવનાર બનશે તેવી શ્રદ્ધા છે.

## ૬.૨ પ્રસ્તુત પ્રકરણનો સારાંશ :

*પ્રકરણ – ૧ :*

પ્રકરણ – ૧માં પરંપરાગત રીતે વિકાસને લગતી સૈદ્ધાંતિક ભૂમિકા પ્રસ્તૃત કરવાનું જરૂરી ગણ્યું છે. વિકાસ અંગેના વિવિધ અભિગમોની ચર્ચા કરી ભારતમાં વિકાસની વ્યૂહરચના તથા તે અંતર્ગત ગ્રામીણ વિકાસને તથા ગ્રામીણ કારીગરવર્ગની સમસ્યા સંબંધિત સવિસ્તાર રૂપરેખા રજૂ કરવામાં આવી છે. ગ્રામીણ કારીગરો અંગે જે કાંઈ સાહિત્ય ઉપલબ્ધ છે તેની સંક્ષેપમાં સમીક્ષા રજૂ કરી અભ્યાસ કઈ રીતે એક મહત્ત્વનું પ્રદાન કરનાર બની રહે તે અંગે પણ સ્પષ્ટ છણાંવટ કરવાનો આ પ્રકરણમાં પ્રયાસ થયો છે. પ્રસ્તૃત અભ્યાસનું ઔચિત્ય, અભ્યાસના હેતુઓ, અભ્યાસની પરિકલ્પનાઓ તથા અભ્યાસની પદ્ધતિ અને અભ્યાસમાં આવરી લેવામાં આવેલ મુદ્દાઓ અંગે પણ આ પ્રકરણમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. આપણા આ સંશોધન અભ્યાસ સૌરાષ્ટ્ર પ્રદેશના રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકાના ૨૮ ગામોના કુલ ૨૦૦ કારીગરોને આવરી લઈને હાથ ધરવામાં આવેલ છે. પસંદ કરવામાં આવેલા કારીગરોમાંથી A કારીગરો સદ્ધર કારીગરો છે અને B કારીગરો આર્થિક રીતે પછાત છે. આમ આપણા અભ્યાસની ભૌગોલિક વિસ્તાર અંગે સ્પષ્ટતા કરાઈ છે. આપણા આ સંશોધન અભ્યાસમાં કેટલાંક ગૌણ સ્ત્રોતોનો ઉપયોગ થયેલ હોવા છતાં આપણા સમગ્ર અભ્યાસ મુખ્યત્વે પ્રાથમિક

માહિતીનો આધાર લઈ વિશ્લેષણ રજૂ કરનાર બને છે તેથી આ અભ્યાસ એક સ્વતંત્ર અને આગવા પ્રદાનરૂપ બની રહેશે.

આ પ્રકરણ વિવિધ ગૌણ માહિતીનો ઉપયોગ કરીને અનેક વિકાસલક્ષી બાબતોની ચર્ચા આવરી લે છે. આઝાદી બાદ ભારતમાં વિકાસની પ્રક્રિયા ૬૦ વર્ષ થી અમલી બની હોવા છતાં આજે પણ ગ્રામીણ વિસ્તારમાં ગ્રામીણ કારીગરો, પછાત વર્ગ, વગેરે લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારાલક્ષી પરિવર્તન આવેલ હોય કે વિશેષ પ્રગતિ નોંધાઈ હોવાના ચિહ્ન જણાતા નથી જયારે બીજી બાજુમાં કુલ વસ્તીમાં ગ્રામીણ કારીગરોનું પ્રમાણ ઘણુ ઓછું છે. ગ્રામીણ વિસ્તારની તુલનાએ શહેરી વિસ્તારમાં કારીગરોનું પ્રમાણ વધુ છે.

આમ ગ્રામીણ વિકાસની યોગ્ય વ્યૂહ રચના સઘન અને ઝડપી અમલીકરણ દ્વારા તે માટેના વિવિધ કાર્યક્રમોના અસરકારક અમલ દ્વારા કારીગર વર્ગની આર્થિક સ્થિતિ સદ્ધર બને તેવું ધ્યેય હાંસલ કરી શકાય. આમ આવા લોકોની આર્થિક ઉત્થાનની શકયતા તપાસવાથી આ વર્ગને ખરેખર આર્થિક વિકાસના ફળો પ્રાપ્ત થયા છે કે કેમ તે અંગે અણસાર મેળવી શકાય. આમ આ પ્રકરણ આ અભ્યાસના પાયાના મુદ્દાઓ અંગે સૈદ્ધાતિક ભૂમિકા પૂરી પાડવાનું મુખ્ય કામ કરે છે. આમ આ સૈદ્ધાંતિક અભિગમનું વ્યવસ્થિત નિરૂપણ કરવામાં પ્રથમ પ્રકરણ ઉપયોગી સાબિત થયું છે.

(૧) આ પ્રકરણમાં સમગ્ર અભ્યાસના તારણો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. આ સંશોધન અભ્યાસના હેતુઓ અને પરિકલ્પનાઓ રજૂ કરવામાં આવેલ છે તે સિદ્ધ થયા છે કે કેમ ? તે અંગેની પણ રજૂઆત કરવામાં આવેલ છે. અને અંતે રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગરોનાં પ્રશ્નો અને ભાવિઓના સૂચનો રજૂ કરવામાં આવેલ છે.

(૨) ભારતના આયોજનના સમય દરમિયાન અર્થકારણના જુદાં જુદાં ક્ષેત્રોનો વિકાસ થયો છે. પરંતુ તેના લાભો છેવાડાના લોકો સુધી પહોંચ્યા નથી. ગ્રામીણક્ષેત્રના ગ્રામીણ કારીગરોની આર્થિક, સામાજિક સમસ્યાઓ ખાસ ધ્યાન ખેંચે છે. આ કારીગરો જે વસ્તુનું ઉત્પાદન કરે છે તેનું ઘણું જ મહત્ત્વ રહેલ છે. આ કારીગરો

બેકારી અને નીચું જીવન ધોરણ, ગરીબી, આરોગ્યના પ્રશ્નો વગેરે સમસ્યાથી ત્રસ્ત થયેલા છે. સુંડલા બનાવતા કારીગરો, સાવરણી બનાવતા કારીગરો, બૂટ ચંપલ સાધતા મોચી વગેરે કારીગરોના પ્રશ્નો ઘણા જ ગંભીર છે.

(૩) આ અભ્યાસના મુખ્ય હેતુઓ ગ્રામીણ કારીગરોના પ્રશ્નો તપાસી ભાવિ અંગેનો ખ્યાલ કરી તેઓના પ્રશ્નો ઉકેલવવા માટેના સૂચનો કરવાના છે.

(૪) ભારતીય શ્રમ સાહિત્યમાં ગ્રામીણ વિકાસ, કારીગરો અને કેટલાંક અભ્યાસો થયા છે તે ધ્યાનમાં લઈ વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા કરવામાં આવેલ છે. જેમાં અન્યક્ષેત્રોના કેટલાંક પ્રશ્નોનો જ અભ્યાસ કર્યો છે. જયારે આ અભ્યાસમાં કારીગરોના પ્રશ્નો અને ભાવિઓને ધ્યાનમાં લઈ ક્ષતિસ્પર્શી છણાંવટ કરવામાં આવી છે જે આ અભ્યાસ અગાઉના અભ્યાસથી અલગ તરી આવે છે.

(૫) આ અભ્યાસનું ઘણું જ ઔચિત્ય અને મહત્ત્વ છે. કારણ કે આ સંશોધન અભ્યાસમાં કારીગરોના પ્રશ્નો અને ઉકેલવાના વૈકલ્પિક અભિગમોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ અભ્યાસ સંશોધનકારોને, અર્થશાસ્ત્રીઓને, અભ્યાસીઓને, નિષ્ણાંતોને, નીતિ ઘડનારાઓને ઘણો જ ઉપયોગી અને માર્ગદર્શનરૂપ બનશે.

(૬) પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં છ પરીકલ્પનાઓ તપાસવામાં આવી છે.

(૭) પ્રસ્તુત સંશોધન અભ્યાસ ગ્રામીણ કારીગરોના પ્રશ્નો અને તેના ભાવિ સાથે સંકળાયેલા છે. આ અભ્યાસમાં રાજકોટ જિલ્લાઓને ધ્યાન લઈ તેના ૧૪ તાલુકાના બે–બે ગામો એટલે કે ૨૮ ગામોની પસંદગી કરી કુલ ૨૦૦ કારીગરોની પસંદગી કરેલ છે. આ કારીગરોની પ્રત્યક્ષ મુલાકાત લઈ તૈયાર કરેલી પ્રશ્નાવલીના આધારે A કારીગરો જેમાં કુલ ૯૮ કારીગરોનો સમાવેશ કરેલ છે, અને B કારીગરો જેમાં ૧૦૨ કારીગરોને સમાવેશ કરેલ છે. આમ ૧૪ તાલુકાના બે–બે ગામોમાંથી કુલ ૨૦૦ કારીગરો લીધેલ છે. આ ઉપરાંત આંકડાશાસ્ત્રી પદ્ધતિ અને ટેકનીકનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં કોમ્પ્યુટરની મદદથી કોષ્ટકો તૈયાર કરવામાં આવેલ છે.

આ સંશોધન અભ્યાસ કુંભાર, લુહાર, સુથાર, વાળંદ, કડિયા, મોચી, વણકર, ચમાર, પશુપાલક, મરઘા–બતકા પાલક, સાવરણી–સાવરણા બનાવનાર, સુંડલા–સુંડલી બનાવનાર વગેરે કારીગરોને આવરી લીધેલ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ રાજકોટ જિલ્લાને આવરી લે છે. પ્રાદેશિક અભ્યાસનું રાષ્ટ્રીય કક્ષાએ સામાન્યીકરણ ન થઈ શકે, આ અભ્યાસની કેટલીક મર્યાદા પણ છે.

(૮) પ્રસ્તુત અભ્યાસ છ પ્રકરણોમાં રજૂ કરવામાં આવેલ છે.

*પ્રકરણ – ૨ :*

બીજુ પ્રકરણ મુખ્યત્વે ગૌણ માહિતી પર આધારિત છે જેમાં સૌરાષ્ટ્રના અર્થકારણના કેટલાંક મહત્ત્વના પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય સૌરાષ્ટ્ર પ્રદેશ રાજકોટ જિલ્લો તથા પસંદ કરેલ તાલુકાઓ અને ગામડાઓની સામાન્ય માહિતી રજૂ કરવાનું આ પ્રકરણમાં જરૂરી ગણ્યું છે. આ વિસ્તારમાં ગ્રામીણ કારીગરોનું પ્રમાણ કેટલું છે. કુલ વસ્તીનાં પ્રમાણમાં આવેલ પરિવર્તન અંગે વિગતો રજૂ કરવામાં આવે છે. તે પરથી જણાય છે કે ગુજરાતમાં કુલ વસ્તીના ૧૯૬૧ થી ૨૦૦૧ દરમિયાન ગ્રામીણ વસ્તીનાં પ્રમાણમાં વધારો નોંધાયો છે સૌરાષ્ટ્ર અને રાજકોટ જિલ્લામાં પણ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ વધવા પામેલ છે. ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૨૦૦૧માં ૩૫.૩ ટકા હતું, જયારે સૌરાષ્ટ્રમાં તે પ્રમાણ ૩૬.૨૨ ટકા હતું, આમ ગુજરાત કરતાં સૌરાષ્ટ્રમાં શહેરીકરણ ઝડપથી થતું જોવા મળેલ છે. ગુજરાતમાં ગ્રામીણ કારીગરોનું પ્રમાણ કુલ વસ્તીમાં ૨૦૦૧માં ૧.૨ ટકા હતું, જે સૌરાષ્ટ્રમાં તે પ્રમાણ ૧.૪ ટકા હતું. આપણા આ સંશોધન અભ્યાસમાં રાજકોટ જિલ્લાની પસંદગી કરાઈ છે. ગ્રામીણ વસ્તીનું ઊંચું પ્રમાણ તથા ગ્રામીણ કારીગરોનું પ્રમાણ અન્ય જિલ્લા કરતાં વધુ છે. આ બાબત નોંધપાત્ર તફાવત ઊભો કરે છે.

આપણા અભ્યાસ માટે તાલુકાઓની અવસ્થા દર્શાવતા નિર્દેશકોના આધારે કારીગરોને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. A કારીગરો અને B કારીગરો,

A વિભાગના કારીગરો B વિભાગના કારીગરો કરતાં વધુ સદ્ધર છે. તેઓના શિક્ષણનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. આમ કેટલાંક વસ્તી લક્ષી મુદ્દાઓ પર પ્રકાશ પાડી અભ્યાસ માટેના ભૌગોલિક ક્ષેત્રની માહિતી રજૂ કરવાનો બીજા પ્રકરણમાં પ્રયાસ થયો છે.

(૧) ગુજરાતની કુલ વસ્તીમાં ગ્રામીણ કામદારોનું પ્રમાણ ૧૯૬૧માં પ્રમાણ ૧.૮ ટકા હતું જે ૧૯૯૧માં તે ૬.૪ ટકાનું થયા જોવા મળેલ છે.

(૨) ગ્રામીણ વિસ્તારમાં કૃષિક્ષેત્ર સાથે અનેક વ્યવસાયો સંકળાયેલા છે. આવા વ્યવસાયો, ગૃહઉદ્યોગ, હસ્તકલા કારીગરીના ઉદ્યોગો, નાના હુન્નર ઉદ્યોગો વગેરેનો સમાવેશ થાય છે.

(૩) આપણા અભ્યાસમાં મુખ્ય કારીગરોમાં સુથારીકામ કરતાં કારીગરો, લુહારી કામ કરતાં કારીગરો, કુંભારી કામ કરતાં, કારીગરો, વણકર કારીગરો, ચમાર કારીગરો, હસ્તકલા કારીગરો, સાયકલ રિપેરિંગ કરનાર, ગેરેજમાં કામ કરતાં કારીગરો, કડિયા કારીગરો, દરજી કારીગરો, મોચી કારીગરો, વાળંદ કારીગરો, પશુપાલન કામ કરતાં કારીગરો, મરઘા બતકા ઉછેરનાર કારીગરો, સૂંડલા બનાવનાર કારીગરો અને સાવરણા સાવરણી બનાવનાર કારીગરોનો સમાવેશ કરેલ છે.

(૪) રાજકોટ જિલ્લામાં ૨૦૦૧માં કુલ વસ્તી ૩૧,૬૯,૮૯૧ હતી જયારે કુલ વસ્તીમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ ૧૫,૪૪,૦૧૯ અને કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૧૬,૨૫,૮૬૨ છે.

(૫) કુલ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ ૨૦૦૧માં ૧૫,૪૪,૦૧૯ હતું જયારે કુલ ગ્રામીણ વસ્તીમાં કારીગરોનું પ્રમાણ ૧,૯૩,૦૭૫ જોવા મળેલ છે.

*પ્રકરણ – ૩ :*

પ્રકરણ ત્રીજામાં પસંદ કરેલ તાલુકાઓના દરેકના બે–બે ગામો પસંદ કરેલ છે તેથી કુલ ૨૪ ગામોની સામાન્ય માહિતી રજૂ કરવામાં આવેલ છે. આ ૨૪ ગામોની

સામાન્ય માહિતી દ્વારા આ ગામોની વસ્તી, ગ્રામીણ કારીગરોની વસ્તી, શિક્ષણ આરોગ્યની સુવિધા, પંચાયત કચેરી, પોસ્ટ ઓફિસ, મહિલા મંડળ, સહકારી પ્રવૃત્તિ, ધોરીમાર્ગની સુવિધા વગેરે બાબતો દ્વારા આ ગામોનો પરિચય કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. સંક્ષેપમાં આ વિગતો આ પ્રમાણે રજૂ કરી છે.

(૧) આપણા આ અભ્યાસમાં પસંદગીના ગામોમાંથી વણકર, ચમાર, કુંભાર, લુહાર વગેરે કારીગરોનું પ્રમાણ વધુ લીધેલ છે.

(૨) જયારે સુંડલા બનાવનાર કારીગરો, ચીનાઈ વાસણ બનાવનાર કારીગરો, ધોબી કામ કરનાર કારીગરો, પુજા કામ કરનાર કારીગરો વગેરેનું પ્રમાણ ઓછું છે જે ૧ થી ૨ ટકાની આસપાસ છે.

(૩) જયારે પશુ પાલન કામ કરનાર કારીગરો, મરઘા ઉછેરનું કામ કરનાર કારીગરો, સાયકલ રિપેરિંગ કરનાર કારીગરો, ગેરેજનું કામ કરનાર કારીગરો વગેરેનું પ્રમાણ ૨ થી ૪ ટકાની આસપાસ છે.

(૪) જ્ઞાતિને આધારે જોઈએ તો સૌથી વધુ વણકર જ્ઞાતિનું પ્રમાણ વધુ છે જેનું પ્રમાણ ૨૫ છે. ત્યારબાદ ચમાર જ્ઞાતિનું આવે છે જેનું પ્રમાણ ૨૩ છે અને કુંભારજ્ઞાતિ અને લુહાર જ્ઞાતિનું પ્રમાણ ૨૦–૨૦ લીધેલ છે.

(૫) સૌથી ઓછું પ્રમાણ સતવારા, કડિયા, ધોબી અને વ્યાસ જ્ઞાતિનું છે જેનું પ્રમાણ ૧ થી ૨નું છે.

(૬) કુટુંબના કદની દષ્ટિએ જોઈએ તો ગ્રામીણ કારીગરોમાં ૫ થી ૬ સભ્યના બનેલા કુટુંબનું પ્રમાણ સૌથી વધુ છે. જે જણાવે છે ગ્રામીણ વિસ્તારમાં સંયુકત કુટુંબનું અસ્તિત્વ હાલમાં પણ જોવા મળે છે.

(૭) જયારે ૨ થી ૪ સભ્યના બનેલા કુટુંબનું પ્રમાણ ૧૦ ટકાની આસપાસ રહેલ છે.

(૮) કુટુંબના સભ્યોનું વય મુજબના વિશ્લેષણ પ્રમાણે જોઈએ તો ૧૫ વર્ષથી ૬૦ વર્ષ સુધીના કુટુંબોનું પ્રમાણ ૫૯ ટકા જોવા મળેલ છે. આ પરથી કહી શકાય છે કે બાળકો અને આશ્રિતોનું પ્રમાણ ઓછું છે. આમ કામ કરનારનું પ્રમાણ વધુ હોવાથી આવકનું પ્રમાણ વધે તેવો સંકેત જોવા મળે છે.

(૯) આપણા આ અભ્યાસમાં કારીગર વર્ગના કુટુંબોમાં પુરુષ કામદાર વધુ જોવા મળે છે, જેનું પ્રમાણ ૫૪ ટકા થવા જાય છે.

(૧૦) શિક્ષણના સ્તર અનુસાર જોઈએ તો ૭૮.૫૦ ટકા કારીગરો શિક્ષિત છે જયારે ૨૧.૫૦ ટકા કારીગરો અશિક્ષિત છે.

(૧૧) શિક્ષણના પ્રમાણ અનુસાર જોઈએ સૌથી વધુ પ્રાથમિક શિક્ષણ મેળનાર કારીગરોનું છું જે ૩૭.૫૦ ટકા થવા જાય છે. જયારે ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ૧ થી ૬ ટકા જેટલું જોવા મળે છે.

(૧૨) કારીગરોની પત્નિનું શિક્ષણ જોઈએ તો, ૪૨ ટકા કારીગરોની પત્નિ નિરક્ષર છે અને ૩૩.૫૦ ટકા એ પ્રાથમિક શિક્ષણ મેળવેલ છે.

(૧૩) કારીગરોના સંતાનોમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું પ્રમાણ સૌથી વધુ જોવા મળેલ છે જેનું પ્રમાણ ૩૨.૫૦ ટકા રહેલ છે.

(૧૪) કારીગરોના સંતાનોનું પ્રમાણ જોઈએ ૧ થી ૩ સંતાનો ધરાવનાર કારીગરોનું પ્રમાણ ૨૩.૫૦ ટકા થવા જાય છે જયારે ૪ સંતાનો ધરાવનાર કારીગરોનું પ્રમાણ સૌથી વધુ જોવા મળેલ છે.

(૧૫) કારીગરોના સંતાનો હાલમાં શું કરે છે તે જોઈએ તો ૨૪ કારીગરોના સંતાનો નાના છે. ૩૨ કારીગરોના સંતાનો ભણે છે અને ૧૮ કારીગરોના સંતાનો નોકરી કરે છે. જયારે ૩૪ કારીગરોના સંતાનો અન્ય ધંધા વ્યવસાય કરે છે.

(૧૬) ધંધાને લગતું કામ કરતાં કારીગરોના સંતાનોનું પ્રમાણ જોઈ તો ૨૯ ટકા સંતાનો ધંધાને લગતુ કાર્ય કરે છે. જયારે ૪૪ ટકા કારીગરોના સંતાનો ધંધાને લગતુ કાર્ય કરતાં નથી.

(૧૭) પસંદગીના ગામોમાં અભ્યાસ કરતાં કુલ વિદ્યાર્થીઓમાં કારીગર વર્ગના વિદ્યાર્થીઓનું પ્રમાણ જોઈએ તો ૧૦.૭૦ ટકા કુમારો પ્રાથમિક શાળા ૧૧.૭૦ ટકા માધ્યમિક શાળામાં અને ૯.૭૮ ટકા ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે. જયારે કુમારીકામાં ૧૦.૭૬ ટકા પ્રાથમિક શાળામાં ૧૨.૩૨ ટકા માધ્યમિક

શાળામાં અને ૧૩.૯૫ ટકા ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ સૌથી વધુ કરતાં જોવા મળે છે.

(૧૮) વ્યવસાય મુજબ જોઈએ તો સૌથી વધુ ખાદીનું વણાટકામ કરતાં કારીગરોનું પ્રમાણ છે. ત્યાર બાદ માટીના વાસણ બનાવનાર કારીગરો પ્રમાણ જે ૧૦ ટકા છે. લુહારીકામ કરનાર કારીગરોનું પ્રમાણ ૧૦ ટકા છે.

(૧૯) આ અભ્યાસમાં કુટુંબમાં કામ કરનારાઓમાં ૬૪.૫૦ ટકા કારીગર પોતે કામ કરે છે જયારે ૧૧.૫૦ ટકા કુટુંબમાં ૩ વ્યકિતઓ કામ કરતાં જોવા મળેલ છે.

(૨૦) કુટુંબમાં કમાનાર સ્ત્રીઓમાં ૧૬ ટકા કારીગરોની પત્ની પોતાના વ્યવસાયમાં કામ કરતી જોવા મળે છે.

(૨૧) આપણા અભ્યાસના ૯૩.૫૦ ટકા કારીગરો પાસે પોતાનું માલિકીનું મકાન છે.

(૨૨) મકાન બાંધકામનું સ્વરૂપમાં જોઈએ તો ૯૧ ટકા કારીગરો પાસે પાકા મકાનો છે, અને માત્ર ૯ ટકા કારીગરો એવા છે કે જેમની પાસે કાચા મકાન છે.

(૨૩) આપણાં આ અભ્યાસના કારીગરોમાંથી ૬૪ ટકા કારીગરોના મકાનમાં સ્વતંત્ર રસોડું ધરાવતા જોવા મળેલ છે.

(૨૪) જયારે ૨૧ ટકા કારીગરોના મકાનમાં સ્વતંત્ર શૌચાલય અને સ્નાનગૃહની સુવિધા છે.

(૨૫) પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા ધરાવતા કારીગરોનું પ્રમાણ ૪૮ ટકા જોવામળેલ છે.

(૨૬) ૫૨ ટકા કારીગરોને પીવાના પાણીની સ્વતંત્ર સુવિધા મળેલ નથી.

(૨૭) પસંદગી કરાયેલા ગામોમાંથી ૬૪.૮૮ ટકા ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. ૨૮.૫૭ ટકા ગામોમાં પશુ દવાખાના છે.

(૨૮) પંચાયત કચેરીની સુવિધા ૧૦૦ ટકા ગામોમાં છે. બેન્કોની સુવિધા ૩૦ ટકા ગામોમાં છે. સંદેશા વ્યવહારની સુવિધાનો વિકાસ આ ગામોમાં થયેલ જોવા મળેલ છે.

(૨૯) આ વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિનો ઘણો જ મર્યાદિત વિકાસ થયેલો જોવા મળેલ છે. માત્ર દૂધ સહકારી ડેરીનો વિકાસ થયેલ જોવા મળેલ છે. બાકી કોઈ ઉત્પાદકીય પ્રવૃત્તિવાળી મંડળીઓ વિકસી નથી.

(૩૦) ૨૯ ટકા ગામોમાં મહિલા મંડળો છે. જયારે યુવક મંડળ તથા સ્વાધ્યાય મંડળની પ્રવૃત્તિ ૪૯ ટકા ગામોમાં જોવા મળેલ છે.

(૩૧) દરેક ગામમાં પોસ્ટ ઓફિસ તથા વિજળીની સુવિધાનો લાભ મળેલ છે.

(૩૨) પસંદ કરેલ ગામોમાંથી ૯૮ ટકા ગામોને ધોરી બારમાસી માર્ગોની સુવિધા પ્રાપ્ત છે, તથા નજીકના અંતરે રેલ્વે સ્ટેશનનોની સુવિધા પ્રાપ્ત થયેલ છે.

(૩૩) ૭૨ ટકા કુટુંબોનું કદ નાનું જોવા મળેલ છે. જે સપ્રમાણ ગણી શકાય.

(૩૪) આ કારીગરોમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. જે કામ કરનાર વર્ગમાં તેઓનું મહત્ત્વ વધું રહ્યું છે.

(૩૫) આ કુટુંબોમાં વિવાહીત સભ્યોનું પ્રમાણ વધુ છે જો કે આ તફાવત નજીવો છે.

(૩૬) આધુનિકરણની દિશામાં બીજી મહત્ત્વની બાબત એ છે કે આ કારીગરો પુરુષ કે સ્ત્રી સંતાનો વચ્ચે કોઈ ભેદભાવ જોતા નથી.

(૩૭) ગ્રામ્ય કારીગરોમાં પ્રાથમિક કક્ષાનું શિક્ષણનું પ્રમાણ વધારે લીધેલ છે. જયારે માધ્યમિક ઉચ્ચ માધ્યમિકનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે.

આ રીતે ત્રીજુ પ્રકરણ મુખ્યત્વે પસંદગીના ગામોનો વિગતવાર પરિચય કરાવે છે તથા તે અંગે સામાન્ય માહિતી પુરી પાડે છે. ગ્રામીણ કારીગરોની વિગતો પ્રાથમિક માહિતી પર આધારિત હોઈ આપણા સંશોધન અભ્યાસના વિશ્લેષણના પ્રવેશ દ્વારા તરીકે આ પ્રકરણ મહત્ત્વ ધરાવે છે.

*પ્રકરણ – ૪ :*

પ્રકરણ ચોથામાં ગ્રામીણ કારીગરોની વ્યવસાયલક્ષી માહિતીનું વિશ્લેષણ કરાવવાનો પ્રયત્ન કર્યો છે. આ અંગે સંક્ષેપમાં પ્રાપ્ય તારણો નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

(૧) ધંધાને લગતુ સ્થળ અંગે જોઈએ તો ૫૧.૫ ટકા કારીગરો ઘરમાં જ પોતાનો ધંધો ચલાવે છે. તેમાંથી A કારીગરોમાંથી ૫૪.૮ ટકા અને B કારીગરોમાંથી ૪૯ ટકા કારીગરો પોતાના ધંધાનો બીજા સ્થળે વ્યવસાય ચલાવે છે.

(૨) આપણા અભ્યાસમાં ૯૬.૫ ટકા કારીગરો સ્વતંત્ર ઉદ્યોગ ચલાવે છે. ૩.૫ ટકા કારીગરો ભાગીદારીથી ધંધો ચલાવે છે.

(૩) આર્થિક પ્રવૃત્તિના નમૂનામાં જોઈએ તો, ૬.૫ ટકા કારીગરો સેવા કરે છે. ૮૨.૫ ટકા કારીગરો વસ્તુનું ઉત્પાદન કરે છે. ૬ ટકા કારીગરો રિપેરિંગનું કામ કરતાં જોવા મળેલ છે.

(૪) આપણા અભ્યાસનાં મોટાભાગના કારીગરો જૂનું પુરાણું ઉત્પાદન યંત્રનો ઉપયોગ કરતાં જોવા મળેલ છે.

(૫) આધુનિક યંત્ર સામગ્રીનો ઉપયોગ કરતાં કારીગરોનું પ્રમાણ ૪૫ ટકાનું રહેલ છે.

(૬) ઉત્પાદન કાર્યમાં ઉર્જાશકિત ઉપયોગ કરવાની બાબતમાં ૧૫ ટકા કારીગરો વીજળીનો ઉપયોગ કરતાં જણાય છે ૧૦ ટકા ઓઈલનો ઉપયોગ કરતાં માલુમ પડેલ છે ૧૨.૫ ટકા કારીગરો કોલસાનો ઉપયોગ કરતાં જોવા મળેલ છે. જયારે ૧૫ ટકા કારીગરો પાણીનો ઉપયોગ કરે છે.

(૭) સૌથી વધુ માણસો દ્વારા ઉત્પાદન પ્રવૃત્તિ કરતાં જોવા મળેલ છે.

(૮) ગ્રામ્ય કારીગરો પરંપરાગત વ્યવસાયમાંથી આવક પ્રાપ્ત કરે છે. ઉપરાંત ખેતીક્ષેત્રે મજૂરી કરી અન્ય વ્યવસાયો કરી આવક પ્રાપ્ત કરે છે.

(૯) પોતાના વ્યવસાયોમાં ૬૨.૫ ટકા કારીગરો આધુનિક પદ્ધતિ સ્વીકારવાનું વલણ ધરાવે છે.

(૧૦) ઉર્જાશકિત સ્ત્રોત તરીકે માનવશ્રમ વીજળીનો ઉપયોગ વધારે કરે છે.

(૧૧) સ્વાભાવિક ધોરણે ઉત્પાદન ક્ષેત્ર સાથે માંગનું પરિબળ સંકળાયેલ છે. ગ્રામીણ કારીગરોમાંથી ૭૫ ટકા કારીગરોની ઉત્પાદન વસ્તુની માંગ સ્થાનિક છે.

(૧૨) ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત થતી વસ્તુનું વેચાણ પોતાના વિસ્તારમાં થતું જોવા મળે છે.

(૧૩) ગ્રામીણ કારીગરો માટે ધંધાકીય સરકારી તાલીમ મેળવનાર કોઈ નથી જયારે ખાનગી તાલીમ અમુક વ્યકિત એ જ મેળવેલ છે.

(૧૪) સ્થાનિક વેચાણને કારણે હરીફાઈનું તત્ત્વ સામાન્ય રહ્યું છે. ગ્રામીણ કારીગરો તીવ્ર હરીફાઈનો સામનો કરતાં જણાતા નથી તેઓના વ્યવસાયો પણ આવી હરીફાઈ સાથે ઓછા સંકળાયેલ છે.

(૧૫) ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત માલના વેચાણમાં ૩૭.૫ ટકા કૃષિલક્ષી માંગ છે.

(૧૬) જયારે ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત માલના સ્થાનિક વેચાણમાં ૬૨.૫ ટકા એ બિનકૃષિ લક્ષી માંગ જોવા મળેલ છે.

(૧૭) કારીગરો દ્વારા ઉત્પાદિત માલનું શહેરીમાંગમાં ૨૬ ટકામાં ઉદ્યોગની માંગ છે. ૧૬ ટકા ધંધાને લગતી માગ છે. ૨૦ ટકા ગ્રાહકને લગતી માંગ છે.

(૧૮) ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત માલનું બહારના રાજ્યમાં માંગમાં ૯ ટકા ઉદ્યોગ માટેની માંગ જોવા મળેલ છે. જયારે ધંધા માટેની માંગ ૭.૫ ટકા રહેલ છે. ગ્રાહક માટેની માંગ ૧૫ ટકા રહેલ છે.

(૧૯) ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત માલમાં ૧૦ ટકા અવેજી વસ્તુનો છે અને ૭૫ ટકા વસ્તુ અવેજી વસ્તુ નથી. એનો અર્થ ગ્રામ્ય વિસ્તારમાં તેઓ ઈજારો ધરાવે છે.

(૨૦) ગ્રામીણ કારીગરોમાં ૯૫ ટકા કારીગરો શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવે છે.

(૨૧) જયારે માત્ર ૫ ટકા કારીગરો જ મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો સ્વીકાર કરેલ છે.

(૨૨) કારીગરો જે વસ્તુનું ઉત્પાદન કરે છે તેમાં ૫ ટકા કારીગરો જાહેરાત દ્વારા વસ્તુનું વેચાણ કરતાં જોવા મળેલ છે. ૧૫ ટકા કારીગરો અવેજીની વસ્તુનું ઉત્પાદન કરી વધુ કિંમત લે છે. ૧૭.૫ ટકા કારીગરો આકર્ષક અને ટકાઉ વસ્તુનું ઉત્પાદન કરી વેચાણ કરતાં માલુમ પડેલ છે.

(૨૩) જયારે ૪૭.૫ ટકા કારીગરો સ્થાનિક સ્તરે જ વેચાણ કરતાં જોવા મળેલ છે.

(૨૪) ૧૫ ટકા કારીગરો શહેરી બજારમાં પોતાની વસ્તુનું વેચાણ કરે છે.

(૨૫) ગ્રામીણ કારીગરોમાં ૪૨.૫ ટકા કારીગરો બીજા ઉદ્યોગ સાથે સંબંધ ધરાવે છે.

(૨૬) જયારે ૫૭.૫ ટકા કારીગરો બીજા ઉદ્યોગ સાથે કશો જ સંબંધ ધરાવતા નથી.

(૨૭) ૧૯.૦૦ ટકા કારીગરોની વસ્તુનો અન્ય ઉદ્યોગ સાથે મધ્યમ કદનો સંબંધ ધરાવે છે. ૯.૦૦ ટકા કારીગરોની વસ્તુનો સંબંધ અન્ય ઉદ્યોગ સાથે લાંબાગાળા રહેલ છે. જયારે ૧૪.૫૦ ટકા કારીગરોની વસ્તુનો સંબંધ ઔદ્યોગિક વપરાશી વસ્તુ માટે રહેલ છે.

(૨૮) ગ્રામીણ કારીગરો ૫૦ ટકા કારીગરોની વસ્તુની બજાર માંગ ભારે રહેલ છે. જયારે ૧૭.૫ ટકા કારીગરોની વસ્તુની માંગ ઓછી છે. એટલે કે તેઓ મંદીમાં જોવા મળેલ છે.

(૨૯) ગ્રામીણ કારીગરોમાં ૫૪.૫ ટકા કારીગરોને સામાન્ય હરીફાઈનો જ સામનો કરવો પડે છે. જયારે ૨૨.૫ ટકા કારીગરોને મધ્યમ હરીફાઈનો સામનો કરવો પડે છે. જયારે ૧૨.૫ ટકા કારીગરોને તીવ્ર હરીફાઈનો સામનો કરતાં માલુમ પડેલ છે.

(૩૦) ગ્રામીણ કારીગરોમાં ૬૨.૫ ટકા કારીગરો પોતાના ધંધામાં આધુનિકરણ અપનાવેલ છે.

(૩૧) જયારે ૩૭.૫ ટકા કારીગરો પોતાનો પરંપરાગત વ્યવસાયમાં આધુનિકરણ લાવ્યા નથી.

(૩૨) ગ્રામીણ કારીગરોમાં ૮૧.૫ ટકા કારીગરો ચાલુ વસ્તુમાં આધુનિક ફેરફાર કરેલ જણાયેલ છે.

(૩૩) જયારે ૧૮.૫ ટકા કારીગરોએ ચાલુ વસ્તુના ઉત્પાદનમાં આધુનિકરણ અપનાવેલ નથી.

(૩૪) ગ્રામીણ કારીગરમાં ૫૨.૫ ટકા કારીગરો નવી વસ્તુનું ઉત્પાદન કરે છે.

(૩૫) જયારે ૪૭.૫ ટકા કારીગરો પરંપરાગત વસ્તુનું ઉત્પાદન કરે છે.

(૩૬) ગ્રામીણ કારીગરોમાંથી ૬૮.૫ ટકા કારીગરો પોતાની વસ્તુમાં વિવિધતા લાવેલ છે. જયારે ૩૧.૫ ટકા કારીગરો જૂની પદ્ધતિથી ઉત્પાદન કરે છે.

(૩૭) ગ્રામીણ કારીગરોમાંથી ૩૪.૫ ટકા કારીગરો પોતે ઉત્પાદિત વસ્તુની સપ્લાય કરે છે જયારે ૪૬.૫ ટકા કારીગરો વસ્તુની સપ્લાય કરતાં નથી.

(૩૮) ગ્રામીણ કારીગરોમાંથી ૯૩ ટકા કારીગરોને ઘરના સભ્યો વસ્તુનું ઉત્પાદન કરવામાં સહયોગ આપે છે. જયારે ૭ ટકા કારીગરો જ બહારથી શ્રમીકો મંગાવે છે.

ચોથું પ્રકરણ આ વર્ગની વ્યવસાયલક્ષી પ્રવૃત્તિ કેટલી સીમિત છે તેનો સ્પષ્ટ અણસાર આપે છે મોટાભાગના કારીગરો અશિક્ષિત તથા પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલ છે. સમગ્ર વર્ષપર્યંત રોજી મેળવવા શકિતમાન ન હોઈ, તેઓની ગરીબીની તથા ઓછી અનિશ્ચિત આવકની સ્થિતિ ગંભીર બને તેનો નિર્દેશ કરે છે. વળી પૂરતી કમાણી કે પૂરતી આવક ન મળે તો સ્વાભાવિક રીતે જ દેવુ કે અપૂરતા પોષણની સ્થિતિમાં જીવવાની ફરજ પડે તેવી સ્થિતિમાં તેઓ મુકતા હોવાનો અણસાર મળે છે. આવકનો આધાર શિક્ષણના સ્તર તથા રોજગારીના ક્ષેત્ર પર રહેલો છે. આવક પર જીવન નિર્વાહ કે જીવન ધોરણનો આધાર રહેલ છે તેથી આવકના રોજીના સ્ત્રોત જ જો ખૂબ જ ટાંચા તથા અનિશ્ચિતતા સાથે સંકળાયેલ હોય તો તેઓની આવક સંબંધી આશાસ્પદ સ્થિતિ જોઈ શકવાનું શકય નથી.

*પ્રકરણ – ૫ :*

પ્રકરણ પાંચમાં મુખ્યત્વે ગ્રામીણ કારીગરો આર્થિક પ્રવૃત્તિ તથા જીવનધોરણ પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. ગ્રામીણ કારીગરોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો તે બાબત આંકડાકીય રીતે આવક, જીવન ધોરણ વગેરેની દષ્ટિથી જોવાનું વધુ ઉચિત ગણાય છે. તેથી આવી માહિતીની વિગતે ચર્ચા પ્રકરણ પાંચમાં કરવામાં આવેલ છે. આવકનું સ્તર વાર્ષિક, માસિક અને જીવન નિર્વાહ ખર્ચ તથા દેવુ વગેરે બાબતો તથા આર્થિક ઉત્થાનના અવકાશની સાચી સ્થિતિ પર પ્રકાશ પાડી શકાય. આમ આ પ્રકરણના વિશ્લેષણની વિવિધ બાબતોને સંક્ષેપમાં તારણરૂપે નીચે મુજબ રજૂ કરી શકાય.

(૧) ગ્રામીણ કારીગરો કુલ ૨૦૦ સેમ્પલની સરેરાશ આવકની દષ્ટિએ જોતાં આપણાં કારીગરોની વાર્ષિક આવક રૂા. ૧૯૩૮૯ની થવા જાય છે. જીવનનિર્વાહ આવક જોતાં નીચી આવક વાળા જૂથ સૌથી વધુ ઊંચી આવક વાળા જૂથ વચ્ચે ઘણો ગંભીર તફાવત જોવા મળે છે. તેથી સરેરાશ આવક કદાચ ગરીબી રેખાના માપદંડ કરતાં ઊંચી જણાય છે.

(૨) ગ્રામીણ કારીગરોમાંથી ૩૨ ટકા કારીગરો ગરીબીરેખા નીચે જીવી રહ્યા છે.

(૩) આમ છતાં ગરીબી રેખાની સપાટીની ગણતરી મુજબ ૧૭૫૦૦ની આવક સામે બીજા–ત્રીજા તથા ચોથા જૂથના કારીગરો ૮૨.૫૦ ટકા છે. તેઓ વધુ આવક મેળવતા જણાય છે. પહેલા જૂથની આવક ઘણી જ મર્યાદિત છે. તેને બાદ કરતાં બીજા ત્રીજા જૂથની આવક વાળા કારીગરો ગણાવી શકાય જેનું પ્રમાણ ૭૧ ટકા છે. માત્ર ૧૧.૫ ટકા સૌથી વધુ ઊંચી આવકવાળા ચોથા જૂથમાં આવે છે જેનું સંપત્તિનું ધોરણ ઘણું જ ઊંચુ છે.

(૪) ગ્રામીણ કારીગરોના પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળેલ છે.

(૫) બધા જ કારીગરો પરંપરાગત વ્યવસાયમાંથી આવક પ્રાપ્ત કરે છે તે અપૂરતી હોય પૂરક વ્યવસાય પર આધાર રાખે છે. ૬૫ ટકા કારીગરો મુખ્ય વ્યવસાય સાથે અન્યક્ષેત્રે રોજગારી મેળવે છે. ગૌણ વ્યવસાય આધાર વિનાના કારીગરોનું સામાન્ય જીવન ધોરણ ટકાવવાનું અતિ કઠિન બની જાય તેવું ચિત્ર જોવા મળેલ છે. તેમ છતાં ઘણા કારીગરો સરેરાશ કુટુંબ ના કદને પોષણ આપવા નિભાવ ખર્ચ જેટલી આવક પણ પ્રાપ્ત કરી શકતા ન હોઈ ત્યારે ખાધ અનુભવે છે. તે આ વર્ગની કરૂણતાનો ખ્યાલ આવે છે.

(૬) આપણા ગ્રામીણ કારીગરોના કુટુંબોનું સરેરાશ વાર્ષિક નિભાવ ખર્ચ કુટુંબ દીઠ રૂા. ૪૦૪૮૫ થતું હોવાનું જણાયું છે. તેની સામે આવા કુટુંબો સરેરાશ વાર્ષિક આવક રૂા. ૩૪૨૬૬ની છે. તેથી સરેરાશ ખાદ્ય રૂા. ૬૨૧૯ની રહેલી હોવાનું જણાયું છે.

(૭) વાર્ષિક આવક કરતાં વધુ નિભાવ ખર્ચ થાય તો તેને પહોંચી વળવા ઉછીના ઉધાર દેવાની પ્રાપ્તિની સુવિધા મેળવવા પ્રયત્ન કરવો પડે જો તેમ ન શકય હોય તો

ઓછો ખર્ચ કરી જીવન ધોરણ નીચું કંગાલીયતની કક્ષા એ લઈ જવાની ફરજ પડે છે. આપણા અભ્યાસના ગ્રામ્ય કારીગરો એવા છે જેની આવક નિભાવ ખર્ચ કરતાં પણ ઓછી જણાય છે ૫૪ ટકા કારીગરો એવા છે કે જેની આવક ખર્ચ જેટલી સરભર થઈ શકે. આ કારીગરો દુષ્કાળ કે ખરાબ વર્ષોમાં ઓછી આવક મેળવતા થાય તેથી સ્વભાવિક રીતે ખાદ્યનો અનુભવ કરવા લાગે તેવું જીવન વ્યતિત કરે છે. બાકી ૨૦ ટકા કારીગરોની આવક ખર્ચ કરતાં વધુ છે જેને આવો ભય રહેતો નથી માત્ર ૧૯ ટકા કારીગરો સુખી કે સારું જીવન જીવી રહ્યા છે તેવું જણાય છે.

(૮) ઉપભોગ ખર્ચ થાય છે તેમાં મોટા હિસ્સો અનાજ, ધાન્ય પાછળ ખર્ચાતો હોવાનું જણાયુ છે. તેનું પ્રમાણ ૨૯ ટકા છે. કપડા લતાનો ખર્ચ ૨૨.૫ ટકા છે. આમ જીવન જરૂરી ખર્ચ ૫૧.૫ ટકા જેટલું થાય છે. તેથી અન્ય સુવિધા, વિકાસ, શિક્ષણ, ઉચ્ચ જીવત પ્રાપ્તિ માટે ભાગ્યે જ અવકાશ રહે છે.

(૯) આવક કરતાં ખર્ચ વધુ કરવો પડે તેવી સ્થિતિમાં મોટાભાગના કારીગરો જોવા મળે છે.

(૧૦) રોજગારી પ્રાપ્તિની બાબતમાં ગ્રામીણ કારીગરોમાં ૨૫.૫ ટકા કારીગરોને આખા વર્ષ દરમિયાન રોજગારી મળે છે. ૩૨ ટકા કારીગરોને ૧ થી ૬ માસ રોજગારી મળે છે. ૪૨.૫ ટકા કારીગરોને ૭ થી ૯ માસ સુધી જ રોજગારી મળે છે. આમ બાકીના મહિના માટે રોજગારીથી વંચિત રહેવાથી કુટુંબનું જીવન નિર્વાહ માટે આવા કુટુંબોને ખાનગી દેવા ઉપર વિશેષ આધાર રાખવો પડે છે. અથવા કંગાલિયતનો સ્વીકાર કરવો પડે છે.

(૧૧) વૈકલ્પિક વ્યવસાયના અભાવે તેમજ તેના વ્યવસાય માટે ધિરાણ સુવિધાના અભાવે પોતાના પરંપરાગત વ્યવસાયમાં ટકી રહેવાનું મોટાભાગના કારીગરો પસંદ કરતાં હોવાનું જોવા મળેલ છે.

(૧૨) જે લોકો વૈકલ્પિક વ્યવસાયો પણ સ્વીકારે છે તેઓ મોટાભાગે અપૂરતી આવકને કારણે તેમ કરતાં હોય છે. ૩૫ ટકા કારીગરો અપૂરતી આવકને કારણે પરંપરાગત વ્યવસાયની સાથે સાથે પૂરક રોજગારી પણ મેળવવાનો પ્રયાસ કરે છે.

(૧૩) ગ્રામીણ કારીગરોમાં પરંપરાગત વ્યવસાયમાં સ્થગિતતાના કારણોમાં ૨૨ ટકા કારીગરો પાસે પૂરતી આવક હતી જયારે ૨૨.૫ ટકા કારીગરોએ આધુનિકતાનો સ્વીકાર કરેલ છે. ૧૫ ટકા કારીગરો એ ધિરાણની સુવિધા મળેલ છે. ૮.૫ ટકા કારીગરોને બજારની સુવિધા મળેલ છે. જયારે ૭.૫ ટકા કારીગરો અન્ય વ્યવસાય પ્રત્યે ઉદાસીનતા ધરાવે છે.

(૧૪) ગ્રામીણ કારીગરોમાં ૧.૫ ટકા કારીગરોનો ૩૦૦૦ સરેરાશ વાર્ષિક ખર્ચ થતો જણાય છે. ૬.૫ ટકા કારીગરોને ૩૦૦૦ થી ૫૦૦૦ જેટલો વાર્ષિક સરેરાશ ખર્ચ થયેલ જણાવેલ છે.

(૧૫) જયારે ૨૫.૫ ટકા કારીગરો એવા છે કે તેમને ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ થાય છે. અને ૧૫.૫ ટકા એવા કારીગરો છે કે જેમને ૩૦,૦૦૦ કરતાં વધુ ખર્ચ થાય છે.

(૧૬) આપણા આ અભ્યાસમાં ૪૭.૫ ટકા કારીગરો દેવુ કરતાં જોવા મળેલ છે જયારે ૩૫.૫ ટકા કારીગરો દેવુ કરેલ નથી તેમ જોવા મળેલ છે કાં તો આ કારીગરોની આર્થિક સ્થિતિ સારી હોય અથવા તો તેઓ દેવુ ભરપાય કરવા સક્ષમ ન હોય.

(૧૭) ગ્રામીણ કારીગરોમાં ૧૧ ટકા કારીગરો સહકારી સંસ્થા પાસે ધિરાણ મેળવે છે. ૦૭ ટકા કારીગરો રાજ્ય સરકારી સહાય મેળવે છે. અને ૧૦.૦૦ ટકા કારીગરો બેન્કમાંથી લોન મેળવેલ છે.

(૧૮) ગ્રામીણ કારીગરોમાંથી ૧૦.૦૦ ટકા કારીગરો ગ્રામીણ લોન મેળવેલ છે. જયારે ૩.૫ ટકા કારીગરો બીજી જાહેર સંસ્થા પાસેથી ધિરાણ મેળવેલ છે. જયારે ખાનગી સંસ્થા પાસે ૬.૫૦ ટકા કારીગરોએ ધિરાણ મેળવેલ છે.

(૧૯) ગ્રામીણ કારીગરોમાંથી ૧૧ ટકા કારીગરો ઉપભોગ ખર્ચ માટે દેવુ કરેલ છે. ૫.૫ ટકા કારીગરોએ સામાજિક ખર્ચા માટે દેવુ કરેલ છે.

(૨૦) જયારે ૨૦ ટકા કારીગરો એવા છે કે જેમને પોતાના ધંધાના વિકાસ માટે દેવુ કરેલ છે. જયારે ૧૧ ટકા કારીગરો આર્થિક ઉત્કર્ષ માટે દેવું કરેલ માલુમ પડેલ છે.

(૨૧) ગ્રામીણ કારીગરોમાંથી ૧૫ ટકા કારીગરો જાહેર સ્ત્રોતમાંથી ૨૦,૦૦૦ થી વધુ લોન મેળવેલ જોવા મળેલ છે.

(૨૨) નાના અને મધ્યમ દેવાદાર કારીગરોમાં ૧૫ ટકા કારીગરો રૂા. ૫૦૦૦ સુધીની રકમનું દેવુ ખાનગી સ્ત્રોતમાંથી કરેલ છે. ૭.૫૦ ટકા કારીગરોએ રૂા. ૫૦૦૦ કરતાં વધુ રકમનું દેવુ ખાનગી સ્ત્રોતમાંથી કરેલ છે.

(૨૩) જયારે જાહેર સ્ત્રોતમાંથી ૧૭.૫ ટકા કારીગરોએ રૂા. ૫૦૦૦ સુધીની રકમનું દેવું કરેલ છે. અને ૬.૦૦ ટકા કારીગરોએ રૂા. ૫૦૦૦ કરતાં વધુ રકમનું દેવુ કરતાં જોવા મળેલ છે.

(૨૪) ગ્રામીણ કારીગરોમાં ૮.૦૦ ટકા કારીગરો ચાલુ આવક સામે રોજીંદું ધિરાણ મેળવેલ છે. ૧૨.૦૦ ટકા કારીગરોએ ઘરેણાં જામીનગીરી સામે ધિરાણ મેળવેલ છે.

(૨૫) ગ્રામીણ કારીગરોમાંથી ૨૫ ટકા કારીગરો કાચો માલ મટીરીયલનો ઉપયોગ કરતાં જોવા મળે છે.

(૨૬) જયારે ૪૫ ટકા કારીગરો કાચા માલ કે મટીરીયલનો ઉપયોગ કરતાં નથી તેવું જોવા મળે છે.

(૨૭) ગ્રામીણ કારીગરોમાં ૨૩.૫ ટકા કારીગરો ચાલુ ધંધામાં આધુનિકરણ લાવવા માગે છે. જયારે ૩૯.૫ ટકા કારીગરો આધુનિકરણનો અસ્વીકાર કરે છે.

(૨૮) ગ્રામીણ કારીગરોમાંથી ૩૬.૫ ટકા કારીગરોને બજાર વ્યવસ્થાથી ઘણો જ ફાયદો થયેલ જોવા મળે છે.

(૨૯) ગ્રામીણ કારીગરોમાંથી ૨૪ ટકા કારીગરો લોનની ચુકવણી ખાનગી વ્યવસ્થા દ્વારા ચુકવણી કરવાનું કહે છે.

(૩૦) ૨૩.૫૦ ટકા કારીગરો પોતાની વસ્તુને સહકારી સંસ્થામાં જઈ વેચાણ કરી આવક મેળવે છે.

(૩૧) ગ્રામીણ કારીગરોમાં ૧૨ ટકા કારીગરો પોતાની વસ્તુનું વેચાણ જાહેર સંસ્થાને કરે છે ૨૦.૫ ટકા કારીગરો ખાદીભવનને પોતાની વસ્તુ વેચે છે. ૧૩ ટકા કારીગરો સહકારી સંસ્થાને પોતાની વસ્તુનું વેચાણ કરે છે.

(૩૨) ૩૦.૫ ટકા કારીગરો એવા છે કે જે છુટકમાં વસ્તુનું વેચાણ કરે છે. અને ૧૦.૫ ટકા કારીગરો જથ્થાબંધ વસ્તુનું વેચાણ કરે છે.

(૩૩) ગ્રામીણ કારીગરોનાં ૨૨ ટકા કારીગરોને ધંધાને લગતી દિશા જોવા મળેલ છે.

(૩૪) ગ્રામીણ કારીગરોમાંથી ૩૫ ટકા કારીગરો પોતાના ધંધાની પસંદગી પરંપરાગત અને સ્થાનિક રાખવા ઈચ્છે છે.

(૩૫) ગ્રામીણ કારીગરોમાંથી ૧૩ ટકા કારીગરો પોતાનો ધંધો બીજા કોઈ સ્થળે સ્થળાંતર કરવા ઈચ્છે છે.

(૩૬) ગ્રામીણ કારીગરોમાંથી ૪૦ ટકા કારીગરો સ્થાનિક ધંધામાં ફેરફાર કરવા માગે છે.

(૩૭) ગ્રામીણ કારીગરોમાંથી ૧૭ ટકા કારીગરો બીજા ધંધામાં જવાની ઈચ્છા વ્યકત કરી છે.

(૩૮) આ અભ્યાસના કારીગરોમાંથી ૧૩ ટકા કારીગરો ધંધાને બીજા સ્થળે લઈ જવાની ઈચ્છા વ્યકત કરે છે.

(૩૯) ગ્રામીણ કારીગરોમાંથી ૧૭.૦૦ ટકા કારીગરો બીજો ધંધો શરૂ કરવા માગે છે.

(૪૦) ગ્રામીણ કારીગરોમાંથી ૯.૦૦ ટકા કારીગરો કૃષિને લગતો ધંધા કરવા ઈચ્છે છે અને ૮.૦૦ ટકા કારીગરો બીનકૃષિને લગતો ધંધા કરવાની ઈચ્છા વ્યકત કરેલ છે.

(૪૧) ગ્રામીણ કારીગરોમાંથી ૩૪ કારીગરોને ધંધાના ઉત્પાદન ફેરફાર કરવા માટે વધુ મૂડીની મુશ્કેલી અનુભવે છે.

(૪૨) ૧૧ ટકા કારીગરોને ધંધાના ઉત્પાદનમાં ફેરફાર કરવા માટે બજારમાં હરીફાઈની મુશ્કેલી અનુભવવી પડે છે.

(૪૩) ૧૪ ટકા કારીગરોને વસ્તુની ઉત્પાદનમાં ફેરફાર કરવા માટે કાચા માલ મેળવવાની મુશ્કેલી અનુભવવી પડે છે.

(૪૪) ગ્રામીણ કારીગરોમાં ૨૦ ટકા કારીગરોને પૂરતી આવક મળે છે.

(૪૫) મોટાભાગના કારીગરો દર વર્ષે ૧૦ થી ૨૦ જથ્થા જેટલું ઉત્પાદન કરે છે.

(૪૬) મોટાભાગના કારીગરોને દર વર્ષ વેચાણ કિંમત લગભગ ૧૫ હજારથી ૩૦,૦૦૦ સુધી મળે છે.

(૪૭) ગ્રામીણ કારીગરોમાંથી મોટાભાગના કારીગરોને ૨૦ થી ૩૦ હજાર જેટલી આવક મળે છે.

(૪૮) ગ્રામીણ કારીગરોમાંથી મોટાભાગની કારીગરોનું કુલ મૂડીરોકાણ ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલું જોવા મળેલ છે.

(૪૯) ટેકનોલોજીકલ પરિવર્તનનો આધુનિકરણની ઓળખ ગણાય છે. અને તેના દ્વારા મોટા પાયે માળખાકીય પરિવર્તનો સર્જાય છે. આ પરિવર્તન દરમિયાન ગૌણક્ષેત્રની સાથે સાથે સેવા ક્ષેત્રની પ્રવૃત્તિઓના પણ વૈવિધ્યકરણ દાખલ થાય છે. આ વિવિધ ક્ષેત્રોમાં નાના પાયાના અને ટચુકડા એકમોમાં વિકાસની વિશાળ તકો સર્જાય છે.

(૫૦) નાના પાયાના અને લઘુ ઉદ્યોગોના ટચુકડા એકમો સરળતાથી શરૂ કરી શકાય છે અને શ્રમ, પ્રધાન હોય તો કારીગરો માટેના આ ક્ષેત્રો અગત્યના બન્યા છે. ઉદારીકરણ બાદ આવા વ્યવસાયનું મહત્ત્વ રહ્યું છે.

(૫૧) ઔદ્યોગિકરણ નીતિમાં તાજેતરમાં પરિવર્તન આવી રહ્યું છે. આ સંદર્ભમાં કારીગરો માટે કેટલીક મુંઝવણ ભરી સ્થિતિ તેમજ કેટલીક ઉજ્જવળ તક ઊભી થઈ છે.

(૫૨) વ્યવસાયો એકમ સ્વતંત્ર રીતે શરૂ કરવા માટે વ્યવસાયનું સ્થળ અગત્યનો ભાગ ભજવે છે. પરંપરાગત વ્યવસાયોમાં રહેઠાણ અને સ્થળ સાથે અથવા નજીક હોવાની બાબત અગત્યની જણાય છે.

(૫૩) ઉત્પાદન પદ્ધતિની દષ્ટિએ જોતા પરંપરાગત વ્યવસાયોમાં પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ થતો જોવા મળે છે.

(૫૪) ગ્રામીણ કારીગરોમાંથી ૪૪ ટકા કારીગરો એ નવા સાધનો ખરીદવા માટે મૂડીરોકાણ કરેલ છે.

(૫૫) ૨૨ ટકા કારીગરોએ મશીનરી ખરીદવા માટે મૂડી રોકાણ કરેલ છે.

(૫૬) જયારે ૩૪ ટકા કારીગરોએ રોજગારી માટે મૂડી રોકાણ કરેલ છે.

## ૬.૩ સામાન્ય તારણો :

(૧) ગ્રામીણ કારીગરો મુખ્યત્વે બે સમસ્યાઓનો સામનો કરે છે. અનિશ્ચિત રોજગારી અને આધુનિકરણમાં ગ્રામીણ કારીગરોની કામગીરીમાં કોઈ વિશેષ કુશળતા જોવા મળતી નથી પરિણામે આવક ઓછી મળે છે.

(૨) ગ્રામીણ કારીગરો કુટુંબમાં મુખ્ય કમાનાર પોતે હોવાથી પરંપરાગત ધંધા વ્યવસાયમાં ઝંપલાવે છે.

(૩) દેશમાં આધુનિકરણને કારણે નવા નવા સાધનોની શોધ થાય છે. તેનાથી વસ્તુનું ઉત્પાદન વધે છે અને ઉત્પાદન ખર્ચ પણ ઓછું આવે છે. પરંતુ ગ્રામીણ કારીગરોમાં ઓછા કારીગરોએ આધુનિકરણ અપનાવેલ છે.

(૪) મોટાભાગના કારીગરો અશિક્ષિત અને અકુશળ હોય છે જેને લીધે તેની રોજગારી અને આવક પર અવળી અસર પડે છે.

(૫) મોટાભાગના કારીગરો ગરીબ કુટુંબોના છે પરિણામે શ્રમની પુરવઠા રેખા સીધી જોવા મળે છે તેમની આવકમાં વધારો થાય તો પણ કુટુંબની આવકમાં કોઈ વિશેષ સુધારો થતો નથી.

(૬) ગ્રામીણ કારીગરોનું આર્થિક કારણોને લીધે સ્થાળંતર થતું હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે.

(૭) ગ્રામીણ કારીગરોમાંથી કેટલાંક કારીગરો નિમ્ન અને પછાત વર્ગના છે તેઓ સુંડલા–સાવરણી વેચાણ કરીને પોતાનું ગુજરાત ચલાવે છે.

(૮) ગ્રામીણ કારીગરો અસંગઠિત જોવા મળે છે તેઓનું પ્રાદેશિક, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ કોઈ સંગઠન જોવા મળતું નથી. પરિણામે સંગઠિત ક્ષેત્રના શ્રમિકોને પ્રાપ્ત થતા લાભ તેમને પ્રાપ્ત થતા નથી.

(૯) ગ્રામીણ કારીગરોમાંથી કેટલાંક કારીગરો ગરીબી રેખા નીચે જીવે છે પરિણામે તેઓને શિક્ષણની મકાનની અને જીવન અંગેની પ્રાથમિક જરૂરિયાત પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત કરી શકતા નથી.

## ૬.૪ મુખ્ય પ્રશ્નો :

### *(૧) રોજગારીમાં અસ્થિરતા :*

ગ્રામીણ કારીગરો પ્રાપ્ત થતી રોજગારી દૈનિક હોય છે. ગ્રામીણ કારીગરોનાં ધંધા ખેતી સાથે જોડાયેલ હોવાથી મોસમ દરમિયાન રોજગારીની તકો વધુ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. જયારે બાકીના સમય દરમિયાન પ્રાપ્ત થતી રોજગારીનું પ્રમાણ નહીવત જોવા મળે છે. વસ્તુનું વેચાણ થાય ત્યારે જ આવક તેઓને જોવા મળે છે.

### *(૨) અકુશળ શ્રમિકો અને ઓછા લાભ :*

ગ્રામીણ કારીગરોમાંથી મોટાભાગના કારીગરો અર્ધકુશળ અને અકુશળ હોય છે. તેથી તેઓને કુશળ કારીગરોને મળતા લાભો પ્રાપ્ત થતા નથી. જે કારીગરો કુશળ છે તેમને સારી આવક મળે છે.

### *(૩) ગ્રામીણ લક્ષી અસંગઠિત કારીગરોનું વધુ પ્રમાણ :*

મોટાભાગના અસંગઠિત કારીગરો ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળે છે. શહેરી વિસ્તારમાં જે કારીગરો અસંગઠિત રીતે કાર્ય કરે છે તે પણ ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા જણાય છે. જયારે દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં ગ્રામીણ કારીગરો શહેરોમાં કામ કરવા જતા રહેતા હોય છે.

### *(૪) કામની અયોગ્ય પરિસ્થિતિ :*

ગ્રામીણ કારીગરોમાં કેટલાંક કારીગરોને ઠંડી, ગરમી અને વરસાદ જેવી પરિસ્થિતિમાં કામ કરવું પડતું હોય છે. આ કારીગરોને સતત શારીરિક પરીશ્રમ કરવાનો હોય છે. તેની અસર આરોગ્ય ઉપર પણ થાય છે.

### *(૫) અસંગઠિત શ્રમિકોના વિવિધ સ્વરૂપો :*

ગ્રામીણ કારીગરોમાં વિવિધ કક્ષા, પ્રકાર કે સ્વરૂપ જોવા મળે છે. અર્થકારણના તમામ ક્ષેત્રમાં અસંગઠિત શ્રમિકોની કામગીરી જોવા મળે છે. કૃષિક્ષેત્ર હોય કે બિનકૃષિક્ષેત્ર તેમ દરેક ક્ષેત્રમાં અસંગઠિત શ્રમિકોનું પ્રમાણ વતા–ઓછા પ્રમાણમાં જોવા મળે છે. તેઓની કાર્ય પ્રક્રિયા, કાર્યપદ્ધતિ, તેમનું કામગીરીની શરતોમાં પણ મોટા પાયે તફાવત જોવા મળે છે. કાર્ય કૌશલ્યની દષ્ટિએ તેઓને કુશળ, અર્ધકુશળ અને અકુશળ એમ ત્રણ વિભાગમાં વિભાજિત કરી શકાય. તો બીજી દષ્ટિએ પુરુષ – સ્ત્રી અને બાળ શ્રમ એમ ત્રણ રીતે વિભાજિત કરી શકાય અને વિસ્તારની દષ્ટિએ તેઓને ગ્રામીણ અને શહેરી અને અસંગઠિત શ્રમિકો એમ વિભાજન કરી શકાય છે. આ તમામ પ્રકારના શ્રમિકો વચ્ચે કોઈપણ પ્રકારનું સંકલન જોવા મળતું નથી.

### *(૬) તાલીમ અને શિક્ષણનો અભાવ :*

ગ્રામીણ કારીગરોની એક વિશિષ્ટતા એ છે કે તેઓમાંથી મોટાભાગના બિનતાલિમીઓ નિરક્ષર હોય છે. આ કારીગરોને કોઈપણ પ્રકારની સંસ્થાગત તાલીમ પ્રાપ્ત થયેલ હોતી નથી. તેઓની કામગીરી તેમના કુટુંબોએ પરંપરાગત રીતે માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત કરેલ હોય છે. આ કારીગરોના કુટુંબો ગરીબી રેખા નીચે જીવન જીવતાં હોવાથી, તેઓને નાની ઉંમરથી કુટુંબનો જીવન નિર્વાહ ચલાવવા માટે પોતાના ધંધામાં જોડાવવું પડે છે. તેથી તેઓ શિક્ષણ મેળવી શકતા નથી.

### *(૭) વિશિષ્ટીકરણનો અભાવ :*

ગ્રામ્ય કારીગરોમાં વિશિષ્ટીકરણનો અભાવ જોવા મળે છે. સંગઠિત ક્ષેત્રના શ્રમિકો એક જ સ્થાને એક જ કામ લાંબા સમય સુધી કરે છે. તેથી તેઓની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધુ હોય છે. તેઓ વિશિષ્ટકરણ સાધી શકતા હોવાથી વધુ આર્થિક લાભ

પ્રાપ્ત કરી શકે છે. જયારે ગ્રામીણ કારીગરોને તેમની કામની અસ્થિરતા અને અનિશ્ચિતા તથા સાતત્યના અભાવને લીધે વિશિષ્ટકરણના કોઈ લાભ પ્રાપ્ત થતા નથી.

### *(૮) નિમ્નસ્તરીય અકુશળ શ્રમિકો :*

કુશળ શ્રમિકો મોટાભાગે ઉચ્ચ સ્તરીય જ્ઞાતિમાંથી આવે છે. જયારે અકુશળ શ્રમિકો નિમ્ન સ્તરીય જ્ઞાતિમાંથી આવે છે. કુશળ શ્રમિકોનું કુટુંબનું કદ નાનું હોય છે. તેમની આવક વધુ હોય છે. પરિણામે તેમનું જીવન ધોરણ ઊંચુ હોય છે. જયારે નિમ્નસ્તરીય જ્ઞાતિઓમાંથી આવતા કારીગરોનું કુટુંબનું મોટું કદ છે. તેઓની આવક અને જીવન ધોરણ નીચું હોય છે. ગ્રામ્ય કારીગરોમાં બેરોજગારી અને અર્ધ બેરોજગારીનું પ્રમાણ ઊંચુ જોવા મળે છે.

## ૬.૫ પરિકલ્પનાની ચકાસણી:

પ્રસ્તુત સંશોધન અભ્યાસ "રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યાઓ અને ભાવિ" માં જે પરિકલ્પનાઓ કરવામાં આવેલ છે તે પરિકલ્પનાની ચકાસણી કરતા તે પરિકલ્પનાઓ સાચી છે જે જાણવા મળેલ છે. તેનું વિશ્લેષણ નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧) પ્રથમ પરિકલ્પના એ કરવામાં આવેલ કે ગ્રામીણ કારીગરોની સમસ્યા વધુ ગંભીર હોય છે જે તપાસતા જાણવા મળે છે કે મોટા ભાગના કારીગરો નીચી આવકના કારણે ગરીબીમાં જીવે છે. કેટલાંક અતિ કંગાલીયતભરી અવસ્થામાં જીવી રહયા હોવાનું જણાય છે. આમ આ પરિકલ્પનાની ચકાસણી કરતાં માલુમ પડેલ છે જે પ્રકરણ ત્રણ અને પ્રકરણ પાંચમાં દર્શાવવામાં આવેલ છે.

(૨) બીજી પરિકલ્પના એ કરવામાં આવેલ કે આધુનિકરણથી ગ્રામ્ય કારીગરોની આર્થિક સ્થિતિમાં ફેરફાર થયેલ જોવા મળેલ છે. ગ્રામીણ કારીગરોના ૬૨.૫૦ ટકા કારીગરોએ પોતાના ધંધામાં આધુનિકરણ અપનાવેલ છે. જેથી આ

પરિકલ્પના પણ ચકાસણી કરતાં સાચી હોવાનું જાણવા મળેલ છે જેનું વિશ્લેષણ પ્રકરણ નંબર ચારમાં આપવામાં આવેલ છે.

(૩) આ સંશોધન અભ્યાસમાં ત્રીજી પરિકલ્પના એ કરવામાં આવેલ કે આર્થિક ઉત્થાનના આધારે કારીગર વર્ગના ધંધા ઉદ્યોગનો વિકાસ થયેલ જોવા મળેલ છે. આ પરિકલ્પનાની પણ ચકાસણી કરતાં પરિકલ્પના સાચી ઠરે છે જેનું વિશ્લેષણ પ્રકરણ એક અને પાંચમાં જાણવા મળે છે.

(૪) ચોથી પરિકલ્પના એ નકકી કરવામાં આવેલ કે ગ્રામીણ કારીગરોની સ્થિતિ અત્યંત નબળી છે. આ અભ્યાસમાં સમાવિષ્ટ થતા કારીગરોની સરેરાશ વાર્ષિક આવક રૂા. ૧૯૩૮૯ થવા જાય છે. આર્થિક અસમાનતાના લીધે કેટલાંક કારીગરો ગરીબીની રેખા નીચે જીવતા જોવા મળે છે. આ પરિકલ્પનાની ચકાસણી કરતાં પરિકલ્પના સાચી ઠરે છે જેનું વિશ્લેષણ પ્રકરણ નંબર પાંચમાં આપવામાં આવેલ છે.

(૫) પાંચમી પરિકલ્પનામાં ટેકનોલોજિ પરિવર્તનને કારણે ગ્રામીણ કારીગરોની આવક અને રોજગારી પર માઠી અસર થયેલ છે જેનું વિશ્લેષણ કરતાં પણ આ પરિકલ્પના સાચી ઠરે છે જે પ્રકરણ પાંચમાં બતાવવામાં આવેલ છે.

## ૬.૬ હેતુઓની સિદ્ધિ :

પ્રસ્તુત સંશોધન અભ્યાસ "રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યા અને ભાવિ" માં જે હેતુઓ નિર્ધારિત કરવામાં આવેલ તેની સિદ્ધિ અંગેનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

(૧) પ્રથમ હેતુ એ રાખવામાં આવેલ કે રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ગ્રામીણ કારીગરોની કામ કરવાની પરિસ્થિતિમાં પરિવર્તન આવેલ છે કે કેમ ? તે જોવામાં આવેલ છે. આ હેતુ તપાસતા માલુમ પડેલ છે કે ગ્રામ કારીગરોની પરિસ્થિતિમાં પરિવર્તન આવેલ છે જેનું વિશ્લેષણ પ્રકરણ નંબર પાંચમાં દર્શાવવામાં આવેલ છે.

(૨) બીજો હેતુ એ નકકી કરવામાં આવેલ કે પરિવર્તનોને કારણે કામ કરવાની પરિસ્થિતિમાં પણ ફેરફાર થયેલ છે. આ હેતુનું પણ વિશ્લેષણ કરતાં એ હેતુ સિદ્ધ થયેલ છે જેનું વિશ્લેષણ પ્રકરણ નંબર ચારમાં કરવામાં આવેલ છે.

(૩) ત્રીજો હેતુ એ રાખવામાં આવેલ કે રાજકોટ જિલ્લાના ગ્રામીણ કારીગર વર્ગની સ્થિતિ ખરાબ માલુમ પડેલ છે. કારીગર વર્ગની આવક અને રોજગારીમાં થયેલ ઘટાડો ગ્રામીણ કારીગર વર્ગની પરિસ્થિતિ ઉપર વિપરિત અસર કરે છે. આ હેતુની સિદ્ધિ અંગેનું વિશ્લેષણ પ્રકરણ નંબર પાંચમાં આપવામાં આવેલ છે.

(૪) ચોથો હેતુ એ રાખવામાં આવેલ કે ગ્રામીણ કારીગરોને રોજગારી, આધુનિકરણ, માંગ વગેરે જેવી સમસ્યાનો સામનો કરવો પડે છે તે જોવામાં આવેલ છે. આ હેતુ અંગેની સિદ્ધિનું વિશ્લેષણ પણ પ્રકરણ પાંચમાં કરવામાં આવેલ છે.

(૫) પાંચમો હેતુ એ રાખવામાં આવેલ કે આધુનિક ટેકનોલોજીકલ પરિવર્તનનોને લીધે ગ્રામ્ય કારીગરની રોજગારી ના માળખા અને આવકના ધોરણો પર માઠી અસર થતી જોવા મળેલ છે. તેની સિદ્ધિ અંગેનું વિશ્લેષણ પ્રકરણ નંબર પાંચમાં કરવામાં આવેલ છે.

(૬) છઠ્ઠો હેતુ એ છે કે આધુનિકરણની પ્રક્રિયાના કારણે ગ્રામ્ય કારીગરવર્ગનું ભાવિ ધૂંધળુ જોવા મળેલ છે. આ હેતુની સિદ્ધિ અંગેનું વિશ્લેષણ પ્રકરણ ચારમાં કરવામાં આવેલ છે.

## ૬.૭ ગ્રામીણ કારીગરોનું ભાવિ :

ભારતીય સમાજમાં ધીમા પણ મકકમ ફેરફારો થતા જણાય છે. આ ફેરફારો પૈકીનો એક ફેરફાર છે ગ્રામીણ કારીગરોના ધંધામાં આવતા પરિવર્તન, આધુનિકરણ, કારીગરો માટે વિકાસની અનેક નવી તકો અને દિશાઓ છે. આજે અર્થશાસ્ત્રીઓ તત્ત્વચિંતકો, શિક્ષણ શાસ્ત્રીઓ સૌ કોઈ આ દિશામાં જાગૃત થવાનું સૂચન કરે છે. અને તેના પરિણામ સ્વરૂપ કારીગરો પણ તેના આધુનિકરણ લાવવા પ્રત્યે જાગૃત થતા જોવા મળેલ છે. દેશમાં વધતા જતા ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકરણને લીધે રાજ્યએ

તેની જવાબદારી છોડી છે. રાજ્ય મોટે ભાગે તેનું ધ્યાન વિદેશી મૂડીને આકર્ષિત કરવા કેન્દ્રિત કરે છે. તેમાં કારીગરોના હિતોનો ભોગ લેવાય છે. હરીફાઈનું પ્રમાણ વધે છે. તેમાં ગ્રામીણ કારીગરોની સ્થિતિ વણસે છે. વિશ્વ બેન્ક, આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થા વગેરે પાસેથી ધિરાણ પ્રાપ્ત  કરવાના બદલામાં કેટલીક શરતો સ્વીકારવી પડે છે. આ શરતો શ્રમિકોનું અહિત કરનારી નીવડે છે. શ્રમિકોની સંખ્યા ઔપચારિક ક્ષેત્રમાં ઘટાડનારી અને અનૌપચારીક ક્ષેત્રમાં વધારનારી હોય છે. માળખાગત ગોઠવણ કાર્યક્રમ Structure of adjustment programme  અંતર્ગત અમલમાં આવતી નીતિઓમાં ઔદ્યોગિક કાર્યની જ પુનઃરચના થાય છે. તેની પુન : રચનાની પ્રક્રિયા રાજ્ય નક્કી કરે છે. પણ તે કારીગરોના હિતમાં જ હોય છે. મૂડીના સંદર્ભમાં તે વધુ ફેરફારક્ષમ હોય છે. પરંતુ વળતર કામના કલાકો, કામની સ્થિતિ, કાર્યના કરાર, સંગઠન માટેની શકયતા વગેરેના સંદર્ભમાં શ્રમિકોની ફરિયાદોને ધ્યાનમાં લેતા નથી તેથી ઔદ્યોગિક કામની પુન : રચના કરતી વખતે ઉત્પાદકતા, ગ્રાહકો અને કામદારોની જરૂરિયાતો કામદારોની ભૂમિકાઓ અને વિવિધ ઓળખ પ્રત્યેની સંવેદનશીલતા વગેરેને ધ્યાનમાં લેવા જોઈએ.

દેશના કુલ શ્રમદળમાં અંસગઠિત ક્ષેત્રે કામ કરતાં કારીગરોનું પ્રમાણ લગભગ ૯૬ ટકા છે આ અંસગઠિત કારીગરો કૃષિ, વાણિજય, બાંધકામ વગેરે ક્ષેત્રોમાં સારા એવા પ્રમાણમાં કામ કરી રહ્યા છે. વૈશ્વિકરણની પ્રક્રિયા એ જુદા જ પ્રકારની સમસ્યામાં અસંગઠિત વિભાગના કારીગરો માટે ઊભી કરે છે. સરકારની ખાનગીકરણ તથા વૈશ્વિક કરણની નીતિને લીધે કારખાના બંધ કરવાનું સરળ બને તેવી કાનૂની વ્યવસ્થા ઊભી કરી છે. પરિણામે સંગઠિત ક્ષેત્રે કામગીરી કરતાં કારીગરોમાંથી કેટલાંકે તેમની રોજગારી ગુમાવી છે. તેને લીધે શ્રમના પુરવઠામાં સતત વધારો થાય છે. પરિણામે તેઓનું અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ બનતું જાય છે. કામદારોની આવકમાં ઘટાડો થવાથી ગ્રામીણ કારીગરોની સંખ્યામાં સતત વધારો થાય છે. પરિણામે અસંગઠિત વિભાગમાં ઓછી રોજીએ કામ કરવાની ફરજ પડે છે. ગ્રામીણ કારીગરોનું ભાવિ આ પરિસ્થિતિમાં કેટલે અંશે ઉજ્જવળ ગણી શકાય.

વર્તમાન સમયમાં ૨૦૦૩માં બહાર પડેલા આંકડાકીય શૈક્ષણિક માહિતી મુજબ ગુજરાત રાજ્યનો કુલ સામાજિક સાક્ષરતાનો દર ૬૯.૯૭ ટકા છે જેમાં પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૮૦ ટકા અને સ્ત્રીઓમાં સાક્ષરતા દર ૫૮.૬૦ ટકા છે રાજ્યમાં ૮.૫૦ ટકા જેટલા પુરુષો અને ૩૧.૪૦ ટકા જેટલી મહિલાઓ લખી વાંચી શકતા નથી. વર્ષ ૨૦૦૧, ૨૦૦૨ના અંદાજ મુજબ ધોરણ ૧ થી ૫માં શાળા છોડી જનાર બાળકોની સંખ્યાનું પ્રમાણ ૧૯.૯૫ ટકા તથા ૩૭.૬૮ ટકા જેટલું હતું. પરિણામે ધોરણ પાંચમાં દાખલ થયેલ ૧૯ ટકા વિદ્યાર્થીઓ અને ધોરણ–૭ સુધી અભ્યાસ પૂર્ણ કરતાં પહેલા ૩૮ ટકા બાળકો શાળા છોડી દે છે. સરકાર પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવવા અંગેના પગલાઓ ઘણા વર્ષોથી લે છે. પુસ્તકો, ગણવેશ, દફતર વગેરે શિષ્યવૃત્તિ મફત પુરા પાડવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણમાં પ્રમાણ સતત ઘટતું રહે છે જો વાસ્તવિકતા આ પ્રકારની હોય તો આ બધા ભાવિ શ્રમિકોને કયા ક્ષેત્રે સમાવિષ્ટ કરી શકીશું તે સતત ચિંતાનો વિષય છે. તેઓનું ભાવિ ધૂધળું દેખાય છે.

દેશમાં એકબાજુ શિક્ષિત શ્રમિકો સંગઠિત ક્ષેત્રે આગળ વધે છે. તો બીજી બાજુ બિનકુશળ તથા ઓછુ શિક્ષણ પામેલ કારીગરો અસંગઠિત ક્ષેત્રમાં જોડાય છે. ગ્રામીણ વિસ્તારમાં ગ્રામીણ કારીગરો અસંગઠિત રીતે કામગીરી કરતાં જોઈ શકાય છે. તેમાં કોઈ વિશેષ આવડત કે કુશળતાની જરૂર રહેતી નથી તેઓ આ પ્રકારની કામગીરી સ્વનિરીક્ષણ દ્વારા પરંપરાગત વડીલો પાસેથી શીખે છે. તેમની કામગીરીનું સ્વરૂપ એવુ છે કે તેમના કલાકો નિશ્ચિત હોતા નથી. સમયની જડતાનું કોઈ બંધન નથી તેઓ મહદઅંશે નિમ્ન જ્ઞાતિમાંથી આવે છે. શિક્ષણના અભાવને લીધે કારીગરો આધુનિકરણ અપનાવી શકયા નથી. ઉદારીકરણ તથા વૈશ્વિકરણને લીધે અનેક નવા નવા સાધનો બજારમાં આવતા જાય છે. ખેતીક્ષેત્રે ટ્રેકટર પ્રેસર તથા યાંત્રિક ઓજારોને લીધે ગ્રામ્ય કારીગરો દ્વારા બનાવેલ હળ, દાતરડાં વગેરેનો ઉપયોગ ઘટયો છે. આ યાંત્રિક સાધનો એ ગ્રામીણ સાધનોનું પ્રમાણ ઘટાડયું છે. કારીગરો માટે ભવિષ્યમાં વધુ યાંત્રીક સાધનોનો સામનો કરવો પડશે કે કેમ ? શંકાસ્પદ જણાય છે.

ગ્રામીણ કારીગરોમાં સુંડલા, સાવેણા બનાવતા કારીગરોની સ્થિતિ બહુ જ દયનીય છે. તેઓને આ વસ્તુનું વેચાણ છુટકમાં થતુ હોય છે. તેનું વળતર બહુ ઓછું મળતું હોય છે. સુંડલા માટે વાંસ, સાવેણા સાવેણી માટે સળી લેવી પડતી હોય છે. આથી આ લોકો દયનીય સ્થિતિમાંથી બહાર નીકળશે કેમ ? તે એક પ્રશ્ન છે.

આજે આધુનિકરણ અને પરિવર્તનથી ગ્રામીણ કારીગરો દ્વારા ઉત્પાદિત થતી વસ્તુ પુરાણી હોવાથી તેમનું વેચાણ બહુ જ ઓછું થતું જોવા મળે છે.

ગ્રામ્ય કારીગરોનું ભાવિ આશાસ્પદ અને ઉજ્જવળ જણાતું નથી. આ પ્રશ્નોને કારણે કાં તો તેમને આધુનિકરણ અપનાવવું પડે અથવા તો વ્યવસાય બદલાવો પડશે.

## ૬.૮ સૂચનો :

પ્રસ્તુત સંશોધન અભ્યાસની સમગ્ર ચર્ચા પરથી ફલિત થાય છે કે ગ્રામીણ કારીગરોની રોજગારી અને પરંપરાગત ધંધો ટકાવી શકાય કે કેમ ? તે એક મહત્ત્વની સમસ્યા છે. તેમની આ સમસ્યાઓનું સ્વરૂપ અતિગંભીર છે. તેમનું ભાવિ અસ્પષ્ટ અને બિન આશાસ્પદ જણાય છે. જેના નિવારણની પૂર્ણ શકયતા જોવા મળતી નથી. છતાં ગ્રામીણ કારીગરોની સમસ્યા હળવી બનાવવા તથા તેમની સામાજિક, આર્થિક સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે કેટલાંક પગલા લેવાની જરૂર છે. ગ્રામીણ કારીગરોને માટે કેટલાંક ઉપાયો નીચે પ્રમાણે સૂચવ્યા છે.

(૧) ગ્રામીણ કારીગરોને પોતાના પરંપરાગ ધંધો ઉદ્યોગ તો કરવાની સાથે સાથે અન્ય પૂરક ઉદ્યોગ જેવા કે ગોળ ઉદ્યોગ, ખાંડસરી ઉદ્યોગ, કાથી ઉદ્યોગ વગેરે ઉદ્યોગ હાથ ધરવા જોઈએ, સહકારી ધોરણે આવા ઉદ્યોગો શરૂ કરીને મજૂરોને વધારે કામ આપી શકાય છે. ગ્રામોઉદ્યોગનો વિકાસ કરી, ઉત્પાદન વધારી સાથે શ્રમિકોને શોષણમાંથી મુકિત આપી શકાય છે. ઉત્પાદનની સાથે સપ્રમાણ વહેંચણી પણ કરી શકાય છે.

(૨) ગ્રામીણ કારીગરોમાં નિરક્ષરતાનું પ્રમાણ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. ગ્રામીણ કારીગરોમાં લગભગ ૬૦ થી ૭૦ કારીગરો નિરક્ષર જોવા મળે છે. આ

કારીગરોની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ સુધારવા માટે તેઓનાં શિક્ષણનું પ્રમાણ વધારવું જોઈએ. તેમજ તાલીમ આપીને કારીગરોની કુશળતામાં વધારો કરવો જોઈએ. તે માટે શિક્ષણનો ફેલાવો કરવાથી તેમને તેમની પરિસ્થિતિનું જ્ઞાન થાય છે. આથી સ્વવિકાસ માટે પ્રયત્ન કરે છે. માત્ર એક ક્ષેત્ર પર આધારિત ન રહેતા અન્યક્ષેત્રમાં પણ રોજગારીની તકો શોધે છે. તે દ્વારા પોતાની આવક અને જીવન ધોરણમાં સુધારો કરવા માટેના પ્રયત્ન કરે છે. ઉપરાંત કારીગરોને તાલીમ આપવાથી તેમની કુશળતામાં વધારો થાય છે. જેથી ઉત્પાદન શકિત પણ વધે છે.

(૩) ગ્રામીણ કારીગરોની બેકારીના સમયમાં રોજગારી મળી રહે તે માટે ના પ્રયત્નો સરકારે હાથ ધરવા જોઈએ તે માટે સરકારે વ્યવસ્થિત કાર્યક્રમ ઘડી જાહેર બાંધકામ જેવા કે સિંચાઈ, રસ્તા, મકાનો વગેરેમાં વધુને વધુ કારીગરોને રોજગારી મળે તેવા પ્રયત્નો કરવા જોઈએ કારીગરોએ પણ સાથે મળીને સહકારી ધોરણે સ્થાયી રોજગારી વધારવા અંગેનું યોગ્ય આયોજન કરવું જોઈએ.

(૪) આ ક્ષેત્રનો વ્યાપ ગ્રામીણ બેરોજગારીની સમસ્યા હલ કરવાની તાતી જરૂરિયાત જણાય છે. અને તે માટે નૂતન અભિગમ દ્વારા તેનું સમાધાન આપે તેવી જાણ અપનાવી જોઈએ.

(૫) જે રીતે સંગઠિત ઉદ્યોગની આકર્ષક વસ્તુઓ બજારમાં પ્રચલીત બની છે તે રીતની વેચાણ કક્ષાની અદ્યતન રસમો, બજાર સંશોધનો દ્વારા નૂતન બજારોની શોધ, કળાના પારખુઓને અનુરૂપ વસ્તુ બનાવવાની ટેકનીક, નવી ડીઝાઈન આકર્ષક રંગ વગેરે પ્રયોગો અજમાવી નૂતન વેચાણ કરવાની પદ્ધતિઓ આ ક્ષેત્ર માટે ઉપયોગી બની શકે.

(૬) કુટીર અને ગ્રામો ઉદ્યોગને બચાવવા અંગેની નીતિમાં તેના ઉત્પાદનની કાર્યક્ષમતા ઊંચી લઈ જવા અને માનવ તથા અન્ય સાધનોની પૂર્ણ રોજગારીની પ્રાપ્તિ પ્રત્યે લક્ષ આપી બેરોજગારીની સમસ્યાને હલ કરવી જોઈએ.

(૭) ગ્રામીણ કારીગરો માંગ બદલાવાના કારણે આધુનિકરણ લાવવા માંગતા હોવાનું જાણવા મળે છે. બજારમાં ગ્રાહક સર્વોપરી ગણાય છે અને અનેકવિધ પ્રસાર

માધ્યમો દ્વારા ગ્રાહકની અભીરૂચી અને ટેવને બદલાવાને પ્રયાસ કરવામાં આવે છે અને પરિણામે માંગમાં પરિવર્તન સર્જાય છે અને આ માંગમાં આવતા પરિવર્તનને અનુરૂપ તેને પોતાની વસ્તુ બજારમાં મુકવામાં ન આવે તો તેણે બજાર ગુમાવવું પડે છે. આમ બદલાતી માંગને અનુરૂપ પોતાની વસ્તુ કે પેદાશમાં આધુનિકરણનું તત્ત્વ દાખલ કરીને ગ્રાહકને ભોગ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તાજેતરનાં વર્ષોમાં વૈશ્વિકરણની પ્રક્રિયાને લીધે વિશ્વના બજારો ઘણા નજીક આવી રહ્યા છે. અને અનેક પ્રસાર માધ્યમોને કારણે વિવિધ વેચાણ પદ્ધતિઓથી ગ્રાહકોને પ્રભાવિત કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. આવા સંજોગોમાં જૂની પૂરાણી વેચાણ પદ્ધતિઓથી આર્થિક ઉપયોગિતા ઘટી જાય છે અને તેથી બજારમાં પ્રવાહને અનુસાર અદ્યતન વેચાણ પદ્ધતિ તરફ વળવાનું જરૂરી બની જાય છે.

(૮) અસંગઠિત ક્ષેત્રમાં મુકત પ્રવેશનો સંપૂર્ણ અવકાશ છે. ઓછી મૂડીથી આવા વ્યવસાયો શરૂ થતા હોય છે. તથા મોટેભાગે સાદી ઉત્પાદનપદ્ધતિનો તેમાં આશ્રય લેવામાં આવતો હોય છે. તેથી નોકરીના વિકલ્પમાં સ્વરોજગારીના આવા ક્ષેત્રમાં થોડી ઘણી જાણકારી કે કુશળતા દાખવીને અવેજી રૂપ વસ્તુ કે સેવા મુકવાનો મોટો અવકાશ રહેલો છે.

(૯) વૈશ્વિકરણ અને ઉદારીકરણની નીતિએ વિદેશી વસ્તુ માટે બજારો ખુલ્લા કર્યા છે. ભારતની ભૂતકાલીન ઔદ્યોગિકરણ નીતિમાં આયાત અવેજીકરણની નીતિનો સ્વીકાર થતો હતો અને એ રીતે વિદેશી વસ્તુના સ્થાને દેશી વસ્તુ વસાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ નીતિ અંતર્ગત આંતરીક બજારની સુરક્ષીતતાને લીધે અસંગઠિત ક્ષેત્રમાં અનેક નાના એકમોનો વિકાસ થયો અને ફૂલ્યા ફાલ્યા ૧૯૯૧ બાદ આ પરિસ્થિતિએ નવો વણાંક લીધો છે. આયાત જકાતની દિવાલો તોડી પાડીને વિદેશી આયાતો મુકત કરવામાં આવે છે. જેને કારણે ભારતનું બજાર અનેક વિધ વસ્તુઓથી છલકાવા લાગ્યું છે. જેની અસર મોટા સક્ષમ એકમો પર પડી નથી. પરંતુ આવા બિનઆર્થિક અનેક નાના

એકમોને આવી ભિષણ વિદેશી હરીફાઈનો સામનો કરવાની સ્થિતિમાં મુકાવુ પડે છે.

(૧૦) ટેકનીકલ ફેરફારો સર્વાંગીય ઉત્પાદન પદ્ધતિ, સ્વરૂપ, વસ્તુની ગુણવત્તા, આકાર, સુઘડતા, વગેરે દરેક બાબતમાં આવવા જોઈએ તથા આધુનિક ઓજારો, ઉર્જા સાધનોનું મહત્ત્વ ઝડપથી વધે તે બાબત પ્રત્યે કાળજી લેવાવી જોઈએ.

(૧૧) ૧૯૪૮ની આર્થિક નીતિના સંદર્ભમાં આક્ષેત્રની સ્થિતિ સંબંધી વિશ્લેષણ કરતાં કારીગર ક્ષેત્રની રોજગારી અંગે ચિંતાજનક સ્થિતિ ઊભી થયાનું જાણવા મળે છે. ગ્રામ્ય ક્ષેત્રમાં આવા નાના ગૃહ અને કુટીર ઉદ્યોગો ભાંગી રહ્યા છે. અને તેમની રોજગારીનું પ્રમાણ ઘટી રહ્યું હોવાનું જણાયું છે. આ ક્ષેત્રની બેકારીની સમસ્યા માનવીય ધોરણે તેમજ સાંસ્કૃતિક વારસાની દષ્ટિએ હલ કરવાની જરૂર છે.

(૧૨) ગ્રામીણ અને કુટીર ઉદ્યોગમાં પૂર્ણ રોજગારી જાળવી રાખવા અને ઉત્પાદનની મહત્તમ કાર્યક્ષમતા ટકાવી રાખવાના હેતુઓ દર્શાવવામાં આવેલા. આ દિશામાં ખરેખર વિપરીત સ્થિતિ નિર્માણ થયેલી જોઈ શકાય છે. વિદેશીમાલથી તેમજ દેશના સંગઠિત ક્ષેત્રના માલથી આ ગ્રામીણ વિસ્તારો ઊભરાઈ રહ્યા છે. તેમજ મોટો પડકાર ઊભો કરી રહેલ છે.

(૧૩) આ વર્ગની આર્થિક બરબાદી અને કંગાલિયત તથા વિસ્તરી રહેલ બેકારીની સમસ્યા ત્વરીત નિરાકરણની આવશ્યકતા છે. પરંપરાગત રીત રસમથી આરક્ષણ નીતિ દ્વારા અને સબસિડીની નીતિ દ્વારા આ ક્ષેત્રને બચાવી શકાયુ નથી, સ્થાનીક માલ, સ્થાનિક ઉત્પાદન અને સ્થાનિક ધોરણે વેચાણની રીત રસમથી આ ક્ષેત્રને બચાવવાનું અતિ કઠીન છે. ઉદારીકરણની નીતિ બાદ આ ક્ષેત્રમાં બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે. ગ્રામીણ કારીગરોના વિવિધ વ્યવસાયોમાં આધુનિકરણનો અવકાશ રહેલો છે જે માટે વ્યકિતગત વ્યવસાયના વિકાસના દરનું ઉત્પાદન તેમજ પેદાશ મુલ્યના સંદર્ભમાં તપાસવામાં આવેલ છે. તથા તેની કામગીરી મૂલવવામાં આવી છે. આ વિકાસદરના આધારે તેનું ભાવી કેવું હશે તે અંગે સ્પષ્ટતા કરી આધુનિકરણ આ વિવિધ વ્યવસાયોમાં કઈ પદ્ધતિ સુધી તેને વિસ્તારી શકે તેનો

સૈદ્ધાંતિક રીતે નિર્દેશ કરીને આધુનિકરણ માટેના નૂતન અભિગમ અપવાની, આધુનિકરણના અવકાશની નવી દિશાઓનો સંકેત આપવામાં આવેલ છે કે જેના દ્વારા વ્યકિતગત વ્યવસાયકાર પોતાના ધંધાની સ્થિતિ, વિકાસ, કામગીરી અનુસાર પરિવર્તન અમલમાં મૂકી શકે.

(૧૪) આમ ગ્રામીણકારીગરો ગ્રાહક સાથે ગાઢ સંપર્ક રાખી બજારમાં પોતાનું સ્થાન ટકાવી રાખી શકે છે. ઉપરાંત ટેકનોલોજી, અદ્યતનજ્ઞાન, જાણકારી, આવડત, ગ્રાહકના માનસ પરિવર્તન વગેરે બાબતોને લક્ષમાં લેવાનું તેને માટે ઘણું જરૂરી બની જાય છે. આ દષ્ટિએ કારીગરવર્ગ દ્વારા આર્થિક પરિવર્તન કે આધુનિકરણ જેટલું ઝડપી બનાવી શકાય તેટલી તેની ભાવિ વિકાસની તકો વધુ ઉજ્જવળ બનાવી શકાય. આમ વ્યકિતગત વ્યવસાયકાર પોતાના વ્યવસાય સંબંધે વ્યૂહરચના ઘડી આધુનિકરણ અપનાવી શકે તે બાબત પર લક્ષ આપવાથી વિકાસની તકો વિસ્તૃત બની શકાય તેવો નિર્દેશ મળી રહે છે.

## ૬.૯ વધુ આગળ અભ્યાસ માટેની સંભાવનાઓ :

આપણા આ અભ્યાસ સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકાને લક્ષમાં લઈ હાથ ધરવામાં આવેલ છે. આ અભ્યાસમાંથી વધુ આગળ અભ્યાસ માટે કેટલાંક મહત્ત્વના મુદ્દાઓ નિષ્પન્ન થતા જોવા મળે છે. સંશોધન કામગીરી હાથ ધરનાર ભવિષ્યમાં સંશોધકો માટે સંશોધન અભ્યાસ માટે કેટલાંક મુદ્દાઓ નીચે પ્રમાણે સૂચવેલ છે જેના પર વધુ સંશોધનનો અવકાશ રહેલો છે.

(૧) માત્ર ગ્રામીણ કારીગરોના સંદર્ભમાં આ સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. જયારે શહેરી કારીગરોના સંદર્ભમાં પણ આવો અભ્યાસ હાથ ધરી શકવાનો એક વિશાળ અવકાશ રહેલો છે.

(૨) ગ્રામીણ વિસ્તારમાં કેટલીક સમસ્યાઓ છે. જે શહેરી વિસ્તારમાં દષ્ટિગોચર થતી નથી. શહેરી વિસ્તારમાં કારીગરોની સ્થિતિ વધુ સારી હોવાની સંભાવના હોઈ તેના સંદર્ભમાં સ્વતંત્ર અભ્યાસનો વિસ્તૃત અવકાશ રહેલો છે.

(૩) સરકારી જાહેર નોકરીઓમાં આ રક્ષણની નીતિના સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણ તેમજ વિવિધ વ્યવસાયમાં આરક્ષણનો કેટલે અંશે અમલ થયો છે ? તેની મર્યાદા કઈ કઈ ? વગેરે બાબતો પર પ્રકાશ પાડવા અવકાશ રહેલ છે.

(૪) સ્વાલંબી ક્ષેત્રવાળા વ્યવસાયો સ્વંયમ રોજગારીના ક્ષેત્રોનાં સંદર્ભમાં શહેરી વિસ્તાર માટે આવો અભ્યાસ હાથ ધરવાથી ઉચ્ચ શિક્ષણ સિવાયના વ્યવસાયક્ષેત્રોની રોજી આપવાની શકયતા પર પ્રકાશ પાડી શકાય. તેથી આવા અભ્યાસનો અવકાશ રહેલો છે.

(૫) આ અભ્યાસ નાના ટચુકડા એકમો સાથે સંકળાયેલ વ્યવસાયો જ આવરી લીધેલા છે મધ્યમ કદના કે મોટા કદના આવા વ્યવસાયોમાં જો કારીગરો પ્રવૃત્ત હોય તો તે અંગે પણ સ્વતંત્ર અભ્યાસને અવકાશ રહેલો છે.

(૬) ગરીબીની સમસ્યાના સંદર્ભમાં શહેરી ગરીબો તરીકે અસંગઠિત ક્ષેત્રના વ્યવસાયોમાં જે નીચલા સ્તરવાળા વ્યવસાયો છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી અભ્યાસ થઈ શકે.

## ૬.૧૦ સમાપન :

પ્રસ્તુત સંશોધન અભ્યાસ ગ્રામીણ કારીગરોના સંદર્ભમાં રજૂ કરવામં આવેલ છે. ખેતીક્ષેત્ર દેશમાં પ્રાથમિક ક્ષેત્ર છે. તે રાષ્ટ્રીય આવક રોજગારી સર્જન તથા અન્ય માટે કરોડરજ્જુ સાબિત થયેલ છે. દેશના વિકાસ માટે ખેતીનો વિકાસ અનિવાર્ય પૂર્વશરત બની રહે છે ગ્રામીણ કારીગરોના ઉદ્યોગ ખેતી સાથે જોડાયેલ છે. તેથી ગ્રામીણ કારીગરોની સમસ્યાનું સ્વરૂપ, રોજગારી, વેતન, આવકનું પ્રમાણ વ્યકિતગત અને સામાજિક પરિસ્થિત વગેરે વિગતોનું સૂક્ષ્મ અવલોકન કરવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ સૌરાષ્ટ્ર પ્રદેશ પૂરતો મર્યાદિત છે. સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાને ધ્યાનમાં લઈ રાજકોટ જિલ્લાના ચૌદ તાલુકાઓ અને દરેક તાલુકામાંથી બે–બે ગામોનો સમાવેશ કરાયો છે. પ્રત્યેક ગામમાંથી ૨૦ ગ્રામીણ કારીગરો તથા તૈયાર કરેલ પ્રશ્નાવલી દ્વારા પ્રત્યક્ષ મોજણી કરી અભ્યાસ હાથ ધરેલ છે. આ સંશોધન અભ્યાસમાં ગ્રામીણ

કારીગરોને જ ધ્યાનમાં લીધેલ છે. અગાઉના અભ્યાસો કરતાં આ અભ્યાસ વિશિષ્ટ છે. આ સંશોધન અભ્યાસ ચોક્કસ હેતુઓ અને પરીકલ્પનાઓ સાથે રજૂ કરવામાં આવેલ છે. હેતુઓની સિદ્ધિ અને પરીકલ્પનાઓની ચકાસણી પણ કરેલ છે. ગ્રામીણ કારીગરોના અભિપ્રાયોને આધારે આ અભ્યાસ તૈયાર કરવામાં આવેલ છે તે અંગે સૂચનો પણ રજૂ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ ગ્રામીણ કારીગરોને આવરી લે છે. આ કારીગરો અસંગઠિત રીતે કામગીરી કરતાં હોવાથી અન્ય અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને પણ આ અભ્યાસ સ્પર્શે છે. તેથી આ પ્રકારનો અભ્યાસ રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાનો હોઈ શકે પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી અનેક સંશોધકોને આ પ્રકારના વિષયો પર સંશોધન કરવાની પ્રેરણા મળી રહેશે તેમ કહી શકાય.

❖❖❖

# અનુસૂચિ

# રાજકોટ જિલ્લાના ગ્રામ કારીગરોની સમસ્યા અને ભાવિ

ગામનું નામ : તાલુકો :

**(એ) કુટુંબની માહિતી :**

(૧) કુટુંબની માહિતી :

તાલુકો :

ગામનું નામ :

કારીગરનું નામ :

જ્ઞાતિ :

ધંધો :

શિક્ષણનું પ્રમાણ : પ્રાથ. માધ્ય. ઉ.માધ્ય. કોલેજ યુનિ. નિરક્ષક સહી

પોતાનું :

પત્નીનું :

બાળકોનું : ૧.

૨.

૩.

૪.

(૨) કુટુંબના મુખ્ય માણસો શો ધંધો કરે છે ?

(૩) કુટુંબના સભ્યોની સંખ્યા

| નંબર | નામ | ઉંમર | સંબંધ | અત્યારે શું કરે છે ? | ધંધાને લગતું કાર્ય વિગેરે |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |
| ૬. | | | | | |
| ૭. | | | | | |
| ૮. | | | | | |
| ૯. | | | | | |

(બી) **ઔદ્યોગિક આર્થિક પ્રવૃત્તિને લગતી વિગત :**

૧. ધંધાને લગતું સ્થળ

એ. ઘરમાં જ રાખવામાં આવ્યો છે ? હા/ના

બી. બીજા સ્થળે દુકાન (વેચાણ) છે ? હા/ના

૨. આર્થિક મોભો અથવા સ્થાન.

એ. સ્વહસ્તક ઉદ્યોગ હા/ના

બી. ભાગીદારી હા/ના

સી. બીજે નોકરી કરો છો ? હા/ના

૩. ઉદ્યોગનું નામ અને આર્થિક પ્રવૃત્તિ

૪. આર્થિક પ્રવૃત્તિનો નમૂનો

એ. સેવા (નોકરી) કરો છો ? હા/ના

બી. વસ્તુનું ઉત્પાદન કરો છો ? હા/ના

સી. રીપેરીગ કરવા જાવ છો ? વગેરે હા/ના

૫. આર્થિક પ્રવૃત્તિની માંગ કેવી છે ? (ઉત્પાદનની)

૧. સ્થાનિક માંગ છે ? હા/ના

તો એમાં કૃષિલક્ષી કે બિન કૃષિલક્ષી ?

૨. શહેરી માંગ છે ? હા/ના

ઉદ્યોગની માંગ/ધંધાને લગતી માંગ કે ગ્રાહકની માંગ

૩. બહારના રાજયોમાં માંગ થાય છે ? હા/ના

ઉદ્યોગો માટે/ધંધા માટે/ગ્રાહકની માંગ

૬. અવેજીનો વિસ્તાર

૧. અવેજી વસ્તુઓ

એ. અવેજી વસ્તુઓનો જથ્થો/ઔદ્યોગિક/શહેરી વિસ્તારમાં

બી. હરીફાઈમાં છે ? હા/ના

કડક/મધ્યમ/સામાન્ય

પદ્ધતિ કેવી છે ? / જાહેરાત દ્વારા વધુ ગુણવતાવાળી વસ્તુઓ/અવેજી વસ્તુનુ ઉત્પાદન કરી વધુ કિંમત/આકર્ષક ટકાઉ/સ્થાનિક સ્તર/શહેરી બજાર.

૭. ૧. બીજા ઉદ્યોગો સાથે સંબંધ છે ? હા/ના કેવા ?

એ. મધ્યમ માપ (અંદાજ) માટે

બી. લાંબા અંદાજ માટે

સી. ઔદ્યોગિક વપરાશી વસ્તુઓ માટે

૨. તમારી વસ્તુની બજારમાં માંગ ભારે છે ? હા / ના

૩. જથ્થો સપ્લાય કરો છો ?

૮. ઉદ્યોગોનું ઉત્પાદન માળખું કેવું છે ?

૧. પરંપરાથી ચાલ્યું આવતું ? જુનું પુરાણું ? હા/ના

૨. આધુનિક યંત્ર સામગ્રીનો ઉપયોગ કરો છો ? હા/ના

૯. ઉદ્યોગ ચલાવવા પાવર કયાંથી મળે છે ?

૧. ઈલેકટ્રીકસીટી ૨. ઓઈલ ૩. કોલસા

૪. પાણી દ્વારા ૫. માણસો દ્વારા

૧૦. શ્રમિકો કયાંથી મળે છે ?

(૧) ઘરના સભ્ય (૨) બીજા કોઈ બહારના શ્રમિક

૧૧. કામનું સ્થળ

માલિકીનું મકાન/ભાડે – તેની કિંમત કેટલી છે ?

માસિક ભાડું કેટલું ? –

૧૨. ધંધામાં આધુનિકરણ લાવ્યા છો ? હા/ના

એ. ચાલુ વસ્તુમાં આધુનિક ફેરફાર

બી. નવી વસ્તુનું ઉત્પાદન કરો છો ?

સી. વસ્તુમાં વિવિધતા લાવ્યા છો ?

૧૩. દર વર્ષે કેટલું ઉત્પાદન થાય છે ?

એ. જથ્થો..... દર વર્ષે

બી. દર વર્ષે વેચાણ કિંમત કેટલી ? રૂા......

સી. દર વર્ષે સેવામાંથી કેટલી આવક મળે છે ? રૂા.........

૧૪. કેટલું મુડી રોકાણ કરવામાં આવ્યું છે ?

એ. કુલ મુડી રોકાણની કિંમત કેટલી ? રૂા..........

બી. ચાલુ વર્ષે તે મુડી રોકાણની કિંમત કેટલી ? અથવા કેટલું મૂડી રોકાણ થયું છે ? રૂા.......

સી. કઈ જાતનું મૂડી રોકાણ કર્યુ ? નવા સાધનો ખરીદ્યા ? મશીન રોજગારી માટે ખરીદ્યા.

૧૫. નાણાંકીય સંપતિ / વ્યવસ્થા કયાંથી કરી ?

એ. સરકારી સંસ્થા પાસેથી હા/ના

બી. રાજય સરકાર સહાય હા/ના

સી. બેંક લોન હા/ના

ડી. ગ્રામીણ લોન હા/ના

ઈ. બીજી જાહેર સંસ્થા પાસેથી હા/ના

એફ. ખાનગી લોન

૧૬. વેતન ચૂકવણીનો નમુનો

એ. ટર્મ પ્રમાણે નાણાંકીય ચૂકવણી

બી. વસ્તુના ઉત્પાદન પર ટર્મની ચૂકવણી

૧૭. લોનની ચૂકવણી કેવી રીતે ?

એ. માસિક વ્યવસ્થા

બી. સહકારી સંસ્થામાં જઈ વેચાણ કરીને ચુકવણી

૧૮. દર વર્ષે કામના કેટલા દિવસ થાય છે ?

૧૯. ટ્રેનિંગ લીધી હોય તેની વિગત

એ. ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું નામ

બી. અભ્યાસ

સી. અભ્યાસની વિગત

૨૦. બજાર વ્યવસ્થા / નજીકમાં વેચાણ કરો છો ?

એ. જાહેર સંસ્થાને બી. ખાદી ભવનમાં સી. સહકરી સંસ્થાને

ડી. જથ્થા બંધમાં ઈ. છુટક વેચાણ

એફ. નજીકના કમીશન એજન્ટને આપો છો ?

(સી) વપરાશની વિગત અને જરૂરીયાતની વિગત

એ. માસિક કુટુંબનું ગુજરાન ચલાવવા માટે કેટલા રૂપિયાની જરૂર પડે છે ?

રૂા.............

ખાદ્ય અનાજ કપડા

અભ્યાસ ઘરભાડું

દવા ટ્રાન્સપોર્ટેશન

લાઈટબીલ અંગત ખર્ચ

બી. ટકાઉ વપરાશી વસ્તુની કિંમત ? રૂા.............

ઈલેકટ્રીક સીટી, ફેન, રેડીયો, ટેપ, રેકોર્ડર, ટી.વી., ફ્રીઝ, સાયકલ, સ્કુટર, રીક્ષા, ટ્રક, કાર, જીપ, ટેબલચેર, ખુરશી, કોટ, કપ–બોર્ડ

સી. રહેણાંક વ્યવસ્થા કેવી છે ?

એ. મકાન ઘરનું કે ભાડે, ભાડુ રૂા.............

બિલ્ડીગની કિંમત રૂા.............

બી. વિસ્તાર સ્કવેર ફૂટ ......... ફળિયું..........

રૂમની સંખ્યા.... રસોડું.......... બાથરૂમ..... સંડાસ.....

સી. પાણીની વ્યવસ્થા પોતાની છે ?

હેન્ડ પમ્પ ......... કૂવો......... નળ .........

જાહેર વ્યવસ્થા ......... નદી ......... જાહેર નળ .........

જાહેર કુવો.........

ડી. ધંધાને લગતી બીજા કોઈ દિશા છે ખરી ?

૧. ધંધાની પસંદગી પરંપરા અને સ્થાનિક રાખવાની છે ?

૨. ધંધાની પસંદગીમાં ચાલુ ધંધામાં ઉચા અભ્યાસ દ્વારા આધુનિક પદ્ધતિ અને આધુનિક નોકર દ્વારા તેમજ ટ્રેનિંગ દ્વારા વિકસાવવાનો છે.

૩. બીજા કોઈ સેન્ટરે સ્થળાંતર કરી જવાની ઈચ્છા છે ?

૪. સ્થાનિક ધંધામાં ફેરફાર લાવવાની ઈચ્છા છે ? કે બીજા ધંધામાં જવાની ઈચ્છા છે ?

૫. સ્થળાંતર કરી બીજા સ્થળે જવું છે ? બીજો ધંધો શરૂ કરવો છે ?

૬. ધંધો કરવો છે ? કૃષિને લગતો, વેપારને લગતો કે બીન કૃષિલક્ષી ધંધો અપનાવવો છે ?

૭. ધંધાના ઉત્પાદનમાં ફેરફાર લાવવો છે ? તો એમાં ચાલુ ધંધામાં વધારે મુડી રોકાણ કરવું છે ? બજારમાં હરીફોશી મુશ્કેલી/કાચો માલ મેળવવા મુશ્કેલી/નાણાંકીય મુશ્કેલી/બીજા કોઈ કારણો.

૮. ધંધામાં એનું એ જ ઉત્પાદનનું મુકામ રાખવું છે ?

   ૧. યોગ્ય કે જોઈએ તેટલી આવક મળે છે ?

   ૨. ચાલુ ધંધામાં આધુનિકરણ લાવવાની ઈચ્છો છે ?

   ૩. શાખા વ્યવસ્થાથી ફાયદો થાય છે ?

   ૪. બજાર વ્યવસ્થાથી ફાયદો થાય છે ?

   ૫. કાચો માલ, મટીરીયલ, અભ્યાસ અને ટ્રેનીગ દ્વારા તેનો ઉપયોગ કરો છો ?

(ડી) પસંદગી કરેલા ગામની સામાન્ય માહિતી :

   (૧) કુલ વસ્તી

   (૨) વિસ્તાર

   (૩) મુખ્ય વસ્તી

   (૪) શૈક્ષણિક, સંસ્થા, બેંક, પોસ્ટ ઓફિસ કે અન્ય સરકારી સંસ્થાની સુવિધા.

   (૫) જિલ્લા મથકથી અંતર, વાહન–વ્યવહારની સુવિધા

   (૬) તાલુકા મથક સાથે પાકા રસ્તાનું જોડાણ

   (૭) ઈલેક્ટ્રીક, પાણીની સુવિધા.

❖❖❖

# સંદર્ભ સૂચિ

# BIBLIOGRAPHY


1. Bowra, K.C., Income, Employment and Saving in Rural India, Mittal Publicaions, New Delhi, 1985.
2. Desai, Vasant, Rural Development Programmes and Strertegies, Vol. II, Himeslayel Publishing House, New Delhi, 1988.
3. Ghase, Pro376bha, Direct Attack on poverty concept publishing co, New Delhi, 1981.
4. Harrison, Fradericte, Education Manpower and Economic Growth, Oxford India, Booote House, New Delhi, 1970.
5. Bruce Jonston and Hilby, Peter, Agroculfore and structural Transformation, Oxford University Press, New York, 1975.
6. Batrer M.M. Planning in India, V.K. Publishing House, Bareillar, 1987.
7. Jani V.K. and Pandya B.A. Rural Artisansion Saurashtra Illustrated Book Publisers, Jaipur, 1994.
8. John W. Mellor, Economics of Agriculturoal Development Vora and Co. Bombay, 1969.
9. Jain, Anikumar, Economic Planning India, Ashish Publishing House, New Delhi, 1986.
10. Jani V.K. and Pandya, B.A., Rural Artisans and Modernisation, Illustrated Book, Publishers, Jaipur, 1994.
11. Kamble N.D. Laboar Migration in Indian States, Ashish Publishing House, New Delhi, 1983.
12. Joshi V.H. and Others Follow-up Economics Survery of Saurashtra Deptt. of Economics, Saurashtra University Rajkot, 1985.

13. Sharma P. Pero Raju, Dimension of Rural Paverts Daya Publications House, New Delhi.

14. Prasad Kamta, Planning For poveroty Agrical publishing academy New Delhi, 1985.

15. Pandya B.A., Education and Migroation in Saurashtra, I.C.C.S.R. Research project Deptt. of Economics, Saurashtra University Rajkot, 1989.

16. Mier and Baldwin, Economic Development Asia Publishing House Bombay, 1970.

17. Mishra Rajeshwer Economics of powertr Deep and Deep Publications New Delhi 1988.

18. Mohsin, N. Rural Development Through Government programmes, Mitteal Publications, New Delhi, 1985.

19. Murthy N.L. and Narayana K.V. Rural Economy of India Mittal Publications, New Delhi, 1989.

20. Padhy, Kishor Chandra, Rural Development in corporation, New Delhi, 1986.

21. Sing J.P. Patteron of Rural Urban Migroation in India, Inter India Publications, New Delhi, 1986.

22. Warla Bank, World Devlopment Report Oxford University Press, New York, 1996.

23. Tripathi satyandra, Development for rural poor Ravat Publications Jaipur, 1987.

24. Subramanian R, Rural Development An Inside Look at problems and prospects yatem Publications Madras, 1988.

25. Thakur Devendra, Rural Development and Planning in India Deep. and Deep publications, New Delhi, 1986.

26. M.V. Joshi Labour Economic and Labour Problems Atlantic Publishers and distributors, New Delhi, 1999.

27. Bepin Behari, Employment, Technology and Rural Poverty, Vikas Publishing House, Pvt., Ltd., Delhi, 1983.

28. Bepin Behari, Rural Industrialisation in India, Vikas, New Delhi, 1976.

29. A. Das, Foundations of Gandhian Economics, Allied, New Delhi.

30. A. R. Desai, Rural India in Transition, Popular, Bombay.

31. N. L. Murthy and K. V. Narayan, Rural Economy of India, Mittal Publications, Delhi, 1989.

32. Hoshiar Singhy (Ed.) Rural Development in India, Printwell Publishers, Jaipur, 1985.

33. Hein Streefkerk, Industrial Transitition in Rural India, Popular Prakashan, Bombay, 1982.

34. Vasant Desai, Rural Development Vol. VI, Rural Development in the Seventh Plan, Himalaya Publishing House, New Delhi, 1988.

35. S. N. Bhattacharya, India's Five Year Plans in Theory and Practice, Metropolitan Book Co., New Delhi, 1987.

36. L. K. Naidu, (ed.) Bank Finance for Rural Artisans, Ashish Publishing House, New Delhi, 1988.

37. R. G. Singh, Rural Modernisation, Contradication and Change, Intellectual Publ;sihing House, New Delhi, 1982.

38. A. R. Desai (Ed.) Essays in Modernization of Underdeveloped Societies, Thaker and Co., Bomaby 1971.

39. Panchnadikar K. C. and Panchanadikar J., Rural Modernisation in India, A study in Developmental Infrastructure, Popular Prakashan, Bombay, 1978.

40. Singh Y., Essays on Modernisation, Manohar Publisher, New Delhi, 1978.

41. V. B. Singh and Singh B., Social and Economic Change, Allied Publishers, Bombay, 1967.

42. S. K. Srivastava, (Ed.) Tradition and Modernization Process of Continuity and Change in India, Indian International Publications, Allahabad, 1976.

43. Papola T.S., Rural Industrialization, Himalaya Publishing House, Bombay, 1982.

44. Bendix R., Tradition and Modernity Reconsidered Comparative Studies in Society.

45. Hultington S. P. The change to change - modernization Development and Politics, C. E. Black (Ed.) Comparative Modernization, The Free Press London, 1976.

46. Jones Anthony T., Modernisation Theory and Socialist Development, C. E. Black (Ed.) Social Consequences of Modernisation in Communist Societies, John Hopkins University Press, Boltimore, 1976.

47. Laxminarayan H. D., India's Villages at Cross Roads, National Publishing House, New Delhi, 1976.

48. Ahmed, A. R., Cottage Industries in Gangapur, Allahabad Literary and Cultural Association, Allahabad, 1968.

49. Azad, R. N., Science, Technology and Rural Employment in Community Development and Panchayati Raj, Digest - 8, (1) July, 1976.

50. Baljit Singh, The economics of Small Scale Industries, Lucknow University, Asia Publishing House, New Delhi, 1961.

51. Dhar P. N., Rationale and Working of Rural Industrialization Programme in India, Khadigramodyag, Bombay, April 1, 1969.

52. Karve D. G., Planning Commission, Report of Village and Small Industries, New Delhi, 1956.

53. Misra, J. N., Small Scale and Cottage Industries in Saugar District, University of Saugar Publications, 1963.

54. Montague Yudelman, et al. Technological change in Agriculture and Employment in Developing Countries, Development Centre of OECD., Paris, 1971.

55. Nathen Rosenberg, (Ed.) The economics of Technological Change, Panguin Books, London, 1971.

56. R. P. Mishra (Ed.)., Rural Industrialization in Third World Countries. Sterling Publishers, New Delhi, New Delhi, 1985, p. 120.

57. R. B. I. Indebtedness of Rural Artisans Households as at end June '71, R.B.I., Bulletin, March, 1978.

58. D. B. Mahatme, Helping the Artisan Commerce, July 8, 1978, p. 92.

59. Sucha Singh Gill, "Development and Its Impact on Rural Artisan", Mainstream, January 12, 1980, p. 24.

60. S. S. Solanki, Rural Artisans and Modern Technology, Kurukshetra, Feb., 16, 1982, p. 12.

61. P. Malyadri, Development of Rural Artisans. A case study, Kurukshetra, Aug., 1984, p. 20.

62. D. Nagaiya, Development Strategy for Rural Artisans, Kurukshetra, Sept., 1, 1980, p. 20.

63. S. K. Dhawan, Helping Rural Artisans. Kurukshetra, Nov., 1, 1982.

64. Lakshman and Narayan (Ed.) Rural Development in India, A multi Dimensional Analysis, Himalaya Publishing House, Bombay, 1984.

65. Singh Radha Raman, Studies in Regional Planning and Rural Development, Associated Book Agency, Ashok, Rajpath, Patna, 1982.

66. R. V. Rao, Small Industries and the Developing Economy in India, Concept Publishing Co., Delhi, 1979.

67. J. D. Saundram, Rural Industrial Development, Vora and Co., Bombay 1970.

68. R. K. Sinha (Ed.) Labour Mobilization and Maximising Employment, Dee and Deep Co., New Delhi, 1983.

69. T. K. Lakshman and B. K. Narayan (Ed.) Rural Development in India, Himalaya Publishing House, New Delhi, 1984.

**REFERENCES**

1. R. G. Singh, Rural Modernization, Contradiction and Change, Intellectual Publishing House, New Delhi, 1982, p. 16.

2. Ibid. p. 21.

3. V. Gopalkrishna Asari, Technological Change for Rural Development in India, B. R. Publishing Corporation, Delhi, 1985, pp. 1-2.

4. Ibid. p. 41.

5. R. G. Singh, op. Cit., p. 113.
6. V. Gopalkrishna Asari, op. cit. p. 45.
7. B. Nagaraja, Problems and Prospects of Rural Astisans in India, (Ed.) Murthy and Narayana, Rural Economy of India, Mittal Publications, Delhi, 1989, p. 362.
8. R. V. Rao, Small Industries and Developing Country in India, Concept Publishing Co., New Delhi, 1979, p. 13.
9. D. L. Narayana, Planning for Employment, Sterling Publishing Co., New Delhi, p. 37.
10. J. D. Sundaram, Rural Industrial Development, Vora and Co., Bombay, 1970, p. 31.
11. Government of India, Planning Commission, 7th Plan Draft, Vol. II, New Delhi, 1985, p; 100.
12. V. Gopalkrishna Asari, op. cit., p. 40.
13. J. B. Ramkumar, Economic Times, 3, July, 1983.
14. L. K. Naidu, (Ed.) Bank Finance for Rural Artisans, Ashish Publishing House, New Delhi, 1988, p. v.
15. R. G. Singh, Rural Modernisation, Contradiction and Change Intellectual Publishing House, New Delhi, 1982, p. 163.
16. K. Ravi and Others, Banks and Rural Artisans Ch. 6 in L. K. Naidu (Ed.) op. cit., p. 53.
17. S. N. Sinje Howda, Rural Artisans of Channapatna Ch. 17 in L. K. Naidu (Ed.) op. cit. p. 166.

18. S. B. Nagraja, Problems and Prospets of Rural Artisans in India, Ch. 16, in Murthy and Narayana (Ed.) Rural Economy of India, Mittal Publications, New Delhi, 1989, p. 364.
19. S. Vasudeva Shetty, Financing Village and Cottage Industries, with special reference to Artisans. Ch. 5. L. K. Naidu (Ed.) op. Cit., p. 37.
20. S. B. Nagraja, op. Cit., p. 362.
21. Radha Raman Singh, Indian Economy, Planning and Changing Dimensions, Deep and Deep Publications, New Delhi, 1988, p. 307.
22. Govt. of India, Planning Commission, New Delhi Draft, 1st Plan. Ch. 1. p. 7.
23. Govt. of India, Planning Commission, New Delhi Draft 4th Plan, Ch. 1. p. 4.
24. Govt. of India, Planning Commission, New Delhi Draft, 6th Plan, Ch. 1. p. 1.
25. Govt. of India, Planning Commission, New Delhi Draft, 7th Plan, Vol. II, Ch. 1. p. 100.
26. Ibdi., p. 106.
27. V. Lakshman Rao, Commercial Bank Lending and Rural Artisans, in L. K. Naidu (Ed.) op. cit., p. 29.
28. Bepin Behari, Unemployment, Technology, and Rural Poverty, Vikas Publishing House, New Delhi, 1983, p. 354.
29. Radha Raman Singh, op. cit. p. 181.
30. Govt. of India, 7th Plan, pp. 103 - 104.
31. V. G. K. Asari, Technological change for Rural Development in India, B. R. Publishing Corporation., Delhi, 1985, pp. 41-43.

32. L. K. Naidu (Ed.) op. cit. p. vi.

33. Govt. of Gujarat General Economic Tables, Part III A and B (iv), Series - 5, Census, 1981, p. 23.

34. Ibdi., p. 23.

35. District I.R.D. Agency, Annual Plan 1988-89, Bhavanagar.

36. R. G. Singh, Rural Modernisation, Contradiction and Change, Intellectual Publishing House, New Delhi, 1982, p. 150.

37. V. Gopalkrishna Asari, Technological change for Rural Development in India, B. R. Publishing Corporation. New Delhi, 1985, p. 45.

38. Bepin Behari, Unemployment, Technology and Rural Poverty, Vikas Publishing House Pvt. Ltd., New Delhi, 1983, p. 393.

39. Hein Streefkerk, Industrial Transition in Rural India, Popular Prakashan, Bombay, 1985, p. 69.

40. Bepin Behari, op. cit., p. 381.

41. B. K. Narayan, I.R.D.P., Issue in Rural Industrialisation and Role of Corpoirate Sector in Laxman and Narayan (Ed.) Rural Development in India, Himalaya Publishing House, New Delhi, 1984. p. 93.

42. Ibid. p. 93.

43. Abdul Azia, Rural Artisans and Bank Credit in L.K. Naidu (Ed.) Bank Finance for Rural Artisans. Ashish Publishing House, New Delhi, 1988, p. 75.

44. L. K. Naidu, Commercial Banks Finance for Rural Artisans, An Analytical view in L. K. Naidu (Ed.) Bank Finance for Rural Artisans, Ashish Publishing House, New Delhi, 1988. p. 24.

45. Radha Ramana and Singh, Indian Economy, Planning and Changing Dimensions, Deep and Deep Publications, New Delhi, 1988, p. 83.

46. Abdul Aziz, Rural Artisans and Bank Credit, in LK. K. Naidu (Ed.) op. cit., p. 75.

47. Reserve Bank of India, "Indebtedness of Rural Artisan Households as at the end of June 71", R. B. I., Bulletin, March, 1978, quoted by Ravi and et al. Banks and Rural Artisans" in L. K. Naidu (Ed.) op. cit., p. 54.

48. Hein Streefkerk, Industrial Transition in Rural India, Popular Prakashan, Bombay, 1985, pp. 69-71.

49. L. K. Naidu and B. Nagaraja, Bank Finance for Rural Artisans, in L. K. Naidu (Ed.) op. cit., p. 148.

50. R. G. Singh, Rural Modernisation, Contradiction and Change, Intellectual Publishing House, New Delhi, 1982, p. 163.

51. L. J. Naidu, op. cit., p. vi.

52. Abdul Azia, op. cit., p. 79.

53. L. K. Naidu and B. Nagaraja, op. cit. p. 149.

54. K. Nagi Reddy, Attitude of Rural Artisans towards Bank Finance in L. K. Naidu (Ed.) op. cit. p. 252.

55. L. K. Naidu and B. Nagaraja, op. cit., p. 149.

56. Abdul Azia, op. cit. p. 79.

57. B. K. Narayan, I.R.D.P. Issues in Rural Industrialization in T. K. Lakshman and B. K. Narayan (Ed.) Rural Development in India, Himalaya Publishing House, New Delhi, 1984, p. 93.

58. K. Ravi, et al. Banks and Rural Artisans in L. K. Naidu (Ed.) op. cit., p. 53.

59. B. K. Narayan, Op. Cit., p. 94.

60. S. N. Nanje Gowde, Rural Artisans of Channapatna in L. K. Naidu (Ed.) op. cit., p. 179.

61. Ibdi., p. 179.

62. R. G. Singh, op, ciut., p. 163.

## ગુજરાતી પુસ્તકો

૧. ગાંધી ભોગીલાલ, ગુજરાત દર્શન ચેતના પ્રકાશનગૃહ વડોદરા, ૧૯૬૦.

૨. ચતુર્વેદી એચ. આર અને શાહ ધનશ્યામ, ગાંધી ચિંધ્યા માર્ગે ગ્રામ વિકાસ એક મૂલ્યાંકન નવજીવન પ્રકાશન, ૧૯૦૩.

૩. જોષી વિ.એચ. ભારતની આર્થિક સમસ્યા ભાગ–૧ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૫.

૪. ડગલી વાડીલાલ, રંકનું આયોજન આર.આર. શેઠની કંપની મુંબઈ, ૧૯૮૦.

૫. ત્રિવેદી એચ.કે વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૫.

૬. ભટ્ટ આર.એન. ભારતીય આયોજન અને આર્થિક વિકાસ જયોત પ્રકાશન રાજકોટ, ૧૯૬૨.

૭. રાજકુમાર ભારતની આર્થિક વિકાસની સમસ્યાઓ રાજકુમાર પ્રકાશન અમદાવાદ, ૧૯૯૬.

૮. વ્યાસ હરીપ્રસાદ, ગાંધીજીની અપેક્ષા નવ જીવન પ્રકાશન, ૧૯૬૯.

૯. શાહ દિલીપ આર, ભારતીય ગ્રામ્ય અર્થતંત્ર વિકાસના પરીપ્રેક્ષમાં યુનિવર્સિટીના ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૮.

૧૦. શાહ આર.બી. અને વૈષ્ણવ એમ.વી. વિકાસ શીલ દેશોના આર્થિક પ્રશ્નો યુનિવસિર્ટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૬.

૧૧. શીલ દર્શનસીંગ અને અન્ય ભારતની આર્થિક સમસ્યાઓ અને નીતિઓ નવદીપ પ્રકાશન અમદાવાદ, ૧૯૮૧.

## સામાયિકો :

### અર્થસંકલન

(૧) પરીખ કિરીટ, ગુજરાતનો વિકાસ કેટલાંક પ્રશ્નો, સળંગ અંક ૩૦૯.

(૨) ગરધરિયા એ.એસ. વિકાસના અભિન્ન એગો આર્થિક સામાજિક વિકાસ સળગ અંક ૩૦૮.

(૩) વજાણી દિલીપ આર. ભારતના આર્થિક વિકાસનું નબળુ પાસુ ગ્રામીણ વિકાસ સળંગ અંક ૩૦૮, ૧૯૯૫.

(૪) વણકર ધરમ, સંતુલિત ગ્રામ વિકાસના નુતન અભિનમો સળંગ અંક ૩૧૭, ૧૯૯૫.

### યોજના :

(૧) ગરધરીયા એ.એસ., શહેરીકરણની સમસ્યાનો ઉકેલ ગ્રામીણ વિકાસ અંક ૩, ૧૯૯૫.

(૨) આર.સી., ગ્રામીણ વિકાસ કેટલાંક વિચારો, અંક–૧૧, ૧૯૯૦.

(૩) ગંગલ એસ.સી., ભારતના ગામડાઓનો ઉદ્ધાર અને વિકાસ, અંક ૧૦, ૧૯૯૬.

(૪) પ્રસાદ મહેશ, આયોજિત વિકાસ દ્વારા અસમાનતા નાબુદી, અંક–૧૦, ૧૯૯૬.

(૫) શાહ બી.એચ. સામાજિક તબીવર્તન આર્થિક વિકાસ, અંક–૨૨, ૧૯૯૩.

### વર્તમાન પત્રો :

(૧) ખખ્ખર કે.કે., સૌરાષ્ટ્રનો આર્થિક વિકાસ વ્યાપાર, ૧૯૯૬.

(૨) મર્થક દિલીપ આર. ગ્રામ અર્થકારણ ફાયનાન્સિયલ એકસપ્રેસ, ૧૯૯૪.

(૩) મર્થક દિલીપ આર. ગાંધીજીનું આર્થિક ચિતન અને દેશની વર્તમાન પરિસ્થિતિ ફાયનાન્સિયલ એકસપ્રેસ, ૧૯૯૪.

## પરિચય પુસ્તિકા :

(૧) લાકડાવાલા ડી.ટી. ભારતનું આર્થિક આયોજન પરિચય ટ્રસ્ટ મુંબઈ પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ ૧૯૯૧.

❖❖❖